View metadata, citation and similar papers at core.ac.uk
brought to you by CORE
provided by Etheses - A Saurashtra University Library Service

# Saurashtra University

Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Pancholi, Ravindra R., 2007, *"સ્વાસ્થ્ય-સંસ્કૃતિ સહસંબંધ : એક અભ્યાસ (ડાંગી ભીલોને અનુલક્ષીને)"*, thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/768

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

# સ્વાસ્થ્ય-સંસ્કૃતિ સહસંબંધ : એક અભ્યાસ

# ( ડાંગી ભીલોને અનુલક્ષીને )

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સમાજકાર્ય વિષયમાં વિદ્યાવાચસ્પતિ (પીએચ.ડી.)ની
પદવીના ભાગ રૂપે પ્રસ્તુત કરવામાં આવેલ શોધનિબંધ


માર્ગદર્શક :
ડૉ.રમેશ વાઘાણી
અધ્યક્ષ,
સમાજકાર્ય વિભાગ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ.

સંશોધક :
રવીન્દ્ર રા. પંચોળી
સમાજકાર્ય વિભાગ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ.



સમાજકાર્ય વિભાગ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
૨૦૦૬-૦૭

# CERTIFICATE

This is to certify that the thesis entitled **“Co-relation between health and culture: A study”** (In context to Dangi Bhil) submitted by Ravindra Ramchandrabhai Pancholi in partial fulfillment of the requirement for the award of the degree of DOCTOR OF PHILOSOPHY in subject of SOCIAL WORK to the Saurashtra University is a record of bonafide research work carried out by him under my guidance and supervision and the thesis has not previously formed the basis for the award of any degree, diploma or other similar title.

Place: Rajkot
Date : May,2007

**(Dr.R.D.Vaghani)**
Head
Dept. of Social Work
Saurashtra uni., Rajkot

# આભાર દર્શન

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સમાજકાર્ય વિષયમાં વિદ્યાવાચસ્પતિ (Ph.D) અભ્યાસના ભાગરૂપે **"સ્વાસ્થ્ય સંસ્કૃતિ સહસંબંધ - એક અભ્યાસ (ડાંગી ભીલોને અનુલક્ષીને)"** આ સંશોધનાત્મક શોધ નિબંધ તૈયાર કરવામાં મને ઘણા લોકોનો સાથ સહકાર, પ્રેરણા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મળ્યા છે તેની નોંધ લેવી તેને હું મારી ફરજ ગણું છું

સૌ પ્રથમ આ સંશોધન અભ્યાસના કાર્ય માટે શરૂઆતથી અંત સુધી સતત પ્રેરણા અને માર્ગદર્શન આપનાર મારા ગુરુ માર્ગદર્શકશ્રી ડૉ. રમેશભાઈ વાઘાણી (અધ્યક્ષશ્રી, સમાજકાર્ય વિભાગ, સૌરાષ્ટ્ર યુનિ., રાજકોટ) જેમણે મને આ સંશોધનકાર્યમાં માર્ગદર્શન આપ્યું અને મારા સંશોધનને ગુણવત્તા સભર બનાવવા મને સતત જાગૃત રાખી પ્રોત્સાહિત કર્યો, તેમજ તેમની કાર્યવ્યસ્તતા વચ્ચે પણ મને યાદ કરીને કાર્યના અંત સુધી પહોંચાડવામાં તેમનું યોગદાન અમુલ્ય છે, તેમનો આભારી છું અને તેમના આશિર્વાદ પ્રાર્થુ છું. ત્યારબાદ સૌરાષ્ટ્ર યુનિ. નો પણ આભારી છું જેણે મારી અરજી માન્ય રાખી મને અભ્યાસ કરવાની તક આપી. આ પળે મારા સમાજકાર્ય પારંગત-અનુપારંગત કક્ષાના બધા જ ગુરુગણને યાદ કરી તેમના શુભાશીષની આશા રાખુ છું.

ઉપરાંત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના નિયામકશ્રી ડૉ. ચંદ્રકાન્ત ઉપાધ્યાય અને ગૂજરાત વિદ્યાપીઠના અન્ય પદાધિકારીઓ જેમણે મને આગળ અભ્યાસ કરવાની મંજૂરી આપી અને સંશોધનકાર્ય દરમ્યાન જરૂરી મદદ તેમજ માર્ગદર્શન આપ્યું તેમનો હું હૃદયથી આભારી છું.

આ શોધકાર્યને પૂર્ણ કરવા માટે મારા પૂજનીય માતા-પિતાશ્રી અને મોટાભાઈ-ભાભી તરફથી અત્યંત મહત્ત્વપૂર્ણ યોગદાન મળેલ છે. તેમના આશિર્વાદ મને સતત મળતા રહ્યા છે, જેથી હું તેમનો પણ ઋણી છું.

આ સાથે મારી પત્ની તેજલ અને પૂત્રી સ્તુતિનો પણ આભારી છું, જેમણે મને સતત પ્રેરણા અને હુંફ આપી અભ્યાસ પૂર્ણ કરવા માટે ઉત્સાહીત કર્યો છે. ઉપરાંત મારા મિત્રો ડૉ. રાજીવ પટેલ, ડૉ. મનોજ પરમાર, મધુસુદન મકવાણા, પ્રદિપ સોનારા તેમજ સતિષ પટેલના પ્રોત્સાહને મને બળ આપ્યું છે. તેમને ખાસ યાદ કરી આનંદની લાગણી વ્યક્ત કરુ છું.

ઉપરાંત ક્ષેત્રકાર્ય દરમિયાન ડાંગ જિલ્લાના નાયબ પ્રાયોજના વહીવટદારશ્રી, વિસ્તરણ અધિકારીશ્રી અને અધિકારીગણનો પણ આભારી છું. જેમણે મને જરૂરી સમય અને માહિતી આપી. જેની પાસેથી મેં માહિતી મેળવી છે તેવા ડાંગી ઉત્તરદાતાઓનો પણ હું આભારી છું, જેમણે મને પોતાનો કિંમતી સમય આપી મને માહિતી આપી અને મારા અભ્યાસને સાર્થક બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી.

સમયસર અને ઝડપથી સુંદર કોમ્પ્યુટરરાઈઝડ કરી નિબંધ તૈયાર કરી આપવા બદલ શ્રી ઘનશ્યામભાઈ પટેલનો પણ હું આભાર માનું છું. આ ઉપરાંત મારી સાથે કામ કરતા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના કર્મચારીગણનો અને ખાસ અમારા ક્ષેત્રકાર્યકરો શ્રી પ્રવિણ પટેલ અને નિતીન પટેલનો હું આભાર માનું છું કે જેમણે મને આ સંશોધન પૂર્ણ કરવામાં ખૂબજ મદદ કરી છે, અને છેલ્લે જેમણે મને આ સંશોધનકાર્ય દરમિયાન જાણે-અજાણે, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરી છે તે બધાનો હું આભારી છું.

# અનુક્રમણિકા



| પ્રકરણ નં. | વિગત | પાના નં. |
|---|---|---|
| ૧ | વિષય પ્રવેશ અને સંશોધન સમીક્ષા | ૧ |
| ૨ | અભ્યાસના હેતુઓ અને સંશોધન પધ્ધતિ | ૧૭ |
| ૩ | પ્રદેશ અને જાતિ પરિચય | ૨૭ |
| ૪ | આરોગ્ય અને ધાર્મિક જીવન | ૬૬ |
| ૫ | ઉત્તરદાતાની સામાજિક-આર્થિક પૃષ્ઠભૂમિ | ૧૦૪ |
| ૬ | ડાંગીભીલ જનજાતિનાં આરોગ્ય અને સંસ્કૃતિનો સહસંબંધ | ૧૩૫ |
| ૭ | તારણો અને ક્રિયાત્મક પગલાઓ | ૨૦૮ |
| | ● પરિશિષ્ટ-૧ | ૨૨૭ |
| | ● પરિશિષ્ટ-૨ | ૨૪૧ |
| | ● સંદર્ભસૂચિ | ૨૪૪ |

# કોષ્ટકસૂચિ


| કોષ્ટક નં. | વિગત | પાના નં. |
|---|---|---|
| ૫.૧ | ઉત્તરદાતાની ઉંમર પ્રમાણે વર્ગીકરણ | ૧૦૪ |
| ૫.૨ | ઉત્તરદાતાના કૌટુંબિક સભ્યોનું ઉંમર પ્રમાણે વર્ગીકરણ | ૧૦૬ |
| ૫.૩ | ઉત્તરદાતાઓનું શૈક્ષણિક સ્તર | ૧૦૮ |
| ૫.૪ | ઉત્તરદાતાઓની કુટુંબના સભ્યોનું શૈક્ષણિક સ્તર | ૧૦૯ |
| ૫.૫ | ઉત્તરદાતાઓનું કુટુંબના પ્રકાર પ્રમાણે વર્ગીકરણ | ૧૧૦ |
| ૫.૬ | ઉત્તરદાતાની વૈવાહિક દરજ્જાની વિગત | ૧૧૧ |
| ૫.૭ | ઉત્તરદાતાના કૌટુંબિક સભ્યોના વૈવવહિક દરજ્જાની વિગત | ૧૧૨ |
| ૫.૮ | ઉત્તરદાતાના મુખ્ય વ્યવસાય પ્રમાણે વર્ગીકરણ | ૧૧૩ |
| ૫.૯ | ઉત્તરદાતાના ગૌણ વ્યવસાયની વિગત | ૧૧૪ |
| ૫.૧૦ | ઉત્તરદાતાના કુટુંબના સભ્યોના વ્યવસાયની વિગત | ૧૧૬ |
| ૫.૧૧ | ઉત્તરદાતાની ખેતની જમીનનો પ્રકાર અને પ્રમાણની માહિતી | ૧૧૮ |
| ૫.૧૨ | ઉત્તરદાતાની અંદાજિત વાર્ષિક આવક અને ખર્ચની માહિતી | ૧૨૦ |
| ૫.૧૩ | ઉત્તરદાતાના અંદાજિત દેવા અંગેની વિગત | ૧૨૨ |
| ૫.૧૪ | ઉત્તરદાતાના દેવુ કરવાના કારણોની વિગત | ૧૨૩ |
| ૫.૧૫ | ઉત્તરદાતાના દેવુ પ્રાપ્તિના સ્ત્રોતોની વવિગત | ૧૨૪ |
| ૫.૧૬ | ઉત્તરદાતાની બચત અંગેની વિગત | ૧૨૫ |
| ૫.૧૭ | ઉત્તરદાતાની બચતની રકમ અંગેની વિગત | ૧૨૬ |
| ૫.૧૮ | ઉત્તરદાતાના રહેઠાણનો પ્રકાર | ૧૨૭ |
| ૫.૧૯ | ઉત્તરદાતાના ઘરની સુવિધાઓની વિગત | ૧૨૮ |
| ૫.૨૦ | પશુઓને રાખવાની વ્યવસ્થા અંગેની વિગત | ૧૨૯ |
| ૫.૨૧ | ઉત્તરદાતાના કુટુંબમાં વર્ચસ્વ ધરાવતા વ્યક્તિ અંગેની વિગત | ૧૩૦ |
| ૫.૨૨ | આદિવાસી સમાજમાં જાતિપંચના વર્ચસ્વની માહિતી | ૧૩૧ |
| ૫.૨૩ | લગ્નની મંજૂરી / રીત અંગેના ઉત્તરદાતાના વિચારો | ૧૩૩ |
| ૫.૨૪ | ગ્રામપંચાયતની ચૂંટણીમાં ઉત્તરદાતાની સહભાગીદારી | ૧૩૪ |
| ૬.૧ | ઉત્તરદાતા પીવાનું પાણી કયા સ્ત્રોતથી મેળવે છે તેની વિગત | ૧૩૭ |
| ૬.૨ | ઉત્તરદાતાના કુટુંબમાં અપનાવાતી પીવાનું પાણી શુધ્ધ કરવાની રીત | ૧૩૮ |
| ૬.૩ | પીવાનું પાણી ઢાંકીને જાળવવા અંગેના ઉત્તરદાતાના વિચારો | ૧૩૯ |
| ૬.૪ | ઉત્તરદાતાઓની પીવા માટે પાણી લેવાની પધ્ધતિ | ૧૪૦ |
| ૬.૫ | ઉત્તરદાતાઓનું ભોજન લેતા પહેલા હાથ ધોવા અંગેનું વલણ | ૧૪૧ |
| ૬.૬ | ઉત્તરદાતાઓ કેટલા સમયે સ્નાન કરે છે તેની વિગત | ૧૪૨ |
| ૬.૭ | ઉત્તરદાતાનો કુદરતી હાજતે ખુલ્લામાં જવાની પસંદગી અંગેનો અભિપ્રાય | ૧૪૩ |

| | | |
|---|---|---|
| ૬.૮ | ઉત્તરદાતાઓ દ્વારા કુદરતી હાજત બાદ હાથ સ્વચ્છ કરવા માટે ઉપયોગમાં લેવાતી વસ્તુની વિગત | ૧૪૪ |
| ૬.૯ | ઉત્તરદાતાના ભોજનમાં માંસના ઉપયોગ અંગેની માહિતી | ૧૪૫ |
| ૬.૧૦ | ઉત્તરદાતાઓ દ્વારા ઉપયોગાં લેવાતા પીણાંઓની વિગત | ૧૪૬ |
| ૬.૧૧ | ઉત્તરદાતાઓ દ્વારા વ્યસનના ઉપયોગમાં લેવાતી વસ્તુઓની વિગત | ૧૪૭ |
| ૬.૧૨ | દારૂના ઉપયોગથી આરોગ્યને થતી અસર અંગેની ઉત્તરદાતાઓની જાણકારીની વિગત | ૧૪૮ |
| ૬.૧૩ | સ્ત્રીઓની રજસ્વલા સ્થિતિ માટેના જવાબદાર કારણો અંગે ઉત્તરદાતાના વિચારો | ૧૪૯ |
| ૬.૧૪ | સ્ત્રી પ્રથમવાર રજસ્વલા બને તે સમે અપનાવાતી વિધિઓ અંગે ઉત્ત્તરદાતાના અભિપ્રાય | ૧૫૦ |
| ૬.૧૫ | રજસ્વલા સ્ત્રીએ કૌટુંબિક અને સામાજિક, ધાર્મિક વ્યવહારોમાં પાળવી પડતી માન્યતાઓ અંગે ઉત્તરદાતાના અભિપ્રાયો | ૧૫૨ |
| ૬.૧૬ | રજસ્વલા સ્ત્રીના ખોરાકમાં ફેરફાર માટેના ઉત્તરદાતાના વિચારો | ૧૫૩ |
| ૬.૧૭ | ઉત્તરદાતાઓના મતે સ્ત્રીઓ દ્વારા માસિકધર્મના દિવસોમાં સ્વચ્છતા માટે અપનાવાતી રીત અંગેના વિચારો | ૧૫૪ |
| ૬.૧૮ | રજસ્વલા સ્ત્રી સાથે રાશીરિક/જાતીય સંબંધ બાંધવા અંગેના ઉત્તરદાતાઓના અભિપ્રાયની વિગત | ૧૫૫ |
| ૬.૧૯ | માસિક ધર્મના દિવસોમાં પડતી તકલીફને નિવારવા અંગેના ઉત્તરદાતાઓના વિચારો | ૧૫૬ |
| ૬.૨૦ | ગર્ભ રહ્યાની જાણ અંગેની વિગત | ૧૫૮ |
| ૬.૨૧ | ગર્ભધારણ માટેના જવાબદાર કારણો અંગે ઉત્તરદાતાઓના અભિપ્રાય | ૧૫૯ |
| ૬.૨૨ | ગર્ભવતી સ્ત્રીને રોગ કે અપ્રાકૃતિક શક્તિથી બચાવવા લેવાતા ઉપાયો અંગે ઉત્તરદાતાના વિચારો | ૧૬૧ |
| ૬.૩ | ગર્ભવતી સ્ત્રીઓનું પરિક્ષણ કરાવવા અંગે ઉત્તરદાતાના વિચારો | ૧૬૨ |
| ૬.૨૪ | ગર્ભવતી સ્ત્રીઓને ડોકટરી પરિક્ષણમાં મળેલી સારવાર અંગેના ઉત્તરદાતાના વિચારો | ૧૨૪ |
| ૬.૨૫ | ગર્ભાવસ્થા દરમ્યાન ડૉક્ટરી પરિક્ષણ ન કરાવવાના કારણો અંગે ઉત્તરદાતાના અભિપ્રાય | ૧૬૫ |
| ૬.૨૬ | ગર્ભાવસ્થા દરમ્યાન માતૃ મૃત્યુના જવાબદાર કારણોની વિગત | ૧૬૬ |
| ૬.૨૭ | પ્રસુતિ કોણ કરાવે છે ? તે માટેના ઉત્તરદાતાના અભિપ્રાય | ૧૬૮ |
| ૬.૨૮ | પ્રસવ દરમ્યાન પડતી મુશ્કેલી તથા ઉકેલ અંગે ઉત્તરદાતાના પ્રયત્નો | ૧૭૦ |
| ૬.૨૯ | જન્મ સમયે બાળકની નાળ કાપવાના ઉપયોગમાં લેવામાં આવતા સાધનો અંગે ઉત્તરદાતાના અભિપ્રાય | ૧૭૧ |
| ૬.૩૦ | બાળમૃત્યુ અંગે ઉત્તરદાતાના અભિપ્રાય | ૧૭૨ |
| ૬.૩૧ | ગળથૂથીમાં બાળકને આપવામાં આવતા પદાર્થ અંગેની વિગત | ૧૭૪ |

| | | |
|---|---|---|
| ૬.૩૨ | બાળકને ધવડાવવા માટેની સમયમર્યાદા અંગે ઉત્તરદાતાના વિચારો | ૧૭૫ |
| ૬.૩૩ | પ્રસુતા માતાને ઉત્તરદાતાને મતે પ્રસુતિ પછી મળતા આરામ અંગેની વિગત | ૧૭૬ |
| ૬.૩૪ | બાળક ન થવા માટે કોણ જવાબદાર તે અંગેના ઉત્તરદાતાના અભિપ્રાયની વિગત | ૧૭૭ |
| ૬.૩૫ | લગ્નના અમુક વર્ષો પછીથી બાળક ન થવાથી ઉત્તરદાતાના મતે લેવાતા પગલાં અંગેની વિગત | ૧૭૯ |
| ૬.૩૬ | માંદગીમાં પ્રથમ સારવાર કોની લેવી તે અંગેના ઉત્તરદાતાના અભિપ્રાય | ૧૮૦ |
| ૬.૩૭ | રોગ ઉપચારની અસરકારકતા અંગેના ઉત્તરદાતાના વિશ્વાસની વિગત | ૧૮૧ |
| ૬.૩૮ | બાળકોમાં રોગપ્રતિકારક રસી અંગેની વિગત | ૧૮૩ |
| ૬.૩૯ | બાળકને રોગપ્રતિરોધક રસી ન અપાવવા અંગે ઉત્તરદાતાની માન્યતાઓની વિગત | ૧૮૪ |
| ૬.૪૦ | જાતીય રોગ થવાના કારણો અને ઉપયોગ અંગે ઉત્તરદાતાના વિચારો | ૧૮૬ |
| ૬.૪૧ | આંખ આવવાના કારણો અને ઉપચારો અંગે ઉત્તરદાતાના વિચારો | ૧૮૭ |
| ૬.૪૨ | પેટમાં દુઃખાવાના કારણો અને ઉપચારો અંગે ઉત્તરદાતાના વિચારો | ૧૮૮ |
| ૬.૪૩ | સામાન્ય તાવ આવવાના કારણો અને ઉપચારો અંગે ઉત્તરદાતાના વિચારો | ૧૯૦ |
| ૬.૪૪ | ચામડીના રોગો થવાના કારણો અને ઉપચારો અંગે ઉત્તરદાતાના વિચારો | ૧૯૧ |
| ૬.૪૫ | બાળકને શરદી-ખાંસી થવાના કારણો અને ઉપચારો અંગે ઉત્તરદાતાના વિચારો | ૧૯૩ |
| ૬.૪૬ | ગાલ-પચોળા થવાના કારણો અને ઉપચારો અંગે ઉત્તરદાતાના વિચારો | ૧૯૪ |
| ૬.૪૭ | ઓરી-અછબડા થવાના કારણો અને ઉપચારો અંગે ઉત્તરદાતાના વિચારો | ૧૯૫ |
| ૬.૪૮ | સાપ/વીંછી જેવા ઝેરી જંતુના કરડવાથી લેવાતા પગલાની વિગત | ૧૯૬ |
| ૬.૪૯ | કૂતરું કે બીજા જાનવર કરડતા તે અંગે કરવામાં આવતા ઉપાયો | ૧૯૮ |
| ૬.૫૦ | આદર્શ કુટુંબમાં બાળકોની સંખ્યા અંગેના ઉત્તરદાતાના અભિપ્રાયોની વિગત | ૧૯૯ |
| ૬.૫૧ | નાનું કુટુંબ રાખવા માટે ઉત્તરદાતાએ અપનાવેલ પધ્ધતિની વિગત | ૨૦૦ |
| ૬.૫૨ | આરોગ્ય કાર્યકરની નિયમિતતા અંગે ઉતત્તતરદાતાનો અભિપ્રાય | ૨૦૨ |
| ૬.૫૩ | ઉત્તરદાતાનું સરકારી કે ખાનગી દવાખાનાની પસંદગી અંગેનું વલણ | ૨૦૩ |
| ૬.૫૪ | ઉત્તરદાતાના દવાખાના પસંદગી માટેના જવાબદાર કારણો અંગેની વિગત | ૨૦૪ |
| ૬.૫૫ | સ્વાસ્થ્ય સુવિધા સુધારવા માટેના ઉત્તરદાતાઓના સૂચનો | ૨૦૬ |

# પ્રકરણ-૧
# વિષય પ્રવેશ અને સંશોધન સમીક્ષા

**પ્રસ્તાવના :**

વિશ્વ આરોગ્ય સંસ્થાએ, આરોગ્યની વ્યાખ્યા આમ કરી છે. ''સંપૂર્ણ શારીરિક, માનસિક અને સામાજિક સુખાકારીની સ્થિતિ, રોગ અને અશક્તતાનો અભાવ નહિ'' આ વ્યાખ્યાનો ઈ.સ.૧૯૭૮માં, ૩૧મી વિશ્વ આરોગ્ય એસેમ્બલીએ અપનાવેલા આરોગ્ય અંગેના 'આલમા આલ્ટા' એકરાર ૫ર સહી કરનાર બધાએ સ્વીકાર કર્યો હતો. આ કરારે ઈ.સ.૨૦૦૦ સુધીમાં બધા માટે આરોગ્યનો સંદેશો આપ્યો અને એવું સ્વીકાર્યુ કે પ્રાથમિક આરોગ્ય સંભાળ આ ઉદેશ પ્રાપ્ત કરવા માટેની ચાવી છે. આ વ્યાખ્યાનો હેતુ રોગના અભાવની નકારાત્મક વ્યાખ્યા કરતાં સામાન્ય સુખાકારીની હકારાત્મક વિભાવનાને કેન્દ્ર સ્થાને લાવવાની હતી. સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમની માનવવિકાસ વિભાવના જીવનના દાવાના નીતિશાસ્ત્ર પર આધારિત છે. સારું આરોગ્ય જીવનના દાવાના સાર્વત્રીકરણ અંગે છે. (સંયુકત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ - ૧૯૯૫ - ગુજરાત માનવ વિકાસ અહેવાલ-૨૦૦૪માં દર્શાવ્યા મુજબ)

આપણી જૂની કહેવત ''પહેલું સુખ તે જાતે નર્યા'' તે આપણી આરોગ્યની વિચારધારાને રજૂ કરતું સુંદર સૂત્ર છે. વ્યક્તિ પોતાના જીવનમાં અને સમાજ સાથેના તેના વ્યવહારમાં ત્યારે જ ભૂમિકા ભજવવામાં સફળ બની શકે, જયારે તેની શારીરિક અને માનસિક સ્થિતિ સારી હોય. સામાજિક, સાંસ્કૃતિક અને ભૌગોલિક વાતાવરણ પણ ઘણે અંશે માનવીના સ્વાસ્થ્યને પ્રભાવિત કરતાં પરિબળ છે. માનવી શરૂઆતથી જ પોતાના અસ્તિત્વને ટકાવવા માટે પ્રકૃતિ અને પર્યાવરણથી ઉત્પન્ન સમસ્યાઓ સાથે ઝઝૂમતો રહ્યો છે, સંઘર્ષની આ પ્રક્રિયામાં તેણે પોતાની શારીરિક-માનસિક ક્ષમતાઓનો પૂર્ણ ઉપયોગ કર્યો છે. ઊભી થતી દરેક જૈવિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિમાં સંયોજન ટકાવી રાખ્યું છે. પ્રકૃતિના નિયમોનું અતિક્રમણ કરવાથી માનવીય શરીરમાં જૈવિક અસંતુલનની પરિસ્થિતિ વારંવાર ઊભી થતી રહી છે. આ સંબંધમાં વિશ્વભરમાં ભિન્ન ભિન્ન સમાજોમાં સ્વાસ્થ્ય અને રોગ અંગેની ભિન્ન ભિન્ન માન્યતાઓ પ્રવર્તે છે. આદિવાસી સમુદાય ભારતીય સમાજના એક અંગરૂપે પોતાની આગવી સંસ્કૃતિ, સમાજવ્યવસ્થા અને રીત-રિવાજો સાથે જીવી રહ્યો છે. આઠ કરોડ તેંતાલીસ લાખ છવ્વીસ હજાર બસ્સો ચાળીશ અનુસૂચિત જનજાતિ સમાજના ચારસો સત્તાવીશ જૂથો ભારતમાં વસે છે. આદિવાસી સમાજની રોગની વિભાવના સ્પષ્ટ કરવા માટે તેઓની સામાજિક-સાંસ્કૃતિક વિચારધારાઓ તેમજ માન્યતાઓ વિશ્લેષિત કરવી અતિ આવશ્યક છે. રોગની જૈવિક આધારશીલા મહત્ત્વપૂર્ણ છે, પરંતુ આદિવાસી સમાજમાં વિશેષતઃ વ્યાપ્ત રોગ પ્રત્યેની માન્યતાઓમાં પ્રેતાત્માઓ, આધ્યાત્મિક શક્તિઓ અને અન્ય અપ્રાકૃતિક શક્તિઓના અભિશાપને રોગ થવાનાં મુખ્ય કારણો માનવામાં આવે છે, પરિણામે રોગનું નિદાન ફક્ત શારીરિક લક્ષણો પરથી જ થતું નથી. પ્રેતઆત્માઓ અને દૈવી શક્તિઓને પ્રસન્ન કરવા માટે કેટલીક

વખત રોગીને યાતનાઓ આપવામાં આવે છે. જેથી તે તેના કરેલ કુકર્મોનું પ્રાયશ્ચિત કરી શકે. ક્યારેક પ્રેતાત્માઓ, દેવતાઓને પ્રસન્ન કરવા માટે પ્રાણીઓના બલિ તથા મદ્યાર્ક પણ અપાય છે. તેમની માન્યતાઓ પ્રમાણે આવાં કૃત્યોથી દેવતાઓ અને પ્રેતાત્માઓ પ્રસન્ન થાય છે, અને રોગીને રોગથી મુક્તિ મળી શકે છે. વીલીયમ ટેન્ડીલ પોતાના પુસ્તક ''Applied Anthropology'' માં સ્પષ્ટ કરે છે, કે પ્રાચીન ચિકિત્સા પદ્ધતિ તર્ક પર આધારિત નથી, પરંતુ જાદુ-ટોણાં વગેરે પર આધારિત છે. ભૂવાઓ ધૂણવાની, મંત્રોચ્ચાર કરવાની, દાણા નાખવા જેવી વિધિઓ દ્વારા રોગનું નિદાન અને ઉપચાર કરાતા આજ પર્યન્ત આદિવાસી સમાજોમાં જોવા મળે છે. તે સિવાય દેવી - દેવતા અને પ્રેતાત્માઓને ખુશ કરવા તેમજ રોગનિદાન અને ઉપચાર કરવા માટે અલૌકિક શક્તિને બલિ આપવી, પૂજા અને અન્ય વિધિ-વિધાનો કરવા, નૃત્યો, ગીતો ગાવાં-નાચવું આવી માન્યતાઓ આદિવાસી સમાજમાં પ્રવર્તમાન છે. રોગથી બચવા અમુક વિશેષ વૃક્ષોની પૂજા પણ થાય છે. આ બધા રોગ, એ પ્રેતાત્મા વગેરેનો અભિશાપ છે, તેવો ખ્યાલ ૫૯ વર્ષની આઝાદી બાદ પણ આદિવાસી સમાજમાં છે તેમ દર્શાવે છે. આ બધી બાબતો આદિવાસી સંસ્કૃતિનું એક અભિન્ન અંગ છે. આ વિધાનનું સમર્થન પ્રસિદ્ધ માનવશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓ આપે છે. બી.મેલીનોવસ્કી (૧૯૬૧) આદિવાસી સમુદાયોના સાંસ્કૃતિક પક્ષનું વિશ્લેષણ કરતા કહે છે કે 'આદિવાસી જીવનના બધાં જ પાસાંઓમાં જાદુઈ ક્રિયાઓ સમાયેલી છે. તેઓનો મત છે કે આદિવાસી જીવનના જે કેટલાંક મહત્ત્વપૂર્ણ પાસાં છે તેને કોઈને કોઈ રીતે જાદુઈ ક્રિયાઓથી વધારી-ઘટાડી શકાય તેમ તેઓ માને છે. એટલે કે રોગના મૂળ કારણ સુધી તેઓ પોતાની અજ્ઞાનતાને કારણે ન પહોંચી વળતાં, તેઓ ઉપચાર માટે જાદુનો સહારો લેતા જોવા મળે છે.'

આમ આ મત પરથી તેમની માન્યતાઓ અને રિવાજોમાં હજુ પ્રાથમિકતા પ્રવર્તે છે, તે દેખાય છે. સીલ એસ.સી. (૧૯૬૩) વિશ્વના સંદર્ભમાં સંસ્કૃતિ અને સ્વાસ્થ્ય વિશે કહે છે કે 'દુનિયાના સંદર્ભમાં જોઈએ, તો સભ્યતાના વિકાસની સાથે સાથે માનવ આદિકાલીન અવસ્થામાંથી આધુનિક નાગરિક અવસ્થામાં પહોંચ્યો છે અને આ વિભિન્ન અવસ્થાઓમાં રોગ વિષયક પાસાંઓને લઈને તેને વિશ્લેષિત કરાતા રહ્યા છે. રોગોની પૌરાણિકથી લઈને વૈજ્ઞાનિક વિશ્લેષણની પ્રક્રિયા એ વિકાસનું પ્રતિબિંબ છે. આદિકાલીન માનવ રોગોના સંદર્ભમાં દૈવી સત્તા અને પ્રાકૃતિક શક્તિઓને મહત્ત્વપૂર્ણ માનતો હતો. આધુનિક વિશ્વની વિભિન્ન જનજાતિઓ દ્વારા આજે પણ એમ વિશ્વાસ કરાય છે કે રોગોની ઉત્પત્તિ દૈવી સત્તાથી સંચાલિત થાય છે. રોગના આ અર્થથી તેના નિવારણ અને નિયંત્રણમાં મોટા વિક્ષેપો ઉત્પન્ન થતા રહ્યા છે. આ બાબતોથી આજે પણ જનજાતિઓ સંપૂર્ણ વિમુખ થઈ છે તેમ કહેવું સત્યથી વેગળું છે.

ડૉ. દેસાઈ એ.આર. (૧૯૫૦) આદિવાસી જૂથોની લાક્ષણિકતા દેખાડતા કહે છે. ''આદિવાસીઓ આદિમ (Primitive) ધર્મને અનુસરે છે. આ ધર્મ જડ સજીવત્વવાદ (animism) તરીકે ઓળખાય છે. તેમાં ભૂત-પ્રેત મહત્ત્વનું તત્ત્વ હોય છે.''

આમ આદિવાસી સંસ્કૃતિની જીવન શૈલીનો આધાર પ્રાકૃતિક શક્તિઓ જ મુખ્યત્વે છે, તેવું દર્શાવતા, ધુર્યે જી.એસ (૧૯૪૩) જણાવે છે. ‘‘ભારતીય આદિવાસી સંસ્કૃતિ તે હિન્દુ સંસ્કૃતિનું પછાત સ્વરૂપ છે, અને આદિવાસીઓની જીવન શૈલી, પરંપરા, વિશ્વાસ, પ્રથાઓ અને માન્યતાઓનો આધાર પ્રાકૃતિક અને દૈવી શક્તિઓ પર છે. જેને આજના આધુનિક હિન્દુ સમાજમાં પણ આપણે કોઈને કોઈ સ્વરૂપે જોઈ શકીએ છીએ.’’

આમ વિદ્વાનોના મત ઉપરથી લાગે છે કે આદિમ સમાજના આરોગ્ય, રોગ અને ઉપચાર વિષે સમજ મેળવવા માટે તેના સંસ્કૃતિના ખ્યાલોને સમજવા ઉપયોગી બની શકે.

‘આપણી રહેવાની તથા વિચારવાની રીતોમાં દરરોજના પરસ્પર સંપર્કમાં, કલામાં, સાહિત્યમાં, મનોરંજન અને આનંદ પ્રમોદમાં અભિવ્યક્ત થતી આપણી પ્રકૃતિ એ જ સંસ્કૃતિ છે. (મેકાઈવર અને પેજ ૧૯૫૫). કોઈપણ સમાજની સંસ્કૃતિમાં તે સમાજના લોકોનું જ્ઞાન, માન્યતાઓ, ધર્મ, કળા, સાહિત્ય જેવા સામાજિક વારસો, વિચારવાની રીતો, સામાજિક ધોરણો, મૂલ્યો, પ્રવૃત્તિ વગેરેની રીતોનો સમાવેશ થાય છે, એટલે કે સાંસ્કૃતિક વારસો જીવનશૈલીનો નિર્દેશ કરે છે. આમ જીવન વ્યવહારો એ સંસ્કૃતિની જ નીપજ છે તેવું દેખાઈ આવે છે. સમાજ કે વ્યક્તિના દરેક ક્ષેત્રના વ્યવહારો ઊતરી આવેલ હોય છે. આ વ્યવહારો વિશે મેકાઈવર અને પેજ (૧૯૫૫) કહે છે કે ‘‘લોકમાન્ય કાર્ય પદ્ધતિઓ આપણા જીવનના દરેકે દરેક પાસાને સ્પર્શે છે. જમવાની, વાર્તાલાપની, વૃદ્ધનું પાલન કરવાની વગેરે સર્વ સમાજ માન્ય પ્રણાલિકાઓ હોય છે. આ પ્રકારના નિયમન અને કાર્યવાહી, જીવનની લગભગ બધી જ પ્રવૃત્તિઓમાં હોય છે તે અગણિત છે, એમ કહીએ તો ચાલે. આ સર્વ સમાજ સ્વીકૃત, સમાજ નિર્મિત કાર્યપ્રણાલીઓને આપણે સમાજના રિવાજ (customs) કહીએ છીએ.’’

આ રિવાજો સામાજિક જીવનમાં એટલા રૂઢ થઈ ગયા હોય છે કે; તેની જાણકારી અને સમજ વગર પાલન કરવામાં આવે છે. ઘણી વખત તો આ રિવાજો જીવનમાં એટલા ઓતપ્રોત થઈ ગયા હોય છે કે ફક્ત તે જ રિવાજો સાચા અને મનુષ્ય સ્વભાવના સાચા આવિષ્કારો હોય એમ લાગે છે. આ પરિસ્થિતિ અનેક પ્રશ્નો ઉત્પન્ન કરે છે. (મેકાઈવર અને પેજ ૧૯૫૫)

સમાજજીવન અને વ્યવહારો, આચાર-વિચાર પ્રવૃત્તિઓથી ઘડાયેલા છે. જે સમુદાય તેમજ વ્યક્તિની દરેક ક્રિયા તેમજ જીવનવ્યવહારને અસર કરે છે. વ્યક્તિના જીવન વ્યવહારોનો એટલે કે તેની સંસ્કૃતિનો વ્યક્તિના આરોગ્ય અને માંદગી સાથેનો સંબંધ સમજવા માટે આ અભ્યાસનું પ્રયોજન કરવામાં આવ્યું છે. જીવન વ્યવહારોના સંદર્ભમાં જોઈએ તો સમાજના સર્વ સ્વીકૃત વ્યવહારો, જે ગોઠવાયેલા હોય છે. તેની આરોગ્યલક્ષી અસરોની ઘણી વખત ખબર પણ નથી હોતી. આમ જોઈએ તો સંસ્કૃતિનો; આરોગ્ય વિષયક વ્યવહારો, માન્યતાઓ સાથે સંબંધ પરાપૂર્વથી છે. મનુષ્ય પોતાના શરીર-મનને સુદઢ બનાવવા અનેક

માન્યતાઓ, મૂલ્યો, નિષેધોને પોતાના જીવનમાં સ્થાન આપતો આવ્યો છે. ખાસ કરીને ભારતીય સંસ્કૃતિના સંદર્ભમાં જોઈએ તો, માનવ શરીરને મંદિર સમજી તેના દ્વારા ઉત્તમ કાર્યો કરવાની વાત કરવામાં આવી છે. આયુર્વેદને પાંચમો વેદ ગણીને આરોગ્યને ધર્મ સાથે પણ પ્રગાઢપણે જોડવામાં આવેલ છે. વર્ષ દરમ્યાન આવતા ધાર્મિક ઉત્સવો, ઋતુઓ દરેક સમયને માટે ખાવા પીવાના અને રહેવાના જુદા જુદા સામાજિક નિયમો-નિષેધો બનાવવામાં આવેલ છે. આમ વ્યક્તિ કે સમાજની દરેક ક્રિયામાં, વ્યક્તિ અને સમાજના સ્વાસ્થ્યને સુદૃઢ બનાવવા માટેની વાત કરવામાં આવે છે. સમાજમાંથી વર્ષોના અનુભવે ઉદ્ભવેલી કહેવતો જેવી કે ‘સ્વસ્થ તનમાં જ સ્વસ્થ મનનો વાસ છે’, ‘વહેલા સૂઈને વહેલા ઊઠે વીર બળબુદ્ધિ અને ધન વધે સુખમાં રહે શરીર’ આ કહેવતો પરથી સંસ્કૃતિ અને સ્વાસ્થ્ય વચ્ચેનો પ્રગાઢ સંબંધ દેખાય છે.

આ સંબંધ એટલો અભિન્ન બની ગયો છે કે સંસ્કૃતિ અંતર્ગત થતા રીત-રિવાજ, પરંપરા, મૂલ્યો, વિભિન્ન વર્ગો સાથેની આંતરક્રિયાનું સ્વરૂપ, વ્યવહારનો ઢંગ, ભરણપોષણ જેવા વ્યવહારોની અંદર અનેક હકારાત્મક અને નકારાત્મક અસરો આંતરનિર્હિત હોય છે. જે અસરો સ્વાસ્થ્યને પણ હકારાત્મક કે નકારાત્મક રીતે ચલિત કરી શકે છે. જેમ કે શ્રાધ્ધના દિવસોમાં (ભાદ્રપદ માસમાં) ખીર ખાવી તેવી માન્યતા છે, જેની પાછળ ધાર્મિક ભાવના છે, કે પિતૃશ્રાધ્ધથી હિન્દુ માન્યતા મુજબ મૃત પિતૃઓને તૃપ્તિ મળે છે. પરંતુ આરોગ્યની રીતે જોતાં આ ઋતુસંધિકાળના સમયમાં પિત્તપ્રકોપ થતો હોય છે. આ પ્રકોપના ઔષધ તરીકે દૂધ, ખાંડ અને ચોખા ઉત્તમ ઔષધ છે, જે પિત્તનું શમન કરે છે. આમ આ વાતને સાંસ્કૃતિક મૂલ્ય આપી સમાજમાં દાખલ કરી દેવાય છે, તેથી સમાજને સ્વાસ્થ્ય કરતાં ધાર્મિકતાનું તત્ત્વ વધારે દેખાય છે. આજ રીતે સ્નાનાદિ સિવાય પ્રભુભક્તિ ન થઈ શકે, દિવસની શરૂઆત જ શારીરિક શુદ્ધિથી કરવી. આ બધી બાબતોમાં વ્યક્તિગત સ્વચ્છતાને ધાર્મિક બાબત ગણી તેને સાંસ્કૃતિક મૂલ્ય આપવામાં આવ્યું છે. નવજાત શીશુ બધાંને ન બતાવવું, સુવાવડી સ્ત્રીના પિયરથી પૌષ્ટિક મિષ્ટાન મોકલવાનો રિવાજ, તુલસી પૂજાનું મહત્ત્વ, ભારતીય સંસ્કૃતિમાં ગાયને આપેલ સ્થાન, શ્રાવણ માસમાં ઉપવાસ, એકટાણાને મહત્ત્વ આ બધી જ બાબતો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સ્વાસ્થ્ય અસરકર્તા છે. જે હાનિકારક બાબતો છે, તેને સાંસ્કૃતિક નિષેધનું રૂપ આપવામાં આવ્યું છે, જેમ કે માસિકસ્ત્રાવના સમયમાં સ્ત્રી સમાગમ ન કરવો, આ સમયમાં સ્ત્રીઓ પાસે ભારે કામ ન કરાવવું, કારણ કે વૈજ્ઞાનિક રીતે સાબિત થયેલ છે કે માસિક સ્ત્રાવના દિવસોમાં સ્ત્રી નબળાઈ અનુભવે છે અને માનસિક રીતે થોડી વિક્ષુબ્ધ રહે છે. આજ રીતે માંસાહારી કોમોમાં ક્ષત્રિય જેવી કોમો માને છે કે મરેલ પશુનું માંસ ન ખાવું, આ નિષેધ પાછળનું કારણ સ્વાસ્થ્ય છે. મરેલ પશુ કોઈ રોગનો ભોગ બનેલ હોય તો તે ખાનારને તેનો ચેપ લાગી શકે છે.

આ બધા જ દેખીતી રીતે સમાજે ઘડેલા સાંસ્કૃતિક નિષેધો છે, પરંતુ તેમાં સ્વાસ્થ્યનું જતન કરવાની ભાવના છુપાયેલી છે. આમ સંસ્કૃતિ અને સ્વાસ્થ્ય અભિન્ન રીતે વણાયેલા દેખાઈ આવે છે.

સાંસ્કૃતિક બાબતોને લઈને ગોઠવાતા જીવન વ્યવહારો, હંમેશાં સ્વાસ્થ્યને પુરસ્કરતા જ હોય છે તેવું નથી. અમુક વ્યવહારો અને માન્યતાઓ સ્વાસ્થ્યના અવરોધક પરિબળ તરીકે પણ કામ કરતાં હોય છે. જેમ કે બાળકના જન્મ પછી તુરંત તેને માતાનું દૂધ ન અપાતાં ગળથૂથી આપવાનો રિવાજ, દક્ષિણ ગુજરાતની ડાંગી ભીલ અને સાબરકાંઠાની ભીલ જનજાતિઓમાં જન્મ પછી બાળકને એવા તળાવનું પાણી ગળથૂથી તરીકે પિવરાવાય છે, જેમાં ઘણાં જંગલી જાનવરોએ પાણી પીધું હોય, જેથી બાળક તે જાનવર જેવો મજબૂત બનશે તેવી માન્યતા પ્રવર્તે છે. ડાંગી ભીલોમાં પ્રસુતાને સાવચેતીના પગલાંરૂપે મહુડાનો દારૂ પિવડાવવામાં આવે છે. જેનાથી ગળુ અને છાતીના ચેપજન્ય રોગો નહીં થાય, તેમ મનાય છે. (ડૉ. સોલંકી સિ. ૧૯૮૨ પાન ૧૬૦) પતિની અજીઠી જૂઠી થાળીમાં પત્નીએ જમવું જેથી આપસમાં પ્રેમ વધે છે, ઉપરાંત ધર્મ અને સંસ્કૃતિના નામે દારૂ, તાડી, અફીણ, ભાંગ જેવા માદક પદાર્થોનું સેવન જે સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક વસ્તુ છે જે સંસ્કૃતિના નામે સ્વાસ્થ્યનો ભોગ લે છે.

પ્રસ્તુત અભ્યાસમાં આદિવાસી સમાજની સંસ્કૃતિનો સ્વાસ્થ્ય સાથેનો સંબંધ તપાસવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આદિવાસી સમાજ બિન આદિવાસી સમાજથી જુદી રીતે રહેવા ટેવાયેલો છે. અન્ય સમાજોથી અલિપ્તતા, પ્રકૃતિ પર અન્ય સમાજો કરતા વધારે નિર્ભરતા, રૂઢીગત માન્યતાઓ, માળખાકિય સુવિધાની અછત અને આર્થિક અને શૈક્ષણિક રીતે પછાતપણાને કારણે તેમની, સંસ્કૃતિ, હજુ બિન આદિવાસી સમાજ કરતાં અપ્રાકૃતિક શક્તિઓ પર વધુ વિશ્વાસ ધરાવતી જોવા મળે છે.

વિશ્વભરના જુદા જુદા દેશો તેમજ ભારતના ગ્રામીણ અને આદિવાસી ક્ષેત્રોમાં સમાજશાસ્ત્રીઓ તથા સમાજમાનવશાસ્ત્રીઓએ સંસ્કૃતિ અને સ્વાસ્થ્યના સંબંધના સંદર્ભમાં સૈદ્ધાંતિક પરિપ્રેક્ષ્ય આપી અનેક અભ્યાસો કર્યા છે. વિદ્યાર્થી સંશોધનકર્તાએ અહીં આ અભ્યાસોની સમીક્ષા કરી સ્વાસ્થ્ય - સંસ્કૃતિના સંબંધે સૈદ્ધાંતિક પરિપ્રેક્ષ્ય વડે અભ્યાસનો ઉદ્દેશ્ય વધારે સ્પષ્ટ કરવા પ્રયત્ન કર્યો છે.

## સૈદ્ધાંતિક પરિપ્રેક્ષ્ય અને પૂર્વ સંશોધન સમીક્ષા :

'રિવર્સ (૧૯૨૪) અને કલેમેન્ટસે (૧૯૩૨) માં રોગ-આરોગ્ય અને સંસ્કૃતિ સંબંધમાં પ્રશિષ્ટ કૃતિઓ આપી છે. રિવર્સ અને કલેમેન્ટસ બન્નેની, તેમના શ્રેષ્ઠ ફાળા બદલ યોગ્ય કદર કરવી જોઈએ. કલેમેન્ટસે રોગ અંગેના પાંચ મૂળભૂત ખ્યાલો; જેવા કે ભૂવા વિદ્યા (Sorcory), નિષેધ ભંગ (breach of taboo), હેત્વારોપણ (Object intrusion) પ્રેતારોપણ (Spirit intrusion) આત્મ-શૂન્યત્વ, (Soul loss) ના વિશ્વ વ્યાપી ફેલાવાની ઝીણવટભરી તપાસ કરવાનો પ્રયાસ કર્યો હતો. ત્રીસીના દાયકામાં દૃષ્ટિગોચર એવા અન્ય મૂલ્યવાન અધ્યયનોનો ઉલ્લેખ કરવો ઘટે જેમકે 'Religion and Medicine of the 'Ga' People' 'ફિલ્ડ' નો (૧૯૩૭) અભ્યાસ, 'Disease Religion and Society of the Fizi Island 'સ્પેન્સર' (૧૯૪૧) નો અભ્યાસ તથા 'Mono of Liberia' નો 'હોલી' (૧૯૪૧) નો અભ્યાસ.

સાડા છ દાયકા અગાઉ તબીબી ઈતિહાસકાર 'એકરનેક' (૧૯૪૨) આદિમ તબીબી વિજ્ઞાન પર વૈજ્ઞાનિક લેખોની એક હારમાળા આપી. આ લેખોએ માનવશાસ્ત્રીઓને પુરાતન, લોકપરંપરાગત, તેમજ 'દેશી' વૈદિક પદ્ધતિઓ ઉપર સંશોધનો હાથ ધરવા ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું. આ માર્ગદર્શકના પગલે 'હેનરી' (૧૯૪૭) તથા 'મીડે' (૧૯૪૭) શ્રેણીબદ્ધ સંશોધન પત્રો લખ્યા. જેમાં માનવશાસ્ત્રના મન શરીર વૈદક (Psycho-Sometic Medicine) સાથેના સંબંધના મહત્ત્વ ઉપર ભાર મૂક્યો. વર્ષો અગાઉ 'કલાઉસને' (૧૯૫૦) માનસિક સ્વાસ્થ્યના ક્ષેત્રે થયેલા સમાજવિદ્યાના સંશોધન અંગેના પ્રશ્નોનું પુનરાવર્તન કર્યું તથા 'હોલ' (૧૯૫૧) એણે ઔષધ ક્ષેત્રે સમાજશાસ્ત્રીય સંશોધનની પ્રગતિ પર પ્રકાશ પાડવાનો પ્રયાસ કર્યો. ઉપરાંત પ્રાચીન ઔષધના ઈતિહાસનું સિંહાવલોકન 'સિજેરિસ્ટ' (૧૯૫૧) દ્વારા કરવામાં આવેલ છે. તેમ છતાં, 'એકરનેકે' (૧૯૪૨) પ્રથમવાર એમ પ્રતિપાદિત કરનાર વ્યક્તિ હતા કે 'પ્રાચીન ઔષધ એક ક્ષતિઓ અને અંધ શ્રદ્ધાઓનો સંગ્રહ માત્ર નથી, અને વૈદ્યકીય ક્ષેત્રે પૂર્વજો દ્વારા મંત્રો, પ્રાર્થનાઓ, રક્ત, માનવ ચરબી અને થૂંકનો ઉપયોગ કરવામાં આવતો એટલું જ માત્ર કહી તેની સમજણ આપી ન શકાય.' તેના મતે "ઔષધની ગણના તેના સ્વરૂપમાં નથી પરંતુ કોઈક જનજાતિ કે લોકજીવનમાં ઔષધે પ્રાપ્ત કરેલ સ્થાનમાં છે, વ્યવહારમાં વ્યાપ્ત એવી તેની પ્રકૃતિમાં છે, અનુભવના વિવિધ ક્ષેત્રો પૈકીના અન્ય ગુણો સાથે ભળી જવાની તેની રીતમાં છે." પ્રાચીન ઔષધની સાંસ્કૃતિક ભાત સાથેના સંબંધની ચર્ચા કરતી વખતે તેણે ત્રણ અગત્યના મુદ્દા આગળ ધર્યા : (૧) પ્રાચીન ઔષધ ફક્ત એક જ નથી, પરંતુ પ્રાચીન ઔષધિઓ અનેકવિધ છે. (૨) પ્રાચીન ઔષધિઓમાં રહેલા તફાવતો તેમના દ્વારા રચિત અને તેમની સાંસ્કૃતિક ભાત દ્વારા મૂળભૂત રીતે સંસ્કારિત એવી વૈદ્યકીય ભાતમાં રહેલ તફાવતો કરતા ઘટક તત્ત્વોમાં રહેલ તફાવતો ઘણા ઓછા હોય છે. (૩) ઔષધના ભિન્ન ભિન્ન ઘટક તત્ત્વોનું એક પૂર્ણ ઔષધમાં અને પૂર્ણ ઔષધનું એક સાંસ્કૃતિક નમૂનામાં સંકલનનું પ્રમાણ આધારભૂત રીતે બદલાતું રહે છે. વિવિધ સંસ્કૃતિઓમાંની ઔષધ પદ્ધતિઓની તુલના કરી આ મુદ્દાઓને તે ટાંકી શક્યો. આજે પણ ભિન્ન ભિન્ન સંસ્કૃતિઓ પૈકીની ઔષધ પ્રવૃત્તિઓ અંગેનું મિશ્ર સાંસ્કૃતિક વિશ્લેષણ ઔષધક્ષેત્રે કાર્ય કરનાર સમાજ વિજ્ઞાનીઓને માટે તે મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. ઓછું ભણેલા લોકોની ઔષધિઓ કેવી રીતે અને કયા કારણોસર અનેકવાર સફળ નીવડતી તે વિશેનું વર્ણન પણ એકરનેકટે આપ્યું. સ્નાન (Baths), ડામ (Cauterization), વાઢકાપ (Surgery), રસીકરણ (Vaccination) તેમજ તેમના ઔષધિય ક્રિયાકલ્પ (Pharmacopoeia) સહિતની વિવિધ સારવાર પદ્ધતિઓ અંગેની ઉપયોગી માહિતી તેણે સંગ્રહીત કરી, તેના પોતાના મતે મનૌપચારિક (Psychotherapatic) ગુણોને કારણે પ્રાચીન ઔષધિઓને સફળતા પ્રાપ્ત થઈ. ભારતીય ઉપચાર પધ્ધતિઓનો આજે વૈશ્વિક સ્વિકાર થઈ રહ્યો છે તેની પાછળના કારણમાં પણ ફક્ત ઔષધિય સારવારથી કશુ વિશેષ તત્વ જે આ પધ્ધતિ ધરાવે છે તે છે. જેમકે ભારતીય ઔષધ પધ્ધતિ રોગને સમગ્ર શરીરમાંની એક વિસંવાદની સ્થિતિ રૂપે તેમજ માત્ર આંતરિક પરિબળોનાં જ નહીં પરંતુ બાહ્ય કારણોના પરિણામ રૂપે પણ જવાબદાર માને છે. એટલા માટે સારવારનું લક્ષ્ય

કેવળ બંધ બેસતા આંતરિક ઈલાજો શોધવાનું જ નહીં પરંતુ પૂર્વવત સ્થિરતા કે સમતુલા પાછી આણવા ઉપલબ્ધ એવાં તમામ સાધનોને કામે લગાડવાનું પણ હોવું ઘટે, આથી જ આરોગ્ય તેમજ અનારોગ્ય બન્નેમાં આહાર પર ખૂબ જ ભાર મૂકવામાં આવે છે.

'પોલે' (૧૯૫૫) આરોગ્ય વિષયક કાર્યક્રમો પરત્વે લોકોના પ્રતિભાવ સાથે સંબંધિત એવા મિશ્ર- સાંસ્કૃતિક (Cross cultural) બાબતોના વૈયક્તિક અભ્યાસોનું શ્રુંખલાબધ્ધ સંપાદન કર્યું હતું. આ અભ્યાસો પૈકીના બે અધ્યયનો ભારતીય ગ્રામીણજીવનની માહિતી પર આધારિત હતાં. 'કારસ્ટેર્સ' (૧૯૫૫) ઉત્તર ભારતના ગ્રામીણ રાજસ્થાનમાંના ગ્રામજનોના ઉપચાર કરવાના હેતુથી એક પાશ્ચાત્ય તાલીમ પ્રાપ્ત ડૉક્ટર દ્વારા કરવામાં આવેલ પ્રયાસોને પરંપરાગત સ્થાનિક માન્યતાઓને કારણે કેવી રીતે કેટલીક અડચણો ઉદ્ભવી એ વાત પ્રગટ કરી, ખોટી અપેક્ષાઓને કારણે બન્ને પક્ષે ગેરસમજૂતીઓ ઉદ્ભવવા પામી, જે રોગકારણ મીમાંસાના વિવિધ સિધ્ધાંતો તથા ઉપચારની વિવિધ પ્રક્રિયાઓ તેમજ ડૉક્ટરની ભૂમિકા અંગેની વિવિધ ધારણાઓ પર રચાયેલ હતી. તેના મતે, પાશ્ચાત્ય તાલીમ પામેલ ડૉક્ટરના ખ્યાલ સાથે અનુકૂળ થાય એ રીતે ગ્રામીણ લોકો પોતાના દુન્યવી ખ્યાલોમાં પરિવર્તન આણે એ સંભવિત ન હતું. આમ કોરસ્ટેર્સના મતે લોક આરોગ્ય અને ઔષધમાં પાશ્ચાત્ય કલાકૌશલ્ય દાખલ કરવું તે ડૉક્ટર તેમજ અન્ય આરોગ્ય કર્મચારીઓની ભૂમિકા અન્ય પ્રર્વતમાન સાંસ્કૃતિક અપેક્ષાઓ સાથે બંધબેસતી આવે તે માટેનું અનુકૂલન માગી લે છે. બીજી તરફ 'મેરિઅટે' (૧૯૫૫) રૂઢિચુસ્ત ભારતીય ગ્રામ કિસાનગીરીમાં વધુ અસરકારક એવી પાશ્ચાત્ય ડૉક્ટરી પ્રવિધિને દાખલ કરવામાં સમાયેલ સામાજિક અને સાંસ્કૃતિક સમસ્યાઓનું સમીક્ષાત્મક પરીક્ષણ કર્યુ હતું. તેણે ગામના સામાજિક તંત્રનું વર્ણન કર્યુ, ગામની તબીબી સંસ્થાનું વિશ્લેષણ કર્યુ તથા ગ્રામજનોની પોતાની સામાજિક વ્યવસ્થા અને તબીબી સંસ્થાના સંદર્ભમાં ગ્રામજનોનાં પરિપેક્ષ્યમાં પાશ્ચાત્ય દાક્તરની ભૂમિકા તપાસી. સામાજિક માળખાનો તેણે પ્રાથમિક માળખા તરીકે ઉપયોગ કર્યો. ગ્રામજનોની સામાજિક દુનિયામાં ત્રણ સામાજિક ક્ષેત્રોનો સમાવેશ થતો હતો, સગાંસંબંધી અને કુટુંબ કબીલાનું ક્ષેત્ર કે જેમાં અમર્યાદિત જરૂરિયાત હતી અને પરસ્પર વિશ્વાસ દ્વારા નિયંત્રિત એવું ક્ષેત્ર છે. ગામ અને જ્ઞાતિનું ક્ષેત્ર કે જે વિશિષ્ટ કર્તવ્યો તેમજ ઔપચારિક માનમર્યાદા વડે અંકુશિત એવું ક્ષેત્ર છે, તથા બાહ્ય જગતનું, સરકારી કે બજાર સ્થળ જેનું નિયમન માત્ર સંપત્તિ અને સત્તા દ્વારા જ થઈ શકે એવું ક્ષેત્ર છે. પ્રત્યેક ક્ષેત્રના પ્રતિનિધિઓએ ભિન્ન ભિન્ન માત્રામાં વિશ્વાસ સંપાદન કરેલ હોય છે. આમ તેનું અવલોકન હતું કે સારી દવાઓ તેમજ શુભ આશયો હોવા છતાં, પાશ્ચાત્ય તબીબી વ્યવસાયીઓએ બહારની દુનિયા તેમજ ગ્રામીણ કુટુંબોના નાતેદારીના આંતરિક વ્યવહારોમાં યોગ્ય સ્થાને પગપેસારો કરવો રહ્યો. તેના વિશ્લેષણે દેશી અને પાશ્ચાત્ય તબીબી વ્યવસાયીઓ દ્વારા અપનાવાયેલ ભૂમિકાઓ વચ્ચે ઔપચારિકપણે પ્રવર્તમાન ભેદો અને સંઘર્ષોને ઉઘાડા પાડ્યા - જે સંઘર્ષો પાશ્ચાત્ય ઔષધો અને ઉપચારના ફેલાવામાં વિઘ્નરૂપ હતા. 'મેરીઅટે' સૂચવ્યું કે અસરકારક ઔષધ તરીકેની સફળતાનો આધાર મહ્દઅંશે પાશ્ચાત્ય તબીબી વ્યવસાય પોતાના પાશ્ચાત્ય સાંસ્કૃતિક મૂલ્યોનો ભોગ પોતે કેટલે અંશે

આપી શકે છે તેમજ ભારતીય ગામડાંના સમાજ જીવન સાથે પોતે કેટલે અંશે અનુકૂળ થઈ શકે છે તે પર રહેલ છે.

તેમના વૈયક્તિક અધ્યયનોનું આલોચનાત્મક સિંહાવલોકન સ્પષ્ટ કરે છે કે 'કારરટેર્સ' નો અભિગમ માનસ સાંસ્કૃતિક (Psychocultural) હતો, જયારે 'મેરિઅટે' મુખ્યત્વે દાક્તર-દરદી (Doctor-patient Relationship) સંબંધની વાત કરી હતી. કારણ કે તેણે દરદીની અપેક્ષાઓનો સંબંધ ભારતની પ્રજાના સામાન્ય વાતાવરણ સાથે જોડ્યો હતો.

તબીબી-સાંસ્કૃતિક માહિતીનો ઉલ્લેખ 'ફ્રેઝર' અને 'ટાયલર' ના માનવવંશીય અહેવાલોના લખાણમાં મળી આવે છે. સોળમાં દાયકાના આરંભમાં માનવશાસ્ત્રીઓએ માંદગી અને ઉપચારના સામાજિક-સાંસ્કૃતિક પાસાંઓ અંગે કેટલાંક પ્રદાનો કર્યા. સમગ્ર દ્રષ્ટિએ જોતાં આરંભથી માંડીને માનવશાસ્ત્ર જીવવિદ્યાઓ, સમાજ વિદ્યા તેમજ માનવ-સંસ્કૃતિ વિદ્યા સહિતની કેટલીક વિદ્યાઓના અભિગમોને એક વિદ્યાશાખા હેઠળ સાંકળી લેતું જણાય છે. ત્રણ દસકા પહેલા માનવશાસ્ત્રીઓએ તબીબી માનવશાસ્ત્રના બૃહદ્ ક્ષેત્રોને વિગતવાર સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. 'લેબાને' (૧૯૭૩) આપેલ વર્ગીકરણ ખાસ ધ્યાનને પાત્ર છે. લેબાને તબીબી માનવશાસ્ત્રને ચાર મુખ્ય ક્ષેત્રોમાં વર્ગીકૃત કર્યુ છે જેમ કે, જીવનપરિસ્થિતિ વિજ્ઞાન (Ecology) અને રોગચાળા-શાસ્ત્ર (Epidemiology) માનવવંશ-ઔષધશાસ્ત્ર (Ethnomedicine) સામાજિક તંત્રના ઔષધિય પાસાં તથા ઔષધિય અને સાંસ્કૃતિક પરિવર્તન, જીવ-પરિસ્થિતિ વિજ્ઞાન અને રોગચાળાશાસ્ત્રના ક્ષેત્રોમાં કરેલાં કાર્યો અંગેનાં પોતાનાં અવલોકનમાં ચીનના એક ગામડાંમાં 'મે' (૧૯૬૦) એ કરેલ એક રોગચાળા શાસ્ત્રના કાર્યનો નિર્દેશનીય છે. આંકડીકૃમી (Hookworm) ના રોગનો ઉપદ્રવ એ માનવી અને અમાનવી તંત્રો તેમજ તેમનાં પર્યાવરણો વચ્ચેના સંબંધને આવરી લેતા એક જીવ-પરિસ્થિતિ (Ecology) તંત્રના ભાગ રૂપે હતો. એમ 'મે' સિધ્ધ કરી શક્યો. 'વ્હિટિંગ' (૧૯૬૪) નાં અધ્યયનોમાં તેણે પ્રસુતિ બાદ (Postpartum) જાતીય નિષેધ અને ધાવણ મોડું છોડાવવું એ બાબતોએ 'કવાશ્યોરકાર' (Kwashorkor) નામની માંદગી સામે બાળકોનું રક્ષણ કરવામાં કેવી ભૂમિકા ભજવી હતી તે સમજાવવાનો પ્રયાસ કર્યો. તે જાણતા હતા કે માનવ વંશ ઔષધશાસ્ત્ર એ પ્રાચીન વૈદ્યકીય લક્ષણો ધરાવે છે. જે આધુનિક ઔષધશાસ્ત્રની વિચારધારાના માળખામાંથી તારવવામાં આવેલ નથી. તે બરાબર પારખી શક્યો હતો કે, પરંપરાગત તબીબી પદ્ધતિ એ આધુનિક ઔષધશાસ્ત્રના પ્રભાવથી અભેદ્ય નથી. ભારતીય ગામડાંઓમાંથી એકત્રીત કરવામાં આવેલ માહિતીના આધારે, આના સમર્થનમાં અનેક ઉદાહરણો આપી શકાય છે. દાખલા તરીકે હરીયાણાના ગ્રામીણ પ્રદેશમાં પરંપરાગત તબીબી વ્યવસાયિકો અનેક રોગોમાં અલૌકિક રોગકારણ મીમાંસા (Etiology) માં શ્રધ્ધા ધરાવતા હોય છે. ન્યુમોનિયા અને ક્ષય જેવા રોગોના શારીરિક કારણોની સાથે અન્ય રોગોની જેમ અલૌકિક રોગ કારણો પર પણ વિશ્વાસ ધરાવે છે. (લેબાન-૧૯૭૩)

ભારતીય સાંસ્કૃતિક ચોકઠામાં વિવિધ વૈજ્ઞાનિકો જેવા કે 'ગાઉલ્ડ' (૧૯૫૭), ખરે (૧૯૬૩), 'હસન' (૧૯૬૭), 'મદન' (૧૯૬૯), 'કાકર' (૧૯૭૨, ૧૯૭૩, ૧૯૭૭), 'કર્ણ' (૧૯૭૬), 'રીઝવી એસ.એન.એચ.' (૧૯૮૪), 'યાદવ મારકન્ડેયસિંહ' (૧૯૯૪), 'ત્રિભુવન આર.ડી' (૧૯૯૮) દ્વારા રોગકારણ મીમાંસા, રોગ-નિદાન તથા રોગ-ઉપચાર, તેમજ સંસ્કૃતિ વિષયક સંખ્યાબંધ અધ્યયનો સંપાદિત થયેલાં છે. ઉદાહરણ રૂપે એમ કહેવાય છે કે ગ્રામીણ લોકો રોગોને માટે અમુક બાહ્ય પરિસ્થિતિને કારણભૂત ઠરાવે છે, કે જેમાં શરીરની અમુક આંતરિક પરિસ્થિતિ સાથેના જોડાણમાં કાર્ય કરતી પ્રાકૃતિક જ નહીં પરંતુ અલૌકિક શક્તિઓ પણ હોય છે. આંતરિક પરિસ્થિતિમાં શારીરિક કે કુદરતી નબળાઈનો સમાવેશ થાય, પરંતુ બાહ્ય સંજોગો રોગ, દેવ/ દેવીઓ તેમજ દુષ્ટ પ્રેતાત્માઓ દ્વારા અત્યંત પ્રભાવિત બને છે. એમ પણ સૂચવવામાં આવ્યું છે કે ગામડાંની પરિસ્થિતિમાં માંદગી વિશે લોકોની માન્યતાઓ છ ઉદ્ભવસ્થાનોમાંથી તારવવામાં આવી છે. (૧) પૌર્વાત્ય સંસ્કૃતિનો પરિવાર (Family of Orientation) (૨) સાસુ-સસરા (૩) દાયણ (૪) વડિલ સ્ત્રીઓ (૫) લોકપરંપરાગત અને દેશી તબીબી વ્યવસાયીઓ અને (૬) સરકારી આરોગ્ય કર્મચારીઓ (કાકર,૧૯૭૭)

'લેબાન' દ્વારા ચર્ચિત 'સામાજિકતંત્રના ઔષધિય પાસાં' અંગેનાં અધ્યયનો મોટે ભાગે પચાસના અને સાઠના દાયકામાં થયેલાં છે. 'મેસિંગ' (૧૯૫૮), 'ક્લક હોહ્ન' (૧૯૬૨), 'હેલોવેલ' (૧૯૬૩), 'એડમ્સ' અને 'રુબેલ' (૧૯૬૭), 'ફ્રાઈડસન' (૧૯૬૨) અંતમાં તેણે ઔષધિય અને સાંસ્કૃતિક પરિવર્તન ઉપર કામ કર્યુ. તે નિષ્કર્ષ કાઢે છે કે 'વિકસતા સમાજના લોકોમાં અનારોગ્ય અને મરણ-પ્રમાણના પરિણામી ઘટાડા સાથે આધુનિક ઔષધનો વધતો જતો વપરાશ હોવા છતાં, પરંપરાગત તબીબી પદ્ધતિઓ હજી ચાલુ છે અને તે આરોગ્યની સ્થિતિ ઉપર તેમજ વિકસતા સમાજના લોકોના તબીબી નિર્ણયો પર મહત્ત્વની અસર ઉપજાવે છે.' આ વાતનું સમર્થન ભારતમાં થયેલા જુદા જુદા પ્રકારનાં અધ્યયનો દ્વારા સહેલાઈથી થઈ શકે તેમ છે. ખાસ કરીને પ્રાચીન તેમજ આધુનિક ઔષધ પદ્ધતિઓના વ્યવસાયીઓની ભૂમિકા વિશે 'કાકર' (૧૯૭૭), 'બેનર્જી' (૧૯૭૫), 'હોકિંગ્સ' (૧૯૮૦), 'મદન' (૧૯૮૦) અને હરિયાણાના ચાર જિલ્લાઓમાં કરવામાં આવેલ એક અધ્યયનમાં ચોપરા (૧૯૮૪) એમ દર્શાવે છે કે માન્યતાઓ, વલણો અને જાતિના મૂલ્યોની તેમની સારવાર અને તે પ્રક્રિયા અંગેના લોકોના અર્થઘટન ઉપર સંગીનપણે અસર થાય છે. એમ પણ બતાવવામાં આવેલ છે કે સ્થાનિક આરોગ્ય કેન્દ્ર તબીબી સેવાઓ માટે ગ્રામજનોની માંગને સારા એવા પ્રમાણમાં સંતોષવા મર્યાદિત શક્તિ જ ધરાવે છે. આ અધ્યયનો એવી ભલામણ કરે છે કે તબીબી સેવાઓ માટેની આ માંગને પહોંચી વળવા માટે દેશી તબીબી વ્યવસાયીઓની સેવાઓનો પૂરેપૂરો ઉપયોગ થવો જોઈએ.

પટેલ અંબાલાલ (૧૯૭૦) અમીરગઢ પટાના આદિવાસી ગરાસિયાની સામાજિક-આર્થિક તપાસ અંતર્ગત ગરાસિયાઓના સ્વાસ્થ્ય વિષયક પાસાંને રજૂ કરતાં કહે છે કે ગરાસિયાઓ આજે પણ માને છે કે

દાક્તર દર્દ ઉપરથી મટાડે છે પરંતુ દર્દ થવાના પિતૃ કે ડાકણના નડતર વગેરેનાં કારણો જાણી દાક્તર તેનો ઉપાય કરી શકતો નથી. ભીલો વ્યક્તિની 'ખરાબ નજર' કે ભૂતપ્રેત કે વડવાઓના કોપને લીધે માંદગી આવે છે અને ભોપો (ભૂવો) આવે સમયે તેમને નક્કી કરી આપે છે કે તે કયા કારણથી અને કયા તત્ત્વ મારફત થાય છે અને તેનો ઈલાજ શું છે ? રોગ કે માંદગીના ઉદ્ભવના ખ્યાલો પુરાતનકાળથી આ જાતિએ જે જે જોયા છે તે પરથી તેઓ રોગને અલૌકિક શક્તિઓ દ્વારા આવતી મુસીબત માને છે તેવું સંશોધકે આ અભ્યાસમાં જણાવ્યું છે.

દવે પી.સી. (૧૯૬૦) 'The Garasias' નામના પોતાના ગરાસિયા આદિજાતિ પરના વિવરણાત્મક ગ્રંથમાં ગરાસિયાઓના રોગનાં અપ્રાકૃતિક કારણો અને તેની સારવાર વિશે લખે છે કે, ગરાસિયાઓ પોતાના દર્દીની સારવાર વનૌષધિઓથી કરે છે, પરંતુ જયારે રોગ લંબાઈ જાય કે તેના હુમલા તીવ્ર બને ત્યારે ભોપાની મદદ લેતા હોય છે.

ભોપા દ્વારા કહેવાતા મુખ્ય અપ્રાકૃતિક કારણો તે કોઈ વીરની નારાજગી અથવા કોઈ દુષ્ટ આત્માની પજવણી હોય છે, ગરાસિયાઓ મુખ્ય પાંચ વીરમાં માને છે જે જુદા જુદા રોગોના કારકો છે.

આમ ગરાસિયાઓના અપ્રાકૃતિક રોગ કારકોની ચર્ચા કરી લેખક ગરાસિયા સંસ્કૃતિમાં આ શક્તિઓનું એક વિશિષ્ટ સ્થાન છે જે તેમના જીવન ચાલનમાં અગત્યની ભૂમિકા ભજવતું દેખાય છે તેમ જણાવે છે.

એસ.એન. એચ. રિઝવી (૧૯૮૪) 'Medical Anthropology of the Jaunsaris' નામના પોતાના અભ્યાસમાં ઉત્તર પ્રદેશના દહેરાદુન જિલ્લાના જોનસારી આદિવાસીઓના, પરંપરાગત ઔષધો અને ઉપચારોના સંદર્ભમાં સામાજિક - સાંસ્કૃતિક વ્યવહારોનો અભ્યાસ કરી જણાવે છે કે, આ આદિવાસીઓમાં હજુ સુધી પાણી શુદ્ધ કરી પીવું જોઈએ તેવો ખ્યાલ જ વિકસ્યો નથી. વ્યક્તિગત અને ઘરોની સ્વચ્છતા બાબતમાં પણ તેઓમાં ખૂબ ઓછી જાગૃતતા જોવા મળે છે. પશુઓને પણ તેઓ ઘરમાં જ રાખે છે. આથી ઘણાં રોગો તેમનામાં પશુઓ દ્વારા ચેપથી આવે છે. આ ઉપરાંત દારૂ પણ તેમની સંસ્કૃતિનો ભાગ બની ગયેલો છે, જેને કારણે પણ તેઓ રોગના ભોગ બને છે. આ ઉપરાંત રોગ થવાનાં મૂળ કારણોમાં તેઓ અપ્રાકૃતિક કારણોને જ મહત્ત્વ આપતા જણાય છે.

જોનસારી આદિવાસીઓના મતે જે માણસ ભારે ખોરાક ખાય શકે જેનું શરીર સ્નાયુબધ્ધ, સશક્ત હોય અને જે સખત મહેનત કરી શકે તેમનામાં રોગ નથી તેવું માને છે. આ ઉપરાંત તેઓ માને છે કે સારું આરોગ્ય ત્યારે જ થઈ શકે જયારે મનુષ્ય માનસિક તનાવથી મુક્ત હોય.

શ્રી રિઝવી આ આદિવાસી વિસ્તારમાં પાશ્ચાત્ય ચિકિત્સા પદ્ધતિ નિષ્ફળ જવાનાં મુખ્ય પાંચ કારણો જણાવે છે.

(૧) ઔષધ-દવા સંબંધી સગવડો કે સવલતો ખૂબ જ ઓછી છે.

(૨) દવાખાનાંઓ તેમજ અન્ય સ્વાસ્થ્ય સુવિધાઓ મોટાભાગનાં ગામોથી ખૂબ જ દૂરના અંતરે છે.

(૩) અંતરિયાળ ગામોમાં કોઈ જ દવા કે વૈદકની સગવડ નથી.

(૪) દવા આપતાં કેન્દ્રો પર દવાઓ અને સાધનોનો પૂરતો જથ્થો નથી હોતો.

(૫) મોટાભાગના મોટી ઉંમરના લોકો પાશ્ચાત દવાઓનો વિરોધ કરે છે અને યુવાનોને પણ સારવાર લેતા રોકે છે.

શ્રી રીઝવી કહે છે કે જોનસારીઓ આધુનિક સારવાર પદ્ધતિ કેટલી અપનાવે છે તે જાણતી વખતે એ જાણવું જરૂરી છે કે તેમની પાસે પૈસા નથી હોતા. તેઓ પૂજારી (Priest) પાસે કે વનૌષધિના જાણકાર પાસેથી દવા લે છે ત્યારે પૈસા ચૂકવવા નથી પડતા.

યાદવ મારકન્ડેયસિંહ (૧૯૯૪) ઉત્તર પ્રદેશના મિર્જાપુર જિલ્લાના દુંદ્ધી વિકાસ ખંડના આદિવાસીઓનો *'અંદિવંદી દુમ્દંયોં મેં સ્વંસ્થ્ય કે કુછ પક્ષ'* નામે અભ્યાસ કર્યો હતો. જેમાં તેમણે આદિવાસી સમુદાયની વ્યક્તિગત સ્વચ્છતા સંબંધી જાગૃતતાનું સ્વરૂપ શું છે ? આહાર અને મદ્યપાનની સ્થિતિ શું છે ? તે તપાસી રોગની પ્રકૃતિ અને ઉપચારની પ્રાથમિક પ્રવિધિઓની ઉપયોગિતા અને તેના પ્રભાવોનું વિશ્લેષણ કરેલ છે, ઉપરાંત માતા-બાળ કલ્યાણના પ્રશ્નોનું મૂલ્યાંકન સાથે પરંપરાગત ચિકિત્સકો અને ચિકિત્સા પદ્ધતિથી સંબંધિત કારકોની શોધ કરવી અને સ્વાસ્થ્યની આધુનિક અને પરંપરાગત ઉપચાર વ્યવસ્થાના સમન્વિત વિકાસ સાથે સંબંધિત સમસ્યાઓનું સૈદ્ધાન્તિક નિરૂપણ કરેલ છે.

શ્રી યાદવ આ અભ્યાસમાં જણાવે છે કે આદિવાસી સમુદાયની માનસિકતાનું વિશ્લેષણ કરતાં દેખાય આવે છે કે નિર્ધનતા અને અજ્ઞાનતાને કારણે સ્વાસ્થ્યની ચેતનાનો વિકાસ થવો અતિ કઠિન છે. વ્યક્તિગત સ્વચ્છતાની બાબતમાં પણ સ્વચ્છતા ફક્ત ધાર્મિક વિધિ-વિધાનો પૂરતી મર્યાદિત હોય તેવું દેખાય આવે છે, એવું લાગે છે કે તેઓ વ્યક્તિગત સ્વચ્છતાની બાબતમાં બિલકુલ જાગૃત નથી. દારૂને પણ તેઓ સંસ્કૃતિનું અભિન્ન અંગ માને છે, અને ૧૩.૨૫% ઉત્તરદાતાઓ તો નિયમિત દારૂ પીએ છે, બાકીના પણ ક્યારેક ક્યારેક પીએ છે. તેઓને મતે સ્વાસ્થ્યનો મતલબ ફક્ત હટ્ટા-કટ્ટા થવું અને ખૂબ ખાવું તેટલા પૂરતો જ મર્યાદિત છે.

રોગોની પ્રકૃતિ, ઉપચારની પ્રાથમિક વિધિઓ અને પ્રભાવોનું વિશ્લેષણ કરતાં જે તથ્ય પ્રાપ્ત થયાં તે પરથી દેખાય આવે છે કે વ્યક્તિને થયેલ રોગનું કારણ અપ્રાકૃતિક શક્તિ સાથે જોડવામાં આવે છે અને ઉપચાર માટે મંત્ર તંત્રનો મોટા પ્રમાણમાં તેઓ ઉપયોગ કરતા જણાઈ આવ્યા હતા.

આદિવાસી સમુદાયના પરંપરાગત મૂલ્ય વિશ્વાસ અને સામાજિક સરળ સંબંધો જે તેમની આર્થિક વ્યવસ્થામાં સંચાલિત છે, તેની અંદર વર્તમાન વિકાસની આવશ્યકતા અનુરૂપ પરિવર્તન લાવી અને અન્ય શૈક્ષણિક અને સાંસ્કૃતિક સુધારાઓ કરી સ્વાસ્થ્ય અને ચિકિત્સા સંબંધિ વિકાસ કરી શકાય તેમ છે, તેવું લેખક સૂચન કરે છે.

ત્રિભુવન આર. ડી. (૧૯૯૮) ‘Medical world of the Tribal’ માં મહારાષ્ટ્ર રાજયના રાયગઢ જિલ્લાના કરજત તાલુકાના કાશલે અને પાથરજ ગામના ઠાકુર આદિવાસીઓનો અભ્યાસ રજૂ કર્યો હતો.

આ અભ્યાસ પાછળના તેમના હેતુઓ જોઈએ તો,

(૧) રોગનાં મૂળ અને કારણ આદિવાસી ઠાકુરોના રોગના વર્ગીકરણ મુજબ જાણવા.

(૨) વ્યક્તિના આરોગ્ય માટે કામ કરતા કે તેને સાજો કરવા કામ કરનારને મતે રોગનાં કારણો ચિહ્નો અને પરિસ્થિતિ જાણવી અને તેનો સાંસ્કૃતિક સંબંધ ઓળખવો.

(૩) માંદગીના કર્તા જાણવા અને ઠાકુર આદિજાતિ સંસ્કૃતિમાં આ કર્તાની ભૂમિકા જાણવી.

આ હેતુઓને ધ્યાનમાં લઈને લાંબા સમય સુધી ઠાકુર આદિવાસીઓ સાથે લેખકે આંતરક્રિયા ચાલુ રાખી હતી. ઠાકુરોના મતે જે માણસ પીંડ, મન અને આત્માથી તંદુરસ્ત હોય, તેના બધા જ સામાજિક, વ્યાવહારિક સંબંધો સારી રીતે રાખી શકતો હોય છે. ઠાકુરોના મતે સ્વાસ્થ્ય એ છે કે જે માંસ, રોટલા, કાચુ દૂધ પચાવી શકતો હોય, ઘણું ચાલી શકતો હોય, ખૂબ કામ કરી શકતો હોય એ જ તંદુરસ્ત છે.

બિમારીનાં કારણો ઠાકુરોના મતે વ્યક્તિના નીચે જણાવેલ કારકો સાથેના સંબંધોમાં ખટરાગ અને ભૂલનું પરિણામ હોય છે જેના કર્તા તેઓ નીચે મુજબ જણાવે છે.

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| ● વ્યક્તિ (કુટુંબીઓ, સગાં-સંબંધીઓ) | ● બીજા સામાજિક જૂથો<br>● બીજી આદિજાતિ<br>● અન્ય જાતિ (Caste)નું જૂથ<br>● અન્ય રાજકીય જૂથ | ● દેવ<br>● દેવીઓ<br>● કુળદેવ-દેવી<br>●ગામદેવ-દેવી<br>● બીજા જૂથોના દેવ | ● દુષ્ટ આત્માઓ<br>● પોતાની જાતિના સ્ત્રી-પુ.આત્મા<br>● બીજી જાતિના<br>● પશુ-પક્ષી | ● પૂર્વજોના આત્માઓ<br>● સ્ત્રીઓ<br>● પુરુષો | ● વૈશ્વિક શક્તિઓનું અસ્તિત્વ સૂર્ય, ચંદ્ર, આકાશ,વાયુ, પૃથ્વી,અગ્નિ | ● વાતાવરણ જન્ય ગરમી, ઠંડી, ખોરાક, ઝાકળ<br>● અન્ય (સાપ, જીવડા વગેરે) |

આ કર્તાઓને લીધે થતા રોગોમાં તેના ઉપચાર માટે ભોપો એ સૌથી અગત્યનો માણસ ગણાય છે. જે વિધિ-વિધાનો કે બલિદાન દ્વારા જે-તે કર્તાને નમાવી કે રીઝવી શકે છે અને રોગનો ઉપાય શક્ય બની શકે છે.

આમ આ અભ્યાસ દ્વારા આદિવાસી સમાજ રોગને એક અલૌકિક શક્તિએ મોકલેલી અડચણ ગણાવે છે અને તેના ઈલાજ માટે સામાજિક, સાંસ્કૃતિક પરિબળો અગત્યનો ભાગ ભજવે છે તેવું લેખક જણાવે છે.

રોગ એક યા બીજા સ્વરૂપે દરેક માનવ સમાજને હેરાન કરતી મૂળભૂત સમસ્યા છે. દરેક જાણીતા સમાજે રોગોનો મુકાબલો કરવા માટેની પદ્ધતિઓ વિકસાવી છે અને દવાઓ બનાવી છે. (કોડિલ વિલિયમ (૧૯૫૫ : ૭૭૨)

માત્ર કોઈ ઘટનાનું દસ્તાવેજીકરણ અને વર્ણન પર્યાપ્ત નથી પણ સંપૂર્ણ પાસાંને સ્વાસ્થ્ય વર્તનની દ્રષ્ટિએ સમજવા માટે લોકો શા માટે અમુક રીતે વર્તે છે તે જાણવું અનિવાર્ય છે અને આ રીતે તેમના વર્તનનું કારણ જાણવું જરૂરી છે. વર્ણન કરાયેલ ઘટનાને સમજવા માટે પ્રયત્નો થવા જોઈએ અને વિવિધ બનાવો કઈ રીતે પરસ્પર સંબંધ ધરાવે છે અને સ્થાનિક લોકો તેનું કઈ રીતે અર્થઘટન કરે છે તે શોધી કાઢવું જોઈએ.

ભારત જેવા વિકાસશીલ દેશમાં વસતીનો મોટો ભાગ આદિવાસી અને ગ્રામ્ય વિસ્તારોમાં રહેતો હોય અને ઔષધની બાબતમાં તેમનો વિશિષ્ટ સાંસ્કૃતિક વારસો હોય ત્યાં આ ઔષધ વિષયક વારસાને સર્વગ્રાહી દ્રષ્ટિકોણથી સમજવો અને એની માહિતીનું દસ્તાવેજીકરણ કરવું જરૂરી છે. આરોગ્ય વિષયક નીતિ ઘડનારાઓ અને સ્વાસ્થ્ય સંભાળનારા આયોજકોએ વારંવાર પ્રયત્નો કર્યા હોવા છતાં ઘણા સ્વાસ્થ્ય સંભાળ કાર્યક્રમોને કડક વિરોધનો સામનો કરવો પડ્યો છે. આવા કાર્યક્રમોની નિષ્ફળતાનું મુખ્ય કારણ છે સ્વાસ્થ્ય સેવા પ્રદાન કરનારાઓનું લોકોની માન્યતા, આચારને સમજવાનું અજ્ઞાન અને તેમના સ્વાસ્થ્ય વિષયક વર્તનનો તેઓ જે (ખોટો) અર્થ કરે છે તે છે.

ભારતમાં સ્વાસ્થ્ય સંચાલકો, નીતિના ઘડવૈયાઓ, સ્વાસ્થ્ય શિક્ષકો અને સ્વાસ્થ્ય સંભાળ પૂરી પાડનારા તમામે એ સમજી લેવાની જરૂર છે કે સ્વાસ્થ્ય સાથે સંકળાયેલી માન્યતાઓ અને આચરણો પ્રચલિત છે, કારણ કે લોકોએ તેની સાથે સાંસ્કૃતિક અર્થો, મૂલ્યો અને ઊર્મિઓ તેમની સાથે સાંકળ્યા છે.

તેમને અભણ, અજ્ઞાન, અસંસ્કૃત (અણઘડ) કે વહેમી ગણીને તેમના સ્વાસ્થ્ય વિષયક વર્તનનું અવમૂલ્યન કરવું ન જોઈએ. આદિવાસી પ્રજા અને ગ્રામ સમૂહ સુદ્ધાં આધુનિક સ્વાસ્થ્ય સંભાળ અને શૈક્ષણિક કાર્યક્રમોનો વિરોધ કરે છે. આ કાર્યક્રમોમાં સ્વાસ્થ્ય અને બીમારી સાથે સંકળાયેલ લોકોનાં સાંસ્કૃતિક મૂલ્યો, અર્થો લાગણીઓ અને વર્તનની સમજણ માટેની કોઈ સગવડને અવકાશ જ નથી. જેના ઉપર વિચાર કરવાની જરૂર છે એવો પાયાનો પ્રશ્ન એ છે કે અમુક સામાજિક-સાંસ્કૃતિક સંદર્ભમાં લોકો જેમ વર્તે છે તે શું કામ વર્તે છે.

આ અભ્યાસો પરથી કહી શકાય કે આધુનિક સંસ્કૃતિ, પરંપરાગત દેશી ઔષધિઓની સામે વૈજ્ઞાનિક દવાઓ ઉપર ચોક્કસપણે ખૂબ જ ભાર મૂકે છે. તેમ છતાં, વ્યક્તિ ભૂલી જઈ ન શકે કે સામાજિક- સાંસ્કૃતિક પરિબળો માંદગીના અર્થ, માંદગીનું કાર્ય અને માંદગીનું નિવારણ કરીને, અટકાવવાની રીતો નક્કી કરવામાં મોટો હિસ્સો આપે છે.

**અભ્યાસનું વ્યાજબીપણું :**

સંખ્યાબંધ અભ્યાસોએ સીધેસીધું સાબિત કરી આપ્યું છે કે, જયારે આદિવાસી અને ગ્રામ્ય વિસ્તારોમાં પ્રથમવાર એલોપથીક (રોગથી વિરુદ્ધ અસર ઉપજાવીને રોગ તરત મટાડવાની ચિકિત્સા પદ્ધતિ) દવા અને ઉપાયો દાખલ કરવામાં આવે ત્યારે તેમનો સજ્જડ વિરોધ કરવામાં આવે છે. ખાસ કરીને જયારે એલોપથીક દવાઓ ઉપાયો એમની (આદિવાસી/ ગ્રામ્ય) પરંપરાગત, રૂઢિગત દવાઓની પદ્ધતિ, તેમની માન્યતાઓ અને તેમના આચરણની સાથે પ્રત્યક્ષ વિરુદ્ધમાં હોય ત્યારે કાર્ક અને કાર્કે (૧૯૬૨) તેમના અભ્યાસમાં અને દક્ષિણ આફ્રિકાના ઝૂલુઓમાં સ્વાસ્થ્યવર્ધન કાર્યક્રમ સંદર્ભે દેખાડી આપ્યું કે ઝૂલુઓએ ખાડા જાજરૂ પદ્ધતિના કાર્યક્રમ પ્રત્યે અનિચ્છા દર્શાવી હતી, આ કાર્યક્રમનો સજ્જડ વિરોધ થયો કારણકે ઝૂલુઓ માને છે કે તેમનો મળ અને અન્ય શારીરિક બગાડ (કચરો)નો ઉપયોગ તેમને નુકસાન કરવા માટે મેલીવિદ્યા (જાદુટોણા)ના સાધન તરીકે થઈ શકે.

રિચાર્ડ આદમ્સ (૧૯૫૫ : ૪૬૬-૬૭) પણ તેના ગ્વાટેમાલાના ગામડાંના અભ્યાસમાં એક દાખલો ટાંકે છે. અહીંના લોકો માને છે કે લોહી એક 'શાન્ત' પદાર્થ છે જે પુનઃઉત્પન્ન થઈ શકતો નથી અને તેમાં 'નવી ઉત્પત્તિ' થવાની કોઈ તક નથી. તેઓ માને છે કે કોઈ માણસને ઘા પડવાથી કે માંદગીના કારણે લોહીની ઘટ પડે તો તેની પ્રતિકાર શક્તિ કાયમ માટે ઘટી જાય છે. આથી બાળકોના સ્વાસ્થ્યના સર્વેક્ષણ માટે ડોક્ટરોને બાળકોના લોહીનો નમૂનો લેવો પડે તેમાં તેઓ સફળ થયા નહીં. લોકો એ વાત સમજી જ શક્યા નહીં કે ગુમાવેલું લોહી સ્વાસ્થ્ય કેવી રીતે સુધારી શકે.

મેકક્રેકન (૧૯૭૧) હાથ ધરેલો ગ્વાટેમાલા અને કોલમ્બિયાનાં ગામડાંનો અભ્યાસ દર્શાવે છે કે દૂધ કે જે પ્રાદ્યોગિક રીતે આગળ વધેલા સમાજોમાં યોગ્ય પોષણ માટે અનિવાર્ય ગણાય છે તેને તેઓ ઉદાસીન ભાવે જોતા અને તેને લોહી કે પેશાબ જેટલું જ મહત્ત્વ આપતા અને તેથી તેમનો સ્વાસ્થ્ય વિષયક દરજ્જો સુધારવા માટે તેમને દૂધનો પાવડર આપવાનો કાર્યક્રમ બહુ જ ઓછો/બિલકુલ સફળ થયો નહીં. લોકોએ દૂધનો પાવડર લીધો ખરો પણ તેને ખોરાકમાં વાપરવાને બદલે તેનાથી પોતાની ઝૂંપડીઓ ધોળવા લાગ્યા. આમ આદિવાસી/ ગ્રામ્ય પ્રજાને માત્ર આયાતી ખોરાક પૂરો પાડવો તે પૂરતું નથી, પણ પ્રજાજનો તેને સ્વીકારે (અપનાવે) તે જ તેમનો સ્વાસ્થ્ય દરજ્જો સુધારવાની ચાવી છે.

માનવનું વર્તન સમજવા માટે વિવિધ સંસ્કૃતિઓ (સંસ્કારો, રહેણીકરણી)માં રોગો અને સ્વાસ્થ્ય સંબંધી તે તળપદી માન્યતાઓ અને આચરણો છે તેના અભ્યાસનું ઘણું જ મહત્ત્વ છે. કુર્લાન જે.સી. અને ત્રિભુવન રોબિન (૧૯૯૦ : ૨૨૫) સહ્યાદ્રિના ધંધાદારી ડોકટરોના તેમના અભ્યાસમાં નોંધે છે કે, ઠાકુરો અને કાતકરીઓ અને મહાદેવ કોળીઓની કોમોમાં ૯૯ ટકાથી પણ વધુ પ્રસુતિઓ ઘર આંગણે જ કરાવવામાં આવતી. પ્રસુતિ માટે ઘરને જ સ્થળ તરીકે એટલા માટે વધારે પસંદ કરવામાં આવતુ કે જેથી કેટલાય લોકો

ચાહે છે તેવી રૂઢિઓ અમલમાં મૂકવાની હોય. દા.ત. જે ઓર (મેલી) અને નાળ હોય તે ઝૂંપડા બહારની પશ્ચિમની દીવાલની બહાર દાટવાના હોય, માતાને બાળકને પાંચ દિવસ નવરાવવાનાં હોય અને તેમાં શુકનની રીતે અમુક જ દિશા નક્કી હોય. બાળકને માતાને ધરાવવાનું (અર્પણ કરવાનું, ખોળામાં દેવાનું) હોય અને એવું બીજું બધું ઘણું કરવાનું હોય.  મહિલાઓ, દાયણ (સૂયાણી) અને પ્રસૂતા માતા વગેરે તમામ અને કુટુંબના સભ્યો આ વિધિમાં ભાગ લે છે. આ વિધિમાં ભાગ લેવાનું અને વિધિ પૂરી કરવાનું તેમના સંસ્કારમાં અતિશય મહત્ત્વનું ગણાય છે.

સ્વાસ્થ્ય પ્રશિક્ષકો ઘણીવાર સ્વાસ્થ્ય વિષયક વર્તણૂંક સાથે લોકો જે સાંસ્કૃતિક અર્થ જોડે છે તે સમજવાનું ચૂકી જાય છે. લોકો જે રીતે વર્તે છે તેઓ શું કામ એવી રીતે વર્તે છે તે સમજવાના પ્રયત્નો થવા જોઈએ. લોકોના દ્રષ્ટિકોણથી લોકસમૂહની દવા (ઘરવૈદું) નો ઊંડાણપૂર્વક અભ્યાસ સાંસ્કૃતિક પ્રતીકો અને અર્થો અને તેમનો સંસ્કૃતિ સાથેનો સમન્વય સમજવામાં સહાયભૂત થશે. વળી આ અભ્યાસ જેમાં વિરોધનો સામનો કરવો પડે છે તેનાં કારણો સમજવામાં તેમજ આધુનિક વૈદકીય કાર્યક્રમોના અસ્વીકારનાં કારણો પણ સમજવામાં સહાયભૂત થશે. વળી સ્થાનિક લોકોના દૃષ્ટિબિંદુ અને સ્વાસ્થ્ય અને બીમારી વિષેના તેમના ખ્યાલો અને સ્વાસ્થ્ય જમાવવા અને બીમારીનો ઉપચાર કરવામાં તેમની સ્થાનિક સંસ્કૃતિએ અદા કરેલી ભૂમિકા પણ આનાથી સમજવાનું શક્ય બનશે. માનવવિજ્ઞાન સંબંધિત ઔષધ વિષેની નૃવંશશાસ્ત્રીય વિગતો (માહિતી) દસ્તાવેજો લોકોનું સ્વાસ્થ્ય સમજવામાં અને આનુષંગિક માન્યતાઓ સમજવામાં સાધનરૂપ છે.

પ્રશિક્ષક માટે એ અનિવાર્ય જરૂરિયાત છે કે તે તળપદી વૈદકીય પદ્ધતિનું જ્ઞાન મેળવે કે જેથી ઉપચારશાસ્ત્રીય પ્રક્રિયા બદલવાને બદલે તે તેમનાં મૂલ્યો, ટેવો, માન્યતાઓ અને આચાર સંહિતામાં ઘટતા સુધારા વધારા કરી શકે. આ બાબતમાં એક ચીની કહેવત બરાબર બંધ બેસતી છે. તેમાં કહ્યું છે કે ''લોકોની શોધ કરો, તેઓ જે જાણે છે તેનાથી શરૂઆત કરો અને તેમની પાસે  જે છે તેના ઉપર મદાર બાંધો'' (આગળ વધો) સ્વાસ્થ્ય શિક્ષકો માટે આ સૂત્ર માર્ગદર્શક હોવું જોઈએ. ફ્રોસ્ટ જયોર્જ (૧૯૬૨) અને પોલે (૧૯૫૫) દર્શાવ્યું છે કે મદદ આપનાર અને મદદ મેળવનાર બંને પક્ષની સંસ્કૃતિની વિસંગતતાએ અસરકારક અને સાર્થક વ્યવહાર (વિચારવિમર્શ) અને શિક્ષણ  આડે વિઘ્નો  ઊભાં કરે છે.

એ વસ્તુ હવે સમજાઈ ગઈ છે કે સ્વાસ્થ્ય એ માત્ર જૈવ-ઔષધ વિજ્ઞાનની સમસ્યા નથી, પણ તેના ઉપર વિવિધ સામાજિક, સાંસ્કૃતિક, મનોવિજ્ઞાનિક અને રાજકીય પરિબળોનો પ્રભાવ પડતો હોય છે. માનવવિજ્ઞાન ઔષધનો અભ્યાસ આ પરિબળો અને આનુષંગિક વર્તનરાહોને ઓળખવામાં સહાયરૂપ નીવડે છે.

આ અભ્યાસ સ્વાસ્થ્ય સંભાળ કાર્યક્રમો ઘડતી વખતે લોકોના સ્વાસ્થ્યમાં અભિવૃદ્ધિ કરે તેવાં કેટલાંક પાસાંઓ ઉપર ભાર મૂકવામાં મદદ કરશે. આ અભ્યાસ ડાંગી ભીલોના રોગના કારણ અને ઉત્પત્તિ સાથે જે વિવિધ અર્થો અને પ્રતીકો (ચિહ્નો) જોડે છે તેની આંટીઘૂંટી ઉકેલવામાં મદદગાર થશે તેમજ ભૌતિક પ્રતીકવાદ,

શરીર વિજ્ઞાન, ઔષધ ઉપચાર પદ્ધતિ અને લોકાચારવિધિથી રોગમુક્તિને સ્થાનિક દષ્ટિકોણથી જોવાની દષ્ટિ આપશે. તે સ્વાસ્થ્ય અને બીમારીને લગતી સામાજિક-સાંસ્કૃતિક માન્યતાઓ અને આચરણોનું સંપૂર્ણ સર્વાંગીણ ચિત્ર રજૂ કરશે.

હવે જો પ્રાયોગિક (વ્યવહાર અથવા આચરણ, અમલની) દષ્ટિએ જોઈએ તો આ સંશોધન એવું દર્શાવવાનો ધ્યેય રાખે છે કે સામાજિક જીવનમાં સ્વાસ્થ્ય સંભાળ, શિક્ષણ અને વિકાસના લક્ષ્યાજૂથ વસતી/ લાભાર્થીઓ/સંસ્કૃતિ દ્વારા જે વિરોધ દર્શાવવામાં આવે છે કે માણસો ધારી લે છે તેમ તે અજ્ઞાન કે વહેમજન્ય નથી.

આ અભ્યાસ એ વસ્તુ ઉપર ભાર મૂકવા માગે છે કે આદિવાસીઓ જે દુનિયામાં રહે છે તેને લગતા ઊંડા અને વખતો વખત મૂળભૂત રીતે જુદા જુદા ખ્યાલો એમની એવી અર્થ (ઘટન) વ્યવસ્થામાંથી ઉત્પન્ન થયા છે કે તેમને તેમની પોતાની અર્થઘટન પદ્ધતિના માળખામાં પોતાના નહીં એવા સ્વરૂપોને એકબીજા સાથે બંધબેસતા (અનુકૂળ) થતાં રોકે છે. આ અભ્યાસ આદિવાસી અને ગ્રામ્યપ્રજા માટે યથોચિત સ્વાસ્થ્યનીતિ ઘડવામાં સહાયક સાબિત થશે, તે સ્વાસ્થ્ય સંચાલન (વહીવટ) અને નીતિના ઘડવૈયાઓને એવા સ્વાસ્થ્ય સંભાળ કાર્યક્રમો અને સ્વાસ્થ્ય શિક્ષણનું  આયોજન કરવા, અમલ કરવા અને અનુસરવામાં સહાયભૂત થશે કે જે આદિવાસી અને ગ્રામ્યપ્રજાને તેમના આરોગ્યની ગુણવત્તા (કક્ષા)  સુધારવા માટે સાંસ્કૃતિક રીતે સ્વીકાર્ય હોય. આનાથી ભવિષ્યમાં ''વિશ્વ આરોગ્ય સંસ્થા''નું ''તમામ માટે સ્વાસ્થ્ય''નું લક્ષ્યસિદ્ધ કરી શકાય.

અગાઉ થયેલા અભ્યાસો રોગ, આરોગ્ય અને ઉપચાર સાથે સાંસ્કૃતિક બાબતોને સાંકળવાના પ્રયત્નો આ પ્રકરણમાં જોયા. આ પ્રકારના પ્રયત્ન ગુજરાતની આદિજાતિઓ માટે થયેલા જોવા મળતા નથી. કોઈપણ આદિજાતિના સમગ્ર જીવનચક્રને સમાવી લેતા અભ્યાસો ગુજરાતમાં થયા છે, તેમાંથી ઘણા અભ્યાસીઓએ સ્વાસ્થ્ય ને એક અગત્યના ભાગરૂપે જોયું છે. પરંતુ સંસ્કૃતિ સાથે તેનો સંબંધ પ્રસ્થાપિત કરવાના થયેલ પ્રયત્નો બહુ જાણવા મળતા નથી. સંશોધનકર્તાએ અહીં ડાંગ જિલ્લામાં વસતા ડાંગી ભીલ જનજાતિનો અભ્યાસ કરી, રોગ, આરોગ્ય અને ઉપચારનો સંસ્કૃતિ સાથેના સહસંબંધ અંગે અભ્યાસ કરવાનો પસંદ કર્યો છે.

# પ્રકરણ – ૨

# અભ્યાસના હેતુઓ અને સંશોધન પધ્ધતિ

**પ્રસ્તાવના :**

રાષ્ટ્રની સાચી પ્રગતિ રાષ્ટ્રની પ્રાકૃતિક સંપદાઓ પર કે ફક્ત રાષ્ટ્રના ભૌતિક વિકાસ જેવા કે કારખાનાંઓ, ખાણો, ઉદ્યોગો પર આંકી શકાય નહી, પરંતુ રાષ્ટ્રની સ્વસ્થ માનવસંપદા પર જ આંકી શકાય. સમગ્ર વિકાસના કેન્દ્રમાં માનવ અતિ અગત્યનો છે. તેથી જ People centered development નો ખ્યાલ વિકસ્યો છે. વિપુલ પ્રાકૃતિક અને ભૌતિક સંપદા હોવાથી રાષ્ટ્ર સુવિકસિત ન બની શકે. આ સંપદા અને સંપત્તિનો ઉપયોગ કરનાર વર્ગ સ્વસ્થ્ય અને તંદુરસ્ત હોય, તો જ તેનો અર્થ રહે છે. આથી આંતરરાષ્ટ્રીય માનવ વિકાસ અહેવાલો માનવીય વિકાસના માપનમાં માનવ સ્વાસ્થ્યને એક અગત્યનો મુદ્દો ગણે છે. ૧૯૭૮ની આલ્મા-આલ્ટા પરિષદમાં આરોગ્યને મૂળભૂત માનવ અધિકાર ગણવામાં આવ્યો હતો અને કહેવામાં આવ્યું હતું કે વિકસતા રાષ્ટ્રોમાં આરોગ્ય એ રાષ્ટ્રને લગતી ખાસ બાબત છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO - World Health Organisation) પોતાના 1948 ના વાર્ષિક રિપોર્ટમાં સ્વાસ્થ્યની વ્યાખ્યામાં કહે છે કે ‘‘સ્વાસ્થ્ય ભૌતિક, માનસિક અને સામાજિક કુશળતાની એ પૂર્વદશાની સ્થિતિ છે; જેમાં વ્યક્તિ સ્વસ્થ્ય રહે છે. આ સ્થિતિ કેળવવી એની માત્ર રોગોની અનુપસ્થિતિ સાથે જ સંબંધિત નથી.’’ આમ, સ્વાસ્થ્ય એ માનવ જીવનના દરેક પાસાની સાનુકૂળતાને કહીં શકાય તેવુ આ વ્યાખ્યા સ્પષ્ટ કરે છે. સમાજને આ સ્થિતિમાં હંમેશ માટે ટકાવી રાખવા ભારત સરકારે ઘણા પ્રયત્નો કર્યા છે, બંધારણની કલમ ૪૭માં જણાવાયું છે કે ‘‘રાજય એ માટે બંધાયેલ છે કે તેમાં વસતા લોકોનું પોષણ સ્તર વધે અને તેમનું જીવન ધોરણ ઉન્નત થાય અને જન આરોગ્યમાં સુધારો થાય તે રાજયની પ્રાથમિક ફરજ છે.’’ આ ઉપરાંત જવાબદારીઓની યાદીમાં નીચેની વસ્તુઓ પણ સમાવવામાં આવી છે. આર્થિક અને સામાજિક આયોજન, કુટુંબ કલ્યાણ, સામાજિક કલ્યાણ, મજૂર કલ્યાણ, તબીબી શિક્ષણ, ચેપી રોગો માટે અટકાયાત્મક ઉપાય અને ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અટકાયત વગેરે.

૧૯૭૫-‘૮૦ અને ‘૮૫માં સામાજિક- આર્થિક વિકાસની સાચી તરેહને પહોંચવા ૨૦ મુદ્દાનો કાર્યક્રમ ચાલુ કરવામાં આવ્યો. સહુના માટે આરોગ્ય અને ચેપીરોગો જેવા કે ક્ષયની અટકાયત જેવા મુદ્દાને ૨૦ મુદ્દાના કાર્યક્રમમાં સમાવવામાં આવ્યા હતા. ૧૯૮૩ની અંદર રાષ્ટ્રીય સ્વાસ્થ્ય નીતિ ઘડવામાં આવી. જેમાં રાજકીય અને વહીવટી પ્રતિબધ્ધતા દર્શાવી સન ૨૦૦૦ સુધીમાં સહુને આરોગ્યની સુખાકારી મળે તેવું નક્કી કરવામાં આવ્યું. ૧.૨% ના ચોખ્ખા વૃધ્ધિ દરને પહોંચવાનું તેમનું ધ્યેય હતું. બાળ મૃત્યુદરને ૬૦થી નીચે લાવવો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને બહુલક્ષી આરોગ્ય કાર્યકરોને માધ્યમથી સુગ્રથિત આરોગ્ય સેવાઓ, અને વૈશ્વિક ટીકાકરણ કાર્યક્રમમાં નવજાત શિશુઓને ક્ષય, ડિફ્થેરિયા, ઉટાટીયું (Whooping cough) ધનુર, પોલિયો અને અછબડા (measles) થી રક્ષવા ઉપરાંત આરોગ્ય શિક્ષણ દ્વારા સમુદાયની ભાગીદારીની કલ્પના કરવામાં

આવી, ન્યુનતમ જરૂરિયાત કાર્યક્રમ દ્વારા પોષણજન્ય આહાર અને જળવ્યવસ્થા અને આ બધા કાર્યક્રમોમાં ઈચ્છિત પરિણામો મેળવવા આરોગ્યનું કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓને આ કાર્યક્રમોમાં જોડવામાં આવી.

આમ, આરોગ્ય અને ચિકિત્સા સેવાઓનો પાયો સુદઢ બનાવવા રાષ્ટ્રીય સ્વાસ્થ્યનીતિ ઘડવામાં આવી તેમ કહીં શકાય.

આ કાર્યક્રમો દ્વારા વ્યાપ્ત બાળ મૃત્યુદર ૬૦ (દર ૧૦૦૦ જીવિત જન્મ ૫૨ - ૨૦૦૨) સુધી નીચે આવ્યો છે, સરેરાશ આયુષ્ય મર્યાદા વધી છે; જન્મદર ૨૪.૬ (દર ૧૦૦૦ વ્યક્તિએ ૨૦૦૨) સુધી નીચો ઊતર્યો છે. (ગુજરાત) (SRS Bulleting, brought out by R. G. India, New Delhi)

આ સિદ્ધિઓ મળી હોવા છતાં પણ ગ્રામીણ અને આદિવાસી વિસ્તારમાં અનેક ભૌતિક સેવાઓ પ્રભાવી ઢંગથી પહોંચી નથી, અને તેઓથી આ સેવાઓનો કાર્યક્ષમ ઉપયોગ જોઈતા પ્રમાણમાં નથી કરાતો; તે હકીકત છે. આ હકીકતને સમજવા માટે રાજય તરફથી થતા આરોગ્ય માટેના પ્રયત્નો, ગોઠવાયેલું સ્વાસ્થ્ય સેવાનું માળખું ઉપરાંત સમજવા જેવી બાબત તે લોકોની સામાજિક-સાંસ્કૃતિક અને પર્યાવરણીય માન્યતાઓ રૂઢિઓ, વ્યવહારો છે. શહેરી સમુદાયની સરખામણીમાં ગ્રામીણ અને આદિવાસી સમુદાયોમાં આરોગ્ય-રોગ અને માંદગીના ખ્યાલમાં સંતોષજનક પરિવર્તન આવ્યું નથી, કારણ કે ૫૯ વર્ષની આઝાદી પછી પણ શિક્ષણના અભાવે, માળખાકીય સુવિધા પૂરતા પ્રમાણમાં ન હોવાના કારણે સામાજિક-સાંસ્કૃતિક માન્યતાઓમાં કોઈ આમૂલ પરિવર્તન આપણે લાવી શક્યા નથી.

આદિવાસી સમાજના સંદર્ભમાં સ્વાસ્થ્ય અને સંસ્કૃતિના સહસંબંધને સમજવા ઘણા સમાજશાસ્ત્રીઓએ પ્રયત્ન કરેલ છે, પરંતુ સમાજશાસ્ત્રીઓનો અભ્યાસ/સંશોધન સંશોધિત સામાજિક સમસ્યાને ઉજાસ સુધી લાવવા પૂરતા સીમિત હોય છે. સમાજશાસ્ત્રીઓ આરોગ્ય અને સંસ્કૃતિ સંબંધે આરોગ્યને પોષક-અવરોધક માન્યતાઓ, મૂલ્યો, રૂઢિઓ તરફ અંગુલી-નિર્દેશ માત્ર કરે છે. અહીં સમાજકાર્યના સંશોધક તરીકે, વિદ્યાર્થી સંશોધનકર્તાએ આરોગ્યને હકારાત્મક બનાવવા માટેના દરમ્યાનગીરીના પ્રયત્નોનું ક્રિયાત્મક આયોજન આપવાના ઉદ્દેશ્યથી આ વિષય પસંદ કર્યો છે.

અભ્યાસના નક્કી કરેલ ઉદ્દેશ્યો જોઈએ તો.

- **સંશોધનના ઉદ્દેશ્ય / હેતુ :**

આદિવાસી સંસ્કૃતિ અને સ્વાસ્થ્યના સહસંબંધનો અભ્યાસ પ્રયોજવા પાછળના ઉદ્દેશ્યો નીચે મુજબ નક્કી કરી અભ્યાસ કરવામાં આવ્યો છે.

૧. આદિવાસીઓની સામાજિક - આર્થિક અને સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિની જાણકારી મેળવવી.

૨. આદિવાસીઓની સ્વાસ્થ્ય સંબંધી ટેવો અને રોગ માંદગી વિષયક તેના મૂળકારણ સંબંધી સામાજિક-સાંસ્કૃતિક માન્યતાઓનો અભ્યાસ કરવો.

૩. આદિવાસીઓમાં પ્રવર્તમાન આરોગ્ય અને પોષણને પોષતી અને અવરોધતી સાંસ્કૃતિક - સામાજિક માન્યતાઓ પરંપરાઓનો અભ્યાસ કરવો.

૪. આદિવાસી સમુદાયમાં પરંપરાગત અને આધુનિક સારવાર પધ્ધતિની પ્રભાવિતા અને તેના કારણો જાણવા અને તે અંગે તેઓના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.

૫. આરોગ્ય સુધારની દૃષ્ટિએ આરોગ્ય સેવાને વધારે અસરકારક બનાવવા માટેનું કાર્યાત્મક આયોજન સ્થાનિક સંસાધનો અને સંસ્કૃતિને અનુલક્ષીને તૈયાર કરવું.

- **ઉત્કલ્પના :**

સંશોધન વિષય પર સંશોધકે પોતાના જ્ઞાનની મર્યાદામાં જે ઉત્કલ્પનાઓ રચી છે, અને તેની ચકાસણી આ સંશોધન દ્વારા કરવા ધારી છે, તે ઉત્કલ્પનાઓ અત્રે રજૂ કરી છે.

૧. આદિવાસીઓ શૈક્ષણિક અને આર્થિક રીતે ઘણા પછાત હશે.

૨. આદિવાસી સંસ્કૃતિમાં સ્વાસ્થ્યના દૈવી ચાલકો હોય છે, અને રોગના કારણોમાં જૈવિક કારકો કરતા મુખ્ય અલૌકિક કારકો હોય છે તેવી માન્યતા હશે.

૩. આદિવાસી સમાજની સામાજિક - સાંસ્કૃતિક માન્યતાઓ અને રૂઢિચુસ્તતા તેમની માંદગી માટે જવાબદાર હશે.

૪. આદિવાસીઓમાં સ્વાસ્થ્યને હાનિકારક એવા સામાજિક રીત-રિવાજો તથા દિનચર્યા સાથે સમાયેલા વ્યસનોની કુટેવો હશે.

૫. આદિવાસીઓ રોગની સારવાર માટેની સરકારી આરોગ્ય સેવાઓના બદલે સ્થાનિક પરંપરાગત સારવાર પધ્ધતિ તથા વાનસ્પતિક જડીબુટ્ટીઓમાં વધારે શ્રધ્ધા રાખતા હશે.

૬. ઊંડાણના ગામોમાં આરોગ્ય અને ઉપચારલક્ષી વલણો પરંપરાગત અને રૂઢિવાદી હશે.

- **અભ્યાસની પ્રકૃતિ તથા વ્યાપ :**

આદિવાસી સમાજના સંદર્ભમાં સ્વાસ્થ્ય અને સંસ્કૃતિના સંબંધને જોવાનો અત્યાર સુધીમાં સમાજશાસ્ત્ર - સમાજમાનવશાસ્ત્રના અભ્યાસોમાં પ્રયત્ન થયો છે. પરંતુ સમાજકાર્યના આ દૃષ્ટિબિંદુથી આ પ્રકારના અભ્યાસો થયેલ જોવા મળતા નથી, સમાજશાસ્ત્રી - સમાજમાનવશાસ્ત્રીઓ અભ્યાસોના તારણો અંગે વિચાર કરે છે, પરંતુ તે અંગે ક્રિયાત્મક આયોજનની વાત કરતા નથી. જ્યારે સમાજકાર્ય સંશોધનમાં સંશોધક આરોગ્યની સમસ્યાઓના મૂળ સામાજિક સાંસ્કૃતિક અને પર્યાવરણીય કારણોની જાણકારી પ્રાપ્ત કર્યા પછી, રોગો માટે જવાબદાર માન્યતાઓ / પરિબળો માટે નિવારણાત્મક આયોજન

વડે પરિવર્તન લાવવા માટે કાર્યક્રમોનું નિર્માણ પણ કરે છે. જેનાથી સમુદાયના લોકો રોગની યોગ્ય સારવાર પધ્ધતિનું અનુસરણ કરી, હકારાત્મક આરોગ્ય માટે પ્રયત્નશીલ બને; તેવું વિચારી સંશોધકે સંસ્કૃતિ અને આરોગ્ય વિષયક વ્યવહારો વચ્ચેના સંબંધોને સમજવાના પ્રયાસ પૂરતો આ અભ્યાસ સીમિત કરેલ છે.

- **અભ્યાસ પધ્ધતિ :**

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રકાર્યથી એકત્રિત કરાયેલ માહિતી પર આધારિત છે. અભ્યાસની સૈધ્ધાંતિક બાબતોના ઘડતર માટે અગાઉ આ ક્ષેત્રમાં થયેલ અભ્યાસોનો આધાર લેવામાં આવ્યો છે. ડાંગ જિલ્લાના ભીલ, જે ગુજરાત રાજયની જનજાતિની એક પેટા જાતિ છે. તેના ૧૨ અલગ - અલગ ગામોમાંથી ૩૬૦ ઉત્તરદાતાઓ પાસેથી માહિતી એકત્ર કરવામાં આવી છે. આ ઉપરાંત તે સમાજના આગેવાનો, પરંપરાગત ચિકિત્સકો અને ભૂવા/ભગતની મુલાકાત લઈને રોગનાં કારણો અને સારવારની પધ્ધતિ અંગે ગુણાત્મક માહિતી એકત્ર કરવામાં આવી છે. સમગ્ર માહિતીને ગામોના અંતરના આધાર પર (૧) નજીકના ગામો (૨) મધ્યમદૂરીનાં ગામો અને (૩) દૂરનાં ગામો, એમ ત્રણ ચલ પર વિશ્લેષિત કરી છે જેની સમજણ હવેના મુદ્દામાં વિગતે દર્શાવી છે.

- **અભ્યાસ વિશ્વ અને નમૂના પસંદગી :**

ગુજરાત રાજયમાં ૨૫ અનુસૂચિત જનજાતિની સઘન વસતિ રાજયની પૂર્વપટ્ટીના ૧૧ જિલ્લામાં આવેલી છે. રાજયની કુલ ૭૪,૮૧,૧૬૦ની વસતિમાંથી ૭૪.૨૯% વસતિ આ ૧૧ જિલ્લાઓમાં છે. અનુસૂચિત જનજાતિ પૈકી સૌથી મોટુ જૂથ તે ભીલનું છે. (લગભગ ૪૦% ૧૯૯૧ની વસતિ ગણતરી મુજબ) સંશોધનકર્તાએ આ ભીલોમાં સૌથી પછાત ગણાતું ડાંગી ભીલોનું જૂથ અભ્યાસ માટે પસંદ કરેલ છે. તેની પાછળનાં મુખ્ય કારણો જોઈએ તો ડાંગ જિલ્લાનું વિશિષ્ટ સ્થાન, જિલ્લાની કુલ વસતિમાં ૯૪% આદિવાસીઓ, ડાંગમાં ભીલોનું રાજવી તરીકેનું સ્થાન અને પૂર્વ અનુભવોથી સંશોધકનું ડાંગી ભીલોની રૂઢિચુસ્તતા અને અભૌતિક શક્તિઓથી અતિ પ્રભાવિત હોવા વિશેની માહિતી છે.

ડાંગમાં વસતી ભીલ જનજાતિ પુરતો આ અભ્યાસ મર્યાદિત કરવામાં આવ્યો છે, સમય, નાણાં અને શક્તિની મર્યાદાને ધ્યાનમાં લઈ સંશોધનકર્તાએ પોતાના છેલ્લા ૧૨ વર્ષના આદિવાસી વિસ્તાર/ સમાજ સાથેના અનુબંધથી મેળવેલ જ્ઞાન/માહિતી આ અભ્યાસને મર્યાદિત બનાવવામાં નિયોજી છે.

ડાંગના કુલ ૩૧૦ ગામ અને એક પેટાપરા એમ કુલ ૩૧૧ ગામો છે, જેમાં દરેક ગામમાં અનુસૂચિત જનજાતિની સઘન વસતિ છે. આહવા જે ડાંગ જિલ્લાનું મુખ્ય મથક છે ત્યાં આરોગ્ય વિષયક સુવિધાઓ, બજાર વ્યવસ્થા, જિલ્લાની કચેરીઓ, સંચાર માધ્યમો, શૈક્ષણિક સુવિધાઓ અને વાહનવ્યવહાર જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. આ સ્થળથી ૧૦ કિ.મી.થી ૨૦ કિ.મી. અંતર સુધીના (૧) દેવદહાડ

(૨) ગાયખાસ (૩) લીંગા (૪) વાસુર્ણા ગામો ૨૧ કિ.મી થી ૩૦ કિ.મી. અંતર સુધીના (૧) અંજનકુંડ (૨) ચીંચપાડા (ગલકુંડ સેજા) (૩) કોસંબીયા (૪) ગાઢવી ગામો અને ૩૧ કિ.મી.થી વધારે અંતર ધરાવતા (૧) ભૂજાડ (૨) દહેર (૩) ગીરમાળ (૪) પીંપરી ગામોને અભ્યાસ માટે પસંદ કરવામાં આવ્યા છે. ગામનું અંતર સુવિધાથી લબ્ધ ક્ષેત્ર (આહવા) જેટલું નજીક તેટલી વધારે સુલભતાથી તેઓ સુવિધાઓનો ઉપયોગ કરતા હશે અને તે ગામોમાં સુવિધા (પરિવર્તનના વાહકો)ને કારણે અન્ય ગામો કરતાં આરોગ્ય વ્યવહારોમાં અભૌતિક તત્ત્વો અને રૂઢિગત માન્યતાઓમાં ભિન્નતા જોવા મળતી હશે તે આધાર પર (૧) નજીકના ગામો (૧૦ થી ૨૦ કિ.મી.ના અંતર સુધીના) ૧. દેવદહાડ, ૨. ગાયખાસ, ૩. લીંગા ૪. વાસુર્ણા, (૨) મધ્યમદૂરીના ગામો (૨૧ થી ૩૦ કિ.મી.ના અંતર સુધીના) ૧. અંજનકુંડ, ૨. ચીંચપાડા (ગલકુંડ સેજા), ૩. કોસંબીયા, ૪. ગાઢવી, (૩) દૂરના ગામો (૩૧ કિ.મી. થી વધારે અંતરના) ૧. ભૂજાડ, ૨. દહેર, ૩. ગીરમાળ, ૪. પીંપરીને પસંદ કરવામાં આવ્યા.

આ ગામોને પસંદ કરવામાં ડાંગી ભીલોની વસતિને ધ્યાનમાં રાખી સઘન ભીલ વસતિવાળા ગામોનું અંતર ધ્યાનમાં રાખી સહેતુક પસંદ કર્યા છે. જેમાં (૧) ગાઢવી, (૨) લીંગા, (૩) વાસુર્ણા, (૪) દહેર, (૫) પીંપરી. આ પાંચ ડાંગના પૂર્વ ભીલ શાસકોના ગામ હોવાથી અને વસતિની સઘનતા હોવાથી અહીં તેઓના સાંસ્કૃતિક મૂલ્યો દ્રઢ છે તેવું પૂર્વ અભ્યાસ અને જાત અનુભવ (ડાંગના ભીલો ડૉ. સિ.સુ.સોલંકી ૧૯૮૨) પરથી, જાણી અંતરના આધારે અભ્યાસમાં સમાવ્યા છે.

માર્ગદર્શકશ્રી સાથે ચર્ચા કરી ૧૨ ગામોમાંથી ભીલ જનજાતિના ત્રીસ-ત્રીસ નિદર્શોને યદચ્છ નિદર્શન દ્વારા પસંદ કરવામાં આવ્યા છે. આ પસંદગી માટે સૌ પ્રથમ ભીલોની ગામવાર કુટુંબના વડાના નામ પ્રમાણે યાદી સ્થાનિક આગેવાનોની મદદથી સંશોધકે બનાવી. આ યાદીને ત્રીસ (નક્કી કરવામાં આવેલ ગામદીઠ નિદર્શ સંખ્યા) વડે ભાગી તે નંબરના કુટુંબને પસંદ કરવામાં આવ્યું હતું. આ કુટુંબમાં કુટુંબના વડા ન મળે તો તેના અન્ય વડીલ કે પુત્રને ઉત્તરદાતારૂપે સમાવવામાં આવ્યા હતા. આમ પસંદ કરવામાં આવેલ ગામોમાંથી કુલ ૩૬૦ નિદર્શોની સંશોધકે પસંદગી કરી હતી.

- **સંશોધન પ્રયુક્તિઓ :**

સંશોધનનો હેતુ સત્યની ખોજ કરવી, જ્ઞાન વિકસિત કરવું તે છે. કોઈપણ વિષયના વૈજ્ઞાનિક અભ્યાસ માટે વૈજ્ઞાનિક પધ્ધતિઓ મુજબ તેના પગલાંમાંથી સંશોધનકર્તાએ પસાર થવું પડે છે. પ્રસ્તુત અભ્યાસ માટે પ્રચલિત વૈજ્ઞાનિક પ્રયુક્તિઓ ઉપયોગ કરવામાં આવેલ છે. આ સંશોધન વિષયના અભ્યાસમાં ઉપયોગ કરેલ પ્રયુક્તિઓ નીચે મુજબ છે.

- **ગ્રંથાલય પ્રયુક્તિ :**

સંશોધન શરૂ કરતાં પહેલા પ્રસ્તુત અભ્યાસ અંગે પૂર્વધારણા સ્થાપિત કરવાની દિશામાં તેમજ વિષયની પસંદગી પૂર્વે તેમજ પસંદ કર્યા બાદ પણ વધુ ચકાસણી માટે સંદર્ભગ્રંથો, તપાસ નિબંધો સામાજિક સંશોધનના પુસ્તકો, સામયિકો, ઉપલબ્ધ લેખો, અહેવાલો આ ઉપરાંત જનજાતિઓની સંસ્કૃતિ, રોગનાં કારણો અને ઉપચારો અંગેની તેમની માન્યતાઓ, તેમનાં વિધિ-વિધાનો અને તેમના આરોગ્યના પ્રશ્નને વાચા આપતુ સાહિત્ય  વગેરેનો અભ્યાસ કરી વિષયના સંદર્ભમાં સ્પષ્ટતા પ્રાપ્ત કરવા પ્રયત્ન કરેલ છે. ઉપરાંત માહિતી - સંચારના શિલાલેખસમ નુતન ક્રાંતિ 'ઈન્ટરનેટ'ના ઉપયોગથી પણ ઘણી ઉપયોગી માહિતી મેળવી છે. આમ, ગ્રંથાલય પધ્ધતિ સંશોધકને સંશોધનકાર્યના પાયાથી લઈ સૈધ્ધાંતિક પરિપ્રેક્ષ્ય, પ્રકરણોની રચના અને તારણ નિષ્કર્ષ સુધીના દરેક પગથિયામાં  મદદરૂપ બની છે.

- **ચર્ચા વિચારણા પ્રયુક્તિઃ**

અભ્યાસના વિષયને લક્ષમાં રાખીને માર્ગદર્શક તથા અન્ય નિષ્ણાતો સાથે આદિવાસીઓમાં તથા ડાંગી ભીલોમાં રોગ, આરોગ્ય અને ઉપચાર સંબંધિત વિગતે ચર્ચા કરી હતી અને માર્ગદર્શકશ્રી સાથે આ વિષયનાં સંદર્ભમાં ચર્ચા કરી નિબંધને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું.

- **માહિતી એકત્રીકરણના સાધનો :**

**(અ) મુલાકાત અનુસૂચિતનું ઘડતર :**

સામાજિક સંશોધન માટે મુલાકાત અનુસૂચિ એ માહિતી પ્રાપ્ત કરવાની સચોટ પ્રયુક્તિ છે. આ અનુસૂચિની રચના કરતી વખતે સંશોધનના વિષયને અનુરૂપ રીતે અનુસૂચિને બે ભાગમાં વહેંચી નાંખવામાં આવેલ છે. પ્રથમ ભાગમાં ઉત્તરદાતાની કૌટુંબિક, આર્થિક અને સામાજિક સંરચનાની માહિતી સંદર્ભિત પ્રશ્નો હતા, આમાં ઉત્તરદાતાની ઉંમર, શિક્ષણ, વ્યવસાય, વૈવાહિક દરજ્જો, કુટુંબનો પ્રકાર, રહેઠાણમાંની સુવિધાઓ, આવક, ખર્ચ, દેવુ, બચત અને નાતપંચ, તેનાં કાર્યો વગેરે જેવા સામાજિક સંરચના વિષયક પ્રશ્નો પૂછવામાં આવ્યા છે.

મુલાકાત અનુસૂચિના બીજા ભાગમાં ઉત્તરદાતાની વ્યક્તિગત સ્વાસ્થ્ય, ખોરાક, પીણાં, માતૃ-બાળ આરોગ્ય અને રોગ,માંદગી માટેના જવાબદાર પરિબળોમાં સામાજિક - સાંસ્કૃતિક કારણો અને ઉપચારને લગતા વિધિ-વિધાનો, જન સામાન્યને થતા રોગો, તેના જવાબદાર કારણો ઉપચાર, ઉપચારમાં પરંપરાગત પધ્ધતિઓ (જેવી કે ધૂણવુ, દાણા નાંખવા, પૂજા કરવી, બલિ આપવો) સ્વાસ્થ્ય અવરોધક અને પોષક ટેવો, આધુનિક અને પરંપરાગત ચિકિત્સા પધ્ધતિઓનો પ્રભાવ અને આરોગ્ય સેવા સુધારણા અંગેના ઉત્તરદાતાઓના અભિપ્રાયોને લગતા પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### (બ) મુલાકાત અનુસૂચિની પૂર્વ ચકાસણી :

મુલાકાત અનુસૂચિની રચના કર્યા બાદ તેની ગુણવત્તા વધે તે હેતુથી અભ્યાસમાં પસંદ કરેલ ૧૨ ગામના બે-બે એમ કુલ ૨૪ ઉત્તરદાતાઓની પાસેથી માહિતી એકત્ર કરીને તેની પૂર્વ ચકાસણી કરવામાં આવી હતી. આવેલ માહિતીની માર્ગદર્શકશ્રી સાથે ચર્ચા કરી બિનજરૂરી પ્રશ્નોને કાઢી નાંખીને નવા જરૂરી એવા પ્રશ્નો ઉમેરીને મુલાકાત અનુસૂચિને આખરી સ્વરૂપ આપવામાં આવ્યું હતું.

### (ક) ક્ષેત્રકાર્યનું આયોજન તથા માહિતી એકત્રીકરણ :

સંશોધકે અભ્યાસ માટે પસંદ કરેલ ગામોની જુલાઈ ૨૦૦૫ થી માર્ચ ૨૦૦૬ સુધીમાં વારંવાર મુલાકાત લઈ માહિતી એકત્ર કરી હતી.

### (૧) મુલાકાત અનુસૂચિ :

સંશોધનકર્તાએ મુલાકાત અનુસૂચિ દ્વારા વિષય આનુષંગિક માહિતી એકત્ર કરી હતી. સ્થાનિક વ્યક્તિનો સહયોગ પ્રાપ્ત કરી, ઉત્તરદાતાના ફુરસદના સમયમાં સંશોધન વિષયની તેઓને સમજ આપી, તેમના મનની શંકા-કુશંકાનું નિવારણ કરી માહિતી એકત્ર કરવામાં તેઓનો સહયોગ પ્રાપ્ત કરવામાં આવ્યો હતો. માહિતીની સત્યતાની ખાતરી કરવા માટે ઉત્તરદાતા સાથે ચર્ચા-વિચારણા કરી સચોટ હકીકતોને પ્રાપ્ત કરવાનું સંશોધનકર્તાનું વલણ રહ્યું હતું. જરૂર લાગી ત્યાં સ્થાનિક રહીશ, આગેવાનનો ઉપયોગ કરી ઉત્તરદાતાની નજીક પહોંચવાનો પ્રયત્ન કરવામાં આવતો હતો.

### (૨) નિરીક્ષણ અને સહભાગી નિરીક્ષણ :

ઉત્તરદાતાઓની મુલાકાત લેતી વખતે, ચર્ચા કરતી વખતે તેમના હાવભાવ, વાણી-વર્તન અને તેઓની લાગણીઓનું નિરીક્ષણ કરી, તેની નોંધ કરવામાં આવી હતી. ઉપરાંત તેઓનું ઘર, રાચ-રચીલુ, પોષાક, ઉપકરણો વિશેની માહિતી નિરીક્ષણ દ્વારા મેળવવામાં આવી છે.

ડાંગી ભીલોના આગવા રીત-રિવાજો અને સંસ્કૃતિ છે. એટલે તે સમુદાયની ઊંડાણપૂર્વકની માહિતી મેળવવા માટે સમુદાયનો લાંબો સંપર્ક તથા વિવિધ પ્રસંગોએ સહભાગી થઈ શકાય તો ચોકસાઈભરી અને ખાતરીદાયક તથા સમાજના હાર્દ સમી કેટલીયે વિગતો પ્રાપ્ત થઈ શકે.

૧૯૯૩ થી સંશોધક આદિવાસીઓ વચ્ચે કામ કરતા હોઈ, તેઓના અનેક પ્રસંગોમાં તેમણે હાજરી આપી છે. આદિવાસીઓના જીવનનું જીણવટભર્યુ નિરીક્ષણ કરેલ છે. સંશોધકના આ આદિવાસી સમુદાય સાથેના ગાઢ પરિચયના લીધે, સમુદાયના મેળા, લગ્ન, ભૂવા ધૂણાવવા,

ખત્રી પૂજવી જેવા પ્રસંગોમાં ભાગ લેવામાં મુશ્કેલી ઊભી થઈ નથી. આ પ્રસંગોમાં ડાંગી ભીલો સાથે સહભાગી બની તેઓના અંતરંગ જીવનનો પરિચય સંશોધનકર્તા સારી રીતે મેળવી શક્યા છે. જેથી આ અભ્યાસમાં તેઓ ઘણી ઉપયોગી માહિતી મેળવી શકેલ છે.

- **માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન :**

મુલાકાત અનુસૂચિ દ્વારા મેળવેલ માહિતીનું ગામ પ્રમાણે માસ્ટર ચાર્ટમાં વર્ગીકરણ કરવામાં આવ્યું. ત્યારબાદ તે માહિતીનું કોષ્ટીકરણ ગામો પ્રમાણે વિશ્લેષીત કરી તેનું અર્થઘટન પ્રસ્તુત કરવામાં આવ્યું છે.

નિરીક્ષણ અને સહભાગી નિરીક્ષણ દ્વારા મેળવવામાં આવેલ માહિતીનો સંશોધનનું ગુણાત્મક પાસુ સુદૃઢ કરવામાં વિશેષતઃ ઉપયોગ કરવામાં આવેલ છે. તદ્‌ઉપરાંત મુલાકાત અનુસૂચિત દ્વારા મેળવેલ માહિતીનું પણ ગુણાત્મક - સંખ્યાત્મક પૃથક્કરણ કરી, ડાંગી ભીલ જનજાતિમાં આરોગ્ય, રોગ અને ઉપચારો વિષયક તેમનાં ખ્યાલો-વિધી-વિધાનોનું સ્પષ્ટીકરણ કરવામાં આવેલ છે.

- **ક્ષેત્રકાર્યમાં પડેલી મુશ્કેલીઓ :**

    - કોઈપણ સમાજની ધાર્મિક/સાંસ્કૃતિક બાબતો તેમનાં રિત-રિવાજો, ખ્યાલો, આચાર-વિચારો, વિધી-વિધાનો જેવા વ્યવહારોને સમાજ બહારનો વ્યક્તિ સમજવા પ્રયત્નશીલ બને ત્યારે તે માહિતી આપવામાં ઉત્તરદાતાઓ સતત ખચકાટ અનુભવતા હોય છે. પ્રસ્તુત અભ્યાસમાં પણ આ અનુભવ સંશોધનકર્તાએ કરેલ છે. 'અમારા આગેવાન કે ધાર્મિક વડા (ભૂવો) કહે તો જ માહિતી આપીશું', તેમ કહેતા ઉત્તરદાતાઓને સમજાવી સ્થાનિક સહયોગથી માહિતી મેળવવામાં આવી છે.
    - લગભગ બધા જ ઉત્તરદાતા ડાંગી બોલી જ જાણતા હોવાથી દુભાષિયાને સતત સાથે રાખવાની જરૂરિયાત રહેતી હતી; તેમજ ઉત્તરદાતાઓની વારંવાર મુલાકાત અને તેમની સાથે સંબંધ ઊભો કરી માહિતી લેતા માહિતી એકત્રીકરણમાં ઘણો સમય ગયો હતો.
    - પસંદ કરેલ અમુક ગામ પહોંચવું તેની ભૌગોલિક વિષમતાને કારણે ઘણું અઘરું બનતું હતું.
    - ઉત્તરદાતાઓને સતત સંશોધન વિષય પરત્વે સમજાવી જવાબો લેવા પડતા હતા.
    - આરોગ્ય સંબંધી અંગત જીવન વ્યવહારના પ્રશ્નો કે કુટુંબનિયોજન અને જાતિય બાબતોને છેડતા પ્રશ્નોના જવાબ લેવા ઘણા અઘરા બનતા હતા.
    - ઉત્તરદાતાઓ આ જવાબો આપવાથી અમને શો ફાયદો થશે ? ગેરફાયદો તો નહી થાય ને ? આ ભયમાં રહેતા હતા. તેમાંથી બહાર કાઢીને સાચી માહિતી આપવા માટે તૈયાર કરતાં ખૂબ જ સમયનો ભોગ આપવો પડતો હતો.

## પ્રકરણ આયોજન

### પ્રકરણ – ૧

### વિષય પ્રવેશ અને સંશોધન સમીક્ષા :

આ પ્રકરણમાં રોગ/આરોગ્યને સંસ્કૃતિના સંબંધોની છણાવટ કરવામાં આવી છે. આદિવાસી અને ગ્રામીણ સમાજમાં આરોગ્ય, રોગ, ઉપચાર વિષયક માન્યતાઓ અને સાંસ્કૃતિક તત્ત્વો વચ્ચેના સંબંધને સમજાવતા વૈશ્વિક અને ભારતીય સમાજશાસ્ત્રીઓ, સમાજમાનવશાસ્ત્રીઓના અભ્યાસોનું પુનઃઅવલોકન કરી, વિષયને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો છે, વિષયને આનુસંગિક સૈધ્યાંતિક પરિપ્રેક્ષ્ય અને અભ્યાસનું વ્યાજબી પણ અત્રે રજૂ કરવામાં આવેલ છે.

### પ્રકરણ – ૨

### અભ્યાસના હેતુઓ અને સંશોધન પધ્ધતિ

અભ્યાસ પ્રયોજન પાછળના સંશોધકના હેતુઓ, ઉત્કલ્પના રજૂ કરેલ છે. ઉપરાંત સંશોધનનું અભ્યાસ વિશ્વ, પ્રયોજેલ સંશોધન પધ્ધતિઓ, માહિતી એકત્રીકરણના સાધનોમાં મુલાકાત માર્ગદર્શિકાનું ઘડતર, પૂર્વ ચકાસણી, ક્ષેત્રકાર્ય, નિરીક્ષણ અને સહભાગી નિરીક્ષણ અને સંશોધન કાર્યમાં પડેલી મુશ્કેલીઓ; આ પ્રકરણમાં રજૂ કરવામાં આવ્યાં છે.

### પ્રકરણ – ૩

### પ્રદેશ- જાતિ પરિચય

પ્રસ્તુત પ્રકરણમાં આદિવાસી કોને કહે છે, ભારતની આદિવાસી વસતિ- ભીલોનો પરિચય અને ડાંગીભીલ જનજાતિના વસવાટનો પ્રદેશ અને અભ્યાસમાં પસંદ કરેલ ગામોનો પરિચય રજૂ કરવામાં આવેલ છે.

### પ્રકરણ – ૪

### ડાંગી ભીલોની રોગ આરોગ્ય મીમાંસા અને ધર્મ

આ પ્રકરણમાં ડાંગી ભીલોની રોગ અને આરોગ્ય વિશેની ધાર્મિક માન્યતાઓની રજૂઆત કરવામાં આવી છે. આ રજૂઆત ક્ષેત્રકાર્ય અને પૂર્વ અભ્યાસોના આધારે ગુણાત્મક રીતે કરેલ છે.

## પ્રકરણ – ૫

## ઉત્તરદાતાઓની સામાજિક–આર્થિક પૃષ્ઠભૂમિ

આ પ્રકરણમાં ઉત્તરદાતાની સામાજિક-આર્થિક પૃષ્ઠભૂમિ ક્ષેત્રકાર્યના આધારે રજૂ કરવામાં આવી છે. કુટુંબની આર્થિક સ્થિતિ, વ્યવસાય, શિક્ષણ, દેવુ-બચત, નાતપંચ જેવી અનેક સામાજિક-આર્થિક બાબતોની ક્ષેત્રકાર્યના આધાર પર અહીં ચર્ચા કરવામાં આવી છે.

## પ્રકરણ – ૬

## ઉત્તરદાતાઓનાં આરોગ્ય અને સંસ્કૃતિનો સહસંબંધ

ડાંગીભીલ સંસ્કૃતિમાં આરોગ્ય વિષયક ટેવો, ખ્યાલો અને વિધિ-વિધાનો તેમજ આરોગ્ય, રોગ અને ઉપચાર વિશેના તેમના વ્યવહારો અને ખ્યાલોનો ચિતાર આપી, આરોગ્ય સુધારણા માટેના ઉત્તરદાતાના સૂચનોનો અભ્યાસ આ પ્રકરણમાં ક્ષેત્રકાર્યના આધાર પર રજૂ કરવામાં આવ્યો છે.

## પ્રકરણ – ૭

## અભ્યાસનાં તારણો અને ક્રિયાત્મક પગલાંઓ

પ્રાપ્ત થયેલ માહિતીના વિશ્લેષણ પરથી તારવવામાં આવેલા તારણો અને આ અભ્યાસ અને અનુભવના આધાર પર સંશોધકે તૈયાર કરેલ ક્રિયાત્મક આયોજન અત્રે રજૂ કરાયેલ છે.

# પ્રકરણ – ૩

# પ્રદેશ અને જાતિપરિચય

**પ્રસ્તાવના :**

'સામુદાયિક વિકાસ આયોજનના એક ઉપયોગી સાધન તરીકે અર્વાચીન સમાજમાં સામાજિક સંશોધનના કામને વધુ ને વધુ પ્રમાણમાં સ્વીકૃતિ મળી છે. ગૃહનિર્માણ, વાહન વ્યવહાર, આરોગ્ય સુધાર અને પ્રસાર, શિક્ષણ અને બીજી જાહેર બાબતો અંગે કોઈપણ જાતની નીતિ નક્કી કરતાં પહેલાં તે બાબતો અંગેની સામાજિક, સાંસ્કૃતિક, પર્યાવરણીય, આર્થિક તેમજ માળખાકીય સુવિધા સંદર્ભિત જરૂરી માહિતી મેળવવી આવશ્યક ગણાય છે. માત્ર વહીવટકર્તાને જ આની સાથે સીધો સંબંધ નથી, સામાન્ય નાગરિકને પણ તેની સાથે સીધો સંબંધ છે. પરિસ્થિતિનું વાસ્તવિક મૂલ્યાંકન તેની જવાબદારી વિષે તેને સ્પષ્ટ માર્ગદર્શન આપે છે, અને સોનેરી ભૂતકાળ કે અદ્ભૂત ભાવિની ભ્રમણાઓમાંથી તેને બચાવી લે છે." (યાંગ શીનપાઓ - ૧૯૬૪ પાના-૨) ઉક્ત વિધાન વિકાસના આયોજનમાં સામાજિક સંશોધનનું મહત્ત્વ પ્રસ્થાપિત કરે છે. વાસ્તવદર્શી આયોજન એ વિકાસની પૂર્વશરત છે. આપણે આયોજનમાં ખાસ સફળતા મેળવી હોય તેમ જણાતું નથી. ભારતના કોમ્પ્ટોલર એન્ડ ઓડિટર જનરલના અહેવાલ (૧૯૯૬) માં જણાવાયું છે કે "૧૯૯૩ થી ૧૯૯૫ સુધીમાં આરોગ્ય ખાતાને ૧૬.૮૧ અબજ રૂપિયા વિવિધ રોગોને અંકુશમાં લેવાના કારણસર અપાયા હતા. આ નબળા જાહેર આરોગ્ય ધરાવતા દેશમાં પણ આરોગ્ય ખાતાએ માંડ ૧૨.૮૧ અબજ રૂપિયા ઉપયોગમાં લીધા હતા." (માહુરકર ઉદય, 'અભિયાન' માસિકમાં દર્શાવ્યા મુજબ ૧૯૯૭ પાન-૭) આ હકીકત એ આયોજનની ખામી દર્શાવે છે. વંચિત જૂથોના વિકાસની નવી તરહ અપનાવવાની જરૂરિયાત હવે દેખાય છે. 'આદિવાસી વિકાસનું સાચું વ્યાકરણ તેમની સંસ્કૃતિ છે.' (શાહ દિલીપ, ૧૯૯૪) આ વિધાન સ્પષ્ટ કરે છે કે સમાજની સંસ્કૃતિને સમજ્યા વગર આગળ વધી શકવું શક્ય નથી. કોઈપણ જ્ઞાતિ - સમુદાય કે ગ્રામની વૈજ્ઞાનિક તપાસ કરવાથી, તેની સમુહગત ખાસિયતો તેઓના આર્થિક - સામાજિક - ધાર્મિક વ્યવહારો - વિચારો જાણવા મળે છે, જે તેઓની સંસ્કૃતિને છતી કરે છે. વિકાસની પ્રક્રિયામાં આ જ્ઞાતિ - સમુદાય કે ગ્રામને જોડવા માટે તેઓની સંસ્કૃતિ અને વિકાસ કાર્યક્રમોના હેતુઓ વચ્ચેનો તાલમેલ ઘણો અગત્યનો છે. આથી કોઈ એક પ્રદેશ-જાતિ કે સમુદાયની સામાજિક - આર્થિક, સાંસ્કૃતિક, પર્યાવરણીય પૃષ્ઠભૂમિનો અભ્યાસ નીતિ નિર્ધારણ માટે અતિ મહત્વનો પુરવાર થાય છે.

આવા પ્રકારના અધ્યયનોમાં આદિમ સમાજોના અધ્યયનોનું એક વિશિષ્ટ સ્થાન છે, આદિમ સમાજોનું ઐતિહાસિક દૃષ્ટિએ ઘણું મહત્ત્વ છે. તેઓ ઈતિહાસની એવી કડીઓ છે જે અનેક વિચિત્રતાઓથી ભરેલ છે. તેની ઉપેક્ષા કરવાથી માનવસમાજ પોતાની પ્રાથમિક અવસ્થા વિષયક જ્ઞાનના મોટા કોષથી વંચિત રહી જશે અને જયારે આ સંસ્કૃતિ લુપ્ત થઈ જશે ત્યારે આપણા ઈતિહાસનું આપણને જ્ઞાન નહીં હોય. માનવ - સમાજને

સમજવામાં આદિમ - સમાજોના અધ્યયનો ખૂબ જ ઉપયોગી છે. આપણે માનવ - સમાજની બાબતમાં સાચો નિષ્કર્ષ ત્યારે જ કાઢી શકીએ જયારે આપણી પાસે બધા જ સમાજો વિષયક આવશ્યક જાણકારી હોય. આ બધા જ સમાજોમાં આદિમ - સમાજોનું સ્થાન વિશિષ્ટ છે, કારણ કે આધુનિક કહેવાતા સભ્ય સમાજો અને વિકસિત સમાજો આ સમાજમાંથી જ વિકસિત થયેલ છે. બીજી વાત એ છે કે આદિવાસીઓ બહુ સાદા, સરળ અને વિભિનતા રહિત હોય છે. તેથી તેઓનું અધ્યયન સરળ છે અને તે અધ્યયનના આધાર પર વધારે જટિલ અને વિશાળ સમાજોને સમજવા પણ આસાન બને છે. સરળ અને નાના આદિમ સમાજોના જ્ઞાનની સહાયતાથી અધિક વિકસિત સમાજોનું વિશ્લેષણ અને નિરૂપણ કરવામાં ઘણી સહાયતા મળે છે. આદિમ સમાજોના અધ્યયનનું મહત્ત્વ તેની અંતર્નિહિત માન્યતા અને મૂલ્યોના કારણે પણ ઘણું મહત્ત્વપૂર્ણ છે. આદિમ- સમાજ આ ધરતીના પ્રથમ સમાજોનું ચિત્ર પ્રસ્તુત કરે છે, આ આદિમ સમાજોમાં સભ્ય સમાજોના અતિતની છબી જોવા મળે છે. તેઓનું અધ્યયન એ અન્ય સમાજોના વીતેલા દિવસોનું અધ્યયન છે. (શ્રીમતી નારાયણ કુસુમ, ૧૯૭૧, પાન ૩૮ થી ૪૦)

આદિમ - સમાજોના અભ્યાસો પ્રવર્તમાન પરિસ્થિતિને સમજવાના પાયારૂપ છે, તેમ જોવા મળે છે. ભારતમાં આદિવાસીઓ દુર્ગમ વિસ્તારોમાં રહેતા હોવાથી આઝાદી પૂર્વે એ સ્થિતિ હતી કે તેઓની સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક સ્થિતિનો ખ્યાલ, નૃવંશ શાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ, સામાજિક કાર્યકરો અને મિશનરીઓ જ આપી શકે તેમ હતા, તે જોઈએ તો રોય શરતચંદ્ર - The Munda (1912) The Oraon (1915) , હટન જે.એચ. - Cast in India (1930) , મજમુદાર ડી.એન. - Tribe in transition (1937), એલ્વીન વેરીયર - The Baigas (1939) ઉપરાંત ૧૯૩૦માં સ્ટાર્ટ સમિતિ અને ૧૯૩૫માં સિમીંગ્ટન સમિતિએ આદિવાસી વિસ્તારોના અભ્યાસ કરી વિકાસ નીતિ નિર્ધારણને દિશા સૂચવી. એ જ રીતે આઝાદી બાદ વેરીયર એલ્વીને (૧૯૬૦) 'A Philosophy of NEFA' આપી ત્યાંની સામાજિક, આર્થિક, પર્યાવરણીય પૃષ્ઠભૂમિ સ્પષ્ટ કરી, ભારતના આદિવાસી વિકાસના કાર્યક્રમોને વેગ આપ્યો. આ ઉપરાંત નાયક ટી.બી. The Bhils (1956), દવે પી.સી. The Garasias (1960), શાહ પી.જી. The Dublas of Gujarat (1958), નાથ વાય.વી.એસ. The Bhils of Ratanmal (1960) વગેરે ઘણા અભ્યાસો મળ્યા જેણે એક જાતિનો સમગ્ર પરિચય આપી વિકાસ નીતિ નિર્ધારણમાં મદદ કરી તે જ રીતે અમુક સમાજશાસ્ત્રીઓએ ગ્રામ સમુદાયોના નખશિખ ચરિત્ર ચિત્રણ કરવાના પ્રયત્નો કર્યા છે. જેમાં શ્રીનિવાસ એમ.એન. Social Change in modern Indian (1966) સિંધ યોગેન્દ્ર - Modernization of India Tradition (1970), શાહ એ.એમ. The house-hold Dimension of the family in Indian (1973), પુનેકર એસ.ડી.અને ગોલવાલકર Rural change in Maharastra (1993), રાવ એમ.એસ.એ. Urbanisation and social change (1990),શાહ વિમલ અને શાહ સરલા ભુવેલની તપાસ (૧૯૫૭), રમેશ શ્રોફ અને બીજા (સંપા.) ભારતનું ગ્રામજીવન (૧૯૬૮), વગેરે સમાજશાસ્ત્રીઓએ ગ્રામીણ પરિસરને સમજાવવા પ્રયત્નો કર્યા છે. તદ્ઉપરાંત નિયામક વસ્તીગણતરી,

ભારત સરકાર દ્વારા ૧૯૬૧માં ભારતના જુદા જુદા ઘણાં ગામોની 'ગ્રામીણ તપાસ અહેવાલ' (village suruey monograph) તૈયાર કરાવ્યા હતા. આ બધા જ અભ્યાસો આદિવાસી / ગ્રામીણ સમુદાયોના વિકાસની નીતિ નિર્ધારણમાં ઉપયોગી નિવડ્યા હતા. આ સમગ્ર બાબતો સામાજિક સંશોધનમાં જ્ઞાતિ - સમુદાય કે ગ્રામની સામાજિક - આર્થિક - ભૌગોલિક - પર્યાવરણીય સંસ્કૃતિનું મહત્વ દર્શાવે છે.

પ્રસ્તુત અભ્યાસમાં ડાંગી ભીલ જનજાતિમાં પ્રવર્તમાન રીત-રિવાજો, વ્યવહારો, મૂલ્યો, ધાર્મિક - સાંસ્કૃતિક પરંપરાઓ અને આરોગ્ય - રોગ વચ્ચેના સહસંબંધને જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ સહસંબંધને સમજવા માટે ડાંગી ભીલ જનજાતિનો ઈતિહાસ અને તેના ભૌગોલિક પરિવેશને સમજવો જરૂરી ગણી પ્રસ્તુત પ્રકરણમાં આદિવાસી કોને કહે છે. ભારતની આદિવાસી વસતિ ભીલોનો પરિચય અને ડાંગી ભીલોનો ટૂંકો ઈતિહાસ, ડાંગી ભીલોના રીત-રિવાજો તેઓનો ભૌગોલિક પરિવેશ અને સંશોધનમાં આવરેલ પ્રદેશ/ગામોનો પરિચય અત્રે રજૂ કરેલ છે.

## આદિવાસી કોને કહે છે ?

ભારતની કુલ આબાદીના લગભગ ૮.૨૭% (સેન્સસ ૨૦૦૧) હિસ્સાને અનુ.જનજાતિઓ (Scheduled Tribe) તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યો છે. આ શબ્દ તેમના માટે પ્રયોજવામાં આવે છે જેને ભારતના રાષ્ટ્રપતિએ સંવિધાનના અનુચ્છેદ ૩૪૨ નીચે અનુસૂચિત જનજાતિ તરીકે નિર્દિષ્ટ કર્યા હોય. ખરેખર આ એક પ્રશાસનિક શબ્દ છે. જેનાથી કંઈક વિશેષ ક્ષેત્રીયતાનો સંકેત મળે છે. આનો ઉદ્દેશ્ય કોઈ જનજાતિય સમુહની વિશિષ્ટ વાંશિક પરિસ્થિતિ કરતા તેમના સામાજિક, આર્થિક સ્તરના પરિચય દેવાનો વિશેષ છે. કોઈ સમુદાયને જનજાતિ તરીકે પરિભાષિત કરતી વખતે તેની ભૌગોલિક અલગતા, વિશિષ્ટ સંસ્કૃતિ, આદિમ વિશેષતાઓ (દર્શાવ્યા પ્રમાણેની) અન્ય આમ સમુદાયો સાથેના મિલનમાં સંકોચ અને આર્થિક પછાતપણું જેવી બાબતોનું ધ્યાન રાખવામાં આવે છે. (ઈન્ડીજીનીયસ પીપલ્સ ઈન ઈન્ડીયા, ઑકેજનલ પેપર્સ, ભુવનેશ્વર, સી.ઈ.ડી.ઈ.સી.૧૯૯૭, પૃ.૩)

ભારતના લોકો મોટાભાગે અનુસૂચિત જનજાતિઓ (S.T.) ને આદિવાસી કહે છે. સંસ્કૃતમાં આદિવાસી શબ્દનો અર્થ છે કે જે તે ક્ષેત્રના મૂળનિવાસી જે આદિકાળથી કોઈ ચોક્કસ જગ્યાઓમાં વસવાટ કરતા આવ્યા હોઈ. માનવામાં આવે છે કે ભારતમાં આ સૌથી જૂના લોકો કે મૂળનિવાસીઓ છે.(જનજાતિ કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર, Indian Tribes through ages જાન્યુઆરી ૧૯૯૦ જે રીતે ભારતીય મૂળનિવાસી અને જનજાતિ પરિષદ દ્વારા U.N.W.G.I.P. ના નવમા સત્રમાં ૨૨ જુલાઈ, ૨ ઓગષ્ટ, ૧૯૯૧માં રજુ કરવામાં આવેલ)

એવી પણ માન્યતા છે કે આર્યોના અતિક્રમણના સમય પહેલાથી જ આદિવાસીઓ ભારતીય ઉપમહાદ્વિપમાં વસતા હતા. (આર્યોએ ઉત્તર અફઘાનિસ્તાન થી ઉત્તર ભારતમાં ઈ.સ.પૂર્વે ૧૫૦૦માં સ્થળાંતર

કર્યુ હતું. થાપર આર. history of India Part-1, નવી દિલ્હી, પેગ્વિન, ૧૯૬૦ પૃષ્ઠ-૩૭-૩૮) આર્યોએ થોડા આદિવાસીઓને યુધ્ધમાં હરાવી અને ગુલામ બનાવી લીધા હતા. અલબત્ત ઉત્તર-પૂર્વ ભારત તેમની પહોંચથી બહાર રહ્યુ હતુ. અન્ય આદિવાસીઓ જંગલો અને પહાડી પ્રદેશોમાં પલાયન થઈ ગયા. આ રીતે જે જે આદિવાસી સમુદાયો આર્યોના આક્રમણથી બચી ગયા તેઓ પોતાની અલગ સંસ્કૃતિ અને ઓળખ રાખવામાં સફળ થયા. તેમ છતાં પણ હિન્દુવાદી ઈતિહાસ લખાય છે ત્યારે તેમાં કહેવાય છે કે આર્યો બહારથી આવ્યા જ નથી પરંતુ ભારતના જ મૂળ નિવાસીઓ છે. એમ પણ પ્રચાર થાય છે કે આદિવાસીઓ વાસ્તવમાં હિન્દુ જ છે. તેઓ તેમને આદિવાસી નહી પરંતુ વનવાસી કહેવાનું પસંદ કરે છે. (ફર્નાડીઝ ડબલ્યુ અને ચૌધરી એ.આર., In Search of a tribal Identify, Social action, ભાગ-૪૩, ૧૯૯૩ પૃ.૧૬)

આદિવાસીઓને અન્ય સમાજોથી અલગ દર્શાવતી સૌથી મોટી વિશેષતા તેમની પોતાની જમીન (ક્ષેત્ર) સાથેનું જોડાણ અને તેમના સમુદાયનો પ્રકૃતિ સાથેનો અંતરંગ સંબંધ. તેમના મતે તેમના સાધન સ્ત્રોતોના વ્યવસ્થાપનનો અર્થ એમ નથી કે જુદા જુદા પરિવારોમાં જમીનને વહેંચી દેવામાં આવે. આદિવાસીઓની દ્રષ્ટિમાં કોઈ વ્યક્તિ કે સમુદાય ભૂમિ સાથે ત્યારે જ જોડાયેલ છે, જયારે તે જમીન પર તે તેના પૂર્વજોથી લઈને પેઢી દર પેઢી જમીન પર જ વસતો હોય. આદિવાસીનો પ્રદેશ તે તેમની સામુહિક ચેતનાનો વિસ્તાર છે જેનું સાંસ્કૃતિક, સામાજિક અને રાજનૈતિક મૂલ્ય હોય છે. (તેના આધાર પર જ કબીલાનો વડીલ વ્યક્તિ જ તેનો સરદાર હોય છે.) (Bijoy C.R. and Prabhu P. Advisai : Situational States, 3rd international allience of Indiginious Tribal People of the tropical forest, Nagpur, India, 3-8 March, 1994, Page -7) આદિવાસીઓનું જ્ઞાન, આધ્યાત્મ અને ધર્મ વ્યવસ્થા પણ પ્રકૃતિથી તેમના ગહન સંબંધ આધારિત છે. તેમની બીજી વિશેષતા છે - સમુદાયની બધી જ આવશ્યકતાઓ સમુદાયની અંદર જ પૂર્ણ કરવી પોતાની જરૂરીયાતો માટે બજાર પર બહુ આધારિત ન રહેવું. સમુદાયનું પોતાના પ્રદેશ પરના રાજકીય પ્રભુત્વ હોવાના સંદર્ભમાં આ વિશેષતાઓ સમુદાયમાં દ્રષ્ટિગોચર બની શકે.

આદિવાસીઓની સમગ્ર ભારતની વસતિ અત્રે કોષ્ટક રૂપે દર્શાવી છે જે પરથી ભારતમાં તેમનો ફેલાવો સ્પષ્ટ થાય છે.

## ભારતનું આદિવાસી વસતિ ચિત્ર (૨૦૦૧)

| ક્રમ | રાજ્ય | વસ્તી | આદિવાસી વસ્તી | કુલ વસ્તીમાં ટકા |
|---|---|---|---|---|
| ૧. | જમ્મુ અને કાશ્મીર | ૧,૦૧,૪૩,૭૦૦ | ૧,૧૦૫,૯૭૯ | ૧૦.૯૦ |
| ૨. | હિમાચલપ્રદેશ | ૬૦,૭૭,૯૦૦ | ૨,૪૪,૫૮૭ | ૪.૦૨ |
| ૩. | પંજાબ | ૨,૪૩,૫૮,૯૯૯ | -- | -- |
| ૪. | ચંદીગઢ | ૯,૦૦,૬૩૫ | -- | -- |
| ૫. | ઉત્તરાંચલ | ૮૪,૮૯,૩૪૯ | ૨,૫૬,૧૨૯ | ૩.૦૧ |
| ૬. | હરિયાણા | ૨,૧૧,૪૪,૫૬૪ | -- | -- |
| ૭. | દિલ્હી | ૧,૩૮,૫૦,૫૦૭ | -- | -- |
| ૮. | રાજસ્થાન | ૫,૬૫,૦૭,૧૮૮ | ૭૦,૯૭,૭૦૬ | ૧૨.૫૬ |
| ૯. | ઉત્તરપ્રદેશ | ૧૬,૬૧,૯૭,૯૨૧ | ૧,૦૭,૯૬૩ | ૦.૦૬ |
| ૧૦. | બિહાર | ૮,૨૯,૯૮,૫૦૯ | ૭,૫૮,૩૫૧ | ૦.૯૧ |
| ૧૧. | સિક્કીમ | ૫,૪૦,૮૫૧ | ૧,૧૧,૪૦૫ | ૨૦.૫૯ |
| ૧૨. | અરુણાચલપ્રદેશ | ૧૦,૯૭,૯૬૮ | ૭,૦૫,૧૫૮ | ૬૪.૨૨ |
| ૧૩. | નાગાલેન્ડ | ૧૯,૯૦,૦૩૬ | ૧૭,૭૪,૦૨૬ | ૮૯.૧૪ |
| ૧૪. | મણીપુર | ૨૧,૬૬,૭૮૮ | ૭,૪૧,૧૪૧ | ૩૪.૨૦ |
| ૧૫. | મિઝોરમ | ૮,૮૮,૫૭૩ | ૮,૩૯,૩૧૦ | ૯૪.૪૫ |
| ૧૬. | ત્રિપુરા | ૩૧,૯૯,૨૦૩ | ૯,૯૩,૪૨૬ | ૩૧.૦૫ |
| ૧૭. | મેઘાલય | ૨૩,૧૮,૮૨૨ | ૧૯,૯૨,૮૬૨ | ૮૫.૯૪ |
| ૧૮. | આસામ | ૨,૬૬,૫૫,૫૨૮ | ૩૩,૦૮,૫૭૦ | ૧૨.૪૧ |
| ૧૯. | પશ્ચિમ બંગાળ | ૮,૦૧,૭૬,૧૯૭ | ૪૪,૦૬,૭૯૪ | ૫.૪૯ |
| ૨૦. | ઝારખંડ | ૨,૬૯,૪૫,૮૨૯ | ૭૦,૮૭,૦૬૮ | ૨૬.૩૦ |
| ૨૧. | ઓરિસ્સા | ૩,૬૮,૦૪,૬૬૦ | ૮૧,૪૫,૦૮૧ | ૨૨.૧૩ |
| ૨૨. | છત્તીસગઢ | ૨,૦૮,૩૩,૮૦૩ | ૬૬,૧૬,૫૯૬ | ૩૧.૭૫ |
| ૨૩. | મધ્યપ્રદેશ | ૬,૦૩,૪૮,૦૨૩ | ૧,૨૨,૩૩,૪૭૪ | ૨૦.૨૭ |
| ૨૪. | ગુજરાત | ૫,૦૬,૭૧,૦૧૭ | ૭૪,૮૧,૧૬૦ | ૧૪.૭૬ |
| ૨૫. | દમણ અને દીવ | ૧,૫૮,૨૦૪ | ૧૩,૯૯૭ | ૮.૮૪ |
| ૨૬. | દાદરાનગર હવેલી | ૨,૨૦,૪૯૦ | ૧,૩૭,૨૨૫ | ૬૨.૨૩ |
| ૨૭. | મહારાષ્ટ્ર | ૯,૬૮,૭૮,૬૨૭ | ૮૫,૭૭,૨૭૬ | ૮.૮૫ |
| ૨૮. | આંધ્રપ્રદેશ | ૭,૬૨,૧૦,૦૦૭ | ૫૦,૨૪,૧૦૪ | ૬.૫૯ |
| ૨૯. | કર્ણાટક | ૫,૨૮,૫૦,૫૬૨ | ૩૪,૬૩,૯૮૬ | ૬.૫૫ |
| ૩૦. | ગોવા | ૧૩,૪૭,૬૬૮ | ૫૬૬ | ૦.૦૪ |
| ૩૧. | લક્ષદ્વીપ | ૬૦,૬૫૦ | ૫૭,૩૨૧ | ૯૪.૫૧ |
| ૩૨. | કેરાલા | ૩,૧૮,૪૧,૩૭૪ | ૩,૬૪,૧૮૯ | ૧.૧૪ |
| ૩૩. | તમિલનાડુ | ૬,૨૪,૦૫,૬૭૯ | ૬,૫૧,૩૨૧ | ૧.૦૪ |
| ૩૪. | પોંડીચેરી | ૯,૭૪,૩૪૫ | -- | ૦ |
| ૩૫. | આંદોબાર અને નિકોબાર ટાપુઓ | ૩,૫૬,૧૫૨ | ૨૯,૪૬૯ | ૮.૨૭ |
| | ભારત | **૧,૦૨,૮૬,૧૦,૩૨૮** | **૮,૪૩,૨૬,૨૪૦** | |

**સ્ત્રોત : વસતિ ગણતરી – ૨૦૦૧**

- **ભીલ : એક પરિચય :**

ભારતની ચારસો જેટલી આદિવાસી જાતિઓમાં ગોંડ, સાંથાલ પછી ભીલોની વસ્તી જોવા મળે છે. આ જાતિ દેશમા પ્રાચીનકાળથી વસવાટ કરતી આવી છે. જેના અસંખ્ય પુરાવાઓ પ્રાચીન સાહિત્યમાંથી મળી આવે છે. પ્રાચીનકાળથી દેશમાં વસતી આ જાતિની ઉત્પત્તિ વિશે અનેક મતાંતરો પ્રવર્તે છે  અને તેનો હજુ પણ કોઈ સ્પષ્ટ ઉલ્લેખ નથી. શરીર માપનને આધારે રિઝલી અને ડૉ. ગુહા તેમને દક્ષિણની ચેન્ચુ તથા કાદર જેવી દ્રવિડિયન જાતિ જૂથ સાથે સરખાવે છે. વેંકેટાચાર્ય (૧૯૩૧) તેમને પ્રોટોમૅરિટરેનિયન જાતિના હોવાનું જણાવે છે. જયારે ડૉ. ડી.એન. મજુમદાર (૧૯૪૨) તેમને દ્રવિડિયન કે પ્રિ - દ્રવિડિયન જાતિજૂથના તો તેઓ નથી જ તેમ દર્શાવી આર્યન જાતિ જૂથના હોવાની સંભાવના વ્યક્ત કરે છે. લોહીની રાસાયણિક તપાસને આધારે જોઈએ તો મેકફાર લેન (૧૯૪૧) જણાવે છે કે તેઓ આર્યો પહેલાંની જાતિઓના વંશજો છે ત્યારે ડૉ. ડી.એન. મજમુદારે (૧૯૪૨) ૩૬૯ ભીલોને તપાસ્યા હતા અને ૩૭.૫ ટકા ભીલો ‘‘એ’’ જૂથનું લોહી ધરાવતા હતા તેમ દર્શાવે છે. જયારે ‘‘બી’’ ગ્રુપનું પ્રમાણ ૨૬.૦ ટકા હતું. તે ઉપરથી તેઓ કહે છે કે ભીલો પ્રિ - દ્રવિડિયન વંશના નથી. તેઓ જણાવે છે કે જો લોહીના પ્રકારને આધારે તેમની મૂળ જાતિ અને બીજી જાતિઓ સાથેના મળતાપણા વિશે કહેવું હોય તો એમ કહી શકાય કે ભીલોને કોઈ શુધ્ધ કે મિશ્ર જાતિ જૂથમાં મૂકી શકાય તેમ નથી. છતાં ભાષા, સાંસ્કૃતિક લક્ષણો, સામાજિક સંગઠનો વગેરેને આધારે અનુમાન તારવનારા માનવશાસ્ત્રીઓ તેમને પ્રોટો - ઑસ્ટ્રોલોઈડ, પ્રિ - દ્રવિડિયન, કોલેરિયન અને મજુમદાર કેવળ રક્તજૂથને આધારે તેમને ઈન્ડોમૅરિટરેનિયન ગણાવે છે. અથવા પ્રથમ જૂથમાં આવેલા આર્યન જૂથના ગણાય છે.

ભીલોની ઉત્પતિ વિષે આમ કશું સ્પષ્ટ કહી શકાતું નથી; કારણ કે તે અતિ પ્રાચીન જાતિ છે અને તે પછી આવેલી અનેક જાતિઓના સંસર્ગમાં તે સતત આવ્યા જ કરી છે. પરિણામે તેમનામાં અનેક સંમિશ્રણો થતાં જ રહ્યાં છે. ઉપરાંત ‘‘ભીલ’’ નામે ઓળખાતાં બધાં જ જૂથોમાં એક સમાન તત્ત્વો કે લક્ષણો જોવા મળતા નથી. તેથી આંધ્રના ભીલો કે રાજસ્થાનના ભીલો વચ્ચે કશી જ સમાનતા લક્ષણોની દ્રષ્ટિએ જોવા મળતી નથી. તેવું જ ગુજરાતમાં બનાસકાંઠાના ભીલો અને ડાંગના ભીલો વચ્ચે સમાનતા કરતા સાંસ્કૃતિક અસમાનતાનાં તત્ત્વો કદાચ વધુ જોવા મળે તેમ છે.

‘‘ભીલ’’ શબ્દ મૂળ દ્રવિડ ભાષાના 'Bille' ‘બીલ’ શબ્દમાંથી ઊતરી આવ્યો છે. ભીલો પ્રાચીનકાળથી પોતાની સાથે કામઠી અને તીર રાખતા આવ્યા છે. ‘બીલ’ નો અર્થ ‘બાણ’ થાય છે. જેનો અર્થ કાપવું થાય છે. એટલે જંગલમાં લાકડાં વગેરે કાપતી કે તેની પર ગુજારો કરતી પ્રજા ‘બીલ’ શબ્દનું અપભ્રંશ થતાં ‘‘ભીલ’’ થયું હશે. કેવળ નામને આધારે પણ તેમનો ઈતિહાસ જોવા જઈએ તો

કોઈ તામિલ સાહિત્યમાં તો કોઈ સંસ્કૃત સાહિત્ય સાથે સંબંધ જોડતા જોવા મળે છે. આ બધાને આધારે એટલું સ્પષ્ટ કહી શકાય છે કે તેમની ઉત્પત્તિ અને સ્થળાંતરનો કોઈ સ્પષ્ટ ઈતિહાસ મળતો નથી. છતાં રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાતના ઈતિહાસમાં તેમના કેટલાક ઉલ્લેખો મળે છે. આમાં ખાસ કરીને કર્નલ ટૉડ (૧૯૨૦) ના લખેલા ઈતિહાસમાં રજપૂત રાજાઓ અને પાછળથી મુસલમાન રાજાઓ સાથે તેમને ભારે અથડામણમાં આવવું પડેલું તેની નોંધો મળે છે. ક્યારેક આ ભીલોની મદદ રજપૂત રાજાઓએ લીધી છે. પરિણામે તેમના સામાજિક સંબંધો પણ બંધાયા હશે. રાજસ્થાનમાં ગરાસિયા, મધ્યપ્રદેશમાં ભીલાલા અને ગુજરાતમાં પટેલિયા જાતિ જૂથો તેના સંમિશ્રણનું પરિણામ હોવા સંભવ છે, અથવા તેવું અનુમાન કરવા પ્રેરે છે. ભીલોએ પોતાના અસ્તિત્વ માટે પહેલાં રજપૂતો પછી મુસલમાનો અને પછી અંગ્રેજ સરકાર સામે માથાં ઊંચક્યાં છે - સંઘર્ષ કર્યો છે. ૧૪૮૦ માં ગુજરાતમાં મુસલમાનોનું આક્રમણ થયું ત્યારે રેવાકાંઠા મુસ્લિમ હકુમત હેઠળ આવ્યું અને ચાંપાનેર મહમ્મદ બેગડાના હાથમાં આવ્યુ ત્યારથી ૧૭મી સદી સુધી સતત સંઘર્ષ થયો છે. આ અરસામાં નર્મદાની દક્ષિણે મોટા પાયે ભીલો મુસ્લીમ થયા. ગુજરાતના ઈડરના રાજયમાં રાજગાદી પર બેસતા ભીલ પાસે રાજતિલક કરાવવાનો બપ્પારાવળના સમયથી રિવાજ પડેલો દેખાય છે. મહારાષ્ટ્રમાં તડવી ભીલો મુસ્લિમ ધર્મ પાળતા દેખાય છે. જે તેમની સાથેના સંસર્ગનું પરિણામ દર્શાવે છે.

અઢારમી સદીમાં મરાઠા સમય દરમ્યાન પ્રવર્તેલી સામાન્ય રાજકીય અંધાધૂધીનો લાભ લઈ ભીલો લૂંટફાટના અને મારઝૂડના રસ્તે વળ્યા હતા. રાજપીપળાનાં રાજા અજબસિંહ (૧૭૮૬ - ૧૮૦૩) સામે ત્યાંના ઉમેદ વસાવાનો ૧૭૯૩માં જંગ નોંધપાત્ર છે. છેક ૧૯મી સદી સુધીનો તેમનો ઈતિહાસ રાજકીય સંઘર્ષોથી ભરેલો છે. જો કે તેની કશી સ્પષ્ટ વિગતો મળતી નથી. બ્રિટિશ અમલ દરમ્યાન ભીલોને વાળવાના પ્રયત્નો થયા અને રાજસ્થાનમાં ખેરવાડામાં તેમની ‘‘ભીલ પલટન’’ ઊભી કરવામાં આવી. તેવી જ રીતે ૧૮૯૧માં ડાંગમાં લેફ્ટનંટ આઉટરામે ‘‘ભીલ પલટન’’ ડાંગી ભીલોને કાબુમાં રાખવા રચી, તેમનો જ ઉપયોગ કરી તેમને દબાવી દેવાના પ્રયત્નો થયા. જયારે કેટલાકને જમીનો આપી સ્થાઈ ખેતી તરફ વાળવામાં આવ્યા. આમ ૧૯મી સદીના અંતમાં ભીલોની રાજકીય અરાજકતાનો અંત આવ્યો. તે છતાં ૧૯૨૦-૨૨ ના અરસામાં ઉત્તર ગુજરાતની સરહદે અને રાજસ્થાનમાં મોતીલાલ તેજાવતની આગેવાની હેઠળ ઈડર, વિજયનગર, ડુંગરપુર, વાંસવાડા વગેરે વિસ્તારના ભીલોએ બ્રિટિશ સરકાર સામે બળવો કર્યો. એવી જ રીતે ઝાલોદ, દાહોદ વિસ્તારની પૂર્વ સરહદે વણઝારા આગેવાન ગુરુ ગોવિંદસિંહની આગેવાની હેઠળ પણ માથું ઊંચક્યું. આ બન્ને પ્રયત્નોને નિર્દય રીતે કચડી નાખવામાં આવ્યા અને ઉત્તર ગુજરાતની સરહદે દઢવાવ ગામે તથા દાહોદ - ઝાલોદની પૂર્વ સરહદે માનગઢના ડુંગરે મોટી ખુવારી થઈ. આમ ગુજરાતના ભીલો વિષે તૂટક તૂટક ઐતિહાસિક વિગતો મળે છે. કોઈ સ્પષ્ટ કડીબધ્ધ વિગતોનો અભાવ જોવા મળે છે. (મુનિયા અને ભટ્ટ અરવિંદ પાન ૧ થી ૧૦)

## ડાંગી ભીલ

ગુજરાતના લગભગ બધા જ જિલ્લાઓમાં ભીલોની વસ્તી જોવા મળે છે. ડાંગ પણ ભીલોની વસ્તી ધરાવતો એક મહત્વનો જિલ્લો છે. વિપુલ વનસમૃધ્ધિ ધરાવતા આ જિલ્લામાં અત્યારની આદિવાસી જાતિઓમાં ભીલ સૌથી પ્રાચીન પ્રજા લેખાય છે અને ભીલો જયાં શાસકો હતા તેવા અપવાદરૂપ વિસ્તારોમાં ડાંગનો સમાવેશ થાય છે. સમગ્ર ડાંગ આઝાદી પહેલા ડાંગના પાંચ રાજાઓ અને નવ નાયકોથી શાસિત હતું. આ પાંચે રાજાઓ અને નવ નાયકો ભીલ હતા અને સમગ્ર ડાંગમાં એક કાળે તેમની આણ પ્રવર્તતી હતી. કુનબી, વારલી અને ઉત્તર ડાંગમાં ગામીત આ વિસ્તારની મહત્વની શાસિત કૃષિદાર આદિવાસી જાતિઓ હતી અને આ ડાંગ ભીલ રાજાઓનાં પ્રજાજન તરીકે તેમને કેટલીકવાર ભીલ રાજાઓનાં શોષણનો ભોગ પણ બનવું પડતું હતું.

ભીલો પહેલા મહ્દઅંશે શિકાર, વનફળ, સંચય અને પ્રાથમિક અવસ્થાની ખેતી પર નિર્ભર હતા. વિકાસ પ્રવૃત્તિઓનો લાભ લેવામાં આ જાતિ ડાંગની અન્ય જાતિઓની તુલનામાં પ્રમાણમાં ખૂબ પાછળ રહી છે. સરકારી નોકરીઓમાં પણ અન્યની તુલનામાં તેઓની સંખ્યા ગણીગાંઠી અને તેમની વસ્તીના પ્રમાણમાં ખૂબ જ ઓછી છે. ડાંગની વિવિધ આદિવાસી જાતિઓના સામાજિક સ્તરરચનાની દ્રષ્ટિએ જોઈએ તો ભીલો એક કાળે ડાંગના શાસકો હોવા છતાં પણ તેમનું ડાંગની અત્યારની સામાજિક સ્તરરચનામાંનુ સ્થાન ડાંગની આ ત્રણ મહત્વની જાતિઓ કુનબી, વારલી અને ગામીતની તુલનામાં ઉતરતુ ગણાય છે.

### આર્થિક જીવન :

ડાંગના ભીલોની જમીન ડુંગરાળ, ઢોળાવવાળી સેન્દ્રિય તત્વો વિનાની, કોતરોવાળી, પથરાળ અને મધ્યમ લાલ-કાળી જોવા મળે છે. આવી જમીનમાં સેન્દ્રિય તત્વો ઓછા જોવા મળે છે. વળી જમીન ઢોળાવવાળી હોવાને કારણે ત્યાં ધોવાણ વધુ થાય છે. થોડા ઘણા સેન્દ્રિય તત્વો છે તે પણ પાણી સાથે ધોવાઈ જાય છે. ધોવાણ થતાં જમીનમાં નાના મોટા પથરા નીકળી આવે છે. જેનાં કારણે અહીં ઊંડી ખેડ પણ કરી શકાતી નથી. વળી જે જગ્યાએ ખેતરો આવેલા છે તે જગ્યાએ જંગલ ખાતાના વિવિધ પ્રકારના વૃક્ષો જેવા કે સાગ, મહુડા, ખાખરા, આંબા, સાદડા વગેરે ખેતરમાં ઉભા છે.

### ખેતીની પધ્ધતિ :

અહીં જે ખેતી થાય છે તે આજે પણ પ્રાથમિક કક્ષાની કહી શકાય તેવા પ્રકારની છે. વરસાદ પડતા તેઓ રોપવા માટે વિવિધ પ્રકારનું ધરૂ મુકી દે છે, તે પહેલાં ઉનાળામાં ધરૂ મુકવાની જગ્યા પર 'રાખ' પાડવામાં આવે છે. આ રાખ પાડેલી જગ્યાએ જ ધરૂ મુકવામાં આવે છે. ધરૂ તૈયાર થયા પછી તેને ઊપાડીને રોપવામાં આવે છે. ધરૂ ખાસ કરીને ડાંગર, વરઈ અને નાગલીનું મુકવામાં આવે છે. આ ત્રણ ધાન્યો ખેતરમાં

રોપવામાં આવે છે. લાંબા સમયે થતું ભાત ક્યારીમાં રોપવામાં આવે છે. ક્યારીઓ ખાસ કરીને નાના કોતરો બાંધીને તૈયાર કરવામાં આવેલા છે. ખેતરમાં બી નાખતા પહેલા એક વખત ખેડી નાખવામાં આવે છે. તે પછી સમાર ફેરવવામાં આવે છે. નિંદામણ ખાસ કાઢવામાં આવતુ નથી, તેમજ વચ્ચે આંતરખેડ પણ કરવામાં આવતી નથી. પાક તૈયાર થતાં તેને કાપી લેવામાં આવે છે. આમ જોઈશું તો ખેતી કરવાની પધ્ધતિ પરંપરાગત પ્રાથમિક અવસ્થાની જોવા મળે છે. અહીં વૈજ્ઞાનિક પધ્ધતિ બહુ જ જુઝ થતી જોવા મળે છે. ખેડ પણ તેઓ ખાસ ઊંડી કરતા હોતા નથી. વર્ષમાં એક વખત જમીનમાં ખેડ કરે છે અને તે પણ જમીનમાં બી નાખતા પહેલા, તે પછી તેઓ ખેડ કરતા નથી. આ ખેડ અંદાજે ૪'' થી ૬''ની ગણાવી શકાય. ખેડ માત્ર હળથી કરે છે.

ખેતરની હદ તેઓ સામાન્ય રીતે શેઢાથી નક્કી કરે છે. નક્કી કરેલ જગ્યાએથી જ તેઓ ખેડતા હોય છે. તેમના કેટલાક ખેતરો સરકારી જંગલ ખાતાની માલિકીમાં પણ આવેલા છે. તેમાં તેઓ સાફસુફી કરી નાગલી રોપી દે છે.

**ક્યારી :** ક્યારી સામાન્ય રીતે કોતરને પથ્થરથી બાંધીને પછી બનાવવામાં આવે છે. ચોમાસામાં જયાંથી પાણી વહેતુ હોય તેવા કોરતને બાંધી દેવામાં આવે છે. કોતર સામાન્ય રીતે મોટુ હોતુ નથી, નાનુ હોય છે. ઉપર એક ક્યારી બની ગયા પછી તેની નીચે બીજી ક્યારી બનાવવામાં આવે છે. આમ નીચે એક પછી એક ક્યારી બનાવતા જાય છે. કોતરને પથ્થરથી બાંધી દેવામાં આવે છે અને તેમાં માટી તેમજ પાણી સંઘરવામાં આવે છે. તે પછી ભાતનું ધરૂ તૈયાર કરી તેમાં રોપવામાં આવે છે. તેમનું માનવું છે કે ઉપરથી માટીનો કાંપ ઘસડાઈ આવીને ક્યારીમાં ઠલવાતો હોય છે. જેથી ભાત ખૂબ સરસ થાય છે અને તેમાં એમને કોઈ જાતનું ખાતર નાખવુ પડતું નથી. તેઓ રાસાયણિક ખાતરનો કે છાણિયા ખાતરનો ઉપયોગ કરતા નહતા. જે હવે થોડા પ્રમાણમાં કરતા જોવા મળે છે. માત્ર ક્યારામાં કાદવ કરીને ધરૂ રોપી દેવામાં આવે છે અને જો નિંદામણ થાય તો તે નિંદામણ કાઢી લેવામાં આવે છે. આ સિવાય ક્યારીમાં બીજી મહેનત કરવી પડતી નથી.

**ડાહી :** ડાહી પાડવાની જગ્યા નિશ્ચિત હોય છે. દર વર્ષે ડાહીની જગ્યા બદલવામાં આવતી નથી. જે જગ્યા નક્કી હોય તે જગ્યાએ જંગલમાંથી વિવિધ પ્રકારના પડેલા પાંદડા ભેગા કરવામાં આવે છે. તેમને પાંદડા ભેગા કરતાં ઓછામાં ઓછા પાંચથી છ દિવસ લાગે છે અને વધારેમાં વધારે દસ દિવસ લાગે છે. સવારે તેઓ પાંદડા ભેગા કરવા માટે નીકળી જાય છે. ભેગા કર્યા પછી તેને મોટા જાળીવાળા ટોપલામાં ભરી ડાહીની જગ્યાએ પાથરવામાં આવે છે. આ પાંદડાનો થર જાડો પાથરવામાં આવે છે કે જેથી જમીનમાં બરાબર રાખ પડે. સુકા પાંદડા સિવાય તેઓ પોતાની માલિકીમાં જે ઝાડવા હોય તેના નાના નાના ડાળખા કાપીને પછી ડાહીની જગ્યા પર પાથરી દે છે. ક્યાંક તો ડાહીની જગ્યાએ મોટા લાકડા પણ પાથરવામાં આવે છે અને પછી સળગાવવામાં આવે છે. આ લાકડા સળગાવ્યા પછી સળગતા લાકડાઓને ખાસ સાધનથી ડાહીની જગ્યા પર ફેરવવામાં આવે છે. આ રીતે પણ જમીનમાં ડાહી પાથરતા જોવા મળે છે.

ડાહી ખાસ કરીને નાગલી, ભાત, મકાઈ, મરચા તેમજ અન્ય શાકભાજી માટે કરવામાં આવે છે. જે ખેતરમાં નાગલી રોપવાની હોય તે ખેતરમાં ડાહી ખાસ તૈયાર કરવામાં આવે છે. જયારે ભાત માટેની ડાહી ક્યારીમાં તૈયાર કરવામાં આવતી નથી પણ નજીકનાં ખેતરની એક છેડે તૈયાર કરવામાં આવે છે. જયારે મકાઈ, મરચા તેમજ અન્ય શાકભાજી માટેની ડાહી ઘરના વાડામાં જ તૈયાર કરવામાં આવે છે.

**ધરૂ પુકવું :** જમીન ઢોળાવવાળી હોવાના કારણે ડાહીની ઉપરની બાજુએ તથા બન્ને બાજુએ ડાહીની આજુબાજુ પાળ બનાવી દેવામાં આવે છે. જેનાથી ડાહીમાં પાણી ઉપરથી કે પછી બન્ને બાજુથી આવી શકે નહિ અને જે વરસાદના છાંટા પડે તેનો જ ઉપયોગ ધરૂવાડિયામાં થાય તેવી રીતે ત્રણે બાજુ નીક કરવામાં આવી હોય છે. આવું માત્ર જયાં ઢાળવાળી જમીન હોય અને ડાહી પાડવામાં આવી હોય તે જગ્યાએ જ કરવામાં આવે છે. પરંતુ જયાં સપાટ જમીન પર ડાહી કરવામાં આવે છે ત્યાં આવી નીક બનાવવામાં આવતી નથી. નીક બનાવવા પાછળનું કારણ એવું જાણવા મળ્યું છે કે એનાથી ડાહીની જમીન ધોવાતી નથી અને જે ધરૂ નાખ્યું હોય તે પણ બહાર વહી જતું નથી. માટે જયાં ઢોળાવવાળી જમીન હોય ત્યાં આવી નીક બનાવવી જ પડે છે.

વરસાદ પડતા જયાં ડાહી કરવામાં આવી હોય તે જગ્યાએ જઈને ભાત, નાગલી તથા વરાઈનું બિયારણ વાવી દેવામાં આવે છે. આ બિયારણ જે ખેતરમાં રોપવાનું હોય તે ખેતરની ડાહીની જગ્યામાં જ નાખવામાં આવે છે. જે જગ્યાએ રોપવણુ હોય તે ખેતરમાં જ તેઓ માટે ડાહી પાડવામાં આવી હોય છે એટલે જે ખેતરમાં જે પ્રકારનું બિયારણ નાખવાનું હોય તે બિયારણ લઈ જઈને પ્રથમ હાથથી વાવી દેવામાં આવે છે. તે પછી હળવેથી બી વાવેલા ભાગ પર ખેડ કરવામાં આવે છે. આ ખેડ એકથી બે વખત કરવામાં આવે છે. મોટાભાગે એક વખત જ ખેડ કરે છે. ખેડ કર્યા પછી તેના ઉપર લાકડાનો બનાવેલો સમારથી વાવેલા ભાગને સરખો કરવામાં આવે છે. મોટાભાગે તો હાથથી જ જમીન સરખી કરવામાં આવે છે. જેમની પાસે બળદ નથી તેવા કુટુંબો પાસે એક વ્યક્તિ જાતે ખેડી શકે તેવું નાનુ હળ હોય છે. ભાત, નાગલી અને વરાઈનું ધરૂ મુકવાની રીત એક જ પ્રકારની છે. કેટલાક ખેડુતો ડાહી પાડ્યા વિનાની જમીનમાં પણ નાખતા જોવા મળે છે. પરંતુ આનુ પ્રમાણ ઘણું ઓછું છે. મોટાભાગના ખેડૂતો ડાહી પાડે જ છે. જેમની પાસે જમીન વધારે છે તેવા ખેડૂતો જ કેટલાક ખેતરોમાં ડાહી પાડતા નથી. તેઓ એટલા માટે નથી પાડતા કે ડાહી પાડવામાં તેઓ પહોંચી વળતા હોતા નથી જેનાં કારણે કોઈ ડાહી પાળવાનું રહી જાય છે.

ડાંગમાં મુખ્યત્વે મકાઈ, મગફળી, અડદ, તુવેર, ખરસાણી, જુવાર, વરાઈ, નાગલી, ડાંગર, શાકભાજી, મરચા, બટાકા વગેરે પાકો મુખ્ય છે.

**પશુપાલન :** ડાંગના ગામના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે, તો ગૌણ વ્યવસાય પશુપાલન છે. પહેલાં કુનબીઓનો મુખ્ય વ્યવસાય ખેતી હતો, જયારે વારલીઓ પ્રાથમિક કક્ષાની ખેતી કરતા હતા અને

સાથે પશુપાલન પણ કરતા હતા. તેઓએ પણ શિકારનો વ્યવસાય ગૌણ વ્યવસાય તરીકે સ્વીકાર્યો હતો. જયારે ભીલો તો શિકારમાં રસ ધરાવતા. ખેતી અને પશુપાલન તરફ જાતે બહુ ધ્યાન નહોતા આપતા. તેઓ પશુપાલન અને ખેતી કરવા માટે કુણબી અને વારલીને રાખતા હતા અને ડાંગની સંપત્તિ તેમની ગણાવતા હતા. કુણબીઓ પશુપાલકો હોવાને કારણે તેની પાસે સારી ગાયો હોય તે ગાયોને ભીલ રાજાઓ માંગીને મારી ખાતા હતા. વળી કુણબીઓ ભીલ લોકોનાં તાબામાં જીવતા હોઈ તેમને સારી ગાયો ભીલ રાજાઓને ખાવા માટે આપવી પડતી હતી. વળી આ કુણબી સમાજે ડાંગમાં વસવાટ કરવાનો હોઈ નાછુટકે આ સહન કરવું પડતું.

ડાંગના ભીલોમાં આજે પશુપાલનમાં ગાય અને બકરાં જોવા મળે છે. ગામમાં ભાગ્યે જ ભેંસ જોવા મળે છે. જે ગાયો છે તેમનું અપૂરતું પોષણ થતું હોવાને કારણે સાવ હાડપિંજર દેખાય છે. ચોમાસામાં લીલો ચારો મળતો હોઈ પશુધન થોડુ સારી સ્થિતિમાં હોય એમ જણાય. બાકી ઉનાળામાં તેઓ પાસે ઘાસચારો ન હોઈ ઝાડવાનાં પાંદડાઓના ઘાસચારા તરીકે ઉપયોગ કરે છે. તેઓ આ પાંદડા જંગલમાંથી લાવે છે. વળી ગાયોને ચારવા માટે તેઓ મોટાભાગે ડુંગરોમાં લઈ જતા હોઈ ત્યાં પણ ચારો મળતો નથી. જેના કારણે ક્યારેક કેટલાક ઢોર ડુંગર ઉપરથી ઉતરતાં ઠોકર વાગતા નીચે પડી જાય છે અને મરી પણ જાય છે.

જે કુટુંબ પાસે વધુ ઢોર/ગાય હોય તે કુટુંબો ભેગા થઈને પાણીની શોધમાં નીકળી જાય છે. જે જગ્યાએ પાણી મળી આવે તે જગ્યાએ સ્થિર થાય છે.

**ખેતમજૂરી :** ડાંગમાં ખેતમજૂરીમાં ખાસ કરીને ભીલ કુટુંબો વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. શિયાળા અને ચોમાસામાં ખેતમજૂરી સારી રીતે મળે છે. ઉનાળામાં તેમને ખેતમજૂરી મળતી જ નથી, જેના કારણે મજૂરી શોધવા માટે અન્ય ગામોમાં ભટકવુ પડે છે. કેટલાક ભીલ કુટુંબો તો શિયાળામાંથી જ કામ શોધવા માટે બહાર ભટકતા જોવા મળે છે. તેઓ મહારાષ્ટ્ર, સુરત, નવસારી, વલસાડ બાજુ પણ જાય છે એવું જાણવા મળે છે.

ઉનાળામાં જયારે ખેતમજૂરી મળતી નથી ત્યારે કેટલાક કુટુંબો માત્ર જંગલીફળો અને શિકાર પર ટકી રહેતા હોય છે. આવા સમયે તેઓ કુણબી ખેડૂતો પાસેથી કે જેમની પાસે અનાજ હોય છે તેવા પાસેથી ચોમાસામાં કામ કરવા માટે આવીશું, એવા વચનથી અનાજ માંગી લાવે છે અને પછી તે ચોમાસામાં મજૂરી કરી પુરૂ કરે છે. એજ રીતે તહેવારના દિવસોમાં પણ કોઈ ખેડૂત પાસે જો બકરો હોય અને બકરો ખાવાની ઈચ્છા થઈ તો આવા કુટુંબો ભેગા થઈને બકરો ખાવા માટે ખરીદી લે છે અને તે ચોમાસામાં કોઈ ખેતર કે ક્યારા રોપી આપવાનું નક્કી કરીને ખરીદી લાવે છે અને સમય આવતા તે કાર્ય તે ખેડૂતને પૂરૂ કરી આપે છે.

**શિકાર :** શિકારમાં મુખ્યત્વે સસલા, ભુંડ, પક્ષીઓનો શિકાર અને ખિસકોલી વગેરેનો સમાવેશ થાય છે. આ વ્યવસાય તેઓ નવરાશના સમયે કરતા જોવા મળે છે. ઉનાળામાં તેઓ પાસે નવરાશનો સમય વિશેષ

હોવાથી તેઓ સસલુ પકડવા દિવસના ગમે તે સમયે જતા જોવા મળે છે. જયારે શિકાર કરવા જવાનું હોય ત્યારે ગામમાં દરેક કુટુંબના વડાને ખબર આપવામાં આવે છે. તે પછી શિકારનાં સાધનો લઈને જાય છે. શિકારનાં સાધનોમાં મુખ્યત્વે તેમની પાસે સુતરની બનાવેલ જાળ જોવા મળે છે. જેને એ લોકો ‘વાગોળ’ તરીકે ઓળખે છે. આ જાળ તેઓ જાતે બનાવી લે છે. બજારમાંથી ખરીદવામાં આવતી નથી. શિકારમાં પકડાયેલ વસ્તુઓ સામૂહિક હોય છે. જેટલા લોકોએ શિકાર કરવામાં ભાગ લીધો હોય તે બધાનો આમાંથી ભાગ આપવાનો હોય છે.

અન્ય શિકારમાં તેઓ ચોમાસામાં માછલા મારે છે. તેઓ માછલા પકડવાનાં સાધનો જાતે જ બનાવે છે. તેમાં ખાસ તો ‘ગોળી’ નો ઉપયોગ માછલા પકડવામાં થાય છે. કોતરોમાં અમુક ભાગ દરેક કુટુંબનો ઈજારો હોય છે તે ભાગમાં બીજુ કુટુંબ માછલાં પકડી શકતુ નથી.

આજે પણ આ સમુદાયમાં શિકાર શોખનો વિષય બની ગયો છે. શિકાર તેઓ નવરાશના સમયે જ કરે છે. ભીલો પાસે નવરાશનો સમય વિશેષ હોવાથી તેઓ શિકાર કરવા વિશેષ જતા જોવા મળે છે.

**જંગલની પેદાશોનો સંચય :**

ડાંગના આદિવાસીઓ દરેક ઋતુ પ્રમાણે જંગલોમાં થતી પેદાશ ભેગી કરે છે અને તે ગામડાઓમાં હાટડી નાખીને બેઠેલા વેપારીઓને વેચી દે છે. જોકે આ વેપારીઓ દ્વારા અંતે તો તેમનું શોષણ જ થાય છે. છતાં તેઓ જે કાંઈ વસ્તુઓમાંથી પૈસા મળે એ વસ્તુ ભેગી કરવામાં પૂરી મહેનત કરે છે. આ પ્રમાણે મહુડા, મહુડાના ડોડામાંથી ડોળી જેને તેઓ ‘ટાસબી’ કહે છે. તે પછી કણજી નામની વનસ્પતિનું બીજ, લાખ, ગુંદર અને મધ વગેરે તેઓ ભેગુ કરે છે.

**નોકર :**

વધુ ખેતી હોય અથવા ખેતી કરવા બીજા કોઈ કુટુંબના સભ્ય ન હોય ત્યારે બીજી વ્યક્તિને વાર્ષિક કે છ માસ માટે રોકવામાં આવે છે. તેને નોકર કે આવતીયો કહેવામાં આવે છે.

ક્યારેક નોકર ફળિયાનો હોય છે. તે પોતાના ઘરે જ સુએ છે. સવારે વહેલો આવી જાય છે ને કામકાજ હાથ ધરે છે. સવારે માલીકને ત્યાં ખાય છે. સાંજે માલિકને ત્યાંથી ઘરે લઈ જઈ કુટુંબ સાથે વહેંચીને ખાય છે. આ પ્રકારના નોકરની પણ પ્રથા છે. ગામનો હોય તો તેના કામકાજ, આવડત તથા કામ કરવાની નૈતિકતા અંગે માલિકને ખ્યાલ હોય છે. કોઈપણ કામ પર વિશ્વાસ મુકી શકાય છે. બહારગામથી નોકર કે આવતીઓ ક્યારેક પૈસા માગી ઘેર જાય છે. પછી આવતા નથી ને માલિકના કામમાં વિલંબ થાય છે. નક્કી કરેલ કરાર તુટી જાય છે. બીજો નોકર કામવેળા શોધવા પડે છે. નિયમિત હોવાથી નોકર ઘરના સભ્ય જેવો થઈ જાય છે, તે બીજા મજુરને પણ તૈયાર કરે છે.

**ધાર્મિક જીવન :**

ડાંગમાં ભીલ, કુનબી અને વારલી આ ત્રણે આદિમ સમુદાયોનું ધાર્મિક જીવન લગભગ સરખું જોવા મળે છે. માન્યતાઓ પણ એક સરખી જોવા મળે છે. તેમની તહેવારની ઉજવણી, પુજાપાઠ વગેરે પણ સરખા જોવા મળે છે.

ડાંગી ભીલના તહેવારો નીચે મુજબ છે.

**ચોખ્ખા દેવો :**

જે દેવ-દેવીઓની પુંજા ફળ-ફુલ અને અગરબત્તી તથા દિવાથી કરવામાં આવે છે. તેવા દેવ-દેવીઓને ચોખ્ખા દેવ-દેવીઓ તરીકે ઓળખે છે. આ દેવોને મરઘાં, બકરાં વગેરે ચડાવવામાં આવતાં નથી, પણ ફક્ત પવિત્ર વસ્તુઓથી તેમની પૂંજા કરવામાં આવે છે. હનુમાન, મહાદેવ, મુંજીયા, બરમાદેવ, ખંડેરાવ, ગણપતિ, ઈશ્વરપીંડ, ગાયમાતા આ દેવોની પૂજાવિધિથી પુંજાય છે. અમાસના તહેવારથી તેમનું વર્ષ શરૂ થાય છે અને હોળીના તહેવારથી તેમનું વર્ષ પૂરૂ થાય છે.

**તેરા :**

તેરાનો તહેવાર તેરા નામની ભાજી જંગલમાં વરસાદ પડતાં ઉગી નીકળે છે, તે ઉગે ત્યારબાદ આ તહેવાર મનાવવામાં આવે છે. આ તહેવાર જયાં સુધી ન ઉજવાય ત્યાં સુધી જંગલની કોઈપણ પ્રકારની ભાજી ખાઈ શકાતી નથી એવું માનવામાં આવે છે. આ ભાજી જંગલમાં મુખ્ય ભાજી હોઈ તે પ્રથમ દેવને ધરાવવામાં આવે છે અને તે પણ તે દિવસથી આ તેરાની ભાજી તથા અન્ય ભાજી ખાવાની શરૂઆત થાય છે.

ચોમાસામાં માણસો, ઢોરને તથા તેમના ખેતરોને વાઘ, નાગ વગેરેથી રક્ષણ થાય તેમજ કૌટુંબિક વિઘ્નો ન આવે તે માટે આ તહેવાર ઉજવવામાં આવે છે. જો આમ ન કરે તો વાઘ-નાગ તથા પૂર્વજો કુટુંબને હેરાનગતિ પહોંચાડે છે. એવી એમની માન્યતા છે.

તેરાના ઉત્સવના દિવસે તેરા નામની જંગલી ભાજી સાગના પાંદડામાં વીંટાળીને જંગલમાંથી લાવવામાં આવે છે. એનો અર્થ એવો કરવામાં આવે છે કે આ દિવસથી જ તેરાની ભાજી તથા સાગના પાંદડાનો ઉપયોગ કરી શકે છે. આ પહેલા તેનો ઉપયોગ કરી શકાતો નથી એવી સ્પષ્ટ માન્યતા જોવા મળે છે.

તેરાના તહેવાર પછી જો કોઈ ઢોરઢાંખર ને વાઘ કે નાગ નુકશાન કરે તો માનવામાં આવે છે કે તેરાના તહેવારની પુજામાં કાંઈક ખામી રહી ગઈ છે એને નિવારવા માટે ભગત પાસે દાણા જોવરાવવામાં આવે છે, અને તે ભૂલ નિવારવામાં આવે છે.

તેરાના તહેવારના દિવસે ગામમાં કોઈપણ માણસ સામાન્ય રીતે અન્ય કોઈપણ પ્રવૃત્તિ કરતા નથી. તે દિવસે ખેતી વગેરેનું સમગ્ર કાર્ય બંધ હોય છે અને લોકો વહેલા ઉઠીને સ્નાન વગેરે પતાવી સવારે મારુતિના મંદિરે પૂજા કરવા જાય છે. એમાં ઘેરથી લોટો ભરેલુ ચોખ્ખુ પાણી લઈ જાય છે અને ફુલો મળે તો તે અને અગરબત્તી સળગાવીને સાથે લઈ જાય છે, તે પછી ઘરમાં જ બધી વિધિ કરવાની હોય છે. આ દિવસે ખાસ કરીને નાગદેવની પૂજા કરવાની હોય છે.

**પચવી :**

પચવીના દિવસે અલખડાનાં (ઝાડનું નામ છે) પાતરામાં રસોઈ બનાવવામાં આવે છે અને તે પ્રથમ દેવને તથા પૂર્વજોને ચઢાવવામાં આવે છે તે પછી આ અલખડાનાં પાતરા ખાવાની શરૂઆત થાય છે. આમ જે કાંઈ રસોઈ કરી હોય તે ચઢાવવામાં આવે છે. તે પછી દરેક તહેવારની જેમ 'આગારા ટાંકવામાં' આવે છે. એટલે કે આઠ વડીલોનાં (ગુજરી ગયેલા પૂર્વજો) નામો લઈને એમનાં નામનું ધાન્ય અગ્નિમાં હોમવામાં આવે છે. તે પછી બે ભાગ કરીને ઘરનાં ઉપર પણ મુકવામાં આવે છે અને એજ રીતનાં પવિત્ર દેવોની પૂજા કરવામાં આવે છે.

આ તહેવાર ઉજવવા પાછળનું મહત્વ એ જાણવા મળે છે કે આ દિવસે નાગની પૂજા કરવાથી નાગ હેરાન કરતો નથી. ખેતરમાં જંગલમાં ગમે ત્યાં તે નાગ ડંખ ન મારે માટે આ તહેવારના દિવસે નાગની પૂજા કરવામાં આવે છે અને રક્ષણ મેળવવામાં આવે છે.

**પોળા :**

જે દિવસે પોળાનો તહેવાર હોય તે દિવસે સાંજે બળદ ઘેર આવે ત્યારે બળદનાં પેણ પાણીથી ધોવામાં આવે છે. આ કાર્ય પુરૂષ કરે છે. તે દિવસે ઢોરનાં બારણે દિવા પણ કરવામાં આવે છે. જયારે બળદ સાંજે ઘેર આવે ત્યારે બળદનાં પગ ધોઈ લીધા પછી સ્ત્રી એક થાળીમાં આરતી લઈ કંકુ ચોખાથી ચાંદલો કરે છે. ત્યારબાદ પુરૂષ કંકુથી પોતાના હાથની છાપ દરેક ગાય-બળદ ઉપર પાડે છે. તેમજ શિંગડા પણ રંગવામાં આવે છે. આ દિવસથી ખેતીનાં કાર્ય માટે બળદની કાંધ પર ધુંસરી મુકવામાં આવતી નથી. આ દિવસે સ્ત્રી-પુરૂષો ઉપવાસ રાખે છે અને સાંજે ભોજન લેતા હોય છે.

**પિત્રા :**

આ તહેવાર આસો મહિનામાં આવે છે અને તે પણ દિવાળી પહેલાં. હિંદુ ધર્મમાં જે શ્રાધ્ધનો તહેવાર માનપૂર્વક ઉજવવામાં આવે છે તેજ આ પિત્રા. આ તહેવારના દિવસે તેઓ તેમના પૂર્વજોની પૂજા કરે છે. અન્ય તહેવારોને દિવસે પણ 'આઠ વડિલોની' પૂજા તો કરવાની હોય જ છે. પરંતુ આ તહેવારમાં માત્ર પૂર્વજોની પૂજા હોય છે અને તે વડીલોનાં નામનો ભાગ ઘર ઉપર મુકવામાં આવે છે. જયાંથી કાગડો આવીને લઈ જાય ત્યાં સુધી તેઓને ભોજન કરી શકાતુ નથી. આ રીતે તેમની ધાર્મિક ભાવનાઓને તેઓ ચુસ્તપણે પાળે છે.

**વાઘબારસ :**

આ તહેવાર વાઘબારસને દહાડે  મનાવવામાં આવે છે. આ તહેવારના દિવસે ગાયો આખુ વર્ષ સુખી રહેશે કે કેમ તેની પરીક્ષા કરવામાં આવે છે. ગામના પાદરે જયાંથી ઢોર પસાર થવાનાં હોય કે દરરોજ પસાર થતા હોય તે જગ્યાએ મરઘીનું ઈંડુ અથવા મરઘીનું તાજુ જન્મેલુ એટલે કે ૫-૬ દિવસનું બચ્ચુ મુકવામાં આવે છે. બચ્ચાને બાંધવામાં આવે છે, તે પછી ઢોરને દૂરથી ભયજનક અવાજ પેદા કરીને કે વાંજિત્રો વગાડીને બધા જ ઢોરને પેલા ઈંડા કે બચ્ચા પરથી પસાર કરવામાં આવે છે. જે વસ્તુ મુકી હોય બચ્ચુ મુક્યુ હોય તો બચ્ચુ અને ઈંડુ મુક્યુ હોય તો ઈંડુ. જો બચી જાય તો માનવામાં આવે છે કે ઢોરનું આખુ વર્ષ સારૂ જશે અને જો પીલાઈ જાય તો માનવામાં આવે છે કે કોઈક આફત ઢોરો ઉપર આવશે.

**ધનતેરસ :**

આ દિવસે પૈસાની પૂજા કરવામાં આવે છે. ખાસ કરીને જુના પૈસાની પૂજા થાય છે. સાથે સાથે કૌટુંબિક દેવોની પણ પૂજા થાય છે.

**ચૌદસ :**

આ તહેવાર આસોવદ ચૌદસનાં દિવસે આવે છે. આ તહેવાર મેલી વિદ્યા અજમાવનારાઓ માટેનો છે, એવું માનવામાં આવે છે.  આ દિવસે શિષ્ય ગુરૂને 'દક્ષિણા આપે' છે.

**હોળી :**

આ તહેવારની ઉજવણી પાંચ દિવસ સુધી ચાલે છે. હોળીને ડાંગીભીલો રાવણનું સ્મશાન ગણે છે. જે રીતે રાવણના સ્મશાનની રક્ષા કરવા માટે હનુમાનજીને રાખવામાં આવે છે. તે જ રીતે ગામના લોકો હોળી સળગાવે તે દિવસથી તે પાંચ દિવસ સુધી દરેક ઘેરથી એક વ્યક્તિ હોળીએ જાગરણ કરવા માટે જાય છે. કારણ કે  રાવણ ફરી જીવતો ન થાય  તેટલા માટે ત્યાં દેખરેખ રાખવાની જરૂર હોય છે. આવી સ્પષ્ટ માન્યતા જોવા મળે છે.

હોળીના તહેવારને ગાંડો તહેવાર ગણવામાં આવ્યો છે. આ દિવસોમાં સ્ત્રી-પુરૂષો એકબીજા ઉપર ગમ્મતમાં પાણી પણ નાખે છે. ખાસ કરીને દિયર ભાભી કે મામા-ફોઈનાં છોકરા-છોકરી વચ્ચે આવી ગમ્મત વિશેષ જોવા મળે છે. આ દિવસે નાના બાળકો ખાંડનાં ચકતા ''હાડા' અને કોપરાનાં હાર બનાવી ગળામાં પહેરી રાખે છે. તેમજ દાળીયા ખાય છે.

હોળીનો પ્રકાશ ગર્ભવતી સ્ત્રીને જોવાની મનાઈ છે. એટલે કે હોળી સળગાવતી વખતે પ્રથમ પ્રકાશ પ્રકાશે છે. આ દિવસે જેમણે હોળીની બાધા રાખવામાં આવી હોય તેનાં વાળ તોરણ નીચે ઉતરાવે છે. જે ઘેર

બાધા લીધી હોય તે ઘેર બાધાથી એ છોકરો જન્મ્યો હોય તો નાળિયેર અને છોકરી જન્મી હોય તો કોપરુ હોળીમાં નાખવાનો રિવાજ છે. આ દિવસે જેને બાળકો ન થતા હોય તે બાળકો થાય તેના માટે ભગત પાસે હોળીની બાધા લે છે.

**ભગતનું પ્રાબલ્ય :**

આ લોકોની ધાર્મિક  વિધિઓમાં ભગતોનું પ્રાબલ્ય સવિશેષ જોવા મળે છે. ભગત જે કાંઈ કહે તેમાં એમને વિશ્વાસ રહે છે. ભગત પાસે ગેબી શક્તિ છે. તેમનો ઈન્કાર કરનાર તે ભગતની શક્તિ સામે ટકી શકતો નથી એવુ તેઓ માને છે. એમની વિધિમાં ધૂણવુ એ સામાન્ય હોય છે. રોગ ઈત્યાદિ કોઈ ડાકણનાં કારસ્તાન હોય છે. ઢોર કે માનવીનું મૃત્યુ થાય ત્યારે ડાકણે ખાધુ છે એવુ માને છે. એનાં નિવારણ માટે ભગત-ભુવાનો આશરો લે છે.

જયારે કોઈ માંદુ પડે ત્યારે ચોખાનાં દાણા ‘ખડી’ ઓવારીને ભગત પાસે લઈ જાય છે. ભગત ખડી જોઈને કઈ ડાકણ વળગી છે તે તપાસે છે અને દાણા મંતરી આપે છે. માતા કે કોઈ દેવ રૂઠે તો બલિમાં બકરા કે મરઘા ચઢાવવાનું કહે છે. ભગત કેટલીક વૈદ્યકીય દવા પણ જાણતો હોય છે. તેને આધારે ‘મૂળિયા’ કે વનસ્પતિ દવા તરીકે આપે છે. લોકો ભગતને પૈસા આપે છે. તેનાથી નિર્વાહ ચાલે છે. ભગત ક્યારેક મજૂરી પણ કરે છે. ખેતી પણ કેટલાક ભગત પાસે હોય છે. આમ ભગતનું પેટિયું ચાલે છે.

**ડાંગી ભીલોનું જીવનચક્ર:**

**માસિક :**

સ્ત્રીને માસીક અટકાવ આવે તેને ‘ફરકા આવ્યા’ તેમ કહેવામાં આવે છે. ‘ફરકા આવે’ ત્યારે સ્ત્રી ઘરમાં પાંચ દિવસ સુધી રાંધવાનું પાણી ભરવાનું વગેરે કામ કરતી નથી. અનાજમાં હાથ નાખી શકતી નથી. વળી દેવનાં સ્થાનકે પણ અડકી શકતી નથી. પણ ઘરમાં ખાંડવાનું, કપડા ધોવાનું વગેરે કામ કરી શકે છે. પાંચ દિવસે માથુ ધોવામાં આવે છે. માસિક અટકે નહિ તો ભગત-ભુવા પાસે ‘વનસી’ કરાવે છે. પણ માસીક અટકાવ નહિ આવે તો ગર્ભ રહ્યો છે તેમ માનવામાં આવે છે.

**જન્મ :**

ગર્ભ રહ્યા પછી તેને ખાસ પ્રકારનો કોઈ અલગ ખોરાક આપવામાં આવતો નથી. ગર્ભ રહ્યાથી બાળકનો જન્મ થાય ત્યાં સુધી ભીલ આદિવાસી સ્ત્રી કામ પર જાય છે. ૯ માસ ૯ દિવસે બાળકનો જન્મ થાય છે. તેમ માનવામાં આવે છે. બાળકનો જન્મ થાય તેને ‘છુટી થઈ’ તેમ કહેવામાં આવે છે.

બાળક જીવતા ન હોય કે ગર્ભ ન રહેતો હોય ત્યારે ભગત-ભુવા પાસે દોરો કરાવે છે. માનતા પણ માનવામાં આવે છે. બાળક જીવતાં રહે તો ભગત ભુવાને મરઘુ, નાળિયેર આપવુ પડે છે. ભગત પ્રસુતિ

પહેલા દોરો બનાવી ગર્ભવતીસ્ત્રીને ગળે કે હાથે બાંધે છે. બાળક બીમાર રહેતુ હોય તો બાળકને પણ દોરો બનાવી બાંધવામાં આવે છે. લગભગ ૫ થી ૬ માસ થાય ત્યાર પછી દોરો છોડવાની વિધિ કરવામાં આવે છે. આ વિધિ ભગત-ભુવો કરે છે. ત્યારે પણ ભગતને નાળિયેર, મરઘુ આપવું પડે છે.

ગર્ભધારણ માટે જવાબદાર પરિબળ ઈશ્વરકૃપા છે. ભગવાનની મરજી સિવાય છોકરું આવતું નથી એમ તેઓ માને છે અને ઈશ્વર પેદા કરે છે તો એનુ પૂરૂ પણ કરશે જ એવી પાકી શ્રધ્ધા એમને છે.

પ્રસુતિ માટે પોતાની જાતિની બે દાયણોને બોલાવવામાં આવે છે. પ્રસુતિ સમયે પુરૂષ હાજર રહી શકતા નથી પણ બહાર રહે છે. દાયણ બાઈઓ ઘણીવાર ગામની જ હોય છે અને અનુભવી હોય છે. પ્રસુતાની જગ્યા ઘરનાં એક ખૂણામાં રાખવામાં આવે છે. બાળકની નાળ કાપવાનું કામ દાયણ બાઈઓ કરે છે. નાળને ઢોર બાંધવાની જગ્યા હોય ત્યાં દાટી દેવામાં આવે છે.

દાયણ પાંચોરાની વિધિ કરે ત્યાં સુધી દરરોજ સાંજ સવાર છોકરાને નવડાવવામાં આવે છે. છોકરો હોય તો ચાર દિવસમાં અને છોકરી હોય તો ત્રણ દિવસમાં પાંચોરા પૂજન વિધિ થાય છે.

પ્રસુતા બાઈને પાંચોરાની વિધિ થાય ત્યાં સુધી ભાત ખવરાવવામાં આવતો નથી. પાંચોરા પછી ભાત ખવરાવવામાં આવે છે.

પ્રસુતાને સાવચેતીનાં પગલારૂપે સાંજ સવાર ગરમ પાણીએ સ્નાન કરાવવામાં આવે છે અને મહુડાનો દારૂ પીવરાવવામાં આવે છે. બાળકને પણ સાંજ સવાર નિયમિત નવરાવવામાં આવે છે. સવા માસ સુધી માતા બહાર નીકળતી નથી અને બહાર જવુ પડે તો નાની સાવરણીથી ધાવણ ઉપરથી ઉતારી નાખીને પછી બાળકને ધવરાવે છે.

પાંચ દિવસ સુધી પ્રસુતાબાઈ ઘરમાં જ ન્હાય છે તે બહાર નીકળતી નથી. ઘરનું અન્ય કાર્ય પણ કરતી નથી. ઘરમાં કોઈ કામ કરનાર વ્યક્તિ ન હોય તો પાંચ દિવસ પછી કામ કરે છે. પાંચથી દસ દિવસ સુધી ઘરનું કામ પુરૂષ કરે છે. પાંચ દિવસ સ્ત્રી ઘરમાં અડકતી નથી.

પાંચ દિવસ પછી પાંચોરાની વિધિ કરવામાં આવે છે. આ વિધિ પણ દાયણ બાઈઓ કરાવે છે. આ દિવસે નાના છોકરાઓને ખવરાવવામાં આવે છે. થોડીક સ્ત્રીઓને પણ ખવરાવવામાં આવે છે. થોડીક સ્ત્રીઓને ન ખવરાવીએ તો તેઓ કંઈક કરી નાખે અને નજર લાગે તેવી માન્યતા છે. ચા-પાણી કરવામાં આવે છે. છોકરા અને બાઈઓને ચોખા, દાળ ખવરાવે છે. આખી વિધિ સ્ત્રીઓની જ હોય છે. પુરૂષો તેમાં ભાગ લેતા નથી.

ફાગણ માસમાં બાળકોનો મામો હોય તે વાળ ઉતરાવવાની વિધિ કરાવે છે. મામાને કોપરાની કાચલી

અને સવારૂપિયો આપવો પડે છે. ત્યારબાદ કોઈ વિધિ કરવામાં આવતી નથી. પણ બાળક બીમાર પડે છે કે નાદુરસ્ત તબિયત રહેતી હોય તો ભગત-ભુવા પાસે વિધિ કરાવવામાં આવે છે.

**નામ પાડવાની વિધિ :**

બાળકનાં જન્મ પછી તેનું કયું નામ રાખવું તે ઘણા સમાજમાં મહત્વની બાબત બની રહે છે. બ્રાહ્મણની સલાહ વગર નામકરણ કોઈજ કરતું નથી અને રાશી અવશ્ય જોવરાવે છે. બ્રાહ્મણ જે નામ કહે છે તે જ નામ રાખવાનો આગ્રહ ત્યાં છે અન જેને કારણે એક જ નામની અનેક વ્યક્તિઓ એક ગામમાં હોય છે. બાળકનાં જન્મ સમય અને દિવસ તથા કોઈક તહેવાર વખતે જન્મ થયો હોય તો તે તહેવાર ઉપરથી નામ પાડે છે. અત્યારના ભીલ યુવાનો બહારનાં સમાજમાં મજૂરી કરવા માટે જાય છે. જયાં અન્ય કહેવાતા સુધરેલા સમાજનાં નામો સાંભળી આવે છે અને આ નામો પરથી તેમના બાળકોનાં નામ રાખે છે. કેટલાક નામો તેઓ કુદરતમાંથી વણી લે છે. નામકરણ અમુક જ વ્યક્તિ કરે એવું નથી. કુટુંબમાંથી બધાં જ નામો સૂચવે છે અને સર્વાનુમતે ગમે તે નામ રખાય છે.

**લગ્ન :**

ડાંગીભીલ આદિવાસી જાતિનાં લગ્નનાં રીતરિવાજો જોતાં માલુમ પડે છે કે મોટાભાગના લગ્નસંબંધો મા-બાપથી ગોઠવાતા હોય છે. છોકરા છોકરી એકબીજાને જોઈ શકાય છે. ભીલ જાતિમાં મામા-ફોઈના સંતાન જોડે લગ્ન થઈ શકે છે. છોકરો અને છોકરી એકબીજાને ચાહે કે સંબંધ થઈ જાય તો પણ લગ્ન થઈ જાય છે. વડીલો તેમનાં રીતરિવાજ પ્રમાણે આગેવાન કારભારી કે પાટીલને જાણ કરી તેમનાં સંતાનોનાં લગ્ન કરી શકતા હોય છે. છોકરીની સંમતિ હોય તો ભાગેડુ લગ્ન પણ થઈ શકે છે. છોકરા અને છોકરીને પ્રેમ થઈ જાય તો છોકરાનાં લગ્ન થયેલા હોય તો પણ બીજી પત્ની ઘરમાં લગ્નવિધિ કર્યા સિવાય પણ આવે છે અને પાછળથી લગ્નની વિધિ કરવામાં આવે છે.

ભીલોમાં વર્ષોથી અમુક કુળ સાથે ઘનિષ્ઠ સંબંધ હોય છે અને ઘણેભાગે એ કુળ સાથે જ લગ્નસંબંધ બંધાય છે.

કન્યા દેખાવડી હોય સારુ બોલતી હોય અને પાછલા વર્ષોમાં મા-બાપની સેવા કરે તેવી જોઈએ.

વરની પસંદગીમાં કન્યા કરતાં તેના મા-બાપ વડિલો વિશેષ ભાગ ભજવતા હોવાનું જાણવા મળે છે. તેઓ કહે છે કે જેને ત્યાં ગાયો હોય, બળદ હોય, બકરીઓ હોય અને થોડીક જમીન હોય તેવા છોકરાને આપણી છોકરીને પરણાવવામાં કાંઈ વાંધો નહિ. આટલી વસ્તુઓ તેમની પાસે હોય તો તેઓ જીંદગી જીવવામાં મુશ્કેલી ન અનુભવે. મિલકતમાં તેઓ ઢોર-ઢાંખરને વધારે મહત્વ આપે છે. સ્વાભાવિક છે કે ઢોરઢાંખરને ચરવામાં પૂરતા જંગલો છે. જયારે જમીન હોય તો ખેડ માટે અનેક મુશ્કેલીઓ નડે છે.

લગ્નવિધિમાં સૌપ્રથમ સોઈરીક કરવી થાય છે. સોઈરીક કરવી એટલે છોકરી જોવી. આ વિધિમાં ૧૦ થી ૧૫ માણસો જેમાં નજીકનાં કુટુંબીઓને ખાસ કરીને વડીલોને લઈ જવામાં આવે છે. અમુક છોકરી સાથે અમુક છોકરા માટે વિવાહ ગોઠવાય છે. એ પ્રકારનું નક્કી કરવા માટે જ છોકરા પક્ષેથી આટલા માણસો જાય છે. આ વખતે છોકરાને સાથે લઈ જવાતો નથી. છોકરો તેનાં મિત્રો અને આગળ પડતા એકાદ વડિલ વ્યક્તિ સાથે આ અગાઉ કોક દિવસે છોકરીને જોઈ આવેલ હોય છે અથવા કોઈક બજારમાં તેનુ સંપૂર્ણ નિરીક્ષણ કર્યા પછી 'બોલપેન' કે 'નાનીપેન' ગોઠવાય છે.

**બોલપેન કે નાની પેન :**

લગ્ન નક્કી કરવા માટે છોકરાનો બાપ કે મા ગામના આગેવાન વગેરેને લઈને છોકરીના ઘેર જાય છે. તેને ભીલ સમાજમાં નાની પેન કહેવામાં આવે છે. આ નાની પેનમાં લગ્ન નક્કી કરવાની વિધિ કરવામાં આવે છે.

સંબંધ નક્કી કરવા માટે છોકરાપક્ષ તરફથી છોકરાનાં મામા, કાકા, ફોઈ વગેરે જેવા સગાઓ જાય છે. સાથે પટેલ કે કારભારીને લેતા જાય છે. જેઓ સર્વપ્રથમ છોકરીપક્ષનાં મા-બાપ કે કાકાને મળીને ત્યાંનાં પટેલ, કારભારીની હાજરીમાં સંબંધ અંગે વાત કરે છે. ત્યાં એકબીજાને સ્વાગતમાં દારૂ, બીડી, પાણી વગેરેથી આવકારે છે. છોકરાને મંજુર હોય તો સંબંધ નક્કી કરે છે એને નાનીપેન ભરવાની વિધિ કહે છે. મા-બાપ સંમત હોય તો સંબંધ આગળ વધે છે. નાની પેન ભરવાની વિધિમાં આર્થિક સ્થિતિ મુજબ લગ્નસંબંધ નક્કી થયાનાં પ્રતિકરૂપ ૧૦૧ કે ૨૦૧ રૂપિયા અને એકાદ કપડું આપે છે. નાની પેનમાં ૧૦૦ રૂપિયા આપવામાં આવે છે. છોકરીના બાપને ૫૦ રૂપિયા આપવામાં આવે છે. કેટલાક ૨૫ રૂપિયા આપી નક્કી કરતા હોય છે. સાથે આવેલ આગેવાન પટેલ વગેરેનો ખર્ચ છોકરા પક્ષવાળા ભોગવે છે. તેમને ખવડાવવું, દારૂ પાવો વગેરે ખર્ચ થાય છે. નાની પેનમાં છોકરા તરફથી ૧૦૦ રૂપિયાનો દારૂ પાવામાં આવે છે. નાની પેનમાં મોટી પેનનો દિવસ નક્કી કરવામાં આવે છે.

**મોટી પેન :**

મોટી પેનનો દિવસ નક્કી થતા છોકરીને હાટમાં કે નજીકનાં બજારમાં કપડા લેવા માટે બોલાવવામાં આવે છે. છોકરીના કપડાનો ખર્ચ ૪૦૦ જેટલો આવે છે. છોકરીને સાડી, પોલકું, ફડકી ગાઢલા, બંગડી, રીબીન, તેલ વગેરે પણ આપવામાં આવે છે. છોકરીના કુટુંબીઓએ કાકા દાદાને પાંચ કપડા આપવા પડે છે. તેમાં ધડકી, ધોતી આપે છે. છોકરાની જાનમાં ૫૦ થી ૬૦ માણસો જાય છે. વરને (નવરાને) સફેદ કપડાં, ટોપી, ધોતી, શર્ટ વગેરે પહેરાવે છે. કન્યાને (નવરીને) સાડી, પોલકું અને ફડકી, ગાઢલા, બંગડી વગેરે પહેરાવે છે. વાજીંત્ર વગાડતા નાચતાં નાચતાં જાન જાય છે. જાનમાં બધા દારૂ પીવે છે. બન્ને પક્ષની અનુકુળતાએ

દિવસ નક્કી થાય છે અને તે દિવસે મોટીપેનમાં આખા ગામને આમંત્રણ આપવું પડે છે. સાથે નગારા તથા કહાળ્યા પણ લઈ જવા પડે છે અને સાંજના વખતે તે જાન છોકરીના ગામે જવા નીકળે છે. સૌપ્રથમ છોકરીના ઘરે જ સૌ બેસે છે અને ત્યાંથી કહાળ્યા અને નગારા સાથે વાજિંત્ર વગાડતા પંચને બોલાવવા જાય છે અને સૌને માનપૂર્વક ત્યાં બોલાવી લાવે છે. બન્ને પક્ષ સામસામે બેસીને વાતચીત કરે છે અને મોટીપેન નક્કી થયા પછી છોકરો ગોળ મંગાવે છે અને સૌને વહેંચવામાં આવે છે. આ વખતે સસરાને એક ધોતી, સાસુ (ફુઈ)ને ફડકી, ૫૦ રૂપીયાની ડગલી માટેનું કાપડ નવરીને આપવાનું હોય છે અને નવરીની માને ૧૦૦ થી ૧૫૦ રૂપિયાની સાડી આપવી પડે છે. સ્થિતિપાત્ર લોકો ઘરેણું પણ કરાવી આપે છે. મોટેભાગે ઘરેણાં કરાવી આપવાનો રિવાજ નથી. આ રીતે મોટીપેનની વિધિ પુરી થયા પછી ‘કહાળ્યા-નગારા’ સાથે આખીરાત નાચે છે અને બીજા દિવસે છોકરીને લઈને પોતાને ગામ જાય છે. આ રીતે અહીયાના ભીલોનાં લગ્નની વિધિ પુરી થાય છે તે પછી બે થી ત્રણ દિવસે આણા કરવામાં આવે છે અને તે પછી સામાન્ય રીતે લગ્ન કરવાનાં હોતા નથી. પણ અપવાદરૂપે કેટલીકવાર આર્થિક રીતે સધ્ધર ભીલોમાં મોટીપેન પછી ‘વિધિસર લગ્ન’ પણ થાય છે.

મોટીપેન ભર્યા પછી લગ્નની તૈયારીઓ શરૂ કરી દે છે. લગ્નમાં છોકરી કરતા છોકરાને વધુ મહત્વ અપાય છે. લગ્નસંબંધ બરાબર પાકો થયા પછી નકકી કરેલા દિવસે ૩૫ થી ૫૦ સ્ત્રી પુરૂષો જાનમાં ગાડામાં કે ચાલીને જાય છે. છોકરી પક્ષવાળા ગામમાં બીજાને ઘેર કે ખુલ્લામાં ઉતારો આપે છે. ત્યાં ચા-પાણી બીડી વગેરે પાવામાં આવે છે. રાત્રે જમાડીને પછી લગ્નનો સમય થતાં નાચગાન સાથે ઢોલ પીપુડાં વગાડતાં વગાડતા નવરાને ખભે ઊંચકીને કે ગાડુ હોય તો તેમાં બેસાડીને લગ્ન માટે લઈ આવે છે. આખી રાત લગ્નવિધિ એકબાજુ ચાલે છે. બીજી બાજુ દારૂ મરઘું ખાવું વગેરે કરીને નાચગાન સાથે રાત્રિ પસાર કરે છે. દેવદેવીની પુજાવિધિમાં માન્યતા પ્રમાણે દારૂની ધાર કે મરઘુ કે બકરુ વધેરવામાં આવે છે. લગ્ન પતી ગયા બાદ જાન બીજે દિવસે ઘેર પાછી ફરે છે. ઘેર આવીને કોઈ વિધિ કરવામાં આવતી નથી. લગ્નમાં દહેજ આપવાનો રિવાજ નથી. પરંતુ એકાદ બે ઘરેણાં કે વિધિ થોડાઘણાં રૂપિયા આપવા પડે છે અને એકાદ બે કપડા નવરીને માટે લાવવામાં આવે છે. મોટેભાગે જમાઈને આપવાનો રિવાજ છે. ભેટસોગાદો આપે છે. ટૂંકમાં થોડુઘણું ઘર વસાવી આપે છે.

લગ્નવિધિ પટેલ કરાવે છે. પટેલ ન હોય તો કારભારી, ગામનાં આગેવાન પંચના માણસો પણ વિધિ કરાવે છે. નવરા-નવરીને બેસાડી પોલીસ પટેલ હળદર વિધિ કરાવે છે. હળદર એક જ દિવસ લગાડવામાં આવે છે. છોકરાનો બાપ જાનવાળાને એક વખત જમાડે છે. જમવામાં દાળ-ભાત હોય છે. છોકરાનાં બાપ જોડેથી છોકરીનો બાપ ૫૫૧ રૂા. દાપા તરીકે લે છે. કેટલીક જગાએ ૨૦૦ થી ૩૦૦ રૂા. સુધી પણ દાપાની રકમ લે છે. આમ લગ્ન ખર્ચ ૨૦૦૦ થી ૫૦૦૦ રૂા. જેટલો થાય છે. પણ આર્થિક સ્થિતિ પ્રમાણે ખર્ચમાં વધારો ઘટાડો થાય છે. લગ્નમાં છોકરા છોકરીઓ ખૂબ નાચે છે. દારૂ પીવે છે અને લગ્ન મનાવે છે.

સાળીવટુ કે દિયરવટુ જોવા મળે છે. પત્ની ગુજરી જતા પોતાની સાળીને તેનો બનેવી પરણી લાવે છે. તે જ રીતે પતિ મૃત્યુ પામે તો દિયરની ઈચ્છા હોય તો તેની સાથે લગ્ન કરીને જીવન જીવે છે. આ પ્રથાથી આગળનાં પતિ કે પત્નીથી થયેલા છોકરાઓની સંભાળ લઈ શકે છે અને તેમને રક્ષણ મળે છે.

પુનઃલગ્ન કરવાની છુટ જોવા મળે છે. જોકે વિધિ પ્રથમ લગ્ન જેટલી લાંબી કરતા નથી. વિધવાને કુંવારા છોકરા ઓછા મળે છે. જયારે વિધુરને તે જલ્દી મળી જાય છે.

**ખંધાડિયા પ્રથા :**

ખંધાડિયા પ્રથા ભીલ આદિવાસી જાતિમાં ઠીક ઠીક અંશે જોવા મળે છે. છોકરી જો બીજા ગામમાં જવા માગતી ન હોય તો તેનાં માટે તેના મા-બાપ ઘરજમાઈ ખંધાડિયો લાવે છે. છોકરા હોય કે ન હોય તો પણ ખંધાડિયો લાવે છે. જમીન ન હોય તો પણ ખંધાડિયો લાવે છે. ખંધાડિયાને નામે જમીન ઘર કરી આપતા નથી પણ છોકરીના નામે ઘર, જમીન આપે છે. વાસણોમાં પણ ભાગ આપે છે. ખંધાડિયા લગ્નમાં છોકરાની ઈચ્છા ન હોય તો ખંધાડિયો રાખી શકાતો નથી પણ છોકરો ખંધાડિયા તરીકે રહેવા તૈયાર થાય તો રહી શકાય છે. પોતાના મા-બાપથી કે કુટુંબથી ઝઘડા થતા હોય તો પણ છોકરી બાપને ત્યાં જાય છે અને છોકરો ખંધાડિયા તરીકે ત્યાં રહી જાય છે, ત્યાં રહી મજૂરી કરે છે. કેટલાક છોકરાઓ થોડા સમય માટે પણ ખંધાડિયા તરીકે આવે છે. તેઓ થોડા વર્ષો રહે છે, પાછા પોતાનાં મૂળગામે ચાલ્યા જાય છે.

ખંધાડિયા તરીકે ત્રણ વર્ષે કે પાંચ વર્ષે પણ આ લોકો લગ્ન કરે છે. છોકરા હોય કે ન હોય, છોકરી માટે છોકરો પસંદ કરીને ઘરે રાખવામાં આવે છે. તેનાથી છોકરી સગર્ભા થાય કે તેની સાથે લગ્ન કરવા ઈચ્છે અને ખેતીવાડી કે બીજા કામમાં જરૂરી લાગે ત્યારબાદ જ લગ્ન કરે છે. લગ્ન બાદ સસરા જમાઈને ઘર બાંધી આપે કે જમીન હોય તો પણ થોડી આપે છે. પશુ હોય તો તે પણ આપે છે.

લગ્ન ઘણીવાર ગામમાં જ થતા હોય છે. કેમકે તેઓ ગામમાં, જંગલમાં કંદ કાપવા જતાં, પશુને ચરાવવા જતા. મજૂરી કરવા જતાં કે પછી રાત્રે નાચગાનનાં પ્રસંગે, લગ્ન પ્રસંગે કે હાટમેળાઓમાં એકબીજાઓના પરિચયમાં આવે છે. તેમાંથી પ્રણયસંબંધો વિકસે છે અને જાતીય સંબંધો બંધાય છે. છોકરી સગર્ભા બને એટલે છોકરાનું કાયદેસર લગ્ન પંચ આગળ દંડ કે મા-બાપ, સગાઓની સંમતિથી જાહેર કરી દેવામાં આવે છે.

**મૃત્યુ :**

ડાંગનાં ભીલોમાં નાનુ બાળક કે બાળકી મૃત્યુ પામે ત્યારે ઘરનાં તેમજ નજીકનાં ફળિયાના મૃત્યુ થયા પછી ઘરથી કોઈને કોઈ રડતા સાંભળવામાં આવે છે. તે પછી એની ખાસ વિધિ કરવામાં આવે છે. તેને બીજા કપડામાં સુવડાવી મૃત્યુ પામેલાનાં પિતાજી તે ઉપાડે છે. ક્યારેક દાદા પણ લે છે. ઘેરથી સ્ત્રીઓ પોક મુકીને રડે છે. તેને વડીલ કે બીજા સાંત્વન આપે છે. પછી તેને બાળસ્મશાનમાં લઈ જવામાં આવે છે. બાળક હોઈ

બાળવાની વિધિ કરવામાં આવતી નથી એટલે દાટવાની વિધિથી એ પૂર્ણ કરવામાં આવે છે. ૪ ફુટની લંબાઈ અને ૩ ફુટ પહોળાઈ જેટલો ખાડો ખોદવામાં આવે છે. એ પતી ગયા પછી બીજા સાથે ગયેલા કાટા ઝાંખરા લાવે છે. ખાડો તૈયાર થયા પછી પૈસા પરચુરણ કુટુંબીજનો નાંખે છે. પછી બાળકને દુધ કે ચા પાય છે અને અંદર મુકવામાં આવે છે. તે પછી તેના નાના મોટા કપડાં કે ઘરેણાં હાથપગ, ગળામાં હોય તે મુકવામાં આવે છે. રમકડા કે બીજી તેની ગમતી ચીજવસ્તુ પણ મુકવામાં આવે છે તે પછી બે ત્રણ દિવસમાં કુટુંબીજનો ફરી ભેગા થઈ મૃત્યુ પામેલ વ્યક્તિને યાદ કરી આત્માને શાંતિ આપે એવું મનોમન કહે છે.

જે જગ્યાએથી મરનારનો આત્મા ગયો હોય તે જગ્યાએ ચા કે દારૂનાં બે ત્રણ ટીપા પાડે છે ને યાદ કરે છે. આમ વારા પ્રમાણે બધાં જ આવુ કરે છે. તે પછી થોડુ ભોજન રાંધે છે. એમાં પ્રાપ્ય એટલા બધાં શાક, માંસ (મરઘીનું) ભાત, રોટલી બનાવીને ૫ થી ૬ જણ આ ભોજન લઈને જે જગાએ બાળકની સ્મશાનભૂમિ છે ત્યાં જઈને આ ભોજન મુકે છે અને યાદ કરી આત્માને સાંત્વન આપે છે.

ડાંગી ભીલ જાતિમાં મૃતદેહને બાળવાનો અને દાટવાનો એમ બન્ને રિવાજ છે. વ્યક્તિ ખૂબ બીમાર હોય ત્યારે તેનાં નજીકનાં સગા આવે છે. મૃત્યુ પામ્યા પછી પણ નજીકનાં સગા હોય તેમને બોલાવવામાં આવે છે. દૂરનાં તાત્કાલિક આવી શકતા નથી, પણ બીજા દિવસે કે બાર દિવસે આવે છે. બાળવા કે દાટવા પાછળનો હેતુ એવો છે કે બાળવામાં આવે તો તેની પાછળ ઘણુ ખર્ચ કરવું પડે છે. જયારે દાટવામાં તેટલો ખર્ચ આવતો નથી. આથી જેની પાસે પૈસાની સગવડ હોય તે બાળે છે અને સગવડ ન હોય તે દાટે છે.

જે ઘેર કોઈનું મૃત્યુ થાય તે ઘેર ગામના બધા સ્ત્રી-પુરૂષો (સગર્ભા સ્ત્રી સિવાય) ભેગા થાય છે. સ્ત્રીઓ રડે છે. શબને લઈ જવા માટેની તૈયારીઓ થાય છે. જેમાં થોડાક ચોખા રાંધવામાં આવે છે અને એક માટલી શોધવી પડે છે. માટલી જુની અથવા નવી બધા પ્રકારની ચાલે છે અને એક છાણુ સળગેલું રાખવામાં આવે છે તે પછી શબને તેલ ચોપડવામાં આવે છે અને પછી આખા શરીરે હળદર ચોપડવામાં આવે છે. (જેમાં લગ્ન થયેલા ન હોય એવો માણસ મરી જાય તો તેની હળદર ચોપડવામાં આવતી નથી) આ બધી વિધિ ઘરમાં ઉખડ ઉપર કરવામાં આવે છે. આ સમય દરમ્યાન બહાર ઠાઠડી તૈયાર કરવામાં આવેલી હોય છે. ઠાઠડીને તેઓ 'માળ' કહે છે. ડાઘુઓ આવીને ઊંચકીને શબને ઠાઠડી ઉપર ઊંઘાડી દે છે અને ઉપર ફુલો તથા ગુલાલ છાંટે છે. તે પછી તેનાં 'ભાઈ ભાંડુઓ', 'નાત-ગોત્ર' એટલે કે એના જ કુળનાં લોકો ઠાઠડી ઉઠાવે છે. થોડેક જઈને વિસામો કરે છે. જેને તેઓ 'વેરાન' કહે છે. ત્યાં જઈને ઠાઠડી ઉતારવામાં આવે છે. પછી મરનારનો છોકરો અથવા ભાઈ કે 'નાત-ગોત્ર' માંથી ગમે તે એક થાળી પૈસા અને થોડાક ચોખા લઈને પગે લાગીને મુકે છે. પૈસા અને થાળી ગામનો જાગલીઓ ઉઠાવી લે છે અને તે પોતાને ઘેર લઈ જાય છે. આ બધુ પૂરૂ થયા પછી પાછી ઠાઠડી ઉઠાવે છે. પુરૂષો સ્મશાન તરફ આગળ વધે છે. સ્ત્રીઓ ત્યાંથી પાછી ફરે છે. ત્યાંથી પાછા વળતાં મરનારની સ્ત્રી હોય તેની બંગડીઓ તથા મંગળસૂત્ર જેને 'કંઠી' કહે છે. તે બીજા બહેનો તોડીને ફેંકી દે છે.

સ્મશાન ઉપર પહોંચ્યા પછી ત્યાં ખાડો ખોદવામાં આવે છે. મરનારના નવાજુનાં બધાં જ કપડા તથા તેની સર્વે વસ્તુઓ પણ સાથે જ મુકી દેવામાં આવે છે. ખાડો તૈયાર થઈ ગયા પછી તેનો ભાઈ અથવા સગાવહાલા છોકરાઓમાંથી ત્યાં જ રાંધેલુ ભાત લઈ ગયા હોય તે થોડું જમાડે છે. આ ભાત ત્યાં ખાખરાનાં પાનમાં લઈ જવામાં આવે છે અને પેલી માટલીમાં પાણી લઈ ગયા હોય તે જાંબુડાનાં પાનને પાણી પીવરાવે છે અને તે પાન પગ તરફ નાખી દે છે. પછી માટલીને ફોડી નાંખવામાં આવે છે. એકદમ ભુકો કરી દેવામાં આવે છે. આ બધુ પત્યા પછી મરનારનો દિકરો અથવા ભાઈ શબના મોઢા ઉપર હાથ રાખીને થોડીક માટી નાંખે છે. પછી ગામ લોકો સાથે મળીને તેને દાટી દે છે. તે પછી સૌ નદીએ જાય છે. ત્યાં સૌ સ્નાન કરે છે. જેમણે ઠાઠડી ઉઠાવી હોય તે ચાર જણને બે વખત સ્નાન કરવાનું હોય છે. તે પછી તેમના 'ખાંધિયા' ઉતારવાની વિધિ કરવામાં આવે છે. (મહુડાની ડાળકી એક પ્રકારની વનસ્પતિની ડાળી) આ ડાળી લાવે છે અને પછી પેલા ચારે જણ અંદર અંદર એકબીજાના ખભાએથી પેલી ડાળી ઉતારે છે અને પૂછે છે શું ઉતર્યું ? પેલા ભાઈ કહે ખાંધ ઉતર્યો. આ રીતે પાંચ વખત કરવાથી આ વિધિ પૂરી થાય છે તે પછી ગામનો જાગલિયો જંગલમાંથી કલમના ઝાડની છાલ લઈ આવે છે. સૌ સ્નાન કર્યા પછી આ છાલ થોડી થોડી ખાય છે અને આખા શરીરે તે ચોળે છે, ઘસે છે. ત્યારપછી સૌ ઘેર આવે છે. ઘરે આવે ત્યાં આંગણામાં એક છાણુ સળગાવવામાં આવે છે. જેના ઉપર કાંબળ નાંખવામાં આવે છે અને નજીકમાં લોટો ભરીને પાણી મુકવામાં આવેલું હોય છે. સૌ આવીને લોટામાંથી બે હાથે પાણી લઈને સળગતા છાણા તરફ થોડું થોડું નાંખે છે અને પછી પગ તથા હાથ શેકીને ધુપ લઈ મોઢા ઉપર હાથ ફેરવી લે છે. આ રીતે દરેક જણ કરીને છુટા પડે છે. પછી બધા શોકમાં બેઠેલા હોય ત્યાં (પંચ) બેસે છે. મરનારની મિલકત હોય અને વારસ ન હોય તો કોને આપવી તે અંગે વિચારણા થાય છે. વારસ હોય તો જેટલા હોય તેટલા સરખે ભાગે વહેંચી લે છે.

બહેનોની વિધિમાં જોઈએ તો તેઓ પાછી વળી આવ્યા પછી જુદે ઓવારે નદીએ સ્નાન કરવા જાય છે અને ત્યાંથી ઘેર આવીને સૌની જેમજ તેઓ પણ છુટા પડે છે.

શબને દફનાવવામાં આવે તે રાત્રે તેને ઘેર થોડાક લોટની પૂંજ મુકવામા આવે છે. એક નાની રોટલી અને લોટો ભરીને પાણી મુકવામાં આવે છે. જેને એક ટોપલાથી ઢાંકેલુ રાખવામાં આવે છે. સવારે ઉઠીને તે લોટમાં કોઈ નિશાની પડી હોય તો તેની ચકાસણી લોકો કરે છે. એ લોટમાં પડેલી પગલાની નિશાની ઉપરથી તેઓ મરનાર માણસ કઈ યોનીમાં જશે અથવા ગયો છે તેની ભાળ કાઢે છે. તથા પેલા લોટાનું પાણી સહેજ અધુરૂ થયુ હોય કે રોટલી ખવાયેલી હોય તો સારું ગણે છે. જે મરનારે ખાધુ છે એમ માને છે.

સ્મશાનમાં શબને દાટ્યું હોય ત્યાં ૧૦ દિવસ સુધી એક બે જણ દરરોજ જઈને અગ્નિ સળગાવી આવે છે. અગ્નિ રાત્રિ દરમિયાન સળગવો જોઈએ એમ માને છે એટલે તે સળગાવનાર છાણાને હારબંધ ગોઠવે છે કે જેથી છાણા થોડા થોડા આખી રાત સળગ્યા કરે. આ રીતે ૧૦ દિવસે 'દિવસ'ની વિધિ કરવામાં આવે છે.

શબને સળગાવવામાં આવ્યું હોય તો 'દિવસ'ની વિધી સાતમાં દિવસે કરવામાં આવે છે. શબને સળગાવ્યું હોય તો પણ 'દિવસ' ની વિધિ થાય તે દિવસ સુધી સ્મશાનમાં છાણા આખી રાત સળગાવવા પડે છે.

અગિયારમાં દિવસે ઘેરથી ચોખા, ઘી, દૂધ, ચોળી (તુબડી) વાછરડીનું મુત્ર વગેરે લઈને નદી ઉપર જવાનું હોય છે. પીપળાનાં પાન લાવે છે અને બ્રાહ્મણને નદી ઉપરજ બોલાવવામાં આવે છે. હળદર, સોપારી, નાગરવેલના પાન, કંકુ વગેરે વસ્તુઓ પણ ત્યાં લઈ જવામાં આવે છે. નદીએ હજામને બોલાવવામાં આવે છે. એનાં ખાસ કુટુંબીઓના બધાના જ વાળ કાપવા પડે છે. હજામ પાણીમાં જ બેસીને વાળ કાપે છે. તે પછી બ્રાહ્મણ વિધિ કરે છે. ઘઉંના લોટમાંથી પિંડ બનાવવામાં આવે છે. થોડાક નદીમાં નાંખે છે. સગાવાલા કાગડાને બોલાવી તે પિંડ આપે છે. કાગડો તે લઈ જાય છે. ઘરેથી ચોખા-ઘી વગેરે લઈ ગયા હોય તે પણ રાંધીને નદીમાં થોડુક નાંખે અને બીજુ કાગડાને બોલાવીને આપવામાં આવે છે. કાગડો તે લઈ જાય તો સારું માનવામાં આવે છે.

બધી જ વિધિ પુરી થયા પછી હજામને ચાળીશ-પચાસ રૂપિયા બક્ષિસ આપીને રવાના કરે છે. એ જ રીતે બ્રાહ્મણને દક્ષિણા આપવાની હોય છે. દક્ષિણામાં કેટલાક ખાનદાન લોકો ગાય પણ આપે છે. કેટલાક પૈસા આપે છે. આ રીતે તેને સંતુષ્ટ કરીને વિદાય કર્યા પછી સૌ ઘેર આવે છે. સાથે ગયેલા ગામ લોકોને ઘરે આવીને દારૂ પીવડાવવો પડે છે. તે પછી ઘેર જમણ રાખવામાં આવે છે. જમણ કરતી વખતે સૌ પ્રથમ 'આંગારી ટાંકવામાં' આવે છે. એટલે કે દરેક જાતનું રાંધેલું અન્ન મરેલા આઠ વડિલોનાં નામ લઈને અગ્નિમાં નાખવાનું હોય છે. તે પછી મરી ગયેલા માણસનાં નામનું થોડુંક અન્ન કાઢી રાખવામાં આવે છે. આ અન્નને કાગડો બોલાવીને આપવામાં આવે છે. કાગડો તે ખાય પછી જ અન્યને જમવાનું હોય છે. શરૂઆતમાં પાંચ છોકરાઓને જમવા હાથપગ ધોઈને બેસાડવામાં આવે છે. તેઓને પીરસવામાં આવે છે અને મરનારનું નામ લઈને પછી તેઓ જમણ શરૂ કરે છે. આ પાંચ છોકરાઓનું જમણ શરૂ કર્યા પછી અન્ય સૌ જમણ કરે છે. આ રીતે 'દિવસ'ની વિધિ પૂર્ણ થાય છે.

પંચ છેલ્લે બેસે છે. મૃત્યુક્રિયા અંગે થયેલો ખર્ચ જેટલા ભાઈઓ હોય તેટલાને સરખે ભાગે કરવો પડે છે. જમીન વગેરે તે રીતે સરખી મળે છે. કોઈ ભાઈ મૃત્યુ ક્રિયામાં ખર્ચ ન કરે તો તેને જમીનનો હિસ્સો ઓછો મળે છે. આ કાર્યવાહીમાં ગામનું પંચ વિશેષ ભાગ ભજવે છે.

દિવસની ઉપર પ્રમાણેની વિધિ જે માણસનાં લગ્ન થયેલ હોય ને ગુજરી જાય તેનાં માટે જ છે. જયારે લગ્ન નહિ થયેલા હોય અને ગુજરી જાય, બોલપેન કે મોટીપેન થયેલી હોય અને ગુજરી જાય તેની પાછળ 'દિવસ'ની વિધિ કરવામાં આવતી નથી, તેને સળગાવવાં અથવા દાટવામાં આવે છે. તે પછી દસ દિવસ સુધી તેના સ્મશાનમાં છાણા સળગાવવામાં આવે છે. અગિયારમા દિવસે તેનાં પિતા ભાઈ એક બે જણ નદીએ જઈને પાણીમાં સાકર અને દાળીયા મરનારનું નામ 'ધરીને' સાત વખત પાણીમાં નાંખે છે અને ઘેર આવીને છોકરાઓને સાકર-દાળીયા વહેંચી દે છે એટલે વિધિ પતી જાય છે.

સગર્ભા કે પ્રસુતિ વખતે મરનાર સ્ત્રીની વિધિઓ કેટલીકવાર જુદી હોય છે. કેટલીકવાર કેટલાક ગામડામાં શબને બાળવામાં આવ્યું હોય તો તેની વિધિ બીજા જ દિવસે કરવામાં આવે છે. જયારે દાટવામાં આવ્યું હોય તો તેની વિધિ બારમાં દિવસે કરવામાં આવે છે. બીજા દિવસે જે વિધિ કરવામાં આવે છે તેમાં નજીકનાં સગાઓને બોલાવવામાં આવે છે. ૪૦ થી ૫૦ માણસો જમાડવા પડે છે. મૃતદેહ ઘરમાં હોય ત્યારે પણ ખર્ચ કરવો પડે છે. તેમાં ત્રણ મરઘા, કાપડ, હળદર વગેરે લાવવું પડે છે.

મૃત્યુ પાછળની જે વિધિ કરવામાં આવે છે તેને કેટલાક વિસ્તારોમાં ચોખા-પાણી કહેવામાં આવે છે. ચોખા-પાણી માટે બે દિવસ બેસવામાં આવે છે. તે વખતે ચા-પાણી કરવા પડે છે. વળી ૪૦ થી ૫૦ માણસોને જમાડવા પડે છે. બીજા દિવસે આવેલ સગાઓને ખવરાવવું પડે તેજ રીતે દાટવામાં આવેલની વિધિમાં પણ બહારથી આવેલ સગાઓને ખવરાવવામાં આવે છે. પણ તેનો ખર્ચ ઓછો આવે છે અને તે વિધિ પણ બારમાં દિવસે કરવામાં આવે છે. ગામ લોકો કે કુટુંબીજનો પોતાની સાથે એક કીલો ચોખા કે દાળ બાંધી લાવે છે અને અનાજ ન હોય તો પૈસાથી પણ મદદ કરવામાં આવે છે.

**ચોખા પાણીની કે 'બાહલ્ડ'ની વિધી :**

ચોખા પાણીનાં દિવસે સ્મશાનમાં જાય છે. સાથે બે સોપારી, બે કાપડના ટુકડા અને મરનાર માણસ જેવું પુતહું બનાવે છે અને સ્મશનમાં લઈ જઈ બાળે છે. તેનાં ઉપર નાનો માંડવો બનાવે છે. તેને તોરણ બાંધે છે. ફુલ નાંખે છે. કાચા સુતરથી માંડવો બાંધે છે. તેની પાસે ખાવાની ચીજવસ્તુઓ કેળા, સોપારી, પાન, કાંસકી, હળદર, કંકુ, કાચા સુતરનાં દોરો ઈન્ડાનો રોટલો દાળ-ભાત વગેરે મુકે છે.

ભીલ જાતિમાં ખતરાં મુકવાનો રિવાજ ન હતો હવે ખતરાં મુકાય છે અને તેની પૂજા પણ કરાય છે. ઉપરાંત તહેવારનાં દિવસે પોતાનાં મૃત સગાં કુટુંબીજનોને યાદ કરી તેમનાં નામનાં ખોરાકનાં કોળિયા કરી મુકવામાં આવે છે. તેમને ચઢાવવાનાં રાંધેલા અનાજમાં મીઠું નાંખવામાં આવતુ નથી.

**વિસ્તાર પરિચય :**

**ડાંગ જિલ્લા પરિચય :**

અખિલ ભારતીય વસતિની સાથે સરખામણી કરતાં દેશમાં આદિવાસીઓની વસતિ ૮.૨૧ ટકા છે.

ગુજરાત રાજયની વસ્તી સને ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ અંદાજે ૫ કરોડ જેટલી છે. તેમાં આદિવાસીઓની સંખ્યા ૭૪,૮૧,૧૬૦ છે.

રાજયની કુલ વસ્તીમાં આદિવાસીઓની વસ્તી ૧૪.૯૨ ટકાની છે.

ભારતના જુદા જુદા રાજયોમાં પથરાયેલી આદિવાસીઓની વસ્તીનું સંખ્યાની દૃષ્ટિએ જોતાં સૌ પ્રથમ મધ્યપ્રદેશ આવે છે તે પછી મહારાષ્ટ્ર, ઓરિસ્સા અને ચોથા નંબરે ગુજરાત આવે છે.

રાજયના કુલ ૨૫ જિલ્લાઓમાંથી દક્ષિણે વલસાડ જિલ્લાથી માંડીને ઉત્તરે બનાસકાંઠા જિલ્લા સુધી આવેલા પૂર્વ સરહદ પરના અગીયાર જિલ્લાઓ વલસાડ, ડાંગ, સુરત, નવસારી, ભરૂચ, નર્મદા, વડોદરા, પંચમહાલ, દાહોદ, સાબરકાંઠા અને બનાસકાંઠા. આ ડુંગરાળ પ્રદેશો આદિવાસીઓનું મુખ્ય રહેણાંક છે.

ભારતમાં આદિવાસીઓની વસ્તી વિવિધ જાતિઓમાં વહેંચાયેલી છે. આ જાતિઓમાંથી પચ્ચીસ જાતિઓ ગુજરાતમાં જોવા મળે છે. આ પચ્ચીસમાંથી તેર જેટલી જાતિઓ સારી એવી સંખ્યા ધરાવે છે.

પશ્ચિમે સહ્યાદ્રીના પશ્ચિમ ઢોળાવ પર તથા ગુજરાત મહારાષ્ટ્રની અનુક્રમે દક્ષિણ-ઉત્તર સીમાપર આવેલો ડાંગ જિલ્લો એક ગીચ જંગલ વિસ્તાર છે અને સઘન આદિવાસી વસ્તી ધરાવતો પ્રદેશ છે. જિલ્લાની કુલ ૨૦૦૧માં ૧,૮૬,૭૨૮ વસ્તીમાં ૧,૭૫,૦૭૯ વસતિ આદિવાસીઓની છે.

સરકારશ્રી તરફથી નિમવામાં આવેલ અને રેવન્યુ ડીપાર્ટમેન્ટ કમીટિ ૪ સપ્ટેમ્બર, ૧૮૭૮માં રજુ કરેલા અહેવાલમાં જણાવે છે કે, ''ઈ.સ.૧૮૭૨માં થયેલી વસ્તી ગણતરી મુજબ ડાંગની વસ્તી ૧૮,૪૯૦ છે.'' ડાંગ વિષયક પત્રોમાં હસ્તલીખિતોમાં નોંધાયેલી પ્રથમ વખત જ અહીં પદ્ધતિસર થયેલી આ પ્રથમ વસ્તી ગણતરી હશે.

ઈ.સ.૧૯૭૧માં થયેલી વસ્તી ગણતરી મુજબ ડાંગી આદિવાસીઓની સંખ્યા ૮૮,૦૨૮ હતી. આમ સો વરસમાં આદિવાસીઓની વસ્તીમાં લગભગ પાંચ ગણો વધારા અને ૨૦૦૧ની વસતિગણતરી મુજબ જોઈએ તો છેલ્લા ત્રીસ વર્ષમાં આ વસતિ બમણી થઈ છે.

ગુજરાત રાજયના દક્ષિણ છેડે ૧,૭૨,૩૫૬-૭૫ હેકટરનો વિસ્તાર ધરાવતો આ નાનકડો ડાંગ જિલ્લો સહ્યાદ્રિ પર્વતની ઉત્તર છેડે આવેલી હારના પશ્ચિમ ઢોળાવ પર આવેલો છે.

જિલ્લાનો કુલ વિસ્તાર ૨૦°, ૩૩' ૪૦'' ઉત્તર અક્ષાંશ અને ૭૩° ૫૬', ૩૬'' પૂર્વ રેખાંશ વૃત્તોમાં સમાયેલો છે.

ડાંગ જિલ્લાની ઉત્તરે સુરત જિલ્લાના વ્યારા અને સોનગઢ તથા મહારાષ્ટ્રનો નવાપુર તાલુકો છે. પૂર્વમાં ધૂલિયા જિલ્લાનો સાકરી તથા નાસિક જિલ્લાના બાગલાણ અને કળવણ તાલુકાઓ, દક્ષિણે નાસિક જિલ્લાનો કળવણ તાલુકો અને સુરગાણા મહાલ, તો પશ્ચિમ દિશામાં નવસારી જિલ્લાનો વાંસદા તાલુકો આવેલો છે.

સમગ્ર જિલ્લો એક ડુંગરાળ પ્રદેશ છે. સમુદ્ર સપાટીથી ઘણી જગ્યાઓ પર ૧૦૫ મીટર્સથી ૧૩૧૭ મીટર્સ સુધીની ઉંચાઈમાં ફેરફારો થાય છે. ટેકરીઓ અને ખીણો અને ભરપુર વનરાજી ધરાવતા આ પ્રદેશમાં કુદરતે છુટ્ટે હાથ સૌંદર્ય વેર્યુ છે એવો આ નયનરમ્ય પ્રદેશ ખરેખર નિસર્ગની એક અપ્રિતમ મહામૂલી ભેટ છે.

હજારો વરસોના ઈતિહાસની વાતો કરવા અગ્નિ જન્ય-લાવ્હા-ખડકો-પ્રદેશની ભૂ-રચનામાં મહત્વનો ભાગ ભજવે છે. સપાટી ઉપરની લાલ અને કાળી માટી નિસર્ગે વેરેલી પર્વતરાજીની રંગોળીમાં રંગ પુરે છે. ખાસ કરીને પશ્ચિમ ભાગમાં કાળી માટી ઉંડાણ સુધી નજરે પડે છે.

કસની દ્રષ્ટિએ આ પ્રદેશની જમીન ઘણીજ ઉતરતી કક્ષાની ગણાય છે. અહીંની જમીનમાં આમ્લનું પ્રમાણ વધારે હોવાથી વરસાદ પછી જમીન અતિ કઠણ થાય છે. બહુ ઓછી જગ્યા પર રેતી મિશ્રિત જમીન જોવા મળે છે. ઢોળાવને કારણે નદીઓના કાંઠા પણ ''સીધા કાપ'' (Steep slopes) જોવા મળે છે. અહીં ઢોળાવ, વરસાદનું પાણી ઉતરવા દેતો નથી અને અંતે તેની ઘણી મોટી અસર પાક પર થાય છે.

પૂર્ણા, અંબિકા, ખાપરી અને ગિરા ડાંગ પ્રદેશની મુખ્ય નદીઓ છે. તેનાથી આ સંપૂર્ણ વિસ્તાર ચાર વિભાગોમાં વહેંચાયેલો છે. નદીઓ પશ્ચિમવાહીની છે. ભારે વરસાદના પાણીના જોરદાર પ્રવાહથી નદીઓમાં ઘણી જગ્યાએ ઉંડા કોતરો નિર્માણ થયાં છે. જેથી એક ભાગમાંથી બીજા ભાગમાં જવું ઘણું મુશ્કેલ ભર્યુ બન્યું છે.

ખાપરી નદી ડાંગના બે સરખા ભાગ કરી ડુંગરડા નજીક અંબિકાને મળે છે. અંબિકા નદી સાપુતારાની પર્વત હારોની તળેટીમાં તથા પૂર્ણા, ચીંચલી નજીકની ખીણોમાં ઉદ્‌ગમ પામે છે અને અનુક્રમે બીલીમોરા તથા નવસારી નજીક અરબી સમુદ્રને મળે છે.

આ લોકમાતાઓ જુલાઈની મધ્યમાં પૂરથી છલકાતી હોય છે ત્યારે માર્ચથી જૂન દરમ્યાન પીવાનું પુરતુ પાણી પણ આપી શકતી નથી.

વરસાદના દિવસો સિવાય આ જિલ્લાની હવા સુકી હોય છે. જિલ્લાનો સરાસરી વરસાદ ૨૩,૦૮૯ મિ.મી. હતો. (૧૯૮૨ થી ૧૯૯૧) લગભગ ૯૫ ટકા વરસાદ વાયવ્ય-મોન્સુન દ્વારા મળે છે. વરસમાં સરેરાશ ૮૫ દિવસ વરસાદ પડે છે. મે મહિનામાં સખત ગરમી હોય છે. (વનવિભાગ ગુ.રા. ૨૦૦૫)

કુદરતે જયાં છુટે હાથે સૌંદર્ય વેર્યુ છે એવા નયનરમ્ય વનરાજીથી છલકાતાં, આંખોને ઠારી દેતા મનભાવન, હૃદય ગમ્ય એ પ્રદેશનું નામ છે 'ડાંગ'. ડાંગ એટલે જંગલ. ડાંગ એક સળંગ જંગલ છે. જંગલ ડાંગની એક અમૂલ્ય મૂડી છે. આખાય ગુજરાતમાં ડાંગનું જંગલ સમૃદ્ધ જંગલ ગણાય છે.

જિલ્લાના કુલ ૧૭૭૮ ચોરસ કિલોમીટર્સ વિસ્તારમાંથી ૧૦૩૫.૩૫૨૧ ચોરસ કિલાકમીટર્સ વિસ્તાર તો જંગલમય છે.

ડાંગના પશ્ચિમ વિસ્તારનો થોડો ભાગ તથા મધ્ય ડાંગ એક અતિગાઢ જંગલ છે. પૂર્ણા નદી તથા આજુબાજુના વિસ્તારમાં ઉત્કૃષ્ટ પ્રકારના ઈમારતી લાકડાં થાય છે. આજ વિસ્તારમાં ઉત્તમ પ્રકારના કાંટસ વાંસ (બાંબુ) પણ થાય છે. પૂર્ણા નદીની માટી ઈમારતી લાકડાઓના જંગલ માટે અતિશય અનુકૂળ છે.

ડાંગમાં સાગ ઉપરાંત અન્ય ઝાડોમાં સાદડ, સીસમ, હળદરવો, બહેડા, કલમ, તણછ, પીપળ, ખાખર, મોદળ, ખેર, ગરમાળ, કાંટી, આમળાં, મહુડા વગેરે વિવિધ પ્રકારના વૃક્ષો થાય છે.

આ જંગલોમાં જે લોકો ઈ.સ.૧૯૬૭ સુધી ખેતી કરતા હોય તેમને ઈ.સ.૧૯૭૦ માં ભારત સરકારે માલિકી હક્કો આપેલા છે.ત્યારબાદ હમણાં જ ડિસેમ્બર ૨૦૦૬ સુધીના માલીકી હક્કો એનાયત થનાર છે.

આજે વિકસતા રાષ્ટ્રોમાં, પ્રદેશોમાં ''માનવ સર્જિત યંત્ર ઉદ્યોગો માનવ પ્રગતિની ધરી સમાન છે'' તેમ કુદરતે સર્જેલા આ નૈસર્ગિક જંગલ ઉદ્યોગ અહીંનું જંગલ આદિવાસીઓ માટે પ્રગતિનું દ્વાર છે. એ એમની જીવન જરૂરીયાતો પુરી પાડે છે. આ જંગલ રૂપી ધરી પર જ આદિવાસીઓનું જીવનચક્ર ફરે છે. ખરે આ જંગલ જ એમને જીવન બક્ષે, કુદરતના ખોળે ઉછેર, સાચેસાચ જંગલજ તેમના માતા અને પિતા છે !

પુષ્પક વિમાનમાં અયોધ્યા પાછા ફરતાં રામચન્દ્રજી જે તીર્થોના દર્શન કરે છે તેમાં કર્ણાટક, મહારાષ્ટ્ર મૂક્યા પછી નર્મદા નદી અને તેની દક્ષિણે દંડકારણ્ય પણ છે એમ કહેવાયું, આ દંડકારણ્ય તે જ આજનું ડાંગ. આમ ગોદાવરીથી ઉત્તર તીરે ગુજરાતની સરહદ અંકાઈ છે.

પ્રાચીન કાળથી 'લાટ' એટલે દક્ષિણ ગુજરાતમાં જ આ ભૂમિનો સમાવેશ થયો છે. દક્ષિણ ગુજરાતની બ્રાહ્મણોને દાન કરેલી ભૂમિમાં ન રહેવાય એમ માની ભગવાન પરશુરામે દક્ષિણ પ્રયાણ દરમિયાન સાલ્હેરના ગિરિરાજ ઉપર જ જીવનના અંતનો વિસામો કરેલો એવી લોક-કથા આજે પણ આ પ્રદેશમાં પ્રચલિત છે. જેની નિશાની તરીકે સાલ્હેરના ગિરિશિખર ઉપર ભગવાન પરશુરામની સમાધિ આજે પણ જોવા મળે છે.

વર્ષોથી આ ભૂમિમાં શબરીના વંશજો રહેલા છે. શ્રી રામચંદ્રજીને એઠા નહીં પણ ચાખેલા બોર આપવાવાળી શબરી આજે પણ રામ કાલીન સ્મૃતિ જાગૃત કરવા હાજર છે. આજના ડાંગનો બરડીપાડાથી સુબીર સુધીનો ભાગ એજ શબરીવન-શબરી પ્રદેશ હશે એમ ગુજરાતના લોકસેવક શ્રી જુગતરામભાઈએ પણ ત્યાંના પ્રવાસ દરમ્યાન થયેલા અનુભવથી લખ્યું છે, આજે પણ આવીજ દૃઢ માન્યતા પ્રચલિત છે. રામ-સીતા તથા રામાયણ કાલીન અન્ય વીરોના નામો પરથી આજે પણ અહીંના વનવાસી પ્રજા પોતાના છોકરા છોકરીઓનાં નામ પાડવામાં ઘણું અભિમાન ધરાવે છે. એટલું જ નહીં, આજે પણ થાળી નામના વાદ્યો પર ડાંગી રામાયણ વગાડવામાં આવે છે, રામાયણની કથા કહેવામાં આવે છે. રામની સ્મૃતિ આ જંગલમય પ્રદેશને પાવન કરે છે.

**ડાંગી રાજાઓ તથા નાયકો**

| | | |
|---|---|---|
| ૧. | ગાઢવી | રાજા |
| ૨. | દહેર | રાજા |
| ૩. | લિંગા | રાજા |
| ૪. | વાસુરણા (વાસુર્ણા) | રાજા |
| ૫. | પિંપરી | રાજા |
| ૬. | કિરલી | નાયક |
| ૭. | શિવબારા | નાયક |
| ૮. | ચિંચલી | નાયક |
| ૯. | અવચર | નાયક |
| ૧૦. | પળસવિહીર | નાયક |

| | | |
|---|---|---|
| ૧૧. | પિપલાઈદેવી | નાયક |
| ૧૨. | વાડિયાવન | નાયક |
| ૧૩. | બિલબારી | નાયક |
| ૧૪. | ઝરી-ગારખડી | નાયક |

ડાંગમાં આ રાજાઓમાં સૌથી વધારે સાલીયાણું ગાઢવીના રાજાને મળે છે.

ભારતના તમામ રાજયોના વિલિનીકરણ કરતીવખતે સરદાર વલ્લભભાઈ પટેલે ડાંગના લોકોની પરિસ્થિતિનો ખ્યાલ રાખી ખાસ અપવાદ તરીકે ડાંગના ત્યાં સુધીના કે અંગ્રેજ વહીવટે ડાંગની આવક જાવકના પરિણામે અલગ રાખેલા ફંડને ડાંગ ફંડ તરીકે અલગ રાખવાનું અને તેનો ઉપયોગ ડાંગના વિકાસ માટે જ કરવાનું પણ નક્કી કર્યું હતું. આ ફંડથી જ ડાંગના સ્વરાજય પછી ડાંગના વિકાસે ઘણી હરણફાળો ભરી.

**આદિવાસી જાતિ – પ્રવાહ :**

ડાંગ પ્રદેશના નિસર્ગે લોક-માનસ પર ઘણી ઊંડી અસર પાડી છે. ડુંગરાળ પ્રદેશને કારણે અહીંની આદિવાસી પ્રજા અત્યંત ખડતલ બની ગઈ છે. એમનામાં આવેલી સહનશીલતા, વિકટ પરિસ્થિતિનું આપેલ એક અણમોલ વારસો છે. ગાઢ જંગલ અને હિંસક પશુઓની વચ્ચે રહેતા આ ડાંગી આદિવાસીઓએ પોતાના નીતિ નિયમો અને સંસ્કૃતિ સર્જી છે. આજે આપણે જે, ડાંગની એક વિશિષ્ટ સંસ્કૃતિ જોઈ રહ્યા છીએ તે, નિર્માણ થવા માટે હજારો વરસો વિતિ ગયાં છે. પરંપરા, શ્રદ્ધા, માન્યતાઓ અને વાંશિક સંબંધોને આજુબાજુની પરિસ્થિતિએ વખતોવખત વળાંક આપ્યો છે.

ડાંગના આદિવાસી-જાતિ પ્રવાહમાં, ખાસ કરીને ભીલ, કુણબી અને વારલી આ ત્રણ જાતિ-પ્રવાહો વધારે પ્રબળ છે. પરંપરાને વળગી રહેલી, ચુસ્ત ભીલ જાતિએ બાહ્ય પરિબળોનો વિરોધ કરી વસવાટો છોડ્યા નહીં. બલ્કે પોતાની સંસ્કૃતિ જાળવી રાખી; ત્યારે નવા વિચારોને આવકારી અને સ્વાગત કરી કુણબીઓએ પોતાની આર્થિક ઉન્નતિ કરી લીધી.

ઈ.સ.૧૯૯૧માં થયેલી વસતિ-ગણતરી મુજબ સંખ્યાની દ્રષ્ટિએ કુણબી જાતિ પ્રથમ, પછી ભીલ જાતિ અને ત્રીજા ક્રમે કોંકણાં જાતિ આવે છે.

# ડાંગમાં અનુસૂચિત જનજાતિવાર વસતિ

| ક્રમ | અનુસૂચિત જનજાતિના નામ | વસતિ | જિલ્લાની કુલ જનજાતિ વસતિમાં ટકાવારી |
|---|---|---|---|
| ૧ | કુલ અનુ.જનજાતિ | ૧,૩૫,૩૮૬ | ૧૦૦.૦૦ |
| ૨. | બરડા | ૪ | ૦.૦ |
| ૩. | બાવચા | ૨૪ | ૦.૦ |
| ૪. | ભીલ | ૩૩,૩૮૨ | ૨૪.૭ |
| ૫. | ચોધરા | ૬૧૫ | ૦.૫ |
| ૬. | ધાનકા | ૩૩ | ૦.૦ |
| ૭. | ધોડીયા | ૨,૧૬૪ | ૧.૬ |
| ૮. | હળપતિ, દૂબળા | ૧૬૧ | ૦.૧ |
| ૯. | ગામીત | ૬,૪૯૩ | ૪.૮ |
| ૧૦. | ગોન્ડ, રાજગોન્ડ | ૩ | ૦.૦ |
| ૧૧. | કાથોડી | ૩૯૩ | ૧૬.૦ |
| ૧૨. | કોંકણા, કુંકણા | ૨૧,૬૯૪ | ૧૬.૦ |
| ૧૩. | કોલઘા | ૧૩૮ | ૦.૧ |
| ૧૪. | કુનબી | ૪૮,૩૫૮ | ૩૫.૭ |
| ૧૫. | નાયકડા | ૫૫૮ | ૦.૪ |
| ૧૬. | પઢાર | ૧૭ | ૦.૦ |
| ૧૭. | પારધી | ૨૨ | ૦.૦ |
| ૧૮. | પટેલીયા | ૧૮ | ૦.૦ |
| ૧૯. | રાઠવા | ૨૫ | ૦.૦ |
| ૨૦. | વારલી | ૨૦,૧૦૬ | ૧૪.૯ |
| ૨૧. | વિટોળીયા, કોટવાળીયા | ૯૭૨ | ૦.૭ |
| ૨૨. | બિનવર્ગીકૃત | ૨૦૬ | ૦.૨ |

સ્ત્રોત ૧૯૯૧ સેન્સસ

## અભ્યાસમાં આવરી લીધેલ ગામોનો પરિચય

ડાંગ જિલ્લાનું મુખ્ય મથક આહવા છે, જે જિલ્લા અને તાલુકાનું મુખ્ય મથક છે. આ જિલ્લામા ભીલોની વસતિનું પ્રભુત્વ ધરાવતા ગામોમાંથી ભીલોની વધુ વસતિ ધરાવતા ૧૨ ગામોને અભ્યાસક્ષેત્ર તરીકે પસંદ કરવામાં આવ્યા છે. આ ગામોની પસંદગીનું ધોરણ જિલ્લા મથકથી ગામનું અંતર ગણવામાં આવ્યું છે. ૧૦ થી ૨૦ કિલોમીટર, ૨૧ થી ૩૦ કિલોમીટર અને ૩૧ કરતા વધારે કિલોમીટર અંતર ધરાવતા ગામોને પસંદ કરવામાં આવેલ છે. આ રીતે ત્રણ ઝુમખા પાડી દરેક ઝુમખામાં ચાર-ચાર ગામો પસંદ કરવામાં આવ્યા છે. દરેક ગામમાંથી ૩૦-૩૦ કુટુંબોને પસંદ કરી તેઓને અભ્યાસ હેઠળ આવરી લેવામાં આવેલ છે. ગામોના નામ નીચે મુજબ છે. ૧૦ થી ૨૦ કિ.મી. અંતરના ગામોને નજીકના ગામો, ૨૧ થી ૩૦ કિ.મી.ના અંતરના ગામોને મધ્યમ દુરીના ગામો અને ૩૧ કિ.મી.ના ગામોને દુરના ગામો તરીકે અત્રે દર્શાવેલ છે. (જે આગળ અભ્યાસમાં પણ નજીકના ગામો- મધ્યમદૂરીના ગામો અને દૂરના ગામોના નામે દર્શાવેલ છે.)

૧૦ થી ૨૦ કિ.મી.ના ગામો (નજીકના ગામો)

- દેવદહાડ
- ગાયખાસ
- લીંગા
- વાસુર્ણા
- ૨૧ થી ૩૦ કિ.મી. (મધ્યમ દુરીના ગામો)
- અંજનકુંડ
- ચીંચપાડા (ગલકુંડ સેજા)
- કોસંબીયા
- ગાઢવી
- ૩૧થી વધારે કિ.મી. (દુરના ગામો)
- ભુજાડ
- દહેર
- ગીરમાળ
- પીંપરી

આ ગામોની પસંદગીમાં ડાંગના રાજા તરીકે ગણતા ડાંગના પાંચ ભીલ રાજાઓના ગામોને સહેતુક લેવામાં આવ્યા છે. (લીંગા, વાસુર્ણા, ગાઢવી, દહેર અને પીંપરી) જે ગામોમાં આજે પણ ભીલોનું અખંડિત વર્ચસ્વ અને આધિપત્ય વસતિના જોર પર જોવા મળે છે. બધા જ ગામોને ભીલોની વસતિ અને અંતરના નિર્ધારિલ ચલો પર પસંદ કરેલ છે.

અભ્યાસ ક્ષેત્રમાં આવરી લીધેલા નજીકના ગામોમાં ૪ ગામની અભ્યાસ માટે પસંદગી કરવામાં આવી છે. જે જિલ્લા મથકેથી લગભગ ૧૦ થી ૨૦ કિ.મી. સુધીના અંતરમાં આવી જાય છે.આ ગામોમાં દાવદહડ, વાસુર્ણા, લીંગા અને ગાયખાસનો સમાવેશ થાય છે.

## (૧) દેવદહાડ :

જિલ્લા મથકેથી ૧૭ કિ.મી. દૂર આવેલું ગામ છે. ગામની કુલ વસ્તી ૫૩૭ની છે. જેમાં પુરુષ ૨૭૪ છે. સ્ત્રીઓ ૨૬૩ છે. ગામમાં કુલ ૧૧૦ કુટુંબો વસવાટ કરે છે. તેમાંથી લગભગ ૪૦ કુટુંબો ડાંગી ભીલ જાતિના છે. ગામમાં સ્ત્રીઓનું પ્રમાણ ૧,૦૦૦ પુરુષોએ ૯૬૦ સ્ત્રીઓ છે. ગામમાં સાક્ષરતાનું પ્રમાણ ૫૧.૬૭% છે જેમાં પુરુષોમાં ૧૨૩ અને સ્ત્રીઓમાં ૮૬ સ્ત્રીઓ સાક્ષર જોવા મળે છે. (ગામમાં કુટુંબકદ ૫નું જોવા મળે છે.) ગામમાં કુલ કામ કરનારાની સંખ્યા ૩૨૨ ની છે. જેમાં ૧૬૫ પુરુષો અને ૧૫૭ સ્રીઓ છે. ગામમાં ખેડૂતોની સંખ્યા ૧૧ છે. જેમાં ૮ પુરુષો છે. ૩ સ્ત્રી ખેડૂતો છે. જયારે ખેત મજૂરી કરનારા લોકોની સંખ્યા ૩૦૪ છે. જેમાં પુરુષોની સંખ્યા ૧૫૦ છે અને સ્ત્રીઓની સંખ્યા ૧૫૪ છે.

આ ગામનો કુલ વિસ્તાર ૨૪૮.૦ હેકટરનો છે. ગામમાં પ્રાથમિક શાળાની સુવિધા ઉપલબ્ધ છે. ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સુવિધા ન હોઈ આ માટે ૧૦ કિ.મી. દૂર જવુ પડે છે. ગામમાં આરોગ્ય માટે બીજી કોઈ સુવિધા ઉપલબ્ધ નથી. જેથી તેઓ મોટેભાગે આહવા પર આધારિત રહેવું પડે છે. ગામમાં પીવાના પાણી માટે હેન્ડપંપની સુવિધા જોવા મળે છે. ગામમાં વાહનવ્યવહારની નહીવત સુવિધા જોવા મળે છે. ગામની કુલ જમીનમાંથી પિયત જમીન ૩.૨૦ હેકટર, બિનપિયત જમીન ૭૭.૨૪ હેકટર, ખરાબાની જમીન ૧૯.૪૭ હેકટર અનેજંગલ ખાતાનીજમીન ૧૦૯.૨૮ હેકટર છે.

## (૨) વાસુર્ણા :

આ ગામ જિલ્લા મથકેથી ૧૩ કી.મી. દૂર આવેલું ગામ છે. ગામની કુલવસ્તી ૮૨૬ છે. જેમાં ૪૧૦ પુરુષ અને ૪૧૬ સ્ત્રીઓ છે. ગામમાં કુલ ૧૭૮ કુટુંબો વસવાટ કરે છે. જેમાંથી ૧૧૦થી વધારે ભીલ જાતિના કુટુંબો વસવાટ કરે છે. ગામમાં શિક્ષણનું પ્રમાણ ૩૬.૩% છે. જેમાં પુરુષોમાં ૪૫.૫% અને સ્ત્રીઓમાં ૨૭.૫% જોવા મળે છે. ગામમાં કામ કરનારાઓની સંખ્યા ૫૦૨ છે. જેમાં મુખ્ય કામ કરનારા ૩૨૩ અને ગૌણ કામ કરનાર ૧૭૯ લોકો જોવા મળે છે. ખેતી કરતા ૪૩૧ લોકો જોવા મળે છે. જેમાં ૨૧૦ પુરુષો અને ૨૨૧ સ્ત્રીઓ છે. જયારે ખેત મજૂરી કરનાર ૬૩ લોકો જોવા મળે છે જેમાં ૨૪ પુરુષો અને ૩૯ સ્ત્રીઓ છે.

ગામમાં પ્રાથમિક શાળાની સુવિધા ઉપલબ્ધ છે. ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સુવિધા નથી. આ માટે ૧૦ કિ.મી. દૂર જવુ પડે છે. ગામમાં આરોગ્ય માટે બીજી કોઈ સુવિધા ઉપલબ્ધ નથી. આ માટે તેમને આહવા જવુ પડે છે. ગામમાં પીવાના પાણી માટે હેન્ડપંપની સુવિધા જોવા મળે છે. ગામમાં

વાહનવ્યવહારની નહીંવત સુવિધા જોવા મળે છે. ગામની કુલ જમીનમાંથી બીન પીયત જમીન ૩૬૦.૫૯ હેકટર ખરાબાનીજમીન ૧૬૨ હેકટર ખેતી સિવાયની જમીન ૧૩૧.૪૦ હેકટર જોવા મળે છે. જંગલની જમીન ૨૧૦૪.૧૫ હેકટર જોવા મળે છે. આ ગામમાં ભીલ રાજાનો વસવાટ છે, જેની પાસે થોડી જમીન અન્યોની સરખામણીએ વધારે જોવા મળે છે, છતાં આર્થિક રીતે દુર્બળ છે. સામાજિક દરજ્જો આજે પણ ઉંચો જોવા મળે છે.

**(૩) લીંગા :**

જિલ્લા મથકેથી ૧૮ કિ.મી. દૂર આવેલુ ગામ છે. ગામની કુલ વસ્તી ૯૩૮ની છે. જેમાં ૫૧૦ પુરુષો અને ૪૨૮ સ્ત્રીઓ છે. ગામમાં કુલ ૧૫૬ કુટુંબો વસવાટ કરે છે. જેમાંથી  ૮૫થી વધુ કુટુંબો ડાંગી ભીલ જાતિના છે. ગામમાં શિક્ષણનું પ્રમાણ ૬૮.૯% છે. જેમાં પુરુષોમાં આ પ્રમાણ ૭૮.૫% છે અને સ્ત્રીઓમાં ૫૭.૪% જોવા મળે છે. ગામમાં કુલ કામ કરનારાઓની સંખ્યા ૪૧૩ છે. જેમાં મુખ્ય કામ કરનારા ૨૧૯ અને માર્જીનલ ૧૪ કામ કરનાર ૧૯૪ લોકો જોવા મળે છે. ગામમાં ખેતી કરતા ૨૧૬ લોકો જોવા મળે છે. જેમાં ૧૩૧ પુરુષો અને ૮૫ સ્ત્રીઓ છે. જયારે ખેત મજૂરી કરતા ૧૫૩ છે, જેમાં પુરુષોની સંખ્યા ૪૭ છે અને ૧૦૬ સ્ત્રીઓ  છે.

ગામનો કુલ વિસ્તાર ૧૩૯૨.૯ હેકટરનો છે. ગામમાં પ્રાથમિક શાળાની સુવિધા ઉપલબ્ધ છે. માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાની પણ સુવિધા છે. છાત્રાલયની પણ સુવિધા ઉપલબ્ધ છે. ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સુવિધા નથી. આ માટે ૧૦ કિ.મી. દૂર જવું પડે છે.  ગામમાં  આરોગ્ય માટે બીજી કોઈ સુવિધા ઉપલબ્ધ નથી. આ માટે તેમને આહવા જવુ પડે છે. ગામમાં પીવાના પાણી માટે હેન્ડપંપની સુવિધા જોવા મળે છે. ગામમાં વાહનવ્યવહારની નહીવત સુવિધા જોવા મળે છે. ગામની કુલ જમીન  ૨૨૦.૦૦ હેક્ટર છે, જેમાંથી પીયત જમીન ૯.૯૪ હેક્ટર, ખરાબાની જમીન ૬૨.૧૦ હેકટર, ખેતી સિવાયની જમીન ૭૨.૬૯ હેકટર અને  જંગલની જમીન ૧૦૨૮.૨૧ હેકટર છે.

ગામની નજીકમાં નવધાનો મોટો દેવ આવેલો છે. આ ગામના લોકો ત્યાં બાધા માનતા કરવા જાય છે.ગામના ભીલો ડાંગમાં સૂર્યવંશી રાજા તરીકે ઓળખાય છે, ગામમાં તેઓનું આજે પણ તેઓનું વર્ચસ્વ છે. થોડા ભીલોએ ખ્રિસ્તી ધર્મ અપનાવેલ છે તેમ પણ જાણવા મળ્યું હતું.

**(૪) ગાયખાસ :**

આ ગામ જિલ્લા મથકેથી ૧૬ કી.મી. દૂર આવેલું ગામ છે. ગામની કુલ વસ્તી ૪૨૭ની છે. જેમાં પુરુષોની સંખ્યા ૧૯૭ અને સ્ત્રીઓની સંખ્યા ૨૩૦ છે. ગામમા કુલ ૭૪ કુટુંબો વસવાટ કરે છે. તેમાંથી લગભગ ૪૦ કુટુંબોથી વધુ ડાંગી ભીલ જાતિના છે. આ ગામમાં સ્ત્રીઓનું પ્રમાણ ૧૦૦૦ પુરુષોએ ૧૧૬૮ સ્ત્રીઓ છે. ગામમાં સાક્ષરતાનું પ્રમાણ ૪૧.૨% છે. જેમાં પુરુષોમાં ૫૧.૦% અને સ્ત્રીઓમાં

૩૨.૭% સાક્ષર જોવા મળે છે. (ગામમાં કુટુંબકદ ૬.૦ નું જોવા મળે છે.) ગામમાં કુલ કામ કરનારની સંખ્યા ૨૨૫ની છે.જેમાં ૧૦૮ પુરુષો અને ૧૧૭ સ્ત્રીઓ છે. ગામમાં ખેડૂતોની સંખ્યા ૨૦૯ છે, જેમાં ૯૭ પુરુષો છે અને સ્ત્રી ખેડૂતોની સંખ્યા ૧૧૨ છે. જયારે ખેતીમજૂરી કરનારા લોકોની સંખ્યા ૭ છે જેમાં ૪ પુરુષો અને ૩ સ્ત્રીઓ ખેતીમજૂરી કરે છે.

ગામનો કુલ વિસ્તાર ૧૯૬.૪ હેક્ટર નો છે. ગામમાં પ્રાથમિક શાળાની સુવિધા ઉપલબ્ધ છે. ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સુવિધા નથી. આ માટે ૧૦ કી.મી. દૂર જવુ પડે છે. ગામમાં આરોગ્ય માટે બીજી કોઈ સુવિધા ઉપલબ્ધ નથી. આ માટે તેમને આહવા જવું પડે છે. ગામમાં પીવાના પાણી માટે હેન્ડપંપની સુવિધા જોવા મળે છે. ગામમાં બીનપીયત જમીન ૯૨.૬૭ હેક્ટર, ખરાબાની જમીન ૫૨.૭૮ હેકટર અને ખેતી સિવાયની જમીન ૪.૩૪ હેક્ટર છે. જંગલની જમીન ૪૬.૬૨ હેકટર જોવા મળે છે.

અભ્યાસક્ષેત્રમાં આવરી લીધેલા મધ્યમ દૂરીના ગામોમાં ૪ ગામનો અભ્યાસ માટે પસંદગી કરવામાં આવ્યો છે. જે જિલ્લા મથકેથી લગભગ ૨૧ થી ૩૦ કી.મી. સુધીના અંતરમાં આવી જાય છે. આ ગામોમાં કોસંબીયા, અંજનકુંડ, ચીંચપાડા (ગલુકંડ સેજા) અને ગાઢવીનો સમાવેશ થાય છે.

**(૧) કોસંબીયા :**

જિલ્લા મથકેથી ૨૬ કિ.મી. દૂર આવેલું ગામ છે. ગામની કુલ વસ્તી ૨૮૫ની છે. જેમાં ૧૪૦ પુરુષો અને ૧૪૫ સ્ત્રીઓ છે. ગામમાં કુલ ૬૯ કુટુંબો વસવાટ કરે છે. તેમાંથી લગભગ ૪૦ કુટુંબો ડાંગી ભીલ જાતિના છે. ગામમાં સ્ત્રીઓનું પ્રમાણ ૧૦૦૦ પુરુષોએ ૧૦૩૬ સ્ત્રીઓ છે. ગામમાં સાક્ષરતાનું પ્રમાણ ૨૫.૫% છે, જેમાં પુરુષોમાં ૩૩.૦% અને સ્ત્રીઓમાં માત્ર ૧૮.૬% સ્ત્રીઓ સાક્ષર જોવા મળે છે. (ગામમાં કુટુંબકદ ૪.૦ નું જોવા મળેલ છે.) ગામમાં કુલ કામ કરનારાની સંખ્યા ૧૬૧ની છે, જેમાં ૮૦ પુરુષો અને ૮૧ સ્ત્રીઓ છે. ગામમાં ખેડૂતોની સંખ્યા ૬૨ છે. જેમાં ૬૧ પુરુષો છે અને માત્ર ૧ જ સ્ત્રી ખેડૂત છે. જયારે ખેતમજૂરી કરનારા લોકોની સંખ્યા ૯૬ છે. જેમાં માત્ર ૧૭ પુરુષો ખેતમજૂરી કરે છે, જયારે ૭૯ સ્ત્રીઓ ખેતમજૂરી કરે છે.

ગામનો કુલ વિસ્તાર ૩૫૦ હેકટરનો છે. ગામમાં પ્રાથમિક શાળાની સુવિધા ઉપલબ્ધ છે. ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સુવિધા નથી આ માટે ૫ કિ.મી. દૂર જવું પડે છે. ગામમાં આરોગ્ય માટે બીજી કોઈ સુવિધા ઉપલબ્ધ નથી. આ માટે તેમને આહવા જવું પડે છે. ગામમાં પીવાના પાણીમાટે હેન્ડપંપની સુવિધા જોવા મળે છે. ગામમાં વાહનવ્યવહારની નહીંવત સુવિધા જોવા મળે છે. ગામની કુલ જમીનમાંથી બિનપિયત જમીન ૨૧૪.૬૦ હેકટર છે, જયારે ખરાબાની જમીન ૯.૦૨ હેકટર અને ખેતી સિવાયની જમીન ૩૪.૧૧ હેકટર જોવા મળે છે.

## (૨) અંજનકુંડ :

જિલ્લા મથકેથી ૨૪ કી.મી. દૂર આવેલું ગામ છે. ગામની કુલ વસતિ ૨૨૭ની છે. જેમાં ૧૧૪ પુરુષો અને ૧૧૩ સ્ત્રીઓ છે. ગામમાં કુલ ૫૪ કુટુંબો વસવાટ કરે છે. જેમાંથી ૪૦ ઉપર માત્ર ભીલ જાતિના કુટુંબો વસવાટ કરે છે. ગામમાં શિક્ષણનું પ્રમાણ ૩૯.૫% છે, જેમાં પુરુષોમાં આ પ્રમાણ ૪૪.૭% અને સ્ત્રીઓમાં ૩૫.૦% જોવા મળે છે. ગામમાં કુલ કામ કરનારાઓની સંખ્યા ૧૨૪ છે. જેમાં મુખ્ય કામ કરનારા ૬૧ અને માર્જીનલ કામ કરનારા ૬૩ લોકો જોવા મળે છે. ગામમાં ખેતી કરતા ૭૦ લોકો જોવા મળે છે. જેમાં ૩૪ પુરુષો અને ૩૬ સ્ત્રીઓ છે, જયારે ખેતમજૂરી કરતા માત્ર ૩૩ જ છે, જેમાં ૧૫ પુરુષો અને ૧૮ સ્ત્રીઓ છે.

ગામનો કુલ વિસ્તાર ૭૭૨.૫ હેકટર છે. ગામમાં પ્રાથમિક શાળા આવેલી છે. ગામમાં આરોગ્ય માટેની સુવિધા બિલકુલ જોવા મળતી નથી. જો કોઈ વધુ બિમાર હોય તો તેને તાલુકા સ્થળે જ લાવવામાં આવે છે. કારણ કે બીજી કોઈ પણ જગ્યાએ આરોગ્ય માટે પૂરતી સુવિધાઓ ઉપલબ્ધ નથી. ગામમાં પીવાના પાણી માટે હેન્ડપંપ, નદીનો ઉપયોગ લોકો કરતા જોવા મળ્યા છે. ગામની કુલ જમીનમાંથી બિનપિયત જમીન ૬૩.૪૫ હેકટર જોવા મળે છે, જયારે ખરાબાની જમીન ૬.૫૭ હેકટર અને ખેડી ન શકાય તેવી ખેતીના ઉપયોગ સિવાયની જમીન ૧૭.૬૦ એકર જોવા મળે છે. જયારે જંગલ ખાતાની જમીન ૬૮૪.૭૭ હેકટર જોવા મળે છે.

## (૩) ચીંચપાડા (ગલકુંડ સેજા) :

જિલ્લા મથકેથી ૨૭ કી.મી. દૂર આવેલું ગામ છે. ગામમાં કુલ ૬૮ કુટુંબો વસવાટ કરે છે. જેમાં ૭૦% ઉપરના ભીલ જાતિના કુટુંબો જોવા મળે છે. ગામની કુલ વસતિ ૪૩૭ની છે જેમાં ૨૩૨ પુરુષો અને ૨૦૫ સ્ત્રીઓ છે. ગામમાં ૦ થી ૬ વર્ષના બાળકોનુંમાં સ્ત્રી-પુરુષ પ્રમાણ ૧૦૦૦એ ૧૦૩૭ છે. જયારે કુટુંબકદ ૬.૦નું જોવા મળેલ છે. ગામમાં સાક્ષરતાનું પ્રમાણ ૭૭.૭% જોવા મળે છે. તેનું મુખ્ય કારણ ગામમાં સાક્ષરતા વિષે લોકોની જાગૃતતા વધારે છે. ગામમાં કુલ કામ કરનારાની સંખ્યા ૧૮૯ છે. જેમાં ૯૩ પુરુષો અને સ્ત્રીઓ ૯૬ છે. મુખ્ય કામ કરનારા ૧૪૨ લોકો જોવા મળે છે, જયારે માર્જીનલ કામ કરનારા ૪૭ લોકો જોવા મળે છે. ગામમાં ૮૦ ખેડૂતો જોવા મળે છે. ખેતમજૂરી કરતા ૫૮ જોવા મળે છે. જેમાં ૨૩ પુરુષો અને ૩૫ સ્ત્રીઓ ખેતમજૂરી કરતી જોવા મળે છે. ગૃહઉદ્યોગ સાથે સંકળાયેલા માત્ર ૯ વ્યક્તિ જ જોવા મળે છે, જયારે બીજા કામ સાથે સંકળાયેલા અથવા અન્ય કામ કરતા ૪૨ વ્યક્તિ જોવા મળે છે.

ગામમાં પ્રાથમિક શાળાની સુવિધા ઉપલબ્ધ છે, જયારે માધ્યમિક શાળાની સુવિધા જોવા મળતી નથી. ગામમાં આરોગ્ય માટેની સુવિધા જોઈએ તો ગામમાં પી.એચ.સી. કે દવાખાનાની સુવિધા ઉપલબ્ધ

નથી. આરોગ્યની સુવિધા માટે લોકોએ ૧૦ કી.મી.થી વધારે દુર જવું પડે છે. જો વધુ બીમારી હોય તો તાલુકા સ્થળે જ આવવું પડે છે. ગામની કુલ જમીન ૨૫૭.૩ હેકટર છે. બિનપિયત જમીન ૧૪૭.૪૬ હેકટર, ખરાબાની જમીન ૨૪.૧૩ હેકટર અને ખેતી સિવાયના ઉપયોગમાં લેવાતી જમીન ૧૯.૮૫ હેકટર જોવા મળે છે.

**(૪) ગાઢવી :**

જિલ્લા મથકે ૨૧ કિ.મી. દૂર આવેલું ગામ છે. ગામની કુલ વસતિ ૨૨૦૮ની છે, જેમાં ૧૦૯૭ પુરુષો અને ૧૧૧૧ સ્ત્રીઓ છે. ગામમાં કુલ ૪૦૬ કુટુંબો વસવાટ કરે છે. ગામમાં ૭૫% થી વધુ કુટુંબો ભીલ જાતિના છે. આજે પણ ભીલોનો રાજા ગાઢવીમાં વર્ચસ્વ ધરાવે છે. ગામમાં સ્ત્રીઓનું પ્રમાણ ૧૦૦૦ પુરુષોએ ૧૦૧૩ સ્ત્રીઓ છે. કુટુંબકદ જોઈએ તો સરેરાશ ૫નું જોવા મળે છે. ગામમાં કુલ કામ કરનારાની સંખ્યા જોઈએ તો ૧૦૩૯ છે, જેમાં ૫૧૦ પુરુષો અને ૫૨૯ સ્ત્રીઓ છે. ગામમાં ખેતી કરતા ૭૯૮ વ્યક્તિ જોવા મળે છે, જયારે ખેતમજૂરી કરતા ૨૧૧ વ્યક્તિ જોવા મળે છે. જયારે અન્ય કામ કરનારાની સંખ્યા ૩૦ છે. આ પરથી કહી શકાય છે કે આજે પણ ભીલ રાજાઓ પાસે કે તેના વંશજો પાસે પોતાની માલિકીની જમીન જોવા મળે છે.

ગામમાં પ્રાથમિક શાળાની સુવિધા જોવા મળે છે. જયારે માધ્યમિક શિક્ષણ માટે આહવા જવું પડે છે. ગામમાં પી.એચ.સી. સબ સેન્ટરની સુવિધા જોવા મળે છે. ગામમાં કુટુંબ કલ્યાણ કેન્દ્ર પણ જોવા મળે છે. પીવાના પાણી માટેની સુવિધામાં હેન્ડપંપ, કૂવા, નળ વગેરે જોવા મળે છે. ગામમાં બસની સુવિધા પણ ઉપલબ્ધ છે. ગામનો કુલ વિસ્તાર ૧૦૪૯.૭ હેકટરનો છે. જેમાંથી બિનપિયત જમીન ૭૬૨.૭૭ હેકટર, ખરાબાની જમીન ૨૩.૧૩ હેકટર અને ખેતી સિવાયના ઉપયોગમાં લીધેલી જમીન (એન.એ.)ની જમીન ૨૬૩.૭૫ હેકટર જોવા મળે છે.

ડાંગમાં જે રાજાઓ હતા તેમાંથી ગાઢવીનો રાજા સૌથી મોટો ગણાતો હતો. આમ મધ્યમદુરીના જે ગામો અભ્યાસ માટે પસંદ કરવામા આવ્યા છે તેમાંથી આજે પણ ગાઢવીમાં ભીલ રાજાનું વર્ચસ્વ જોવા મળે છે.

અભ્યાસક્ષેત્રના અન્ય ૪ ગામો જે દુરના ગામો તરીકે અભ્યાસમાં ઓળખાવાયા છે તેવા ૩૧ કિ.મી. થી વધારે દૂરીના ભૂજાડ, દહેર, ગીરમાળ અને પીંપરીનો પરિચય અત્રે દર્શાવેલ છે.

**(૧) ભૂજાડ :**

ભૂજાડ એ આહવાથી ૩૭ કિ.મી.ના અંતરે આવેલ ૬૨૯ ની વસતિ ધરાવતુ ગામ છે, કુલ ૧૩૮ કુટુંબોમાંથી ૭૬ જેટલા કુટુંબો ભીલ જાતિના જોવા મળે છે. બધાજ અનુસૂચિત જનજાતિના કુટુંબો આ ગામમાં વસે છે. સરેરાશ ૫ની કુટુંબ સંખ્યા ગામમાં જોવા મળે છે. કુલ હજાર પુરુષોની સામે ૧૦૮૩ની

સ્ત્રી સંખ્યા આ ગામ ધરાવે છે જે આદર્શ સ્થિતિથી પણ વધુ સારી સ્થિતિ દર્શાવે છે. ગામમાં કુલ ૨૨૮ ખેડૂતો છે, ૧૨૦ ખેતકામદારો અને અન્ય કામદારો ૧૩ છે, જ્યારે ગૃહઉદ્યોગમાં જોડાયેલ કોઈ જ જોવા મળતુ નથી. આમ સ્પષ્ટ જોવા મળે છે કે આ ગામમાં કોઈ ઉદ્યોગ આધારિત વ્યવસાય છે જ નહીં. ગામમાં પીવાના પાણીની સુવિધા જોઈએ તો કુવાનું પાણી અને ડંકીનું પાણી પીવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. ગામની અંદર ૨ પ્રાથમિક શાળા છે, પરંતુ તેની અંદર શિક્ષકોની અનિયમિતતા ખુબજ જોવા મળે છે તેમ ગ્રામજનોએ જણાવ્યું હતું. આરોગ્ય સુવિધાની દ્રષ્ટિએ જોઈએ તો ગામમાં કોઈ સુવિધા નથી. માતૃબાળ કલ્યાણ કેન્દ્રની સેવા પણ આજુબાજુના ૧૦ કિ.મી.માં ઉપલબ્ધ નથી. ગામની અંદર બે દાયણ બહેનો છે. જે પ્રસુતીનું કાર્ય પરંપરાગત રીતે કરતી જોવા મળે છે, વંશપરંપરાગત રીતે તેઓ આ કામ કરતા આવ્યા છે તેમ તેઓનું કહેવું છે. બીમારીના ગંભીર કેસોમાં દર્દીને આહવા કે ૩૦ કી.મી.થી વધારે દુર આવેલ સોનગઢ (જિ.સુરત) લઈ જવા પડે છે. ૧૨ કી.મી. દુર આવેલ ભેંસ કાતરીમાં પેટા આરોગ્ય કેન્દ્ર આવેલ છે, પરંતુ ત્યાંની સારવાર પર લોકોને વિશ્વાસ નથી તેવું તેમની સાથેની મુલાકાત પરથી ફલીત થતુ જણાયું. ગામમાં પરંપરાગત જડીબુટ્ટીના જાણકાર ભગતોની સંખ્યા ૪ હતી જેમાંથી ૩ જણ આજે હયાત છે, જેની પાસેથી લોકો આજે પણ દવાઓ કરાવે છે, અને દોરા-ધાગાકે નજર ઉતારવી વગેરે કામો પણ કરવામાં આવે છે. ધાર્મિક બાબતોમાં જોઈએ થોડા ભીલ અને અન્ય વારલી અને કોંકણીઓએ ખ્રીસ્તી ધર્મ અપનાવેલ છે. એક નાનુ દેવળ પણ ગામમાં આવેલ છે. આ પરિવર્તન પછી પણ આદિવાસી સમાજની પરંપરા આ ધર્મપરિવર્તન કરનારે છોડી દીધી છે તેવુ જોવા નથી મળતુ પરંતુ અમે ખ્રીસ્તી છીએ અને અન્ય હિન્દુઓથી અલગ છીએ એ ભાવના ધીમે ધીમે પ્રબળ થતી જોવા મળે છે.

આમ સમગ્ર રીતે જોતા ભૂજાડ એક અલિપ્ત ગામ જોવા મળે છે જેની સાથે વાહનવ્યવહાર ઠીક ઠીક પ્રમાણમાં રોડ પર હોવાથી જોવા મળે છે છતાં પરિવર્તન માટે હજુ ઓછી તૈયારી બતાવતુ જોવા મળે છે.

## (૨) દહેર :

પૂર્ણા નદીના કાંઠા પર આવેલ દહેર આહવાથી ઉત્તરમાં લગભગ ૩૩ કી.મી. દૂર આવેલ છે. ડાંગના પાંચ ભીલ રાજાઓમાંના એક રાજા આ ગામમાં વસે છે. ગામની આસપાસ આજે પણ પ્રમાણમાં ગાઢ જંગલ પથરાયેલ છે. પૂર્ણા નદી નજીકથી વહેતી હોઈ ગામમાં પીવાના પાણીની સુવિધા સમગ્ર વર્ષ દરમ્યાન પીવાનું પાણી હેન્ડ પંપ, નદી, તળાવ અને ઝરણા માંથી લોકો મેળવે છે. પરંતુ ખેતીમાં સિંચાઈની વ્યવસ્થા જોવા મળતી નથી. ટેલીફોન કે પોસ્ટની સુવિધા પણ ગામમાં જોવા મળતી ગામ સુધી ની સડક બની ચુકી છે, પરંતુ હાલ બહુ સારી સ્થિતિમાં નથી. આહવાથી નવાપુર જતી બસમાં કરંજડી ઉતરી ૭ કી.મી. ખાનગી વાહનમાં જઈએ ત્યારે ગામમાં પહોંચી શકાય, જ્યારે સરકારી ત્રણ બસો દિવસમાં આવે છે., તેનાથી મુખ્યત્વે ગામ જોડાયેલ રહે છે. ગામની કુલ ૧૦૧૮ની વસતિ છે જે બધીજ અનુસૂચિત

જનજાતિની વસતિ છે. કુલ ૨૩૪ કૃષિકારો છે જેમાંથી ૧૪૫ જમીનોના ખાતેદાર અને ૪૭૪.૭૮૧૭ હે. ગામની ખેતી લાયક જમીન છે. ૧૯૯ની વસતિ ખેત મજૂરોની જ્યારે ૧૫ અને ૮ અનુક્રમે ગૃહઉદ્યોગ અને અન્ય કામગીરીમાં જોડાયેલ વ્યક્તિઓ છે. નજીકમાં નજીકની આરોગ્યની સુવિધા ૧૦ કી.મી.થી દૂર જોવા મળે છે. ગામમાં ભગતોનું ઘણું વર્ચસ્વ જોવા મળે છે. મૂળત : ડાંગી ભીલ રાજા ઓનું ગામ હોવાથી ગામની મોટા ભાગની ખેતી લાયક જમીન તેઓ પાસે હતી પરંતુ સમય જતાં કુંકણા ખેડૂતો પાસે તે જમીન જતી રહી છે. જ્યારે ડાંગી ભીલ રાજાઓ હજુ આળસ અને ખોટા અહંકારના કારણે જમીન પર જાતે કામ કરતા બહુજ ઓછા જોવા મળે છે. બીજા પાસે જમીન ભાગે આપી ખેતી કરાવવાનું વલણ ખુબજ જોવા મળે છે. ગામની બે પ્રાથમિક શાળામાં ૧ થી ૭ ધોરણના શિક્ષણની વ્યવસ્થા છે. પરંતુ શિક્ષકોની અનિયમિતતા પ્રશ્ન સમગ્ર આદિજાતિ વિસ્તારની જેમ અહીં પણ જોવા મળે જ છે. ગ્રામ પંચાયતમાં પણ ભીલોનું વર્ચસ્વ જોવા મળે છે. ગામમાં આજે પણ લોકોનું વર્ચસ્વ જોવા મળે છે, ગામમાં આજે પણ લોકો ભીલોને રાજા તરીકેનું માન આપે છે. આ રાજાઓ પોતાને ચંદ્રવંશી રજવાડી તરીકે ગણાવે છે.

આમ દહેર એક વંશ પરંપરાગત રીતે ભીલોના આધિપત્ય નીચે રહેલુ ગામ છે અને પરિવર્તનના પવનની ખાસ કોઈ અસર અહીં દેખાતી નથી.

**(૩) ગીરમાળ :**

જિલ્લા મથકે થી ૩૨ કિ.મી. દૂર આવેલુ ગામ છે. ગામની કુલ વસતિ ૪૯૧ની છે ગામમાં કુલ ૧૧૬ કુટુંબો વસવાટ કરે છે. જેમાંથી ૮૦ કુટુંબો લગભગ ભીલ જાતિના જોવા મળે છે. ગામમાં સાક્ષરતાનું પ્રમાણ ૪૯.૯% જેટલું જોવા મળે છે. જેમાં પુરૂષોમાં આ પ્રમાણ ૬૨.૩% અને સ્ત્રીઓમાં ૩૭.૪૧% જેટલુ જોવા મળે છે. ગામમાં સ્ત્રીઓનું પ્રમાણ જોઈએ તો ૧૦૦૦ પુરૂષોએ ૯૪૮ સ્ત્રીઓ જોવા મળે છે. કુટુંબ કદ સરેરાશ ૪ નું જોવા મળે છે. ગામમાં કુલ કામ કરનારાઓની સંખ્યા ૨૫૪ની છે, જેમાં ૧૧૭ પુરૂષો અને ૧૩૭ સ્ત્રીઓ છે. ગામમાં ખેડૂતોની સંખ્યા ૨૩૨ છે. જ્યારે ખેતમજૂરી કરતા માત્ર ૧૯ વ્યક્તિજ જોવા મળે છે. આ પરથી કહી શકાય છે. કે ગામમાં લોકો પાસે ખેતી માટે થોડા ઘણા પ્રમાણમાં અન્ય ગામો કરતા વધારે જમીન છે જેથી તેઓએ ખેતમજૂરી કરવા જવું પડતું નથી.

ગામમાં પ્રાથમિક શાળાની સુવિધા જોવા મળે છે જ્યારે માધ્યમિક શાળાની સુવિધા ઉપલબ્ધ નથી આ માટે તેઓ એ આહવા આવવું પડે છે. બીમારી દરમ્યાન સારવાર લેવા માટે ગામના લોકો એ ૧૦ કિ.મી. થી વધુ દૂર જવું પડે છે. જ્યારે વધુ બીમારી હોય તો તેમને આહવા આવવું પડે છે.

ગામમાં પીવાના પાણી માટે હેન્ડ પંપની સુવિધા જોવા મળે છે. છતાં ઉનાળાના સમય દરમ્યાન પીવાના પાણી માટે મુશ્કેલી ઉભી થાય છે તેવુ સર્વે દરમ્યાન લોકોએ જણાવ્યું હતુ આ સમયે તેઓ ૨

કિ.મી. થી પણ વધારે દૂરથી પાણી લાવવું પડે છે. ગામની કુલ જમીન ૩૬૪૬.૫ હેક્ટર છે. જેમાં ૩૧૪૦.૨૬ હેક્ટર જંગલ ખાતાની જમીન છે. બિનપિયત જમીન ૩૦૩.૬૯ હેક્ટર છે. અને ખેતી સિવાયના ઉપયોગમાં લીધેલી જમીન ૨૦૨.૪૮ હેક્ટર જોવા મળે છે.

**(૪) પીંપરી :**

જિલ્લા મથકેથી ૩૭ કી.મી. દૂર આવેલું ગામ છે. ગામની કુલ વસતિ ૧,૬૯૨ની છે, જેમાં પુરુષો ૯૩૭ અને સ્ત્રીઓ ૭૫૫ છે. ગામમાં કુલ ૨૦૭ કુટુંબો વસવાટ કરે છે તેમાંથી લગભગ ૧૪૦ જેટલા ભીલ જાતિના કુટુંબો જોવા મળે છે. ગામમાં શિક્ષણનું પ્રમાણ જોઈએ તો ૮૬.૨% જેટલું જોવા મળે છે. જેમાં પુરુષોમાં આ પ્રમાણ ૯૧.૧% અને સ્ત્રીઓમાં ૭૯.૯% જોવા મળે છે. સ્ત્રી પ્રમાણ જોઈએ તો ૧૦૦૦ પુરુષોએ ૮૦૬ સ્ત્રીઓ છે. ગામમાં કામ કરનારાઓની સંખ્યા જોઈએ તો ૪૮૦ની છે. ખેડૂતોની સંખ્યા ૧૮૭ એટલે કે ખેતી સાથે સંકળાયેલા ૧૮૭ વ્યક્તિ જોવા મળે છે. ગામમાં કુલ ખાતાં ૧૪૪ છે અને ૨૮૩.૧૮ હેકટર ખેતીલાયક જમીન ગામમાં જોવા મળે છે. ખેતમજૂરી કરતા ૨૦૧ વ્યક્તિ જોવા મળે છે. જયારે ગૃહઉદ્યોગ સાથે સંકળાયેલા ૨૧ અને અન્ય ધંધો કરતા ૭૧ વ્યક્તિ જોવા મળે છે.

ગામમાં પ્રાથમિક શાળાની સુવિધા છે. ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જોવા મળતુ નથી તે ૧૦ કી.મી.થી પણ વધુ દૂર જોવા મળે છે. ગામમાં પીવાના પાણી માટે હેન્ડપંપ, ડંકી, નદીનો પણ ઉપયોગ લોકો કરતા જોવા મળ્યા હતા. ગામની કુલ જમીન ૩૨૭ હેકટર છે. જેમાંથી બિનપિયત જમીન ૧૦૮.૨૮ હેકટર, ખરાબાની જમીન ૮૦.૬૭ હેકટર અને ખેતી સિવાયના ઉપયોગમાં લીધેલી જમીન ૫.૯૩ હેકટર છે. જયારે માત્ર ૫.૨૦ હેકટર જમીન જ પિયત છે. આમ માત્ર ગામમાં મોટે ભાગે ચોમાસા સિવાય બીજી ઋતુમાં ખેતી થઈ શકતી નથી. આથી લોકો મજૂરી કરવા ગામ બહાર કે જિલ્લા બહાર પોતાના કુટુંબ સાથે સ્થળાંતર કરી જાય છે. આમ એક સમયના રાજા કહેવાતા ભીલ આજે પોતાનું ગુજરાત ચલાવવા માટે મજૂરી કરી જીવન ગુજારે છે.

# પ્રકરણ-૪

# આરોગ્ય અને ધાર્મિક જીવન

**પ્રસ્તાવના :**

ડાંગના ભીલોની મોટા ભાગની વસતિ હિન્દુ ધર્મનું પાલન કરે છે. ડાંગી ભીલો હિન્દુ દેવ-દેવીઓને તો માને જ છે, તે ઉપરાંત અનેક બીજાં સ્થાનિક દેવો તથા ભૂત-પિશાચાદિ યોનીઓમાં પણ તેમની શ્રદ્ધા અટળ છે.

આજુબાજુના નિસર્ગમાંથી જ આદિવાસીઓ-ડાંગીભીલોના સ્થાનિક દેવો ઉદ્ભવેલા છે. પ્રાણીઓ, વૃક્ષો કે વિશિષ્ટ જગ્યાઓ કે જે એમને જીવનમાં અતિ ઉપયોગી કે ભયજનક હોય; તેમજ નૈસર્ગિક પરિબળો જેવાં કે વરસાદ, વાદળાં, ડુંગરો વગેરેને પણ આ લોકો દેવ ગણી પૂજે છે. જૂના કાળથી ચાલ્યા આવતા પથ્થર પર મારેલા લિસોટાનું પણ અનેક જગ્યા પર પૂજન થાય છે. ભીલો વાઘદેવને તથા વારલીઓ ખાસ કરીને નાગદેવને પૂજે છે.

કનસરી એ તેમની અનાજની દેવી. ખેતરમાં પડેલ પથ્થરને કનસરી માનીને પૂજા કરવામાં આવે છે અને કાપણી પહેલાં તેની પૂજા થાય છે. કનસરીદેવી પ્રમાણે જ કોઠારદેવ, પાણદેવ, ભૂતિયાદેવ વગેરે દેવોની પૂજા કરવામાં આવે છે.

સૂર્યદેવ, હનુમાન, ચંદ્રદેવ વગેરે ચોખ્ખા દેવ પ્રમાણે જ ડાંગી આદિવાસી પ્રજા કાળસવર, સાનિયા, ભુંગાસવર વગેરે મલિન દેવોની પણ પૂજા કરે છે. મેલડી માતા પણ કોઈ કોઈ ઠેકાણે પૂજાય છે અને આ દેવની બાધા રખાય છે.

જયારે કોઈપણ ઘટનાનું સર્જન માનવ-આકલન શક્તિ બહાર હોય ત્યારે આ ઘટના ‘‘અલૌકિક’’ તરીકે માનવામાં આવે છે. એના સર્જન વિષે સ્વાભાવિક માનવી બુદ્ધિમાં કુતૂહલ જાગૃત થાય ત્યારે અલૌકિક સર્જન કરનારને સામાન્ય માનવી ‘ભગવાન’ નામ આપે છે.

માન્યતા અને વિશ્વાસ પર જ ઘણી માનવીયક્રિયા આધારિત હોય છે. માનવ આકલન શક્તિ બહાર બે મહાન શક્તિ કાર્ય કરે છે. એક ઈશ્વરીય શક્તિ-દૈવી વિદ્યા અને બીજી ભૂત પિશાચ્ય શક્તિ- મેલી વિદ્યા. દૈવી શક્તિની પૂજાથી માનવ શરણાગત થઈ નમ્ર બને છે. આ શક્તિ સમૂહગત છે. તો મેલીવિદ્યા મારણવિદ્યા એનામાં આત્મ દંભને જન્મ આપે છે. આ શક્તિ વ્યક્તિગત હોય છે.

દૈવી વિદ્યા તથા મેલી વિદ્યા ધરાવનારાઓમાં ફરક એટલો જ કે, દૈવી વિદ્યા-દ્વારા મનમાં ધર્મ ભાવના જાગૃત થાય છે; અને આપણાથી પણ પર એવી એક શક્તિનો અંકુશ છે એમ માનીને માનવ ચાલે

છે. ત્યારે મેલી વિદ્યા ધરાવતો માનવી એક વિશિષ્ટ પરિસ્થિતિમાં સર્જાયેલી શક્તિ પર કાબૂ ધરાવે છે.

ઐહિક સુખ માટે શરીર છે તો આધ્યાત્મિક સુખ માટે આત્મા. આ માનવ જીવનનાં અલગ અલગ બે પાસાંઓ છે એવી ડાંગી આદિવાસીઓની અટળ શ્રદ્ધા છે. ડાંગીઓ આત્માને ''વારા'' નામથી સંબોધે છે.

મૃત્યુબાદ જે આત્માને આ જીવનની વિસ્મૃતિ થઈ શાંતિ મળે તે આત્મા દેવલોક પામે છે અને જેને તે મળતી નથી તે આત્મા ભૂત સ્વરૂપે પાછા ફરે છે એવી ડાંગીઓની દઢ માન્યતા છે.

મરી ગયેલાં સગાંવહાલાંઓ આપણને કેવળ છોડી જ ગયેલાં છે એવું તેઓ માને છે; પણ શ્રાદ્ધ જેવા પ્રસંગો તેમની સાથેના સંબંધોની સ્મૃતિ જાગ્રત કરે છે. મરતી વખતે ઈચ્છા રહી હોય તો તે જીવ ફરીથી જન્મે છે. આ ભાવના એટલે કે પૂનર્જન્મની ભાવના ડાંગી આદિવાસીઓમાં પ્રબળતયા જોવા મળે છે.

આ વારાની, આત્માની, કલ્પના જ આદિવાસીઓને, હિંસક પશુઓથી ઘૂઘવતા ભયાનક જંગલોમાં જીવન નિરાંતે ગાળવા મદદ કરે છે. જો કોઈ આદિવાસી બીમાર પડી જાય તો તે પ્રથમ વિચાર કરશે કે, મારાથી કોઈની (ઝડ, જાનવરો, પશુ કે પક્ષી હોય) ભાવના તો દુભાવાઈ નથીને ? આવું વિચારી ડાંગી આદિવાસી સ્વસ્થ બેસી રહેતો નથી. પરંતુ આ શક્તિ અને (આત્મા-વારાની શક્તિ) એમની સાથે ગાઢ સંબંધ ધરાવતી સમાજની એક પવિત્ર અને માનાર્હ વ્યક્તિ 'ભગત' પછી તે ભગવાનનો હોય કે ભૂત પિશાચનો હોય તેની પાસે જઈ શંકાઓનું સમાધાન કરી આવે છે.

આવી રીતે ડાંગીઓનાં દૈનિક જીવનમાં ઉદ્ભવતા અનેક પ્રશ્નો અને દુઃખોનું નિવારણ લાવવા માટે ભગત એક મહત્ત્વની વ્યક્તિ બની રહી છે.

**ભગતનું પ્રાબલ્ય :**

ભગત એટલે ભક્તિ કરનાર, ભગત ઈશ્વરનો પ્રતિનિધિ હોય છે. દૈવી શક્તિ અને પવિત્ર માર્ગનું એણે અનુસરણ કરવું પડે છે. ભગત થવું એ કંઈ સાવ સામાન્ય બાબત નથી અથવા ડાંગીઓના મતે ભગત બનવું કંઈ જેવી તેવી વાત નથી હોતી. ઈશ્વરપ્રણીત માર્ગ પર રહી અત્યંત કડક રીતે નિયમોનું પાલન એણે કરવું પડે છે. તંદુરસ્તી અને વ્યવહાર કુશળતા, ભગતના બે પ્રમુખ ગુણો છે. દૈવી શક્તિને આહ્વાન કરવા માટે મંત્ર ગાવાની કલા પણ એમણે હસ્તગત કરવી પડે છે. સમાજને જીતવા માટે શુદ્ધાચરણ એમના જીવનનો પાયો બની જાય છે.

ભગત જેમ ઈશ્વરનો પૂજારી છે, તેમ ડાંગીઓ ભગતના ઘરને મંદિર સમાન માને છે.

ડાંગી સમાજમાં ભગતો જુદા જુદા પ્રકારના હોય છે. ભગવાનના અથવા કાગદી ભગત, મંત્ર કે ચોખા જોવાવાળા ભગત, માવલીના ભગત, ડાકણના ભગત.

ભગવાનના ભગત ડાંગમાં બહુ ઓછા છે. આ ભગતો પોતાને ઈશ્વરના દૂત માને છે. કાંદા, લસણ

તેમને વર્જ્ય હોય છે. જમતી વખતે પણ મરણ બાબતે કોઈ બોલે તો તેણે ઊઠી જવું પડે છે. આ ભગત કોરો કાગળ લઈને રોગ તથા અન્ય બાધાઓનું નિદાન કરી ઉપાય સૂચવે છે.

મંત્રના ભગતો ખાસ કરીને ચોખા જુએ છે. ગુરુમુખથી નીકળેલા મંત્રોનું શબ્દશઃ જે પઠન કરી શકે તેને જ આ ભગતનો વારસો મળે છે. વીંછી, સર્પદંશ, નિર્વંશને વણશી એટલે કે, વનસ્પતિ દવા તથા મંત્ર આપીને વંશની પ્રાપ્તિ કરાવે છે.

આજે વૈદ્યો અને ડોકટરો હોવા છતાં આદિવાસી સમાજમાં મંત્રના ભગતનું સ્થાન અટળ છે.મંત્રશક્તિ જાળવવા માટે આ ભગતે પણ કડક નિયમોનું પાલન કરવું પડે છે. સાપ કે વીંછીનું નામ જમતી વખતે ભૂલેચૂકે જો કોઈએ લીધું હોય તો તેને (ભગતે) તરતજ થાળી ઉપરથી (જમતાં) ઊઠી જવું પડે છે. તે બીજી સવારે ઊઠી સૂર્યનારાયણના દર્શન કરી 'ભગવાન સુખી ઠેવ' આમ બોલીને જ દિવસની શરૂઆત કરે છે.

ડાંગી આદિવાસીઓમાં એવી એક દૃઢ માન્યતા છે કે, ઈ.સ.૧૯૨૫-૩૦ના ગાળામાં દક્ષિણ ગુજરાતમાં અને ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં દેવીનો સંચાર થયો હતો !! અનેક લોકો સ્ત્રી પુરુષો રસ્તા પર અને ઘરમાં ધૂણતાં હતાં. આજ કાળ દરમ્યાન મોટાભાગના આદિવાસીઓએ માંસાહાર છોડી દીધો. થોડા વખત પછી આ સંચાર- 'વારા' બંધ થયો અને તે વખતે જે લોકો સુધરી ગયા તે આજે પણ સારી પરિસ્થિતિમાં જોવા મળે છે.

'ડાકણના ભગતો' ભૂત-પ્રેત બાધા આદિ માટે ડાંગી આદિવાસીઓ આ ભગતને બોલાવી સંકટ નિવારણ કરે છે.

ડાંગી લોકો મંત્ર ભગતના કહ્યા પ્રમાણે ફળ પ્રાપ્તિ થતાં શમીના ઝાડની - જેને એ લોકો સેંગળ કહે છે- પૂજા કરે છે. આ પૂજા ભગત સિંદૂર લગાવીને, ધૂપદીપ કરીને, મંત્રોચ્ચાર દ્વારા કરે છે. ડાંગમાં ઘણી વખતે એકજ ગામમાં આ પ્રકારના ચારથી પાંચ ભગત જોવા મળે છે.

ભગત ડાંગી સમાજની એક મહાન શક્તિ ગણાય છે. દુઃખ પર અક્સીર ઈલાજ તે ભગત સિંદૂર લગાવીને, ધૂપદીપ કરીને, મંત્રોચ્ચાર દ્વારા કરે છે. ડાંગમાં ઘણી વખતે એકજ ગામમાં આ પ્રકારના ચારથી પાંચ ભગત જોવા મળે છે.

ભગત ડાંગી સમાજની એક મહાન શક્તિ ગણાય છે. દુઃખ પર અક્સીર ઈલાજ તે ભગત; દુઃખી અને દરદીઓનો સહારો તે પણ ભગત જ. લગ્ન પ્રસંગે ભગતને માન આપીને કંકુના છાંટણાવાળાં કપડાં આપી તેનું સન્માન કરવામાં આવે છે.

ડાંગી આદિવાસી સમાજમાં એક સૂત્રતા જાળવવા માટે ભગત એક અત્યંત મહત્ત્વની કામગીરી ભજવે છે. ડાંગી આદિવાસીઓને આ ભગતે જ સુખાકારી અને દુઃખહારી દેવતાઓ નિર્માણ કરી આપ્યા

છે.

ડાંગમાં ખાસ કરીને કનસરીદેવી, કોઠારદેવ, માવલીદેવ, ભૂતિયોદેવ, ડુંગરદેવ, ગામદેવ, સિમળાદેવ, માવલીમા, વાઘદેવ, નાગદેવ, હનુમાન, રામ-સીતા, મહાદેવ અને ચન્દ્રદેવ આ ચૌદ દેવતાઓને માન આપવામાં આવે છે, અને પૂજા વખતે 'વાઘદેવલા' લાલ કોંબડા; ભૂતદેવલા મેંઢી; માવલી દેવીલા કાળા પગવાળા કોંબડા, ડખીનલા ફિરંગા કોંબડા, એવી રીતે આ દેવોને જૂદા જૂદા રંગના મરઘાંઓની તથા બકરાંઓની આહુતિ આપવામાં આવે છે.

ડાંગી આદિવાસીઓમાં ડુંગર દેવની પૂજા અત્યંત મહત્ત્વની દેવ-પૂજા હોય છે ! માગશર પૂનમ પહેલાં પંદરથી વીસ દિવસના ગાળામાં આ પૂજા કરવામાં આવે છે. પૂનમના દિવસે પરિસમાપ્તિ થાય છે. આ પૂજા કેવળ ભગત દ્વારા જ થાય છે. સામાન્યતઃ આઠથી એકવીસ દિવસ સુધીના ગાળામાં પૂજા કરવામાં આવે છે. તે વખતે ભગતો ધૂણે છે. તેને ડાંગી ભાષામાં 'વારો આવે' એમ કહેવામાં આવે છે. વારો આવતાં જ તે દેવનું નામ લેવાનું ચાલુ થાય છે. તે વખતે ડુંગરદેવના નામથી નાચ પણ કરવામાં આવે છે. જયારે 'વારો' આવે ત્યારે, ભગત, બળતાં લાકડાં ખાય છે અને અંગાર પણ નાચે છે. આ વખતે એમને ભાન હોતું નથી અને અંગારા (અગ્નિ) તેના પર કોઈ અસર કરતા નથી. આ પૂજા અગર નાચ વખતે જેને આમાં ભાગ લેવો હોય તેણે સ્નાન કરવું જ પડે છે. તે વખતે ભગત 'વારા' એ આપેલા માર્ગદર્શન મુજબ જ ચાલે છે. આજ ધૂનમાં તે જંગલમાં જઈ વણસી (વંશી) વનસ્પતિ પણ લઈ આવે છે. આજ વખતે ભગતો સામાન્ય માણસ પર પડેલી શારીરિક, માનસિક તથા અન્ય ઉપાધિઓમાંથી તેમને મુક્ત કરે છે.

ડુંગર દેવને પ્રસન્ન રાખવા માટે ભાયા- ડુંગર દેવનો પૂજારી હોય છે. ડુંગર દેવની સ્થાપના જે ઘરે થઈ હોય ત્યાં આ ભાયા રહે છે. ડુંગર દેવની પૂજા કરનાર ભાયાને વહેલી સવારે ફરજિયાત નહાવું પડે છે અને દિવસમાં એકજ વાર જમવાનું હોય છે. મોડીરાત સુધી પૂજા માટે નાચવાનું કાં તો ગાવાનું હોય છે. 'વારા' આવવાનું પ્રમાણ વધી જાય તો આખી રાત પણ ભાયાને જાગતા રહેવું પડે છે અને વારા આવેલા ભગતોની સારવાર પણ એમણે જ કરવી પડે છે.

ભાયા નાચ વખતે કેવળ પાવરી વાગે છે અને કિરચ્યાનો સાથ હોય છે.

ડુંગરદેવને જોવા ભેગા થયેલા લોકો જયારે પાછા ઘરે જતા હોય ત્યારે આવતી વખતે તેમજ જતી વખતે એકજણ પાસે ડુંગરદેવનાં નિશાન સ્વરૂપે સફેદ કપડાંનો ધ્વજ હોય છે અને આ ધ્વજ લઈ જનારને 'નિશાનકર' કહેવામાં આવે છે અને છેલ્લે દિવસે પોતાના દેવનું સ્થાન જયાં હોય ત્યાં બકરો કે મરઘો કાપવામાં આવે છે. તે પછી આખી રાત આ લોકો નાચે છે અને બીજે દિવસે સવારે ઘેર જાય છે. જેનો વારો આવે છે તેને અંબાડીના ચાબુકથી ફટકાઓ મારવામાં આવે છે છતાં તેની તેના શરીર ઉપર જરાય અસર જોવા મળતી નથી.

આ લોકોની ધાર્મિક વિધિઓમાં ભગતોનું પ્રાબલ્ય સવિશેષ જોવા મળે છે. ભગત જે કાંઈ કહે તેમાં એમને વિશ્વાસ રહે છે. ભગત પાસે ગેબી શક્તિ છે. તેમનો ઈન્કાર કરનાર તે ભગતની શક્તિ સામે ટકી શકતો નથી એવું તેઓ માને છે. એમની વિધિમાં ધૂણવું, એ સામાન્ય હોય છે. રોગ ઈત્યાદિ કોઈ ડાકણનાં કારસ્તાન હોય છે. ઢોર કે માનવીનું મૃત્યુ થાય ત્યારે ડાકણે ખાધું છે એવું માને છે, એના નિવારણ માટે ભગત-ભૂવાનો આશરો લે છે.

જયારે કોઈ માંદુ પડે ત્યારે ચોખાના દાણા 'ખડી' ઓવારીને ભગત પાસે લઈ જાય છે. ભગત ખડી જોઈને કઈ ડાકણ વળગી છે તે તપાસે છે અને દાણા મંતરી આપે છે. માતા કે કોઈ દેવ રૂઠે તો બલિમાં બકરા કે મરઘા ચઢાવવાનું કહે છે. ભગત કેટલીક વૈદકીય દવા પણ જાણતો હોય છે. તેને આધારે 'મૂળિયાં' કે વનસ્પતિ દવા તરીકે આપે છે. લોકો ભગતને પૈસા આપે છે. તેનાથી નિર્વાહ ચાલે છે. ભગત ક્યારેક મજૂરી પણ કરે છે. ખેતી પણ કેટલાક ભગત પાસે હોય છે. આમ ભગતનું પેટિયું ચાલે છે.

ડાંગમાં ભીલ, કુનબી અને વારલી આ ત્રણે આદિમ સમુદાયોના ધાર્મિક જીવનમાં ઘણું સરખાપણું જોવા મળે છે. માન્યતાઓ પણ એક સરખી જોવા મળે છે. તેમના તહેવારની ઉજવણી, પૂજાપાઠ વગેરે પણ સરખાં જોવા મળે છે. ત્રણે સમુદાયોના વર્ષના તહેવારો અને તેની ઉજવણી કેવી રીતે થાય છે, તથા તેમનાં દેવ-દેવીઓ અને તેની પૂજાવિધિ વિશે નીચે દર્શાવવામાં આવ્યું છે.

૧. અખાતિ
૨. તેરા
૩. પચવી
૪. પોળા
૫. નવા (પિતરાં)
૬. વાઘ બારસ 'બારસી'
૭. કાળી ચૌદસ
૮. દિવાળી
૯. હોળી

આમ કુલ ૯ તહેવારો ડાંગી ભીલ આદિવાસી જાતિમાં ઉજવવામાં આવે છે. તેમનાં દેવ-દેવીઓ આ પ્રમાણે જોવા મળે છે.

**મુખ્ય દેવ-દેવીઓ :**

૧. મારવલી - હનુમાન
૨. ખંડેરાવ

૩. બહેરામ

૪. ભવાની માતા

૫. મુંજિયા

૬. મહાદેવ

**અન્ય દેવ-દેવીઓ :**

૧. ગામદેવ

૨. કંસરી માતા

૩. ઈહિમાય

૪. હિરવા દેવ

૫. નારાયણ દેવ

૬. સિવારિયા દેવ

૭. લગડિયા ભૂત

૮. મસાણિયા ભૂત

૯. ડોગર માવલિ

૧૦. ભૌવરી ભૂત

૧૧. ભસિયા દેવ

૧૨. નાગદેવ

૧૩. વાઘદેવ

૧૪. સળવા દેવ

૧૫. બાઈદેવ

૧૬. બરમ દેવ

૧૭. લહરા બાઈ

૧૮. જહારા બાઈ

૧૯. હગારી બાઈ

૨૦. વફારી બાઈ

૨૧. પોકી બાઈ

૨૨. વકી બાઈ

૨૩. ચકરી બાઈ

૨૫. ગીરકા બાઈ

૨૬. દમી બાઈ

૨૭. મોજિયા વીટ

૨૪. બઠિયા વીર

૨૫. તળિયા વીર

૨૬. જમિયા વીર

૨૭. લહરિયા વીર

૨૮. ભૌરિયા વીર

૨૯. ખાજરિયા વીર

૩૦. માજરિયા વીર

૩૧. દમિયા વીર

૩૨. ફુલિયા વીર

૩૩. બાળિયા વીર

૩૪. પરગિયા વીર

૩૫. સગનિયા વીર

૩૬. કુહરિયા

૩૭. ચકિયા

૩૮. છુંદિયા

૩૯. મસાણિયા

૪૦. લસનિયા,

૪૧. ચાતડિયા

**ચોખ્ખા દેવો :**

જે દેવ-દેવીઓની પૂજા ફળ-ફુલ અને અગરબત્તી તથા દીવાથી કરવામાં આવે છે તેવા દેવ-દેવીઓને ચોખ્ખા દેવ-દેવીઓ તરીકે ઓળખે છે. આ દેવોને મરઘા, બકરા વગેરે ચડાવવામાં આવતા નથી. પણ ફક્ત પવિત્ર વસ્તુઓથી તેમની પૂજા કરવામાં આવે છે. તેવા દેવ-દેવીઓ નીચે પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | હનુમાન | ૫. | ખંડેરાવ |
| ૨. | મહાદેવ | ૬. | ગણપતિ |
| ૩. | મુંજિયા | ૭. | ગાય માતા |
| ૪. | બરમા દેવ | | |

ઉપરોક્ત દેવો ચોખ્ખી પૂજાવિધિથી પૂજાય છે જયારે બાકીના દેવ-દેવીઓની પૂજા વિધિ મરઘાં-બકરાં વગેરે જેવા બલિદાનથી કરાય છે. તેમનું માનવું છે કે આ દેવ-દેવીઓ ભોગમાં મરઘાં અને બકરી માગે છે. માટે તેમને તે ધરવા પડે છે. અહીં અમુક તહેવારો તથા દેવ-દેવીઓની થોડી વિગતે માહિતી મળી છે તે આ પ્રમાણે છે.

અખાત્રીના તહેવારથી તેમનું વર્ષ શરુ થાય છે અને હોળીના તહેવારથી તેમનું વર્ષ પૂરું થાય છે.

**તેરા :**

તેરાનો તહેવાર તેરા નામની ભાજી જંગલમાં વરસાદ પડતાં ઉગી નીકળે છે તે ઉગે ત્યારબાદ મનાવવામાં આવે છે. આ તહેવાર જયાં સુધી ન ઉજવાય ત્યાં સુધી જંગલની કોઈપણ પ્રકારની ભાજી ખાય શકાતી નથી એવું માનવામાં આવે છે. આ ભાજી જંગલમાં મુખ્ય ભાજી છે. તે વીણીને પ્રથમ દેવને ધરાવવામાં આવે છે અને તે દિવસથી આ તેરાની ભાજી તથા અન્ય ભાજી ખાવાની શરૂઆત થાય છે. આ દિવસે ખાસ કરીને વાઘદેવ, નાગદેવ અન્ય ગામના કેટલાક દેવોની પૂજા થાય છે. જેવા કે હનુમાનજી, ખંડેરાવ, મુંજિયા, હિરવાદેવ, કંસરીમાતા, ગવરીમાતા વગેરે દેવ-દેવીઓની પૂજા વિધિ કરવામાં આવે છે. આ તેરા નામની ભાજી પ્રથમ આ દેવ-દેવીઓને ધરવામાં આવે છે. તે પછી પૂર્વજોને આપવામાં આવે છે અને ત્યારબાદ પોતે લે છે.

પૂજાવિધિ દેવોના સ્થાનકે જઈને કરવામાં આવે છે. વાઘદેવ, નાગદેવ, સૂર્યદેવ વગેરે દેવો ગામના પાદરે એક મોટા પાટિયામાં કોતરવામાં આવ્યા હોય છે. ત્યાં આગળ જઈને પૂજા કરવામાં આવે છે. તેને 'ગામદેવનું સ્થાનક' પણ કહે છે.

**મહત્ત્વ :** ચોમાસામાં માણસો, ઢોરને તથા તેમના ખેતરોને વાઘ, નાગ વગેરેથી રક્ષણ થાય, તેમજ

કૌટુંબિક વિઘ્નો ન આવે તે માટે આ તહેવાર ઉજવવામાં આવે છે. જો આમ ન કરે તો વાઘ-નાગ તથા પૂર્વજો કુટુંબને હેરાનગતી પહોંચાડે છે, એવી એમની માન્યતા છે.

તેરાના ઉત્સવના દિવસે તેરા નામની જંગલી ભાજી સાગનાં પાંદડામાં વીંટાળીને જંગલમાંથી લાવવામાં આવે છે. એનો અર્થ એવો કરવામાં આવે છે કે, આ દિવસથી જ તેરાની ભાજી તથા સાગનાં પાંદડાનો ઉપયોગ કરી શકાય છે. આ પહેલાં તેનો ઉપયોગ કરી શકાતો નથી એવી સ્પષ્ટ માન્યતા જોવા મળે છે.

તેરાના તહેવાર પછી જો કોઈ ઢોર-ઢાંખરને વાઘ કે નાગ નુકસાન કરે તો માનવામાં આવે છે કે તેરાના તહેવારની પૂજામાં કાંઈક ખામી રહી ગઈ છે. એને નિવારવા માટે ભગત પાસે દાણા જોવરાવવામાં આવે છે અને તે ભૂલ નિવારવામાં આવે છે.

ગામમાં જયારે ઢોરો કે માણસોમાં રોગચાળો ફાટી નીકળે છે, તથા ખેતીમાં પાક નિષ્ફળ જાય છે, એવું લાગે ત્યારે ગામના એ દેવોના સ્થાનકે જઈ બધાં ઘરના વડીલો ભેગા થાય છે અને સાથે થોડું થોડું દરેક પ્રકારનું અનાજ લઈ જાય છે. અનાજમાં ખાસ કરીને નાગલી લઈ જવામાં આવે છે. તે પછી ભગત દ્વારા વિધિ કરવામાં આવે છે. ભગત જે વિધિ કરી આપે તે અનાજના દાણાને ખેતરમાં નાખવામાં આવે છે તથા ઢોર-માણસો ઉપર પણ નાખવામાં આવે છે. માણસોને થોડા થોડા દાણા ખવરાવવામાં આવે છે, આ વિધિમાં જંગલની વિવિધ વનસ્પતિઓનો પણ ઉપયોગ થાય છે. આ વિવિધ પ્રકારની વનસ્પતિ ભેગી કરીને એક ઘડામાં પાણી લઈને તેમાં તે વનસ્પતિ નાખવામાં આવે છે. તે પછી દરેક ઘેર કુંવારા બે છોકરાઓ ગામમાં થોડું અંધારું થતાં તે વનસ્પતિવાળું પાણી લઈને જાય છે. તે સમયે દરેક ઘરનાં બારણાં બંધ રાખવામાં આવે છે. બારણું ઠોકી ઉઘડાવવામાં આવે છે તે પછી અવાજ કર્યા વિના કે કોઈની સાથે વાતચીત કર્યા વિના ઢોર ઉપર છંટકાવ કરી દેવામાં આવે છે. તે સમયે બોલવું નહિ તથા શાંતિ રાખવી; એ ખૂબ જરૂરી હોય છે, એવું એમનું માનવું છે. તે પછી ઘરની કોઈ એક વ્યક્તિ ૫-૧૦ પૈસા લોકોના ઘડામાં નાખે છે. પૈસા નાખવા અંગેની માન્યતા એવી છે કે ત્યાં નાખવામાં આવેલી વનસ્પતિમાં પૈસા નાખવાથી પૈસાથી પૂજા થાય છે. ખેતરમાં પણ જયાં ધરુ ઉગાડેલું હોય કે પછી ઓરેલુ હોય ત્યાં તેનો છંટકાવ કરવામાં આવે છે. ઢોરમાં રોગ ચાલતો હોય ત્યારે માંસ-મચ્છી ખાવાની મનાઈ હોય છે તથા આ દિવસોમાં પશુપંખી મારવાની પણ મનાઈ હોય છે. આ દિવસોમાં મારવું જોઈએ નહીં પણ રક્ષણ કરવું જોઈએ એવું મનાય છે. એટલું જ નહિ પણ ગામમાં આ દિવસોમાં તેલનો ઉપયોગ પણ થતો નથી અને તે લગભગ ૨૦-૨૫ દિવસ સુધી પાળવું પડે છે.

તેરાની ભાજી આ દિવસથી ખાવાની શરૂઆત થાય છે. તે પણ ઉપર જણાવેલા દેવ-દેવીઓ તથા પૂર્વજોની પ્રથમ પૂજા કર્યા પછી તથા તેમને આ ભાજી બનાવી ધરાવ્યા બાદ જ લેવામાં આવે છે. આ ભાજી

નીચેની રીતે બનાવવામાં આવે છે. પ્રથમ ભાજીનાં દાંડામાંથી ઉપરની છાલ કાઢી નાખવામાં આવે છે. તે પછી તેને દાતરડીથી કાપી જીણી સમારવામાં આવે છે. ત્યારબાદ તેને દાળમાં નાખી દેવામાં આવે છે. આ દિવસે તુવેરની દાળ હોય તો સારું એવું માનવામાં આવે છે. એટલા માટે દરેક કુટુંબ પોતાની પાસે ન હોય તો બીજા પાસેથી પણ આ દિવસે તુવેરની દાળ માંગી લાવતા જોવા મળે છે. કારણકે તુવેર દાળના વર્ગમાં ઉંચી ગણાય છે માટે તેઓ તેનો આગ્રહ રાખે છે.

આ દિવસે જોગણીઓનું પણ પૂજન થાય છે. આ દિવસથી 'ઠાકરિયા' નામનો નાચ શરૂ થાય છે અને તે વાઘબારસના દિવસે પૂરો થાય છે. આ નાચમાં માત્ર જુવાન છોકરાઓ જ નાચે છે. છોકરીઓ કે સ્ત્રી વર્ગ આ નાચમાં ભાગ લેતો નથી. તે ઉપરાંત રાતે પણ બહારગામના લોકો કે જેઓ ઠાકરેનો નાચ સારો કરી શકતા હોય તેવા લોકોને બોલાવવામાં આવે છે, અને આમ તેરાના તહેવારની આખી રાત આ રીતે તેઓ નાચીને પસાર કરે છે.

આ તેરાનો તહેવાર દરેક ગામમાં એક જ દિવસ હોતો નથી. ગામ લોકોને અનુકૂળતાએ તે મનાવવામાં આવે છે. ટૂંકમાં તેરા નામનીભાજી જંગલમાં તૈયાર થાય ત્યારે તહેવારની તૈયારી થાય છે. તે પણ ગામ લોકોની અનુકળતાએ હોય છે, એટલે આ તહેવાર દરેક ગામમાં એક જ દિવસે હોતો નથી. જુદા જુદા દિવસે હોય છે. આ તેની મુખ્ય વિશેષતા છે.

આ દિવસે ગામમાં કોઈપણ માણસ સામાન્ય રીતે અન્ય કોઈપણ પ્રવૃત્તિ કરતા નથી. તે દિવસે ખેતી વગેરેનું સમગ્ર કાર્ય બંધ હોય છે, અને લોકો વહેલા ઊઠીને સ્નાન વગેરે પતાવી સવારે મારુતિના મંદિરે પૂજા કરવા જાય છે. એમાં ઘેરથી લોટો ભરેલું ચોખ્ખું પાણી લઈ જાય છે; અને ફૂલો મળે તો તે અને અગરબત્તી સળગાવીને સાથે લઈ જાય છે. આ દિવસે ખાસ કરીને નાગદેવની પૂજા કરવાની હોય છે. આ પ્રકારનું ચિત્ર તેઓ વેચાતું લાવે છે. ૨-૫ રૂપિયામાં તે મળે છે. હાટથી લાવે તો સસ્તું મળે છે. છતાં કેટલાક લોકો તે ખરીદી શકતા નથી ત્યારે ભીંત ઉપર આ પ્રકારનું ચિત્ર ચાકથી ઉપસાવે છે અને પછી તેની પૂજા કરે છે.

**પચવી :**

આ દિવસે ભીંત ઉપર દોરાતા ચિત્ર દોરવામાં આવે છે. જેમાં નાગ, વાઘ, સૂરજ, નાચકૂદ કરતાં માણસો, ભાથું ખેતરમાં લઈ જતી સ્ત્રી, હળ હાંકતો ખેડૂત, મોર વગેરે હોય છે. તેને તેઓ 'પચવી લીખુલાં' એવા નામથી ઓળખે છે.

પચવીના દિવસે અલખડાનાં પાનામાં (એ નામની વનસ્પતિનાં પાનમાં) રસોઈ બનાવવામાં આવે છે અને તે પ્રથમ દેવને તથા પૂર્વજોને ચઢાવવામાં આવે છે. તે પછી જ આ અલખડાના પાતરાં ખાવાની શરૂઆત થાય છે. પાતરાં બનાવવાની રીત નીચે પ્રમાણે છે.

ચોખાના લોટને પેલા અલખડાના પાતરાં (પાન) પર લગાવી ગોળ ગોળ વણવામાં આવે છે. પછી તેને વાસણમાં મૂકી વરાળથી ચઢાવવામાં આવે છે. વાસણની સૌથી નીચે બે ચોરસમાં બીડીને મુકવામાં આવે છે તેના ઉપર વાંસની નાની નાની ચીપ મૂકવામાં આવે છે અને તેના પર ખાખરાના પાંદડા પાથરવામાં આવે છે. તે પછી ગોળ વાળેલા પાતરાં મૂકવામાં આવે છે.

આમ જે કાંઈ રસોઈ કરી હોય તે ચઢાવવામાં આવે છે. તે પછી દરેક તહેવારની જેમ 'આગારા ટાંકવામાં' આવે છે. એટલે કે આઠ વડીલો (ગુજરી ગયેલા પૂર્વજો) નાં નામો લઈને એમનાં નામનું ધાન્ય અગ્નિમાં હોમવામાં આવે છે. તે પછી બે ભાગ કરીને ઘરના ઉપર પણ મૂકવામાં આવે છે. અને એ જ રીતે મહાદેવ, મારુતી, મુંજીયા અને ખંડેરાવ  આ પવિત્ર દેવોની પૂજા વિધિ કરવામાં આવે છે. આ સર્વે દેવોની પૂજાવિધિ થઈ ગયા પછી જ જમવાનું હોય છે.

**ભોજન :** ભોજનમાં આ દિવસે ખાસ ''પાતોળ'' નામની વાનગી બનાવવામાં આવે છે અને તેની સાથે ભાત હોય છે.  કોઈક વળી મરઘી  અથવા કોઈક માછલી એ રીતે થોડું થોડું બીજું પણ બનાવે છે. પરંતુ 'પાતોળ' એ આ તહેવારની મુખ્ય વાનગી છે.

આ રીતે ભોજન પત્યા પછી લોકો નિરાંતે એક ઘેરથી બીજા ઘેર ફરે છે. દારૂનું પણ ઠીક ઠીક વાતાવરણ હોય છે. લોકો દારૂ પીને ઝૂમતા સાંજ સુધી ફરે છે. આ સમય દરમ્યાન ગામના મંદિરમાં યુવાનો ભેગા થઈને ઠાકર નાચણું શરૂ કરે છે. ગામની યુવતીઓ પણ તે જોવા ભેગી થાય છે અને યુવાનો મસ્તીમાં આવીને નાચે છે. સાંજ સુધી આ નાચણું ચાલે છે. નીચે જમીન પણ ખોદી નાખે ત્યાં સુધી નાચ્યા કરે છે. આ રીતે સાંજ થાય છે. રાત્રે પણ કોઈક ઘેર ઠાકરે નાચણું ગોઠવાય છે. મોડી રાતે સૌ ઉંઘે છે.

આ રીતે તહેવારની ઉજવણી પત્યા પછી બીજા દિવસે લોકો પોત-પોતાનાં કામે ચઢી જાય છે. આ રીતે તેઓ તહેવારના દિવસે  બિલકુલ કામ ન કર્યું હોય તે પછીના દિવસોમાં વધારાનું કરી લે છે. પ્રજા પુષ્કળ મહેનત કરે છે એ આપણે સ્વીકારવું પડે તેમ છે.

આ દિવસની પૂજા વિધિ પતી ગયા પછી  ચિત્રને કાઢી લેવામાં આવે છે. તે ચિત્ર પોળાસન (પોળાનો તહેવાર) આવે ત્યાં સુધી રાખી શકાતું નથી. રહી ગયું હોય તો પોળાના આગલા દિવસે પણ તે કાઢી જ નાખવું પડે છે. પચવી પોળાને બતાવાય નહીં એમ તેઓ માને છે. જેથી કાગળ ઉપર પચવીનું ચિત્ર ચોંટાડયું હોય તો ફાડી નાખે છે અને ભીંત ઉપર ચાકથી બનાવ્યું હોય તો લીપી નાખે છે. આ રીતે પોળા પહેલા આ ચિત્ર નષ્ટ કરવામાં આવે છે. આ અંગે પૂછતાં જાણવા મળ્યું કે પોળા એ પચવીનો જેઠ ગણાય છે. જેથી પોળાને પચવી બતાવાય નહીં.

**મહત્ત્વ :**

આ તહેવાર ઉજવવા પાછળનું મહત્ત્વ એ જાણવા મળે છે કે  આ દિવસે નાગની પૂજા કરવાથી નાગ

હેરાન કરતો નથી. ખેતરમાં જંગલમાં ગમે ત્યાં તે નાગ ડંખ ન મારે માટે આ તહેવારના દિવસે નાગની પૂજા કરવામાં આવે છે અને રક્ષણ મેળવવામાં આવે છે.

**પોળા :**

આ તહેવાર બળદનો તહેવાર માનવામાં આવે છે. આ દિવસે બળદની પૂજા કરવામાં આવે છે. લગભગ ખેતીનાં કાર્યો મોટાભાગનાં પૂરાં થયાં હોય ત્યારે આ તહેવારની ઉજવણી થાય છે. આ તહેવાર પણ દરેક ગામમાં એક જ દિવસે ઉજવવામાં આવતો નથી. ગામ લોકોની અનુકૂળતાએ ઉજવવામાં આવે છે.

જે દિવસે પોળાનો તહેવાર હોય તે દિવસે બળદ સાંજે ઘેર આવે ત્યારે બળદના પગ પાણીથી ધોવામાં આવે છે. આ કાર્ય પુરુષ કરે છે તે દિવસે ઘરના બારણે દીવા પણ કરવામાં આવે છે. જયારે બળદ સાંજે ઘેર આવે ત્યારે બળદના પગ ધોઈ લીધા પછી સ્ત્રી એક થાળીમાં આરતી લઈ કંકુ ચોખાથી ચાંદલો કરે છે. ત્યારબાદ પુરુષ કંકુથી પોતાના હાથની  છાપ દરેક ગાય-બળદ ઉપર પાડે છે. તેમજ શિંગડાં પણ રંગવામાં આવે છે. આ દિવસથી ખેતીનાં કાર્ય માટે બળદની કાંધ પર ધૂસરાં મૂકવામાં આવતાં નથી. આ દિવસે સ્ત્રી-પુરુષો ઉપવાસ રાખે છે અને સાંજે ભોજન લેતા હોય છે.

**પિતરાં :**

આ તહેવાર આસો મહિનામાં આવે છે અને તે પણ દિવાળી પહેલાં. હિન્દુ ધર્મમાં જે શ્રાધ્ધનો તહેવાર માનપૂર્વક ઉજવવામાં આવે છે તે જ આ પિત્રા અથવા પિતરા.  આ તહેવારને દિવસે તેઓ તેમના પૂર્વજોની પૂજા કરે છે. અન્ય તહેવારોને દિવસે પણ 'આઠ વડીલોની' પૂજા તો કરવાની હોય જ છે. પરંતુ આ તહેવારમાં માત્ર પૂર્વજોની પૂજા હોય છે અને તે વડીલોનાં નામે ભોજનનો ભાગ ઘર ઉપર મૂકવામાં આવે છે. જયાંથી કાગડો આવીને લઈ ન જાય ત્યાં સુધી તેઓથી ભોજન કરી શકાતું નથી. આ રીતે તેમની ધાર્મિક ભાવનાને તેઓ ચુસ્તપણે પાળે છે.

અન્ય તહેવારોની જેમ આ તહેવારના દિવસે પણ સવારે વહેલા ઊઠી સ્નાન વગેરે પતાવે છે. પૂજાવિધિમાં તો વડીલ જ હોય છે. એમાં યુવાનોનું ખાસ કામ નથી. વડીલો કામમાં હોય ત્યારે યુવાનો ફરતા નજરે પડે છે.

**પૂજાકાર્ય વિધિ :**

સૌ પ્રથમ ઘરમાં ખાંડણિયાની જગ્યાએ લીપીને, જગ્યાને પવિત્ર કરે છે. તે પછી આ જગ્યાએ ઘરવખરીના મુખ્ય મુખ્ય સાધનો તથા ખેતીનાં ઓજારો મૂકીને પૂજા કરે છે. ત્યાં દીવો પ્રગટાવે છે અને ચોખાની પૂજા કરે છે. તે સમય દરમ્યાન સ્ત્રીઓ ઘરમાં નાહી ધોઈને પવિત્ર થઈને રસોઈ કરે છે. રસોઈ કરતી વખતે એકદમ ચોખ્ખાઈ રાખવી પડે છે અને તેથી આવા તહેવારના દિવસે બાળકો માટેનું પાણી પણ

અલગ સ્થાને જ ભરવામાં આવે છે. જે પાણીનો રસોઈમાં ઉપયોગ કરાતો નથી. આ રસોઈમાંથી સૌ પ્રથમ દેવને અને આઠ વડીલોના નામનું અગ્નિમાં નાખ્યા પછી જ ભોજન કરવાનું હોય છે.

**રસોઈની વાનગીઓ :**

આજના તહેવાર નિમિત્તે રસોઈની જુદી જુદી વાનગી બનાવાય છે. જે નીચે પ્રમાણે છે.

આ દિવસે ચોખા ખાસ રાંધવા પડે છે. પરંતુ તે ચોખામાં જે નવો ખડશીભાત નીકળ્યો હોય, તે ભાતનો ઉપયોગ આ તહેવારમાં કરી શકાતો નથી. આ દિવસે તો ખાસ કોળમી અથવા મસુરી કે એવા અન્ય ભાત વેચાતા અથવા બીજાના ઘેરથી માંગી લાવીને રાંધવા પડે છે. જે ધાર્મિક ક્રિયામાં ઉપયોગમાં લેવાના હોય છે. કેટલીકવાર આથી ઉલટું આ દિવસે નવા ભાતને ખાંડી ચોખા કાઢવામાં આવે છે અને તે જવ ચોખા દરેક ઘેર બનાવવામાં આવે છે. બનાવીને પ્રથમ દેવોને ધરવામાં આવે છે. આ દિવસે પિતૃદેવોના નામનું ભોજન ચૂલામાં હોમવામાં આવે છે. તેને તેઓ ‘અંગારી’ નામથી ઓળખે છે. તે દિવસથી નવા ભાતનો ખાવામાં ઉપયોગ કરવામાં આવે છે. તે પહેલા નવા ભાત ખાઈ શકાતો નથી. તે પછી શાકભાજીમાં મરઘી અથવા તો ગામ ખાતે બકરો હોય છે. આ બધું જ શાક એકદમ રસાદાર અને તીખું બનાવવામાં આવે છે અને થોડુંક તેઓ માછલીનું શાક બનાવે છે. આ દિવસે માછલીનું શાક ગમે ત્યાંથી માછલી લાવીને કરવું પડે છે. નદી ઉપર ‘વાના’ કરે છે ત્યાંથી અથવા ‘વાના’ ન કર્યા હોય તો સૂકી માછલી લાવીને રાંધે છે.

આ રીતે સ્ત્રીઓ રસોઈ કરવામાં રોકાયેલી હોય છે. યુવતીઓ અને કુમારિકાઓ માતાઓને રસોઈ કામમાં મદદ કરે છે. (વાસણો (થાળી) માંજવા જેવું કામ) કામ પતાવીને તેઓ બહાર નીકળી જાય છે, અને ગામના મંદિરે અથવા તો કોઈ ચકલામાં ભેગા થઈને અવનવા ગીતોના સૂર વહેતા મૂકે છે. ગામના યુવાનો પણ મસ્ત બનીને ઢોલ સાથે ઠાકર્યે નાચવાનું શરુ કરે ત્યારે બહેનો ગીતો ગાવાનું પડતું મૂકીને ઠાકર્યે જોવા માટે ભેગી થઈ જાય છે. કેટલાક યુવાનો દારૂની મસ્તીમાં હોય છે. નાચવામાં પરસેવાથી રેબઝેબ થઈ જાય છે અને મોડેથી વડીલો પૂજાવિધિ પતાવીને જમવા બોલાવે છે ત્યારે સૌ પોતપોતાને ઘેર જમવા માટે વિખેરાય છે. રસોઈ તૈયાર થઈ જાય છે પછી એક પાંદડામાં જેટલી જાતની રસોઈ બનાવી હોય તે બધી ભેગી કરીને ‘આંગારી ઢાંકવામાં’ આવે છે.

**આંગારી ઢાંકવી :** દરેક વાનગીને ભેગી કરીને એક પાંદડામાં લે છે. પછી ચૂલામાં અગ્નિ સળગાવીને તેમાં ચૂલાની પૂજા સાથે, ગુજરી ગયેલા વડીલોનાં નામ લઈ લઈને અગ્નિમાં નાખવામાં આવે છે. આ રીતે તેમને યાદ હોય તેટલાનાં નામો તો તેઓ લે જ છે. પરંતુ કેટલાંક ભૂલાઈ ગયેલાં પણ હોય તો છેલ્લે ભૂલાયેલાં અને આજના દિવસે આજ્ઞા રાખતા આઠ વડીલો એમ કરીને અગ્નિમાં હોમવામાં આવે છે. તે પછી હાથમાં ચોખા માંજેલા પિત્તળના લોટા દ્વારા પાણી લેવામાં આવે છે. જે પાણી ચૂલા ફરતે બે આટાં ફેરવવામાં આવે છે. તે પછી બધા જ આઠ વડીલોનાં નામ લઈને તે પણ અગ્નિમાં નાખવામાં આવે છે. આ રીતે ‘આંગારી ઢાંકવાની’ વિધિ પત્યા પછી રાંધેલી વાનગીઓ પાંદડામાં લઈને ઘર ઉપર મૂકવામાં આવે

છે. ત્યાં પણ ચોક્કસ વિધિપૂર્વક તેને મૂકવામાં આવે છે. તે પછી કાગડાને બોલાવવામાં આવે છે અને કાગડો જયાં સુધી તે ખાય નહીં ત્યાં સુધી તેઓ ભોજન કરતા નથી.

ભોજન બાદ તેઓ ફરીથી ઠાકર્યે નાચણું શરુ કરે છે અને તે લગભગ સાંજ સુધી અને મોડી રાત સુધી ચાલુ રાખે છે.

આ રીતે આખો દિવસ ઉત્સવનો આનંદ મનાવે છે. મોડી રાત્રે છૂટા પડે છે અને બીજા દિવસે પાછા હતા એવી જ તાજગી સાથે કામ પર ચઢી જાય છે.

ક્યારેક  નાચણામાંથી અથવા તો જૂના અણ બનાવ હોય તો ત્યાંથી ઝઘડો થવાની પણ શક્યતા રહે છે.

**વાઘબારસ 'બારસી' :**

આ તહેવાર વાઘબારસને દહાડે એટલે કે આસો વદ અમાસના દિવસે મનાવવામાં આવે છે. આ તહેવારના દિવસે ગાયો આખું વર્ષ સુખી રહેશે કે કેમ તેની પરીક્ષા કરવામાં આવે છે. ગામના પાદરે જયાંથી ઢોર પસાર થવાનાં હોય કે દરરોજ પસાર થતાં હોય તે જગ્યાએ મરઘીનું ઈંડુ અથવા મરઘીનું તાજું જન્મેલું એટલે કે ૫-૬ દિવસનું બચ્ચું મૂકવામાં આવે છે. બચ્ચાને બાંધવામાં આવે છે. તે પછી ઢોરને દૂરથી ભયજનક અવાજ પેદા કરીને કે વાજિંત્રો વગાડીને બધાં જ ઢોરને પેલા ઈંડા કે બચ્ચા પરથી પસાર કરવામાં આવે છે. જે વસ્તુ મૂકી હોય બચ્ચું મૂક્યું હોય તો બચ્ચું અને ઈંડું મુક્યુ હોય તો ઈંડુ ં જો બચી જાય તો માનવામાં આવે છે કે ઢોરનું  આખું વર્ષ સારું જશે અને જો પિલાઈ જાય તો માનવામાં આવે છે કે કોઈક આફત ઢોરો ઉપર આવશે.

વાઘબારસના દિવસે ગોવાળિયાઓ ઉપવાસ કરે છે અને  'ગંધળા' નામના ઘાસથી ઢોરની ફરતે પાંચ વખત દૂધનો છંટકાવ કરવામાં આવે છે. ત્યારબાદ એક જગ્યાએ પરાળ સળગાવવામાં આવે છે અને એના પરથી ગોવાળિયા કૂદતા જાય છે. આ દિવસે ઘેર ઘેરથી ગોવાળિયા ચોખા ઉઘરાવી લાવે છે અને તેનો મીઠા વગરનો મોળો ભાત બનાવવામાં આવે છે. ગોવાળિયાઓને એક જગ્યાએ બેસાડી દેવામાં આવે છે. તે પછી તેમને પેલો ભાત ખૂબ ઉતાવળથી ખાવો પડે છે. એક વ્યક્તિ થોડી વાર રહી મોઢામાંથી અવાજ કરતાં કરતાં મોઢા પર અવાર નવાર હાથ મૂકે છે, ત્યારે તે ભાણું  ગોવાળિયાઓને છોડી ઊઠી જવું પડે છે. મીઠા વગરનો મોળો ભાત દરેક ઘેર થોડો થોડો આપવામાં આવે છે. જો આ ભાત કૂતરાને નાખવામાં આવે તો કૂતરાને વાઘ પકડી જાય તે પ્રકારની માન્યતા છે.

**ધનતેરસ :**

આ દિવસે પૈસાની પૂજા કરવામાં આવે છે. ખાસ કરીને જૂના પૈસાની પૂજા થાય છે. સાથે સાથે કૌટુંબિક દેવોની પણ  પૂજા થાય છે.

**ચૌદસ :**

આ તહેવાર આસો વદ ચૌદસના દિવસે આવે છે. આ તહેવાર મેલી વિદ્યા અજમાવનારાઓ માટેનો છે. એવું માનવામાં આવે છે. આ દિવસે ગુરુ શિષ્યને સંપૂર્ણ વિદ્યા આપે છે એવું માનવામાં આવે છે. વળી ગુરુ શિષ્યની પરીક્ષા પણ લેતા હોય છે અને જે તે વિદ્યાની જે વિધિ હોય તે પૂરી કરે છે. આ દિવસે શિષ્ય દિવો કરવા ચોખાના લોટના નાના કોડિયા બનાવે છે. તેમાં તેલ પૂરી દિવા સળગાવવામાં આવે છે. તે પછી શિષ્ય આવા પાંચ દિવા (કોળિયા) સળગતા ખાઈ જાય છે, ગાયને રોટલો નાખે છે અને તે પછી ઉપવાસ છોડે છે. જમતી વખતે જો દિવો કે ફાનસ ઓલવાઈ જાય તો ભોજન તરત છોડી દે છે અને હાથ ધોઈ થાળી પરથી ઊઠી જાય છે. તે પછી બીજા દિવસે જે સમયે દીવો કે ફાનસ હોલવાય ગયાં હોય ત્યારે જમવા બેસે છે ત્યાં સુધી તેઓ વચ્ચે જમતા નથી. તે વખતે પણ ફરી તેમણે પાંચ દીવા બનાવી પાંચ દીવા ખાવાની ક્રિયા કરવી પડે છે તે પછી જ જમાય છે.

કેટલાક લોકો આ દિવસે એક બીજા ઉપર વિદ્યાની અજમાયશ કરી જુએ છે, અને કોણ કેટલો પાકો થયો છે તેનું પારખું કરે છે . આ દિવસે મેલી વિદ્યા જાણનાર સ્ત્રી પણ માતાની પૂજા વિધિ પતાવે છે તથા ગુરુ શિષ્યા ગુરુને દક્ષિણા આપે છે. પરંતુ તે જાહેરમાં હોતું નથી. ખાનગીમાં કોઈ ન જાણે તે રીતે ગુરુ અને શિષ્યા જ જાણતા હોય છે. જયારે પુરુષ વર્ગની વિદ્યાની જાણકારી વધુ પ્રમાણમાં થાય છે. ઘણા લોકો જાણતા હોય છે કે અમુક વ્યક્તિ અમુક ગુરુ પાસેથી વિદ્યા લઈ રહી છે. પણ આ વસ્તુ સ્ત્રીઓમાં જાણી શકાતી નથી. કારણ કે તેઓ ખૂબ ખાનગી રાખે છે અને કોઈને જાણ થાય તો તે સ્ત્રીને માર મારવામાં આવે છે.

**હોળી :**

આ તહેવારની ઉજવણી પાંચ દિવસ સુધી ચાલે છે. હોળીને ડાંગી ભીલોમાં રાવણનું સ્મશાન ગણવામાં આવે છે. જે રીતે રાવણના સ્મશાનનું રક્ષણ કરવા માટે હનુમાનજીને રાખવામાં આવે છે તે જ રીતે ગામના લોકો હોળી સળગાવે તે દિવસથી તે પાંચ દિવસ સુધી દરેક ઘરથી એક વ્યક્તિ હોળીએ જાગરણ કરવા માટે જાય છે, કારણ કે રાવણ ફરી જીવતો ન થાય તેટલા માટે ત્યાં દેખરેખ રાખવાની જરુર હોય છે. આવી સ્પષ્ટ માન્યતા જોવા મળે છે.

આ પાંચ દિવસ સુધી બહારથી ગામમાં તમાસાનો કાર્યક્રમ કરવા આવેલ વ્યક્તિઓ પ્રથમ હોળીએ જઈને રાખની તિલક કરીને પછી કાર્યક્રમ શરૂ કરવામાં આવે છે.

**હોળી સળગાવવાની શરૂઆત :**

હોળી જે જગાએ સળગાવવાની હોય તેનાથી પશ્ચિમમાં ૫૦ ફુટ જેટલે દૂર એની પૂજન વિધિ

કરવાની હોય છે. એમાં પૂજન વિધિની જગ્યાએ ચોખા સિંદૂર મૂકે છે. હળદર પાંચ બાજુ મૂકે છે. તે પછી અગરબત્તી સળગાવે છે તે જગા પર મરઘાં કાપવામાં આવે છે. હોળી દર વર્ષે એક જ વ્યક્તિ સળગાવે છે. તે ૫ વર્ષ સુધી સળગાવે તે પછી બીજી વ્યક્તિને નીમવામાં આવે છે.

બરાબર હોળી સળગાવ્યા પછી નાળિયેર કોપરા, દાળિયા, ચોખા, હરડા નાંખે છે. આમ હોળી સળગાવવાની શરૂઆત થાય છે.

સળગતી હોળી જો પૂર્વ તરફ ઘસી પડે તો તે શુભ માનવામાં આવે છે. હોળીની થાંભલી પૂર્વ તરફ પડે તો શુભ (અન્ય દિશામાં પડે તો અશુભ) માનવામાં આવે છે.

સામાન્ય રીતે હોળીના દિવસથી ઠંડી ચાલી જાય છે એવી એક માન્યતા અહીં પ્રવર્તે છે.

હોળી બનાવવાની શરૂઆત થાય તે પહેલાં ગામનો પટેલ બે સાગનાં લાકડાં ખોસી આંબાનાં પાંદડાનું તોરણ બાંધી તોરણ નીચે ગામના દરેક દેવના નામની ચોખાની પુંજ (ઢગલો) મૂકવામાં આવે છે અને તેના ઉપર થોડા થોડા સિંદૂરથી પૂજન થાય છે. હોળી બનાવતી વખતે દરેક ઘેરથી પાંચ પાંચ લાકડાં મંગાવવામાં આવે છે. આ લાકડાં ઘેરથી લાવી શકાતાં નથી તેમજ હોળીનું લાકડું ઘેર લઈ જઈ શકાતું નથી. હોળી રચાઈ ગયા પછી ગામનો જાગલિયો ગામ લોકોને હોળીએ આવવા મોટેથી સાદ પાડે છે. સાદ સાંભળવા લોકો થાળીમાં ચોખા લઈને આવે છે ત્યારબાદ હોળી સળગાવવા માટે જાગલિયો પટેલ પાસે રજા માગે છે. પટેલ રજા આપે પછી જ હોળી જાગલિયા મારફતે સળગાવવામાં આવે છે. બીજા સળગાવી શકતા નથી. લોકો હોળીની ફરતે પાંચ આંટા ફરી ચોખા પાણી હોળીમાં નાંખે છે. વધેલા ચોખા પટેલ બેઠેલો હોય ત્યાં આપી દેવામાં આવે છે. ભેગાં થયેલા ચોખા ગામના જાગલિયાને આપી દેવામાં આવે છે. જે કોઈ હોળીમાં નાળિયેર નાખે તે અવળું હોમીને પટેલને આપી દે છે. એ બધું પોતે રાખે છે. પટેલ પાસે જે નાળિયેર ભેગાં થાય તે કોપરાનો પ્રસાદ બધાને આપવામાં આવે છે તથા એક બીજાના ફેંટામાં ખોસવામાં આવે છે અને ગામનાં તમામ સ્ત્રી પુરુષો હોળી સુધી જીવ્યા તેનો આનંદ વ્યકત કરે છે. તે પછી ગામનાં લોકોને સૂચના આપવામાં આવે છે કે જુવાન સ્ત્રી પુરુષો એક બીજાની મજાકમાં કપડાં કે કોઈ વસ્તુ સંતાડે તો તે માટે બધાંએ સાવધાન રહેવું અને સંતાડેલી વસ્તુના બદલામાં સૂકું કોપરું સંતાડનારને આપવામાં આવે છે. જો કોઈ ચોરી જાય તો તેની ફરિયાદ સાંભળવામાં આવશે નહિ, પાંચ દિવસ દરમ્યાન થયેલી તકરારની ફરિયાદ સાંભળવામાં આવશે નહીં, કે ફરિયાદ પણ કરવી નહીં. બધાએ મોજ મજાથી તહેવારની ઉજવણી કરવી.

હોળીએ ન સૂવા જનાર પાસેથી બહેનો દંડ રૂપે કોપરું અથવા નાળિયેર માંગે છે. બહારગામથી આવનાર વ્યક્તિઓ પાસેથી ફાગ માંગવામાં આવે છે. ફાગ ન આપનાર વ્યક્તિને બહેનો ગમ્મતમાં રંજાડે છે અને તેની ફરિયાદ ગામનું પંચ સાંભળતું નથી.

હોળીના તહેવારને ગાંડો તહેવાર ગણવામાં આવ્યો છે.આ દિવસો દરમ્યાન ગામમાંથી પસાર થતી વ્યક્તિ પાસેથી ફાગ લેવામાં આવે છે અને તે પછી જ તેને આગળ જવા દેવામાં આવે છે. ન આપનાર પાસેથી બહેનો કોઈ વસ્તુ ઝૂંટવી લે છે. પૈસા આપ્યા પછી જ તે વસ્તુ બહેનો પાછી આપે છે. ફાગ માંગવાની શરૂઆત ફાગણ સુદ એકમથી થાય છે, એટલે કે ફાગણનો ચંદ્રમા દેખાય ત્યારથી શરૂ થાય છે અને તે પછી હોળીના પાંચમના દિવસે પૂરી થાય છે. હોળીના પાંચ દિવસો દરમ્યાન તે પૂરજોસમાં ચાલે છે. આ દિવસોમાં સ્ત્રી પુરુષો એક બીજા ઉપર ગમ્મતમાં પાણી પણ નાખે છે. ખાસ કરીને દિયર-ભાભી કે મામા-ફોઈનાં છોકરા-છોકરી વચ્ચે આવી ગમ્મત વિશેષ જોવા મળે છે. આ દિવસે નાનાં બાળકો ખાંડનાં ચકતાં 'હાડાં' અને કોપરાના હાર બનાવી ગળામાં પહેરી રાખે છે તેમજ દાળિયા ખાય છે.

હોળીનો વચ્ચેનો થાંભલો 'સિરસ' નામના વૃક્ષનો હોય છે. તે થાંભલા સાથે લોટમાંથી બનાવેલ પાપડી કોપરાં ભાંગેલુ સૂપડું અને ધનુષબાણ વગેરે વસ્તુઓ બાંધવામાં આવે છે.

જયારે થાંભલો લેવા જંગલમાં જાય છે ત્યારે નગારું અને સોપારી લઈ જવામાં આવે છે. આ સોપારી તે ઝાડને ભેટ ધરવામાં આવે છે. હોળીમાં થાંભલો રોપ્યા પહેલાં તેના નીચેના છેડે એટલે કે જે જમીનમાં નાખવાનો હોય તે છેડાએ તાંબાના પૈસા ચોંટાડવામાં આવે છે. તે પછી જ અર્ધવચ્ચે થાંભલાને રોપવામાં આવે છે. તેના ફરતે લાકડાં ઊભાં કરવામાં આવે છે તે સમયે બહેનો હોળીનું ગીત પણ ગાય છે. ગીતમાં હોળી ક્યા મહિનામાં આવી, અને શું શું ભેટ લેશે એ વર્ણવ્યું હોય છે. જુવાનિયા હોળીની ફરતે ઢોલક વગાડી હોળીનાં ગીતો ગાય છે અને હોળી વિશેના કેટલાક સૂત્રો પણ ઉચ્ચારે છે. જેમાં એક બીજા ગામના જુવાનિયાઓને ટોણા મારવામાં સૂત્રોનો સમાવેશ થાય છે.

હોળીનો પ્રકાશ ગર્ભવતી સ્ત્રીને જોવાની મનાઈ છે. એટલે કે હોળી સળગાવતી વખતે પ્રથમ પ્રકાશ પ્રકાશે છે તે. આ દિવસે જેમણે હોળીની બાધા રાખી હોય, જે ઘેર બાધા લીધી હોય અને તે ઘેર બાધાથી છોકરો જન્મ્યો હોય તો નાળિયેર અને છોકરી જન્મી હોય તો કોપરું હોળીમાં નાખવાનો રિવાજ છે. જેમને બાળકો ન થતાં હોય, તેમને બાળકો થાય, તેના માટે ભગત પાસે છોકરા થાય તેવી હોળીની બાધા આ દિવસે લે છે.

હોળીના પાંચ દિવસ દરમ્યાન જન્મેલાં બાળકો 'સીમગા' નામથી ઓળખાય છે અને જો છોકરો હોય તો તેનું નામ 'સીમગુ' પાડવામાં આવે છે અને છોકરી હોય તો 'સીમગી' નામ પાડવામાં આવે છે.

**હોળી હોલવવાની વિધિ :**

હોળી સળગાવ્યા પછી ૫ દિવસ બાદ તે હોલવવામાં આવે છે. તે દિવસે ખીચડી પટેલને ત્યાંથી રાંધીને લાવવામાં આવે છે. દરેક ઘરની એક વ્યક્તિ હોળી હોલવવા માટે હોળીના સ્થળે હાજર રહે છે.

તેઓ કોપરા, દાળિયા, હડા, ચોખા લાવે છે. કેટલાક ગામમાં હોળી હોલવવા માટે દરેકે દરેક ઘરથી પાણી પણ લાવવામાં આવે છે. હોળીને રાવણનું સ્મશાન ગણીને, હોળીનાં લાકડાંને વધેલા કોલસાથી અને પથ્થરની ફરતે ગોળાકારમાં હદ બાંધી તેનું સ્થાન કાયમી બનાવી દેવામાં આવે છે.

એ જગ્યાની બાજુમાં સાગની નાની નાની બે થાંભલી રોપે છે. એ બન્ને થાંભલી સાથે આંબાનું તોરણ બાંધે છે. તેને સિંદૂર લગાડે છે. આમ હોળી હોલાવવાની વિધિ કરવામાં આવે છે.

દરેક તહેવારના દિવસે ગામના લોકો ઉપવાસ કરે છે. વળી હોળી, દિવાળી, ચૌદસ, તેરસ અને બારસ તથા અખાત્રિ જેવા તહેવારો સિવાય બાકીના તહેવારો દરેક ગામમાં એકી સાથે એક જ દિવસે ઉજવાતા નથી. બાકીના તહેવારો ગામના લોકોની સગવડતા પર ઉજવવામાં આવે છે.

**દેવ-દેવીઓ :**

આગળ વર્ણનોમાં જોયું કે ગામના લોકોના મુખ્ય દેવ-દેવીઓ કયાં છે કેટલાં છે તથા ચોખ્ખા દેવ-દેવીઓ કયા કયા છે. આ દેવ-દેવીઓની પૂજાવિધિ કેવી રીતે થાય છે અને દેવ-દેવીઓનું મહત્ત્વ એમના જીવનમાં શું છે તે અંગે ક્ષેત્રમાંથી કેટલાક દેવ-દેવીઓની માહિતી મળી છે તે આ પ્રમાણે છે. ગામના લોકોના મહત્ત્વના દેવો નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| ૧. ડુંગર દેવ | ૨. હિરવા દેવ |
| ૩. સળવા દેવ | ૪. ભવાની માતા |
| ૫. વાટી દેવ | ૬. નાગદેવ |

ઉપરોક્ત દેવો તેમના જીવનમાં અવારનવાર આવતા જોવા મળે છે. અહીં મને જે થોડાક દેવ-દેવીઓની માહિતી મળી છે તે આ પ્રમાણે છે :

**ડુંગર દેવ :**

ડુંગર દેવ તેમના જીવનમાં ખૂબ મહત્ત્વ ધરાવે છે. ડુંગર દેવ એ સુખસમૃધ્ધિ માટેનો નસીબ જગાડવાનો દેવ છે એવું માનવામાં આવે છે.

**સ્થાન :**

આ દેવનું સ્થાન ડુંગરે ડુંગરે હોય છે. પરંતુ મોટામાં મોટું સ્થાન સાપુતારા નજીક આવેલા ડુંગર પાસે આવેલું છે એવું એમનું માનવું છે. આ ડુંગરમાં એક સાંકડી બખોલ છે. તેની અંદર તે દેવ આવેલા છે. અહીં કાળો નાગ તથા વાઘ પણ રહે છે. તે બખોલ ખૂબ સાંકડી હોય છે. પરંતુ જયારે ગામના લોકો પૂજા કરવા માટે જાય છે ત્યારે તે મોટી થઈ જાય છે અને તેમાં ખૂબ નાની જગ્યા હોવા છતાં જેટલા માણસ જાય તેટલા બધા જ ત્યાં સમાય જાય છે. ત્યાં સારા માણસોને તે દેવના દર્શન પણ થાય છે. તેનો કાર્ય વિસ્તાર પણ તે દેવ તેમને બતાવે છે.

**પૂજાવિધિના સાધનો :**

આ દેવની ખાસ કરીને બકરો, મરઘું, નાળિયેર, નાબાપુરી સિંદૂર, કંકુ, કોપરું તથા વિવિધ પ્રકારના શાકભાજી તથા ધાન્યોથી પૂજા કરવામાં આવે છે. કથા વખતે દરેક જાતના ભાજી શેરડી નાગરવેલના પાન વગેરેનો ઉપયોગ થાય છે.

**મહત્ત્વ :**

આ દેવનું મહત્ત્વ સુખ આપનાર અને નસીબને અજમાવવાનું ગણાય છે. ખેતરમાં અનાજ બરાબર ન પાકતું હોય, ઢોર તથા માણસોમાં બીમારી વિશેષ થવા માંડે તો તેની બાધા લઈને આ દેવથી મટાડી શકાય છે.

**પૂજાવિધિ :**

આ દેવની પૂજા વિધિ વ્યક્તિગત અને સામૂહિક બન્ને રીતે થાય છે. જો કોઈ કુટુંબમાં ઉપર પ્રમાણે થતું હોય તો કુટુંબનો વડો, ભગતને બોલાવી લાવી દાણા જોવડાવે છે અને દુઃખ મટાડવા માટે આ દેવની બાધા લઈ આપે છે. સમય જતાં તેમાં ફાયદો જણાય તો તેની પૂજા કરવામાં આવે છે. તેની બાધા રાખવામાં આવે છે. જો આખા ગામમાં ઉપર પ્રમાણે થતું હોય તો ગામના દરેક કુટુંબના વડા ભેગા થાય છે અને ભગત પાસે દાણા જોવરાવે છે અને ભગત દાણા જોઈને પછી ડુંગર દેવની બાધા લઈ આપે છે અને તેમાં ફેર જણાય તો તે સમય જતાં ગામ લોકો ભેગા થઈ શિયાળામાં બાધા છોડવા માટે ડુંગર દેવે ભેગા થાય છે. આમ આ દેવની પૂજા વ્યકતિગત તેમજ સામૂહિક બન્ને રીતે થાય છે. વ્યક્તિગત પૂજા થતી હોય ત્યારે પણ ગામના બધા જ માણસોને ભેગા થવું પડે છે. પરંતુ ખર્ચ જે ઘરની બાધા હોય તેનો જ હોય છે. એમાં માત્ર ગામલોકો હાજરી આપે છે, સહકાર આપે છે. ખર્ચમાં તેઓ ભાગીદાર હોતા નથી, પણ જયારે ગામની બાધા હોય ત્યારે તેનો ખર્ચ ગામના દરેક કુટુંબે ભોગવવો પડે છે. કુલ ખર્ચને ગામના કુલ કુટુંબોથી ભાગે પૈસા લેવામાં આવે છે.

જેમ પૂજા વિધિ વ્યક્તિગત રીતે તથા સામૂહિક રીતે થાય છે તેવી જ રીતે આ દેવની પૂજાવિધિ ત્રણ રીતે થતી જોવા મળે છે તે નીચે પ્રમાણે છે.

(૧) ફુલ ઘાલુલા

(૨) દેવ વરાળુલા

(૩) ડુંગર દેવની પૂજા

૧. **ફુલ ઘાલુલા :** આ પૂજા બાધા લીધા પછી દર વર્ષે કરવામાં આવે છે અને તે ત્રણ કે પાંચ વર્ષ સુધી થાય છે. આ પૂજા જયારે વિપત્તિમાં થોડો સુધારો જણાય ત્યારે જ થાય છે. ત્રણ કે પાંચ વર્ષ સુધી પૂજામાં વિવિધ પ્રકારના ધાન્યો ખાસ કરીને નાગલી તથા ફળોમાં કાકલી 'ડાંગર' (કાળુ) વગેરેનો

ઉપયોગ થાય છે. સવારે વિધિ પૂરી થાય છે. સવારે વિધિ પૂરી થયા પછી કોળાનો પ્રસાદ વહેંચવામાં આવે છે. આ વિધિ ભગત કરે છે. જાતે કરી શકાતી નથી કે જેની પાસે બાધા લેવડાવી હોય તે ભગતને બોલાવી લાવી દર વર્ષે કરાવરાવે છે.

૨. **દેવ વરાળુલા :** આ પૂજા ત્રણ વર્ષ પછી કે પાંચ વર્ષ પછી કરવામાં આવે છે, જ્યારે બાધા લીધેલી હોય તેમાં ફાયદો જણાય પછી આ વિધિ થાય છે.

પૂજા વિધિમાં ભગતને બોલાવી લાવી ભગત પાસે પૂજા કરાવવામાં આવે છે. વચ્ચે નાગલીનો મોટો પુંજ મૂકવામાં આવે છે. તેની ફરતે દરેક પ્રકારના અન્ય ધાન્યોના નાની નાની પુંજ મૂકવામાં આવે છે. નાગલીના પુંજ ઉપર દીવો સળગાવેલું કોડિયું મૂકવામાં આવે છે. આ દીવો સવાર સુધી બળવો જોઈએ અને આખી રાત 'વાળનુકની' કથા થાય છે. જેમાં ડુંગર દેવ વિશે વર્ણન થયેલું જોવા મળે છે. સવારે કથા પૂરી થતાં બકરો વધેરવાની વિધિ થાય છે. બકરો કાપીને તેના માથાને મેલી નાગલીના પુંજ ઉપર તેનું લોહી પડે તેમ ઉપર લટકાવવામાં આવે છે અને પગ તથા માથાનું માંસ અલગ બનાવવામાં આવે છે. કાચું માંસ પોતાના કુટુંબ સિવાય કોઈને આપી શકાતું નથી. જો વ્યક્તિગત પૂજા થતી હોય તો અને સામુહિક હોય તો કોઈ ખાઈ શકતું નથી. માંસને રાંધીને પછી ગામના લોકોને જમાડવામાં આવે છે અને ખાધા પછી હાથ કોઢમાં ધોવામાં આવે છે. અન્ય જગાએ હાથ ધોવાતા નથી. એઠવાડ પણ કોઢમાં જ નાખવામાં આવે છે. અન્ય જગ્યાએ નાખી શકાતો નથી. ભોજનમાં પુરુષ ભાગ લે છે. સ્ત્રીઓ ભાગ લેતી નથી.

સામુહિક પૂજા થાય ત્યારે ફૂલ ગાલુલાની વિધિ પટેલને ત્યાં થાય છે અને દેવ વરાળુલાની વિધિ ગામના ખાસ દેવના સ્થાને થાય છે.

### ડુંગર દેવોની પૂજા :

આ પૂજાવિધિ પંદર વર્ષ પછી થાય છે. સામુહિક પૂજા હોય છે. પૂજા વિધિ પટેલના ઘેરથી થાય છે. જ્યારે વ્યક્તિગત હોય ત્યારે પૂજા વિધિ કરાવનારને ત્યાં જ પૂજા વિધિની શરૂઆત થાય છે.

### થોબ ઠોકુલા :

પૂજા વિધિના પ્રથમ દિવસે 'થોબ ઠોકુલા' ની વિધિ કરવામાં આવે છે. ડુંગરદેવની પૂજા આઠ દિવસ સુધી થાય છે. પ્રથમ દિવસે 'થોબ ઠોકુલા'ની વિધિ થાય છે. દેવીના (ગમે તે દેવી) નામની મોરના પીંછાની મોટી ભારી આંગણામાં વિધિથી ઊભી કરવામાં આવે છે. આ ભારી ફરતે ભગત વિધિથી ગલગોટાના છોડ રોપે છે તે પછી આજુબાજુ થોડાં ફૂલ પણ વેરે છે. એક તેલનો દીવો પણ ત્યાં કરવામાં આવે છે. આજુબાજુ દરેક દેવ-દેવી માટે ચોખાનો પૂંજ મૂકવામાં આવે છે. આ બધી જ વિધિ ભગત પાસે કરાવવામાં આવે છે. ટૂંકમાં ડુંગર દેવની પૂજાવિધિ જાણકાર ભગતથી કરાવવામાં આવે છે. આમાં ભગત

અને સાથીદાર ભગત  બન્ને 'સીરબાપે'ના નામથી ઓળખાય છે અને એમાં ભાગ લેનારા પુરૂષોને 'ભાયે' નામથી ઓળખાય છે. ત્યાં નામથી બોલાવી શકાતું નથી. જેને બોલાવવું હોય તેને 'ભાયે' કહીને જ બોલાવાય છે. આ દિવસે ઉપવાસ કરવામાં આવે છે અને તે બધાએ વ્યક્તિગત પૂજા હોય તો તેને ત્યાં અને સામુહિક હોય તો પટેલને ત્યાં જમવું પડે છે. ઘેર જમી શકાતું નથી, કે જઈ શકાતું નથી. આઠ દિવસ સુધી દારૂ માંસ મચ્છી વગેરે ખાવાની પીવાની સખત મનાઈ હોય છે. આ દિવસે બીજી કોઈ વિધિ થતી નથી.

**ખલી નક્કી કરવી :**

બીજા દિવસે સવારે ઊઠી નાહીધોઈ સ્વચ્છ થઈ ત્યાંથી પડાવ ઉઠાવવામાં આવે છે. તે જગ્યાએથી બધી વસ્તુઓ ઉઠાવી ખલી નક્કી થાય ત્યાં લઈ જવામાં આવે છે. આ ખલી ગામના પાદરેથી અર્ધો ફલાંગ જેટલી દૂર હોય છે. આ ખળી કયાં રાખવી તે પણ દેવ જ (ભગત ધૂણતો ધૂણતો) નક્કી કરે છે. બધો સામાન ઉઠાવી દેવી જે રસ્તે લઈ જાય તે રસ્તે (એટલે ભગત જે ધૂણે છે તેને દેવી આવવી કહેવાય તેના શરીરમાં દેવી પ્રવેશે છે તેના પ્રતીક રૂપે તે ધૂણે છે, જયારે ધૂણે ત્યારે માનવું કે ભગતના શરીરમાં દેવી પ્રવેશી (ભગત )ધૂણતો ધૂણતો આગળ ચાલે છે. જેને તેઓ એવું માને છે કે દેવી આગળ જઈ રસ્તો બતાવે છે. આ શીરભાયેની પાછળ 'ભાયે' ચાલે છે. આ શીરભાયે જો ખોટો રસ્તો પકડે તો શીરભાયે નીચે જમીન સાથે અફળાઈ પડી જાય છે. જેનાથી'શીરભાયે' જાણી જાય છે કે રસ્તો ભૂલી જવાયો છે અને ત્યાંથી તે રસ્તો બદલે છે. ઘેરથી નીકળીને ખળીએ જતા રસ્તામાં કોઈ દેવી જો 'ભાયે'ને મળવા માંગતી હોય તો તે દેવ કે દેવીને માન આપવું પડે છે અને તેને 'મેટ' કહેવામાં આવે છે. તે દેવીના ઘેરથી વાયા થઈને ખળીએ જવું એવું એનો અર્થ ઘટાવવામાં આવે છે. એટલે એનો અર્થ એ થયો કે રસ્તામાં પણ કેટલાક દેવ-દેવીઓનાં સ્થાનકો આવેલાં છે અને ખળીએ જતી વખતે તેમને પણ માન આપવું પડે છે. શીરભાયે ધૂણતો ધૂણતો આગળ વધે છે અને જે જગ્યાએ શીરભાયે ગોળ ગોળ ફરવા લાગે તે જગ્યાને એમ માનવામાં આવે છે કે દેવીએ આ જગ્યા ખળી કરવા નક્કી કરી આપી. તે પછી આ જગ્યા બાકીના ૬ દિવસ માટે મુકામ કરવાની નક્કી થાય છે. આ ખળીને ભગત તેની વિદ્યાથી  બાંધી દે છે. જેનાથી ત્યાં બહારથી મેલાં તત્ત્વો પ્રવેશી શકતાં નથી. આ ખળી અંદાજે ૨૫ ફૂટની વ્યાસવાળી હોય છે.

આ દિવસોમાં દરરોજ સ્નાન અને ઉપવાસ કરવામાં આવે છે. વળી આ દિવસોમાં ઘેર જવાતું નથી. ખળીએ જ રહેવું પડે છે. દિવસના આજુબાજુનાં ગામડામાં ભાયા માંગવા જાય છે. અનાજ માગવું એ એક જાતનું શુભ કાર્ય માનવામાં આવે છે. એનાથી નસીબ સારું છે કે નથી તે જાણી શકાય છે. જો ભિક્ષામાં અનાજ સારું  ભેગું થાય તો નસીબ સારું છે એમ માનવામાં આવે છે અને ઓછું મળે તો નસીબ સારું નથી એમ માનવામાં આવે છે. અનાજમાં લોટ, ચોખા, પૈસા વગેરે માગવામાં આવે છે અને તેમાંથી જ સાંજની રસોઈ બનાવવામાં આવે છે. જયારે ભીક્ષા લેવા જાય ત્યારે એક વ્યક્તિ વિશિષ્ટ પ્રકારની ટોપી પહેરી જાય છે. આ ટોપીને ટોપરાની ટોપી  કહેવામાં આવે છે. પહેલા ટોપરા નામના કોઈ વ્યક્તિ થઈ ગઈ જે ભાયેનો

નાયક ગણાતો હતો અને તે વિશિષ્ટ પ્રકારની ટોપીના વેશમાં ભિક્ષા માગવા જતો હતો. તેનો વેશ અને ટોપી આજે પણ એક વ્યક્તિને પહેરાવવામાં આવે છે અને તે વ્યક્તિની સાથે ભિક્ષા લેવા માટે બધા જાય છે.

આ દિવસોમાં સવારે કડકડતી ઠંડીમાં બધાએ (ખળીમાં જે લોકો હાજર હોય તે બધાએ) ફરજીયાત સવારના ચારથી પાંચની વચ્ચે સ્નાન કરવું પડે છે. સ્નાન કરી આવ્યા પછી દેવતાએ બેસવાની સખ્ત મનાઈ હોય છે અને આ વખતે ભગત કસોટી કરે છે. 'ધોળકાઠી' નામનું ઘાંસ આવે છે તે ઘાસની સળી બે અઢી ઈંચના ટુકડા કરી ભગત હાથમાં અમુક અમુક ટુકડા પકડી રાખે છે પછી તે ટુકડા જે સ્નાન કરીને આવેલ હોય તેને પૂછવામાં આવે છે કે 'મારા હાથમાં કેટલા ટુકડા છે' જો તે સાચો જવાબ આપે તો તેને બેસવા દેવામાં આવે છે. જો ખોટો જવાબ આપે તો તેને ફરી બહાર જવું પડે છે અને જયાં સુધી તે સાચો જવાબ ન આપે ત્યાં સુધી તેને બેસવા દેવામાં આવતો નથી.

દર રાત્રે ડુંગર દેવની કથા થાય છે. બધા ગોળ કુંડાળે મળી કથા સાંભળવા બેસી જાય છે. ભગત થાળી અને તેની વચ્ચે એક સોટીથી સરસ મજાનો ધ્વનિ ઉત્પન્ન કરે છે, અને તેની સાથે કથા પણ કરતો જાય છે. સાથે ભગત પાવરી પણ વગાડે છે. જે વાંસમાંથી બનાવવામાં આવે છે. કથાનો અમુક ભાગ પૂરો થાય એટલે ભગત સૂડા પાડે છે. આવી સૂડ રાતમાં ત્રણ પડે છે, એટલે કે એક જાતનો અવાજ પેદા કરે છે. જેનાથી દરેક ભાયે ને દેવી આવે છે ધૂણે છે સૂડ પાડતા દરેક ભાયેને જુદા જુદા દેવનો પવન આવે છે. એમ તેમનું કહેવું છે અને તેની અસર જયારે ભાયે ધૂણે છે ત્યારે થાય છે. ત્યારે દરેક ભાગે પોતપોતાની રાતે બૂમ પાડે છે. જુદા જુદા દેવ-દેવીના પવનો આવે છે તે નીચે પ્રમાણે છે.

૧. **વાઘ દેવનો પવન :** આ પવન જેને આવે છે તે ભાયે વાઘની જેમ ધૂરકે છે તેવું ચાલે છે તથા શિકાર પકડવા માટે જેમ વાઘ છાપો મારે છે તેમ તે ભાયે બીજા ઉપર છાપો મારે છે. આવું જે ભાયે કરે તેને વાઘ દેવનો પવન આવે છે એવું માનવામાં આવે છે.

૨. **ભસિયાનો પવન :** આ પવન જે ભાયેને આવે છે તે જો આજુબાજુ ડાકણ હોય તો તેને ફાડી ખાવાનો પ્રયત્ન કરે છે.

૩. **રાનવા દેવનો પવન :** આ દેવનો પવન જે ભાયેને આવે છે તે ભાયે ધૂણતો ધૂણતો જંગલમાં ચાલી જાય છે અને ત્યાંથી ગમે તે એક વસ્તુ પકડી લાવે છે અને એનાથી એ પ્રતિતી થાય છે કે તે ટૂંક સમયમાં કેટલે દૂર જઈ શકે છે, એટલે કે આ પવન જંગલ દેવનો પવન માનવામાં આવે છે.

૪. **ભૂતનો પવન :** આ દેવનો પવન આવતો હોય તે ભાયેને બળતા અંગારાવાળું લાકડું કે કોલસા મોઢામાં લઈ ચાવી જાય છે. આ સમયે કોઈ પણ સ્ત્રીએ ત્યાં હાજર રહેવું ભયરૂપ માનવામાં આવે છે. તે ભાયે બળતા ધગધગતા અંગાર પર પણ ચાલે છે.

**ભૂતના પ્રકાર :**

૧. **નીળા પેના પવન :** આ જાતના ભૂતવાળા પવન જે ભાયે આવે તે ખળીમાં ગોળ ગોળ બધા ભાયેને ફરતે ફર્યા કરે છે.

૨. **મસાણિયા ભૂતનો પવન :** આ ભૂતના પવનવાળા ભાયે તે સમયે મસાણમાં જઈને પાછો આવે છે અને નાચવા લાગે છે.

૩. **ચોખા ભૂતનો પવન :** આ ભૂતના પવનવાળા ભાયે શાંતિથી ધૂણ્યા કરે છે.

૪. **વચલા ભૂતનો પવન :** ક્યારેક ભાયેને પવન ન ઊતરતો હોય ત્યારે શીરભાયે તેને 'ખાકડા' (ચાબૂક)ના ફટકાથી પવન ઉતારવામાં આવે છે. આમાં માત્ર નાચે છે બીજી કોઈ ક્રિયા કરતો નથી.

જે લોકોને પવન ચઢતો નથી અને ચઢાવવાની ઈચ્છા કરે છે તેવી વ્યક્તિઓ ઉપવાસ કરી ભગત પાસે દેવનો પવન ચઢાવવા માગણી કરે છે.

ડુંગર દેવના કથાના ત્રણથી ચાર ભાગ છે અને દરેક ભાગે આ સૂડ પડે છે. કેટલીક વખત નાચતા ભાયેને દેવ-દેવીઓ નડે પણ છે. તે સમયે પ્રથમ ભાયેના મોઢામાંથી લોહી નીકળવા માંડે છે અને કોઈક વખત તે ભાયેનું મોત પણ થાય છે. એના માટે શીરભાયે પૂરો જવાબદાર છે એટલે શીરભાયે ખૂબ કાળજી રાખતો જોવામાં આવે છે. કયા મેલાં તત્ત્વો બહારથી પ્રવેશવા પ્રયત્નો કરી રહ્યાં છે તે પણ શીરભાયે જાણતો હોય છે. આ સમયે 'પડેલા ભાયે' ને સારો કરવા 'શીર ભાયે' વિધિથી દેવ-દેવીઓને જુદા જુદા ગઢમાંથી બોલાવી 'પડેલા ભાયે' ને ઊભા કરે છે. જયારે ભાયેથી કાંઈ ભૂલ થઈ ગઈ હોય ત્યારે આવું બનવા પામે છે અથવા વિધિમાં કોઈ ખામી રહી ગઈ હોય ત્યારે પણ આવું બનવા પામે છે.

આ દિવસોમાં બહેનો પણ સ્નાન કરી ઉપવાસ કરે છે અને રાત્રે જયારે 'સૂડ' પડે ત્યારે દેવીના સ્વાગત માટે ઘરમાંથી આગલા બારણે કોડિયામાં તેલનો દીવો કરી થાળીમાં મૂકી દેવ દેવીની આરતી ઉતારવામાં આવે છે તે પછી ફરી પાછળ હટતા ઘરમાં પ્રવેશવામાં આવે છે અને ઘરના દેવ પાસે દીવો મૂકી દે છે. આ દિવસોમાં દરરોજ રાત્રે ઘરે ઘર દીવા થાય છે અને જે ઘરના ભાયા આમાં જોડાવા માગતા હોય તે ઘરના મોટાભાગના સભ્યો જાગતા રહે છે અને તે દિવસોમાં આખી રાત તેલનો દીવો કરવામાં આવે છે. જો દીવો ઓલવાઈ ગયેલો હોય તો 'સૂડ' પડતા સંભળાય કે તે સાંભળી જાગી જવાય અને દીવો ઓલવાયેલો હોય તો તરત સળગાવવામાં આવે છે. જે પુરૂષ 'ભાયે' તરીકે ગયો હોય તેની પત્ની કે મા-બહેન સૂડ સાંભળી બહાર નીકળી આરતી કરે છે. આમ કરવા પાછળનો હેતુ એવો રહેલો છે કે દેવ-દેવીને માનથી આરતી કરી ઘરમાં બોલાવવામાં આવે છે.

છેલ્લે દિવસે સવારે સ્નાન કરી દેવના ગઢે જવા માટે નીકળે છે. ત્યાં ગયા પછી ડુંગરમાં જે જગ્યાએ એનું સ્થાનક હોય તે જગ્યાએ (એનું સ્થાન બખોલમાં અંદર હોય છે) વાંકા વળી બધાને પેસવું પડે છે.

કેટલીક વખત ઉંધા પડીને પણ અંદર સરકવું પડે છે. અંદર ત્યાં ઝેરી સાપ પણ હોય છે. પરંતુ તે કાંઈ કરતા હોતા નથી. ભગત જે જગ્યાએ દેવનું સ્થાનક હોય તે જગ્યાએ પૂજા કરે છે. તે જગ્યાએ બકરાને માત્ર ભેટ ધરવામાં આવે છે. વધેરવામાં આવતા નથી. બકરો ખળીએ લાવીને વધેરવામાં આવે છે. રસોઈ પણ ત્યાંજ થાય છે. પ્રથમ ભાયોને જમાડવામાં આવે છે તે પછી બાકીના જે કોઈ આવ્યા હોય તેમને જમાડવામાં આવે છે. જમવામાં બકરાનું માંસ અને ચોખા હોય છે. જમ્યા પછી ઘરે આવે છે. ઘરે આવીને ભાયોઓને ફરી જમાડવામાં આવે છે. જો ઘરની કોઈ વ્યક્તિએ રસોઈ બગાડી હોય તો ભાયોને બારણામાં જતાં જ પવન આવી જાય છે અને તે કહે છે કે કાંઈક કોઈએ રસોઈમાં ગફલત કરી છે. આ ભૂલ કબૂલ્યા પછી જ ભાયા જમે છે અને પછી ગામના તમામ લોકોને જમાડવામાં આવે છે. તે પછી ભગત વિધિ કરીને જયાં થંભ કરવામાં આવ્યો હોય ત્યાંથી તેને સમેટી લે છે. જે અનાજ જે જગ્યાએથી લીધું હોય તે જગ્યાએ ફરી નાખી દેવામાં આવે છે. આ વિધિ જે વર્ષે કરી હોય તે વર્ષ પછી અનાજ સારું પાકતું થાય છે. માણસો તથા ઢોરો તંદુરસ્ત રહે છે તથા મેલી વિદ્યાથી કનડગત ઓછી થાય છે.

**ડુંગર દેવની પૂજા વિધિમાં વપરાતી વસ્તુઓ :**

૧. કુંવારી ગાયનું મૂત્ર - પૂજા કરવાની જગ્યા તેમજ ખામીની જગ્યાને પવિત્ર કરવા માટે વપરાય છે.

૨. ચોખા

૩. દીવો

૪. લોબાન- તેલનો ધૂપ

૫. મોર પીંછી

૬. ટોપરાની ટોપી

૭. બે સફેદ ઝંડીઓ સફેદ કાપડની જાતે બનાવેલી હોય છે અને તે કાવડીની સાથે બાંધી ત્યાં મૂકવામાં આવે છે.

૮. ઘાસ - 'પોલાળા' નું ઘાસ જે ટોપરાના ટોપી ઉપર ખોસવામાં આવે છે.

૯. કીરચે : જેનો નાચતી વખતે ઉપયોગ કરે છે.

૧૦. પાવરી

**ડુંગર દેવ કરતી વખતે બધાએ પાળવાના નિયમો :**

૧. દરેક ભાયે ઉપવાસ કરવો.

૨. ઘરે આઠ દિવસ સુધી આવવું નહી.

૩. સ્ત્રી વર્ગથી દૂર રહેવું

૪. સ્ત્રી સંભોગ કરવો નહીં.

૫. માછલાં - મરઘી બકરા ખાવાં નહીં કે કાપવાં નહીં, ગામમાં કાપવાં દેવાં નહીં.

૬. ચોખા ખાવા નહી.

૭. મગફળી ખાવી નહીં.

૮. ત્રણેક વાગ્યે મરઘા બોલે એટલે દરરોજ સ્નાન કરવું.

**જુગલા દેવ :**

સ્ત્રી પુરુષો દેવના સ્થાને જાય- ખેતરમાં કામ કરવા માટે જાય - કે બહાર જતાં આવતા આ દેવ ‘ઝાપટ’ નાખે છે. તેનાથી વ્યક્તિ બીમાર પડી જાય છે.

આ દેવ જયારે ઝાપટ નાખે ત્યારે તે વ્યક્તિને ઊલ્ટી-ઝાડા- તથા નાકેથી લોહી નીકળવા લાગે છે. તે પછી ભગતને બોલાવી દાણા જોવડાવવામાં આવે છે. જો દાણામાં ખરેખર આ દેવ જ નડ્યો હોય તો તેને પછી અમુક વસ્તુઓ ચઢાવવાનું કબૂલ કરાવવામાં આવે છે. આ દેવ ચોખ્ખો દેવ નથી.

**સ્થાન :** આ દેવનું સ્થાન ગામના સીમાડા પર હોય છે. મોટાભાગે તે ડુંગરમાં પલરાપાનિયા નામના ઝાડમાં રહેતો હોય છે એવું માનવામાં આવે છે.

**પૂજાવિધિ :** આ દેવની પૂજા વિધિમાં મરઘું, નાળિયેર ( સફેદ મરઘો-મરઘી) વગેરે ચઢાવવામાં આવે છે.

**મસાણિયો ભૂત :**

આ દેવ જયારે કોઈ સ્મશાન નજીકથી પસાર થાય ત્યારે તેના પર ઝાપટ નાખી દે છે; એવું માનવામાં આવે છે. ઝાપટ નાખે ત્યારે વ્યક્તિને ઝાડા-ઊલ્ટી થાય છે. તે માંદો પડે છે તથા છાતી તેમજ પાછળના ભાગમાં સોજો આવે છે. જો જલદી ભગત પાસે ઉપાય ન કરવામાં આવે તો વ્યક્તિને ક્યારેક જો ઘણી મોટી ઝાપટ લાગી હોય તો તે મરી પણ જાય છે.

**સ્થાનક :** આ દેવનું સ્થાનક દરેક સ્મશાને હોય છે તે બીજી જગ્યાએ રહેતો નથી - તે મેલો દેવ માનવામાં આવે છે.

**પૂજાવિધિ :** આ દેવને કાળું મરઘું, નાળિયેર, સિંદૂર, કંકુ, અડદ, મરઘીનું બચ્ચું, ખારાં ખાજાં, વાટી વગેરે ચઢવવામાં આવે છે.

જો આ દેવની ઝાપટ લાગી હોય અને તે મટાડવી હોય તો તેને ઉપરથી વસ્તુઓ ચઢાવવામાં આવે છે ત્યારે જ વ્યક્તિ સારી થાય છે.

અહીં જેટલા દેવ દેવીઓની માહિતી મળી છે તેટલા દેવોની નોંધ કરી છે.

હિન્દુ દેવદેવોની પણ તેઓ પ્રસંગોપાત પૂજા કરતા જોવા મળે છે. ડાંગમાં મહાદેવ અને હનુમાનનું મંદિર તો લગભગ ઘણાં ગામોમાં જોવા મળે છે. મહાદેવનું મંદિર કદાચ દરેક ગામમાં જોવા ન મળે તો પણ હનુમાનનું મંદિર દરેક ગામમાં અવશ્ય જોવા મળે છે. આ દેવોની પૂજા તેઓ દરેક તહેવારે અન્ય દેવોની સાથે કરી દે છે. જે હિન્દુઓના દેવો છે તે દેવોની પૂજા વિધિ ચોખ્ખા થાય છે. તેમને ફૂલ-નાળિયેર કે અગરબત્તીથી પૂજા કરવામાં આવે છે. તેઓ હનુમાનને ગામનો રક્ષક માને છે. માટે પણ દરેક ગામમાં હનુમાનનું મંદિર ગામની વચ્ચે રાખવાનો આગ્રહ હોય છે. હનુમાનના મંદિર આગળ પીપળાનું ઝાડ ઉગાડવામાં આવે છે. ઉપરાંત એક લાંબી સફેદ ઝંડી પણ હનુમાનના મંદિર ઉપર હોય છે. હિન્દુ દેવોની પૂજા વિધિ કયારથી કરતા આવ્યા એવા પ્રશ્નના જવાબમાં તેઓએ જણાવ્યું કે 'પહેલાથી જ પૂજા કરતા આવ્યા છીએ. અમારા વડવાઓ પણ આ દેવોની પૂજા કરતા હતા - અને અમે પણ આ દેવોની પૂજા કરીએ છીએ 'આ દેવો તો અમારા દેવો છે' એવું તેમનું માનવું છે.

**સીમાર્યા દેવ :**

''સીમાર્યા દેવ'' ની પૂજા વિધિમાં ભાગ લીધા પછી તે વિધિ અંગે, ક્ષેત્રકાર્યનાં એક પ્રસંગની નોંધમાંની કેટલીક વિગતો અત્રે આલેખુ છું.

આજે વાસુર્ણા ગામમાં સીમાર્યા દેવની પૂજામાં આ અંગેનું વાતાવરણ હતું. ચોમાસાની શરૂઆતમાં આ દેવની પૂજા થાય છે. દર પાંચ વર્ષે ઘેટાંની એક જોડી વધેરવામાં આવે છે. જો કે દર વર્ષે જોડ મરઘાંથી તો આ પૂજા કરવાની હતી. ગામમાં વડીલો તરફથી મને પણ આમંત્રણ મળ્યું હોઈ થોડો આનંદ થયો હતો.

સવારે વહેલાં ઊઠીને દાતણ કરતો હતો એટલામાં એક છોકરો પટેલને ત્યાં આવ્યો. બીજા બે ત્રણ આગેવાનો ભેગા થયા. મોટા અવાજે કંઈક વાતચીત કરતા હતા. જાણવા મળ્યું કે ગામમાંથી સીમાર્યા દેવ પ્રસંગના ખર્ચ માટે ફાળો ઉઘરાવવાનો હતો. જેમાં ઘણાં જણે હજુ ફાળો આપ્યો ન હતો અને તે અંગે આ ઊંચા અવાજે ચર્ચા કરતા હતા કે આ કોઈ પારકાનું થોડું કામ છે ? આપણું જ કામ છે. ગામ લોકો માટેનું કામ છે અને એમાં આટલી ઢીલાશ કરે છે ? દારુ પીવા કયાંથી પૈસા મળે છે ? વગેરે શબ્દોમાં ચર્ચાઓ પૂરી થઈ એટલે જાગલિયાને બોલાવવામાં આવ્યો. બે ત્રણ જાગલિયા (વેઠિયા) ને જુદું જુદું કામ વહેંચી આપવામાં આવે છે. કોઈને ખરીદી માટે કોઈને વાસણો માટે, અને કોઈને કોઈકને બોલાવવા મોકલ્યા. તે પછી ગામના યુવાનો પણ ભેગા થઈ તેમને ગામમાં ઘરે ઘરેથી અનાજ-ચોખા અને લોટ ઉઘરાવવા માટે મોકલી આપવામાં આવે છે. તે રીતે સમગ્ર ગામમાં એક ઉત્સાહનું વાતાવરણ લાગે. હું પણ એ ઉત્સાહની સાથે વહેલી સવારે નદીએ જઈને સ્નાન કરી આવ્યો. આવીને ખીચડી-શાક ખાધાં પછી દેવ પૂજા કરવાના હતા તે સ્થળ તરફ એક છોકરા સાથે ૧૦ વાગ્યે નીકળ્યો. સામાન્ય રીતે ડુંગરની તળેટીમાં સીમાર્યા દેવનું સ્થાન

આવેલું હોય છે ત્યાં અમે પહોંચ્યા ત્યારે ત્યાં એક બે વ્યક્તિઓ અને છોકરાઓ સિવાય કોઈ હતું નહીં. ત્યાં ગયેલાઓ ચારેક મરઘાં અને તેલ વગેરે થોડોક સામાન લઈને ગયા હતા. દેવને માટે અગરબત્તી બાળવામાં આવી હતી અને ગામનું પંચ ક્યારે આવીને વિધિ શરૂ કરે એની રાહ જોવાતી હતી. એટલામાં છોકરો ત્યાં ગયો એણે કેટલાક રસોઈનાં અને પાણીનાં સાધનોની સગવડ અંગે ત્યાં ઉપસ્થિત છોકરાઓ અને મોટાને મોકલી આપ્યા. સૌ સાધનો સાથે આવતા ગયા. એક પ્રકારનું વનભોજન રાખ્યું હોય એવું વાતાવરણ લાગતું હતું.

ગામનું પંચ આવ્યું એટલે પૂજાકાર્ય શરુ થયું. બે શીમળાના નાના ઝાડ (છોડ જેવા જ) એમના થડોમાં છાણ પાણીથી લીપવામાં આવ્યું. બે સ્થાનો બનાવવામાં આવ્યા બન્ને વચ્ચે લગભગ ૧૫ ફૂટનું અંતર હશે. પ્રથમ સ્થાનની પૂર્વમાં ૧૫ ફૂટ દૂર બીજું સ્થાન હતું. લીપવાનું કામ થઈ ગયું એટલે ત્યાં બબ્બે ધ્વજ (નાના) રોપવામાં આવ્યા. ગામના કારભારીએ પૂજા કરી (ચોખાનો ઉપયોગ પૂજામાં તેઓ કરતા હતા) તે પછી ગામના બીજા પંચના માણસોએ પૂજા કરી આ રીતે લગભગ એક ચોરસ ફૂટ જગ્યાનું લીપણ ચોખાના પુંજથી ભરાયું. છેલ્લે ગામના વડીલ પટેલને પૂજા કરી. પૂજા કરતા પહેલાં રામ રામ કરતા હતા, તથા એમના જુદા જુદા અન્ય દેવો જુદી જુદી દિશાઓમાં આવેલ હોય એમનું સ્મરણ કરવામાં આવતું હોય એવું સ્પષ્ટપણે લાગતું હતું. પૂજા થઈ બધા મળીને નવ જણાએ પૂજા કરી. ત્યાં એક સૂકું કોપરું અર્ધુ મૂકવામાં આવ્યું. દરમ્યાન કારભારી અને બીજા ભાઈઓએ પ્રથમ સ્થાનની પૂજા પર દાળ મમરાનું મારણ થોડું થોડું નાખ્યું. સિંદૂર અને કંકુ નાખ્યાં.

પ્રથમ સ્થાન ઉપર પૂજા થઈ તે પ્રમાણે જ બીજા સ્થાન ઉપર પટેલે પૂજા કરી અને બીજા ભીલભાઈએ પૂજા કર્યા પછી એના ઉપર એક વારલી સભ્યે પણ પૂજા કરી. આ એક વારલી અને ભીલ આગલા પ્રથમ સ્થાનની પૂજામાં પણ હતા. પૂજા થયા પછી ત્યાં પણ દાળમમરા અને કંકુ-સિંદૂર નાખવામાં આવ્યાં. એક અર્ધુ કોપરું મૂકવામાં આવ્યું. તે પછી તેઓ ત્યાંથી પાછા પ્રથમ સ્થાન ઉપર આવી ગયા.

તે પછી પ્રથમ સ્થાન ઉપર લાંબા પીછડાવાળા મરઘાની એક જોડ અને પૂજાના બીજા સ્થાન ઉપર એક મરઘો લઈને કારભારી ગયો. આ મરઘાઓને માથા ઉપર અને પગ ઉપર પાણી રેડી તે ધોવડાવવામાં આવ્યા. તે પછી દેવની સ્તુતિ કરીને દેવની આગળ મૂકવામાં આવ્યા. આ સમય દરમિયાન બે વ્યક્તિઓ આ બન્ને પૂજાના સ્થાનોથી અગ્નિ દિશામાં ૨૦ ફૂટ જેટલે દૂર કાંઈક પૂજા કરી આવ્યા. પૂજાના બીજા સ્થાન ઉપર કારભારી એક મરઘો લઈને ગયા. પૂજાના પ્રથમ સ્થાન ઉપર પટેલ મરઘાની જોડ લઈને બેઠા. આ સમય દરમિયાન દેવોને સમરવામાં (સ્મરણ) આવ્યા. બન્ને જગ્યાએ મરઘાઓ પૂજા કરેલા ચોખા ખાય છે કે નહીં તે જોવાની અને જાણવાની ઉત્સુકતા સૌને હતી. એનું કારણ જાણવા મળ્યું કે મરઘો જો ચોખા (પુંજ) ન ખાય તો દેવને તે માન્ય નથી. દેવને તે ખપતું નથી એમ માનવામાં આવે છે. અને તે મરઘાને મારવામાં

આવતું નથી. બન્ને જગ્યાએ ચોખા ખાધા એટલે સૌ ખુશ થયા. તે પછી કારભારીના હાથમાંથી એક દાતરડાવાળાએ મરઘો લઈને પૂજાના બીજા સ્થાન ઉપર મરઘો કાપ્યો અને ત્યાંથી કારભારી પ્રથમ સ્થાન ઉપર આવ્યો. ત્યાં એણે નારિયેળ ફોડ્યું અને પટેલના હાથમાંથી બીજા ભાઈએ બન્ને મરઘા લઈ લીધા. પૂજા સ્થાન આગળ બન્ને એકી સાથે મરે તે રીતે પકડવામાં આવ્યા હતા અને બીજા એક ભાઈએ એક સાગના દંડાથી એવી રીતે માર્યું કે બન્ને મરઘા એકીસાથે મરી ગયા. તે પછી ત્રણે મરઘાને શેકવા અને ચીરવા માટે આંબા નીચે દૂર જયાં રસોઈ વગેરે કરવામાં આવતી ત્યાં મોકલી આપવામાં આવ્યા. તે પછી જ એક બાજુ પર નાગલીના લોટને પાંદડામાં બાંધવામાં આવ્યો. તેમાંથી કેટલીક મૂર્તિઓ કરવામાં આવી. પછી ત્રિકોણ અને ચોરસ આકારના કેટલાક ટુકડાઓ બનાવવામાં આવ્યા. પછી એક ભાખરી આ લોટમાંથી બનાવવામાં આવી. ભાખરીને શેકવામાં નજીકમાં અગ્નિ સળગાવ્યો અને ત્યાં ભાખરી શેકવા માટે આપી દીધી, પણ પેલા પાંદડામાં મૂર્તિઓ લોટની બનાવી હતી ત્યાં સિંદૂર કંકુ નાખીને પછી પૂજા કરીને પછી મરઘું પાડવામાં આવ્યું જેનું લોહી ત્યાં છાંટવામાં આવ્યું અને પેલી ભાખરી શેકતા હતા ત્યાં મરઘું પણ મોકલી આપવામાં આવ્યું.

મરઘું શેકાઈને આવ્યું, ભાખરી શેકાઈને આવી, પેલા અગાઉ મારેલા મરઘાનું કલેજું શેકાઈને આવ્યું. એક બાટલી દારૂ પણ આવ્યો. મેં ત્યાંથી રસોઈ થતી હતી ત્યાં આવવાનું વિચાર્યુ. પેલા પંચ અને બીજા થોડાક સભ્યોએ ત્યાં કઈ વિધિ કરી તે હું જાણતો નથી. પરંતુ આ છેલ્લું મરઘુ માર્યું તેને ત્યાં જ શેકીને પૂજા પત્યા પછી ખાઈ જવામાં આવ્યું. દારૂ પીવામાં આવ્યો. આ લોટ નાગલી અથવા તો ચોખાનો હોય છે. જેની મૂર્તિ બનાવેલી હોય છે. આ પૂજાને ‘કંસરીની પૂજા’ ‘અન્ન દેવતાની પૂજા’ એવું કહેતા હતા.

આ બધી પૂજા પૂરી થઈ તે દરમ્યાન આંબા નીચે રસોઈ કરવામાં આવતી હતી. ચોખા રાંધવામાં આવ્યા. એક ભાઈ રોટલા બનાવતા હતા તે સમય દરમ્યાન ગામનાં છોકરા-છોકરીઓ યુવાનો ધીમે ધીમે રસોઈ તૈયાર થતાં થતાં કેટલીક સ્ત્રીઓ પણ હાજર થઈ.

છોકરાઓ અને નાનાં બધાં થાળીઓ લઈને આવ્યાં હતાં. મોટેરાઓ પાંદડાં લઈને જમવા બેઠાં. ભાત-નાગલી અને જુવારનો લોટ મિક્ષ કરેલો. તેના રોટલા ટુકડો ટુકડો અને શાકનો રસો બધાને આપવામાં આવ્યા. પછી શાક પીરસાયું અને જમવાની છૂટ આપવામાં આવી. સૌ પોતપોતાની રીતે જેને જેમ ફાવે તેમ બેસીને જમવા મંડ્યા. કોઈક લઈને બીજા ઝાડ નીચે ચાલ્યા ગયા. કોઈ જ બંધન ન હતું. બંધન એટલું જ હતું કે આ રાંધેલું ભાણું ગામમાં ઘેર લઈને જવાની મનાઈ હતી. એ બહાર બેસીને જ ખાવાનું હતું. ખાવાનું પૂર્ણ થયું એટલે સૌ ત્યાંથી ઘર તરફ આવવા લાગ્યા.

આ પૂજા કરવા પાછળ મહિમા એવો છે કે દેવની પૂજા કરવાથી તે ગામનું રક્ષણ થાય છે. ગામના સીમાડા ઉપર તેનું સ્થાન છે. બહારથી આવતા આધિ-વ્યાધિ ઉપાધિ તે રોકે છે. (વોચમેન જેવું તેનું કાર્ય છે)

માટે એની પૂજા કરવી જોઈએ. એની પૂજામાં દર વર્ષે એક જોડી મરઘા વધેરવામાં આવે છે, અને દર પાંચ વર્ષે ઘેટાંની જોડી વધેરવામાં આવે છે. તે વખતે આખું ગામ ત્યાં જ જમે છે. ત્યાં રાંધેલું ધાન્ય કે શાક ઘેર લાવવાનો નિષેધ હોય છે. એનું કારણ એ છે કે ઘેર લાવવામાં આવે તો ભગવાન દુઃખ હરતા નથી અને એમ માને કે તું તારી જાતે ઘેર લઈ ગયો હતો માટે જે કાંઈ થાય તેની જવાબદારી તારી રહેશે. જો ભોજન ત્યાં જ પૂરું કરીને આવે તો સંપૂર્ણ જવાબદારી દેવ સ્વીકારે છે. એવી માન્યતા છે. ગામના સીમાડા પર 'સીમાર્યા દેવ' એક પથ્થરમાં સ્થાન હોય છે. સીમાર્યા દેવ અને હીરવા દેવ કાઢે (તેઓની પૂજા સમયે) ત્યારે જ ખાવાનું ઘેર લાવવાની મનાઈ છે. તે સિવાય અન્ય દેવો કરીએ (પૂજા કરીએ) ત્યારે તે ઘેર લાવી શકાય છે.

હીરવા દેવ કાઢે (પૂજા કરવા માટે) ત્યારે ઘેરથી બધી જ સામગ્રી લઈને નીકળ્યા પછી જયાં પહોંચવાનું હોય ત્યાં સુધી આગળ જ જોઈને જવાનું હોય છે. પાછું ફરીને જોવાનો નિષેધ છે. તે પછી દેવપૂજા પૂર્ણ કરીને ઘેર આવતાં એ જ રીતે ઘેર સુધી આવવાનું હોય છે. આ વખતે ભગત ખાસ કડકપણે આ અંગે સૂચના આપતા હોય છે.

કોઈ પણ ઘેર, ગાય વિયાય, નવું દૂધ આવે ત્યારે સૌ પ્રથમ દૂધ આ પથ્થર ઉપર થોડું નાખી આવવું અને પછી જ દૂધનો ખાવામાં ઉપયોગ કરવામાં આવે, એવી અહીંના લોકોની માન્યતા છે અને તે કરવાથી ગાય તથા વાછરડાંની સંભાળ દેવ કરે છે. દૂધ સારું આવે છે એવું માને છે. કદાચ જંગલમાં ગાય વિયાય તો તે વાછરડું આ દેવ સંતાડી મૂકે છે. સાચવે છે અને આપણે કાંઈક ચઢાવવાનું કબૂલ કરીએ, ત્યારે જ તે મળે છે એવું પણ તેઓ માને છે. પૂજા કરવાના હોય તે દિવસે ભગત ઉપવાસ કરે છે. પૂજા કર્યા પછી જ તે જમે છે. આ કાર્યનો ખર્ચ ગામમાંથી ઉઘરાવીને ભેગો કરે છે. અનાજ અને પૈસાના રૂપે ભેગું કરે છે અને તેનો ખર્ચ કરે છે.

એક ઉત્સવ તરીકે લોકો ત્યાં જમવા જાય છે. આબાલ વૃધ્ધો કેટલીક સ્ત્રીઓ પણ ત્યાં જમે છે. ગામમાં ત્રણ પ્રકારની જાતિઓ છે. આ બધા જ લોકો આ પૂજામાં ભાગ લે છે. ત્રણે જાતિઓ જમવા જાય છે. મારા ખ્યાલ મુજબ ભીલો રસોઈ કરવા વગેરેમાં ભાગ નહોતો લેતા. એમના હાથનું (કુણબીઓ) ખાતા ન હોય તેવું સ્પષ્ટપણે દેખાતું હતું. કારણ કે ભીલો મરેલા ઢોરનો ખાવામાં ઉપયોગ કરે છે. તેમ પછીથી જાણવા મળ્યું.

**હીરવા દેવની કથા :**

રાત્રિનો સમય હતો, કથા ચાલતી હતી. ગામમાં ફરતાં અમને જાણવા મળ્યું. જેથી અમે ત્યાં જવાનો આગ્રહ રાખ્યો. ગામના પટેલને ઘેર ઢોરોમાં રોગચાળો ચાલતો હતો, જેથી ત્યાં આ કથા રાખવામાં આવી હતી. એને માટે અમુક ભગત જ તે કથા કરતા હોય છે. અમુક ગામડાંઓમાં આવા ભગત હોય,

ત્યાંથી તેને બોલાવવામાં આવે છે. ભગત ખાંડણીઓમાં પૂજા કરે છે. પૂજામાં નાગલીથી ખાંડણિયું ભર્યું હતું. તેના ઉપર ચોખાનો પાતળો થર પાથર્યો હતો. ફરતેથી પાંચ પાંદડાંમાં કોરું ઘી થોડું થોડું મૂકવામાં આવ્યું હતું. એક નાળિયેર હતું. સોપારીઓ હતી, સીંદૂર વગેરે હતાં. એક છોલેલા નાળિયેરને ફરતે આંબાનાં પાંદડાં બાંધીને મૂકયું હતું. બાજુમાં અગરબત્તી સળગતી હતી. એક કાંસાની થાળીમાં દીવો સળગાવ્યો હતો. નજીકમાં તેલની બાટલી મૂકવામાં આવી હતી. વારેવારે તેલ પૂરવામાં આવતું હતું, અને ત્યાં સામે બેસીને ભગત અને એનો સાથી કથા કરતા હતા. ભગત પલાંઠી વાળીને બેઠો હતો. પગ ઉપર થાળી હતી અને થાળીમાં એક સોટી ઊભી મધના મીણથી ચોંટાડવામાં આવી હતી. આ સોટી 'ભાંગસર' ની હોય છે. ઉપરથી સોટી સાથે હાથ સરકાવવાથી મધુર અવાજ ઉત્પન્ન થતો હતો અને તે અવાજ સૂરપેટીની જેમ એકધારો ચાલ્યા જ કરતો હતો.

એ સૂરપેટી જેવા થાળીના અવાજની સાથે સાથે ભગત કથા કર્યે જતો હતો. એનો સાથી યોગ્ય સમયે વચ્ચે વચ્ચે બોલતો હતો. પ્રત્યુત્તર રૂપે એની કથા સાથે સાથ મિલાવતો હતો. વચ્ચે વચ્ચે ગીતની કડી પણ આવતી હતી. સમજવું મુશ્કેલ હતું પરંતુ આખી કથા ટેપ કરવા જેવી લાગી. આ કથાને ટેપ કરી લેવામાં આવે અને પછી કોઈક સમજુ માણસ પાસે બેસીને એનો સમગ્ર ભાવાર્થ લખી લેવામાં આવે તો એનો સંગ્રહ કરી શકાય એવું લાગ્યું.

આ કથા સવાર સુધી ચાલનાર હતી. વચ્ચે જુદા જુદા ભાગ આવતા હતા એમ લાગ્યું અને અંતે ગીતની કડી આવતી હોય એમ લાગતું હતું.

સવારે કથા પૂર્ણ થાય છે પછી ઘરમાંથી ઢોરોને છોડી મૂકવામાં આવે છે પરંતુ વાસીદું વાળવાનું હોતું નથી. સવારે ભગત અને ગામ લોકો બધી જ સામગ્રી લઈને ગામના સીમાડે જંગલમાં જતા હોય છે. જયાં બે મરઘાં અને બે બકરાં એમાં બકરી એક જે વિયાઈ ન હોય એવી હોવી જોઈએ અને એક બકરો એ રીતે જોડ રાખવામાં આવે છે અને તેને ગામના સીમાડે મારવામાં આવે છે. તેને ત્યાં જ ખાઈને પૂરા કરવા પડે છે. એ રાંધેલું ઘેર લાવી શકાતું નથી અને આ રીતે ત્યાં જેટલા જણ જાય તેટલા બધા જ ત્યાં ખાઈને પૂરું કરીને પછી ઘેર આવે છે. આ રીતે હીરવાદેવની વિધિ પૂરી થાય છે.

**સળવા દેવ :**

આ દેવ ખાસ કરીને બાળકોનો દેવ માનવામાં આવે છે. જયારે બાળકો માંદાં પડવા લાગે ત્યારે એમ માનવામાં આવે છે કે, બાળકને સળવાદેવ લાગ્યો છે. ડાંગી સમાજમાં કોઈપણ વ્યક્તિ બીમાર પડે એટલે તે ડાકણના માથે જ પડતું હોય છે. તેઓ એવું માને છે કે ડાકણને જયારે માણસનું કલેજું ખાવાનું મન થાય ત્યારે તે જે તે દેવને પૂછે છે, અને તેના દ્વારા જ તે કલેજું ખાતી હોય છે. ડાકણ દેવ પાસે જતી હોય છે અને કહેતી હોય છે કે 'હે દેવ' મારે બાળકનું કે મોટી વ્યક્તિઓનું કલેજુ ખાવું છે, તો તું તે વ્યક્તિમાં પ્રવેશી તેના શરીરમાં 'બીમારી લાવ' જો દેવ ડાકણની વાત મંજૂર રાખે તો દેવ વ્યક્તિના કે બાળકના શરીરમાં પ્રવેશી

બીમારી લાવે છે અને આ રીતે ક્યારેક વ્યક્તિનું મૃત્યુ થતું હોય છે એમ એમનું માનવું છે.

બાળકને સળવા દેવ લાગ્યો હોય ત્યારે તે દેવની બીમારીનાં લક્ષણો બાળક પર ખાસ જોવા મળે છે. સળવા દેવ લાગ્યો હોય ત્યારે તેનાં લક્ષણો નીચે પ્રમાણે તેઓ ગણાવે છે.

(૧) આંખ ફેરવી નાખવી.

(૨) હાથની મુઠી વાળી દેવી.

(૩) મોઢે ફુગ આવવી.

(૪) થોડા સમયમાં બાળકનું મૃત્યુ થવું.

ઉપર પ્રમાણેના લક્ષણો બે વર્ષના બાળકમાં થતાં જોવા મળે છે.તો તેઓ નિશ્ચિતપણે માને છે કે બાળકને સળવા દેવ લાગ્યો છે. આવાં ચિહ્નો જણાતા જે ભગત આ દેવની વિધિ કરી શકે તે ભગતને બોલાવી લાવીને તેના પર પ્રથમ દાણા જોવરાવવામાં આવે છે. એટલા માટે કે ખરેખર બાળકને સળવા દેવ લાગ્યો છે કે પછી બીજા કોઈ દેવે દુઃખ આપ્યું છે તે જાણવા માટે. જો સળવા દેવ જ હોય તો તેના માટે નિશ્ચિત વસ્તુઓ ચઢાવવાનું 'વચન' આપવામાં આવે છે. ભગત દ્વારા જ વચન અપાય છે. સામાન્ય વ્યક્તિ વચન આપી શકતી નથી. વસ્તુઓ ચઢાવવાનું તથા વિધિ કરવાનું સળવા દેવને વચન આપ્યા પછી જો તે બાળક એકાદ બે દિવસમાં સારું થાય તો પછી અમુક દિવસે વિધિ કરવા અને વસ્તુ ચઢાવવા માટે એક દિવસ નક્કી કરવામાં આવે છે. આ દિવસે કુટુંબીજનોને તથા ગામની અમુક વ્યક્તિઓને (પુરૂષ વડીલ વ્યક્તિ) બીમાર બાળકના ઘરનો વડીલ ખબર આપે છે કે સાંજે બાળકના સળવા દેવની વિધિ કરવાની છે તો તમે આવજો. ખબર પડતાં ગામમાં એકત્રિત થઈને જે જગ્યાએ પાણી વહેતું હોય, તેવી જગ્યાએ જાય છે અને ત્યાં વિધિ કરવામાં આવે છે. વિધિ કરવા માટે તેઓ ખાસ કરીને કોતરડાં તથા નદીને પસંદ કરતા હોય છે. જયાં પાણી વહેતું હોય છે તેવી જગ્યાએ જઈને ભગત સળવા દેવની પૂજા વિધિ કરે છે. હું જે ગામમાં ક્ષેત્રકાર્ય કરી રહ્યો છું તે ગામમાં એક બાળકને બે માસ પહેલાં સળવા દેવ લાગ્યો હતો, અને તે પછી બે માસ પછી આ વિધિ કરાવવામાં આવે છે, તેમાં હું હાજર રહી શક્યો હતો. એમાં જે વિધિ થઈ તે નીચે પ્રમાણે છે.

ધવડિયાભાઈના છોકરા જયંતને સળવા દેવ લાગ્યો હતો. જયારે આ દેવ લાગ્યો ત્યારે તેની ઉંમર માંડ આઠ માસની હતી. એ જયારે વિધિ કરવામાં આવી ત્યારે તેની ઉંમર ૧૦ માસની હતી. જયારે બાળકને સળવા દેવ લાગ્યો ત્યારે તે બાળક આંખો ફેરવી નાંખતું હતું. હાથની મુઠ્ઠી વાળતું હતું તેના મોઢે ફુગ આવતી હતી. બાળકના માતાપિતા ગામના વડીલોને બોલાવી લાવીને બાળકને બતાવ્યું તો ગામના વડિલોને લાગ્યું કે આ બાળકને સળવા દેવની અસર લાગે છે. તે પછી તરત જ સામગહાનથી ભગતને

બોલાવી લાવવામાં આવ્યા કે જેઓ આ વિસ્તારના મોટા ભગત ગણાય છે અને આ દેવની પૂજાવિધિ પણ માત્ર એ ભગત જ કરી શકે છે, બીજા કરી શકતા નથી. તેમને બોલાવી લાવી બાળકને બતાવવામાં આવ્યું તે પછી ભગતે દાણા જોયા તો દાણામાં પણ સળવાદેવ લાગ્યો છે એવું જાણવા મળ્યું. તે પછી તે દેવની માનતા આપવામાં આવી અને અમુક નિશ્ચિત વસ્તુઓ ચઢાવવાનું દેવને વચન આપવામાં આવ્યું. વચન નાગલીમાં કરવામાં આવ્યું અને તેમાં પૈસા પણ મુકવામાં આવ્યા તે પછી તે વચન બાળકના કેડમાં બાંધી દેવામાં આવ્યું. તે પછી બાળક સારું થયું તેથી એમ માનવામાં આવ્યું કે હવે સળવા દેવ બાળક ઉપરથી કે અંદરથી ચાલી ગયો છે. બાળક સારું થતાં દેવને આપેલું વચન પૂરું કરવા ભગતને કહેવામાં આવ્યું. ભગતની ફુરસદે દિવસ નક્કી થયો અને સળવા દેવની પૂજા વિધિ કરવા માટે બે માસ પછીના બુધવારે રાખવામાં આવી. તે દિવસે સવારના ભાઈ શ્રી ધવડિયાભાઈ કે જે બાળકના પિતા હતા તે કુટુંબીજનોને તથા ગામના વડીલો ને ખબર આપતા હતા કે આજે મારા બાળકની સળવા દેવની પૂજાવિધિ કરવાની છે તો તેમાં આવજો. એમાં મને પણ તેમણે ખબર આપી. જાણ થતાં હું પણ તે સ્થળે પહોંચી ગયો. સ્થળ ગામથી દક્ષિણે બે ફલાંગ દૂર હતું અને એક કોતરડામાં રાખવામાં આવ્યું હતું કે જયાં થોડું થોડું પાણી વહી રહ્યું હતું. ગામના મોટાભાગે વડીલો આવી ગયા હતા એટલે ભગતે વિધિ કાર્ય શરૂ કર્યું. પાણી વહેતું હતું ત્યાં થોડી વસ્તુઓ ઊગેલી હતી તે ઉખેડી જગા સાફ કરવામાં આવી અને પાણી સરસ રીતે વહે તેવું કરવામાં આવ્યું. તે પછી તે જગ્યાએ એક સપાટ પથ્થર ગોઠવવામાં આવ્યો. જે ઉપરથી ઉઘાડો રહે પછી પાણી ફરી ન વળે તેવો બીજો મોટો પથ્થર ગોઠવવામાં આવ્યો.

તે પછી ભગતે વિધિ શરૂ કરી. ભગતે એક હાથમાં નાગલી લઈને પ્રથમ પશ્ચિમ દિશામાં ઊભો રહ્યો અને સાથે સાથે સંભળાય નહિ તે રીતે સળવા દેવના મંત્રો કે પછી તેમના માટેના શબ્દો ઉચ્ચારવા લાગ્યો. શું બોલે છે તે જાણી શકાતું નહી. તે પછી નૈઋત્ય દિશામાં રહીને મંત્ર ઉચ્ચારવા લાગ્યો (અને સળવાદેવને યાદ કરવા લાગ્યો) ત્યારબાદ દક્ષિણ દિશામાં મોંઢું રાખી ઉપર પ્રમાણે કશુંક બોલતો હતો. આમ તે ચારે દિશાએ અને ચારે ખુણાએ મોંઢું રાખી ઉપર પ્રમાણે કશુંક બોલતો હતો. આમ તે ચારે દિશાએ અને ખૂણાએ ઊભા રહીને કશુંક બોલી ઊભા ઊભા વિધિ પૂરી કરી ત્યારબાદ તે જગ્યાએ એક ઉંબરાની ડાળી ગાડવામાં આવી હતી. કે જયાં પાણી વહી રહ્યું હતું. જયાં બેસવા માટે પેલો પથ્થર ગોઠવવામાં આવ્યો હતો ત્યાં બે ફૂટ દૂર ડાળી રોપવામાં આવી હતી. ડાળીની દક્ષિણમાં એક નાનો સપાટ પથ્થર ગોઠવવામાં આવ્યો હતો. તે પણ પાણીથી ઉપર હતો તેની સાથે જ પશ્ચિમે એક નાની ઢોચકી ગોઠવવામાં આવી હતી અને તેમાં ચોખ્ખું પાણી ભરવામાં આવ્યું હતું. ઢોચકીની નજીકમાં અગરબત્તી પણ સળગાવવામાં આવી હતી.

ભગતે પ્રથમ ઉંબરાની ડાળીને અડોઅડ દક્ષિણે ગોઠવવામાં આવેલ સપાટ પથ્થર પર ચોખાની પુંજ મૂકવાની શરૂઆત કરી. પુંજ મૂકતો જતો હતો અને કશુંક તે બોલતો જતો હતો. તે પથ્થર પર ચોખા પૂંજવાની વિધિ કરી એટલે પછી નજીકમાં ગોઠવવામાં આવેલી પાણી ભરેલ લાલ ઢોચકીની પૂજા શરૂ થઈ.

તે ઢોચકીની ચારે તરફ કંકુથી ચાંદલા કરવામાં આવ્યા ત્યારબાદ કંકુથી પેલા ચોખાવાળા પથ્થરનું પણ પૂજન કરવામાં આવ્યું. આ પૂજન ત્રણ વખત કરવામાં આવ્યું. તે પછી પાંચ વસ્તુઓથી ચોખાવાળા પથ્થર પર પૂજા વિધિ શરૂ થઈ. આ પાંચ વસ્તુઓને તેઓ પાંચ ખાસ નામથી ઓળખે છે. આ પાંચ વસ્તુમાં (૧) મમરા (૨) ગાંઠિયા (૩) ખારી સેવ (૪) પાપડી (૫) ભજિયાંનો સમાવેશ થાય છે. આ પાંચે વસ્તુથી ભગતે પેલા ચોખાવાળા પથ્થર પર પૂજન કર્યું.

પ્રથમ પાપડીથી પૂજન થયું

તે પછી મમરાથી પૂજન થયું

તે પછી સેવથી

તે પછી ગાંઠિયાથી

તે પછી ભજિયાંથી

ઉપરોક્ત વસ્તુઓ દ્વારા પૂજન થયા પછી તેના ઉપર સોપારીથી પૂજન કરવામાં આવ્યું. ત્યાર બાદ સૂકા કોપરાથી પૂજન થયું અને તેની ઉપર છેલ્લે નાળિયેર મૂકવામાં આવ્યું.

**બીજી વિધિ :**

ત્યાર બાદ દક્ષિણમાં ૧૫ ફૂટ દૂર બીજી વિધિ કરવામાં આવી. ત્યાં પણ ઉપર પ્રમાણેની વસ્તુઓ મૂકવામાં આવી અને તે જગ્યાએ 'ઉંબરા'ની ડાળીની જગ્યાએ 'સીદ'ની ડાળી રોપવામાં આવી હતી. ત્યાં પેલો બેસવા માટેનો પથ્થર ગોઠવવામાં આવ્યો ન હતો. પરંતુ ત્યાં માત્ર પૂજા વિધિ કરવા માટેનો પથ્થર, ઢોચકી અને અગરબત્તી વગેરે જ હતાં. આ જગ્યાએ પણ પ્રથમ વિધિ પ્રમાણે જે કરવામાં આવી તે રીતે જ અહીં કરવામાં આવી.

**ત્રીજી વિધિ :**

ઉપરની વિધિ પૂરી થયા પછી પ્રથમ વિધિની જગ્યાએ પેલા પથ્થર ઉપર માતા અને બાળકને ઈશાન નૈઋત્યની દિશામાં નૈઋત્ય તરફ મોઢું રાખીને લાંબા પગ કરી બેસાડવામાં આવ્યા. પાણી પણ ઈશાન નૈઋત્યના ખૂણામાં વહીને પશ્ચિમ તરફ જતું હતું. માતાને લાંબા પગ કરીને બેસાડવામાં આવી હતી અને પગના બન્ને અંગૂઠાથી એક મરઘીનું નાનું બચ્ચુ કે જે તાજું પાંચ છ દિવસનું હશે તેને જીવતું દાબી રાખવામાં આવ્યું હતું. તે પછી ભગતે રંગબેરંગી દોરાથી બાળકના માતાના ગળામાંથી પગના બન્ને અંગૂઠા સુધી બે ફેરા ફેરવી બાંધી દીધું.

આટલી વિધિ પૂરી થઈ એટલે ભગતે એક લોટામાં ચોખ્ખું પાણી લઈને માતા અને બાળક ઉપર પાણીનો છંટકાવ કર્યો. છંટકાવ માથાથી શરૂ કરી પગ સુધી કરવામાં આવ્યો. તે પછી પાંચ ખાજાંથી માતા-બાળકની પૂજા કરવામાં આવી. પાંચ ખાજાંથી પૂજા પુરી થઈ એટલે પછી ચોખાથી પૂજા કરવામાં આવી. તેમાં પણ માથાથી શરૂ કરી પગ સુધી ચોખા નાખવામાં આવ્યા. આમ પાણી, પાન અને ચોખા ત્રણે વસ્તુથી માતા-બાળકની માથાથી પગ સુધી પાંચ વખત પૂજા કરવામાં આવી. આ વિધિ જયારે થતી હતી ત્યારે ભગત સાથે મનમાં મંત્ર કે પછી કાંઈક બોલતો હતો.

ઉપરની વિધિ પૂરી થઈ એટલે ભગતે પેલો જે ગળામાં રંગબેરંગી દોરો બાંધેલો હતો તે મંત્ર બોલી તોડી નાખ્યો અને ચોખ્ખા પાણીથી મંત્ર બોલી ઉપરની પૂજા વિધિ પૂરી કરી. ત્યારબાદ જે બે માસ પહેલાં બાળકના કેડમાં નાગલીનું વચન બાંધવામાં આવ્યું હતું તે છોડવામાં આવ્યું. છોડતી વખતે ભગત કાંઈક નહીં સંભળાય તે રીતે બોલતો જતો હતો અને છોડતો હતો. વચનને છોડીને પાણીમાં નાખી દેવામાં આવ્યું.

તે પછી જે પથ્થર ઉપર ચોખાની પુંજ મૂકી હતી અને તેની ઉપર સુકુ કોપરું મૂકવામાં આવ્યું હતું. તેમાંથી થોડું લઈને પાણીમાં નાખી દેવામાં આવ્યું. ત્યારબાદ નાળિયેર છોલી તેના છોતરાં વહેતા પાણીમાં નાખી દેવામાં આવ્યા.

ઉપરોક્ત વિધિ પૂરી થઈ એટલે તે પછી મરઘાથી વિધિ શરૂ કરવામાં આવી. વિધિમાં જે મરઘાનો ઉપયોગ થાય છે તે મરઘાને 'ખૈરા કુમળા' નામથી ઓળખવામાં આવે છે. એ મરઘાને પ્રથમ વહેતા પાણીમાં સ્નાન કરાવવામાં આવ્યું. તે પછી જે જગ્યાએ પૂજા વિધિ કરી હતી તે જગ્યાએ તેને લાવવામાં આવ્યો. ભગત હાથમાં લઈને ઊભા રહી દક્ષિણ તરફથી શરૂ કરી સાથે મંત્રો ઉચ્ચાર કરતો કરતો ચારે દિશાએથી અને ચારે ખૂણેથી સળવા દેવને બોલાવવામાં આવ્યો. તે પછી મરઘાને પૂજા કરેલી વસ્તુઓ ખવરાવવામાં આવી. મરઘાએ ચાર-પાંચ વખત ચાંચ મારી પછી તેને લઈ લેવામાં આવ્યો અને તેની આગળ પાછળના બે ચાર પીંછાં ઉખેડી પૂજા આગળ ફેકી દેવામાં આવ્યાં. પછી દાતરડું લાવીને તે મરઘાને ડોકમાંથી કાપી નાખવામાં આવ્યું અને તેના લોહીનાં થોડાં ટીંપા પેલી વિધિ ઉપર પાડવામાં આવ્યાં.

**ચોથીવિધિ :**

ઉપરની વિધિ પૂરી થયા પછી સિંદની ડાળી આગળ બીજી વિધિ કરવામાં આવી હતી ત્યાં પણ ઉપર પ્રમાણે મરઘાથી પૂજા વિધિ કરવામાં આવી. આ જગ્યાએ સફેદ મરઘાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**પાંચમી વિધિઃ**

ઉપરોક્ત વિધિ પૂરી થઈ એટલે ભગતે હાથ પગ ધોયા અને પછી ખાખરાના પાનમાં થોડો ચોખાનો લોટ લીધો. તેમાં થોડું ચોખ્ખું પાણી નાખીને તેને બરાબર મસળવામાં આવ્યો તે પછી શિવલિંગ આકારનો

લોટનું એક મોટો શિવલિંગ બનાવ્યું. તે પછી તેની ફરતે નાનાં નાનાં સાત શિવલિંગ બનાવી મૂકવામાં આવ્યાં. તારા આકારનાં બીજાં સાત શિવલીંગ (લોટની સાત મૂર્તિઓ) બનાવવામાં આવ્યાં. તેને પણ શિવલિંગ ફરતે મૂકવામાં આવી. ત્યારબાદ બીજી સાત લંબગોળ વસ્તુઓ તે લોટમાંથી બનાવવામાં આવી અને આ બધી વસ્તુઓ પેલા શિવલીંગની ફરતે મૂકવામાં આવી. આ બધી જ વસ્તુઓ પળસ (ખાખરા) ના મોટા પાંદડામાં મૂકવામાં આવી હતી. આ બધી વસ્તુઓ મુકાયા પછી છેલ્લે તેની ઉપર પાંચ પૈસા મૂકવામાં આવ્યા હતા અને આ બધી જ વસ્તુઓને સંભળાય નહીં તે રીતે કાંઈક બોલીને સીંદૂરથી પૂજન કરવામાં આવ્યું. સિંદૂરથી પૂજા વિધિ પૂરી થઈ એટલે તેને અનુક્રમે કંકુ, પાંચ ખાજાં, ચોખાથી પૂજા કરવામાં આવી.

ઉપરની વિધિ પૂરી થઈ, એટલે કુવોરી લાલ મરઘી લાવવામાં આવી. તેને પણ જયાં ચોખા દ્વારા પૂજન થયું હતું ત્યાં લઈ જઈને થોડા ચોખા ખવડાવવામાં આવ્યા. મરઘીએ બે ચાર ચાંચ મારી કે પછી તેની આગળ પાછળથી બેચાર પીછા ઉખેડવામાં આવ્યા અને તે પછી પીછા પેલી શિવલિંગ આકારની વસ્તુઓ સાથે મૂકવામાં આવી. ત્યારબાદ ભગતે ઊભા થઈ દક્ષિણ દિશામાં નમસ્કાર કર્યા અને પછી પેલી મરઘીને ડોકમાંથી ભગતના હાથે કાપી નાખવામાં આવી. તેનું લોહી એક પડિયામાં ભેગું કરવામાં આવ્યું.

ઉપરની વિધિ પૂરી થઈ એટલે મરઘીને અગ્નિમાં શેકવામાં આવી. તે પછી લાવીને મરઘીના દરેક ભાગમાંથી થોડો થોડો ભાગ લેવામાં આવ્યો અને બેને એક પાંદડામાં ભેગો કરવામાં આવ્યો.

તે પછી ભગતે પળસના ચાર પાંદડા લીધા. તેમાં થોડો થોડો ભાત મૂકવામાં આવ્યો. ચાર ભાગમાંથી એક ભાગને ઉપાડીને જયાં 'ખૈરુ કુમડું' કે જે જગ્યાએ ઉંબરાની ડાળી રોપીને વિધિ કરવામાં આવી હતી એ જગ્યાએ (પ્રથમ વીધિ) લઈ જવામાં આવ્યો અને તેમાં 'ખૈરા કુમડા'નું કલેજું નાખી ભાતને મિક્ષ કરવામાં આવ્યો. તે પછી તેનાથી પૂજા કરવામાં આવી.

એવી જ રીતે જયાં સિંદૂરની ડાળી રોપીને પૂજા કરવામાં આવી હતી અને જયાં 'તમળા કુમડા' (લાલ મરઘી) કાપવામાં આવ્યો હતો. તે જગ્યાએ તેનું કલેજું અને ભાતનો એક ભાગ લઈ ભાતમાં કલેજું મિક્ષ કરી ત્યાં તેનાથી પૂજા કરવામાં આવી.

ઉપરની પૂજા વિધિ પૂરી થઈ એટલે પછી પ્રથમ જગ્યા પર (ઉંબરાની ડાળીએ) દારૂથી પૂજન કરવામાં આવ્યું.

છેલ્લે ઢોચકીમાંથી પાણી અને ભાતના બાકી રહેલા બે ભાગ તથા લોટની બનાવવામાં આવેલી પેલી વસ્તુઓ તેમજ મરઘીના દરેક ભાગવાળો પડિયો અને લોહિનો પડિયો. આ બધી વસ્તુઓ નૈર્ઋત્ય ખૂણામાં ૨૫ ફુટ દુર લઈ જવામાં આવી. ત્યાં પેલી ઢોચકી થોડો ખાડો ખોદી મુકી દેવામાં આવી અને તેના નજીકમાં પેલી બધી વસ્તુઓ મૂકવામાં આવી. વસ્તુઓ મુકાઈ ગયા પછી ત્યાંથી ભગત તેમજ બીજા અન્ય પુરુષો બેઠા હતા તે બધા જ ઊઠીને થોડે દૂર બેસવા માટે ગયા. હું પણ જે જગ્યાએ વિધિ થઈ રહી હતી તે જગ્યાએ બેસી

રહ્યો હતો. ત્યારે મને પણ સૂચના આપવામાં આવી કે હવે આપણાથી અહીં બેસાય નહીં, કારણ કે હવે સળવાદેવ તેમજ ડાકણ ઉપરની બધી વસ્તુઓ ખાવા માટે આવશે. જો આપણે અહીં બેસી રહીએ તો તેઓ આવે નહીં અને આપણી પૂજા વિધિ નિષ્ફળ જાય, એટલે આપણે તેમને ખાવામાં ખલેલ પાડવી નહીં. માટે આપણે પૂજા વિધિની જગ્યાએથી થોડે દૂર જઈને બેસવું જોઈએ.

ભગત પાસેથી એ પણ જાણવા મળ્યું કે જે પેલી લોટની વસ્તુઓ બનાવવામાં આવી હતી, તે વસ્તુઓ તથા શેકેલી મચ્છીના વિવિધ ભાગોએ પેલા બાળકને ખાવા ઈચ્છતી હતી તેના માટે બનાવામાં આવ્યા છે અને આજે તે પણ આ વસ્તુઓ ખાવા માટે આવશે એવું તેમનું કહેવું છે. જયારે જે બે જગ્યાએ ચોખાથી પાંચ ખાજાથી નાળિયેરથી વગેરે વસ્તુઓ દ્વારા પૂજન થયું તે પેલા સળવા દેવને ખુશ કરવા માટે પૂજા કરવામાં આવી છે એવું એમનું માનવું છે. આ પૂજા વિધિ પૂરા ત્રણ કલાકની હતી.

**ધાર્મિક વિધિ :**

**નાગલી કાપતા પહેલાં કરવી પડતી વિધિ :**

નાગલી કે કોઈપણ અનાજ કાપતા પહેલાં અહીં પૂજા વિધિ કરવાનો રિવાજ છે. તે માટે સવારે તૈયાર થઈ ઘરનાં બે ત્રણ જાય છે. સાથે એ વિધિ કરવા ભગત પણ જાય છે. ત્યાં જઈ ખેતરની વચ્ચે થોડી જગામાં છાણથી લીંપી કાઢે છે. પછી સિંદૂરથી ગોળ ચક્ર કરે છે. તેમાં ચોખાના ત્રણ પુંજ મૂકે છે અને મંત્રોચ્ચાર કરે છે. તે પછી નારિયેળ ફોડે છે અને આમ થયા પછી પ્રસાદ કર્યા પછી વહેંચી દે છે. એમ કરવાથી તેઓ ‘નાગલી કે અન્ય અનાજ કાપવાની મંજૂરી લેવામાં આવી છે.’ એવું માને છે અને તે પછી કાપવાનું શરૂ કરે છે.-

આ વિધિ બધા જ કરતા નથી જેનું અનાજ સારું તૈયાર થયેલું છે તેઓ જ આ વિધિ કરે છે. અમુક લોકો એમ માને છે કે ‘અહીં શું પાક્યું છે તે દેવને મંજૂર’ એમ માની તે આ વિધિ ખેતરે કરતા નથી પણ એમ જ કાપવાનું શરૂ કરે છે. એવું પણ જાણવા મળે છે.

આમ એમાં તફાવત જોવા મળે છે.

● મંત્રોચ્ચાર કહેવાય શકે એવા ન હોઈ ભગત કહેવા સંમત થતો નથી.

**દાણા જોવા :**

ડૉક્ટર દર્દીને પૂછીને તેનું શરીર તપાસીને રોગનું નિદાન કરે છે અને તે પછી તે દર્દીને કેવા પ્રકારની દવા આપવી - કેટલી આપવી, કેટલા દિવસની આપી, કેટલાં ઈન્જેકશન આપવાં વગેરે નક્કી કરે છે. આદીવાસી સમાજોમાં આજે પણ દવાખાનામાં બીમાર માણસને લઈ જવો જોઈએ તેવા પ્રકારનું વલણ ઓછું જોવા મળે છે. માણસ બીમાર પડે કે તરત જ ગામમાં રહેતા ભગત પાસે કુટુંબનો વડો પહોંચી જાય છે. જો સામાન્ય બીમારી હોય તો, નહીં તો મોટી બીમારી હોય તો કુળના વડીલો કે ગામના વડીલો તથા

ગામપંચ ભેગુ થઈને ભગત પાસે જાય છે. જતાં પહેલા સામાન્ય રીતે થોડા ચોખા કે જુવાર, અડદ વગેરે લઈને બીમાર માણસ ઉપર ઓવારવામાં આવે છે અને તે પછી તે જુવાર કે ચોખા કે અડદ ભગતને આપવામાં આવે છે.

મારા ક્ષેત્રકાર્યનાં ગામમાં પણ મને ઉપર પ્રમાણે થતું જોવા મળ્યું. ગામમાં રહેતા બે ભગતો સાથે મારી મુલાકાત થઈ.

તેઓની મુલાકાતમાં મને એ જાણવા મળ્યું કે બીમાર માણસનું દુઃખના નિદાન કઈ રીતે કરવું, તેના માટે એક ખાસ પ્રકારની પધ્ધતિ ભગત પાસે હોય છે. એ પધ્ધતિ દ્વારા તે બીમાર માણસને શું થયું છે, બીમારીના કેટલા દિવસ થયા છે, તે માણસને શું કરવાથી (માણસ) સારો થશે. બીમાર માણસ જીવી શકશે કે નહીં વગેરે તે જાણી શકે છે.

ભગતની મુખ્ય વિશેષતા એ છે કે તેની પાસે કે તેની સામે બીમાર માણસને લાવવામાં આવતો નથી પરંતુ પેલા જે ચોખા-જુવાર કે અડદ તેના ઉપર ઓછાયા હોય તે જ લાવવામાં આવે છે અને તેના આધારે જ ભગત દુઃખનું નિદાન કરતો હોય છે.

અહીં ભગત એક સૂપડામાં નાગલી કે જુવાર કે અડદ લે છે. તે પછી તે સૂપડાની ફરતે ભગત સૂપડાને મંત્રથી બાંધી દે છે. કારણ કે જે વસ્તુ વડે દુઃખ જોવાનું છે તે વસ્તુમાં અંદર બહારનાં મેલાં તત્ત્વો દાખલ ન થાય. જેવા કે ડાકણ-ભૂત તથા જે દેવે પેલા બીમાર માણસને બીમાર કર્યો હોય તો તત્ત્વો અંદર કે નજીક આવી ન શકે અને ભગત દુઃખનું નિદાન સરળતાથી કરી શકે. આ માટે પેલા સૂપડાને બાંધી દે છે.

તે પછી ભગત પોતાના ગુરુને યાદ કરે છે અને કહે છે કે ‘હે ગુરુ હું જે આ કાર્ય કરી રહ્યો છું તે તમારા વતી કરી રહ્યો છું અને આ કાર્ય સફળ કરવામાં તમારી આણ થજો’ અને છેલ્લે કહે છે કે ‘જો મારાથી નહીં થાય તો મારા ગુરુથી થજો, મારા ગુરુની આણ’ આ પણ મંત્ર દ્વારા જ ગુરુને યાદ કરે છે અને ગુરુને વચને બાંધે છે. આટલું થયા પછી એમના મુખ્ય મુખ્ય દેવોને યાદ કરે છે અને તે પછી દુઃખ જોવાનું ચાલુ કરે છે.

દુઃખ જોવાની ક્રિયામાં ભગત દુઃખના નામ લેતો જાય છે અને ઉચકતો જાય છે. એમાં ડાકણે દુઃખ આપ્યું હોય, કોઈ દેવે દુઃખ આપ્યું હોય કે કોઈ પૂર્વજે દુઃખ આપ્યું હોય અથવા કોઈ દેવની પૂજા કરવાની રહી ગઈ હોય અથવા રસ્તે ચાલતા કોઈ દેવ બહાર ફરવા નીકળ્યા હોય અને તેની ઝાપટ લાગી ગઈ હોય તો તે બધું જ પૂછતો જાય છે અને સૂપડું ઊંચકતો જાય છે. જે જગ્યાએ સૂપડું જમીન ઉપરથી ઉંચકાય નહીં અને જમીન સાથે ચોંટી જાય તો તે પછી જે દુઃખનું નામ લીધુ હોય તે દુઃખ થયું છે તે નક્કી થાય છે. દા.ત. સૂપડું ઉંચકતા ઉંચકતા એમ પૂછવામાં આવે છે કે ‘શું આ દુઃખ ડાકણે કર્યું છે ? જો ડાકણે કર્યું હોય તો તે સૂપડું જમીન સાથે ચોટી જાય છે અને ભગત નિર્ણય પર આવે છે કે આ દુઃખ ડાકણે કર્યું છે. જો એમ પૂછવામાં આવે કે આ દુઃખ કોઈ દેવની પૂજા રહી જવાના કારણે થયું છે ? જો ખરેખર દેવની પૂજા રહી ગઈ હોય તો

ત્યારે પેલું સૂપડું જમીન સાથે વળગી રહે છે અને આવું ન હોય તો સૂપડું ઉંચકાઈ આવે છે. એ જ રીતે કોઈ મેલ ભૂત વળગેલો છે ? જો વળગેલો હોય તો તે સૂપડું વજનદાર થઈ જાય છે અને જમીન સાથે ચોંટી જાય છે. આમ ક્યા દેવ કે ક્યા ડાકણ -ભૂતે દુઃખ આપ્યું છે તે પ્રથમ ભગત જાણે છે.

તે પછી જો ડાકણે બીમારી આપી હોય, કોઈ દેવની પૂજા વિધિ રહી ગઈ હોય કે કોઈ ભૂત વળગ્યો હોય કે પછી રસ્તે ચાલતા કોઈ દેવની ઝાપટ લાગી હોય તો તેની પાછળનાં કારણો શોધવાનું કાર્ય પણ ભગત જ કરે છે.

ભગત આરાધ્ય દેવોને પૂછે છે કે આવું શા માટે થયું ? અને આગળ પ્રશ્ન કરતો જાય છે કે શું ડાકણને કોઈ (મેલી વિદ્યા જાણનાર સ્ત્રીને) કોઈ વસ્તુ આપી નથી. જો તે માંગતી હોય તો અથવા બીમારના ઘરમાં કોઈ વસ્તુ જોઈ ગઈ હોય અને તે વસ્તુ ન અપાઈ હોય તો તે પણ ભગત પૂછે છે. ભગત દરેક વસ્તુનું નામ લઈને પ્રશ્ન કરતો હોય છે. દા.ત. ડાકણ (મેલી વિદ્યા જાણનાર સ્ત્રી) ઘેર આવી હતી. ત્યારે જુવાર માગી હતી પણ તેને આપી શકાઈ નથી. માટે આ બીમારી થઈ છે, ઘરમાં દૂધ થતું હોય અને તે તેણે માગ્યું હોય અને ન અપાયું હોય માટે આ બીમારી થઈ છે ? વગેરે વગેરે. ઘરમાં જે કાંઈ ધાન્ય થયું હોય કે તેની સાથે ક્યારે કે કોઈ કામ માટે બોલવું પડ્યું હોય તો તે પણ ત્યાં પોતાના આરાધ્ય દેવોને પૂછે છે અને દુઃખનું કારણ શોધે છે. દા.ત. ડાકણે કોઈ ધાન્ય માગ્યું હોય અને ન અપાયું હોય તેવું પૂછવામાં આવે તો પેલું સૂપડું જમીન સાથે ચોંટી જાય છે અને ભગત નિર્ણય પર આવે છે કે ડાકણને તમે વસ્તુ આપી નથી. જે તે માંગણી થતી માટે આ દુઃખ તેણીએ આપ્યું છે. મુલાકાતમાંથી જાણવા મળ્યું કે ભગતો ડાકણનું નામ બહાર પાડતા નથી. કારણ કે પછી તેમાંથી ક્યારેક ઝઘડો ઉભો થાય છે અને એમાંથી ક્યારેક કોઈના ખૂન પણ થઈ જાય છે. એટલે ભગતો મોટા ભાગે ડાકણનું નામ બહાર પાડતા નથી કે આ દુઃખ કઈ ડાકણે કર્યું છે. ભગત તે ડાકણનું નામ-ઠામ તેનું રહેઠાણ કઈ દિશામાં રહે છે તે કઈ દિશામાંથી સાસરે આવી છે, વગેરે બધું જ પેલું સૂપડું ઊંચકીને જાણતો હોય છે અને આ રીતે ડાકણને તે ઓળખી કાઢતો જોવા મળે છે.

આટલું થયા પછી ભગત સૂપડું ઊંચકીને એ જાણવા માગે છે કે આ દુઃખ કે બીમારી શું કરવાથી મટી જશે ? તો પછી તેમના આરાધ્ય દેવોને પૂછે છે કે આ બીમારી મટાડવા માટે ચોખ્ખી વિધિ કરવી પડશે કે મેલી વિધિ કરવી પડશે ? જે વિધિ કરવાની હોય તે વિધના સમયે સૂપડું વજનદાર થઈ જાય છે અને જમીન સાથે ચોટી રહે છે. ત્યારબાદ દેવને શું જોઈશે તે પૂછે છે નાળિયેર જોઈએ. જો જોઈએ તો તે જમીન સાથે ચોંટી રહે છે અને ન જોઈએ તો તે ઉપર ઉંચકાઈ આવે છે. ત્યારબાદ આગળ વધે છે. મરઘો કે મરઘી કંઈક ચઢાવવું પડશે. દેવને જો જોઈએ તો ઉપર ઉંચકાઈ આવે છે. ત્યારબાદ બકરો જોઈશે ? જો જોઈએ તો સુપડું વજનદાર થઈ જાય છે અને ન જોઈએ તો ઉપર ઉંચકાઈ આવે છે. આમ દેવને શું આપવાથી બીમારી મટશે તે ઉપર પ્રમાણે જાણવામાં આવે છે અને કહેવામાં આવે કે અઠવાડિયું - પંદર દિવસમાં બીમારીમાં જો

સુધારો થાય તો તે પછી સગવડે અમુક દિવસે નક્કી થઈ હોય તે વસ્તુઓ ભગત દેવને ચઢાવવા જાય છે અને આ રીતે બીમારી દૂર કરે છે.

**સાપ ઉતારવો :**

કોઈને સાપ કરડ્યો છે એવી ખબર પડવાની સાથે જ ગામના વડીલો અનેભગતો તરત જ ભેગા થાય છે. થોડી સ્ત્રી પણ ત્યાં ભેગી થઈ જાય છે પણ તે પુરુષોના પ્રમાણમાં ઓછી હોય છે. ભેગા થયા પછી તેને દવાખાને લઈ જવાનું વિચારતા નથી પરંતુ જે સાપ ઉતારવાનું જાણતો હોય તે ભગતને કામ સોંપવામાં આવે છે.

ભગત લોકો સાપ ઉતારવાનું કામ શરૂ કરે છે. પ્રથમ એક વાસણમાં પાણી મંગાવે છે. તે પછી નાના વાસણમાં જો ગ્લાસ હોય તો તેમાં નહીં તો લોટામાં પાણી લઈને પછી તે પોતાના મંત્રો ભણવાનું શરૂ કરી દે છે. એક મંત્ર પૂરો થયા પછી પેલો સાપ કરડ્યો હોય તેના ઉપરથી પાણી નાખતો નાખતો તેના પગ તરફ જાય છે. પેલા માણસને પૂર્વ તરફ મોઢું રહે તે પ્રમાણે લાંબા પગ કરીને બેસાડવામાં આવે છે. આમ એક

પછી એક નવ વખત નવ મંત્ર ભણે છે અને નવ વખત પેલું પાણી તેની ઉપર નાંખે છે. ત્યારબાદ બીજો ભગત પોતાના મંત્રો ભણવાનું શરૂ કરે છે. તે પણ ઉપર પ્રમાણે નવ વખત મંત્રો ભણી તેનું કાર્ય પૂરું કરે છે. આમ એક પછી એક ગામમા જેટલા ભગત હોય તેટલા બધા જ આ વખતે પોતાના મંત્રોની અજમાયશ કરતા હોય છે. સાથે સાથે પોતે જે જંગલમાંથી જડીબુટ્ટી લાવ્યા હોય તે પણ પેલા માણસને પોતાના મંત્રો પૂરા થયા પછી ખવડાવતા હોય છે. ત્યારબાદ એક વનસ્પતિ એવી આવે છે કે તે ખવડાવવાથી પેલા માણસને તરત ઊલટી થાય છે. તે જડીબુટ્ટીનું નામ છે ‘કેટોલાનો કંદ’ આ કંદ જમીનમાંથી ખોદી લાવીને પછી તેને પ્રમાણસર ખવરાવવામાં આવે છે. પ્રમાણસર એટલા માટે કે તેઓ જાણે છે કે જો વધારે ખવરાવવામાં આવે તો માણસને ઊલટી થાય છે અને તેને બંધ કરવી મુશ્કેલ થઈ પડે, માટે તે કંદ પણ ઉંમર પ્રમાણે આપવામાં આવે છે.

જયારે બીજી બાજુ એક જડીબુટ્ટી તેઓ જંગલમાંથી મેળવે છે. આ વનસ્પતિનાં પાતરાં સામાન્ય રીતે હોતા નથી અને તે મોટા ભાગે ચોમાસામાં નાગની જેમ ફેણ કાઢીને ઊગેલાં જોવા મળે છે અને તેનો રંગ પણ સાપ જેવો જ હોય છે અને તે જે રંગનો સાપ કરડ્યો હોય તે રંગની પેલી વનસ્પતિ આપવામાં આવે છે. એટલે તે વનસ્પતિ પણ જુદા જુદા રંગે સાપ જેવી જ જંગલમાં ઊગેલી જોવા મળે છે. જયારે જે રંગનો સાપ કરડ્યો હોય તે રંગની વનસ્પતિનો કંદ લાવીને તેને ભૂકો કરીને પાણીમાં આપવામાં આવે છે.

આમ ભગત લોકો બે ત્રણ વખત પોતાના મંત્રનો અખતરો કરતા હોય છે. પછી તેને મરચાં કે મીઠું ખવરાવવામાં આવે છે. જો મરચું તીખું લાગે તો માનવામાં આવે છે કે હવે ઝેર ઊતરી ગયું છે અને તીખું ન લાગે અને મોળુ લાગે તો ઝેર ઊતર્યુ નથી અને ઘણો ઝેરી સાપ કરડ્યો છે માટે વારંવાર મંત્રોનો ઉપયોગ કરવો પડશે. અને જડીબુટ્ટી ખવડાવવી પડશે. જયાં સુધી ઉતરે નહીં ત્યાં સુધી ભગત લોકો પોતાનો અખતરો કરતા હોય છે. ઊતર્યા પછી જ તેઓ ત્યાંથી ખસતા હોય છે અને બધા પોતાને ઘેર તે પછી જ જાય છે. સાપનું ઝેર ઊતાર્યુ છે કે નહીં તેને જાણવા માટે બીજી પણ એક પધ્ધતિ જોવા મળે છે તે એ સાપ કરડ્યો હોય તેને પૂછવામાં આવે છે કે સામે બેઠેલો માણસ કોણ છે. જો તે ઓળખી જાય તો તેઓ માને છે કે ઝેર ઊતરી ગયું છે અને સંપૂર્ણ સ્વચ્છ સામે દેખાય તો જ માનવામાં આવે છે કે હવે ઝેર ઊતારી ગયું છે. હવે કોઈ ચિંતા જેવું નથી.

સાપ કરડ્યો છે કે નહીં તે જાણવા અને ઝેરી સાપ કરડ્યો છે કે બિનઝેરી તે જાણવા માટે તેઓ જેને સાપ કરડ્યો હોય તેને પ્રથમ મરચાં કે મીઠું ખવરાવવામાં આવે છે. જો મરચું તીખું ન લાગે તો માનવામાં આવે છે કે ખરેખર સાપે દંશ માર્યો છે કે પછી મીઠું ખારું ન લાગે ત્યારે પણ માનવામાં આવે છે કે સાપે જરૂર દંશ માર્યો છે. જયારે અંધારામાં સાપ કરડે ત્યારે આવુ કરવામાં આવે છે. જો દિવસના ડંખ માર્યો હોય અને જો સાપને ડંખ મારતા જોયો હોય તો તે તરત જ ભગતને બોલાવી લાવવામાં આવે છે અને સાથે સાથે ગામના આગેવાનોને પણ ખબર આપવામાં આવે છે. આવા સમયે મોટા ભાગે ગામના આગેવાનો મોટા

ભાગે ઘરનો દરેક વડીલ ભેગા થઈ જાય છે. તેઓ એવું માને છે કે આજે એમને ત્યાં આવું થયું છે તો બીજા દિવસે મારે ત્યાં પણ કદાચ થાય ! એટલે આ સમયે એકબીજાને સહકાર આપવો, મદદ કરવી એ તેમની ફરજ સમજે છે અને ખબર આવતાં પોતાનાં બધાં જ કાર્યો છોડીને ભેગા થઈ જાય છે. રાત્રે ઊંઘતા હોય તો ઊંઘને ખંખેરીને ત્યાં હાજર થવું જ પડે, એવું તેઓ માનતા જોવા મળે છે.

**શુકન-અપશુકનની માન્યતાઓ :**

આ લોકોમાં ડાકણ ભૂત અને દેવ-દેવીઓ વિશે ઘણી માન્યતાઓ પ્રચલિત છે. અન્ય સમાજોની જેમ આ લોકોમાં પણ કેટલીક શુકન-અપશુકનની માન્યતાઓ પ્રચલિત છે. બિલાડી મળે, ખાલી બેઢું, કાગવાણી થાય, ઠોકર વાગે તો અપશુકન થાય એમ તેઓ માને છે. બિલાડી આડી ઉતરે તો કામ સફળ ન થાય એમ માને છે. બિલાડીને ડાકણનું સ્વરૂપ માનવામાં આવે છે. ભરેલા ઘડાને શુકન માને છે.

# પ્રકરણ-૫
# ઉત્તરદાતાની સામાજિક - આર્થિક પૃષ્ઠભૂમિ

**પ્રસ્તાવના :**

સંશોધન જયારે કોઈપણ સામાજિક પાસાઓને નિદર્શિત કરતુ હોય ત્યારે ઉત્તરદાતાની સામાજિક -

## કોષ્ટક ૫.૨
## ઉત્તરદાતાના કૌટુંબિક સભ્યોનું ઉંમર પ્રમાણે વર્ગીકરણ

| ક્રમ | ઉંમર | નજીકના ગામ | | | મધ્યમ દૂરીના ગામ | | | દૂરના ગામ | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
| ૧. | ૦ થી ૫ વર્ષ | ૭૨ (૧૯.૫૭) | ૫૨ (૧૬.૦૫) | ૧૨૪ (૧૭.૯૨) | ૮૦ (૧૯.૮૦) | ૭૬ (૧૯.૧૯) | ૧૫૬ (૧૯.૫૦) | ૮૪ (૧૯.૨૭) | ૭૬ (૧૬.૯૫) | ૧૬૦ (૧૮.૧૦) | ૨૩૬ (૧૯.૫૪) | ૨૦૪ (૧૭.૪૭) | ૪૪૦ (૧૮.૫૨) |
| ૨. | ૬ થી ૧૪ વર્ષ | ૫૬ (૧૫.૨૨) | ૬૦ (૧૮.૫૨) | ૧૧૬ (૧૬.૭૬) | ૬૮ (૧૬.૮૩) | ૭૬ (૧૯.૧૯) | ૧૪૪ (૧૮.૦૦) | ૭૬ (૧૭.૪૩) | ૮૦ (૧૭.૮૬) | ૧૫૬ (૧૭.૬૫) | ૨૦૦ (૧૬.૫૬) | ૨૨૦ (૧૮.૪૯) | ૪૨૦ (૧૭.૫૧) |
| ૩. | ૧૫ થી ૨૫ વર્ષ | ૪૮ (૧૩.૦૪) | ૫૬ (૧૭.૨૮) | ૧૦૪ (૧૫.૦૩) | ૫૬ (૧૩.૮૬) | ૫૨ (૧૩.૧૩) | ૧૦૮ (૧૩.૫૦) | ૬૦ (૧૩.૭૬) | ૭૨ (૧૬.૦૭) | ૧૩૨ (૧૪.૯૩) | ૧૬૪ (૧૩.૫૮) | ૧૮૦ (૧૫.૪૧) | ૩૪૪ (૧૪.૪૮) |
| ૪. | ૨૬ થી ૩૫ વર્ષ | ૮૮ (૨૩.૯૧) | ૭૬ (૨૩.૪૬) | ૧૬૪ (૨૩.૭૦) | ૯૬ (૨૩.૭૬) | ૮૮ (૨૨.૨૨) | ૧૮૪ (૨૩.૦૦) | ૯૨ (૨૧.૧૦) | ૮૮ (૧૯.૬૪) | ૧૮૦ (૨૦.૩૬) | ૨૭૬ (૨૨.૮૫) | ૨૫૨ (૨૧.૫૮) | ૫૨૮ (૨૨.૨૨) |
| ૫. | ૩૬ થી ૪૫ વર્ષ | ૬૦ (૧૬.૩૦) | ૫૨ (૧૬.૦૫) | ૧૧૨ (૧૬.૧૮) | ૫૬ (૧૩.૮૬) | ૬૦ (૧૫.૧૫) | ૧૧૬ (૧૪.૫૦) | ૭૨ (૧૬.૫૧) | ૭૬ (૩૬.૯૬) | ૧૪૮ (૧૬.૭૪) | ૧૮૮ (૧૫.૫૬) | ૧૮૮ (૧૬.૧૦) | ૩૭૬ (૧૫.૮૨) |
| ૬. | ૪૫થી ઉપર | ૪૪ (૧૧.૯૬) | ૨૮ (૮.૬૪) | ૭૨ (૧૦.૪૦) | ૪૮ (૧૧.૮૮) | ૪૪ (૧૧.૧૧) | ૯૨ (૧૧.૫૦) | ૫૨ (૧૧.૯૩) | ૫૬ (૧૨.૫૦) | ૧૦૮ (૧૪.૯૩) | ૧૪૪ (૧૧.૯૨) | ૧૨૮ (૧૦.૯૬) | ૨૭૨ (૧૧.૪૫) |
| | **કુલ** | **૩૬૮ (૫૩.૧૮)** | **૩૨૪ (૪૮.૮૨)** | **૬૯૨ (૧૦૦)** | **૪૦૪ (૫૦.૫)** | **૩૯૬ (૪૯.૫)** | **૮૦૦ (૧૦૦)** | **૪૩૬ (૪૯.૩૨)** | **૪૪૮ (૫૦.૬૮)** | **૮૮૪ (૧૦૦)** | **૧૨૦૮ (૫૦.૮૪)** | **૧૧૬૮ (૪૯.૧૬)** | **૨૩૭૬ (૧૦૦)** |
| | **કુટુંબ કદ** | | | **૫.૭૭** | | | **૬.૬૭** | | | **૭.૩૭** | | | **૬.૬** |

આર્થિક પૃષ્ઠભૂમિ ઘણી અગત્યતા ધરાવે છે. સમાજ કે વ્યક્તિની ક્રિયા - પ્રતિક્રિયા તેની સામાજિક - આર્થિક પૃષ્ઠભૂમિ પર અવલંબિત હોય છે.

આદિવાસી સમાજના સંદર્ભમાં જોઈએ તો મોટાભાગના આદિવાસીઓની આર્થિક - સામાજિક પરિસ્થિતિ અન્ય બિનઆદિવાસી સમાજોની સરખામણીમાં પ્રમાણમાં પછાત જોવા મળે છે. (મસવી - ૧૯૯૧) કોઈપણ સામાજિક જૂથ અથવા સમુદાયના વિસ્તૃત અધ્યયનના અગત્યના પાસાઓમાં પહેલુ પાસુ તેમની સામાજિક - આર્થિક પૃષ્ઠભૂમિ અંગેની જાણકારી પ્રાપ્ત કરવાનું છે. આદિવાસી સમાજનું કૌટુંબિક - સામાજિક - આર્થિક બંધારણ સમજવાથી તેઓની સંસ્કૃતિને સમજવી વધુ સહેલી બની શકશે.

પ્રસ્તુત પ્રકરણમાં ઉત્તરદાતાની કૌટુંબિક માહિતી, શિક્ષણ, વ્યવસાય, આવક-ખર્ચ, બચત-દેવુ, જાતિપંચ, ઘરની સુવિધાઓ જેવી બાબતોને આવરી લઈ, ઉત્તરદાતાઓ કેવા પ્રકારની ભૌતિક સગવડો, શૈક્ષણિક સ્તર, સાંસ્કૃતિક જૂથમાંથી આવે છે. તે સ્પષ્ટ કરવા પ્રયત્ન કરેલ છે, જે ઉત્તરદાતાઓના સામાજિક - સાંસ્કૃતિક વ્યવહારો અને આરોગ્યના સંબંધને સમજવા ઉપયોગી નિવડશે.

## ૫.૧ ઉત્તરદાતાઓનું ઉંમર પ્રમાણે વર્ગીકરણ :

અભ્યાસ ક્ષેત્રમાંથી પસંદ કરવામાં આવેલ ઉત્તરદાતાઓનું ઉંમર પ્રમાણે વર્ગીકરણ કરતાં જોવા મળેલી સ્થિતિ કોષ્ટક ૫.૧ મુજબ છે.

**કોષ્ટક ૫.૧**

**ઉત્તરદાતાની ઉંમર પ્રમાણે વર્ગીકરણ**

| ક્રમ | ગામનું જૂથ | ઉંમર | | | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | ૨૦ થી ૩૦ | ૩૧ થી ૪૦ | ૪૧ થી ૫૦ | ૫૧થી વધુ | |
| ૧. | નજીકના ગામ | ૧૬ | ૨૮ | ૫૨ | ૨૪ | ૧૨૦ |
| | | (૧૩.૩૦) | (૨૩.૩૩) | (૪૩.૩૩) | (૨૦) | (૧૦૦) |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૮ | ૪૪ | ૩૬ | ૩૨ | ૧૨૦ |
| | | (૬.૬૬) | (૩૬.૬૬) | (૩૦) | (૨૬.૬૬) | (૧૦૦) |
| ૩. | દૂરના ગામ | ૪ | ૫૬ | ૪૮ | ૧૨ | ૧૨૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | (૩.૩૩) | (૪૬.૬૬) | (૪૦) | (૧૦) | (૧૦૦) |
| **કુલ** | **૨૮** | **૧૨૮** | **૧૩૬** | **૬૮** | **૩૬૦** |
| | **(૭.૭૮)** | **(૩૫.૫૫)** | **(૩૭.૭૮)** | **(૧૮.૮૯)** | **(૧૦૦)** |
| **સરાસરી ઉંમર** | **૨૩.૮૬** | **૩૪.૧૩** | **૪૪.૮૨** | **૫૮.૭૬** | **૪૨.૦૨** |

ઉત્તરદાતાઓનું ઉંમર પ્રમાણે વર્ગીકરણ કરતા દેખાય આવે છે કે ૪૧ થી ૫૦ વર્ષની ઉંમર ધરાવતા પ્રૌઢવયના ઉત્તરદાતાઓની સંખ્યા સૌથી વધારે ૩૭.૭૮% છે. જેમાં ૭.૭૮% યુવાન વયના ઉત્તરદાતાઓ ૨૦ થી ૩૦ વર્ષની વયજૂથના સૌથી ઓછા છે.

ગામ પ્રમાણે જોતા નજીકના ગામોના ઉત્તરદાતાઓમાં પ્રૌઢો (૪૧થી વધુ ઉંમર ધરાવતા)ની સંખ્યા સૌથી વધારે (૬૩.૩૩%) છે. બીજા નંબરે મધ્યમદૂરીના (૫૬.૬૬%) અને ત્રીજા નંબરે દુરના અંતરના ગામોના (૫૦%) દેખાય છે. આમ સૌથી વધુ યુવાન ઉત્તરદાતાઓ ધરાવતા દૂરના ગામો જોવા મળે છે.

સમગ્ર ઉત્તરદાતાઓની સરેરાશ ઉંમર જોઈએ તો ૪૨.૦૨ વર્ષ છે. યુવાન વયના ઉત્તરદાતાઓ ૨૦ થી ૩૦ વર્ષના સરેરાશ ૨૩.૮૬ વર્ષના અને સૌથી મોટી ઉંમર ૫૧થી વધુ ધરાવતા જૂથની સરેરાશ ઉંમર ૫૮.૭૬ વર્ષની છે.

## ૫.૨ ઉત્તરદાતાના કૌટુંબિક સભ્યોની ઉંમર પ્રમાણે વર્ગીકરણ :

કોઈપણ દેશ અથવા સમાજમાં વ્યક્તિનું વયજૂથ મહત્વનું છે કારણ કે વયજૂથના આધારે કોઈપણ સમાજમાં બાળકો, પ્રૌઢો, વૃધ્ધોના પ્રમાણના આધારે કામ કરી શકે તેવા સભ્યોનું પ્રમાણ જેવી બાબતો જાણી શકાય છે. જે ભાવી આયોજન માટે જરૂરી છે. પ્રસ્તુત અભ્યાસમાં સમાવિષ્ટ ૩૬૦ કુટુંબોનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ કોષ્ટક- ૫.૨માં દર્શાવેલ છે.

કોષ્ટકનું અર્થઘટન કરતા સ્પષ્ટ થાય છે કે સમગ્ર ઉત્તરદાતાઓના કૌટુંબિક સભ્યોમાં ૩૬.૦૩% નાના બાળકો (૦ થી ૧૪ વર્ષના) છે. કિશોર અને યુવાનોનું (૧૫ થી ૩૫ વર્ષના ) ઉત્તરદાતાના કૌટુંબિક સભ્યોનું પ્રમાણ ૩૬.૭% છે. બાકીના બધા જ સભ્યો ૩૬ વર્ષથી વધારે ઉંમર ધરાવતા જોવા મળ્યા છે.

નિષ્કર્ષમાં કહી શકાય કે સ્ત્રી પુરુષના પ્રમાણમાં કોઈ વિશેષ તફાવત નથી. કુટુંબકદની દ્રષ્ટિએ જોઈએ તો સરેરાશ કૌટુંબિક કદ ૬.૬ સભ્યોનું છે. જેમાં નજીકના, મધ્યમ અને દૂરના

**કોષ્ટક ૫.૪**

**ઉત્તરદાતાઓના કુટુંબના સભ્યોનું શૈક્ષણિક સ્તર**

| **ક્રમ** | **શિક્ષણ સ્તર** | **નજીકના ગામ** | | | **મધ્યમ દૂરીના ગામ** | | | **દૂરના ગામ** | | | **કુલ** | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | **પુરુષ** | **સ્ત્રી** | **કુલ** | **પુરુષ** | **સ્ત્રી** | **કુલ** | **પુરુષ** | **સ્ત્રી** | **કુલ** | **પુરુષ** | **સ્ત્રી** | **કુલ** |
| ૧. | અશિક્ષીત | ૧૬૪ (૫૫.૪૧) | ૨૨૪ (૮૨.૩૫) | ૩૮૮ (૬૮.૩૧) | ૨૧૨ (૬૫.૪૩) | ૩૦૦ (૯૩.૭૫) | ૫૧૨ (૭૯.૫૦) | ૨૭૬ (૭૮.૪૧) | ૩૬૦ (૯૬.૭૭) | ૬૩૬ (૮૭.૮૫) | ૬૫૨ (૬૭.૦૭) | ૮૮૪ (૯૧.૭૦) | ૧૫૩૬ (૭૯.૩૪) |
| ૨. | પ્રાથમિક | ૬૪ (૨૧.૬૨) | ૨૮ (૧૦.૨૯) | ૯૨ (૧૬.૨૦) | ૬૦ (૧૮.૫૧) | ૧૬ (૫) | ૭૬ (૧૧.૮૦) | ૪૮ (૧૩.૬૪) | ૧૨ (૩.૨૩) | ૬૦ (૮.૨૯) | ૧૭૨ (૧૭.૭૦) | ૫૬ (૫.૮૧) | ૨૨૮ (૧૧.૭૭) |
| ૩. | માધ્યમિક | ૩૨ (૧૦.૮૧) | ૧૨ (૪.૪૧) | ૪૪ (૭.૭૫) | ૨૪ (૭.૪૦) | ૪ (૧.૨૫) | ૨૮ (૪.૩૫) | ૧૬ (૪.૫૫) | -- | ૧૬ (૨.૨૧) | ૭૨ (૭.૪૧) | ૧૬ (૧.૬૬) | ૮૮ (૪.૫૫) |
| ૪. | ઉચ્ચ માધ્યમિક | ૨૪ (૮.૧૧) | ૮ (૨.૯૪) | ૩૨ ૫.૬૩) | ૧૬ (૪.૯૪) | -- | ૧૬ (૨.૪૮) | ૧૨ (૩.૪૧) | -- | ૧૨ (૧.૬૬) | ૫૨ (૫.૩૫) | ૮ (૦.૮૩) | ૬૦ (૩.૧૦) |
| ૫. | સ્નાતક | ૮ (૨.૭૦) | -- | ૮ (૧.૪૧) | ૪ (૧.૨૩) | -- | ૪ (૦.૬૨) | -- | -- | -- | ૧૨ (૧.૨૩) | -- | ૧૨ (૦.૬૨) |
| ૬. | ટેકનિકલ | ૪ (૧.૩૫) | - | ૪ (૦.૭૦) | ૮ (૨.૪૭) | - | ૮ (૧.૨૪) | - | - | - | ૧૨ (૧.૨૩) | - | ૧૨ (૦.૬૨) |
| | **કુલ** | **૨૯૬ (૫૨.૧૧)** | **૨૭૨ (૪૭.૮૯)** | **૫૬૮ (૧૦૦)** | **૩૨૪ (૫૦.૩૧)** | **૩૨૦ (૪૯.૬૯)** | **૬૪૪ (૧૦૦)** | **૩૫૨ (૪૮.૬૨)** | **૩૭૨ (૫૧.૩૮)** | **૭૨૪ (૧૦૦)** | **૯૭૨ ૫૦.૨૧)** | **૯૬૪ (૪૯.૭૯)** | **૧૯૩૬ (૧૦૦)** |

(૦ થી ૫ વર્ષના વયજૂથને બાદ કરતાં)

ગામોનું કૌટુંબિક કદ અનુક્રમે ૫.૭૭, ૬.૬૭ અને ૭.૩૭ છે. અહીં ગામોના અંતર સાથે કુટુંબકદ વધતુ દેખાય છે. જે દૂરના ગામોમાં કુટુંબનિયંત્રણના કાર્યક્રમોની ઓછી અસરકારકતા હોવાની કલ્પનાની પુષ્ટી કરે છે.

## ૫.૩ ઉત્તરદાતાઓનું શૈક્ષણિક સ્તર :

''બિન આદિવાસી સમાજ કરતા આદિવાસી સમાજમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. સંભવતઃ તેના કારણો આદિવાસીઓની શિક્ષણ પ્રત્યેની અજાગૃતતા, માળખાકીય સુવિધાની અછત શૈક્ષણિક સુવિધાઓનો અભાવ અને નબળી આર્થિક પરિસ્થિતિ છે''. (પટેલ અને રાઠોડ - ૧૯૯૯), ૨૦૦૧ની વસતિ ગણતરી મુજબ ગુજરાત રાજયના આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ ૪૭.૭૪% હતું. જયારે ગુજરાત રાજયનું કુલ સાક્ષરતાનું પ્રમાણ ૬૯.૨૯% હતું તે જ રીતે ડાંગ જિલ્લાનું કુલ સાક્ષરતા પ્રમાણ ૪૮.૦૦% હતું અને ડાંગ જિલ્લાના આદિવાસીઓમાં ૪૬.૫% સાક્ષરતા પ્રવર્તતી હતી.

ક્ષેત્રકાર્ય દરમ્યાન સંશોધકના અવલોકન અનુસાર પ્રાથમિક શિક્ષણ લીધેલ છે તેમ કહેનાર ઉત્તરદાતાને વાંચવા કે લખવાનું કહેતા તેઓ લખી-વાંચી શકતા ન હતા, કે ખુબ મુશ્કેલીથી તેઓથી શક્ય બનતું હતું. આમ શાથી બને છે તે જાણવાની કોશિષ કરતા જણાયું હતું કે ફક્ત પ્રાથમિક શાળામાં નામ લખાવી દીધેલ ઉત્તરદાતાઓ પણ પોતાને સાક્ષર કહેતા હતાં. અભ્યાસક્ષેત્રના ઉત્તરદાતાઓનું શૈક્ષણિક સ્તર કોષ્ટક ૫.૩ મુજબ હતું.

**કોષ્ટક : ૫.૩**

**ઉત્તરદાતાઓનું શૈક્ષણિક સ્તર**

| ક્રમ | ગામનું જૂથ | શિક્ષણનું પ્રમાણ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | અભણ | પ્રાથમિક | માધ્યમિક | ઉચ્ચ માધ્યમિક | સ્નાતક | કુલ |
| ૧. | નજીકના ગામ | ૫૨ | ૪૮ | ૧૨ | ૪ | ૪ | ૧૨૦ |
| | | (૪૩.૩૪) | (૪૦) | (૧૦) | (૩.૩૩) | (૩.૩૩) | (૧૦૦) |
| ૨. | મધ્યમ દૂરીના | ૭૬ | ૩૨ | ૮ | - | ૪ | ૧૨૦ |
| | ગામ | (૬૩.૩૩) | (૨૬.૬૭) | (૬.૬૭) | - | (૩.૩૩) | (૧૦૦) |
| ૩. | દૂરના ગામ | ૧૦૪ | ૧૬ | - | - | - | ૧૨૦ |
| | | (૮૬.૬૭) | (૧૩.૩૩) | | | | (૧૦૦) |
| | **કુલ** | **૨૩૨** | **૯૬** | **૨૦** | **૪** | **૮** | **૩૬૦** |

**(૬૪.૪૪) (૨૯.૬૭) ૫.૫૬) (૧.૧૧) (૨.૨૨) (૧૦૦)**

કોષ્ટકનું અર્થઘટન કરતા દેખાય છે કે ૨/૩ થી સહેજ ઓછા (૬૪.૪૪%) ઉત્તરદાતાઓ અભણ છે. જેમાં દૂરના ગામોનાં ૮૬.૬૭% ઉત્તરદાતાઓનો સમાવેશ થાય છે. કુલ ઉત્તરદાતાના ૧/૪ ભાગથી સહેજ વધુ ઉત્તરદાતાએ (૨૯.૬૭%) પ્રાથમિક શિક્ષણ મેળવેલ છે, જયારે ફક્ત ૮.૮૯% નજીકના ગામો અને મધ્યમ દૂરીના ગામો જે આહવા (ડાંગ) થી ૨૦ થી ૩૦ કિલોમીટરની દુરી પરના ગામો છે ત્યાંના ઉત્તરદાતાઓએ માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક કે સ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ લીધેલ છે.

નિષ્કર્ષમાં કહી શકાય કે ૩૫.૫૬% ઉત્તરદાતાઓ શિક્ષિત છે. આહવા(ડાંગ)થી નજીકના ગામોમાં દુરના ગામો કરતા શિક્ષિતોનું વધારે પ્રમાણ જોવા મળે છે.

## ૫.૪ ઉત્તરદાતાઓના કુટુંબના સભ્યોનું શૈક્ષણિક સ્તર :

સમાજ પરિવર્તનનું શિક્ષણએ એક સબળ સાધન છે. ગુજરાત રાજયના આદિવાસી સમાજનું ૧૯૬૧માં અક્ષરજ્ઞાનનું પ્રમાણ માત્ર ૧૧.૭% હતું. જે આજે વધીને ૪૭.૭૪% જેટલું થયું છે. (૨૦૦૧ વસતિ ગણતરી મુજબ) અભ્યાસ ક્ષેત્રમાંથી ઉત્તરદાતાના કૌટુંબિક સભ્યોનું શિક્ષણ પ્રમાણ જાણતા મળેલ વિગતો અત્રે રજૂ કરેલ છે.

કોષ્ટકનું અર્થઘટન કરતા સ્પષ્ટ થાય છે કે ઉત્તરદાતાઓના કૌટુંબિક સભ્યોમાં ૭૯.૩૪% કૌટુંબિક સભ્યો અભણ છે. (૦ થી ૫ વર્ષના વયજૂથને બાદ કરતા) જેમાં સ્ત્રી કૌટુંબિક સભ્યોનું પ્રમાણ ૯૧.૭૦% છે અને પ્રાથમિક શિક્ષણ ૧૧.૭૭% છે, જેમાં નજીકના ગામોના અને મધ્યમ અંતરના ગામોના ઉત્તરદાતાના પુરુષ કૌટુંબિક સભ્યો અનુક્રમે ૨૧.૬૨% અને ૧૮.૫૧% છે. કૌટુંબિક સભ્યોમાં માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ અનુક્રમે ૪.૫૫%, ૩.૧૦% અને ૧.૩૨% છે.

નિષ્કર્ષમાં કહી શકાય કે ઉત્તરદાતાની માફક કૌટુંબિક સભ્યોમાં પણ નિરક્ષરોનું પ્રમાણ ઘણું મોટું છે. સ્ત્રી શિક્ષણ નહીંવત દેખાય છે.

## ૫.૫ ઉત્તરદાતાના કુટુંબનો પ્રકાર :

આદિવાસી સમાજમાં જેમ જેમ છોકરાઓ મોટા થઈને પરણતા જાય છે, તેમ તેઓમાં બાપથી છુટા થઈને ઘર બનાવતા જાય છે. આદિવાસી સંસ્કૃતિમાં આ વસ્તુને સામાન્ય વ્યવહાર જ માનવામાં આવે છે. પરંતુ તેઓ સામાજિક - વ્યવહારોમાં એકદમ જુદા પડી જતા નથી. બાપ-

## કોષ્ટક ૫.૭
## ઉત્તરદાતાના કૌટુંબિક સભ્યોના વૈવાહિક દરજ્જાની વિગત

| ક્રમ | વૈવાહિક દર્જો | નજીકના ગામ | | | મધ્યમ દૂરીના ગામ | | | દૂરના ગામ | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | **પુરુષ** | **સ્ત્રી** | **કુલ** | **પુરુષ** | **સ્ત્રી** | **કુલ** | **પુરુષ** | **સ્ત્રી** | **કુલ** | **પુરુષ** | **સ્ત્રી** | **કુલ** |
| ૧. | પરણિત | ૧૮૪ (૫૦) | ૧૯૬ (૬૦.૪૯) | ૩૮૦ (૫૪.૯૧) | ૨૨૦ (૫૪.૪૫) | ૨૨૮ (૫૭.૫૭) | ૪૪૮ (૫૬) | ૨૫૬ (૫૮.૭૨) | ૨૮૦ (૬૨.૫) | ૫૩૬ (૬૦.૬૩) | ૬૬૦ (૫૪.૬૪) | ૭૦૪ (૬૦.૨૭) | ૧૩૬૪ (૫૭.૪૧) |
| ૨. | અપરણિત | ૧૬૮ (૪૬.૬૫) | ૧૧૬ (૩૫.૮૦) | ૨૮૪ (૪૧.૦૪) | ૧૭૨ (૪૫.૫૭) | ૧૫૨ (૩૮.૩૮) | ૩૨૪ (૪૦.૫) | ૧૬૪ (૩૭.૬૧) | ૧૫૬ (૩૪.૮૨) | ૩૨૦ ૩૬.૨૦) | ૫૦૪ (૪૧.૭૨) | ૪૨૪ (૩૬.૩૦) | ૯૨૮ (૩૯.૦૬) |
| ૩. | વિધૂર/વિધવા | ૧૬ (૪.૩૫) | ૧૨ (૩.૭૦) | ૨૮ (૪.૦૫) | ૧૨ (૨.૯૭) | ૧૨ (૪.૦૪) | ૨૮ (૩.૦૫) | ૧૬ (૩.૬૭) | ૧૨ (૨.૫૭) | ૨૮ (૩.૧૭) | ૪૪ (૩.૬૪) | ૪૦ (૩.૪૩) | ૮૪ (૩.૫૪) |
| | **કુલ** | **૩૬૮** | **૩૨૪** | **૬૯૨** | **૪૦૪** | **૩૯૬** | **૮૦૦** | **૪૩૬** | **૪૪૮** | **૮૮૪** | **૧૨૦૮** | **૧૧૬૮** | **૨૩૭૬** |

દિકરાનું ઘર પોતાની જમીન પર નજીક - નજીક જ જોવા મળે છે, એક જ ખેતરમાં કામ કરી ઉત્પાદન સરખા ભાગે વહેંચે છે, સરકારી દફતરે તેઓની જમીન એક જ નામે ચાલી આવતી જોવા મળે છે. આમ સંપૂર્ણપણે વિભક્ત કુટુંબમાં તેઓ રહેતા હોય તેવું ન ગણી શકાય. પ્રસ્તુત અભ્યાસનાં ક્ષેત્રમાં પણ આવી જ પરિસ્થિતિ દેખાય છે. જે અત્રે કોષ્ટક ૫.૫માં દર્શાવેલ છે.

**કોષ્ટક : ૫.૫**

**ઉત્તરદાતાઓનું કુટુંબના પ્રકાર પ્રમાણે વર્ગીકરણ**

| **ક્રમ** | **ગામનું જૂથ** | **કુટુંબનો પ્રકાર** | | **કુલ** |
|---|---|---|---|---|
| | | **સંયુક્ત** | **વિભક્ત** | |
| ૧. | નજીકના ગામ | ૩૬ | ૮૪ | ૧૨૦ |
| | | (૩૦) | (૭૦) | (૧૦૦) |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૨૪ | ૯૬ | ૧૨૦ |
| | | (૨૦) | (૮૦) | (૧૦૦) |
| ૩. | દૂરના ગામ | ૪૮ | ૭૨ | ૧૨૦ |
| | | (૪૦) | (૬૦) | (૧૦૦) |
| | **કુલ** | **૧૦૮** | **૨૫૨** | **૩૬૦** |
| | | **(૩૦%)** | **(૭૦%)** | **(૧૦૦%)** |

કોષ્ટક ૫.૫ પરથી ઉત્તરદાતાનો કુટુંબનો પ્રકાર જોતાં જણાય આવે છે કે અભ્યાસમાં પસંદ કરેલા ૧૨ ગામોના ઉત્તરદાતાઓની સૌથી મોટી સંખ્યામાં ૨૫૨ (૭૦%) વિભક્ત કુટુંબમાં રહે છે. બાકીના ઉત્તરદાતાઓ સંયુકત કુટુંબમાં રહે છે.

આદિવાસી સમાજની કુટુંબ વ્યવસ્થામાં પતિ - પત્નિ જ કુટુંબમાં મધ્યસ્થાને હોય છે, એટલે કે વિભક્ત કુટુંબો જ મુખ્યત્વે જોવા મળે છે, જે આ ક્ષેત્રની પરિસ્થિતિ પણ છે.

**૫.૬ ઉત્તરદાતાની વૈવાહિક દરજ્જાની વિગત :**

ઉત્તરદાતાઓની પસંદગી મતદાર યાદી મારફત એટલે કે વયસ્ક વ્યક્તિને જ ઉત્તરદાતા તરીકે પસંદ કરાયેલ, તે આપણે જોઈ ગયા છીએ. અભ્યાસમાં સામાજિક રીત-રિવાજો અને વિધિ વિધાનો વિષયક જાણકારી લેવાની હોઈ વયસ્ક ઉત્તરદાતાઓ પસંદ કરાયેલ, તેઓનો વૈવાહિક દરજ્જો કોષ્ટક ૫.૬માં દર્શાવેલ છે.

**કોષ્ટક : ૫.૬**

**ઉત્તરદાતાની વૈવાહિક દરજ્જાની વિગત**

| **ક્રમ** | **ગામનું જૂથ** | **વૈવાહિક દરજ્જો** | **કુલ** |
|---|---|---|---|

| | | પરિણીત | વિધુર | |
|---|---|---|---|---|
| ૧. | નજીકના ગામ | ૧૨૦ | - | ૧૨૦ |
| | | (૧૦૦) | | (૧૦૦) |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૧૧૫ | ૫ | ૧૨૦ |
| | | (૯૫.૮૩) | (૪.૧૭) | (૧૦૦) |
| ૩. | દૂરના ગામ | ૧૨૦ | - | ૧૨૦ |
| | | (૧૦૦) | | (૧૦૦) |
| | **કુલ** | **૩૫૫** | **૫** | **૩૬૦** |
| | | **(૯૮.૬૧)** | **(૧.૩૯)** | **(૧૦૦)** |

ઉપરોક્ત કોષ્ટક પરથી ફલિત થાય છે કે અભ્યાસક્ષેત્રમાંથી પસંદ કરવામાં આવેલ બધાજ ઉત્તરદાતાઓ પરિણીત હતા જેમાં ૫ (૧.૩૯%) વિધુર હતા.

નિષ્કર્ષરૂપે કહી શકાય કે બધાજ ઉત્તરદાતાઓ લગ્નના સામાજિક રીત-રિવાજોથી વાકેફ છે.

### ૫.૭ ઉત્તરદાતાના કૌટુંબિક સભ્યોના વૈવાહિક દરજ્જાની વિગત :

પ્રસ્તુત અભ્યાસમાં સમાવિષ્ઠ ઉત્તરદાતાઓના કૌટુંબિક સભ્યોના વૈવાહિક દરજ્જાની સ્થિતિ નીચે મુજબ જોવા મળી હતી.

કોષ્ટકનું અર્થઘટન કરતા સ્પષ્ટ થાય છે કે ૬૦.૯૫% ઉત્તરદાતાના કૌટુંબિક સભ્યો પરિણીત છે. તેમાંના વિધુર અને વિધવા સભ્યો અનુક્રમે ૧.૮૫% અને ૧.૬૯% છે અને ૧/૩ (૩૯.૬%) થી સહેજ વધારે ઉત્તરદાતાના કૌટુંબિક સભ્યો અપરિણિત છે, તેમાં ૦ થી ૧૪ વર્ષના કૌટુંબિક સભ્યો ૩૬.૦૩% છે.

નિષ્કર્ષમાં કહી શકાય કે કૌટુંબિક સભ્યોમાંથી (૬૦.૯૫%) મોટાભાગે પરિણિત છે, અને જેમાં ૧૫ વર્ષથી ઉપરની પરિણિત છોકરીઓનો સમાવેશ થાય છે.

### ૫.૮ ઉત્તરદાતાના મુખ્ય વ્યવસાય પ્રમાણે વર્ગીકરણ :

સમગ્ર ગુજરાત રાજયમાં આદિવાસી વસતિનું વ્યાવસાયિક વર્ગીકરણ જોઈએ તો ૩૭.૬% આદિવાસીઓ ખેતી પર નિર્ભર છે, જયારે ૪૩.૬% આદિવાસીઓ ખેતમજૂરી પર જીવનનિર્વાહ કરે છે. (૨૦૦૧ વસતિ ગણતરી મુજબ) એજ રીતે ડાંગ જિલ્લામાં ખેતી પર ૬૦.૦૪% અને ખેતમજૂરી પર ૨૯.૨% આદિવાસીઓ નિર્ભર છે. અભ્યાસક્ષેત્રમાં ઉત્તરદાતાઓના મુખ્ય વ્યવસાય

કોષ્ટક ૫.૮ મુજબ જોવા મળ્યો હતો.

## કોષ્ટક : ૫.૮
## ઉત્તરદાતાના મુખ્ય વ્યવસાય પ્રમાણે વર્ગીકરણ

| ક્રમ | ગામનું જૂથ | વ્યવસાયનું નામ | | | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | ખેતી | ખેતમજૂરી | મજૂરી | નોકરી | |
| ૧. | નજીકના ગામ | ૮૮ | ૨૦ | ૪ | ૮ | ૧૨૦ |
| | | (૭૩.૩૩) | (૧૬.૬૬) | (૩.૩૩) | (૬.૬૬) | (૧૦૦) |

## કોષ્ટક ૫.૧૦
## ઉત્તરદાતાના કુટુંબના સભ્યોના વ્યવસાયની વિગત

| ક્રમ | વ્યવસાય | નજીકના ગામ | | | મધ્યમ દૂરીના ગામ | | | દૂરના ગામ | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
| ૧. | ખેતી | ૧૪૦ (૩૮.૦૪) | ૨૦ (૬.૧૭) | ૧૬૦ (૨૩.૧૨) | ૧૯૨ (૪૭.૫૨) | ૭૨ (૧૮.૧૮) | ૨૬૪ (૩૩) | ૧૮૪ (૪૨.૨૦) | ૬૮ (૧૫.૧૮) | ૨૫૨ (૨૮.૫૧) | ૫૧૬ (૪૨.૭૨) | ૧૬૦ (૧૩.૭૦) | ૬૭૬ (૨૮.૪૫) |
| ૨. | ખેતમજૂરી | ૩૬ (૯.૭૮) | ૮૪ (૨૫.૯૩) | ૧૨૦ (૧૭.૩૪) | ૪૪ (૧૦.૮૯) | ૧૦૮ (૨૭.૨૭) | ૧૫૨ (૧૯) | ૧૦૪ (૨૩.૮૫) | ૧૨૪ (૨૭.૬૮) | ૨૨૮ (૨૫.૭૯) | ૧૮૪ (૧૫.૨૩) | ૩૧૬ (૨૩.૯૭) | ૫૦૦ (૨૧.૦૪) |
| ૩. | છૂટકમજૂરી | ૨૪ (૬.૫૨) | ૪૪ (૧૩.૫૮) | ૬૮ (૯.૮૩) | ૧૬ (૩.૯૬) | ૨૦ (૫.૦૫) | ૩૬ (૪.૫૦) | ૨૮ (૬.૪૨) | ૭૬ (૧૬.૯૬) | ૧૦૪ (૧૧.૭૬) | ૬૮ (૫.૬૩) | ૧૪૦ (૧૧.૯૯) | ૨૦૮ (૮.૭૫) |
| ૪. | નોકરી | ૧૨ (૩.૨૬) | - | ૧૨ (૧.૭૩) | ૮ (૧.૯૮) | - | ૮ (૧.૦૦) | - | - | - | ૨૦ (૧.૬૬) | - | ૨૦ (૦.૮૪) |
| ૫. | ધંધો/વ્યાપાર | ૨૦ (૫.૪૪) | - | ૨૦ (૨.૮૯) | ૨૦ (૪.૯૫) | - | ૨૦ (૨.૫) | ૪ (૦.૯૨) | - | ૪ (૦.૪૫) | ૪૪ (૩.૬૪) | - | ૪૪ (૧.૮૫) |
| ૬. | પશુપાલન | - | ૨૮ (૮.૬૪) | ૨૮ (૪.૦૫) | ૮ (૧.૯૮) | ૪૪ (૧૧.૧૧) | ૫૨ (૬.૫) | ૮ (૧.૮૩) | ૧૬ (૩.૫૭) | ૨૪ (૨.૭૧) | ૧૬ (૧.૩૨) | ૮૮ (૭.૫૩) | ૧૦૪ (૪.૩૮) |
| ૭. | વ્યવસાય કરતા નથી | ૧૩૬ (૩૬.૯૬) | ૧૪૮ (૪૫.૬૮) | ૨૮૪ (૪૧.૦૪) | ૧૧૬ (૨૮.૭૨) | ૧૫૨ (૩૮.૩૮) | ૨૬૮ (૩૩.૫) | ૧૦૮ (૨૪.૭૭) | ૧૬૪ (૩૬.૬૧) | ૨૭૨ (૩૦.૭૭) | ૩૬૦ (૨૯.૮૦) | ૪૬૪ (૩૯.૭૩) | ૮૨૪ (૩૪.૬૮) |
| | **કુલ** | **૩૬૮** | **૩૨૪** | **૬૯૨** | **૪૦૪** | **૩૯૬** | **૮૦૦** | **૪૩૬** | **૪૪૮** | **૮૮૪** | **૧૨૦૮** | **૧૧૬૮** | **૨૩૭૬** |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૧૦૪ | ૧૨ | ૪ | - | ૧૨૦ |
| | | (૮૬.૬૬) | (૧૦) | (૩.૩૩) | - | (૧૦૦) |
| ૩. | દૂરના ગામ | ૯૬ | ૨૪ | - | - | ૧૨૦ |
| | | (૮૯) | (૨૦) | - | - | (૧૦૦) |
| | **કુલ** | **૨૮૮** | **૫૬** | **૮** | **૮** | **૩૬૦** |
| | | **(૮૦)** | **(૧૫.૫૬)** | **(૨.૨૨)** | **(૨.૨૨)** | **(૧૦૦)** |

કોષ્ટક ૫.૮ નું અર્થઘટન કરતા સ્પષ્ટ થાય છે કે ૧૨ ગામોના કુલ ઉત્તરદાતાના ૮૦% નો મુખ્ય વ્યવસાય ખેતી છે અને ૧૫.૫૬% ઉત્તરદાતાઓ ખેતમજૂરી પર નિર્ભર છે. દૂરના ગામોના ૨૦% ઉત્તરદાતાઓ ખેતમજૂરી પર જ જીવનનિર્વાહ કરતા નજરે ચઢે છે.

નિષ્કર્ષમાં કહી શકાય કે આદિવાસી સમુદાયમાં કાર્યવર્ગીકરણ ખૂબ સરળ છે. આદિવાસી - સમુદાયનો મુખ્ય વ્યવસાય (૯૫.૫૬%) ખેતી કે ખેતી સંલગ્ન જ દેખાય છે.

## ૫.૯ ઉત્તરદાતાના ગૌણ વ્યવસાયની વિગત :

આદિવાસી સમાજની અર્થવ્યવસ્થા હજુ એટલી સધ્ધર નથી બની કે કુટુંબ એક વ્યવસાય પર જીવનનિર્વાહ કરી શકે. ખેતીનાં ટેકનીકલ જ્ઞાનનો અભાવ, સિંચાઈની અપૂરતી વ્યવસ્થા અને જળવ્યવસ્થાપનની અપૂર્ણતાને કારણે સંપૂર્ણપણે ખેતી પર નિર્ભર ન રહી શકવાથી કૌટુંબિક ભરણપોષણ માટે આ સમાજે ગૌણ વ્યવસાયો પણ કરવા પડે છે. ઉત્તરદાતાઓના ગૌણ વ્યવસાયો કોષ્ટક ૫.૯માં જોઈએ.

**કોષ્ટક : ૫.૯**

## કોષ્ટક ૫.૧૧
## ઉત્તરદાતાની ખેતીની જમીનનો પ્રકાર અને પ્રમાણની માહિતી

| ક્રમ | જમીનનો પ્રકાર | જમીનનું પ્રમાણ (એકરમાં) | ગામનું જૂથ | | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | નજીકના ગામ | મધ્યમ દૂરીના | દૂરના ગામ | |
| ૧. | પિયત | ૦ થી ૨ | ૨૦ (૭૧.૪૩) | ૩૬ (૬૪.૨૯) | ૪ (૫૦.૦૦) | ૬૦ (૬૨.૨૨) |
| | | ૨ થી ૪ | ૮ (૨૮.૫૭) | ૧૨ (૨૧.૪૩) | ૪ (૫૦.૦૦) | ૨૪ (૨૬.૦૮) |
| | | ૪ થી ૬ | ૦૦ | ૪ (૭.૧૪) | ૦૦ | ૪ (૪.૩૫) |
| | | ૬ થી વધારે | ૦૦ | ૪ (૭.૧૪) | ૦૦ | ૪ (૪.૩૫) |
| | | **કુલ** | **૨૮ (૨૩.૩૩)** | **૫૬ (૪૬.૬૭)** | **૮ (૬.૬૭)** | **૯૨ (૨૫.૫૫)** |
| ૨. | બિનપિયત | ૦ થી ૨ | ૪૮ (૪૮) | (૬૮ (૬૮) | ૬૪ (૬૯.૫૭) | ૧૮૦ (૬૧.૬૪) |
| | | ૨ થી ૪ | ૨૪ (૨૪) | ૧૬ (૧૬) | ૧૬ (૧૭.૩૯) | ૫૬ (૧૯.૧૮) |
| | | ૪ થી ૬ | ૨૦ (૨૦) | ૧૨ (૧૨) | ૮ (૮.૭૦) | ૪૦ (૧૩.૭૦) |
| | | ૬ થી વધારે | ૮ (૮) | ૪ (૪) | ૪ (૪.૩૪) | ૧૬ (૫.૪૮) |
| | | **કુલ** | **૧૦૦ (૮૩.૩૩)** | **૧૦૦ (૮૩.૩૩)** | **૯૨ (૭૬.૬૭)** | **૨૯૨ (૮૧.૧૧)** |
| ૩ | બિન ઉપજાવ ખરાબો | ૦ થી ૨ | ૮ (૬.૬૭) | ૪ (૧૦૦) | ૧૬ (૬૬.૬૬) | ૨૮ (૭૦) |
| | | ૨ થી ૪ | ૪ (૩૩.૩૩) | ૦૦ | ૪ (૧૬.૬૭) | ૮ (૨૦) |
| | | ૪ થી ૬ | ૦૦ | ૦૦ | ૪ (૧૬.૬૭) | ૪ (૧૦) |
| | | ૬ થી વધારે | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | **કુલ** | **૧૨ (૧૦.૩૪)** | **૪ (૩.૪૪)** | **૨૪ (૨૧.૪૩)** | **૪૦ (૧૧.૧૧)** |
| | **કુલ જમીન ધારક** | | **૧૧૬ (૯૬.૬૭)** | **૧૨૦ (૧૦૦** | **૧૧૨ (૯૩.૩૩)** | **૩૪૮ (૯૬.૬૭)** |
| | **કુલ ઉત્તરદાતા** | | **૧૨૦** | **૧૨૦** | **૧૨૦** | **૩૬૦** |

● ઉત્તરદાતાઓ એક કરતા વધારે પ્રકારની જમીનો ધરાવે છે.

**ઉત્તરદાતાના ગૌણ વ્યવસાયની વિગત**

| ક્રમ | ગામનું જૂથ | ગૌણ વ્યવસાયનું નામ | | | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | ખેતી | પશુપાલન | ખેતમજૂરી | મજૂરી | |
| ૧. | નજીકના ગામ | - | ૩૫ | ૬૯ | ૧૬ | ૧૨૦ |
| | | | (૩૦) | (૫૬.૬૭) | (૧૩.૩૩) | (૧૦૦) |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | - | ૨૫ | ૭૧ | ૨૪ | ૧૨૦ |
| | | | (૨૦) | (૬૦) | (૨૦) | (૧૦૦) |
| ૩. | દૂરના ગામ | ૮ | - | ૮૪ | ૨૮ | ૧૨૦ |
| | | (૬.૬૭) | | (૭૦) | (૨૩.૩૩) | (૧૦૦) |
| | **કુલ** | **૮** | **૬૦** | **૨૨૪** | **૬૮** | **૩૬૦** |
| | | **(૨.૨૨)** | **(૧૬.૬૭)** | **(૬૨.૨૨)** | **૧૮.૮૯)** | **(૧૦૦)** |

કોષ્ટકનું અર્થઘટન કરતા સ્પષ્ટ થાય છે કે ૨/૩ થી થોડા ઓછા (૬૨.૨૨%) ઉત્તરદાતાઓ ગૌણ વ્યવસાય રૂપે ખેતમજૂરી કરે છે. જેમાં દૂરના ગામોના ૭૦% ઉત્તરદાતાઓ છે. મજૂરી ૧૮.૮૯% અને પશુપાલન ૧૬.૬૭% ઉત્તરદાતાઓ કરે છે. ખેતમજૂરીએ આ પ્રદેશમાં સહેલાઈથી અને સૌથી વધારે ઉપલબ્ધ વ્યવસાય છે, કારણકે કોઈ ઔદ્યોગિક કે ખાણ- ખનીજ ઉદ્યોગનો વિકાસ અહીં નથી થયો. આથી અન્ય કામ ન મળતા સૌથી વધારે ઉત્તરદાતાઓએ ખેતમજૂરીને ગૌણ વ્યવસાયરૂપે અપનાવેલ છે, તેવું ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યું હતું.

નિષ્કર્ષ રૂપે કહી શકાય કે ઉત્તરદાતાઓએ કુટુંબના ભરણ-પોષણ માટે ગૌણ વ્યવસાય કરવો પડે છે.

**૫.૧૦ ઉત્તરદાતાના કુટુંબના સભ્યોની વ્યવસાયની વિગત :**

આદિવાસી સમાજમાં વ્યવસાયોનું વર્ગીકરણ બહુ જટિલ જોવા મળતુ નથી તે આપણે અગાઉ જોયું. પ્રાથમિક કક્ષાના વ્યવસાયોથી જ સમગ્ર આર્થિક કાર્ય સંચાલિત થતુ હોય તેવું ચિત્ર સામાન્ય રીતે જોવા મળતુ હોય છે. અત્રે ઉત્તરદાતાના કૌટુંબિક સભ્યોનું વ્યાવસાયિક વર્ગીકરણ જાતિ પ્રમાણે કરી તેમની આર્થિક સંરચના તેમજ ભાગીદારી સમજવા પ્રયત્ન કરેલ છે.

કોષ્ટક ૫.૧૦નું અર્થઘટન કરતા સ્પષ્ટ થાય છે કે ૧/૩ થી સહેજ વધુ (૩૪.૬૮%) કૌટુંબિક સભ્યો કોઈ વ્યવસાય કરતા નથી. જેમાં ૩૯.૭૩% સ્ત્રીઓ છે. ૪૯.૪૯% ઉત્તરદાતાનાં કૌટુંબિક

## કોષ્ટક ૫.૧૨
## ઉત્તરદાતાની અંદાજિત વાર્ષિક આવક અને ખર્ચની માહિતી

| ક્રમ | ગામનું જૂથ | અંદાજિત વાર્ષિક આવક અને ખર્ચના જૂથ | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૦૦ થી ૪૦૦૦ | | ૪૦૦૧ થી ૬૦૦૦ | | ૬૦૦૧ થી ૮૦૦૦ | | ૮૦૦૧ થી ૧૦૦૦૦ | | ૧૦૦૦૧થી વધુ | |
| | | **આવક** | **ખર્ચ** | **આવક** | **ખર્ચ** | **આવક** | **ખર્ચ** | **આવક** | **ખર્ચ** | **આવક** | **ખર્ચ** |
| ૧. | નજીકના ગામ | ૧૬ (૧૩.૩૩) | ૧૨ (૧૦) | ૩૨ (૨૬.૬૬) | ૫૨ (૪૩.૩૩) | ૪૪ (૩૬.૬૬) | ૪૪ (૩૬.૬૬) | ૧૬ (૧૩.૩૩) | ૪ (૩.૩૩) | ૧૨ (૧૦) | ૮ (૬.૬૬) |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૧૨ (૧૦) | ૮ (૬.૬૭) | ૨૦ (૧૬.૬૩) | ૬૮ (૫૬.૬૭) | ૫૬ (૪૬.૬૭) | ૨૪ (૨૦) | ૨૪ (૨૦) | ૧૬ (૧૩.૩૩) | ૮ (૬.૬૭) | ૪ (૩.૩૩) |
| ૩. | દૂરના ગામ | ૩૬ (૩૦) | ૩૨ (૨૬.૬૭) | ૪૮ (૪૦) | ૬૦ (૫૦) | ૨૮ (૨૩.૩૩) | ૨૮ (૨૩.૩૩) | ૮ (૬.૬૭) | -- | -- | -- |
| | **કુલ** | **૬૪ (૧૭.૭૮)** | **૫૨ (૧૪.૪૪)** | **૧૦૦ (૨૭.૭૮)** | **૧૮૦ (૫૦)** | **૧૨૮ (૩૫.૩૬)** | **૯૬ (૨૬.૬૭)** | **૪૮ (૧૩.૩૩)** | **૨૦ (૫.૫૬)** | **૨૦ (૫.૫૬)** | **૧૨ (૩.૩૩)** |
| | **અંદાજિત સરેરાશ આવક/ખર્ચ** | **૩૦૧૨.૫૦** | **૩૨૬૧.૫૩** | **૫૦૨૦.૭૦** | **૫૮૨૬.૬૬** | **૬૫૫૬.૨૫** | **૭૭૬૭.૯૦** | **૮૫૧૬.૬૬** | **૯૬૨૦.૦૪** | **૨૩૧૦૦.૦૦** | **૨૪૩૩૩.૩૩** |

સરેરાશ ખર્ચ - ૬૮૦૧.૪૦

સરેરાશ આવક - ૬૬૮૦.૧૯

સભ્યો ખેતી અને ખેતમજૂરીનો વ્યવસાય કરે છે. બાકીના ઉત્તરદાતાના કૌટુંબિક સભ્યો છૂટક મજૂરી, પશુપાલન, નોકરી અને ધંધો-વ્યાપાર કરતા નજરે પડે છે.

નિષ્કર્ષમાં કહી શકાય કે મોટાભાગે ઉત્તરદાતાના કૌટુંબિક સભ્યો, ખેતી, ખેતમજૂરી અને પશુપાલન જેવા વ્યવસાય કરે છે.

### ૫.૧૧ ઉત્તરદાતાના ખેતીની જમીનનો પ્રકાર અને પ્રમાણની માહિતી :

આદિવાસીઓમાં મુખ્યત્વે શિક્ષણનું પ્રમાણ ખુબ ઓછું જોવા મળે છે. આ ઉપરાંત તેઓ પાસે કોઈ હુન્નર કે કૌશલ્ય નથી કે જેથી તેઓ આર્થિક રીતે સધ્ધર થઈ શકે. આ સમાજ મુખ્યત્વે ખેતી, ખેતમજૂરી પર નિર્ભર છે. આ સંદર્ભમાં પ્રસ્તુત અભ્યાસમાં સમાવિષ્ટ કુટુંબો પાસે જમીનનો પ્રકાર અને પ્રમાણ કેટલું છે ? તે જાણવામાં આવ્યું. કુલ ૩૬૦ (૧૦૦%) ઉત્તરદાતામાંથી ૩૪૮ (૯૬.૬૭%) જમીન ધારક છે. આ જમીનધારકોમાંથી જમીનનું પ્રમાણ અને પ્રકાર જોઈએ તે પહેલા, જમીનના એક કરતા વધારે પ્રકારો ધરાવતા ઉત્તરદાતાઓ જોવા મળ્યા છે. તેની વિગત જોઈએ તો પિયત - બિનપિયત અને ખરાબો ત્રણેય પ્રકારની જમીન હોય તેવા ૮ (૨.૩૦%), બીન પિયત અને ખરાબો ધરાવતા ૩૨ (૯.૨૦%), પિયત-બિનપિયત ધરાવતા ૩૬ (૧૦.૩૪%) અને પિયત - ખરાબો ધરાવતા ૧૬ (૪.૬૦%) ઉત્તરદાતાઓ છે.

કોષ્ટકમાં સમગ્ર જમીનધારકોની જમીન પ્રકાર અને પ્રમાણની રીતે જોઈએ તો આ મુજબ છે.

કોષ્ટક ૫.૧૧ પરથી કહી શકાય કે કુલ જમીનધારક ઉત્તરદાતા ૯૬.૬૭% છે. કુલ જમીન ધારકોમાંથી ૨૫.૫૫% ઉત્તરદાતાઓ પાસે પિયત જમીન, ૮૧.૧૧% ઉત્તરદાતા પાસે બિનપિયત જમીન અને ૧૧.૧૧% ઉત્તરદાતા પાસે બિનઉપજાવ ખરાબાની જમીન જોવા મળી હતી.

કુલ પિયત જમીન ધરાવતા ઉત્તરદાતાઓમાં મધ્યમ દૂરીના અને નજીકના ગામોના અનુક્રમે ૪૬.૬૭% અને ૨૩.૩૩% ઉત્તરદાતાઓ છે, જયારે દૂરના ગામોના ફક્ત ૬.૬૭% ઉત્તરદાતાઓ જ

**કોષ્ટક ૫.૧૩**

**ઉત્તરદાતાના અંદાજિત દેવા અંગેની વિગત**

| **ક્રમ** | **ગામનું જૂથ** | **દેવુ નથી** | **૨૦૦૦ સુધી** | **૨૦૦૧ થી ૪૦૦૦** | **૪૦૦૧ થી ૬૦૦૦** | **૬૦૦૧ થી ૮૦૦૦** | **૮૦૦૧ થી ૧૦૦૦૦** | **૧૦૦૦૧ થી વધુ** | **કુલ** | **સરેરાશ દેવું** |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | નજીકના ગામ | ૨૪ (૨૦) | ૨૦ (૧૬.૬૭) | ૪ (૩.૩૩) | ૨૮ (૨૩.૩૩) | ૧૨ (૧૦.૦૦) | ૨૪ (૨૦) | ૮ (૬.૬૭) | ૧૨૦ (૧૦૦) | **૬૪૪૩.૦૨** |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૩૬ (૩૦) | -- | ૧૨ (૧૦) | ૨૪ (૨૦) | ૨૮ (૨૩.૩૩) | -- | ૨૦ (૧૬.૬૭) | ૧૨૦ (૧૦૦) | **૬૮૯૨.૮૭** |
| ૩. | દૂરના ગામ | ૨૦ (૧૬.૬૭) | ૨૮ (૨૩.૩૩) | ૪૦ (૩૩.૩૩) | -- | ૧૬ (૧૩.૩૩) | ૧૨ (૧૦) | ૪ (૩.૩૩) | ૧૨૦ (૧૦૦) | **૩૯૧૮.૪૦** |
| | **કુલ** | **૮૦ (૨૨.૨૨)** | **૪૮ (૧૩.૩૩)** | **૫૬ (૧૫.૫૫)** | **૫૨ (૧૪.૪૪)** | **૫૬ (૧૫.૫૫)** | **૩૬ (૧૦)** | **૩૨ (૮.૮૯)** | **૩૬૦ (૧૦૦)** | **૫૭૫૧.૪૩** |
| | **સરેરાશ દેવુ** | | **૧૩૪૧.૬૭** | **૨૮૭૮.૫૭** | **૪૯૯૨.૩૦** | **૬૮૦૦.૦૦** | **૮૭૩૩.૩૩** | **૧૩૪૩૭.૫૦** | | |

પિયત જમીન ધરાવે છે. કુલ ૯૨ પિયત જમીનધારકોમાં ૦ થી ૨ એકર જમીન ધરાવતા ૬૦ (૬૫.૨૨%), ૨ થી ૪ એકરમાં ૨૪ (૨૬.૦૮%) અને ૪ થી ૬ એકરમાં ૪(૪.૩૫%) અને ૬થી વધારે જમીન ધરાવતા ૪ (૪.૩૫%) ઉત્તરદાતાઓ જોવા મળ્યા હતા.

કુલ બિનપિયત જમીન ધરાવતા ૮૧.૧૧% ઉત્તરદાતાઓમાં નજીક, મધ્યમ અને દૂરના ગામોમાં અનુક્રમે ૧૦૦-૧૦૦ (૮૩.૩૩%) અને ૯૨ (૭૬.૬૭%) ઉત્તરદાતાઓ છે. બિનપિયત જમીન ધારકોમાંથી ૦ થી ૨ એકર જમીન ધરાવતા ૧૮૦ (૬૧.૬૪%), ૨ થી ૪ એકર જમીન ધરાવતા ૫૬ (૧૯.૧૮%), ૪ થી ૬ એકર જમીન ધરાવતા ૪૦ (૧૩.૭૦%) અને ૬ એકરથી વધારે જમીન ધરાવતા ૧૬ (૫.૪૮%) ઉત્તરદાતાઓ છે. જયારે ખરાબો ધરાવતા કુલ ૪૦ (૧૧.૧૧%) ઉત્તરદાતાઓ જોવા મળ્યા હતા.

ઉપરોકત કોષ્ટક પરથી કહી શકાય કે પિયત જમીનનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે. મોટાભાગના ઉત્તરદાતાઓ (૮૧.૧૧%) બિનપિયત જમીનમાંથી જીવનનિર્વાહ ચલાવવા પ્રયત્નશીલ છે. કુલ જમીનધારક ઉત્તરદાતાઓમાંથી ૭૭.૦૧% સીમાન્ત અને નાના ખેડૂતો જોવા મળે છે.

## ૫.૧૨ ઉત્તરદાતાની અંદાજિત વાર્ષિક આવક અને ખર્ચની માહિતી :

ઉત્તરદાતાની વ્યાવસાયિક માહિતીમાં જોવા મળ્યું છે કે ખેતી અને આનુસંગિક વ્યવસાયો પર જ ડાંગી ભીલોની અર્થરચના અવલંબિત છે. પાણી અને વૈજ્ઞાનિક જ્ઞાનના અભાવને લીધે ખેતી ઉતરતી કક્ષાની અને વરસાદ આધારિત છે. આ પરિસ્થિતિના લીધે તેમની વાર્ષિક આવક ઘણી ઓછી જોવા મળે છે. તદ્‌ઉપરાંત તેઓ ખાવા માટે પકવતા ધાન-શાકભાજી કે કઠોળને પોતાની આવકની ગણતરીમાં મુકતા નથી.

આજ રીતે ખેતીમાં તેઓએ અને તેમના કુટુંબના સભ્યોએ કરેલી મહેનતને તેઓ પોતાના ખર્ચમાં આવરી લેતા નથી. દરેક ઉત્તરદાતા આવક- ખર્ચની બાબતમાં થોડો ગુંચવાઈ જતો જોવા મળ્યો હતો, કારણકે આ પ્રકારની કોઈ ચોક્કસ ગણતરી તેઓ કરતા હોતા નથી. ઉપરાંત ગભરાતા પણ હતા કે અમને મળતા કોઈ લાભોમાં આ વિગતો અડચણ તો ઉભી નહી કરે ને ? અત્રે પ્રસ્તુત કરવામાં આવેલા તમામ અંકોએ ઉત્તરદાતાનું સચોટ આર્થિક ચિત્ર પ્રસ્તુત કરતા નથી, પરંતુ તે પરથી ઉત્તરદાતાઓના આર્થિક જીવનનું ચિત્ર સ્પષ્ટ કરવાનો પ્રયત્ન છે. ઉત્તરદાતાઓની અંદાજિત વાર્ષિક આવક અને ખર્ચ જોઈએ તો નીચે મુજબ જાણવા મળેલ છે.

કોષ્ટક ૫.૧૨નું અર્થઘટન કરતા સ્પષ્ટ થાય છે કે ૧૦,૦૦૧થી વધુ અંદાજિત વાર્ષિક આવક મેળવતા ૫.૫૬% અને અંદાજિત ૧૦,૦૦૧થી વધારે વાર્ષિક ખર્ચ કરતા ફક્ત ૩.૩૩% ઉત્તરદાતાઓ છે, જે નજીક અને મધ્યમ ગામના છે. આવક સંદર્ભે જોતાં ૧/૩ ભાગથી વધારે (૩૫.૩૬%) ઉત્તરદાતાનું સોથી મોટું જૂથ ૬૦૦૧ થી ૮૦૦૦ સુધીની વાર્ષિક આવક મેળવે છે, અને આ જ

જૂથમાં વાર્ષિક ખર્ચની રીતે જોતા ૨૬.૬૭% ઉત્તરદાતાનો સમાવેશ થાય છે. જયારે કુલ ઉત્તરદાતાના ૫૦% ઉત્તરદાતા ૪૦૦૧ થી ૬૦૦૦ સુધીનો વાર્ષિક ખર્ચ કરતા જોવા મળે છે.

ગરીબીરેખા નીચે જીવતા ઉત્તરદાતાઓમાં નજીક ગામના ૯૩.૩૪% મધ્યમ દૂરી ગામના ૯૬.૬૭% અને દૂરના ગામના સમગ્ર ઉત્તરદાતાઓને સમાવેશ થાય છે. આમ આવક અને ખર્ચ બન્ને દૃષ્ટિએ જોતાં ૧૨ ગામોમાં દૂરના ગામ આર્થિક રીતે નબળા જોવા મળે છે.

નિષ્કર્ષરૂપે કહી શકાય કે ૧૨ ગામના કુલ ઉત્તરદાતાઓમાંથી ૯૬.૬૭% ગરીબી રેખા હેઠળ જીવે છે અને ઉત્તરદાતાઓની સરેરાશ વાર્ષિક આવક રૂા.૬૬૮૦.૧૯ છે, તથા સરેરાશ ખર્ચ રૂા.૬૮૦૧.૪૦ છે. આવક કરતા જાવક વધારે દેખાય છે તેથી આકસ્મિક ખર્ચને પહોંચી વળવા ઉત્તરદાતાઓએ દેવુ કરવુ પડે તેમ લાગે છે.

## ૫.૧૩ ઉત્તરદાતાના અંદાજિત દેવા અંગેની વિગત :

ઉત્તરદાતાની અંદાજિત વાર્ષિક આવક - ખર્ચના તારણો પરથી સ્પષ્ટ દેખાય છે કે સરેરાશ આવક કરતા સરેરાશ ખર્ચ વધારે છે. જે નિદર્શિત કરે છે કે તેઓ દેવામાં ડૂબેલા હશે. ૧૯૫૨માં ભારતમાં અખિલ ભારતીય ગ્રામ ધિરાણ તપાસ સમિતિ રચાયેલી જેણે ૧૯૫૪માં તેના અહેવાલમાં જણાવ્યુ હતું કે ‘‘ભારતનો ખેડૂત દેવામાં જન્મે છે, ઉછરે છે અને દેવામાં જ મૃત્યુ પામે છે.’’ અભ્યાસક્ષેત્રની અંદાજિત દેવા વિષયક પરિસ્થિતિ જોઈએ તો ૭૭.૭૮% ઉત્તરદાતાઓએ દેવુ હોવાનું જણાવ્યું હતું. જેની વિગત નીચે કોષ્ટક ૫.૧૩માં દર્શાવેલ છે.

કોષ્ટકનું અર્થઘટન કરતા સ્પષ્ટ થાય છે કે કુલ ઉત્તરદાતામાંથી ૧૮.૮૯% પર અંદાજિત દેવું રૂા.૮,૦૦૧ કરતા વધારે છે. તેમાં નજીકના ગામોના અને મધ્યમ દૂરીના ગામોના ઉત્તરદાતાઓ અનુક્રમે ૨૬.૬૭% અને ૧૬.૬૭% છે, જયારે ૨૯.૯૯% ઉત્તરદાતાઓ રૂા.૪,૦૦૧ થી ૮,૦૦૦ સુધી દેવુ ધરાવતા છે. જેમાં મધ્યમ દૂરીના અને નજીક ગામોના અનુક્રમે ૪૩.૩૩% અને ૩૩.૩૩% ઉત્તરદાતાઓ છે. બાકીના ૨૮.૮૮% ઉત્તરદાતાઓ રૂા.૪,૦૦૦ સુધીનું દેવુ ધરાવે છે. જેમાં દૂરના ગામોના ૫૬.૬૬% ઉત્તરદાતાઓનો સમાવેશ થાય છે.

નિષ્કર્ષમાં કહી શકાય કે ઉત્તરદાતાઓ પર સરેરાશ દેવુ રૂા.૫,૭૫૧.૪૩ છે. જેમાં સૌથી વધુ દેવુ રૂા.૬,૮૯૨.૮૭ મધ્યમ દૂરીના ગામોના ઉત્તરદાતાઓ પર જોવા મળે છે.

## ૫.૧૪ ઉત્તરદાતાના દેવુ કરવાના કારણોની વિગત :

દેવુ કરવા પાછળ ઘણાં કારણો જવાબદાર હોય છે. જેમ કે સામાન્યતઃ આદિવાસી કુટુંબોનું

આર્થિક ઉપાર્જન એટલું ઓછું છે કે, કોઈ આકસ્મિક ખર્ચના પ્રસંગોને પહોંચી વળવાનું મુશ્કેલ બની જાય છે. તે જ રીતે સામાજિક પ્રસંગો લગ્ન, મરણ અને બીજા અનેક રીત-રિવાજો નિભાવવા માટે દેવુ કરાય છે. ડાંગી-ભીલો સામાજિક પ્રસંગોમાં ખર્ચ કરતા રહે છે તેમના પૂર્વજોની - ખત્રીની પૂજા કે અન્ય કોઈ તકલીફ માટે પણ વિધિ - વિધાનો કરાવવામાં ખર્ચ કરતા જોવા મળે છે. અત્રે કોષ્ટક ૫.૧૪માં ઉત્તરદાતાઓએ શાથી દેવુ કર્યુ છે તે જણાવેલ છે.

## કોષ્ટક ૫.૧૪

## ઉત્તરદાતાના દેવુ કરવાના કારણોની વિગત

| ક્રમ | ગામનું જૂથ | દેવું નથી | દેવુ થવાના કારણો: ખેતી માટે | સામાજિક પ્રસંગોપાત | લાંબી બિમારી | મકાન માટે | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | નજીકના ગામ | ૨૪<br>(૨૦) | ૩૭<br>(૩૦) | ૪૭<br>(૪૦) | ૧૨<br>(૧૦) | ૨૧<br>(૧૬.૬૭) | ૪<br>(૩.૩૩) | ૧૨૦ |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૩૬<br>(૩૦) | ૫૧<br>(૪૩.૩૩) | ૪૪<br>(૩૬.૬૬) | ૧૬<br>(૧૩.૩૩) | -<br>- | ૮<br>(૬.૬૭) | ૧૨૦ |
| ૩. | દૂરના ગામ | ૨૦<br>(૧૬.૬૭) | ૨૪<br>(૨૦) | ૬૫<br>(૫૩.૩૩) | ૪<br>(૩.૩૩) | ૧૧<br>(૧૦) | - | ૧૨૦ |
| | **કુલ** | **૮૦**<br>**(૨૨.૨૨)** | **૧૧૨**<br>**(૩૧.૧૧)** | **૧૫૬**<br>**(૪૩.૩૩)** | **૩૨**<br>**(૮.૮૯)** | **૩૨**<br>**(૮.૮૯)** | **૧૨**<br>**(૩.૩૩)** | **૩૬૦** |

- ઉત્તરદાતાઓએ એક કરતા વધારે જવાબો દર્શાવેલ છે.

કોષ્ટક ૫.૧૪ નું અર્થઘટન કરતા સ્પષ્ટ દેખાય છે કે ૨૨.૨૨% ઉત્તરદાતાઓએ દેવુ કરેલ નથી, અને કુલ ઉત્તરદાતાઓમાંથી ૪૩.૩૩% ઉત્તરદાતાઓએ સામાજિક પ્રસંગો (જન્મ-મરણ, લગ્ન,પૂજા, વિધિ-વિધાનો)ને પહોંચી વળવા એટલે કે બિનઉત્પાદકીય કાર્યો માટે દેવુ કરેલ છે, જ્યારે ૩૧.૧૧% ઉત્તરદાતાઓએ ઉત્પાદકીય ક્ષેત્રો માટે એટલે કે ખેતીના વિકાસ માટે દેવુ કર્યુ છે, જેમાં ૪૩.૩૩% મધ્યમ દુરીના ગામોના ઉત્તરદાતાઓનો આમાં સમાવેશ થાય છે. ૧૭.૭૮% ઉત્તરદાતાઓએ મકાન સમારવા કે બાંધવા માટે અને લાંબી બિમારીના ખર્ચને પહોંચી વળવા માટે દેવું કર્યું હતું.

નિષ્કર્ષમાં કહી શકાય કે સામાજિક આર્થિક, શૈક્ષણિક વિકાસના પ્રયત્નો છતાં હજુ આદિવાસી સમાજ બિનઉત્પાદકીય ક્ષેત્રો (લગ્ન, મૃત્યુ, બાધા- માનતા કે અન્ય વિધિ - વિધાનો) પાછળ ઘણો ખર્ચ કરે છે, તે જ રીતે નજીકના ગામોના અને મધ્યમ દૂરીના ગામોમાં ઉત્પાદકીય ક્ષેત્રોના વિકાસ

માટે પણ લોકો દેવુ કરતા થયા છે.

## ૫.૧૫ ઉત્તરદાતાના દેવુ પ્રાપ્તિના સ્ત્રોતોની વિગત :

સમગ્ર ઉત્તરદાતાઓમાંથી ૨૮૦ (૭૭.૭૮%) ઉત્તરદાતાઓ દેવાદાર છે. આ ઉત્તરદાતાના દેવુ મેળવવાના સ્ત્રોતો જાણવાનો પ્રયત્ન કરતા જે જે સ્ત્રોતો જોવા મળ્યા છે તે કોષ્ટક ૫.૧૫માં દર્શાવેલ છે.

### કોષ્ટક ૫.૧૫

### ઉત્તરદાતાના દેવુ પ્રાપ્તિના સ્ત્રોતોની વિગત

| ક્રમ | ગામનું જૂથ | દેવું નથી | દેવાના સ્ત્રોતો | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | મિત્રો પાસેથી | ખે.વિ.કા. સ.મંડળી | શાહુકાર | સગા-સંબંધી | બેંક | કુલ |
| ૧. | નજીકના ગામ | ૨૪<br>(૨૦) | ૨૩<br>(૨૦) | ૩૨<br>(૨૬.૬૭) | ૧૯<br>(૧૬.૬૭) | ૪૪<br>(૩૬.૬૭) | ૧૨<br>(૧૦) | ૧૨૦ |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૩૬<br>(૩૦) | ૯<br>(૬.૬૭) | ૨૪<br>(૨૦) | ૧૨<br>(૧૦) | ૩૬<br>(૩૦) | ૪<br>(૩.૩૩) | ૧૨૦ |
| ૩. | દૂરના ગામ | ૨૦<br>(૧૬.૬૭) | ૧૨<br>(૧૦) | -<br>- | ૩૧<br>(૩૦) | ૫૬<br>(૪૬.૬૭) | ૪<br>(૩.૩૩) | ૧૨૦ |
| | **કુલ** | **૮૦**<br>**(૨૨.૨૨)** | **૪૪**<br>**(૧૨.૨૨)** | **૫૬**<br>**(૧૫.૫૬)** | **૬૮**<br>**(૧૮.૮૯)** | **૧૩૬**<br>**(૩૭.૭૭)** | **૨૦**<br>**(૫.૫૫)** | **૩૬૦** |

● ઉત્તરદાતાઓએ એક કરતા વધારે સ્ત્રોતો પાસેથી દેવુ લીધેલ છે.

કોષ્ટક ૫.૧૫નું અર્થઘટન કરતા દેખાય છે કે કુલ ઉત્તરદાતામાંથી ૬૫.૬% ઉત્તરદાતાઓએ દેવુ પ્રાપ્ત કરવા માટે પરંપરાગત સ્ત્રોતોનો (મિત્રો, સગાસંબંધી અને શાહુકાર) ઉપયોગ કરેલ છે. જેમાં દૂરના ગામોના ૮૬.૬૭% ઉત્તરદાતાઓ આ સ્ત્રોતોનો ઉપયોગ કરતા જણાયા છે. પરંપરાગત સ્ત્રોતોમાં જેમની પાસેથી સૌથી મોટી સંખ્યાએ (૩૭.૭૭%) દેવુ પ્રાપ્ત કર્યું છે, તે સગાસંબંધીઓ જોવા મળ્યા હતા. સંગઠિત ક્ષેત્રોમાંથી (બેંક અને ખેતી વિવિધ કાર્યકારી સહકારી મંડળી) દેવુ મેળવેલ છે તેવા ૨૧.૧૧% ઉત્તરદાતાઓ છે, જેમાંથી નજીકના ગામોના અને મધ્યમ દૂરીના ગામોના ૯૪.૭૪% ઉત્તરદાતા છે.

નિષ્કર્ષરૂપે કહી શકાય કે મોટાભાગના (૬૫.૬%) ઉત્તરદાતાઓ પરંપરાગત સ્ત્રોતો પાસેથી

જ દેવુ મેળવી લે છે.

## ૫.૧૬ ઉત્તરદાતાની બચત અંગેની વિગત :

ઉત્પાદનના સાધન તરીકે મોટાભાગના ઉત્તરદાતાઓ ફક્ત જમીન ધરાવે છે. જેમાં પણ પિયતની નહીંવત સગવડો જ આ ક્ષેત્રમાં જોવા મળે છે. ખેતીના વૈજ્ઞાનિક જ્ઞાનનો અભાવ, સાધનના અભાવને લીધે, આર્થિક રીતે તેઓ સક્ષમ જણાતાં નથી. આ સ્થિતિમાં તેઓ બચત કરી શકે છે કે નહી તે જાણતાં નીચે મુજબની સ્થિતિ જોવા મળી હતી.

**કોષ્ટક ૫.૧૬**

**ઉત્તરદાતાની બચત અંગેની વિગત**

| **ક્રમ** | **ગામનું જૂથ** | **બચત થાય છે** | **બચત થતી નથી** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | નજીકના ગામ | ૨૦ | ૧૦૦ | ૧૨૦ |
| | | (૧૬.૬૬) | (૮૩.૩૩) | (૧૦૦) |
| ૨ | મધ્યમ દૂરીના ગામ | ૩૩ | ૮૭ | ૧૨૦ |
| | | (૨૬.૬૬) | (૭૩.૩૩) | (૧૦૦) |
| ૩ | દૂરના ગામ | ૭ | ૧૧૩ | ૧૨૦ |
| | | (૬.૬૬) | (૯૩.૩૩) | (૧૦૦) |
| | **કુલ** | **૬૦** | **૩૦૦** | **૩૬૦** |
| | | **(૧૬.૬૭)** | **(૮૩.૩૩)** | **(૧૦૦)** |

બચત અંગેની માહિતી મેળવતા જોવા મળે છે કે ૮૩.૩૩% ઉત્તરદાતાઓ બચત કરી શકતા નથી. ૧૬.૬૭% ઉત્તરદાતાઓ જે બચત કરી શકે છે, તેમાં ૨૬.૬૬% મધ્યમ દૂરીના ગામોના ઉત્તરદાતાઓ સૌથી મોટા જુથ તરીકે જોવા મળે છે. જયારે ૧૬.૬૬% નજીકના ગામોના અને ફક્ત ૬.૬૬% દૂરના ગામોના ઉત્તરદાતાઓ બચત કરી શકતા જોવા મળ્યા હતા.

નિષ્કર્ષ રૂપે કહી શકાય કે ૮૩.૩૩% ઉત્તરદાતાઓ બચત કરી શકતા નથી અને બચત કરનારાઓમાં સૌથી મોટુ જૂથ (૨૬.૬૬%) મધ્યમ દૂરીના ગામોના ઉત્તરદાતાઓનું છે. બચત કરવાની ટેવ નહોવાનું કારણ રહેવાની ઢબ અને સુવિધાનો - માહિતીનો અભાવ હોવાનું ક્ષેત્રકાર્યના અનુભવ પરથી તારવી શકાય છે.

## ૫.૧૭ ઉત્તરદાતાની બચતની રકમ અંગેની વિગત :

ઉત્તરદાતાઓમાંથી ૮૩.૩૩% બચત કરી શકતા નથી. બાકીના ઉત્તરદાતાઓની બચત કેટલી

છે? તે જાણવાનો પ્રયત્ન કરતા જાણવા મળેલ વિગત અહીં કોષ્ટકરૂપે મુકવામાં આવેલી છે.

**કોષ્ટક ૫.૧૭**

**ઉત્તરદાતાની બચતની રકમ અંગેની વિગત**

| ક્રમ | ગામનું જૂથ | બચત નથી | બચતનું પ્રમાણ ૦ થી ૨૦૦૦સુધી | ૨૦૦૧થી ૪૦૦૦ | ૪૦૦૧થી ૬૦૦૦ | ૬૦૦૧થી વધારે | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | નજીકના ગામ | ૧૦૦ (૮૩.૩૩) | - - | ૧૨ (૧૦) | ૪ (૩.૩૩) | ૪ (૩.૩૩) | ૧૨૦ |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૮૭ (૭૩.૩૩) | ૧૨ (૧૦) | - - | ૧૭ (૧૩.૩૩) | ૪ (૩.૩૩) | ૧૨૦ |
| ૩. | દૂરના ગામ | ૧૧૩ (૯૩.૩૩) | ૪ (૩.૩૩) | - | ૩ (૩.૩૩) | - | ૧૨૦ |
| **કુલ** | | **૩૦૦ (૮૩.૩૩)** | **૧૬ (૪.૪૪)** | **૧૨ (૩.૩૩)** | **૨૪ (૬.૬૭)** | **૮ (૨.૨૨)** | **૩૬૦ (૧૦૦)** |

કોષ્ટક ૫.૧૭નું અર્થઘટન કરતા સ્પષ્ટ થાય છે કે મોટાભાગના (૮૩.૩૩%) ઉત્તરદાતાઓ બચત નથી કરી શકતા. બચત કરી શકે છે તેવા ૧૪.૪૪% ઉત્તરદાતાઓની બચતનું પ્રમાણ રૂ.૨૦૦૦ થી ૬૦૦૦ છે, જેમાં ૨૯ (૨૩.૩૩%) ઉત્તરદાતા મધ્યમ દૂરીના ગામોના છે. ૬૦૦૧ થી વધુ બચત કરી શકતા ફક્ત ૮ (૨.૨૨%) ઉત્તરદાતાઓ છે, જેઓ નજીક ના ગામોના અને મધ્યમ દૂરીના ગામોના છે.

નિષ્કર્ષમાં કહી શકાય કે મોટાભાગના ૮૩.૩૩% ઉત્તરદાતાઓ બચત કરી શકતા નથી. બચત કરતા ઉત્તરદાતાઓમાં નજીકના ગામોના અને મધ્યમ દૂરીના ગામોના ઉત્તરદાતાઓની સંખ્યા દૂરના ગામોના ઉત્તરદાતાઓ કરતા વધારે છે.

## ૫.૧૮ ઉત્તરદાતાના રહેઠાણનો પ્રકાર :

આદિવાસી સમાજ પરાપૂર્વથી પોતાના મકાનો જાતે બનાવતો આવ્યો છે. તેની સંરચના પણ તેઓ પોતાના ભૌગોલિક - સાંસ્કૃતિક પરિવેશ અનુસાર જ કરતા હોય છે. સમય બદલાતા આજે સાધનસંપન્ન આદિવાસીઓ પાકા મકાનો બનાવતા પણ થયા છે. અભ્યાસક્ષેત્રની પરિસ્થિતિ જોતાં આ મુજબ હતી.

**કોષ્ટક ૫.૧૮**

## ઉત્તરદાતાના રહેઠાણનો પ્રકાર

| **ક્રમ** | **ગામનું જૂથ** | **મકાનનો પ્રકાર** | | **કુલ** |
|---|---|---|---|---|
| | | **કાચુ** | **પાકુ** | |
| ૧. | નજીકના ગામ | ૧૦૮ | ૧૨ | ૧૨૦ |
| | | (૯૦) | (૧૦) | (૧૦૦) |
| ૨. | મધ્યમ દૂરીના | ૧૦૪ | ૧૬ | ૧૨૦ |
| | ગામ | (૮૬.૬૭) | (૧૩.૯૩) | (૧૦૦) |
| ૩. | દૂરના ગામ | ૧૦૯ | ૧૧ | ૧૨૦ |
| | | (૯૦.૮૩) | (૯.૧૭) | (૧૦૦) |
| | **કુલ** | **૩૨૧** | **૩૯** | **૩૬૦** |
| | | **(૮૯.૧૭)** | **(૧૦.૮૩)** | **(૧૦૦)** |

કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે ૮૯.૧૭% ઉત્તરદાતાઓ કાચા મકાનોમાં જ રહે છે. દૂરના ગામના સૌથી વધારે ઉત્તરદાતાઓ કાચા મકાનમાં રહે છે, જયારે મધ્યમ દૂરીના ગામોના અને નજીકના ગામોમાં પાકુ મકાન ધરાવતા ઉત્તરદાતાઓ અનુક્રમે ૧૬ (૧૩.૩૩%) અને ૧૨(૧૦%) જોવા મળ્યા હતા.

નિષ્કર્ષ રૂપે કહી શકાય કે મકાનની સ્થિતિ તે ઉત્તરદાતાની આર્થિક પરિસ્થિતિનું પ્રતિબિંબ પાડે છે. જેમાં સૌથી ઉપર મધ્યમ દૂરીના ગામોના અને સૌથી નીચે દૂરના ગામોના ઉત્તરદાતાઓ જોવા મળે છે.

### ૫.૧૯ ઉત્તરદાતાના ઘરની સુવિધાઓની વિગત :

ઉત્તરદાતાના ઘરની સુવિધાઓમાં અહીં વીજળી, જાજરૂ અને બાથરૂમ / નાવણીયાંની સગવડનો સમાવેશ કરવામાં આવ્યો છે. પરંપરાગત રીતે રહેવા ટેવાયેલા આદિવાસી પરિવારો આ સુવિધાઓને બહુ મહત્વ આપતા જણાતા નથી. વીજળીની સગવડ વિશે જોઈએ તો સરકારશ્રીએ પ્રાયોજના દ્વારા આ વિસ્તારમાં સુવિધા પહોંચાડવા પ્રયત્ન કર્યો છે, પરંતુ મધ્યમ દૂરીના ગામોનો દાખલો લઈએ તો ત્યાં વીજવાયરની ચોરી થતા અમુક વિસ્તારમાં વીજળી મળતી જ નથી. તે રીતે જાજરૂની વ્યવસ્થાની બાબતે જોઈએ તો તેમને આ વ્યવસ્થા બિલકુલ જરૂરી નથી લાગતી. જંગલની નજીક રહેનાર વ્યક્તિ આમ વિચારે તે બહુ સ્વાભાવિક વાત છે. તે જ રીતે બાથરૂમ / નાવણીયાની સગવડ પહેલા હતી નહીં પરંતુ હવે સ્ત્રીઓને નાહવા માટે ચોકડી, કાચુ નાંવણીયુ કે આડશ તેઓ બનાવતા

થયા છે. ક્ષેત્રકાર્યમાંથી માહિતીના આધારે સુવિધાઓની વિગત જોઈએ તો

**કોષ્ટક ૫.૧૯**

**ઉત્તરદાતાના ઘરની સુવિધાઓની વિગત**

| ક્રમ | ગામનું જૂથ | સુવિધાઓ વીજળી | જાજરૂ | બાથરૂમ/નાંવણીયુ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | નજીકના ગામ | ૧૧૨ (૯૩.૩૩) | ૪ (૩.૩૩) | ૨૪ (૨૦) | ૧૨૦ (૧૦૦) |
| ૨ | મધ્યમ દૂરીના ગામ | ૬૪ (૫૩.૩૩) | - (૦) | ૮ (૬.૬૭) | ૧૨૦ (૧૦૦) |
| ૩ | દૂરના ગામ | ૩૬ (૩૦) | - (૦) | - | ૧૨૦ (૧૦૦) |
| | **કુલ** | **૨૧૨ (૫૮.૮૯)** | **૪ (૧.૧૧)** | **૩૨ (૮.૮૯)** | **૩૬૦ (૧૦૦)** |

કોષ્ટક ૫.૧૯ પરથી સ્પષ્ટ થાય છે કે ૫૮.૮૯% ઉત્તરદાતાઓ પાસે વીજળીની સુવિધા છે. જેમાં નજીકના ગામોના અને મધ્યમ દૂરીના ગામોના અનુક્રમે ૯૩.૩૩% અને ૫૩.૩૩% ઉત્તરદાતાઓ છે. જયારે જાજરૂની સુવિધા નજીકના ગામોના ૪ ઉત્તરદાતા પાસે છે. બાથરૂમ/નાવણીયાની સગવડ ધરાવતા ફક્ત ૮.૮૯% ઉત્તરદાતાઓ છે.

નિષ્કર્ષરૂપે કહી શકાય કે વીજળીની સગવડ સૌથી વધુ (૯૩.૩૩%) નજીકના ગામોમાં અને સૌથી ઓછી (૩૦%) દૂરના ગામના ઉત્તરદાતાઓમાં જોવા મળી હતી જેની પાછળનું કારણ સ્થળની દુર્ગમતા વીજ વપરાશ બીલ ભરવાની અશક્તિ, વીજતંત્રની ખામીઓ વગેરે જાણવા મળી હતી. જાજરૂ અને બાથરૂમની સગવડ જોઈએ તો નહિવત ઉત્તરદાતાઓ પાસે છે. જેમાં દૂરના ગામોના એકપણ ઉત્તરદાતાનો સમાવેશ નથી. પરંપરાગત ટેવોને કારણે કુરદતી હાજતે બંધ જાજરૂમાં જવાનું વલણ સમગ્ર ઉત્તરદાતાઓ તરફથી ઓછું જોવા મળે છે.

## ૫.૨૦ પશુઓને રાખવાની વ્યવસ્થા અંગેની વિગત :

પશુઓને આદિવાસીઓ પોતાના ઘરના સભ્યની જેમ સાચવે છે. તેઓ પશુને પોતાના ઘરે કે ઘરની આસપાસ નજર સામે જ રાખે છે. ઋતુઓ અને પોતાની અનુકુળતા પ્રમાણે તેને બાંધવાની જગ્યાઓ બદલતા રહે છે જેમ કે, ચોમાસામાં પાણી ન ભરાય અને પાણી ન લાગે માટે મોટાભાગે

ઘર સાથે જ છપ્પરમાં, શિયાળામાં પણ રાત્રે આ જ રીતે ઠંડી ન લાગે માટે રાખતા હોય છે. જયારે ઉનાળાના દિવસોમાં ઘરની આસપાસના વૃક્ષ નીચે બાંધવાની જગ્યા રાખે છે. મુલાકાત સમયે ઉત્તરદાતાઓના પશુઓને રાખવાની જગ્યાઓ જે જોવા મળી તે મુજબ જોઈએ તો નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૫.૨૦**

**પશુઓને રાખવાની વ્યવસ્થા અંગેની વિગત**

| ક્રમ | ગામનું જૂથ | પશુ નથી | પશુઓને રાખવાની વ્યવસ્થા | | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | રહેણાંકથી અલગ છાપરી | રહેણાંકની સાથે જ | રહેણાંકથી દૂર ખુલ્લામાં | |
| ૧. | નજીકના ગામ | ૧૬ (૧૩.૩૩) | ૧૨ (૧૦) | ૭૬ (૬૩.૩૩) | ૧૬ (૧૩.૩૩) | ૧૨૦ (૧૦૦) |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૨૪ (૨૦) | ૪ (૩.૩૩) | ૮૪ (૭૦) | ૮ (૬.૬૭) | ૧૨૦ (૧૦૦) |
| ૩. | દૂરના ગામ | ૨૮ (૨૩.૩૩) | - | ૫૨ (૪૩.૩૩) | ૪૦ (૩૩.૩૩) | ૧૨૦ (૧૦૦) |
| | **કુલ** | **૬૮ (૧૮.૮૯)** | **૧૬ (૪.૪૪)** | **૨૧૨ (૫૮.૮૯)** | **૬૪ (૧૭.૭૮)** | **૩૬૦ (૧૦૦)** |

કોષ્ટક ૫.૨૦ નું અર્થઘટન કરતા સ્પષ્ટ થાય છે કે સમગ્ર ઉત્તરદાતાઓમાંથી ૧૮.૮૯% ઉત્તરદાતાઓ પાસે પશુ નથી અને ૫૮.૮૯% ઉત્તરદાતાઓ તેમના રહેણાંકની સાથે જ પશુઓને બાંધે છે. જેમાં નજીક અને મધ્યમ ગામોના ઉત્તરદાતાઓ અનુક્રમે ૬૩.૩૩% અને ૭૦% છે. બાકીના ઉત્તરદાતાઓ પશુઓને ઘરથી દૂર છાપરીમાં કે ખુલ્લામાં બાંધતા જોવા મળે છે.

નિષ્કર્ષમાં કહી શકાય કે મોટાભાગના ૫૮.૮૯% ઉત્તરદાતાઓ આદિવાસી સંસ્કૃતિમાં પશુઓને ઘરના સભ્યો જ માની સાથે રાખે છે તે બાબતનું અનુસરણ કરે છે. તેમાં પશુઓની ચોરીના ભયનું કારણ પણ હોઈ શકે છે.

**૫.૨૧ ઉત્તરદાતાના કુટુંબમાં વર્ચસ્વ ધરાવતા વ્યક્તિ અંગેની વિગત :**

'આદિવાસી સ્ત્રી - પુરુષો અન્ય સમાજ કરતા વધુ સમાન હક્કો ભોગવે છે' (શ્રીકાન્ત એલ.એમ. ૧૯૬૫) તેવું માનવામાં આવે છે. કૌટુંબિક કલેશો કે અન્ય કૌંટુંબિક સામાજિક - આર્થિક નિર્ણયો લેતી વખતે કુટુંબમાં કોનું વર્ચસ્વ રહે છે તેવું જાણવાના ફળસ્વરૂપે ક્ષેત્રકાર્યમાંથી મળેલીવિગતો

અત્રે કોષ્ટક ૫.૨૧ સ્વરૂપે મુકેલ છે.

## કોષ્ટક ૫.૨૧

## ઉત્તરદાતાના કુટુંબમાં વર્ચસ્વ ધરાવતા વ્યક્તિ અંગેની વિગત

| ક્રમ | ગામનું જૂથ | વર્ચસ્વ ધરાવનાર વ્યક્તિ | | | કુલ |
|---|---|---|---|---|---|
| | | કમાનાર વ્યક્તિનું | વડીલ પુરુષનું | વડીલ સ્ત્રી પુરુષનું | |
| ૧ | નજીકના ગામ | ૧૬ | ૧૦૦ | ૪ | ૧૨૦ |
| | | (૧૩.૩૩) | (૮૩.૩૩) | (૩.૩૩) | (૧૦૦) |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૧૨ | ૮૮ | ૨૦ | ૧૨૦ |
| | | (૧૦) | (૭૩.૩૩) | (૧૬.૬૬) | (૧૦૦) |
| ૩. | દૂરના ગામ | ૩૬ | ૭૨ | ૧૨ | ૧૨૦ |
| | | (૩૦) | (૬૦) | (૧૨) | (૧૦૦) |
| | **કુલ** | **૬૪** | **૨૬૦** | **૩૬** | **૩૬૦** |
| | | **(૧૭.૭૭)** | **(૭૨.૩૩)** | **(૧૦)** | **(૧૦૦)** |

કૌટુંબિક ક્લેશ કે નિર્ણયો લેતી વખતે ઘરમાં વર્ચસ્વ ધરાવતા વ્યક્તિઓમાં ૭૨.૩૩% ઉત્તરદાતાના કુટુંબમાં વર્ચસ્વ ધરાવનાર મુખ્ય વ્યક્તિ પુરુષ જ હોય છે. ૧૭.૭૭% કુટુંબોના ઉત્તરદાતાઓએ જણાવ્યું છે કે ઘરમાં જે વ્યક્તિ આર્થિક ઉપાર્જન કરતી હોય એનુ ચલણ વધુ છે. જયારે ૧૦% લોકોના મત મુજબ ઘરમાં અગત્યના નિર્ણયો લેવા તેમજ ઘરમાં મુખ્ય ચલણ વડીલ

પુરુષ કે સ્ત્રીઓનું જોવા મળે છે.

ઉપરોકત કોષ્ટકના આધારે ફલિત થાય છે કે અભ્યાસ ક્ષેત્રના આદિવાસી કુટુંબોમાં વર્ચસ્વ ધરાવનાર વ્યક્તિ મુખ્યત્વે પુરુષ છે. પછાત ગણાતા આદિવાસી સમાજ પણ પુરુષપ્રધાન સંસ્કૃતિથી અજાણ નથી તેવું આ ચિત્ર પરથી સ્પષ્ટ થાય છે.

**૫.૨૨ આદિવાસી સમાજમાં જાતિપંચના વર્ચસ્વની માહિતી :**

જાતિપંચ એ આદિવાસી સમાજનું એક મહત્વનું અંગ છે. જે સામાજિક અનુશાસન માટેની જરૂરી સંસ્થા ગણવામાં આવે છે. આદિવાસીઓના મુખ્ય લક્ષણો જણાવતાં શ્રીકાંન્ત એલ.એમ. (૧૯૬૫) જણાવે છે કે તેમનામાં સામાજિક સંગઠન મજબૂત હોય છે અને જાતિ-પંચાયતના નિયમોનું કડક પાલન કરવામાં આવે છે. અભ્યાસક્ષેત્રમાં જાતિપંચના સભ્ય છો કે નહી ? તે પુછતા બધા જ ઉત્તરદાતાઓ (૧૦૦%) એ જણાવેલ કે તેઓ જાતિપંચના સભ્ય છે. જાતિપંચના કાર્યો અંગેની જાણકારી મેળવતા ૧૦૦% ઉત્તરદાતાઓએ જણાવેલ કે જાતિપંચના કાર્યોમાં કુટુંબો કે ગામ વચ્ચેના કલહ નાબુદ કરવા, સમાજના અનુશાસન માટેના નીતિ-નિયમો ઘડવા અને પળાવવા, સમાજના સમુહના ધાર્મિક પ્રસંગો કે સામાજિક પ્રસંગો યોજવા જેવુ કે સમુહ પુજા, મેળાઓ આ ઉપરાંત બધા જ સામાજિક ધાર્મિક પ્રસંગોમાં જાતિપંચનું મહત્વ ઘણું જ રહે છે તેવું ક્ષેત્રકાર્યમાંથી જાણવા મળેલ. બધા જ ઉત્તરદાતાઓ માને છે કે જાતિપંચની ઉપરવટ જતાં કંઈ ને કંઈ દંડ થાય છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન ઉત્તરદાતાઓએ જાતિપંચ ઉપરવટ જવાની જે જે સજાઓ જાણવા મળી હતી તે અત્રે કોષ્ટક ૫.૨૨ રૂપે મુકેલ છે.

**કોષ્ટક ૫.૨૨**

**આદિવાસી સમાજમાં જાતિપંચના વર્ચસ્વની માહિતી**

| ક્રમ | ગામનું જૂથ | વિગત | | | | |
|---|---|---|---|---|---|---|
| | | દંડ ભરવો | નાત બહાર મૂકે છે | સામાજિક વ્યવહાર પર પ્રતિબંધ | અન્ય | કુલ |
| ૧. | નજીકના ગામ | ૭૬<br>(૬૩.૩૩) | ૧૦૦<br>(૮૩.૩૩) | ૧૨૦<br>(૧૦૦) | ૧૬<br>(૧૩.૩૩) | ૧૨૦ |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૯૬<br>(૮૦) | ૮૮<br>(૭૩.૩૩) | ૧૦૪<br>(૮૬.૬૬) | ૩૬<br>(૩૦) | ૧૨૦ |
| ૩. | દૂરના ગામ | ૯૨<br>(૭૬.૬૬) | ૧૦૪<br>(૮૬.૬૬) | ૧૧૨<br>(૯૩.૩૩) | ૨૪<br>(૨૦) | ૧૨૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **કુલ** | **૨૬૪ (૭૩.૩૩)** | **૨૯૨ (૮૧.૧૧)** | **૩૩૬ (૯૩.૩૩)** | **૭૬ (૨૧.૧૧)** | **૩૬૦** |

● એક કરતા વધારે જવાબો મળેલ છે.

કોષ્ટક ૫.૨૨ પરથી સ્પષ્ટ થાય છે કે બધાજ ઉત્તરદાતાઓ સ્વીકારે જ છે કે જાતિપંચની અવગણના કરવાથી સજા થઈ શકે છે. ૯૩.૩૩% ઉત્તરદાતાઓ જાતિપંચ તેમની સાથે સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક વ્યવહારો પર પ્રતિબંધ મૂકી શકે છે, તેવુ જણાવે છે. આ પ્રતિબંધ અમુક મુદ્દા સુધીનો અને અમુક વ્યવહારો પૂરતા સીમિત હોય છે ૮૧.૧૧% ઉત્તરદાતાઓ જણાવે છે કે નાત બહાર મુકવામાં આવે છે. આનો મતલબ એમ થાય છે કે જે તે વ્યક્તિ કે કુટુંબ સાથેના તમામ સંબંધો બંધ કરી દેવામાં આવે છે. ૭૩.૩૩% ઉત્તરદાતા જાતિપંચને દંડ ભરવો પડે છે તેવુ જણાવે છે, જ્યારે ૨૧.૧૧% ઉત્તરદાતાઓ જણાવે છે કે પંચને જમણ, દેવી-દેવતાને બલી, દેવનું પુજન જેવી અન્ય સજા કરવામાં આવે છે.

નિષ્કર્ષરૂપે કહી શકાય કે અભ્યાસના બારેય ગામોમાં જાતિપંચનું વર્ચસ્વ સરખુ જોવા મળે છે. આદિવાસી સમાજ આજે પણ જાતિપંચને ઘણું માન આપતો અને તેના બનાવેલા નીતિ નિયમો અનુસરતો જોવા મળે છે.

## ૫.૨૩ લગ્નની મંજૂરી / રીત અંગેના ઉત્તરદાતાના વિચારો :

“ભીલ સમુદાયમાં અવિવાહિત યુવક - યુવતીને ઘણી સ્વતંત્રતા છે. પોતાના યોગ્ય જીવનસાથીની પસંદગીની પણ તેઓને છુટ હોય છે, તેનાથી પણ આગળ અવિવાહિત કન્યાને ગર્ભ રહી જાય તો પણ ભયંકર સામાજિક પાપ કે ગુનો નથી ગણાતો.” આટલાં મુક્ત વિચારને અનુસરતી આ જનજાતિના ઉત્તરદાતાઓએ લગ્નમાં કોની ઈચ્છા મહત્વની છે ? કેવી રીતે અને કોની પરવાનગીથી લગ્ન થઈ શકે ? આ પ્રશ્નોના જવાબોમાં એક થી વધારે જવાબો આપ્યા છે જે કોષ્ટક - ૫.૨૩માં જોઈએ.

### કોષ્ટક ૫.૨૩
### લગ્નની મંજૂરી / રીત અંગેના ઉત્તરદાતાના વિચારો

| **ક્રમ** | **ગામનું જૂથ** | **વિગત** | | | | **કુલ** |
|---|---|---|---|---|---|---|
| | | **મા-બાપની પસંદગી** | **છોકરા છોકરીની પસંદગીથી** | **ભાગીને** | **અન્ય સગાઓની પસંદગીથી** | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧. | નજીકના ગામ | ૩૬<br>(૩૦) | ૭૬<br>(૬૩.૩૩) | ૫૬<br>(૪૬.૬૭) | ૧૨<br>(૧૦) | ૧૨૦ |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૨૪<br>(૨૦) | ૭૨<br>(૫૩.૩૩) | ૮૮<br>(૭૩.૩૩) | ૨૪<br>(૨૦) | ૧૨૦ |
| ૩. | દૂરના ગામ | ૨૦<br>(૧૬.૬૭) | ૮૪<br>(૭૦) | ૮૦<br>(૬૬.૬૭) | ૧૬<br>(૧૩.૩૩) | ૧૨૦ |
| | **કુલ** | **૮૦<br>(૨૨.૨૨)** | **૨૩૨<br>(૬૪.૪૪)** | **૨૨૪<br>(૬૨.૨૨)** | **૫૨<br>(૧૪.૪૪)** | **૩૬૦** |

● એક કરતાં વધારે જવાબો મળેલ છે.

કોષ્ટકનું અર્થઘટન કરતા સ્પષ્ટ થાય છે કે આદિવાસી સમાજની સંસ્કૃતિ અને સામાજિક પરંપરા પ્રમાણે મોટાભાગે છોકરા- છોકરીની અરસપરસ પસંદગીથી તેમજ ભાગીને લગ્ન કરવાની રીત દ્વારા લગ્નો કરવામાં આવે છે. તેવા ઉત્તરો ૭૭.૫૫% છે, એટલે કે લગ્નમાં છોકરા-છોકરીનું મહત્વ છે તેવું સ્વીકારતા આ ઉત્તરો છે, તથા મા- બાપ અને સગા-સંબંધીઓની પસંદગીથી લગ્ન થાય છે તેવા ૨૨.૪૫% ઉત્તરો મળેલ છે.

નિષ્કર્ષમાં કહી શકાય કે આદિવાસી સમાજમાં લગ્ન જેવી સામાજિક-સાંસ્કૃતિક બાબતમાં લૈગિંક સમાનતાને પ્રાધાન્ય અપાતું જોવા મળે છે.

## ૫.૨૪ ગ્રામપંચાયતની ચૂંટણીમાં ઉત્તરદાતાની સહભાગીદારી :

સમગ્ર ક્ષેત્રકાર્ય દરમ્યાન એવુ જોવા મળ્યુ હતું કે રાજકીય પ્રક્રિયામાં ઉત્તરદાતાઓને મન રાજકીયપક્ષ કરતા ઉત્તરદાતાની જ્ઞાતિ, તેમની સાથેના સંબંધો, ઉમેદવારના સગાઓ સાથેના તેમના સંબંધો કે તેમનું ઉમેદવાર સાથેનું સગપણ વધુ મહત્વના પરિબળો છે. સમય સાથે ગામોમાં ધીમે ધીમે પક્ષીય રાજકારણ મજબૂત બનતું દેખાય છે. અહીં મેળવવામાં આવેલ પ્રતિભાવો ઉત્તરદાતાના ગામોમાં થયેલી છેલ્લી ગ્રામપંચાયતની ચૂંટણી સંદર્ભના છે.

### કોષ્ટક ૫.૨૪

### ગ્રામપંચાયતની ચૂંટણીમાં ઉત્તરદાતાની સહભાગીદારી

| ક્રમ | ગામનું જૂથ | વિગત | | | | |
|---|---|---|---|---|---|---|
| | | નિષ્ક્રિય રહે છે | ચૂંટણી લડીને સક્રિય રીતે | ઉમેદવારનો પ્રચાર કરીને | ફક્ત મતદાન કરીને | કુલ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧. | નજીકના ગામ | ૪ | ૨૦ | ૭૬ | ૨૦ | ૧૨૦ |
| | | (૩.૩૩) | (૧૬.૬૭) | (૬૩.૩૩) | (૧૬.૬૭) | |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૮ | ૧૨ | ૫૨ | ૪૮ | ૧૨૦ |
| | | (૬.૬૭) | (૧૦) | (૪૩.૩૩) | (૪૦) | |
| ૩. | દૂરના ગામ | ૧૬ | ૮ | ૪૦ | ૫૬ | ૧૨૦ |
| | | (૧૩.૩૩) | (૬.૬૭) | (૩૩.૩૩) | (૪૬.૬૭) | |
| | **કુલ** | **૨૮** | **૪૦** | **૧૬૮** | **૧૨૪** | **૩૬૦** |
| | | **(૭.૭૮)** | **(૧૧.૧૧)** | **(૪૬.૬૭)** | **(૩૪.૪૪)** | |

ચૂંટણીમાં ઉત્તરદાતાઓ કઈ રીતે ભાગ લે છે તે જાણતા સ્પષ્ટ થાય છે કે ફક્ત ૭.૭૮% ઉત્તરદાતાઓ જ ચૂંટણીથી અલિપ્ત રહે છે. ચૂંટણી પ્રક્રિયામાં કોઈને કોઈ રીતે ભાગ લેતા ૯૨.૨૨% ઉત્તરદાતા છે. જેમાં ૪૬.૬૭% ઉત્તરદાતાઓ ઉમેદવાર માટે તેઓ પ્રચાર કરે છે તેવું જણાવે છે. ૩૪.૪૪% ઉત્તરદાતાઓ ફક્ત મતદાન કરે છે, જયારે ૧૧.૧૧% ઉત્તરદાતાઓએ ચૂંટણી લડી છે.

ચૂંટણીની પ્રક્રિયામાં નજીકના ગામોના ૮૦% ઉત્તરદાતાઓ પ્રચાર કરીને અને ચૂંટણી લડીને સક્રિય રીતે ભાગીદાર બને છે, જે ૧૨ ગામોમાં સૌથી મોટુ જૂથ છે. જયારે દૂરના ગામોના ૪૦% ઉત્તરદાતાઓ જ પ્રચાર કરીને કે ચૂંટણી લડીને ગ્રામપંચાયતની ચૂંટણીમાં ભાગ લેતા જોવા મળ્યા હતા.

નિષ્કર્ષમાં કહી શકાય કે દૂરના ગામો અભ્યાસના અન્ય ગામો કરતા ગ્રામપંચાયતની ચૂંટણીમાં ઓછી સક્રિયતાથી ભાગ લે છે, તેનું કારણ તે ગૃપ ગ્રામપંચાયતમાં આવેલ છે અને સ્થળની દુર્ગમતા છે તેવું જાણવા મળ્યુ હતું.

પ્રસ્તુત પ્રકરણમાં આપણે ડાંગી ભીલોની સામાજિક-આર્થિક પૃષ્ઠભૂમિને જોવાનો પ્રયત્ન કર્યો, જેમાં ઉત્તરદાતાઓ અને તેના કુટુંબના સભ્યોની ઉંમર, શિક્ષણ, કુટુંબના પ્રકાર વગેરે તથા તેઓના આર્થિક ઉપાર્જનના સંસાધનો-વ્યવસાયો, આવક-ખર્ચ, દેવું-બચત, રહેઠાણની સુવિધાઓ વગેરે બાબતોથી અવગત થયા.

હવે પ્રકરણ-૬માં ડાંગી ભીલ જનજાતિમાં આરોગ્ય અને સંસ્કૃતિના સહસંબંધને સમજવા માટે તેમના જીવનવ્યવહારો - માન્યતાઓ - મૂલ્યો - વિધિવિધાનો વગેરેની મદદથી આ સહસંબંધને સમજવા પ્રયત્ન કરીશું.

# પ્રકરણ-૬
# ડાંગીભીલ જનજાતિમાં આરોગ્ય અને સંસ્કૃતિનો સહસંબંધ

**પ્રસ્તાવના :**

પ્રત્યેક સમાજની સાંસ્કૃતિક ધરોહરને બચાવી રાખવા સમાજના સદસ્યો પ્રયત્નશીલ રહેતા હોય છે. આદિવાસી સમુદાયોમાં સાંસ્કૃતિક ધરોહરનાં મૂલ્યો સાચવવા દરેક સદસ્ય પ્રયત્નશીલ દેખાય છે. અન્ય

સમુદાયો કરતા આદિવાસી સમુદાયોમાં સંસ્કૃતિનું મૂલ્ય વધારે દેખાય છે. આદિવાસી જાતિઓના ધાર્મિક જીવનને જોતાં તેઓ ''વન્યધર્મી'' છે તેમ કહેવાય. તેમની અમુક ધાર્મિક-સાંસ્કૃતિક માન્યતાઓ, ક્રિયાઓ અને વિધિ-વિધાનો, તેમની સમસ્યાઓ, કમનસીબીઓ, રોગોમાં નિષ્ફળતાઓ, દુઃખો, અણધારી આપત્તિઓ વગેરે સામે લડવામાં મદદરૂપ બને છે. આપત્તિઓ કે દુઃખોને કારણે સર્જાતી નિરાશા જીવનની ક્રિયાશીલતાને ક્યારેક અટકાવી દે છે ત્યારે એમના ધાર્મિક-સાંસ્કૃતિક મૂલ્યો, માન્યતાઓ, વ્યવહારો, વિધિ-વિધાનો વગેરે જીવનની ક્રિયાશીલતાને વધુ ગતિશલ બનાવી તેમની નિરાશાને પણ દૂર કરે છે, તેમનામાં આત્મવિશ્વાસ સ્થાપે છે તથા જીવનને નવો ઘાટ આપે છે.

'આદિવાસી સમુદાયોનું સાંસ્કૃતિક જીવન વિવિધતાવાળુ છે. તેમના દેવ-દેવીઓનાં સ્વરૂપો, પિતૃપૂજાના ખ્યાલો, વિધિઓ, ભૂતપ્રેત-ડાકણ તથા મંત્ર-તંત્રનું સ્વરૂપ, અલૌકિક-લૌકિક શક્તિઓ પ્રત્યેનો વિશ્વાસ વગેરે કેટલીક મૂળભૂત ધાર્મિક માન્યતાઓના પાયા પર વિકાસ પામેલો દેખાય છે. સમાજ સતત પરિવર્તનશીલ હોવાથી સાંપ્રત સમયે તેમની પરંપરાઓમાં માન્યતાઓ અને ખ્યાલોમાં મહદ્અંશે પરિવર્તન આવ્યા છે. પરંતુ તેથી પરંપરાગત સાંસ્કૃતિક મૂલ્યો, વિશ્વાસોની પકડ ઢીલી થઈ ગઈ છે તેમ ન કહી શકાય, કોઈપણ દુઃખ, આફત, રોગ, ભય વગેરેની સ્થિતિમાં તેઓ કોઈક બાહ્ય તત્ત્વો કે પરિબળોને કારણભૂત માની તેમની પૂજા, બાધા/ માનતા કે વિધિ-વિધાનો કરે છે. શક્તિઓ ઉપરાંત પ્રાકૃતિક દેવ-દેવીઓ, વીરોને માને છે અને તેમાં અગૂઢ શક્તિઓનું આરોપણ કરી તેમની પૂજાઓ અને ભોગ આપે છે.' (ભટ્ટ અરવિંદ - ૧૯૮૫ - પાન. ૨૪૫ થી ૨૫૨)

રોગ - આરોગ્ય અને ઉપચારોની બાબતમાં જોવામાં આવે તો આદિવાસી સમાજ વ્યાપ્ત સામાજિક - સાંસ્કૃતિક વ્યવહારો/ આચારોના કારણે પણ રોગનો ભોગ બને છે, અથવા રોગમાંથી જલ્દી મુક્ત થતા નથી. જેમ કે વ્યક્તિગત સ્વચ્છતાને ઓછું મહત્વ, દારૂનો સંસ્કૃતિના નામે ઉપયોગ, ઉપચાર માટે અપ્રાકૃતિક શક્તિઓનો આશરો લેવાનું વલણ જે તેમના સ્વાસ્થ્યને હાનિકારક નીવડતુ જોવા મળે છે. ભીલોમાં વ્યાપ્ત માન્યતાઓ વિશે શ્રી લક્ષ્મીકાન્ત શ્રીકાન્ત લખે છે ''ભીલોમાં વહેમોનો કોઈ પાર નથી. રોગોના કે નજર લાગવાના મેલા દેવ-દેવીઓ પણ હોય છે. બળિયાદેવ, શીતળામાતા, મેલડીમાતા, શિકોતરીમાતા, કાળકામાતા, ઝાંપડીમાતા ઈત્યાદિને રોગચાળો થતો અટકાવવા કે થયેલો રોગચાળો અટકાવવા માટે પૂજવામાં આવે છે કે તેમની માનતા-બાધા લેવામાં આવે છે. જાણીતો રોગ કોઈ માતાના કોપનું પરિણામ મનાય છે અને અજાણ્યા રોગને (જેને આપણે માનસિક રોગ ગણીએ છીએ) કોઈક વળગાડનું પરિણામ માનવામાં આવે છે. ભૂવો જે રોગ, હોય તેના અધિષ્ઠાતા દેવ-દેવીને પૂજીને રીઝવીને રોગને મટાડવા મથે છે'' આમ દરેક પ્રકારના રોગને અગમ્ય શક્તિ સાથે જોડી દેવામાં ભીલ સાંસ્કૃતિમાં આ બધી જ માન્યતાઓ આજે પણ વ્યાપ્ત છે. આ ઉપરાંત રોગોની દવાઓનું પણ અમુક ભગતોને જ્ઞાન હોય છે. આવી વાનસ્પતિક દવાઓના

વ્યક્તિઓનું જ્ઞાન અનુભવજન્ય હોય છે. વાનસ્પતિક દવાઓના જાણકાર વ્યક્તિઓએ કેટલાક નીતિનિયમો પાળવાના હોય છે. તેમ ન કરતાં તેમની દવા કામ નથી લાગતી. આ ભગતો દર્દીઓને તપાસી તેના શારીરિક લક્ષણોને આધારે દવા કરતાં હોય છે. દર્દીઓને ખાવાપીવાની પરેજી અને દવા દ્વારા તેઓ સાજા કરે છે. આ ભગતોએ જે-તે ગોત્રના હોય તે ગોત્રદેવનું ઘરમાં સ્થાન રાખવું પડે છે. ત્યાં કાળી ચૌદશને દિવસે શ્રીફળ મુકવામાં આવે છે તે બાર માસ રહે છે, તેમ વર્ષે એક શ્રીફળ ચઢે છે. ઉપરાંત દર્દીને સારું થાય કે તુરત જ દર્દી તેને શ્રીફળ અને ધૂપ ચઢાવે છે. આ ભગતોએ અમુક નિષેધો પાળવા પડે છે. નહિંતર તેમની વિધિ નિષ્ફળ જાય છે તેવી ભીલોની દઢ માન્યતા છે. ભગતો ડાઘુએ ગયા હોય તો ન્હાયાધોયા બાદ પૂજા કરીને જ અન્નનો દાણો મોઢામાં મુકી શકાય. તેઓ આભડછેટ પાળે છે, બહારનું ખાતા નથી. કાળું રીંગણ, અડદની દાળ, કાબરું કે ડાંગરું, કોળુ ખાતા નથી. ઉપરાંત સાપ જેવી લાંબી કે ચટ્ટા પટ્ટાવાળી લાગતી કોઈ વસ્તુ તેઓ નથી ખાતા. આ ભગતો સાપનું ઝેર ઉતારવામાં નિષ્ણાંત ગણાય છે. ઉજલી નાખી તેઓ ઝેર ઉતારે છે. એટલે કે કપડાનો એક છેડો સાપ કરડ્યો હોય તે જગ્યાએ લગાવી બીજી બાજુથી ભગત ચુસતા જાય છે અને થુંકતા જાય છે. લોહી આવે ત્યારે દર્દીને સારું થયું તેમ મનાય છે.

કેટલાંક દર્દોમાં ડામ એટલે કે ‘ડાઢો’ અપાય છે. વાઈ, ટારબિયું (બાળકોનું પેટ ફૂલી જવાનું દર્દ) આંતરગાંઠ જેવા રોગમાં નિશ્ચિત જગ્યાએ ડામ આપી રોગ બેસાડી દેવાય છે. તે જ રીતે આધુનિક વિજ્ઞાન જેને એક્યુપંચરથી ઓળખે છે તેવી નસ વિંધવાની વિદ્યા પણ અમુક લોકો જાણે છે તે ચોક્કસ નસ વિંધી રોગ મટાડે છે. આ બધી ક્રિયાઓમાં દેવ કે માતાજીની કૃપાની તો તેઓને મતે સૌપ્રથમ જરૂરિયાત છે. આમ દરેક રોગના ઉપચાર માટે અને આરોગ્યની પ્રાપ્તિ માટે કોઈ અપ્રાકૃતિક કે પ્રાકૃતિક શક્તિ જે મનુષ્યથી ઈતર છે તે પર ભીલો આધારિત રહે છે. પ્રસ્તુત પ્રકરણમાં ભીલોની જીવન પધ્ધતિ, રોગ ઉપચાર અને આરોગ્યની પ્રાપ્તિ માટે અપનાવાતી ધાર્મિક - જાદુઈ વિધિ - વિધાનો જેવી સમગ્ર બાબતોની તેમના સ્વાસ્થ્ય પરની અસરો જાણી પ્રસ્તુત કરવામાં આવી છે.

**પીવાના પાણીની વ્યવસ્થા :**

સ્વાસ્થ્ય માટે ચોખ્ખી હવાની જરૂર છે એટલી જ ચોખ્ખાઈ પીવાના પાણીની હોય એ પણ જરૂરી છે. પીવાનું ચોખ્ખુ પાણી એ સ્વાસ્થય માટે પાયાની વસ્તુ છે. ૧૯૮૩માં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય નીતિ ઘડવામાં આવી તેમાં સન ૨૦૦૦ સુધીમાં બધાને સુરક્ષિત પીવાનું પાણી પૂરું પાડવુ તેવું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું હતું.

સમગ્ર આદિવાસી સમાજની ગ્રામરચનાઓ જોવામાં આવે તો ખ્યાલ આવશે કે બધા જ ગામો ઘણાં મોટા ક્ષેત્રફળમાં (Dispeard Villages) પથરાયેલા હોય છે અને ગોત્રવાર ફળિયામાં વસતા જોવા મળે છે, તેમજ પોતાની જમીન પર દૂર દૂર ઘર બાંધીને રહેતા જોવા મળે છે. આ પરિસ્થિતિમાં પાણીની લાઈનો

ન પહોંચી શકે, માટે આવા વિસ્તારોમાં હેન્ડપંપ દ્વારા પીવાનું પાણી મળે તેવી વ્યવસ્થા સરકાર તથા યુનિસેફ દ્વારા કરવામાં આવી છે, જે સરાહનીય છે. આ વિસ્તારમાં હેન્ડપંપ દ્વારા પાણીની વ્યવસ્થા થયેલ છે જેથી ઉત્તરદાતાઓએ ખૂબ જ ખુશી વ્યક્ત કરી હતી કે પીવાના પાણીની મોટી મુશ્કેલી આ સુવિધાથી હલ થાય છે. જે ઉત્તરદાતા કુવા પાસે મકાન બાંધી રહે છે તેઓ મોટા ભાગે કૂવાનું પાણી પીવામાં વાપરે છે અને તેવી જ રીતે તળાવ અને નદી પાસે રહેતા તે સ્ત્રોતમાં પાણી હોય ત્યારે તેનો પણ ઉપયોગ કરે છે.

સંશોધન વિસ્તારમાં ઉત્તરદાતાઓ પીવાનું પાણી કયાંથી મેળવે છે તે જાણકારી કોષ્ટક ૬.૧માં દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક ૬.૧**

**ઉત્તરદાતા પીવાનું પાણી કયા સ્ત્રોતથી મેળવે છે તેની વિગત**

| **ક્રમ** | **ગામનું જૂથ** | **પાણીના સ્ત્રોત** | | | | **કુલ** |
|---|---|---|---|---|---|---|
| | | **નદી** | **તળાવ** | **હેન્ડપંપ** | **કૂવો** | |
| ૧. | નજીકના ગામ | ૧૨<br>(૧૦) | -<br>- | ૭૫<br>(૬૩.૩૩) | ૪૪<br>(૩૬.૬૭) | ૧૨૦ |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | -- | ૨૭<br>(૨૩.૩૩) | ૪૮<br>(૪૦) | ૫૬<br>(૪૬.૬૭) | ૧૨૦ |
| ૩. | દૂરના ગામ | -- | ૨૧<br>(૧૬.૬૭) | ૮૫<br>(૭૦) | ૨૪<br>(૨૦) | ૧૨૦ |
| | **કુલ** | **૧૨**<br>**(૩.૩૩)** | **૪૮**<br>**(૧૩.૩૩)** | **૨૦૮**<br>**(૫૭.૭૮)** | **૧૨૪**<br>**(૩૪.૪૪)** | **૩૬૦** |

● એક કરતા વધુ જવાબો મળેલ છે.

કોષ્ટક ૬.૧ પરથી સ્પષ્ટ થાય છે કે જુદા જુદા સ્ત્રોતોમાંથી ઉત્તરદાતાઓ પીવાનું પાણી મેળવે છે. ૫૭.૭૮% ઉત્તરદાતાઓ હેન્ડપંપમાંથી પીવાનું પાણી લે છે. એ સિવાયના ૩૪.૪૪% ઉત્તરદાતાઓ કૂવાના પાણીનો પીવા માટે ઉપયોગ કરે છે. તળાવ અને નદી જેવા કુદરતી સ્ત્રોતોનો અનુક્રમે ૧૩.૩૩% અને ૩.૩૩% ઉત્તરદાતા પીવાનું પાણી મેળવવા ઉપયોગ કરતા જોવા મળે છે.

નિષ્કર્ષમાં કહી શકાય કે મોટાભાગના ૯૨.૨૨% ત્રણેય ગામના ઉત્તરદાતાઓ પીવા માટે હેન્ડપંપ તથા કૂવાના પાણીનો ઉપયોગ કરે છે.

**પીવાનું પાણી શુધ્ધ કરવાની રીત :**

અશુધ્ધ પાણી પીવાથી કોલેરા જેવા અનેક પાણીજન્ય રોગો થતા હોય છે. આથી પાણીને શુધ્ધ કરીને પીવુ અતિ આવશ્યક બાબત છે. પીવાના પાણીની દેખીતી અશુધ્ધિઓ દૂર કરવા માટે ઉત્તરદાતાઓની વિવિધ પધ્ધતિ તેમજ પાણીને શુધ્ધ કરીને પીવુ જોઈએ તેવો તેમનો ખ્યાલ વિકસ્યો છે કે નહીં તેની જાણકારી અત્રે પ્રસ્તુત છે.

**કોષ્ટક ૬.૨**

**ઉત્તરદાતાના કુટુંબમાં અપનાવાતી પીવાનું પાણી શુધ્ધ કરવાની રીત**

| **ક્રમ** | **ગામનું જૂથ** | **પાણીને શુધ્ધ કરવાની રીત** | | | **કુલ** |
|---|---|---|---|---|---|
| | | **ગાળીને** | **અન્ય** | **શુધ્ધ કરતા નથી** | |
| ૧. | નજીકના ગામ | ૭૩<br>(૬૦) | ૧૨<br>(૧૦) | ૩૫<br>(૩૦) | ૧૨૦<br>(૧૦૦) |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૪૮<br>(૪૦) | --<br>- | ૭૨<br>(૬૦) | ૧૨૦<br>(૧૦૦) |
| ૩. | દૂરના ગામ | ૨૭<br>(૨૩.૩૩) | - | ૯૩<br>(૭૬.૬૭) | ૧૨૦<br>(૧૦૦) |
| | **કુલ** | **૧૪૮**<br>**(૪૧.૧૧)** | **૧૨**<br>**(૩.૩૩)** | **૨૦૦**<br>**(૫૫.૫૬)** | **૩૬૦**<br>**(૧૦૦)** |

કોષ્ટક ૬.૨ પરથી સ્પષ્ટ દેખાય છે કે પાણીને શુધ્ધ કરવા માટે કોઈપણ રીતો અપનાવતા નથી તેવા ૫૫.૫૬% ઉત્તરદાતાઓની હજી સમજ કેળવાયેલી નથી અથવા તો તેઓને પાણી શુધ્ધ કરીને પીવું જોઈએ તેવી જરૂરિયાત લાગતી નથી. તેમાં મધ્યમ દૂરીના અને દૂરના ગામના ઉત્તરદાતા અનુક્રમે ૬૦% અને ૭૬.૬૭% છે. જયારે ૪૧.૧૧% ઉત્તરદાતાઓ પાણી ગાળીને શુધ્ધ કરે છે જેમાં નજીકના ગામના ઉત્તરદાતાઓનો સમાવેશ થાય છે. બાકીના ઉત્તરદાતાઓ શુધ્ધ કરવા માટે કોઈ ચોક્કસ રીતે અપનાવતા નથી.

નિષ્કર્ષમાં કહી શકાય કે અડધાથી વધારે (૫૫.૫૬%) ઉત્તરદાતાઓને પાણી શુધ્ધ કરીને પીવું જોઈએ તેવી જરૂરિયાત લાગતી નથી. આમ પાણીજન્ય રોગોની સંભવિતતા વધી જાય છે એવું સ્પષ્ટ તારણ કાઢી શકાય છે.

**પીવાના પાણીને જાળવવા માટે ઢાંકીને રાખવાની વિગતો :**

બાહ્ય અશુધ્ધિઓથી પીવાના પાણીને બચાવવા માટે જે વાસણનો ઉપયોગ થાય તે વાસણ ઢાંકવું જોઈએ કે નહીં તે જાણતા જોવા મળ્યું.

**કોષ્ટ ૬.૩**

**પીવાનું પાણી ઢાંકીને જાળવવા અંગેના ઉત્તરદાતાના વિચારો**

| **ક્રમ** | **ગામનું જૂથ** | **વિગત** | | **કુલ** |
|---|---|---|---|---|
| | | **હા** | **ના** | |
| ૧. | નજીકના ગામ | ૯૫ (૮૦) | ૨૫ (૨૦) | ૧૨૦ (૧૦૦) |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૧૦૯ (૯૦) | ૧૧ (૧૦) | ૧૨૦ (૧૦૦) |
| ૩. | દૂરના ગામ | ૮૪ (૭૦) | ૩૬ (૩૦) | ૧૨૦ (૧૦૦) |
| | **કુલ** | **૨૮૮ (૮૦)** | **૭૨ (૨૦)** | **૩૬૦ (૧૦૦)** |

પાણીને સંગ્રહ કરી તેને ઢાંકીને રાખવામાં આવે છે તેવું જણાવતાં ૮૦% ઉત્તરદાતાઓ છે, જયારે બાકીના ઉત્તરદાતાઓ પીવાના પાણીને ઢાંકીને નથી રાખતા.

નિષ્કર્ષમાં કહી શકાય કે ૨૦% ઉત્તરદાતાઓને પાણી ન ઢાંકવાના ગેરલાભોનો ખ્યાલ ન હોવાથી તેમને પીવાનું પાણી ઢાંકવું જોઈએ તેવી જરૂરિયાત જણાતી નથી, જે સ્વાસ્થ્ય માટે હાનિકારક છે.

**પીવા માટે પાણી લેવાની પધ્ધતિ :**

આદિવાસી સમાજ જંગલ અને દુર્ગમ વિસ્તારોમાં રહેતો સમાજ છે. જેમાં શિક્ષણ અને સ્વાસ્થ્ય વિષયક સારી ટેવો અને વૈજ્ઞાનિક રીતભાતની છાપ હજુ ઊંડી પડી નથી. આથી સ્વચ્છતા ખાતર ડોયાનો કે અન્ય વાસણનો ઉપયોગ માટલામાંથી પાણી લેવા માટે કરવો એ ખ્યાલ તેમને આવતો જ નથી તેવું ક્ષેત્રકાર્ય દરમ્યાન મુલાકાતોમાં જોવા મળ્યુ હતું.

પીવા માટે માટલા કે વાસણમાંથી પાણી લેવા માટે ડોયા જેવા સાધનનો ઉપયોગ કરવો સ્વચ્છતાની રીતે યોગ્ય છે. સામાન્ય રીતે કુટુંબના સભ્યો એક કરતા વધારે હોય ત્યારે પાણી લેવા માટે ડોયા કે અન્ય સાધનનો ઉપયોગ કરીએ તો વાસણનું પીવાનું પાણી અશુધ્ધ થતું નથી, અને બીજાનું એઠું પાણી ન પીવું પડે એવી

સ્વાસ્થ્ય વિષયક સમજ છે. આ સમજના અનુસંધાનમા ઉત્તરદાતાના વિચારો રજૂ કરતુ કોષ્ટક ૬.૪ અત્રે પ્રસ્તુત છે.

**કોષ્ટક ૬.૪**

**ઉત્તરદાતાઓની પીવા માટે પાણી લેવાની પધ્ધતિ**

| ક્રમ | ગામનું જૂથ | પાણી લેવાની રીત | | કુલ |
|---|---|---|---|---|
| | | ગ્લાસ વડે/લોટા વડે માટલા/વાસણમાંથી | ડોયા વડે | |
| ૧. | નજીકના ગામ | ૧૦૦ (૮૩.૩૩) | ૨૦ (૧૬.૬૭) | ૧૨૦ (૧૦૦) |
| ૨. | મધ્યમદૂરીના ગામ | ૧૧૨ (૯૩.૩૩) | ૮ (૬.૬૭) | ૧૨૦ (૧૦૦) |
| ૩. | દૂરના ગામ | ૧૨૦ (૧૦૦) | - | ૧૨૦ (૧૦૦) |
| | **કુલ** | **૩૩૨ (૯૨.૨૨)** | **૨૮ (૭.૭૮)** | **૩૬૦ (૧૦૦)** |

કોષ્ટક ૬.૪ પરથી સ્પષ્ટ દેખાય છે કે ફક્ત નજીકના ગામ અને મધ્યમ દૂરીના ગામના ૭.૭૮% ઉત્તરદાતાઓ ડોયા વડે પીવા માટે પાણી લેતા જોવા મળ્યા હતા એટલે કે પીવાના ગ્લાસ કે લોટાને સંગ્રહીત પીવાના પાણીમાં બોળતા ન હતા.

નિષ્કર્ષમાં કહી શકાય કે ૯૨.૨૨% ઉત્તરદાતાઓ ગ્લાસ કે લોટા વડે સીધુ જ માટલા કે વાસણમાંથી પીવા માટેનું પાણી કાઢે છે.

**ઉત્તરદાતાઓનું ભોજન લેતા પહેલા હાથ ધોવા અંગેનું વલણ :**

પ્રાચીન સંસ્કૃતિ અને આધુનિક વિજ્ઞાન બન્ને એવી દ્રઢ માન્યતા ધરાવે છે કે ભોજન લેતા પહેલા હાથ ધોવા તેમજ ભોજન સ્થાન પણ સ્વચ્છ હોવું એ જરૂરી છે. કારણ કે હાથ વડે કરવામાં આવતા કાર્યો દરમ્યાન સૂક્ષ્મ તેમજ દેખીતો કચરો તેમજ સૂક્ષ્મ જીવાણુ હાથ પર ચોંટ્યા હોય છે. આવા હાથ વડે ભોજન લેતા આ કચરો અને જીવાણું સીધા જ પેટમાં જાય છે જે સ્વાસ્થ્યને હાનિકારક હોય છે, આથી હંમેશા ભોજન લેતા પહેલા હાથ ધોવા એ અનિવાર્ય છે.

સંશોધનકર્તા ક્ષેત્રકાર્યના વિસ્તારનાં ઉત્તરદાતાઓના ભોજન લેતા પહેલા હાથ ધોવા જોઈએ કે નહી તે

અંગેના અભિપ્રાયો કોષ્ટક ૬.૫માં દર્શાવેલ છે.

**કોષ્ટક ૬.૫**

| ક્રમ | ગામનું જૂથ | ઉત્તરદાતાઓનું ભોજન લેતા પહેલા હાથ ધોવા અંગેનું વલણ | | કુલ |
|---|---|---|---|---|
| | | **ઉત્તરદાતાનું વલણ** | | |
| | | **જરૂરી છે** | **જરૂરી નથી** | |
| ૧. | નજીકના ગામ | ૯૩ (૭૬.૬૭) | ૨૭ (૨૩.૩૩) | ૧૨૦ (૧૦૦) |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૮૪ (૭૦) | ૩૬ (૩૦) | ૧૨૦ (૧૦૦) |
| ૩. | દૂરના ગામ | ૫૫ (૪૬.૬૭) | ૬૫ (૫૩.૩૩) | ૧૨૦ (૧૦૦) |
| | **કુલ** | **૨૩૨ (૬૪.૪૪)** | **૧૨૮ (૩૫.૫૬)** | **૩૬૦ (૧૦૦)** |

કોષ્ટક ૬.૫ દર્શાવે છે કે ૨/૩ ભાગથી થોડા ઓછા ઉત્તરદાતાઓ પોતે સ્વચ્છતા અંગે સભાનતા દર્શાવે છે અને ભોજન લેતા પહેલા હાથ ધોવાથી સ્વાસ્થ્ય સારું રહે છે એવી માન્યતા ધરાવે છે. જેમાં નજીકના ગામ અને મધ્યમ દૂરીના ગામના ઉત્તરદાતાઓ અનુક્રમે ૭૬.૬૭% અને ૭૦% છે. જયારે બાકીના ઉત્તરદાતા ભોજન લેતા પહેલા હાથ ધોવા જરૂરી સમજતા નથી. જેમાં ૫૩.૩૩% દૂરના ગામના ઉત્તરદાતા છે.

નિષ્કર્ષમા કહી શકાય કે મોટી સંખ્યામાં ઉત્તરદાતાઓ (૬૪.૪૪%) માને છે કે જમતા પહેલા હાથ ધોવા જરૂરી છે.

### ઉત્તરદાતાઓ કેટલા સમયે સ્નાન કરે છે તેની વિગત :

ભારતીય સંસ્કૃતિમાં દિનચર્યાની શરૂઆત સ્નાનથી થાય છે. જે વ્યક્તિગત સ્વચ્છતાનું મહત્વ દર્શાવે છે. આધુનિક સ્વાસ્થ્ય વિજ્ઞાન પણ આની પૂરતી કરે છે.

ભીલો વિષે લખતા પી.સી. દવે (૧૯૬૦) જણાવે છે કે તેઓ માત્ર ધાર્મિક વિધિ-વિધાનો વખતે જ નાહીને જવું તેટલી જ સ્નાનની અગત્યતા ધરાવે છે. ઉપરાંત તેઓની વ્યક્તિગત સ્વચ્છતા અંગે તેઓ જાગૃત

નથી તેવુ અગાઉના પટેલ અંબાલાલ (૧૯૬૯), શ્રીકાન્ત લક્ષ્મીકાંત (૧૯૬૫), શુકલ ચંદ્રવદન (૧૯૬૭) ના અભ્યાસો દર્શાવે છે.

સંશોધનના ગામોમાં પાણીની અછત જાણવા મળી હતી. દરરોજ સ્નાન ન કરવાના વલણ પાછળ આ પણ એક જવાબદાર કારણ છે.

વ્યક્તિગત સ્વાસ્થ્ય માટે સ્નાન કરવાની જરૂરિયાત અંગેના ઉત્તરદાતાઓના વલણો જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે જેની માહિતી નિમ્ન કોષ્ટક ૬.૬માં દર્શાવેલ છે.

**કોષ્ટક ૬.૬**

**ઉત્તરદાતાઓ કેટલા સમયે સ્નાન કરે છે તેની વિગત**

| **ક્રમ** | **ગામનું જૂથ** | **સ્નાનનો સમયગાળો** | | | | |
|---|---|---|---|---|---|---|
| | | **દરરોજ** | **એકાંતરા દિવસે** | **બે દિવસે** | **ત્રણ દિવસે** | **કુલ** |
| ૧. | નજીકના ગામ | ૪૪<br>(૩૬.૬૭) | ૪૮<br>(૪૦) | ૧૬<br>(૧૩.૩૩) | ૧૨<br>(૧૦) | ૧૨૦<br>(૧૦૦) |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૫૬<br>(૪૬.૬૭) | ૫૨<br>(૪૩.૩૩) | ૧૨<br>(૧૦) | - | ૧૨૦<br>(૧૦૦) |
| ૩. | દૂરના ગામ | ૩૨<br>(૨૬.૬૭) | ૬૦<br>(૫૦) | ૮<br>(૬.૬૭) | ૨૦<br>(૧૬.૬૭) | ૧૨૦<br>(૧૦૦) |
| | **કુલ** | **૧૩૨<br>(૩૬.૬૭)** | **૧૬૦<br>(૪૪.૪૪)** | **૩૬<br>(૧૦)** | **૩૨<br>(૮.૮૯)** | **૧૨૦<br>(૧૦૦)** |

કોષ્ટક ૬.૬ પરથી ફલિત થાય છે કે સમગ્ર ઉત્તરદાતાઓમાંથી ૬૩.૩૩% ઉત્તરદાતાઓ દરરોજ સ્નાન કરતા નથી. તેમાં ૪૪.૪૪% ઉત્તરદાતાઓ એકાંતરા દિવસે સ્નાન કરે છે. જેઓ દરરોજ સ્નાન કરે છે તેવા ૩૬.૬૭% ઉત્તરદાતાઓ એવું માને છે કે સ્વચ્છતાની દ્રષ્ટિએ દરરોજ સ્નાન કરવું જોઈએ.

નિષ્કર્ષમાં કહી શકાય કે ૨/૩ ભાગથી ઓછા ઉત્તરદાતાઓ નિયમિત રીતે દરરોજ સ્નાન કરતા નથી.

### કુદરતી હાજતે ખુલ્લામાં જવાની પસંદગી અંગેનો અભિપ્રાય :

ગુજરાતના આદિવાસીઓ વિશે લક્ષ્મીકાંત શ્રીકાન્ત (૧૯૬૫ પાન .૭) લખે છે કે ‘જંગલ શૌચ જાય છે ત્યારે હાથ પાણી લેતા નથી પણ પાંદડાનો ઉપયોગ કરે છે.’ એ સ્થિતિ આજે જોવા મળતી નથી. સંપૂર્ણ નાબુદ થઈ છે તેમ નહી, પણ મહદંઅંશે નથી તેવું ક્ષેત્રકાર્યમાંથી જાણવા મળ્યું છે.

પ્રકરણ-૪માં ભીલ આદિવાસીઓના ઘરની સુવિધાઓમાં દર્શાવેલ છે તે મુજબ ચાર ઉત્તરદાતા પાસે જાજરૂની વ્યવસ્થા છે તેઓ જ તેનો ઉપયોગ કરે છે, બાકી કોઈ ઉત્તરદાતા પાસે વ્યવસ્થા જોવા મળતી નથી. તેમને તેમની પસંદગી પૂછતા કે ખુલ્લામાં શા માટે જાઓ છો ? જે જવાબો મળ્યા તે કોષ્ટક ૬.૭માં મૂકેલ છે.

**કોષ્ટક ૬.૭**

**ઉત્તરદાતાનો કુદરતી હાજતે ખુલ્લામાં જવાની પસંદગી અંગેનો અભિપ્રાય**

| ક્રમ | ગામનું જૂથ | ઉત્તરદાતાઓ અભિપ્રાય | | | કુલ |
|---|---|---|---|---|---|
| | | સગવડ ન હોવાથી | બંધ જાજરૂમાં ફાવતું નથી | બંધ જાજરૂનો ઉપયોગ કરે છે. | |
| ૧. | નજીકના ગામ | ૧૧૫ (૯૬.૬૭) | ૮૦ (૬૬.૬૭) | ૫ (૩.૩૩) | ૧૨૦ |
| ૨. | મધ્યમ દૂરીના | ૧૨૦ (૧૦૦) | ૯૨ (૭૬.૬૭) | - - | ૧૨૦ |
| ૩. | દૂરના ગામ | ૧૨૦ (૧૦૦) | ૧૦૮ (૯૦) | - | ૧૨૦ |
| | **કુલ** | **૩૫૫ (૯૮.૮૯)** | **૨૮૦ (૭૭.૭૮)** | **૫ (૧.૩૮)** | **૩૬૦** |
| ● એક | કરતા વધુ જવાબો મળેલ છે. | | | | |

કોષ્ટકનું અર્થઘટન કરતા સ્પષ્ટ થાય છે કે ફક્ત એક ઉત્તરદાતાના ઘરમાં શૌચાલયની વ્યવસ્થા છે. બાકીના બધા જ ઉત્તરદાતાઓ શૌચક્રિયા માટે જંગલો કે ખેતરોમાં જાય છે. વ્યવસ્થાના અભાવની સાથે સમાજીકરણની સમગ્ર પ્રક્રિયા દરમ્યાન બાળપણથી તેઓની જે ટેવ ઘડાયેલી છે, તેને તેઓ આધિન છે. આથી કુદરતી હાજતે ખુલ્લામાં જવાનું વલણ વધુ જોવા મળે છે.

નિષ્કર્ષરૂપે કહી શકાય કે બધા જ ઉત્તરદાતાઓ પાસે વ્યવસ્થા નથી માટે ખુલ્લામાં જતા હોવાનું જણાવે છે. પરંતુ તેમાંના મોટાભાગના ઉત્તરદાતાઓને બંધ શૌચાલયમાં જવુ પસંદ નથી.

**કુદરતી હાજત બાદ હાથ ધોવામાં વપરાતી વસ્તુની વિગત :**

સ્વચ્છતાના પ્રાથમિક પાઠમાં શિખવાય છે કે કુદરતી હાજત બાદ સારી રીતે હાથ સાફ કરવા જોઈએ. અભ્યાસક્ષેત્રના ઉત્તરદાતાઓની આ વિષય પરત્વેની જાગૃતિ અહીં કોષ્ટકરૂપે રજુ કરેલ છે.

**કોષ્ટક ૬.૮**

**ઉત્તરદાતાઓ દ્વારા કુદરતી હાજત બાદ હાથ સ્વચ્છ કરવા માટે ઉપયોગમાં લેવાતી વસ્તુની વિગત**

| ક્રમ | ગામનું જૂથ | હાથ સાફ કરવાની વસ્તુ | | | | |
|---|---|---|---|---|---|---|
| | | હાથ ધોતા નથી | રાખ | માટી | સાબુ | કુલ |
| ૧. | નજીકના ગામ | ૬૪ | ૧૨ | ૩૬ | ૮ | ૧૨૦ |
| | | (૫૩.૩૩) | (૧૦) | (૩૦) | (૬.૬૭) | (૧૦૦) |
| ૨. | મધ્યમદૂરી ગામ | ૭૬ | ૧૬ | ૨૮ | - | ૧૨૦ |
| | | (૬૩.૩૩) | (૧૩.૩૩) | (૨૩.૩૩) | | (૧૦૦) |
| ૩. | દૂરના ગામ | ૮૪ | ૪ | ૩૨ | - | ૧૨૦ |
| | | (૭૦) | (૩.૩૩) | (૨૬.૬૭) | | (૧૦૦) |
| | **કુલ** | **૨૨૪** | **૩૨** | **૯૬** | **૮** | **૩૬૦** |
| | | **(૬૨.૨૨)** | **(૮.૮૯)** | **(૨૬.૬૭)** | **(૨.૨૨)** | **(૧૦૦)** |

ઉપરોક્ત કોષ્ટક પરથી જોવા મળે છે કે ૬૨.૨૨% ઉત્તરદાતાઓ કુદરતી હાજત બાદ હાથ ધોતા નથી. જેમાં ઉપલોબંધ અને કરમદી ગામના ઉત્તરદાતાઓ અનુક્રમે ૬૩.૩૩% અને ૭૦% છે. જયારે ૧/૩થી વધુ ઉત્તરદાતા હાથ સ્વચ્છ રાખવા માટે કોઈને કોઈ વસ્તુનો ઉપયોગ કરે છે. કુલ ઉત્તરદાતાઓમાંથી ૨૬.૬૭% માટીથી હાથ સાફ કરે છે. જયારે રાખ અને સાબુથી હાથ સાફ કરતા અનુક્રમે ૮.૮૯% અને ૨.૨૨% ઉત્તરદાતાઓ જોવા મળે છે.

નિષ્કર્ષરૂપે કહી શકાય કે ૬૨.૨૨% ઉત્તરદાતાઓમાં હજી એટલી જાગૃતિ નથી કેળવાઈ કે કુદરતી હાજત બાદ હાથ સાફ કરવા જોઈએ.

**ભોજનમાં માંસના ઉપયોગ અંગેની માહિતી :**

મૂળતઃ આદિવાસી સમાજ જંગલોમાં, નિવાસ કરવાને કારણે ભોજનમાં જંગલી ફળ-ફૂલ અને વનસ્પતિઓનો ઉપયોગ કરે છે. સાથે સાથે જંગલમાં પ્રાણીઓની ઉપલબ્ધિના કારણે શિકાર પણ કરે છે, અને તેના માંસનો ભોજનમાં ઉપયોગ કરે છે. જે તેઓની સામાજિક સાંસ્કૃતિક પરંપરાનો ભાગ છે. ભીલો જે પોતાને રાજપૂતોમાંથી ઉતરી આવેલા માને છે તે રાજપૂત સમાજમાં પણ માંસાહાર સામાન્ય બાબત છે. આ ઉપરાંત સમયાંતરે વાર-તહેવારે દેવી-દેવતા કે પૂર્વજોને ખુશ રાખવા માટે પશુબલી આપવાનો રિવાજ પણ જોવા મળે છે. સગા-સંબંધીઓની આગતા-સ્વાગતા માટે પણ માંસ રંધાતુ જોવા મળે છે તેમ છતાં ભીલ સમાજમાં અમુક પશુઓનું માંસ વર્જ્ય ગણવામાં આવે છે. જેમાં ગાય, ભેંસ, બકરી, હરણ, રોઝ અને

મરેલા પશુનો સમાવેશ થાય છે. આ માંસ શા માટે વર્જ્ય છે ? તેની પાછળનું કોઈ સ્પષ્ટ કારણ જાણવા મળતુ નથી, પરંતુ ગાયનું માંસ ન ખાવા પાછળ હિંદુ ધર્મની માન્યતા અને મૃત પશુ પાછળ રજપૂત હોવાનો અહમ્ અને સ્વાસ્થ્ય કારણભૂત છે તેમ જાણવા મળ્યુ હતું.

ઉપરાંત આ વિસ્તારનાં આદિવાસીઓમાં આઝાદીપછીની સર્વોદય કાર્યોકરોની ચળવળ અને બિનઆદિવાસી સમાજની અસરના કારણે દારૂ- માંસાહારનું પ્રમાણ પહેલા કરતા ઘટેલ છે તેમ જાણવા મળ્યું હતું. અહી ભીલો ખોરાકમાં માંસનો ઉપયોગ ક્યારે કરે છે તે કોષ્ટક ૬.૯માં જણાવવામાં આવ્યું છે.

**કોષ્ટક ૬.૯**

**ઉત્તરદાતાના ભોજનમાં માંસના ઉપયોગ અંગેની માહિતી**

| **ક્રમ** | **ગામનું જૂથ** | **ખોરાકમાં માંસ લેવાનો સમયગાળો** | | | |
|---|---|---|---|---|---|
| | | **અઠવાડિયામાં એકવાર** | **ખાસ પ્રસંગોમાં** | **નિશ્ચિત નથી** | **કુલ** |
| ૧. | નજીકના ગામ | ૧૬ (૧૩.૩૩) | ૧૨૦ (૧૦૦) | ૫૫ (૪૬.૬૭) | ૧૨૦ |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૪૭ (૪૦) | ૧૨૦ (૧૦૦) | ૭૨ (૬૦) | ૧૨૦ |
| ૩. | દૂરના ગામ | ૫ (૩.૩૩) | ૧૨૦ (૧૦૦) | ૨૫ (૬.૬૭) | ૧૨૦ |
| | **કુલ** | **૬૮ (૧૮.૮૯)** | **૩૬૦ (૧૦૦)** | **૧૫૨ (૪૨.૨૨)** | **૩૬૦** |

● એક કરતા વધુ જવાબો મળેલ છે.

કોષ્ટક ૬.૯ પરથી સ્પષ્ટ તરી આવે છે કે બધા જ ઉત્તરદાતાઓ ખાસ પ્રસંગે એટલે કે વાર-તહેવાર કે પૂજા, વિધિ-વિધાન સમયે માંસાહાર કરે છે. આ ઉપરાંત અઠવાડિયામાં એકવાર માંસાહાર કરતા ૧૮.૮૯% ઉત્તરદાતાઓ અને નિશ્ચિત સમયે નહિ પરંતુ જ્યારે ઉપલબ્ધ હોય ત્યારે માંસાહાર કરતા ૪૨.૨૨% ઉત્તરદાતાઓ છે.

નિષ્કર્ષરૂપે કહી શકાય કે જંગલો ઘટવાને કારણે ભીલ સમાજમાં માંસાહારનો સમયગાળો ઓછો-વધતો દેખાય છે. પરંતુ બધા જ ઉત્તરદાતાઓ માંસાહારી તો છે જ.

**ઉત્તરદાતાઓ દ્વારા ઉપયોગમાં લેવાતા પીણાંઓની વિગત :**

ગુજરાતના સમગ્ર આદિવાસી સમાજોમાં ચાનો ઉપયોગ અત્યારે ઘણાં પ્રમાણમાં દેખાય છે. ભીલો પણ હવે ચા નો મોટા પ્રમાણમાં ઉપયોગ કરતાં દેખાય છે, પરંતુ તેમની ચા દૂધ વગરની કાળી હોય છે. અન્ય બિનઆદિવાસી સમાજના વ્યક્તિઓની આગતા-સ્વાગતામાં ચાનો ઉપયોગ જોવા મળે છે. બીજુ મુખ્ય પીણું તો દારૂ છે, જે આદિવાસી સંસ્કૃતિનો એક ભાગ બની ગયુ છે. પૂજા, વિધિ-વિધાન જેવી કોઈપણ ધાર્મિક વિધિઓમાં દારૂને સ્થાન મળેલું છે. ઉપરાંત મહેમાનોની આગતા-સ્વાગતા, હોળી, દિવાળી, શિવરાત્રી જેવા ઉત્સવો, મેળાઓ, જન્મ-મરણની વિધિ દરેક સમયે દારૂનો ભરપૂર ઉપયોગ જોવા મળે છે. ઘરે મહુડા કે ગોળમાંથી તેઓ દારૂ બનાવી લે છે, અથવા ગામમાં બનતા દારૂનો વધુ પ્રમાણમાં ઉપયોગ કરે છે. રાજયની દારૂબંધી નીતિની તેમના પર કોઈ અસર થયેલી દેખાતી નથી. પરંતુ ઉત્તરદાતાઓના મતે હવે દારૂની ગુણવત્તા ઘણી ઉતરતી કક્ષાની જોવા મળે છે. બેટરી, એસિડ જેવી હાનિકારક વસ્તુઓના ઉપયોગથી દારૂ જોખમી બનતો જાય છે, છતાં દારૂ આ સમાજની સાંસ્કૃતિક બાબતોમાં એટલા ઊંડે સુધી પહોંચેલો છે કે તેને કાઢવો અત્યંત મુશ્કેલ છે. અહીં ઉત્તરદાતાઓ દ્વારા ઉપયોગમાં લેવાતા દરરોજના પીણાંની વિગત કોષ્ટક ૬.૧૦ માં રજૂ કરેલ છે.

## કોષ્ટક ૬.૧૦

## ઉત્તરદાતાઓ દ્વારા ઉપયોગમાં લેવાતા પીણાંઓની વિગત

| ક્રમ | ગામનું જૂથ | પીણાંઓ | | | કુલ |
|---|---|---|---|---|---|
| | | ચા | દૂધ | દારૂ | |
| ૧. | નજીકના ગામ | ૧૨૦<br>(૧૦૦) | ૬૯<br>(૫૬.૬૭) | ૩૬<br>(૩૦) | ૧૨૦ |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૧૨૦<br>(૧૦૦) | ૪૮<br>(૪૦) | ૪૧<br>(૩૩.૩૩) | ૧૨૦ |
| ૩. | દૂરના ગામ | ૧૨૦<br>(૧૦૦) | ૩૫<br>(૩૦) | ૫૧<br>(૪૩.૩૩) | ૧૨૦ |
| | **કુલ** | **૩૬૦**<br>**(૧૦૦)** | **૧૫૨**<br>**(૪૨.૨૨)** | **૧૨૮**<br>**(૩૫.૩૬)** | **૩૬૦** |

● એક કરતાં વધુ જવાબો મળેલ છે.

કોષ્ટક પરથી જણાય છે કે બધા જ ઉત્તરદાતાઓ ચાનો દરરોજ પીણાં તરીકે ઉપયોગ કરે છે. વિસ્તારની ખાસિયત મુજબ આ મોટાભાગે કાળી જ બનાવવામાં આવે છે. જેમાં દૂધનો ઉપયોગ નથી થતો. આ

ઉપરાંત ૪૨.૨૨% ઉત્તરદાતાઓ પીણાં તરીકે દૂધનો ઉપયોગ કરે છે. જ્યારે ૩૫.૩૬% ઉત્તરદાતાઓ દરરોજ પીણા તરીકે દારૂનો ઉપયોગ કરે છે.

નિષ્કર્ષરૂપે કહી શકાય કે ચા ભીલ સમાજમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત કરી ચૂકી છે. દારૂ જેવા હાનિકારક પીણાંના ઉપયોગનું પણ મોટુ પ્રમાણ (૩૫.૩૬%) જોવા મળે છે.

### ઉત્તરદાતાઓ દ્વારા વ્યસનના ઉપયોગમાં લેવાતી વસ્તુઓની વિગત :

મોટાભાગના વ્યસનોએ વ્યક્તિએ જાતે ઉભી કરેલી સ્વાસ્થ્યને નુકશાનકારક ટેવ છે, જેમાં નુકશાન વધતા- ઓછા પ્રમાણમાં હોઈ શકે છે. વ્યક્તિ થાક કે અણગમાને ભૂલવા માટે કોઈ નશાકારક વસ્તુ જે તેના જ્ઞાનતંતુઓને ઉત્તેજીત કરે છે તેનું સેવન કરે છે, જે સમયાંતરે તેનું સ્વાસ્થ્ય બગાડે છે. તમાકુના સેવનથી કેન્સર અને દારૂથી લીવરના રોગો થઈ શકે છે તે સર્વ વિદિત છે.

ભીલ સમાજમાં તમાકુ અને દારૂનું વ્યસન મોટા પ્રમાણમાં જોવા મળે છે. ભીલો ઘરે તમાકુ ભરી ખાખરાના પાનની બીડી વાળીને પીતા હતા અને હવે તૈયાર બીડી પીતા જોવા મળે છે, તે જ રીતે તમાકુને ગુટખારૂપે ખાવાનું ચલણ દિન પ્રતિદિન વધતું જાય છે. કહેવાતા આધુનિક સમાજના આ વ્યસને ભીલ સમાજમાં કિશોર અને યુવાન વયના યુવક-યુવતીઓને મોટા પ્રમાણમાં પોતાના ભરડામાં લીધા છે. સંશોધકનાં નિરીક્ષણમાં નજીકના અને મધ્યમ દૂરીના ગામમાં આ જૂથોનો મોટો ભાગ ગુટખાનો ઉપયોગ કરતો જણાયો હતો.

ભીલ સમાજમાં આજ રીતે દારૂનો પણ ભરપૂર ઉપયોગ થાય છે. અભ્યાસમાં આવરી લીધેલ બધા જ ઉત્તરદાતાઓ વાર-તહેવારે દારૂનુ સેવન કરે જ છે. અત્રે કોષ્ટકમાં ઉત્તરદાતાઓ જે વસ્તુઓના વ્યસનરૂપે દરરોજ ઉપયોગ કરે છે, તેની વિગત દર્શાવી છે.

**કોષ્ટક ૬.૧૧**

**ઉત્તરદાતાઓ દ્વારા વ્યસનના ઉપયોગમાં લેવાતી વસ્તુઓની વિગત**

| ક્રમ | ગામનું જૂથ | વ્યસનના ઉપયોગની વસ્તુઓ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | વ્યસન છે | વ્યસન નથી | દારૂ | બીડી | તમાકું (ચાવીને) | મસાલા/ ગુટખા | કુલ |
| ૧. | નજીકના ગામ | ૯૬ (૮૦) | ૨૪ (૨૦) | ૩૬ (૩૦) | ૮૮ (૭૩.૩૩) | ૧૬ (૧૩.૩૩) | ૪૮ (૪૦) | ૧૨૦ |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૧૧૬ (૯૬.૬૭) | ૪ (૩.૩૩) | ૪૦ (૩૩.૩૩) | ૧૦૦ (૮૩.૩૩) | ૩૬ (૩૦) | ૨૮ (૨૩.૩૩) | ૧૨૦ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩. | દૂરના ગામ | ૧૦૮ (૯૦) | ૧૨ (૧૦) | ૫૨ (૪૩.૩૩) | ૮૦ (૬૬.૬૭) | ૩૨ (૨૬.૬૭) | ૧૬ (૧૩.૩૩) | ૧૨૦ |
| | **કુલ** | **૩૨૦ (૮૮.૮૯)** | **૪૦ (૧૧.૧૧)** | **૧૨૮ (૩૫.૩૬)** | **૨૬૮ (૭૪.૪૪)** | **૮૪ (૨૩.૩૩)** | **૯૨ (૨૫.૫૬)** | **૩૬૦** |

● એક કરતા વધુ જવાબો મળેલ છે.

કોષ્ટક ૬.૧૧ પરથી સ્પષ્ટ દેખાય છે કે કુલ ઉત્તરદાતાના ૮૮.૮૯% ને એક કરતા વધારે વ્યસનો છે. જેમાંથી તમાકુ અને તમાકુની બનાવટોનો દરરોજ (બીડી, ચોળીને ખાવાની તમાકુ અને ગુટખા) ઉપયોગ કરે છે તેવા ૭૭.૮૨% ઉત્તરો છે તેમજ કુલ ઉત્તરદાતામાંથી દારૂનું નિયમિત વ્યસન ધરાવતા ૩૫.૩૬% ઉત્તરદાતાઓ જોવા મળ્યા હતા. જેમાંથી દૂરના ગામોના ઉત્તરદાતાઓની સંખ્યા ૪૩.૩૩% છે.

નિષ્કર્ષરૂપે કહી શકાય કે સ્વાસ્થ્યને હાનિકારક ઘણાં વ્યસનો ઉત્તરદાતાઓમાં જોવા મળે છે. જેમાં તમાકુના વ્યસનનું પ્રમાણ સવિશેષ છે તથા દારૂનો ઉપયોગ પણ ૧/૩ ભાગના ઉત્તરદાતાઓ નિયમિત રીતે કરે છે.

**દારૂના ઉપયોગથી આરોગ્યને થતી અસર અંગેની ઉત્તરદાતાઓની જાણકારી :**

આદિવાસી સમાજના મુખ્ય લક્ષણો જણાવતાં લક્ષ્મીકાંત શ્રીકાંત (૧૮૬૫- પાન-૪) જણાવે છે કે ‘‘તેઓ દારૂ અને નૃત્યના શોખીન હોય છે.’’ આમ દારૂ તેમની સંસ્કૃતિનો ભાગ બની ચૂક્યો છે. તહેવારો, મેળાઓ કે ધાર્મિક વિધિ-વિધાનો દારૂ વિનાના સંભવી શકતા નથી. આ રીતે દારૂ તેમની જીવન પધ્ધતિમાં વણાઈ ગયો છે. આ દારૂના સેવનથી સ્વાસ્થ્યને ઘણી ગંભીર અસરો થઈ શકે છે. આ અસરોની જાણકારી ભીલ ઉત્તરદાતાઓમાં છે કે નહી તે કોષ્ટક - ૬.૧૨માં દર્શાવ્યું છે.

**કોષ્ટક ૬.૧૨**

**દારૂના ઉપયોગથી આરોગ્યને થતી અસર અંગેની ઉત્તરદાતાઓની જાણકારીની વિગત**

| **ક્રમ** | **ગામનું જૂથ** | **વિગત** | | **કુલ** |
|---|---|---|---|---|
| | | **સ્વાસ્થ્યને ખરાબ અસર થાય છે** | **સ્વાસ્થ્યને થતી અસર વિશે અજાણ છે.** | |
| ૧. | નજીકના ગામ | ૧૦૩ (૮૬.૬૭) | ૧૭ (૧૩.૩૩) | ૧૨૦ (૧૦૦) |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૭૨ (૬૦) | ૪૮ (૪૦) | ૧૨૦ (૧૦૦) |

| | | | | |
|---|---|---|---|---|
| ૩. | દૂરના ગામ | ૫૩<br>(૪૩.૩૩) | ૬૭<br>(૫૬.૬૭) | ૧૨૦<br>(૧૦૦) |
| | **કુલ** | **૨૨૮**<br>**(૬૩.૩૩)** | **૧૩૨**<br>**(૩૬.૬૭)** | **૩૬૦**<br>**(૧૦૦)** |

કોષ્ટક ૬.૧૨થી ફલિત થાય છે કે ૨/૩ ભાગથી સહેજ ઓછા (૬૩.૩૩%) ઉત્તરદાતાઓ દારૂથી સ્વાસ્થ્ય પર વિપરીત અસર થાય છે, એટલે કે દારૂ પીનાર વ્યક્તિ રોગોનો ભોગ બની શકે છે તેમ જણાવે છે. જયારે ૩૬.૬૭% ઉત્તરદાતાઓએ દારૂની અસર વિશે પોતાનું અજ્ઞાન દર્શાવ્યુ હતું. તેઓને દારૂની સ્વાસ્થ્ય પર કઈ જાતની અસર થઈ શકે છે તેની જાણકારી ન હતી. દારૂની સ્વાસ્થ્ય પરની અસર ન જાણનારનાં સૌથી  મોટી સંખ્યા (૫૬.૬૭%) દૂરના ગામની અને ૪૦% મધ્યમ દૂરીના ગામની હતી. બિનઆદિવાસી સમાજનો સંપર્ક અને શિક્ષણની અસરના કારણે નજીકના ગામના મોટાભાગના (૮૬.૬૭%) ઉત્તરદાતાઓ દારૂની સ્વાસ્થ્ય પરની વિપરીત અસરથી જાણકાર હતા.

નિષ્કર્ષરૂપે કહી શકાય કે ૨/૩ ભાગથી થોડા ઓછા ઉત્તરદાતાઓ દારૂની સ્વાસ્થ્ય વિષયક નકારાત્મક અસરોથી માહિતગાર હતા.

**ઉત્તરદાતાઓના મતે સ્ત્રીઓમાં માસિકધર્મ/રજસ્વલા માટેના જવાબદાર કારણોની વિગત :**

છોકરી / સ્ત્રીને માસિકધર્મ આવતા ''ફિરકા આવ્યા'', ''ફિરકે આવી'' કહેવાય છે. ઉત્તરદાતાઓના

વિચારોમાં માસિકધર્મ આવ્યાના કારણો વિષયક ઉત્તરદાતાઓનો મત જાણવાનો પ્રયત્ન કરતા જાણવા મળેલ વિગતો કોષ્ટકમાં રજુ કરી છે.

**કોષ્ટક ૬.૧૩**

**સ્ત્રીઓની રજસ્વલા સ્થિતિ માટેના જવાબદાર કારણો અંગે ઉત્તરદાતાના વિચારો**

| ક્રમ | ગામનું જૂથ | ઉત્તરદાતાઓનો અભિપ્રાય | | | કુલ |
|---|---|---|---|---|---|
| | | પ્રાકૃતિક છે | માંદગીનું ચિન્હ છે. | ખબર નથી | |
| ૧. | નજીકના ગામ | ૯૨ (૭૬.૬૭) | ૨૪ (૨૦) | ૪ (૩.૩૩) | ૧૨૦ (૧૦૦) |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૭૨ (૬૦) | ૪૮ (૪૦) | -- | ૧૨૦ (૧૦૦) |
| ૩. | દૂરના ગામ | ૩૩ (૨૬.૬૭) | ૭૯ (૬૬.૬૭) | ૮ (૨.૬૭) | ૧૨૦ (૧૦૦) |
| | **કુલ** | **૧૯૭ (૫૪.૪૪)** | **૧૫૧ (૪૨.૨૩)** | **૧૨ (૩.૩૩)** | **૩૬૦ (૧૦૦)** |

કોષ્ટક નં.૬.૧૩ પરથી સ્પષ્ટ થાય છે કે ૫૪.૪૪% ઉત્તરદાતાઓ સ્ત્રીની રજસ્વલા સ્થિતિને પ્રાકૃતિક માને છે. રજસ્વલા સ્થિતિ પ્રાકૃતિક છે તેવું જણાવતા સૌથી વધુ (૭૬.૬૭%) ઉત્તરદાતાઓ નજીકના ગામના અને સૌથી ઓછા (૨૬.૬૭%) દૂરના ગામોના જોવા મળ્યા હતા. જયારે ૪૪.૨૩% ઉત્તરદાતાઓ આ સ્થિતિને માંદગી/બિમારી ગણે છે. બાકીના ઉત્તરદાતાઓ આ બાબતમાં મૌન સેવે છે.

નિષ્કર્ષમાં કહી શકાય કે ૫૪.૪૪% ઉત્તરદાતાઓ સ્ત્રીની રજસ્વલા સ્થિતિને પ્રાકૃતિક માને તેટલી વૈજ્ઞાનિક સમજ ધરાવે છે. તેમાં નજીકના ગામના ઉત્તરદાતાઓ સૌથી વધુ છે.

**સ્ત્રી પ્રથમવાર રજસ્વલા બને તે સમયે અપનાવાતી વિધિ અંગેની વિગત :**

કન્યાના માસિકધર્મની શરૂઆતથી તે પુખ્ત બને છે તેવી બધા જ ભીલોની માન્યતા છે. ભીલ સમાજમાં આ સમયે છોકરીની માતા કે તેની સખીઓ તેને રજસ્વલા સ્થિતિ અંગેની સમજ આપતી હોય છે. તે દિવસે છોકરીની સખીઓ કે માતા તેને માથાબોળ સ્નાન કરાવે છે. તેણે રજસ્વલા સ્થિતિમાં પાળવાના નિષેધો વિશે સમજાવે છે. ઘી કે તેલની જાગેરી (સુખડી) બનાવી છોકરીને ખવરાવે છે અને આજુબાજુના સગોત્ર ઘરોમાં આપવામાં આવે છે. ભોળા પાસેથી દોરો મંત્રાવીને લાવવામાં આવે છે, અને છોકરીના કાંડા પર બાંધી

દેવાય છે. ભીલોની માન્યતા છે કે માસિકમાં આવતું લાલ લોહી જોઈ ભૂત-પ્રેત તેના તરફ આકર્ષાઈ તેને હેરાન કરે છે, તેમ ન બને તે માટે દોરો બાંધવામાં આવે છે. જો કે, આ માન્યતા પ્રથમ માસિક સ્ત્રાવ વખતે જ જોવા મળે છે, જે અલૌકિક શક્તિના ભયનું પ્રતિબિંબ છે. સમયની સાથે સમાજમાં ઘણાં પરિવર્તનો આવે છે. ભીલોમાં પણ થોડું પરિવર્તન દેખાય છે, દર્શાવ્યા મુજબની કોઈ વિધિઓ આ સમાજમાં થાય છે કે નહી તે જાણતા મળેલ વિગતો કોષ્ટક ૬.૧૪માં રજુ કરેલ છે.

**કોષ્ટક ૬.૧૪**

**સ્ત્રી પ્રથમવાર રજસ્વલા બને તે સમયે અપનાવાતી વિધિઓ અંગે ઉત્તરદાતાના અભિપ્રાય**

| **ક્રમ** | **ગામનું જૂથ** | **વિગત**<br>**હા, વિધિ થાય છે** | **ના, વિધિ થતી નથી.** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧. | નજીકના ગામ | ૧૦૮<br>(૯૦) | ૧૨<br>(૧૦) | ૧૨૦<br>(૧૦૦) |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૧૨૦<br>(૧૦૦) | - | ૧૨૦<br>(૧૦૦) |
| ૩. | દૂરના ગામ | ૧૨૦<br>(૧૦૦) | - | ૧૨૦<br>(૧૦૦) |
| | **કુલ** | **૩૪૮**<br>**(૯૬.૬૭)** | **૧૨**<br>**(૩.૩૩)** | **૩૬૦**<br>**(૧૦૦)** |

કોષ્ટક ૬.૧૪ પરથી સ્પષ્ટ થાય છે કે ૯૬.૬૭% ઉત્તરદાતાઓના મત પ્રમાણે સમાજની સમગ્ર વિધિઓ કરવામાં આવે છે, જયારે નજીકના ગામોના ૩.૩૩% ઉત્તરદાતાઓ જણાવે છે કે કોઈપણ પ્રકારની વિધિ કરવામાં આવતી નથી.

નિષ્કર્ષરૂપે કહી શકાય કે નજીકના ગામોના ૧૦% ઉત્તરદાતાઓ સિવાયના બધા જ ઉત્તરદાતાઓ વિધિઓ કરે છે જે તેમની અલૌકિક શક્તિ પરની આસ્થા કે ભય પ્રદર્શિત કરે છે.

### રજસ્વલા સ્ત્રીએ કૌટુંબિક અને સામાજિક, ધાર્મિક વ્યવહારોમાં પાળવી પડતી માન્યતાઓ :

ભીલ સમાજમાં રજસ્વલા સ્ત્રી સામાન્ય કરતા જુદી સ્થિતિમાં છે તેવુ માનવામાં આવે છે. સમગ્ર ઉત્તરદાતાઓના મતે રજસ્વલા સ્ત્રીએ અમુક બંધનો પાળવા જોઈએ, તેમ જાણવા મળ્યું હતું. આધુનિક વિજ્ઞાન અનુસાર રજસ્વલા સ્ત્રીની શારીરિક-માનસિક સ્થિતિ સામાન્ય કરતા થોડી અલગ હોય છે. પેટ અને પેઢુનો દુ:ખાવો અને બેચેની હોવાથી માનસિક રીતે પણ વિક્ષુબ્ધ રહે છે અને તેના પરના નિયંત્રણો બિલકુલ

ગેરવ્યાજબી છે. પરંતુ આ વાત ભીલ સમાજ સ્વીકારવા તૈયાર નથી દેખાતો. તેઓના મતે નિષેધો હોવા જ જોઈએ, પરંતુ તે પાછળના કારણોથી તેઓ અજાણ જણાયા હતા. આ સમયમાં સ્ત્રી શારીરિક રીતે શુધ્ધ નથી હોતી તેવુ તેમનું સ્પષ્ટ મંતવ્ય જોવા મળે છે.

રજસ્વલા સ્ત્રીએ કેવા પ્રકારના સામાજિક-ધાર્મિક નિષેધો પાળવા પડે છે તે અત્રે કોષ્ટક ૬.૧૫માં દર્શાવ્યુ છે.

**કોષ્ટક ૬.૧૫**

**રજસ્વલા સ્ત્રીએ કૌટુંબિક અને સામાજિક, ધાર્મિક વ્યવહારોમાં પાળવી પડતી માન્યતાઓ અંગે ઉત્તરદાતાના અભિપ્રાયો**

| ક્રમ | ગામનું જૂથ | માન્યતાઓ | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | રસોડું, પાણિયારું જેવી જગ્યાએ ન જઈ શકાય | ભારે ખોરાક અને વધુ તેલ મરચા વાળો ખોરાક ન લેવો | જમીન પર સૂઈ રહેવું | મંદિર કે દેવ જેવી જગ્યાએ દર્શન માટે ન જવું | ધાર્મિક કે શુભ વિધિ-વિધાનોમાં ભાગ ન લેવો | અન્ય | |
| ૧. | નજીકના ગામ | ૧૨ (૧૦) | ૭૫ (૬૩.૩૩) | ૫૬ (૪૬.૬૭) | ૧૨૦ (૧૦૦) | ૧૨૦ (૧૦૦) | ૩૨ (૨૬.૬૭) | ૧૨૦ |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૩૧ (૨૬.૬૭) | ૫૭ (૪૬.૬૭) | ૩૩ (૨૬.૬૭) | ૧૦૮ (૯૦) | ૮૭ (૭૩.૩૩) | ૨૪ (૨૦) | ૧૨૦ |
| ૩. | દૂરના ગામ | ૩૭ (૧૩.૩૩) | ૩૬ (૩૦) | ૪૫ (૩૬.૬૭) | ૧૨૦ (૧૦૦) | ૧૦૫ (૮૬.૬૭) | ૪૮ (૪૦) | ૧૨૦ |
| | **કુલ** | **૬૦ (૧૬.૬૭)** | **૧૬૮ (૪૬.૬૭)** | **૧૩૨ (૩૬.૬૭)** | **૩૪૮ (૯૬.૬૭)** | **૩૧૨ (૮૬.૬૭)** | **૧૬૪ (૨૮.૮૯)** | **૩૬૦** |

● એક કરતા વધુ જવાબો મળેલ છે.

કોષ્ટક ૬.૧૫ પરથી સ્પષ્ટ દેખાય છે કે રજસ્વલા સ્ત્રીએ સામાજિક-ધાર્મિક નિષેધો પાળવા પડે છે. કુલ મળેલ ઉત્તરોના ૫૮.૭૨% ઉત્તરોમાં સ્ત્રીઓને ધાર્મિક વિધિ વિધાનો અને દેવદર્શન જવાનો નિષેધ દર્શાવવામાં આવ્યો છે. ૧૯.૯૫% ઉત્તરોમાં સ્ત્રીને ખોરાકમાં ફેરફાર સૂચવવામાં આવ્યો છે, ભારે અને તેલ-મરચાનો વધારે ઉપયોગ કરવાનો નિષેધ કરવામાં આવે છે. જયારે ૧૭.૦૮% ઉત્તરો સ્ત્રીને રસોડા કે પાણિયારા પર

જવાનો નિષેધ હોય છે અને સ્ત્રીને જમીન પર સૂઈ રહેવાની ફરજ પાડવામાં આવે છે.

નિષ્કર્ષરૂપે કહી શકાય કે રજસ્વલા સ્ત્રીઓ પરના મોટાભાગના પ્રતિબંધો સાંસ્કૃતિક અને ધાર્મિક ખ્યાલોને લગતા છે.

**રજસ્વલા સ્ત્રીના ખોરાકમાં ફેરફાર માટેના ઉત્તરદાતાના વિચારો :**

સ્ત્રીની રજસ્વલા સ્થિતિ વખતે તેના શરીરમાંથી ક્યારેક ખાસ્સુ લોહી વહી જવાથી તકલીફ થાય છે, ક્યારે પગ અને કમરનો સખત દુઃખાવો તેને પજવે છે અને અશક્તિ મહેસુસ કરતી હોય છે. આ સ્થિતિમાં ખોરાકમાં કોઈ ફેરફાર કરવામાં આવે છે કે નહીં તે ઉત્તરદાતાઓ પાસેથી જાણવાનો અત્રે પ્રયત્ન કરેલો છે.

**કોષ્ટક ૬.૧૬**

**રજસ્વલા સ્ત્રીના ખોરાકમાં ફેરફાર માટેના ઉત્તરદાતાના વિચારો**

| **ક્રમ** | **ગામનું જૂથ** | **વિગત: હા, ફેરફાર થાય છે** | **વિગત: ના, ફેરફાર કરાતી નથી** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧. | નજીકના ગામ | ૭૬ (૬૩.૩૩) | ૪૪ (૩૬.૬૭) | ૧૨૦ (૧૦૦) |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૫૬ (૪૬.૬૭) | ૬૪ (૫૩.૩૩) | ૧૨૦ (૧૦૦) |
| ૩. | દૂરના ગામ | ૩૬ (૩૦) | ૮૪ (૭૦) | ૧૨૦ (૧૦૦) |
| | **કુલ** | **૧૬૮ (૪૬.૬૭)** | **૧૯૨ (૫૩.૩૩)** | **૩૬૦ (૧૦૦)** |

કોષ્ટક ૬.૧૬ પરથી સ્પષ્ટ થાય છે કે કુલ ઉત્તરદાતામાંથી ૫૩.૩૩% ઉત્તરદાતાઓ જણાવે છે કે રજસ્વલા સ્ત્રીના ખોરાકમાં કોઈ ફેરફાર નથી કરતા પણ સામાન્ય ખોરાક જ આપે છે. જયારે ૪૬.૬૭% ઉત્તરદાતાઓ રજસ્વલા સ્ત્રીના ખોરાકમાં ફેરફાર કરાય છે તેમ જણાવે છે. આ સમયે કઠોળનો તેઓ ખાસ ઉપયોગ કરે છે અને જાગેરી (સુખડી) સ્ત્રીને અપાય છે અને ઘી- ગોળનો ભોજનમાં વધારે સમાવેશ કરવામાં આવે છે.

ગામ પ્રમાણે જોતાં નજીકના ગામોના સૌથી વધુ ઉત્તરદાતાઓ સ્ત્રીઓને પૌષ્ટિક ખોરાક આ સમયે આપવો જોઈએ તેવું માને છે, બીજા ક્રમ પર મધ્યમ દૂરીના ગામો અને સૌથી ઓછા ઉત્તરદાતા દૂરના

ગામોના ખોરાકમાં ફેરફારની તરફેણ કરતા દેખાય છે.

નિષ્કર્ષમાં કહી શકાય કે ૧/૨થી થોડા ઓછા (૪૬.૬૭%) ઉત્તરદાતાઓ રજસ્વલા સ્ત્રીના ખોરાકમાં ફેરફાર કરવામાં આવે છે તેમ જણાવે છે.

**ઉત્તરદાતાઓના મતે સ્ત્રીઓ દ્વારા માસિકધર્મના દિવસોમાં સ્વચ્છતા માટે અપનાવાતી રીત અંગેના વિચારો :**

રજોસ્ત્રાવ સ્થિતિ દરમ્યાન સ્ત્રીઓ સામાન્યતઃ સ્વચ્છતા પ્રત્યે વધારે સભાન રહે છે. આ સ્થિતિમાં સજાગ રહેવા પાછળ ચામડીના કે અન્ય અસ્વચ્છતાથી જન્મતા રોગો ન થાય તે કારણ છે. સંશોધનકર્તાએ અગાઉના સંશોધનક્ષેત્રના વસવાટ દરમ્યાન જાણેલું કે રજોસ્ત્રાવ સ્થિતિની ભીલ સ્ત્રીઓ મોટા ભાગે પહેરેલા કપડાથી જ સ્ત્રાવને સાફ કરી નાખતી હોય છે, સ્વચ્છતાનું આ ધોરણ અત્યારે કેવું છે તે જાણવાનો પ્રયત્ન કરતા મળેલ વિગતો અત્રે કોષ્ટકરૂપે પ્રસ્તુત છે.

**કોષ્ટક ૬.૧૭**

**ઉત્તરદાતાઓના મતે સ્ત્રીઓ દ્વારા માસિકધર્મના દિવસોમાં સ્વચ્છતા માટે અપનાવાતી રીત અંગેના વિચારો**

| ક્રમ | ગામનું જૂથ | વિગત | | | કુલ |
|---|---|---|---|---|---|
| | | કોઈ પધ્ધતિ અપનાવતી નથી | ઉપવસ્ત્ર પહેરે છે. | ઉપવસ્ત્ર પહેરે છે અને કપડાનો ઉપયોગ કરે છે. | |
| ૧ | નજીકના ગામ | ૨૪ (૨૦) | ૭૬ (૬૩.૩૩) | ૨૦ (૧૬.૬૭) | ૧૨૦ (૧૦૦) |
| ૨. | મધ્યમદૂરીના ગામ | ૫૨ (૪૩.૩૩) | ૪૦ (૩૩.૩૩) | ૨૮ (૨૩.૩૩) | ૧૨૦ (૧૦૦) |
| ૩. | દૂરના ગામ | ૭૨ (૬૦) | ૩૬ (૩૦) | ૧૨ (૧૦) | ૧૨૦ (૧૦૦) |
| | **કુલ** | **૧૪૮ (૪૧.૧૧)** | **૧૫૨ (૪૨.૨૨)** | **૬૦ (૧૬.૬૭)** | **૩૬૦ (૧૦૦)** |

કોષ્ટક ૬.૧૭ પરથી સ્પષ્ટ દેખાય છે કે કુલ ઉત્તરદાતાઓમાંથી ૪૧.૧૧% ઉત્તરદાતાઓ જણાવે છે કે રજસ્વલા સ્થિતિમાં પ્રજનન ભાગોની સ્વચ્છતા માટે સ્ત્રીઓ કોઈ પધ્ધતિ અપનાવતી નથી એટલે કે પહેરેલ વસ્ત્ર (ઘાઘરો) થી જ સ્ત્રાવ સાફ કરતી હોય છે. જયારે ૪૨.૨૨% ઉત્તરદાતાના કુટુંબનો સ્ત્રી વર્ગ આ સમયે

ઉપવસ્ત્ર પહેરી સ્વચ્છતા જાળવે છે. બાકીના ૧૬.૬૭% ઉત્તરદાતાઓ જણાવે છે કે સ્ત્રીઓ ઉપવસ્ત્ર તો પહેરે જ છે સાથે કાપડનો પણ સ્વચ્છતા માટે ઉપયોગ કરે છે.

ગામ પ્રમાણે ઉત્તરદાતાના અભિપ્રાયો જોઈએ તો ઉપવસ્ત્રનો અને ઉપવસ્ત્ર સાથે કાપડનો પણ સ્વચ્છતા માટે ઉપયોગ નજીકના ગામો અને મધ્યમ દૂરીના ગામોના ૭૭.૩૬% ઉત્તરદાતાઓના કુટુંબમાં થતો જોવા મળે છે. જયારે દૂરના ગામોમાં આ સ્વચ્છતા પ્રત્યેની જાગૃતિ ત્રણેય ગામોની સરખામણીમાં સૌથી ઓછી છે.

નિષ્કર્ષરૂપે જોઈએ તો ૫૮.૮૯% ઉત્તરદાતાના કુટુંબની સ્ત્રીઓ રજસ્વલા સ્થિતિમાં સ્વચ્છતા માટે પગલાં લેતી જણાય છે. બાકીના ઉત્તરદાતાઓના કુટુંબમાં આ સ્વચ્છતાનો ખ્યાલ વિકસિત થયેલો જણાતો નથી.

**રજસ્વલા સ્ત્રી સાથે શારીરિક/જાતીય સંબંધ બાંધવા અંગેના ઉત્તરદાતાઓના અભિપ્રાયની વિગત :**

સમગ્ર ઉત્તરદાતાઓએ રજસ્વલા સ્ત્રી સાથે જાતીય/શારીરિક સંબંધ ન બાંધી શકાય તેવું મંતવ્ય દર્શાવ્યુ હતું. આ મતની પાછળની તેમની માન્યતા જાણતા મળેલ કારણો કોષ્ટક ૬.૧૮માં દર્શાવેલ છે.

**કોષ્ટક ૬.૧૮**

**રજસ્વલા સ્ત્રી સાથે શારીરિક/જાતીય સંબંધ બાંધવા અંગેના ઉત્તરદાતાઓના અભિપ્રાયની વિગત**

| ક્રમ | ગામનું જૂથ | ઉત્તરદાતાઓનો અભિપ્રાય | | | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | અસ્વચ્છતાને કારણે | માતાજી/ દેવની મનાઈ હોવાથી | જાતીય રોગ ન થાય માટે | સ્ત્રીની શારીરિક સ્થિતિ નબળી હોવાથી | |
| ૧. | નજીકના ગામ | ૧૧૧ | ૪૦ | ૬૪ | ૭૬ | ૧૨૦ |
| | | (૯૩.૩૩) | (૩૩.૩૩) | (૫૩.૩૩) | (૬૩.૩૩) | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨. | મધ્યમદૂરીના ગામ | ૭૬<br>(૬૩.૩૩) | ૮૭<br>(૭૩.૩૩) | ૧૧૬<br>(૯૬.૬૭) | ૨૦<br>(૧૬.૬૦) | ૧૨૦ |
| ૩. | દૂરના ગામ | ૨૯<br>(૨૩.૩૩) | ૯૭<br>(૭૦) | ૧૦૮<br>(૯૦) | ૮<br>(૬.૬૭) | ૧૨૦ |
| | **કુલ** | **૨૧૬**<br>**(૬૦)** | **૨૬૪**<br>**(૭૩.૩૩)** | **૨૮૮**<br>**(૮૦)** | **૧૦૪**<br>**(૨૮.૮૯)** | **૩૬૦** |

● એક કરતા વધુ જવાબો મળેલ છે.

કોષ્ટક ૬.૧૮ પરથી સ્પષ્ટ દેખાય છે કે ઉત્તરદાતાઓ રજસ્વલા સ્ત્રી સાથેના શારીરિક સંબંધ ન બાંધવા પાછળના એક કરતા વધારે કારણો દર્શાવે છે. ૮૦% ઉત્તરદાતાઓનું એવું માનવું છે કે આ પ્રકારના સંબંધથી જાતીય રોગ થાય છે. આ નિષેધ તેઓના સમાજમાં પરાપૂર્વથી ચાલ્યો આવે છે અને કોઈપણ પુરુષ કે સ્ત્રી જાતીય રોગનો શિકાર બને તો આ કારણથી રોગ થયો હશે તેમ મનાય છે. આ ઉપરાંત ૭૩.૩૩% ઉત્તરદાતાઓ જણાવે છે કે માતાજી/દેવની મનાઈ છે, એટલે કે આ જાતીય સંબંધ નિષેધને એક ધાર્મિક - સાંસ્કૃતિક સ્વરૂપ મળી ચૂકયુ છે. જેના કારણે મોટા ભાગના ઉત્તરદાતાઓ આ સંબંધથી દૂર જ રહે છે. જયારે સ્ત્રીની શારીરિક નબળાઈ અને સ્ત્રી અસ્વચ્છ હોય છે તે કરણોથી જાતીય સંબંધ નથી બાંધતા તેવા ૩૬.૭૦% જવાબો મળ્યા હતા.

નિષ્કર્ષરૂપે કહી શકાય કે સમગ્ર ઉત્તરદાતાઓ રજસ્વલા સ્થિતિમાં શારીરિક / જાતીય સંબંધ ન બાંધવા પાછળના ઘણા કારણો જણાવે છે પરંતુ તેની પાછળ આરોગ્ય સુરક્ષા હશે, નિષેધ દેવ/માતાજીની મનાઈ કે અસ્વચ્છતા જેવા કારણો આરોગ્ય ન બગડે માટે ઘડવામાં આવ્યા હોય અને તેને સાંસ્કૃતિક / ધાર્મિક સ્વરૂપ અપાયુ હશે તેમ કહી શકાય.

### માસિક ધર્મના દિવસોમાં પડતી તકલીફને નિવારવા અંગેના ઉત્તરદાતાઓના વિચારો :

રજસ્વલા સ્ત્રીને જુદી-જુદી અનેક તકલીફો થતી હોય છે. આ ક્ષેત્રના ભીલ સ્ત્રીઓની તકલીફો વિશે જાણતા જોવા મળ્યુ હતું કે, સ્ત્રીઓને પગ અને કમરમાં સખત દુઃખાવો થવો, સ્ત્રાવનું પ્રમાણ વધારે હોય તો ખૂબ જ નબળાઈ લાગવી, બેચેની, ચક્કર આવવા જેવી અનેક તકલીફો માસિકધર્મ સમયે થતી જોવા મળે છે. આ તકલીફોના નિવારણ માટે ભીલો વીર કે પૂર્વજોની બાધા-માનતા અને પૂજા કરે છે. માટીનો ઘોડો કે મરઘુ ચઢાવે છે. ઉપરાંત ભૂવા પાસેથી મંત્રેલા દાણા લવાય છે જે પાણીમાં નાખી તે પાણી તકલીફ હોય છે તે સ્ત્રીને પીવરાવી દેવામાં આવે છે, જેના બદલે ભૂવાને દેવને ચઢાવવા નાળિયેર-અગરબત્તી જેવો પૂજાપો આપવો પડે છે. હવે અમુક જગ્યાએ ભૂવાઓ ઘરના મંદિરમાં આવી કોઈપણ રોગની સારવાર પછી પૈસા

મૂકાવતા પણ ક્ષેત્રકાર્ય દરમ્યાન જોવા મળ્યા છે. ભીલોમાં વાનસ્પતિક ઔષધ જાણનારાઓ પણ તકલીફવાળી રજસ્વલા સ્ત્રીની દવા કરે છે. દવા વિશે સંશોધકે જાણવાની કોશીષ કરેલી પરંતુ જાણકારની મનાઈના લીધે શક્ય નહોતુ બની શકયુ. આ ઉપરાંત ઘરગથ્થુ ઈલાજ પણ થતા હોય છે તેમ જાણવા મળ્યું. ઉત્તરદાતાઓના કુટુંબમાં રજસ્વલા સ્ત્રીની શારીરિક તકલીફમાં શા શા પગલાં લેવામાં આવે છે તે અંગેની માહિતી અત્રે કોષ્ટકમાં રજુ કરેલ છે.

## કોષ્ટક ૬.૧૯

## માસિક ધર્મના દિવસોમાં પડતી તકલીફને નિવારવા અંગેના ઉત્તરદાતાઓના વિચારો

| **ક્રમ** | **ગામનું જૂથ** | **વિગત** | | | | | **કુલ** |
|---|---|---|---|---|---|---|---|
| | | **કંઈ નથી કરતા** | **ઘરગથ્થુ ઉપચાર** | **ડૉક્ટર પાસે** | **ભૂવા પાસે** | **બાધા રાખે છે** | |
| ૧. | નજીકના ગામ | ૮ | ૨૮ | ૪ | ૮૭ | ૯૬ | ૧૨૦ |
| | | (૬.૬૭) | (૨૩.૩૩) | (૩.૩૩) | (૭૩.૩૩) | (૮૦) | |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૩૨ | ૫૨ | - | ૮૫ | ૭૬ | ૧૨૦ |
| | | (૨૬.૬૭) | (૪૩.૩૩) | | (૭૦) | (૬૩.૩૩) | |
| ૩. | દૂરના ગામ | ૧૨ | ૩૬ | - | ૧૦૦ | ૧૦૮ | ૧૨૦ |
| | | (૧૦) | (૩૦) | | (૮૩.૩૩) | (૯૦) | |
| | **કુલ** | **૫૨** | **૧૧૬** | **૪** | **૨૭૨** | **૨૮૦** | **૩૬૦** |
| | | **(૧૪.૪૪)** | **(૩૨.૨૨)** | **(૧.૧૧)** | **(૭૫.૫૬** | **(૭૭.૭૮)** | |

● એક કરતાંવધુ જવાબો મળેલ છે.

કોષ્ટક ૬.૧૯ પરથી સ્પષ્ટ થાય છે કે ૮૫.૫૬% ઉત્તરદાતાઓ રજસ્વલા સ્ત્રીઓની શારીરિક મુશ્કેલી નિવારણ માટે એક કરતા વધારે પગલા લે છે. બાકીના ઉત્તરદાતાઓ આ તકલીફની કોઈ સારવાર કરાવતા નથી. જે ઉત્તરદાતાઓ સારવાર લે છે તેમાંના ૯૦.૯૧% ખત્રી કે વિરની બાધા-માનતા રાખે છે. સ્ત્રીને સારું થતા ખત્રી કે વિરની પૂજા અને ક્યારેક નૈવેદ્ય સ્વરૂપે મરઘુ ચઢાવે કે માટીનો ઘોડો ચઢાવે છે. તે ઉપરાંત ૮૮.૩૧% ઉત્તરદાતાઓ ભૂવા પાસે દાણા મંત્રાવી તેનું પાણી તકલીફવાળી સ્ત્રીને પાય છે, જયારે ૩૭.૬૬% ઉત્તરદાતાઓ ઘરગથ્થુ ઉપચાર કરે છે. નજીકના ગામના ચાર ઉત્તરદાતા આવી તકલીફ વખતે સ્ત્રીને ડૉક્ટર પાસે લઈ જાય છે તેવું કોષ્ટક પરથી ફલિત થાય છે.

ગામો પ્રમાણે જોઈએ તો રજસ્વલા સ્ત્રીની સારવાર કરતા ઉત્તરદાતાઓમાંથી બાધા માનતા રાખતા

અને ભૂવા પાસે જઈ અલૌકિક શક્તિને વશમાં લેવા કે ખુશ કરવા પ્રયત્ન કરનારનો સૌથી મોટો વર્ગ છે. તેમાં દૂરના ગામોના સૌથી વધુ ૯૬.૩૦% ઉત્તરદાતાઓ છે. જે સૌથી દૂરના અને અલિપ્ત ગામો છે. તેના પ્રમાણમાં મધ્યમ દૂરીના અને નજીકના ગામો જે નજીકના અને રોડથી જોડાયેલા ગામો છે. તેમાં અલૌકિક શક્તિ સંબંધિત સારવાર લેનાર ઓછા છે.

આમ સ્વાસ્થ્ય ચાલનમાં અલૌકિક શક્તિઓને ચાલક તરીકે પૂજતા સૌથી વધુ ઉત્તરદાતાઓ દૂરના ગામો ત્યારબાદ નજીકના ગામો અને મધ્યમ દૂરીના ગામોમાં દેખાય છે.

નિષ્કર્ષરૂપે કહી શકાય કે મોટાભાગના (૮૫.૫૬%) ઉત્તરદાતાઓ અલૌકિક શક્તિઓથી તકલીફ-માંદગી કે રોગ નિવારણ થઈ શકે તેવી દઢ શ્રધ્ધા ધરાવે છે.

**ગર્ભ રહ્યાની જાણ અંગેની વિગત :**

ભીલ સમાજમાં સ્ત્રીને ગર્ભ રહ્યાની જાણ ઘણી રીતે થતી હોય છે તેવું જોવા મળે છે. પહેલા તો સ્ત્રી જાતે માસિક બંધ થવાથી ગર્ભ રહ્યો છે તેમ નક્કી કરતી એ સિવાય જાણકાર વડીલ સ્ત્રી કે ભૂવો પોતાની અલૌકિક શક્તિથી નક્કી કરી આપતો. આજે સ્ત્રી ગર્ભવતી છે કે નહીં તે જાણવા માટે ભીલો શું કરતા હોય છે તેની વિગત અત્રે કોષ્ટકમાં મૂકેલ છે.

**કોષ્ટક ૬.૨૦**

**ગર્ભ રહ્યાની જાણ અંગેની વિગત**

| ક્રમ | ગામનું જૂથ | વિગત | કુલ |
|---|---|---|---|

| | | માસિક સ્ત્રાવ બંધ થવાથી | વડીલ સ્ત્રી કે દાયણ તપાસી કહે છે. | ભૂવો વિધિ કરી કહે છે. | |
|---|---|---|---|---|---|
| ૧. | નજીકના ગામ | ૧૦૪ (૮૬.૬૭) | ૧૧૨ (૯૩.૩૩) | ૪ (૩.૩૩) | ૧૨૦ |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૧૦૦ (૮૩.૩૩) | ૧૦૮ (૯૦) | ૨૭ (૨૩.૩૩) | ૧૨૦ |
| ૩. | દૂરના ગામ | ૧૧૨ (૯૩.૩૩) | ૧૨૦ (૧૦૦) | ૪૫ (૩૬.૬૭) | ૧૨૦ |
| | **કુલ** | **૩૧૬ (૮૭.૭૮)** | **૩૪૦ (૯૪.૪૪)** | **૭૬ (૨૧.૧૧)** | **૩૬૦** |

● એક કરતા વધુ જવાબો મળેલ છે.

કોષ્ટક ૬.૨૦ પરથી સ્પષ્ટ તરીકે આવે છે કે સ્ત્રીની ગર્ભધારણની સ્થિતિ જાણવા ૯૪.૪૪% ઉત્તરદાતાઓના મતે કુટુંબની વડીલ સ્ત્રી કે ગામની પરંપરાગત દાયણ પર આધાર રાખવામાં આવે છે. તેની સાથે સાથે ગર્ભાવસ્થાની જાણકારી માસિકસ્ત્રાવ બંધ થવાથી સ્ત્રી જાતે મેળવી લે છે તેવું ૮૭.૭૮% ઉત્તરદાતાઓ જણાવે છે. સ્ત્રીએ પોતે મેળવેલ ગર્ભ રહ્યાની જાણકારીની ખાતરી ઘરની વડીલ સ્ત્રી કે દાયણ દ્વારા તો કરવામાં આવતી જ હોય છે. ઉપરાંત ૨૧.૧૧% ઉત્તરદાતાઓ ભૂવા પાસે દાણા જોવડાવી ગર્ભ રહ્યો છે કે નહીં તે જાણે છે, ક્ષેત્રકાર્યના મધ્યમ દૂરીના ગામોના ભૂવા તો થનાર બાળકની જાતિ પણ દાણા જોઈ નક્કી કરતા જાણવા મળ્યા હતા. પરંતુ તેમનો વધારે ઉપયોગ બિનઆદિવાસી સમાજ કરતો હોવાનું માલુમ પડ્યુ હતું.

ગામ પ્રમાણે જોઈએ તો અલૌકિક શક્તિથી ગર્ભધારણની સ્થિતિનો ખ્યાલ મેળવવા દૂરીના ગામોના સૌથી વધુ (૪૫) ઉત્તરદાતાઓ પ્રયત્ન કરે છે.

નિષ્કર્ષમાં કહી શકાય કે ગર્ભ રહ્યાની જાણ મેળવવા મોટા ભાગના (૯૪.૪૪%) ઉત્તરદાતાઓનાં મત મુજબ માસિક સ્ત્રાવ બંધ થવાથી જાણ મળે છે તથા ઘરની વડીલ સ્ત્રી કે દાયણ પર આધાર રખાય છે.

**ગર્ભધારણ માટેના જવાબદાર કારણો અંગે ઉત્તરદાતાઓના અભિપ્રાયો :**

ભીલ સમાજમાં રોગ અને માંદગી-સારવારને અલૌકિક તત્ત્વ સાથે સંબંધ છે તેમાં મોટા ભાગના તત્ત્વો મેલા તત્ત્વો છે. તે જ રીતે શુભ તત્ત્વોના અસ્તિત્વ વિશે પણ તેઓમાં અનેક માન્યતા છે. જે સર્વોચ્ચ દેવ છે

તેનું નામ તેઓ કોઈ પણ આપે છે પણ તેના હાથમાં સમગ્ર સંચાલન છે. આ દેવની કૃપાથી બાળક અવતરે છે તેવી તેમની દૃઢ આસ્થા જોવા મળે છે. તેથી બાળકો ન થાય તેવી દવાઓ જાણતા હોવા છતાં કોઈ ભગત આવી દવા નથી કરતા. તે જ રીતે ગર્ભપાતને પણ પાપ સમજી કોઈ ભગત કરાવતા નથી. આમ, ગર્ભધારણથી લઈ બાળક આવવા સુધીની સમગ્ર ક્રિયા ભગવાનની ઈચ્છાથી જ થાય છે તેવી ભીલોની માન્યતા હતી. સમય બદલાતા ખાનગીમાં પૈસાની લાલચે ગર્ભપાત થતા કે વેર વાળવા બાળક ન થાય તેવી દવાઓ અપાતી પણ જોવા મળે છે.ઉપરાંત સ્ત્રીના ગર્ભધારણ અંગેના ખ્યાલોમાં પણ ફેરફારો આવ્યા છે. અભ્યાસ ક્ષેત્રમાં આવરી લીધેલ ઉત્તરદાતાઓના મતે ગર્ભધારણના જવાબદાર પરિબળને જાણી અહી કોષ્ટક ૬.૨૧માં મૂકેલ છે.

## કોષ્ટક ૬.૨૧

## ગર્ભધારણ માટેના જવાબદાર કારણો અંગે ઉત્તરદાતાઓના અભિપ્રાય

| ક્રમ | ગામનું જૂથ | વિગત | | | કુલ |
|---|---|---|---|---|---|
| | | જાતીય સંબંધથી | ભગવાન/દેવની ઈચ્છા/કૃપાથી | ખબર નથી | |
| ૧. | નજીકના ગામ | ૧૧૬<br>(૯૬.૬૭) | ૬૮<br>(૫૬.૬૭) | ૪<br>(૩.૩૩) | ૧૨૦ |
| ૨. | મધ્યમ દુરીના ગામ | ૮૦<br>(૯૦) | ૧૦૪<br>(૮૬.૬૭) | ૧૨<br>(૧૦) | ૧૨૦ |
| ૩. | દૂરના ગામ | ૯૬<br>(૮૦) | ૧૨૦<br>(૧૦૦) | - | ૧૨૦ |
| | **કુલ** | **૩૨૦**<br>**(૮૮.૮૯)** | **૨૯૨**<br>**(૮૧.૧૧)** | **૧૬**<br>**(૪.૪૪)** | **૩૬૦** |

● એક કરતા વધુ જવાબો મળેલ છે.

કોષ્ટક ૬.૨૧ પરથી જોવા મળે છે કે કુલ ઉત્તરદાતાઓ મોટો ભાગ ૮૮.૮૯% જણાવે છે કે જાતીય સંબંધથી સ્ત્રી ગર્ભવતી બને છે. જેમાં ૯૬.૬૭% નજીકના ગામોના ઉત્તરદાતાઓ છે. ઉપરાંત ૮૧.૧૧% ઉત્તરદાતાઓ ભગવાન કે દેવકૃપાનું ફળ માને છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે ઉત્તરદાતાઓ જાતીય સંબંધને ગર્ભ રહ્યાનું કારણ માને છે, પરંતુ સાથે ભગવાન કે દેવની કૃપા અનિવાર્ય ગણે છે, તેમાં દૂરના ગામોના

સમગ્ર અને મધ્યમ દૂરીના ગામોના જાતીય સંબંધ સાથે દેવકૃપાથી ગર્ભ રહ્યો છે તેવુ માનતા અનુક્રમે ૯૦% અને ૮૬.૬૭% ઉત્તરદાતાઓ છે.

નિષ્કર્ષરૂપે કહી શકાય કે ૯૫.૫૬% ઉત્તરદાતાઓ જાતીય સંબંધ તથા ઈશ્વરની કૃપાને ગર્ભધારણ માટે જવાબદાર માને છે.

**ગર્ભવતી સ્ત્રીને રોગ કે અપ્રાકૃતિક શક્તિથી બચાવવા લેવાતા ઉપાયો અંગે ઉત્તરદાતાના વિચારો :**

સ્ત્રીના ગર્ભધારણ પછી સામાન્યતઃ બધા જ સમાજો તેની વિશેષ સંભાળ લેતા હોય છે. માતા અને આવનાર બાળકના સ્વાસ્થ્ય માટે જરૂરી બધી જ બાબતોની કાળજી લેવાતી હોય છે. ભીલ સમાજ આજ રીતે ગર્ભવતી સ્ત્રીની કાળજી લે છે. શારીરિક કાળજી ઉપરાંત અલૌકિક શક્તિઓથી બચવા કે શક્તિ તેને કષ્ટ ન પહોંચાડે માટે ઘણી રીતો અપનાવાય છે. ઉપરાંત તેની કૃપાને પાત્ર બનવા માટે પણ અનેક વિધિ-વિધાનો કરતા હોય છે. ભીલો સ્ત્રીને કષ્ટ ન પડે તે માટે ભૂવાઓ પાસે દોરો કરાવે છે. જેથી દુષ્ટ શક્તિ તેને નુકશાન ન કરી શકે. ઉપરાંત પૂર્વજ કે ખત્રીની પૂજા કરી તેમના આશીર્વાદ મેળવવા પ્રયત્ન કરે છે કે ગર્ભવતી સ્ત્રીનું સ્વાસ્થ્ય સારુ રહે. ઉપરાંત મેલી નજરથી પણ સ્ત્રીને બચતા રહેવાનું સૂચવાય છે. ગર્ભવતી સ્ત્રી માટે અમુક નિષેધો - નિયમો છે તે તેણે પાળવા પડે છે. આમ ગર્ભવતી સ્ત્રીના રક્ષણ માટે ભીલો અનેક રીતો અપનાવે છે. સંશોધનક્ષેત્રમાં આ સાંસ્કૃતિક વિધિ-વિધાનોના ખ્યાલોનું માળખુ સમજવા ઉત્તરદાતાઓએ ગર્ભવતી સ્ત્રીના રક્ષણ માટે રજૂ કરેલ પગલાઓ અત્રે કોષ્ટકમાં મુકેલ છે.

**કોષ્ટક ૬.૨૨**

**ગર્ભવતી સ્ત્રીને રોગ કે અપ્રાકૃતિક શક્તિથી બચાવવા લેવાતા ઉપાયો અંગે ઉત્તરદાતાના વિચારો**

| ક્રમ | ગામનું જૂથ | જુદી જુદી વિધિ-વિધાનો | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | કોઈ વિધિ કરતા નથી | માનતા માને છે. | ભૂવા પાસે દોરો કરાવે છે | મેલી નજરવાળાથી દૂર રહે છે | મૃતદેહ કે સ્મશાન પાસે નથી જવા દેવાતી | પ્રસુતિ થતી હોય ત્યાં નથી જવા દેવાતી | કુલ |
| ૧. | નજીકના ગામ | ૮ (૬.૬૭) | ૯૬ (૮૦) | ૭૨ (૬૦) | ૧૧૨ (૯૩.૩૩) | ૧૧૨ (૯૩.૩૩) | ૮૦ (૬૬.૬૭) | ૧૨૦ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨. | મધ્યમ દૂરીના ગામ | - | ૧૦૮ (૯૦) | ૮૪ (૭૦) | ૧૨૦ (૧૦૦) | ૧૨૦ (૧૦૦) | ૯૨ (૭૬.૬૭) | ૧૨૦ |
| ૩. | દૂરના ગામ | -- | ૧૧૬ (૯૬.૬૭) | ૧૧૨ (૯૩.૩૩) | ૧૨૦ (૧૦૦) | ૧૨૦ (૧૦૦) | ૧૦૮ (૭૦) | ૧૨૦ |
| | **કુલ** | **૮ (૨.૨૨)** | **૩૨૦ (૮૮.૮૯)** | **૨૬૮ (૭૪.૪૪)** | **૩૫૨ (૯૭.૭૮)** | **૩૫૨ (૯૭.૭૮)** | **૨૮૦ (૭૭.૭૮)** | **૩૬૦** |

● એક કરતાં વધુ જવાબો મળેલ છે.

ઉપરોક્ત કોષ્ટક ૬.૨૨ પરથી સ્પષ્ટ દેખાય છે કે ઉત્તરદાતાઓ અનેક રીતે ગર્ભવતી સ્ત્રીને અપ્રાકૃતિક શક્તિઓથી બચાવવા પ્રયત્ન કરે છે. નજીકના ગામોના ફક્ત ૨.૨૨% સિવાયના બધા જ ઉત્તરદાતાઓ ગર્ભવતી સ્ત્રીઓના રક્ષણ માટે અલગ અલગ રીતો અપનાવતા જોવા મળ્યા હતા. સમગ્ર ઉત્તરદાતામાંથી ૯૭.૭૮% ઉત્તરદાતાઓ ગર્ભવતી સ્ત્રીને ભૂત-પ્રેતના ભયથી સ્મશાનભૂમિ પર કે મૃતદેહની નજીક નથી જવા દેતા અને મેલી નજરવાળાઓથી બચતા રહેવાનું સૂચવે છે, તે જ પ્રમાણે ૮૮.૮૯% ઉત્તરદાતાઓ પૂર્વજ, દેવ કે માતાજીની કૃપા મેળવવા બાધા રાખે છે અને તેમની ચોખ્ખી પૂજા કરી માનતાનું ખતરું ચઢાવતા જોવા મળે છે. તે ઉપરાંતની વિધિઓમાં ૭૭.૭૮% અને ૭૪.૪૪% ઉત્તરદાતાઓ અનુક્રમે ગર્ભવતી સ્ત્રીઓને પ્રસૂતિ સ્થળે જવાનો નિષેધ કરે છે અને ભૂવા પાસે દોરો કરાવતા નજરે પડે છે. નિષેધ અને દોરો કરાવવા પાછળ સ્ત્રીઓને પ્રસુતિ સમયે મેલા તત્ત્વો ન નડે તે કારણ જોવા મળે છે.

આવી અનેક પ્રકારની માન્યતાઓને કારણે ભીલો ગર્ભવતી સ્ત્રીઓની જુદી જુદી રીતે કાળજી રાખે છે. ગામ પ્રમાણે જોઈએ તો અમુક માન્યતાઓ બારેય ગામોમાં લગભગ સરખા પ્રમાણમાં વ્યાપ્ત છે, જેવી કે મેલી નજરથી બચવુ, મૃતદેહ પાસે ન જવું. પરંતુ દોરો કરાવવો, માનતા-બાધા રાખવી કે સ્ત્રીને પ્રસૂતિ ન મોકલવી જેવી બાબતોમાં નજીકના ગામમાં અન્ય અભ્યાસના ગામોના પ્રમાણમાં ઓછા ઉત્તરદાતાઓ શ્રધ્ધા વ્યક્ત કરે છે. જે નજીકના ગામોમાં પરિવર્તન અન્ય અભ્યાસના ગામો કરતા વધુ ફેલાયેલ છે તેમ દર્શાવે છે. આનો મતલબ એ નથી કે નજીકના ગામોના ઉત્તરદાતાઓ અલૌકિક શક્તિઓ તરફ શ્રધ્ધા નથી ધરાવતા પરંતુ પ્રમાણ ઓછું જોવા મળે છે.

નિષ્કર્ષમાં કહી શકાય કે ભીલોની દ્રઢ માન્યતા છે કે ગર્ભવતી મહિલાઓની કાળજી ન રખાતા તેને અને બાળકને અપ્રાકૃતિક શક્તિઓ હેરાન કરી શકે છે. તે માટે અગાઉથી સાવચેતીરૂપે પગલામાં માનતા માનવી, ભૂવા પાસે દોરો કરાવવો જોઈએ અને મેલી નજરવાળાથી બચવુ, મૃતદેહ કે સ્મશાન પાસે ન જવું, પ્રસુતિ થતી હોય ત્યાં ન જવુ જેવા નિષેધો પળાય છે.

**ગર્ભવતી સ્ત્રીઓનું પરિક્ષણ કરાવવા અંગે ઉત્તરદાતાના વિચારો :**

સ્ત્રી ગર્ભવતી બન્યા બાદ તેના શરીરના શારીરિક ફેરફારો અને ઉભી થતી મુશ્કેલીઓ તેમજ માતા અને બાળકનું સ્વાસ્થ્ય સારુ રહે, બાળકને કોઈ તત્વોની ઉણપ ન રહે, તેવા અનેક કારણોસર ગર્ભવતી સ્ત્રીઓનું ડૉક્ટરી પરિક્ષણ આધુનિક સમયમાં જરૂરી માનવામા આવે છે. સંશોધનક્ષેત્રના આદિવાસીઓમાં ગર્ભવતી સ્ત્રીઓ ડૉક્ટરી પરિક્ષણ કરાવે છે કે નહીં તેની માહિતી અત્રે કોષ્ટક ૬.૨૩માં પ્રસ્તુત છે.

**કોષ્ટક ૬.૨૩**

**ગર્ભવતી સ્ત્રીઓનું પરિક્ષણ કરાવવા અંગે ઉત્તરદાતાના વિચારો**

| ક્રમ | ગામનું જૂથ | હા, પરિક્ષણ કરાવે છે | ના, પરિક્ષણ કરાવતા નથી | કુલ |
|---|---|---|---|---|
| ૧. | નજીકના ગામ | ૧૧ (૯.૧૬) | ૧૦૯ (૯૦.૮૩) | ૧૨૦ (૧૦૦) |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૫ (૩.૩૩) | ૧૧૫ (૯૬.૬૭) | ૧૨૦ (૧૦૦) |
| ૩. | દૂરના ગામ | - | ૧૨૦ (૧૦૦) | ૧૨૦ (૧૦૦) |
| | **કુલ** | **૧૬ (૪.૪૪)** | **૩૪૪ (૯૫.૫૬)** | **૩૬૦ (૧૦૦)** |

કોષ્ટક ૬.૨૩ પરથી સ્પષ્ટ જણાય છે કે સમગ્ર ઉત્તરદાતાઓમાંથી ૯૫.૫૬% ઉત્તરદાતાઓ ગર્ભવતી સ્ત્રીની ડૉક્ટરી તપાસ/પરિક્ષણ કરાવતા નથી. ફક્ત ૪.૪૪% ઉત્તરદાતાઓ જ ગર્ભવતી સ્ત્રીઓનું પરિક્ષણ કરાવે છે.

ગામો પ્રમાણે જોઈએ તો ૪.૪૪% ઉત્તરદાતાઓ જે નજીકના ગામોના અને મધ્યમ દૂરીના ગામોના છે તેઓ જ ગર્ભવતી સ્ત્રીઓનું પરિક્ષણ કરાવે છે. દૂરના ગામોમાંથી કોઈ ગર્ભવતી સ્ત્રીનું ડૉક્ટરી પરિક્ષણ નથી કરાવતું. નજીકના ગામોમાં ધીમે ધીમે સમજ કેળવાતી જતી હોય તેવુ ઉત્તરદાતાઓના મંતવ્યો પરથી દેખાય છે. હજુ સંખ્યાની દૃષ્ટિએ ઘણી ઓછી અસર છે તેમ કહેવાય. આઝાદીના ૫૮ વર્ષ થયા પછી પણ તાલુકા જિલ્લાના મુખ્ય મથકેથી ૧૦ થી ૨૦ કિ.મી. દૂરના ગામોની આ સ્થિતિ છે, તો દૂરના ગામોમાં ગર્ભવતી સ્ત્રીઓ ડૉક્ટરી પરિક્ષણ ન કરાવતી હોય તે બહુ સાહજીક બાબત છે.

નિષ્કર્ષમાં કહી શકાય કે નજીવી સંખ્યા જ ગર્ભવતી સ્ત્રીનું ડૉક્ટરી પરિક્ષણ કરાવે છે. જે આધુનિક સ્વાસ્થ્ય પ્રણાલી અને સેવા પ્રત્યેની બેકાળજી કે અવિશ્વાસ દર્શાવે છે.

**ગર્ભવતી સ્ત્રીઓએ ડૉક્ટરી પરિક્ષણમાં મળેલી સારવાર અંગેના ઉત્તરદાતાના વિચારો :**

આઝાદી પછીના ૫૮ વર્ષ બાદ પણ આરોગ્ય સેવાનું માળખુ સમગ્ર રાજયમાં સુંદર કામ કરે છે તેમ કહેવાનું ઠીક નથી લાગતું. આદિવાસી પ્રદેશોમાં તેની સેવાઓ હજી જરૂરી પ્રમાણમાં પહોંચતી નથી તેવુ દેખાય છે. આ ઉપરાંત આરોગ્ય સેવકોની પણ અમુક મુશ્કેલીઓ હોય છે. નજીકના ગામના મુખ્ય સેવિકાના મંતવ્ય મુજબ 'એમને આદિવાસી ગામોમાં જવાની કોઈ વાહન સુવિધા આપવામાં આવતી નથી. આદિવાસી ગામો વિસ્તારની રીતે ઘણાં મોટાં હોય છે. દરેક ફળીયા કે ઘરમાં પહોંચવુ શક્ય નથી બનતું. દરેક કાર્યકરને ફાળવવામાં આવેલ વિસ્તાર પણ ઘણો મોટો હોય છે. તેથી બધે જ જાતે પહોંચવુ શક્ય બનતું નથી અને ભીલ સ્ત્રીઓ સામે ચાલી બતાવવા આવતી નથી. સમજાવવા છતાં અનેક સાંસ્કૃતિક કારણો જેમ કે દેવની મનાઈ છે, ભૂવાની મનાઈ છે, આ દવા લેવાથી કંઈ અજુગતુ બને તો, આવા કારણોથી પરિક્ષણ માટે તૈયાર થતી નથી. દવાઓ આપતા ઘરે જઈને તે 'ડબ્બીઓ ફેંકી દેતી હોય છે' આમ સ્વાસ્થ્ય કાર્યકર અને ભીલો બંને પક્ષોની હકારાત્મક ઈચ્છા સિવાય સારુ પરિણામ ન મળી શકે તેમ તેઓએ દર્શાવ્યું હતું.

સંશોધનક્ષેત્રના ગામોની જે મહિલાઓએ ગર્ભાવસ્થા દરમ્યાન સારવાર મેળવી છે તેમને કેવી સારવાર મળી છે તે અત્રે કોષ્ટક ૬.૨૪માં દર્શાવ્યું છે.

**કોષ્ટક ૬.૨૪**

**ગર્ભવતી સ્ત્રીઓને ડૉક્ટરી પરિક્ષણમાં મળેલી સારવાર અંગેના ઉત્તરદાતાના વિચારો**

| ક્રમ | ગામનું જૂથ | સારવારની વિગત | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | સ્વાસ્થ્ય પરિક્ષણ | આયર્ન ટેબલેટ | ફોલીક એસિડ ટેબલેટ | ધનૂરના ઈન્જેકશન | પોષક આહાર અને સ્વાસ્થ્ય શિક્ષણ | પરિક્ષણ નથી કરાવ્યું. | |
| ૧. | નજીકના ગામ | ૧૨ | ૧૨ | ૪ | ૧૨ | ૧૨ | ૧૦૯ | ૧૨૦ |
| | | (૧૦) | (૧૦) | (૩.૩૩) | (૧૦) | (૧૦) | (૯૦.૮૩) | |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૪ | ૪ | -- | ૪ | ૪ | ૧૧૫ | ૧૨૦ |
| | | (૩.૩૩) | (૩.૩૩) | - | (૩.૩૩) | (૩.૩૩) | (૯૬.૬૭) | |
| ૩. | દૂરના ગામ | -- | -- | -- | -- | -- | ૧૨૦ | ૧૨૦ |
| | | | | | | | (૧૦૦) | |
| | **કુલ** | **૧૬** | **૧૬** | **૪** | **૧૬** | **૧૬** | **૩૪૪** | **૩૬૦** |
| | | **(૪.૪૪)** | **(૪.૪૪)** | **(૧.૧૧)** | **(૪.૪૪)** | **(૪.૪૪)** | **(૯૫.૫૬)** | |

● એક કરતા વધુ જવાબો મળેલ છે.

કોષ્ટક ૬.૨૪ પરથી સ્પષ્ટ જોવા મળે છે કે ગર્ભાવસ્થા દરમ્યાન સારવાર મેળવનાર નજીકના ગામની

૧૦% અને મધ્યમદૂરીના ગામોની ૩.૩૩% મહિલાઓના સ્વાસ્થ્યનું પરિક્ષણ, આયર્ન ટેબલેટ, ધનુર ઈન્જેંકશન, આહાર અને પોષણ વિષયક સમજણ બધી જ સારવારો મળી હતી. ફોલીક એસિડની ગોળી નજીકના ગામોની ૪  મહિલાને જ મળી હતી તેવુ જાણવા મળ્યું હતું.

નિષ્કર્ષરૂપે કહી શકાય કે મોટાભાગના ઉત્તરદાતાઓ ગર્ભવતી સ્ત્રીઓનું પરિક્ષણ- સારવાર નથી કરાવતા.

**ગર્ભાવસ્થા દરમ્યાન ડૉક્ટરી પરિક્ષણ ન કરાવવાના કારણો અંગે ઉત્તરદાતાના અભિપ્રાય :**

કોષ્ટક ૬.૨૩ માં જોવા મળ્યું કે ગર્ભાવસ્થા દરમ્યાન ડૉકટરી કે તાલીમી દાયણ પાસે પરિક્ષણ કરાવતી સ્ત્રીઓનું પ્રમાણ નહીંવત્ છે. કારણ કે ભીલ સમાજમાં જીવન ચાલનના દરેક ક્ષેત્રમાં લેવાતા નિર્ણયો પર તેમની પરંપરા અને ધાર્મિક વડા (ભૂવા)ઓના મંતવ્યોની અસર પડે છે. આ વિષયમાં પણ ભૂવાઓની મનાઈ જોવા મળતી હતી. તદ્ઉપરાંત આદિવાસી સમાજ બિનઆદિવાસી સમાજ સાથે મર્યાદિત અંતઃક્રિયા કરે છે. મહદ્અંશે અલિપ્ત રહે છે. આ શરમાળપણાને લીધે સ્ત્રીઓ ગર્ભપરિક્ષણ જેવી અંગત બાબતમાં અન્ય સમાજના વ્યક્તિ (ડૉક્ટર) પાસે ન જ જાય તે સ્વાભાવિક હતું. આજે સમય સાથે ભીલોના  ખ્યાલોમાં પરિવર્તન આવેલુ જોવા મળે છે, અન્ય સમાજો સાથે તેમનો સંપક વધ્યો છે, ત્યારે કેવા - કેવા કારણોસર ગર્ભાવસ્થા દરમ્યાન ડૉક્ટરી પરિક્ષણ નથી કરવામાં આવતું તે જાણી અત્રે કોષ્ટક ૬.૨૫ માં રજૂ કરેલ છે.

**કોષ્ટક ૬.૨૫**

**ગર્ભાવસ્થા દરમ્યાન ડૉક્ટરી પરિક્ષણ ન કરાવવાના કારણો અંગે ઉત્તરદાતાના અભિપ્રાય**

| **ક્રમ** | **ગામનું જૂથ** | **વિગત** | | | | | **કુલ** |
|---|---|---|---|---|---|---|---|
| | | **દવાખાનાની સગવડ નથી** | **પુરુષ ડૉકટર હોવાથી** | **ભગત/ ભૂવા કે દેવની** | **સ્વાસ્થ્ય પરિક્ષણ કરાવવું** | **આર્થિક મુશ્કેલી** | |

**મનાઈ જોઈએ તેમ નથી માનતા**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | નજીકના ગામ | ૩૬ (૩૦) | ૬૪ (૫૩.૩૩) | ૨૦ (૧૬.૬૭) | ૨૪ (૨૦) | ૮૪ (૭૦) | ૧૨૦ (૧૦૦) |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૭૨ (૬૦) | ૬૮ (૫૬.૬૭) | ૧૬ (૧૩.૩૩) | ૪૪ (૩૬.૬૭) | ૭૨ (૬૦) | ૧૨૦ (૧૦૦) |
| ૩. | દૂરના ગામ | ૬૪ (૫૩.૩૩) | ૫૬ (૪૬.૬૭) | ૩૬ (૩૦) | ૫૬ (૪૬.૬૭) | ૬૪ (૫૩.૩૩) | ૧૨૦ (૧૦૦) |
| | **કુલ** | **૧૭૨ (૪૭.૭૮)** | **૧૮૮ (૫૨.૨૨)** | **૭૨ (૨૦)** | **૧૨૪ (૩૪.૪૪)** | **૨૨૦ (૬૧.૧૧)** | **૩૬૦ (૧૦૦)** |

● એક કરતા વધુ જવાબો મળેલ છે.

કોષ્ટક ૬.૨૫ પરથી સ્પષ્ટ દેખાય છે કે ૬૧.૧૧% ઉત્તરદાતાઓ આર્થિક મુશ્કેલીના કારણે ગર્ભાવસ્થામાં આરોગ્ય પરિક્ષણ કરાવતા નથી. જેમાં આહવા નજીકના ગામોના ૭૦% અને મધ્યમ દૂરીના ગામોના ૬૦% ઉત્તરદાતાઓનો સમાવેશ થાય છે. ઉપરાંત ૫૨.૨૨% ઉત્તરદાતાઓના મતે પુરુષ ડૉક્ટર હોવાથી સ્ત્રીઓ તેમની પાસે તપાસ કરાવવા જતા સંકોચ અનુભવે છે, તેમાં નજીકના ગામો અને મધ્યમ દૂરીના ગામોના ઉત્તરદાતાઓ અનુક્રમે ૫૩.૩૩% અને ૫૬.૬૭% છે. જયારે ૪૭.૭૮% ઉત્તરદાતાઓ દવાખાનાની સગવડના અભાવને એક મહત્વપૂર્ણ કારણ જણાવે છે અને ૩૪.૪૪% ઉત્તરદાતાઓ ગર્ભાવસ્થા દરમ્યાન ડૉક્ટરી પરિક્ષણ કરાવવુ જોઈએ તેવુ માનતા નથી, જેમાં દૂરના ગામોના ૪૬.૬૭% ઉત્તરદાતાઓ છે. કુલ ઉત્તરદાતાના ૨૦% ભૂવા કે દેવ/દેવીઓની મનાઈથી ગર્ભાવસ્થા દરમ્યાન ડૉક્ટરી પરિક્ષણ કરાવતા નથી. તેમાં પણ મોટી સંખ્યા ૬૯ (૩૦%) દૂરના ગામોના ઉત્તરદાતાઓની છે.

કુલ ૯૫.૫૬% ઉત્તરદાતાઓ જે ગર્ભાવસ્થા દરમ્યાન સ્ત્રીનું આરોગ્ય પરિક્ષણ નથી કરાવતા તેઓના નિરીક્ષણ પરથી સંશોધકે અનુભવેલ કે તેઓના મતે આ જાતનું પરિક્ષણ બિલકુલ જરૂરી નથી.

નિષ્કર્ષરૂપે કહી શકાય કે અજ્ઞાનતા અને રૂઢિગત માન્યતાઓ જે ભીલ સંસ્કૃતિમાં વણાઈ ગઈ છે, તે અહીં સ્ત્રીઓના સ્વાસ્થ્યમાં અવરોધક પરિબળરૂપે કામ કરી રહી છે.

**ગર્ભાવસ્થા દરમ્યાન માતૃ મૃત્યુના જવાબદાર કારણોની વિગત :**

માનવ વિકાસ અહેવાલ - ગુજરાત - ૧૯૯૯ (પાન નં.૧૭૮) માં માતૃ મૃત્યુદર (MMR) ની ચર્ચા કરી, જુદા જુદા વિદ્વાનોના મતાનુસાર ૧,૦૦,૦૦૦ જીવીત જન્મોએ માતૃ મૃત્યુદર ૪૫૦ (૧૯૮૪માં ગુજરાત સરકાર-૧૯૯૬), ૫૩૭ - ૧૯૮૬ થી ૧૯૯૦ વચ્ચે (પાઠક અને સીંધ - ૧૯૯૩), ૩૧૦-

૧૯૯૩માં (ગુજરાત સરકાર-૧૯૯૪) અને ૩૫૫ - ૧૯૯૫માં (અંદાજિત) (ડ્રેજે અને સેન -૧૯૯૫) દર્શાવવામાં આવ્યા છે. જે સમગ્ર રાજયના માતૃ મૃત્યુદર વિશે પ્રવર્તતી ભીન્નતા છતી કરે છે છતાં તે ઓછો થતો જાય છે તેમ જણાવે છે. ૫૫ વર્ષની આઝાદી બાદ માતા અને બાળ આરોગ્ય માટેના સધન કાર્યક્રમોથી માતૃ મૃત્યુદર આટલો નીચો ગયો છે. આરોગ્યના સ્તરને અને લૈગિંક સમાનતાને વિશ્લેષિત કરવા માટે આ ખૂબ જ મહત્વના આંકડા છે. અભ્યાસક્ષેત્ર એ રાજયના પછાત વિસ્તારોમાંનો આદિવાસી વિસ્તાર છે. જેમાં અગાઉના કોષ્ટકોમાં જોયુ તેમ ગરાસિયાઓ અનેક ધાર્મિક - સાંસ્કૃતિક માન્યતાઓ રૂઢિઓથી ઘેરાયેલા હોઈ, કોઈપણ ઘટનાને અલૌકિક તત્વો સાથે જોડીને જોવામા આવે છે. આ સંદર્ભે અભ્યાસક્ષેત્રમાં ગર્ભવતી સ્ત્રીઓના મૃત્યુ વિશેના કારણો જાણવાનો પ્રયત્ન થયો છે. માતૃ મૃત્યુદરનું પ્રમાણ ઉત્તરદાતાઓના મતે નહિંવત્ છે, પરંતુ જે મોત નિપજે છે, તેના શા શા કારણો ઉત્તરદાતાને મતે હોઈ શકે તે કોષ્ટક ૬.૨૬ માં દર્શાવ્યું છે.

## કોષ્ટક ૬.૨૬

## ગર્ભાવસ્થા દરમ્યાન માતૃ મૃત્યુના જવાબદાર કારણોની વિગત

| ક્રમ | ગામનું જૂથ | વિગત | | | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | બાળક મરી જવાથી ઝેરના કારણે | નજર કે મુઠ લાગવાથી/ વળગાડથી | અકસ્માતથી | નબળાઈના કારણે | |
| ૧. | નજીકના ગામ | ૧૦૦ (૮૩.૩૩) | ૯૬ (૮૦) | ૮૧ (૬૬.૬૭) | ૬૦ (૫૦) | ૧૨૦ |
| ૨. | મધ્યમદૂરીના ગામ | ૮૪ (૭૦) | ૧૨૦ (૧૦૦) | ૩૬ (૩૦) | ૪૪ (૩૬.૬૭) | ૧૨૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩. | દૂરના ગામ | ૯૨ (૭૬.૬૭) | ૧૨૦ (૧૦૦) | ૪૭ (૪૦) | ૫૨ (૪૩.૩૩) | ૧૨૦ |
| | **કુલ** | **૨૭૬ (૭૬.૬૭)** | **૩૩૬ (૯૩.૩૩)** | **૧૬૪ (૪૫.૫૬)** | **૧૫૬ (૪૩.૩૩)** | **૩૬૦** |

● એક કરતા વધુ જવાબો મળેલ છે.

કોષ્ટક ૬.૨૬ પરથી સ્પષ્ટ થાય છે કે ગર્ભાવસ્થા દરમ્યાન મૃત્યુ થવાના એક કરતા વધારે કારણો હોઈ શકે તેમ ઉત્તરદાતાઓ જણાવે છે. જેમાં ૯૩.૩૩% ઉત્તરદાતાઓના મતે નજર લાગવાથી / મુઠ મારવાથી કે વળગાડના કારણે ગર્ભવતી સ્ત્રીના મોતની સંભાવના સૌથી વધુ છે. આ સંભાવના સાથે અભ્યાસના બારેય ગામના લગભગ બધા જ ઉત્તરદાતાઓ સહમતી દર્શાવે છે. તે ઉપરાંત ૭૬.૬૭% ઉત્તરદાતાઓ માતૃ મૃત્યુ માટેના જવાબદાર કારણમાંબાળક મરી જવાથી શરીરમાં ઝેર વ્યાપવાને દર્શાવે છે. આ વિચાર સાથે સહમતી દર્શાવતા બારેય ગામોના ઉત્તરદાતાઓની ટકાવારીમાં કોઈ ખાસ તફાવત નથી. જયારે અકસ્માત કે નબળાઈને કારણે ગર્ભવતીનું મૃત્યુ સંભવી શકે તેમ જણાવનાર અનુક્રમે ૪૫.૫૬% અને ૪૩.૩૩% ઉત્તરદાતાઓ હતા.

નિકર્ષમાં કહી શકાય કે મોટાભાગે ૯૩.૩૩% ઉત્તરદાતાઓ માતૃ મૃત્યુ માટેના જવાબદાર કારણોમાં ધાર્મિક અને સાંસ્કૃતિક માન્યતાઓને વધુ મહત્વ આપે છે, અને તેની સરખામણીમાં માતાની શારીરિક નબળાઈ અને અકસ્માતને ગર્ભાવસ્થા દરમ્યાનના માતૃ મૃત્યુ માટે ઓછુ મહત્વ આપે છે.

**પ્રસુતિ કોણ કરાવે છે ? તે માટેના ઉત્તરદાતાના અભિપ્રાય :**

સ્ત્રી પ્રથમ વખત ગર્ભવતી બને ત્યારે કોઈ વિધિ ભીલ સમાજમાં થતી નથી. પરંતુ દીકરીના બાપની આર્થિક સ્થિતિ સારી હોય, તો તે પોતાની દીકરીને છઠ્ઠે કે સાતમે માસે પોતાને ઘેર સુવાવડ માટે લઈ જતા જોવા મળે છે. બાળકના જન્મ પછી દોઢ બે માસે દીકરી અને બાળકને નવા કપડા આપી સાસરે વિદાય કરવાનો રિવાજ છે. હવે પ્રથમ પ્રસૂતિ મોટાભાગે બાપના ઘરે જ દિકરી કરતી જોવા મળે છે. સ્વાસ્થ્યને લગતો અગત્યનો પ્રશ્ન તે પ્રસૂતિ કોણ કરાવે છે ? તે છે. ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં જોઈએ તો ૧૯૯૩માં ૧૮.૨% સંસ્થાકીય સવલતો વચ્ચે એટલે કે દવાખાનામાં ૩૮.૨% તાલીમી દાયણો દ્વારા અને ૪૩.૬% બિનતાલીમી દાયણો દ્વારા પ્રસૂતિ થતી હતી. (Human Development Report - ૧૯૯૯ પાન નં.૧૭૯) SRS બુલેટીન -૨૦૦૧ની અંદર આપેલ વિગતો જોઈએ તો આ મુજબ છે.

## પ્રસુતિ સમયે હાજરી

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (અ) | સંસ્થાકીય હાજરી | | **૧૯૯૨** | **૧૯૯૪** | **૧૯૯૬** | **૧૯૯૮** |
| (૧) | કુલ | % | ૨૪.૪ | ૨૫.૭ | ૩૬.૬ | ૩૬.૩ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | (૨) ગ્રામીણ | % | ૧૭.૬ | ૨૧.૮ | ૨૧.૩ | ૨૧.૮ |
| | (૩) શહેરી | % | ૬૮.૦ | ૭૫.૧ | ૭૪.૦ | ૭૪.૪ |
| (બ) | તાલીમી વ્યાવસાયીક | | | | | |
| | (૧) કુલ | % | ૩૩.૯ | ૪૦.૯ | ૩૭.૬ | ૩૮.૩ |
| | (૨) ગ્રામીણ | % | ૩૬.૯ | ૪૨.૭ | ૪૪.૭ | ૪૫.૨ |
| | (૩) શહેરી | % | ૧૫.૦ | ૧૭.૮ | ૨૦.૧ | ૨૦.૩ |
| (ક) | બિનતાલીમી વ્યાવસાયીક | | | | | |
| | (૧) કુલ | % | ૪૧.૭ | ૩૩.૪ | ૨૫.૯ | ૨૫.૪ |
| | (૨) ગ્રામીણ | % | ૪૫.૫ | ૩૫.૫ | ૩૩.૯ | ૩૩.૦ |
| | (૩) શહેરી | % | ૧૭.૧ | ૭.૧ | ૫.૯ | ૫.૩ |

**સ્ત્રોત :** SRS બુલેટીન રજીસ્ટાર જનરલ, ન્યુ દિલ્હી, ભારત

અભ્યાસક્ષેત્રમાં પ્રસૂતિ કોણ કરાવે છે ? તેની વિગત કોષ્ટક ૬.૨૭ સ્વરૂપે મુકેલ છે.

**કોષ્ટક ૬.૨૭**

**પ્રસુતિ કોણ કરાવે છે ? તે માટેના ઉત્તરદાતાના અભિપ્રાય**

| **ક્રમ** | **ગામનું જૂથ** | **વિગત** | | | | **કુલ** |
|---|---|---|---|---|---|---|
| | | **ઘરની વડીલ સ્ત્રી** | **તાલીમી દાયણ** | **બિનતાલીમી દાયણ** | **ડૉકટર** | |
| ૧. | નજીકના ગામ | ૬૩ (૫૩.૩૩) | ૧૨ (૧૦) | ૧૦૮ (૯૦) | - | ૧૨૦ (૧૦૦) |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૮૪ (૭૦) | - | ૧૨૦ (૧૦૦) | - | ૧૨૦ (૧૦૦) |
| ૩. | દૂરના ગામ | ૭૩ (૬૦) | - | ૧૨૦ (૧૦૦) | - | ૧૨૦ (૧૦૦) |
| | **કુલ** | **૨૨૦ (૬૧.૧૧)** | **૧૨ (૩.૩૩)** | **૩૪૮ (૯૬.૬૭)** | **-** | **૩૬૦ (૧૦૦)** |

● એક કરતા વધુ જવાબો મળેલ છે.

કોષ્ટક ૬.૨૭ના અર્થઘટનથી સ્પષ્ટ થાય છે કે ગુજરાત રાજયમાં સઘન આરોગ્ય સેવાની વ્યવસ્થા હોવા છતાં અભ્યાસક્ષેત્રના ચિત્રમાં દેખાય છે કે ઉત્તરદાતાના કુટુંબની કોઈપણ સ્ત્રીની પ્રસૂતિ ડૉક્ટર કરતા નથી.

ફકત ૧૦% નજીકના ગામોના ઉત્તરદાતાઓના કુટુંબની સ્ત્રીઓની પ્રસૂતિ તાલીમી દાયણ કરે છે.

નિષ્કર્ષમાં કહી શકાય કે મોટાભાગના ઉત્તરદાતાના કુટુંબના સ્ત્રીવર્ગની પ્રસુતિ ડૉક્ટર કે તાલીમ દાયણ દ્વારા કરવામાં આવતી નથી, પ્રસુતિ સ્થાનિક દાયણ અને ઘરની વડીલ સ્ત્રીઓ દ્વારા જ સંપન્ન થાય છે.

**પ્રસવ દરમ્યાન પડતી મુશ્કેલી તથા ઉકેલ અંગે ઉત્તરદાતાના પ્રયત્નો :**

પ્રસવ દરમ્યાન કોઈ મુશ્કેલી ઉભી ન થાય અને માતા - બાળક માટે કોઈ રોગ કે મૃત્યુનો ભય ઉભો ન થાય, માટે ભીલો અલૌકિક શક્તિઓના ચરણે જતા જોવા મળે છે. પ્રસુતિ પહેલા ખત્રી (પૂર્વજ) ની બાધા-માનતા રાખવામાં આવે છે. ભૂવા પાસેથી મંત્રાવેલો કાળો દોરો ગર્ભવતીના હાથ પર બાંધવામાં આવે, જેના કારણે ખરાબ નજરથી અને ભૂત-પ્રેતના વળગાડથી તે બચે છે તેવા પ્રકારની માન્યતા છે. તે જ રીતે પ્રસુતિ દરમ્યાનમાં કોઈ મુશ્કેલી ઉભી થાય તો પણ ભૂવો પાણી મંત્રીને આપે છે જેને પીવરાવવાથી ‘બાઈ છુટી જાય છે’ તેમ ભીલોની દૃઢ માન્યતા છે. આ જાદુઈ - ધાર્મિક સારવાર ઉપરાંત ભીલોમાં વાનસ્પતિક દવાઓની પણ જાણકારી જોવા મળે છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન સંશોધકે બે ભગતો પાસેથી સ્ત્રીની પ્રસુતિ ન થતી હોય તો તે માટેની દવા જાણી હતી. ‘‘અઘેડા’’ નામના છોડના મૂળનો રસ પ્રસુતાના કપાળ પર લગાડવાથી પ્રસૂતિ સરળતાથી થઈ જાય છે. તે જ રીતે ‘‘ઊટ કટેરિયો’’ નામના છોડનું મૂળ પ્રસુતાના માથા નીચે મુકવાથી તરત ‘‘ઓર’’ પડી જાય છે. પછીથી આ મૂળ તુરંત લઈ લેવુ જોઈએ તેમ જાણકારોએ જણાવ્યું હતું. આમ અલૌકિક શક્તિ અને વાનસ્પતિક દવાઓની પ્રસુતિ સરળતાથી કરાવવાનો ભીલો પ્રયત્ન કરતા જાણવા મળ્યા હતા. ઉત્તરદાતાઓ અત્યારે પ્રસુતિ વખતે પ્રસુતાની તકલીફ નિવારવા કોઈ વિધિ-વિધાનો કરે છે કે નહીં તે અંગેના અભિપ્રાયો પુછતા મળેલ અભિપ્રાયો કોષ્ટકમાં આપવામાં આવ્યા છે.

**કોષ્ટક ૬.૨૮**

**પ્રસવ દરમ્યાન પડતી મુશ્કેલી તથા ઉકેલ અંગે ઉત્તરદાતાના પ્રયત્નો**

| ક્રમ | ગામનું જૂથ | વિગત | | કુલ |
|---|---|---|---|---|
| | | હા, વિધિ-વિધાન થાય છે | ના, વિધિ-વિધાન નથી કરાતા | |
| ૧. | નજીકના ગામ | ૧૧૨ (૯૩.૩૩) | ૮ (૬.૬૭) | ૧૨૦ (૧૦૦) |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૧૨૦ (૧૦૦) | - | ૧૨૦ (૧૦૦) |

| | | | | |
|---|---|---|---|---|
| ૩. | દૂરના ગામ | ૧૨૦<br>(૧૦૦) | - | ૧૨૦<br>(૧૦૦) |
| | **કુલ** | **૩૫૨**<br>**(૯૭.૭૮)** | **૮**<br>**(૨.૨૨)** | **૩૬૦**<br>**(૧૦૦)** |

કોષ્ટક ૬.૨૮ ના પરથી સ્પષ્ટ દેખાય છે કે પ્રસવમાં મુશ્કેલી ન થાય અથવા કોઈ મુશ્કેલી થઈ હોય તો તેના નિવારણ માટે ઉત્તરદાતાઓ વિધિ-વિધાન કરે છે તેવું જણાવતા ૯૭.૭૮% બધાજ ગામોના ઉત્તરદાતાઓ છે.

નિષ્કર્ષરૂપે કહી શકાય કે શારિરીક કષ્ટમાં અલૌકિક શક્તિ કારણભૂત છે તે માન્યતા ૯૭.૭૮% મોટાભાગે ત્રણેય ગામના બધા જ ભીલો દ્રઢપણે માને છે. ઉપરાંત તેઓમાં તકલીફ નિવારવા તથા શાન્તિથી પ્રસુતિ થાય તે માટેનું વનૌષધિ વિષયક જ્ઞાન પણ છે.

**જન્મ સમયે બાળકની નાળ કાપવાના ઉપયોગમાં લેવામાં આવતા સાધનો અંગે ઉત્તરદાતાના અભિપ્રાય :**

માતાના પેટમાં અને જન્મ બાદ બાળક માતા સાથે (Umbilical chord) થી જોડાયેલું હોય છે. જન્મ બાદ નાળ કાપી બાળકને માતાથી અલગ કરાય છે. આ નાળ કાપવામાં અસાવધાની રખાતા બાળકને ધનુર થવાનો ભય ઘણો વધી જતો હોય છે. ભીલ સમાજમાં પરાપૂર્વથી તીરના ફણાથી (આગળનો અણીદાર ભાગ) નાળ કાપવાનો રિવાજ છે. તીરથી નાળ કાપવા પાછળની માન્યતા છે કે તીર એ બહાદુરીનું પ્રતીક છે, આથી તેનાથી નાળ કાપવાથી બાળકમાં આ ગુણ ઉતરે છે. ઉપરાંત ચપ્પુ કે દાતરડાથી નાળ કાપવામાં આવતી હતી જે ઘરની અંદર સુલભ સાધન છે તેથી તેનો પણ ઉપયોગ કરવામાં આવતો હતો. આ ઉપરાંત સ્ત્રીની ગર્ભાવસ્થા દરમ્યાન લેવામાં આવેલ બાધા માનતાને કારણે ક્યારેક દાંતથી બાળકની નાળ કાપે છે તેવું જાણવા મળ્યું હતું. બાળકની આ કપાયેલી નાળનો ડાકણો જાદુ-ટોણાં માટે ઉપયોગ કરે છે, તે માન્યતાને આધિન ભીલો બાળકની નાળને ઘરની અંદર જ સુવાવડી સ્ત્રીના ખાટલા નીચે દાટી દેતા હોય છે તેવું સંશોધકને ક્ષેત્રકાર્યમાંથી જાણવા મળ્યું હતું. ઉપરોક્ત માન્યતાઓનું અત્યારે પ્રચલન છે કે નહીં તે અંગેનો ઉત્તરદાતાઓનો અભિપ્રાય અત્રે કોષ્ટકમાં પ્રસ્તુત છે.

**કોષ્ટક ૬.૨૯**

**જન્મ સમયે બાળકની નાળ કાપવાના ઉપયોગમાં લેવામાં આવતા સાધનો અંગે ઉત્તરદાતાના અભિપ્રાય**

| **ક્રમ** | **ગામનું જૂથ** | **વિગત** | | | | **કુલ** |
|---|---|---|---|---|---|---|
| | | **દાંતથી** | **દાતરડું/** | **ગરમ પાણીમાં/** | **તીરથી** | |

| | | | | ચપ્પુથી | સ્ટરીલાઈઝ કરેલ ચપ્પુ, દાતરડાથી | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | નજીકના ગામ | - | ૩૨ (૨૬.૬૭) | | ૪ (૩.૩૩) | ૮૪ (૭૦) | ૧૨૦ (૧૦૦) |
| ૨. | મધ્યમ દૂરી | ૧૨ (૧૦) | ૪૪ (૩૬.૬૬) | | - | ૬૪ (૫૩.૩૩) | ૧૨૦ (૧૦૦) |
| ૩. | દૂરના | ૪ (૩.૩૩) | ૨૮ (૨૩.૩૩) | | - | ૮૮ (૭૩.૩૩) | ૧૨૦ (૧૦૦) |
| | **કુલ** | **૧૬ (૪.૪૪)** | **૧૦૪ (૨૮.૮૯)** | | **૪ (૧.૧૧)** | **૨૩૬ (૬૫.૬૬)** | **૩૬૦ (૧૦૦)** |

કોષ્ટક ૬.૨૯ પરથી સ્પષ્ટ થાય છે કે નાળ કાપવા માટે વપરાતા સાધનોમાં ૬૫.૬૬% ઉત્તરદાતાઓ તીરના ફણાનો ઉપયોગ કરે છે, અભ્યાસમાં આવરી લીધેલ ગામોમાં આ રીતનો ઉપયોગ કરતા સૌથી વધુ ઉત્તરદાતાઓ દૂરના ગામમાં (૭૩.૩૩%) જોવા મળયા હતા. જયારે ૨૮.૮૯% ઉત્તરદાતાઓ દાતરડા કે ચપ્પુની મદદથી નાળ કાપે છે. બાકીના ઉત્તરદાતાના કુટુંબોમાં દાંતથી કે જીવાણું મુક્ત ચપ્પુથી નાળ કાપતા હોવાનું જણાયુ હતું.

નિષ્કર્ષમાં કહી શકાય કે નાળ કાપવાના સાધનને જીવાણું મુક્ત કરવામાં આવતું નથી અને મોટાભાગે તીર કે ચપ્પુ- દાતરડાના ઉપયોગથી નાળ કાપવામાં આવે છે.

**બાળમૃત્યુ અંગે ઉત્તરદાતાના અભિપ્રાય :**

નવજાત શિશુની નાળ કપાયા બાદ બાળકનું બરાબર ધ્યાન ન રખાય તો તેને કોઈપણ ચેપના કારણે ધનુર થવાની સંભાવના વધી જાય છે. ભીલ સમાજમાં જીવાણુંમુક્ત કર્યા વગરના સાધનથી જ નાળ કપાય છે તેથી ધનુર થવાની શક્યતા વધી જતી હોય છે. સમગ્ર ભારતમાં જોઈએ તો બાળ મૃત્યુદર ૧૯૯૪માં ૭૪ અને સમગ્ર  ભારતમાં જોઈએ તો બાળ મૃત્યુદર ૧૯૯૪માં ૭૪ અને સમગ્ર ગુજરાતનો ૬૪ હતો. જયારે ગ્રામીણ ગુજરાતનો આ દર ૭૦ હતો. (Health Review Gujarat 1995-96 - પાન.૩૧) આ પછીના વર્ષોનો બાળમૃત્યુદર SRS બુલેટીનમાં દર્શાવ્યા મુજબનો જોઈએતો.

## બાળમૃત્યુ દર

| | **૧૯૯૮** | **૧૯૯૯** | **૨૦૦૦** | **૨૦૦૧** | **૨૦૦૨** |
|---|---|---|---|---|---|
| કુલ | ૬૪ | ૬૩ | ૬૨ | ૬૦ | ૬૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ગ્રામીણ | ૭૧ | ૭૦ | ૬૯ | ૬૭ | ૬૮ |
| શહેરી | ૪૬ | ૪૫ | ૪૫ | ૪૨ | ૩૭ |

● કુલ ૧૦૦૦ જીવીત જન્મ પર

**સ્ત્રોત :** બુલેટીન -૨૦૦૫, રજીસ્ટાર જનરલ, ન્યુ દિલ્હી, ભારત.

બાળક અને માતાના આરોગ્યના સઘન કાર્યક્રમો જેવા કે ICDS, RCH બાદ આ દર આટલો નીચે સુધી પહોંચી શક્યો છે. ગ્રામીણ ગુજરાતમાં પણ આરોગ્ય સેવાની સારી સુવિધાઓ ઉભી કરી શક્યાનો દાવો સરકાર આ અંકો દર્શાવી કરતી હોય છે. અભ્યાસક્ષેત્રમાં બાળમૃત્યુના કિસ્સાઓ પ્રસુતિ સમયે અથવા તે પછી બને છે કે નહીં તે અંગેના ઉત્તરદાતાના અભિપ્રાયો કોષ્ટક ૫.૩૦માં દર્શાવેલ છે.

**કોષ્ટક ૬.૩૦**

**બાળમૃત્યુ અંગે ઉત્તરદાતાના અભિપ્રાય**

| **ક્રમ** | **ગામનું જૂથ** | **વિગત** | | | **કુલ** |
|---|---|---|---|---|---|
| | | **નહિંવત** | **નથી બનતા** | **ઘણાં બધાં** | |
| ૧. | નજીકના ગામ | ૮<br>(૬.૬૭) | ૧૧૨<br>(૯૩.૩૩) | - | ૧૨૦<br>(૧૦૦) |
| ૨. | મધ્યમદૂરીના ગામ | ૧૨<br>(૧૦) | ૧૦૮<br>(૯૦) | - | ૧૨૦<br>(૧૦૦) |
| ૩. | દૂરના ગામ | ૪૪<br>(૩૬.૬૭) | ૭૬<br>(૬૩.૩૩) | - | ૧૨૦<br>(૧૦૦) |
| | **કુલ** | **૬૪**<br>**(૧૭.૭૮)** | **૨૯૬**<br>**(૮૨.૨૨)** | **-** | **૩૬૦**<br>**(૧૦૦)** |

કોષ્ટક ૬.૩૦નું અર્થઘટન કરતા સ્પષ્ટ થાય છે કે મોટાભાગના (૮૨.૨૨%) ઉત્તરદાતાઓના મંતવ્ય મુજબ બાળ મૃત્યુના કિસ્સા બનતા નથી. પરંતુ સૌથી દૂર આવેલ દૂરના ગામોમાં ૩૬.૬૭% ઉત્તરદાતાઓના મંતવ્ય મુજબ બાળ મૃત્યુના નહિંવત કિસ્સા બને છે.

નિષ્કર્ષમાં કહી શકાય કે જયાં રોડ અને વાહનવ્યવહાર સુવિધા વધારે છે, આહવા સાથેનો સંબંધ વધારે છે તે ગામોમાં બાળમૃત્યુદરનું પ્રમાણ નજીવું છે, જયારે દૂરના ગામોમાં ૧/૩ ભાગથી સહેજ વધારે ઉત્તરદાતાઓના મતે બાળમૃત્યુના કિસ્સાઓ ક્યારેક જોવા મળે છે.

**ગળથૂથીમાં બાળકને આપવામાં આવતા પદાર્થ અંગેની વિગત :**

આધુનિક વિજ્ઞાન બાળકના જન્મ બાદ તુરંત તેને માતાનું દૂધ આપવું જોઈએ તેમ જણાવે છે. માતાનું દુધ બાળકને રોગપ્રતિકારક શક્તિ આપે છે, તેથી તે બાળકનો સર્વોત્તમ ખોરાક છે. માતાના દૂધમાં Colastrum હોય છે જેનું પ્રમાણ માતાના પ્રથમ ધાવણમાં ઘણું વધારે હોય છે, તેથી બાળકને આ દૂધ આપતા તેની રોગપ્રતિકારક શક્તિ ઘણી વધે છે તેમ આધુનિક વિજ્ઞાને સાબિત કરેલુ છે. આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા સ્થાપિત ધોરણો જોઈએ તો,

- તાજુ જન્મેલુ બાળક તેની માતાની નજીકમાં નજીક રાખવુ જોઈએ અને તે જન્મના કલાકમાં જ ધાવવાની શરૂઆત કરી દે છે.
- જન્મના છ માસ સુધી બાળકને માતાના દૂધ સિવાયના કોઈપણ ખોરાક કે પીણાંની જરૂર નથી. બાળકને પાણી પણ આપવાની જરૂર નથી.
- બાળકને ૨૪ કલાકમાં ૧૨ વખત ૧૫ - ૧૫ મીનીટ માતાએ દૂધ પિવરાવવું જોઈએ.
- માતાનું દૂધ એ બાળક માટે પહેલુ રસીકરણ છે, જે બાળકને ઝાડા, નાક, કાન અને છાતીના ચેપથી અને અન્ય રોગોથી બચાવે છે.
- ૬ થી ૧૨ માસ બાળકને માતાનું દૂધ વારંવાર આપવું. ઉપરાંત દિવસમાં ૩ થી ૪ વાર અન્ય હલકો ખોરાક આપવો.
- ૧૨ થી ૨૪ માસ બાળકને માતાનું દૂધ અને અન્ય ઘરનો ખોરાક દિવસમાં ૫ વાર આપવો.
- ૨૪ માસથી ઉપર માતા અને બાળક ઈચ્છે તો માતાનું દૂધ અને ઘરનો અન્ય ખોરાક દિવસમાં ૫ વાર આપવો.

**Source** : Facts for life - 2002. Unicef / UNFPA/WHO/UNSECO

જયારે ભીલ સમાજમાં જાણકારી મળ્યા મુજબ, બાળકને સૌ પ્રથમ ઘરે બનાવેલા મહુડાના દારૂનું સેવન કરાવવામાં આવતું હતું. ભીલોનું માનવું છે કે દારૂ ગરમ છે તેથી બાળકના શરીર માટે સારો છે. બાળકની અન્નનળી ખુલી જાય છે અને તેને શરદી નથી નથી. આ માન્યતા સમાજની બહુ જૂની છે તેમ ક્ષેત્રકાર્યમાંથી જાણવા મળેલું. આ ઉપરાંત બિનઆદિવાસી સમાજના સંપર્કના લીધે મધ-ઘી-પાણીને આપવાનું પણ શરૂ કરેલુ છે તેમ જાણવા મળ્યું હતું. આજે ગળથૂથીરૂપે બાળકને શું આપવામાં આવે છે તેની વિગત કોષ્ટકમાં પ્રસ્તુત છે.

**કોષ્ટક ૬.૩૧**

**ગળથૂથીમાં બાળકને આપવામાં આવતા પદાર્થ અંગેની વિગત**

| ક્રમ | ગામનું જૂથ | માતાનું દૂધ | મધ-ઘી અને પાણી | દારૂ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧. | નજીકના ગામ | ૭૬ (૬૩.૩૪) | ૨૮ (૨૩.૩૩) | ૧૬ (૧૩.૩૩) | ૧૨૦ (૧૦૦) |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૫૨ (૪૩.૩૩) | ૩૨ (૨૬.૬૭) | ૩૬ (૩૦) | ૧૨૦ (૧૦૦) |
| ૩. | દૂરના ગામ | ૬૪ (૫૩.૩૪) | ૪ (૩.૩૩) | ૫૨ (૪૩.૩૩) | ૧૨૦ (૧૦૦) |
| | **કુલ** | **૧૯૨ (૫૩.૩૩)** | **૬૪ (૧૭.૭૮)** | **૧૦૪ (૨૮.૮૯)** | **૩૬૦ (૧૦૦)** |

કોષ્ટક ૬.૩૧ પરથી સ્પષ્ટ થાય છે કે ૫૩.૩૩% ઉત્તરદાતાઓ જન્મ બાદ બાળકને તુરંત માતાનું દૂધ જ અપાય છે તેમ જણાવે છે. જેમાં ૨/૩ ભાગથી સહેજ ઓછા (૬૩.૩૪%) નજીકના ગામોના ઉત્તરદાતાઓ છે. ૨૮.૮૯% ઉત્તરદાતાઓ બાળકને પ્રથમ દારૂનું સેવન કરાવે છે જે બાળકના સ્વાસ્થ્યને હાનિકારક નીવડી શકે છે. જયારે ૧૭.૭૮% ઉત્તરદાતાઓ મધ-ઘી અને પાણી ગળથૂથીરૂપે બાળકને આપે છે.

નિષ્કર્ષરૂપે કહી શકાય કે મોટાભાગે ૫૩.૩૩% ઉત્તરદાતાઓ નવજાત શિશુને પ્રથમ ખોરાકરૂપે માતાનું દૂધ આપે છે. પરંતુ પરંપરાગત માન્યતા મુજબ ૪૩.૩૩% દૂરના ગામોના ઉત્તરદાતાઓ નવજાત શિશુને આજે પણ દારૂનું સેવન કરાવે છે.

**બાળકને ધવડાવવા માટેની સમયમર્યાદા અંગે ઉત્તરદાતાના વિચારો :**

માતાના દૂધને બાળકનો સર્વોત્તમ ખોરાક વિશ્વના સમગ્ર દેશો માને છે. આદિવાસી સંસ્કૃતિમાં માતા બાળકને ઘણાં લાંબા સમય સુધી ધાવણ આપતી જોવા મળે છે. સંશોધનક્ષેત્રમાં જન્મ બાદ બાળકને માતા કેટલો સમય દૂધ પીવડાવે છે, તેની વિગત અત્રે કોષ્ટકમાં મુકી છે.

## કોષ્ટક ૬.૩૨

## બાળકને ધવડાવવા માટેની સમયમર્યાદા અંગે ઉત્તરદાતાના વિચારો

| ક્રમ | ગામનું જૂથ | ૭ મહિના | ૧ વર્ષ સુધી | ૧ વર્ષથી વધારે સમય | કુલ |
|---|---|---|---|---|---|
| ૧. | નજીકના ગામ | - | ૩૨ | ૮૮ | ૧૨૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | (૨૬.૬૭) | (૭૩.૩૩) | (૧૦૦) |
| ૨. | મધ્યમદૂરીના ગામ | - | ૨૦ | ૧૦૦ | ૧૨૦ |
| | | | (૧૬.૬૬) | (૮૩.૩૩) | (૧૦૦) |
| ૩. | દૂરના ગામ | - | - | ૧૨૦ | ૧૨૦ |
| | | | | (૧૦૦) | (૧૦૦) |
| | **કુલ** | **-** | **૫૨** | **૩૦૮** | **૩૬૦** |
| | | | **(૧૪.૪૪)** | **(૮૫.૫૬)** | **(૧૦૦)** |

કોષ્ટક ૬.૩૨ પરથી સ્પષ્ટ દેખાય છે કે મોટાભાગના ૮૫.૫૬% ઉત્તરદાતાના કુટુંબની સ્ત્રીઓ બાળકને એક વર્ષથી વધારે સમય સુધી દૂધ પીવડાવે છે, તેમાં દૂરના ગામોના બધા જ ઉત્તરદાતાઓનો સમાવેશ થાય છે. જ્યારે એક વર્ષ સુધી જ માતા બાળકને દૂધ પાય છે તેવું ૧૪.૪૪% ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું.

નિષ્કર્ષમાં કહી શકાય કે નવજાત બાળકને મોટેભાગે ૮૫.૫૬% માતાઓ એક વર્ષથી વધુ સમય ધાવણ આપે છે, પરંતુ હવે બાહ્ય સંપર્કો અને થોડા જુવાન લોકો બહારગામ કામ કરવા જતા થયા છે. આથી બાળકને દૂધ આપવાના ગાળામા થોડો ઘટાડો થયેલો જોવા મળે છે.

**પ્રસુતા માતાને ઉત્તરદાતાને મતે પ્રસુતિ પછી મળતા આરામ અંગેની વિગત :**

પ્રસુતિ બાદ બાળકને દૂધ આપતી ઘણી માતાઓના ખોરાકમાં ફેરફાર કરવામાં આવે છે તેવું બધા જ ઉત્તરદાતાઓ કહે છે. કોપરું, ગોળ અને દેશી બાવળનો ગુંદર ખવડાવવામાં આવે છે. મકાઈના રોટલા સાથે પણ ઘી-ગોળ ખાવા આપવામાં આવે છે. સ્ત્રીમાં અશક્તિ ઓછી થાય માટે અને બાળકને વધુ ધાવણ મળે આ હેતુથી ખોરાકમાં બદલાવ લવાય છે તેમ જાણવા મળ્યું હતું. બાળકના જન્મબાદ સ્ત્રીમાં અશક્તિ હોય છે તેને દૂર કરવા ખોરાકમાં ફેરફારની જેમ સ્ત્રીને આરામનો સમય પણ અપાય છે. ભીલ સમાજમાં આ સમયગાળો કેટલો છે ? તેની વિગત અહી કોષ્ટક ૬.૩૩માં મુકી છે.

**કોષ્ટક ૬.૩૩**

## પ્રસુતા માતાને ઉત્તરદાતાને મતે પ્રસુતિ પછી મળતા આરામ અંગેની વિગત

| ક્રમ | ગામનું જૂથ | વિગત | | | કુલ |
|---|---|---|---|---|---|
| | | અઠવાડિયુ | પંદર દિવસ | સવા મહિનો | |
| ૧. | નજીકના ગામ | ૨૪ (૨૦) | ૨૮ (૨૩.૩૩) | ૬૮ (૫૬.૬૭) | ૧૨૦ (૧૦૦) |
| ૨. | મધ્યમદૂરીના ગામ | ૩૬ (૩૦) | ૫૬ (૪૬.૬૭) | ૨૮ (૨૩.૩૩) | ૧૨૦ (૧૦૦) |
| ૩. | દૂરના ગામ | ૪૪ (૩૬.૬૬) | ૭૨ (૬૦) | ૪ (૩.૩૩) | ૧૨૦ (૧૦૦) |
| | **કુલ** | **૧૦૪ (૨૮.૮૯)** | **૧૫૬ (૪૩.૩૩)** | **૧૦૦ (૨૭.૭૮)** | **૩૬૦ (૧૦૦)** |

પ્રસુતિબાદ પ્રસુતા એક અઠવાડિયાથી લઈ સવા મહિના સુધી આરામ કરે છે તેવું ઉપરોક્ત કોષ્ટક પરથી દેખાય છે. ૪૩.૩૩% ઉત્તરદાતાઓ પ્રસુતાનો આરામનો સમય ૧૫ દિવસ જેટલો અને ૨૮.૮૯% ઉત્તરદાતાઓ અઠવાડિયાનો સમય દર્શાવે છે. જ્યારે ૨૭.૭૮% ઉત્તરદાતા કહે છે કે પ્રસુતા સવા મહિના જેટલો આરામ કરે છે.

જે સમાજ દરરોજનું કમાઈને દરરોજ ખાતો હોય ત્યાં પ્રસુતા લાંબા સમય સુધી ઘરમાં રહે તે ન પોસાય એ સામાન્ય વાત છે. કોષ્ટકના ચિત્ર પરથી દેખાય છે કે દૂરના જેવા વિકાસથી અલિપ્ત રહેલા ગામમાં સ્ત્રીઓ સૌથી ઓછો સમય આરામ કરે છે. આરામનો સમય ઓછો વધતો હોય છે તેમ જાણવા મળ્યું, પરંતુ સાથે સાથે પ્રસુતાને સવા મહિના સુધી બધા જ ઉત્તરદાતાઓ અસ્પૃશ્ય માનતા જાણવા મળે છે. સ્ત્રી રસોઈ જેવું કામ કરતી નથી. ખાસ સંજોગોમાં જ વીસ દિવસ પછી રસોઈનું કામ કરી શકે છે. સવા મહિને માતા અને બાળક માથાબોળ સ્નાન કરી કપડાં બદલી માતા સૂર્યદેવ સામે ઉભી રહી વંદન કરે છે અને બાળકના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરે છે. પછી સગોત્ર સ્ત્રીઓ ભેગી થઈ નાચતા-ગાતા કૂવા પર જઈને કંકુ-ચોખાથી કૂવાને વધાવે છે, પુજન કરે છે, અને બાળકના નામના 'જવારા' વાવે છે. 'જવારા' જેટલા સારા ઉગે એટલી બાળકની તબિયત સારી રહેશે તેમ મનાય છે. કૂવાથી પરત ફરી ખત્રી અને વડીલોને પગે લાગે છે. વડીલો આશીર્વાદ અને પૈસા આપે છે. ઘરે લાપસીનું આંધણ મુકાય છે. નજીકના સગાઓ જમે છે. ફળીયામાં બાફેલી મકાઈ અને ઘઉં વહેંચવામાં આવે છે. આમ, સ્ત્રીનું સૂતક પુરું થયેલ ગણી ઘરના બધા કામમાં જોડાવાની રજા મળે છે.

નિષ્કર્ષમાં કહી શકાય કે પ્રસૂતિ બાદ સ્ત્રીઓ અઠવાડિયાથી લઈને સવા મહિના સુધી આરામ લેતી જોવા મળે છે.

**બાળક ન થવા માટે કોણ જવાબદાર તે અંગેના ઉત્તરદાતાના અભિપ્રાયની વિગત :**

ઉત્તરદાતાઓના મતે બાળક મેળવવા માટે કરાતા પ્રયત્નોમાં જેમ અલૌકિક શક્તિઓનું મહત્વ છે, તેમ બાળક ન થવા માટે ભીલ સમાજની માન્યતાઓ મુજબ અલૌકિક શક્તિઓને મહત્વ આપવામાં આવતું હતું. આજે બાળક ન થવા માટે ઉત્તરદાતાના મતે પતિ-પત્નીમાં કોણ જવાબદાર છે ? તે અંગે અત્રે કોષ્ટક સ્વરૂપે દર્શાવેલું છે.

**કોષ્ટક ૬.૩૪**

**બાળક ન થવા માટે કોણ જવાબદાર તે અંગેના ઉત્તરદાતાના અભિપ્રાયની વિગત**

| ક્રમ | ગામનું જૂથ | વિગત | | | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | સ્ત્રીને | પુરુષને | સ્ત્રીને/પુરુષ બંનેમાંથી કોઈ પણ હોઈ શકે | અન્ય બાહ્ય કારણો જેવા કે મેલી વિદ્યા | |
| ૧. | નજીકના ગામ | ૯૬ (૮૦) | -- | ૨૪ (૨૦) | ૮૮ (૭૩.૩૩) | ૧૨૦ (૧૦૦) |
| ૨. | મધ્યમદૂરીના ગામ | ૧૧૨ (૯૩.૩૩) | -- | ૮ (૬.૬૭) | ૯૬ (૮૦) | ૧૨૦ (૧૦૦) |
| ૩. | દૂરના ગામ | ૧૧૬ (૯૬.૬૭) | -- | ૪ (૩.૩૩) | ૧૨૦ (૧૦૦) | ૧૨૦ (૧૦૦) |
| | **કુલ** | **૩૨૪ (૯૦)** | **--** | **૩૬ (૧૦)** | **૩૦૪ (૮૪.૪૪)** | **૩૬૦ (૧૦૦)** |

● એક કરતાં વધુ જવાબો મળેલ છે.

કોષ્ટક ૬.૩૪ પરથી સ્પષ્ટ થાય છે કે ૯૦% ઉત્તરદાતાઓ સ્ત્રીને બાળક ન થવા માટે જવાબદાર ગણે છે, તેમ માનનારા દૂરના ગામોના અને મધ્યમ દૂરીના ગામોના ઉત્તરદાતાઓ અનુક્રમે ૯૬.૬૭% અને ૯૩.૩૩% છે. જયારે પુરુષ-સ્ત્રી બંને જવાબદાર હોઈ શકે તેવુ કહેનાર ફક્ત ૧૦% ઉત્તરદાતાઓ હતા. આ બંને કારણો ઉપરાંત ૮૪.૪૪% ઉત્તરદાતાઓના મતે કોઈ બાહ્ય પરિબળ એટલે કે મેલીવિદ્યા દ્વારા કોઈ શત્રુએ બાળક ન થાય તેવી વિદ્યાનો ઉપયોગ જે તે વ્યક્તિ પર કરેલ હોઈ શકે તેમ માનનારા સમગ્ર દૂરના ગામોના અને ૮૦%

મધ્યમદૂરી ગામોના ઉત્તરદાતાઓ છે. બધાજ ગામોમાંથી કોઈ ઉત્તરદાતાએ ફક્ત પુરુષને બાળક ન થવા માટે જવાબદાર ઠેરવ્યો નથી, મોટાભાગના મતે સ્ત્રીઓ જ જવાબદાર હોય છે.

નિષ્કર્ષરૂપે કહેવાય કે ૯૦% ઉત્તરદાતાઓ બાળક ન થવાના કારણોમાં સ્ત્રીને જવાબદાર ઠેરવે છે, તેની સાથે સાથે બાહ્ય કારણો (અપ્રાકૃતિક શક્તિના પ્રભાવ) થી બાળક ન થતા હોવાનું માને છે, જેમાં ઉત્તરદાતાની ઘણી મોટી સંખ્યા છે.

**લગ્નના અમુક વર્ષો પછીથી બાળક ન થવાથી ઉત્તરદાતાના મતે લેવાતા પગલાં અંગેની વિગત :**

દરેક લગ્ન પાછળનો એક મુખ્ય હેતુ તે વંશ ચાલુ રહે એટલે કે પ્રજોત્પતિ છે. દરેક સમાજમાં બાળક વિનાના યુગલને યોગ્ય માનવામાં નથી આવતુ તે જગવિદિત છે. લગ્નના વર્ષ પછી બાળક ન હોય તો ભીલ સમાજમાં તે વ્યક્તિ તરફની લોકોની નજર બદલાઈ જાય છે. આ સંજોગોમાં દરેક સમાજની જેમ ભીલો પણ અનેક ઉપાયો અજમાવતા હોય છે. તેમાં ધાર્મિક માન્યતાઓમાં વીર કે ખત્રીની બાધા/માનતા રાખવામાં આવે છે. ઉપરાંત અંબાજીમાં ભીલોને અતૂટ શ્રધ્ધા છે તેની પણ બાધા રખાય છે, ઉપરાંત હોળીમાતાની તેઓ બાધા રાખે છે. હોળીના દિવસે નકોરડો ઉપવાસ કરે છે, રાત્રે હોળીની પૂજા-પ્રદક્ષિણા કરે છે. તે આખુ વર્ષ જે રીતે બાધા હોય તેમ વર્તે છે. જેમ કે અમુક રંગના કપડા ન પહેરવા, પાણી ન ઓળંગવુ આવા નિષેધો પાળે છે. તેઓ માને છે કે આવી બાધાઓના પાલનથી હોળીમાતા બાળક આપે છે. ભીલોને અલૌકિક શક્તિનો ભય ખૂબ જ લાગતો હોય છે, તેઓ માને છે કે કોઈ શક્તિનો અનાદર થયો હોય, તો પણ બાળક ન થાય, પૂર્વજોની બરાબર પૂજા ન કરતા હોય તેનું પણ પરિણામ હોઈ શકે. ઉપરાંત કોઈ દુશ્મને પણ તમારા પર જાદુ કરેલ હોય તેવી ભીલોની માન્યતાઓ છે. આના ઉપાયરૂપે તેઓ પતિ-પત્નિ ભૂવા પાસે વિધિ કરાવે છે. ભૂવો પૂજા કરે છે, ભૂત-પ્રેત કે વડવા હેરાન નથી કરતા ને ? તે જોવા માટે ધૂણે છે, દાણા જૂએ છે. ત્યારબાદ જો અલૌકિક શક્તિ નૈવેદ્ય માંગતીહોય તો દારૂ,બકરો, મરઘું કે જાગેરી જે માંગે તે દંપત્તિ ખુશી-ખુશીથી ચઢાવે છે. આમ અનેક જુદા જુદા પ્રયત્નો કરવામાં આવે છે. આ બધા ઉપાયો નિષ્ફળ જાય તો પછીથી પુરુષ બીજા લગ્ન કરે છે. 'આમ પણ બહુપત્નીત્વ તેઓ માટે બહુ સહજ બાબત છે.' (દોશી એસ.એલ.૧૯૭૧) આમ અનેક જુદી-જુદી રીતો અપનાવી ભીલો બાળક મેળવવા પ્રયત્ન કરતા હોય છે. પરંતુ ડૉક્ટરી સારવારમાં પોતાનું પરિક્ષણ કે સ્ત્રીનું ગર્ભાશય કે ડીમ્બવાહિની નળીનું પરિક્ષણ વગેરે કરાવતા નથી. અભ્યાસક્ષેત્રમાં ઉત્તરદાતાઓના મતે પ્રર્વતમાન સમયમાં બાળક મેળવવા કેવા કેવા પ્રયત્નો કરાય છે તે અત્રે કોષ્ટકમાં રજુ કરેલ છે.

**કોષ્ટક ૬.૩૫**

**લગ્નના અમુક વર્ષો પછીથી બાળક ન થવાથી ઉત્તરદાતાના મતે લેવાતા પગલાં અંગેની વિગત**

| ક્રમ | ગામનું જૂથ | વિગત | | | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | બીજા લગ્ન | બાધા/ માનતા રાખે છે | ભગત/ભૂવા પાસે વિધિ કરાવે છે | ડૉક્ટર પાસે દવા કરાવે છે | |
| ૧. | નજીકના ગામ | ૧૨૦ | ૧૦૪ | ૮૮ | ૧૨ | ૧૨૦ |
| | | (૧૦૦) | (૮૬.૬૭) | (૭૩.૩૩) | (૧૦) | |
| ૨. | મધ્યમદૂરીના ગામ | ૧૨૦ | ૧૧૨ | ૯૬ | ૪ | ૧૨૦ |
| | | (૧૦૦) | (૯૩.૩૩) | (૮૦) | (૩.૩૩) | |
| ૩. | દૂરના ગામ | ૧૨૦ | ૧૨૦ | ૧૧૨ | ૪ | ૧૨૦ |
| | | (૧૦૦) | (૧૦૦) | (૯૩.૩૩) | (૩.૩૩) | |
| | **કુલ** | **૩૬૦** | **૩૩૬** | **૭૪** | **૨૦** | **૩૬૦** |
| | | **(૧૦૦)** | **(૯૩.૩૩)** | **(૮૨.૨૨)** | **(૫.૫૬)** | |

● એક કરતાં વધુ જવાબો મળેલ છે.

કોષ્ટક ૬.૩૫ પરથી સ્પષ્ટ થાય છે કે જે દંપતિને લગ્ન પછી એક બે વર્ષમાં બાળક ન થાય તો ઉત્તરદાતાઓના મંતવ્ય મુજબ બાળક મેળવવા એક કરતા વધારે પગલાં લેવાતાં હોય છે. સમગ્ર ઉત્તરદાતાઓ બધા જ પ્રયાસો નિષ્ફળ જતાં છેલ્લે પુરુષ બીજુ લગ્ન કરે છે તેવુ જણાવે છે. આ પહેલાના પગલાંઓમાં ૯૩.૩૩% ઉત્તરદાતાઓ બાધા/માનતા રાખવામાં આવે છે તેવુ જણાવે છે જે ખત્રીની, વીરની, અંબાજીમાતા કે હોળી માતાની હોય છે. તે ઉપરાંત ૮૨.૨૪% ઉત્તરદાતાઓ ભૂત-ભૂવાની પાસે વિધિ-વિધાન કરાવવાને મહત્વ આપતા જણાય છે.

બાકીના ઉત્તરદાતાઓ ડૉક્ટરની સારવાર લેવાતીહોય તેમ જણાવે છે જેની સંખ્યા નહીંવત્ છે.

નિષ્કર્ષમાં કહી શકાય કે મોટાભાગના ઉત્તરદાતાઓ (૯૩.૩૩%) દેવી/માતાજી અને અલૌકિક શક્તિઓની બાધા/માનતા રાખે છે તથા બાળક પ્રાપ્તિ માટે ભૂવા પાસે વિધિ-વિધાનો કરાવરાવે છે અને સમગ્ર ઉત્તરદાતાઓ છેલ્લા વિકલ્પમાં પુનઃલગ્ન કરે છે.

**માંદગીમાં પ્રથમ સારવાર કોની લેવી તે અંગેના ઉત્તરદાતાના અભિપ્રાય :**

ભીલો પરંપરાગત રીતે શારીરિક માંદગી કે તકલીફો વખતે પ્રથમ ઘરગથ્થુ દવા અને ભૂવાનો સહારો લે છે. ભૂવો/ભગત દુઃખ દર્દ જોઈ દોરો-ધાગો કરે, દેવ-દેવીની બાધા રખાવે તથા ક્યારેક ભગત ‘ઝાડ-મૂળી’ આપે છે. આમ આરોગ્યની બાબતોમાં કે તેઓની સર્વ પ્રકારની તકલીફોમાં ભૂવો, ભગત તેના શારીરિક-

માનસિક સલાહકાર બને છે. ભૂત-પ્રેત કે વળગાડને કારણે શારીરિક તકલીફો આવે છે, તથા તેને વશ કરવા માટે એકમાત્ર ભૂવો જ સમર્થ છે તેવી દૃઢ શ્રધ્ધા તેઓ ધરાવે છે, અને તેની પાસે જ ઉપચાર કરાવે છે. પ્રવર્તમાન સમયમાં અભ્યાસક્ષેત્રમાં શારીરિક માંદગીમાં ઘરગથ્થુ ઉપચાર, ભૂવા અને ડૉક્ટરના ઉપયોગ કરવાના ઉત્તરદાતાઓના વિચાર અને વલણ કોષ્ટક ૬.૩૬માં આપવામાં આવ્યા છે.

**કોષ્ટક ૬.૩૬**

**માંદગીમાં પ્રથમ સારવાર કોની લેવી તે અંગેના ઉત્તરદાતાના અભિપ્રાય**

| ક્રમ | ગામનું જૂથ | વિગત ઘરગથ્થુ | વિગત ભગત/ભૂવા | વિગત ડૉક્ટર | કુલ |
|---|---|---|---|---|---|
| ૧. | નજીકના ગામ | ૨૪ (૨૦) | ૮૪ (૭૦) | ૧૨ (૧૦) | ૧૨૦ (૧૦૦) |
| ૨. | મધ્યમદૂરીના ગામ | ૧૬ (૧૩.૬૩) | ૯૬ (૮૦) | ૮ (૬.૬૭) | ૧૨૦ (૧૦૦) |
| ૩. | દૂરના ગામ | ૨૮ (૨૩.૩૩) | ૯૨ (૭૬.૬૭) | -- | ૧૨૦ (૧૦૦) |
| | **કુલ** | **૬૮ (૧૮.૮૯)** | **૨૭૨ (૭૫.૫૫)** | **૨૦ (૫.૫૬)** | **૩૬૦ (૧૦૦)** |

કોષ્ટક ૬.૩૬ પરથી જોઈ શકાય છે કે માંદગીમાં પ્રથમ સારવાર લેવા ભગત/ભૂવાનોઉપયોગ કરવાનું વલણ સૌથી વધુ ૭૫.૫૫% ઉત્તરદાતાઓનું છે, જેમાં મધ્યમ દૂરીના અને નજીકના ગામો અનુક્રમે ૮૦% અને ૭૦% ઉત્તરદાતાઓ છે. આ પછીના ક્રમે ઘરગથ્થુ ઉપચારના ઉપયોગનું વલણ ૧૮.૮૯% દેખાય છે, જેમાં ૨૩.૩૩% દૂરના ગામના અને ૨૦% નજીકના ગામોના ઉત્તરદાતાઓ છે. જયારે ડૉક્ટરનો ઉપયોગ કરવાનું માત્ર ૫.૫૬% ઉત્તરદાતાનું વલણ છે જેમાં દૂરના ગામોના એક પણ ઉત્તરદાતાઓ જોવા મળતા નથી. આ દર્શાવે છે કે ભીલ સમાજ પર માંદા પડવા અંગેની ધાર્મિક માન્યતાઓ તેમને પરંપરાગત ભૂવા / ભગત દ્વારા જ ઉપચાર લેવા પ્રેરે છે. ભીલ સમાજમાં મેલા તત્ત્વો કે મૃતાત્માનો સતત તેમને ડર હોય છે, ઉપરાંત કોઈ નિષેધભંગ કે દેવ/માતાજીની અવગણનાને કારણે પણ માંદગી હોઈ શકે છે. આથી ભગત/ભૂવાનો આશ્રય લેવા જ તેઓ પ્રથમ પ્રયાસ કરતા દેખાય છે. આમ જોઈએ તો પરંપરાગત ''ભગત/ભૂવા સંસ્થા'' ભીલ સમાજમાં કેટલા ઊંડા મૂળ નાખીને બેઠેલી છે તેનો ખ્યાલ આવે છે.

નિષ્કર્ષમાં કહી શકાય કે સમગ્ર ઉત્તરદાતાઓમાં ભગત/ભૂવા પાસે પ્રથમ સારવાર લેવાનું વલણ ઘણાં

મોટા પ્રમાણમાં જોવા મળે છે. બીજા ક્રમે ઘરગથ્થુ ઉપચાર તરફી વલણ દેખાય છે.

**રોગ ઉપચારથી અસરકારકતા અંગેના ઉત્તરદાતાના વિશ્વાસની વિગત :**

રોગ અને આફત વિશે ભીલોની માન્યતા મુખ્યત્વે અપ્રાકૃતિક શક્તિઓને જ કારણભૂત ગણે છે. ‘‘ભીલો એકસો સાઈઠ જેટલા વીર અને મેલાં દેવ/દેવીઓમાં શ્રધ્ધા ધરાવે છે.’’(પટેલ ભગવાનદાસ - ૧૯૮૪-૫)આ વીર અને દેવીઓના કારણોને લઈને જે રોગો થાય તે ભૂવા જ મટાડી શકે તેવી તેમની દ્દઢ માન્યતા છે. આજે આઝાદીના ૫૮ વર્ષે તેઓના વલણોમાં કેટલો ફરક આવ્યો છે તે તેમના વલણ પરથી ખ્યાલ આવે છે.

**કોષ્ટક ૬.૩૭**

**રોગ ઉપચારની અસરકારકતા અંગેના ઉત્તરદાતાના વિશ્વાસની વિગત**

| **ક્રમ** | **ગામનું જૂથ** | **વિગત** | | **કુલ** |
|---|---|---|---|---|
| | | **ભગત/ભૂવા** | **ડૉક્ટર** | |
| ૧. | નજીકના ગામ | ૬૪ | ૫૬ | ૧૨૦ |
| | | (૫૩.૩૩) | (૪૬.૬૭) | (૧૦૦) |
| ૨. | મધ્યમદૂરીના ગામ | ૭૨ | ૪૮ | ૧૨૦ |
| | | (૬૦) | (૪૦) | (૧૦૦) |
| ૩. | દૂરના ગામ | ૧૦૦ | ૨૦ | ૧૨૦ |
| | | (૮૩.૩૩) | (૧૬.૬૭) | (૧૦૦) |
| | **કુલ** | **૨૩૬** | **૧૨૪** | **૩૬૦** |
| | | **(૬૫.૫૬)** | **(૩૪.૪૪)** | **(૧૦૦)** |

કોષ્ટક ૬.૩૭ પરથી જણાય છે કે ૨/૩ ભાગથી સહેજ ઓછા (૬૫.૫૬%) ઉત્તરદાતા ભગત/ભૂવા રોગને જલ્દી મટાડી શકે તેમ માને છે, જેમાં દૂરના ગામના ૮૩.૩૩% ઉત્તરદાતાઓનો સમાવેશ થાય છે. જયારે ૩૪.૪૪% ડૉક્ટરની સારવારથી રોગ જલ્દી મટી શકે તેવું જણાવે છે, જેમાં ૪૬.૬૭% નજીકના ગામોના ઉત્તરદાતાઓ ડૉક્ટરી સારવારને મહત્ત્વ આપે છે.

નિષ્કર્ષમાં કહી શકાય કે ૬૫.૫૬% ઉત્તરદાતાઓ ભગત/ભૂવાને રોગ મટાડવા માટેનો અકસીર ઉપાય માની વધુ વિશ્વાસ રાખે છે, તેમાં ૮૩.૩૩% દૂરના ગામોના ઉત્તરદાતાઓનો સમાવેશ થાય છે. પરંતુ આહવા નજીકના ગામોમાં ડૉક્ટરી સારવારનું મહત્વ ધીમે ધીમે વધતું જાય છે.

**બાળકોમાં રોગપ્રતિરોધક રસી અંગેની વિગત :**

બાળ આરોગ્ય અને રોગપ્રતિરોધક રસીકરણ માટે આજે રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે ઘણાં પ્રયત્નો થઈ રહ્યા છે.જેના પરિપાક સ્વરૂપે બાળમૃત્યુ દર ૧૯૭૧માં ગ્રામીણ ગુજરાતમાં ૧૫૫ (૧૦૦૦ જીવિત જન્મ ૫૨) હતો તે ૧૯૯૪માં ૬૪ લાવી શકાયો છે. (Health Review Gujarat - 1995 - 64. p.45) તે માટે જવાબદાર કારણોમાં એક મહત્ત્વપૂર્ણ કારણ રોગપ્રતિરોધક રસીઓનો ઉપયોગ હોઈ શકે છે. પલ્સ પોલીયો કાર્યક્રમ જેવા અસરકારક પગલાઓના લીધે દેશભરમાં રોગપ્રતિરોધક રસીકરણના કામને જોર મળ્યું છે. ૧૯૯૫-૯૬માં ડાંગ જિલ્લામાં રોગપ્રતિરોધક રસીઓ આપવાનો લક્ષ્યાંક (બાળકોનો) ૧,૧૨,૦૦૦ હતો જેમાંથી ૪૩.૧૧% સિધ્ધ થઈ શક્યો હતો. (Health Review Gujarat - 1995 - Govt. of Gujarat p.45 )

Unicef દ્વારા નિયત કરાયેલ રસીકરણની આદર્શ રીત જોઈએ તો આ મુજબ છે.

## બાળક માટેની રસીનું પત્રક

| **ઉંમર** | **રસીનું નામ** |
|---|---|
| જન્મ સમયે | BCG પોલીયો અને અમુક દેશોમાં હીપેટાઈટીસ |
| ૬ અઠવાડીયા | DTP, પોલીયો અને અમુક દેશોમાં હિપેોઈટીસ-બી અને Hib |
| ૧૦ અઠવાડીયા | DTP, પોલીયો અને અમુક દેશોમાં હિપોટાઈટીસ-બી અને Hib |
| ૧૪ અઠવાડીયા | DTP, પોલીયો અને અમુક દેશોમાં હીપેટાઈટીસ-બી અને Hib |
| ૯ માસ | Measles (ઓરી) (૧૨-૧૫ માસે ઔદ્યોગિકરણવાળા દેશોમાં) અને અમુક દેશોમાં, પીળીયો તાવ (yellow fever) mumps અને rubella |

**Source :** Facts for life (Third editian) UNICEF, WHO, UNDP, UNFPA

આદિવાસી વિસ્તારમાં રોગપ્રતિરોધક રસીકરણ કાર્યક્રમ વિષયક વિદ્વાનોનો મત જોઈએ તો ''આદિવાસી વિસ્તારમાં આરોગ્યની અપૂરતી સગવડો અને શિક્ષણ-સમજના અભાવને લીધે તથા અલૌકિક અને લૌકિક શક્તિઓમાં વિશ્વાસને લીધે રસીકરણ કાર્યક્રમ બહુ સરળતાથી સંચાલિત થઈ શકતો નથી.'' (મસવી અને પરમાર-૧૯૯૮). આ રીતે આદિવાસી સમાજના પોતાના સાંસ્કૃતિક ધોરણો છે, નિષેધો છે. ઉદાહરણરૂપે જોઈએ તો દક્ષિણ ગુજરાતના સતિ-પતિ પંથ (આપકી જય - અપાલા ગામ અપાલા રાજ) ના અનુયાયી આદિવાસીઓ બાળકોને રોગપ્રતિરોધક રસી મુકાવતા નથી. આમ અનેક કારણોને લીધે રસીકરણ શક્ય બની શકતું નથી.

અભ્યાસક્ષેત્રમાં ભીલ જનજાતિમાં બાળકોને રસી મુકાવવા અંગેના તેમના વલણોને જાણી અહી કોષ્ટક સ્વરૂપે મુકવામાં આવ્યા છે.

**કોષ્ટક ૬.૩૮**

**બાળકોમાં રોગપ્રતિરોધક રસી અંગેની વિગત**

| ક્રમ | ગામનું જૂથ | વિગત: નથી મુકાવી | બી.સી.જી. | ડી.ટી.પી. ૧ ૨ ૩ | પોલિયો | ઓરી | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | નજીકના ગામ | ૭૨ (૬૦) | ૧૨ (૧૦) | ૪ - - (૩.૩૩) | ૪૮ (૪૦) | - | ૧૨૦ |
| ૨. | મધ્યમદૂરીના ગામ | ૮૪ (૭૦) | - | ૪ - - (૩.૩૩) | ૩૬ (૩૦) | - | ૧૨૦ |
| ૩. | દૂરના ગામ | ૧૦૦ (૮૩.૩૩) | - | - - - | ૨૦ (૧૬.૬૭) | - | ૧૨૦ |
| | **કુલ** | **૨૫૬ (૭૧.૧૧)** | **૧૨ (૩.૩૩)** | **૮ (૨.૨૨)** | **૧૦૪ (૨૮.૮૯)** | **-** | **૩૬૦** |

● એક કરતા વધુ જવાબો મળેલ છે.

કોષ્ટક ૬.૩૮ પરથી ફલિત થાય છે કે ૭૧.૧૧% ઉત્તરદાતાઓ બાળકોને રોગપ્રતિરોધક રસી મૂકાવતા નથી. જેમાં દૂરના ગામોના ૮૩.૩૩% અને મધ્યમ દૂરીના ગામો તથા નજીકના ગામોના અનુક્રમે ૭૦% અને ૬૦% ઉત્તરદાતાઓ જોવા મળે છે. રોગપ્રતિરોધક રસી મુકાવેલ છે, તેવા બધા જ બાળકોને પોલીયોની રસી આપવામાં આવી છે. પરંતુ બીજી રસીઓ વિશે જોઈએ, તો નજીકના ગામોના ૧૦% બાળકોને બી.સી.જી.ની રસી અપાય છે અને ડી.ટી.પી.નો પ્રથમ ખોરાક નજીકના અને મધ્યમ દૂરીના ગામોના અનુક્રમે ૩.૩૩% અને ૩.૩૩% બાળકોને આપવામાં આવ્યો છે. દૂરના ગામોમાં પોલીયો સિવાયની રસી અપાયેલ નથી. (પોલીયોની રસી પલ્સ પોલીયો કાર્યક્રમ અંતર્ગત બાળકોને મળી હતી તેમ ક્ષેત્રકાર્ય દરમ્યાન સંશોધકને જાણવા મળ્યું હતું.)

નિષ્કર્ષ રૂપે કહી શકાય કે ૨/૩ થી વધારે (૭૧.૧૧%) ઉત્તરદાતાઓ બાળકોને રસી મુકાવતા નથી.

**બાળકને રોગપ્રતિરોધક રસી ન અપાવવા અંગે ઉત્તરદાતાની માન્યતાઓની વિગત :**

‘‘સાંસ્કૃતિક - સામાજિક માન્યતાઓ, નિષેધોના લીધે આદિવાસી સમાજ આધુનિક સ્વાસ્થ્ય વ્યવસ્થાનો

મહત્તમ ઉપયોગ નથી કરતો.'' (યાદવ મારકન્ડેય સિંહ - ૧૯૯૪) ઉપરાંત આદિવાસી ગ્રામરચનામાં ઘરોની રચના છૂટીછવાઈ હોય છે; રસ્તાઓ, વાહનવ્યવહારની સગવડ ઓછી છે. આ કારણોને લીધે આરોગ્ય કાર્યકરો પણ મુશ્કેલીથી આવા વિસ્તારોમાં સેવા બજાવતા જોવા મળે છે. રાજયના બાળ સ્વાસ્થ્ય સુધારણાના પ્રયત્નો સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) દ્વારા ચલાવવા સરકાર કૃતનિશ્ચયી છે, છતાં જોવા મળે છે તે મુજબ બાળ રોગપ્રતિરોધક રસીકરણ કાર્યક્રમ અંતર્ગત અભ્યાસક્ષેત્રના બહુ ઓછા બાળકોને રસી મુકાવવામાં આવી છે. તેની પાછળના કારણોની જાણકારી કોષ્ટક ૬.૩૯માં મુકવામાં આવી છે.

**કોષ્ટક ૬.૩૯**

**બાળકને રોગપ્રતિરોધક રસી ન અપાવવા અંગે ઉત્તરદાતાની માન્યતાઓની વિગત**

| ક્રમ | ગામનું જૂથ | વિગત | | | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | સુવિધા નથી | રસી મુકાવવી જરૂરી નથી લાગતી | માતાજી/ભગત/ ભૂવાની માનાઈ છે | રસી મૂકાવેલ છે | |
| ૧. | નજીકના ગામ | ૮<br>(૬.૬૭) | ૩૬<br>(૩૦) | ૨૮<br>(૨૩.૩૩) | ૪૮<br>(૪૦) | ૧૨૦ |
| ૨. | મધ્યમદૂરીના ગામ | ૭૨<br>(૬૦) | ૪૪<br>(૩૬.૬૭) | ૨૪<br>(૨૦) | ૩૬<br>(૩૦) | ૧૨૦ |
| ૩. | દૂરના ગામ | ૧૦૦<br>(૮૩.૩૩) | ૮૦<br>(૬૬.૬૭) | ૬૪<br>(૫૩.૩૩) | ૨૦<br>(૧૬.૬૭) | ૧૨૦ |
| | **કુલ** | **૧૮૦**<br>**(૫૦)** | **૧૬૦**<br>**(૪૪.૪૪)** | **૧૧૬**<br>**(૩૨.૨૨)** | **૧૦૪**<br>**(૨૮.૮૯)** | **૩૬૦** |

● એક કરતાં વધુ જવાબો મળેલ છે.

કોષ્ટક ૬.૩૯ પરથી સ્પષ્ટ થાય છે કે જુદા જુદા કારણોથી ઉત્તરદાતાઓ બાળકોને રોગપ્રતિરોધક રસી મુકાવતા નથી. ૭૧.૧૧% ઉત્તરદાતાઓ જે બાળકને કોઈપણ રોગ પ્રતિરોધક રસી નથી મુકાવતા. કુલ ઉત્તરદાતાના ૫૦% ઉત્તરદાતાઓ સુવિધા ન હોવાથી કોઈપણ રસીનો ઉપયોગ કરતા નથી, તેમાં ૮૩.૩૩% દૂરના ગામોના ઉત્તરદાતા છે. જયારે રોગ પ્રતિરોધક રસી મુકાવવી જરૂરી નથી લાગતી તેવા ૪૪.૪૪% ઉત્તરદાતાઓ છે, જેમાં ૬૬.૬૭% દૂરના ગામોના ઉત્તરદાતાઓનો સમાવેશ થાય છે અને ૩૨.૨૨% માતાજી/ભગત-ભૂવાની મનાઈના લીધે રોગ પ્રતિરોધક રસી નથી મુકાવતા તેવા ઉત્તરદાતાઓમાં ૫૩.૩૩% દૂરના ગામોના ઉત્તરદાતાઓ છે.

નિષ્કર્ષમાં કહી શકાય કે મોટાભાગે ૭૧.૧૧% ઉત્તરદાતાઓના બાળકોને કોઈપણ રોગ પરતિરોધક રસી અપાઈ નથી, તેમાં દૂરના ગામોના ઉત્તરદાતાઓ અન્ય ગામોની સરખામણીમાં રોગ પ્રતિરોધક રસી ના અપાવવાના કારણોમાં રસીકરણની જરૂરીયાત નથી અને ભગત-ભૂવાની મનાઈને વધારે જવાબદાર માને છે.

**રોગ થવાના કારણો અને ઉપાયો :**

"સર્વ આદિમ જાતિઓમાં ધર્મ અને જાદુ બંને ગુંફિત જોવા મળે છે. ધાર્મિક ક્રિયાઓ સાથે તાંત્રિક વિદ્યાઓનો ઉપયોગ પણ થતો હોય છે. પુરુષ પુરોહિતો અને સ્ત્રી પુરોહિતો તેઓના સમાજમાં કેન્દ્રવર્તી સ્થાન ધરાવે છે. ગૂઢશક્તિઓને પ્રસન્ન કરવા અને ગુસ્સે થયેલી ગૂઢ શક્તિઓને રિઝવવા માટે તેઓ ક્રિયાઓ કરાવે છે. આદિમજાતિમાં દુષ્કાળ પડે, રોગચાળો ફાટી નીકળે, આફત કે મુશ્કેલી આવી પડે - એ સર્વ સમયે 'શામન' મદદરૂપ બને છે. વિવિધ આદિમ જાતિઓમાં 'શામન' માટે વપરાતા ભિન્ન - ભિન્ન શબ્દો દૃષ્ટિગોચાર થાય છે. પરંતુ તેઓની ભૂમિકા લગભગ બધે જ સરખી દેખાય છે." (દેસાઈ ઊર્મિબહેન - ૧૯૭૫-૪૨૮) આમ રોગ અને ઉપચાર સાથેનો સંસ્કૃતિનો સંબંધ આદિમ જાતિઓમાં આદિકાળથી જોવા મળે છે. "સર જેમ્સ ફ્રેઝરની દૃષ્ટિએ પ્રથમ આદિ માનવે જાદુ વિદ્યા દ્વારા પ્રકૃતિ પર નિયંત્રણ મેળવી, પોતાના ઉદ્દેશ્યોની પરિપૂર્તિ કરવાનો પ્રયત્ન કર્યો. જાદુ દ્વારા પ્રકૃતિ ઉપર સિધ્ધિ પ્રાપ્ત કરવામાં જયારે માનવ નિષ્ફળ ગયો, ત્યારે તેણે અનુભવ્યુ કે વિશ્વમાં એના કરતાં પણ કોઈક વિશેષ એવી શક્તિઓનું અસ્તિત્વ છે કે જેને લીધે જાદુ વિદ્યા કે તંત્ર વિદ્યા દ્વારા પ્રકૃતિ પર આધિપત્ય જમાવી શકાતું નથી ! માનવ જયારે આ શક્તિ ઉપર આધિપત્ય જમાવવામાં નિષ્ફળ ગયો, ત્યારે તેણે એ શક્તિની આરાધના આરંભી, જેના થકી ધર્મ ઉદ્ભવ્યો.

આમ જેમ્સ ફ્રેઝરના મંતવ્ય મુજબ ધર્મની પ્રાથમિક અવસ્થા જાદુ-મંત્ર-તંત્ર ગણી શકાય." (દેસાઈ ઊર્મિબહેન-૧૯૭૫-૩૯૮)

ધર્મની આ પ્રાથમિક અવસ્થામાં આદિમજાતિઓની શ્રધ્ધા હજુ સુધી મોટા પ્રમાણમાં ટકી રહી છે. આથી આરોગ્ય - રોગ ઉપચાર જેવી દરેક અવસ્થા - ક્રિયાને ચલિત કરવા માટે જાદુનો સહારો લેવામાં આવે છે. આ જાદુ ભૂત-પ્રેતો કે પૂર્વજોના આત્માને રિઝવે છે અથવા વશમાં રાખી માનવીની દરેક અવસ્થાનું નિયંત્રણ કરે છે, તેવુ આદિમ સમાજોમાં જોવા મળે છે. આ ખ્યાલોમાં ઘણાં પરિવર્તનો આવ્યા છે. નવા તત્વો વધતા- ઘટતાં રહ્યા છે. આજે આદિ જાતિઓમાં પહેલાના સમય જેટલી આ તત્ત્વો તરફની શ્રધ્ધા દેખાતી નથી. પરંતુ રોગ કે ઉપચાર તરફના દરેક વ્યવહારોને આ શક્તિઓ ચલિત કરે છે તે હકીકત છે.

ભીલો પણ રોગ થવાના કારણોમાં જૈવિક કારણોને સ્વીકારતા થયા છે. પરંતુ સાથે સાથે અલૌકિક શક્તિઓના પ્રભાવને ટાળી શક્યા નથી. તેમના દરેક રોગો માટે કોઈને કોઈ શક્તિ તેમણે નિયત કરેલ છે.

તે જ રીતે મેલી નજર- વળગાડ અને ભૂત-પ્રેત-ચુડેલથી પણ શારીરિક તકલીફો ઊભી થાય છે તેવી તેમની દૃઢ માન્યતા છે.

અહીં ભીલ ઉત્તરદાતાઓના મતે સંશોધનક્ષેત્રના સામાન્ય રીતે પ્રચલિત રોગો તેના કારણો અને ઉપાયો રોગ પ્રમાણે પ્રદર્શિત કર્યા છે.

**જાતીય રોગ થવાના કારણો અને ઉપચારો અંગે ઉત્તરદાતાના વિચારો :**

જાતીય રોગ વિશે વાત કરતા લગભગ બધા જ ઉત્તરદાતાઓને સંશોધકે ઘણી જ સમજ આપવી પડી હતી. છતાં જાતીય રોગો વિશે કહેતા તેઓ ખચકાતા હતા. જાતિય રોગો અમુક સમયે વધી જાય અને વ્યક્તિને જાતીય અંગો આસપાસ ફોલ્લા કે પરુ-રસી થાય તો ભગત પાસેથી દવા લાવવી અને ભૂવા પાસે મેલડી યા વીરની પૂજા કરી બકરો ચઢાવરાવવાની વિધિઓ કરાય છે. રોગના પ્રાથમિક તબક્કામાં વ્યક્તિ પોતાના અંગત મિત્રોની સલાહ લેતો હોય છે તેમ જાણવા મળે છે. સામાન્ય રીતે ભીલો જાતીય રોગને જાહેર નથી થવા દેતા કારણ કે રોગ થવાનું કારણ નિષેધભંગ માનવામાં આવે છે. (રજસ્વલા સ્ત્રી કે અન્યની પરિણીત સ્ત્રી સાથે જાતીય સુખ માણવુ) તેથી તેમની પ્રતિષ્ઠા ઘટાવનો ડર લાગે છે. આ રોગ થવા વિશેના જાણવા મળેલ કારણો અને તેના ઉપાયો નીચે કોષ્ટક ૬.૪૦માં દર્શાવેલ છે.

**કોષ્ટક ૬.૪૦**

**જાતીય રોગ થવાના કારણો અને ઉપયોગ અંગે ઉત્તરદાતાના વિચારો**

| ક્રમ | ગામનું જૂથ | રોગ થવાના કારણો | | | રોગ નિવારણના ઉપાયો | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | નિષેધભંગ કરવાથી | ચેપ લાગવાથી | ભુવા દ્વારા વિધિ-વિધાન | બાધા-માનતા | ભગત પાસેની દવા | ડૉક્ટર | |
| ૧. | નજીકના ગામ | ૬૪ (૫૩.૩૩) | ૧૦૦ (૮૩.૩૩) | ૮૫ (૬૩.૩૩) | ૬૮ (૫૬.૬૭) | ૬૮ (૫૬.૬૭) | ૧૬ (૧૩.૩૩) | ૧૨૦ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨. | મધ્યમદૂરીના ગામ | ૧૧૬ (૯૬.૬૭) | ૯૨ (૭૬.૬૭) | ૯૭ (૮૦) | ૮૦ (૬૬.૬૭) | ૧૦૪ (૮૬.૬૭) | - | ૧૨૦ |
| ૩. | દૂરના ગામ | ૧૦૮ (૯૦) | ૬૮ (૫૬.૬૭) | ૧૧૬ (૯૬.૬૭) | ૫૬ (૪૬.૬૭) | ૭૬ (૬૩.૩૩) | - | ૧૨૦ |
| | **કુલ** | **૨૮૮ (૮૦)** | **૨૬૦ (૭૨.૨૨)** | **૨૮૮ (૮૦)** | **૨૦૪ (૫૬.૬૭)** | **૨૪૮ (૬૮.૮૯)** | **૧૬ (૪.૪૪)** | **૩૬૦** |

● એક કરતા વધુ જવાબો મળેલ છે.

કોષ્ટક ૬.૪૦ પરથી દેખાય છે કે ૮૦% ઉત્તરદાતાઓ નિષેધભંગને રોગ થવાનું કારણ દર્શાવે છે તે ઉપરાંત ૭૨.૨૨% ઉત્તરદાતાઓ ચેપ લાગવાથી પણ જાતીય રોગ થાય છે તેવુ જણાવે છે.

રોગ નિવારણ માટે ઉત્તરદાતાઓ જુદા જુદા અનેક ઉપાયો અજમાવતા જોવા મળે છે. ૮૦% ઉત્તરદાતાઓ ભૂવા પાસે વિધિ-વિધાન કરાવે છે. (અમુક સમયે ભૂવો મેલડી યા વીરનો પ્રકોપ જણાવી બકરો ચઢાવરાવે છે.) જયારે ૫૬.૬૭% ઉત્તરદાતાઓ બાધા-માનતા રાખી રોગને કાબુમાં લેવા પ્રયત્ન કરે છે, અને ભગત પાસેથી રોગની દવા મેળવતા ઉત્તરદાતાઓ ૬૮.૮૯% છે. ફક્ત ૪.૪૪% ઉત્તરદાતાઓ જાતીય રોગોની સારવાર માટે ડૉક્ટરનો પરામર્શ લેતા જોવા મળે છે, જે નજીકના ગામોના છે.

નિષ્કર્ષમાં કહી શકાય કે ત્રણેય ગામોમાંથી મોટાભાગે (૮૦%) ઉત્તરદાતાઓ નિષેધભંગને જાતીય રોગ ઉદ્ભવવાનું કારણ માને છે અને સારવાર માટે ભૂવાઓ દ્વારા કરાતા વિધિ-વિધાન, ભગતોની દવા અને બાધા-માનતાને વધારે મહત્વ આપે છે.

### આંખ આવવાના કારણો અને ઉપચારો અંગે ઉત્તરદાતાના વિચારો :

આંખ આવવા (Eye sore) નું મુખ્ય કારણ ભીલો કોઈની નજર લાગી (Evil Eye) છે તેને માને છે. આંખ ન આવે માટે હોળીની જાળથી પોતાની આંખો શેકે છે, તેમની માન્યતા છે કે આમ કરવાથી વર્ષ દરમ્યાન આંખ આવતી નથી. હોળીની જાળ પવિત્ર છે તેથી કોઈની નજર આપણી આંખને લાગી શકતી નથી. સમયની સાથે હવે જૈવિક કારણોને પણ માન્યતા મળી છે. અહીં કોષ્ટક ૬.૪૧માં ઉત્તરદાતાઓએ દર્શાવેલ આંખ આવવાના કારણો અને ઉપાયો દર્શાવેલ છે.

**કોષ્ટક ૬.૪૧**

**આંખ આવવાના કારણો અને ઉપચારો અંગે ઉત્તરદાતાના વિચારો**

| **ક્રમ** | **ગામનું જૂથ** | **રોગ થવાના કારણો** | | **રોગ નિવારણના ઉપાયો** | | | **કુલ** |
|---|---|---|---|---|---|---|---|
| | | **નજર લાગવાથી** | **જૈવિક કારણો** | **ભુવા પાસે નજર ઉતરાવવી** | **ભગત પાસેથી દવા** | **બાધા/ માનતા** | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | નજીકના ગામ | ૧૨૦ | ૮૪ | ૪૪ | ૬૪ | ૧૨૦ | ૧૨૦ |
| | | (૧૦૦) | (૭૦) | (૩૬.૬૭) | (૫૩.૩૩) | (૧૦૦) | (૧૦૦) |
| ૨. | મધ્યમદૂરીના ગામ | ૧૨૦ | ૬૮ | ૫૬ | ૭૬ | ૧૨૦ | ૧૨૦ |
| | | (૧૦૦) | (૫૬.૬૭) | (૪૬.૬૭) | (૬૩.૩૩) | (૧૦૦) | (૧૦૦) |
| ૩. | દૂરના ગામ | ૧૨૦ | ૩૬ | ૧૦૪ | ૫૨ | ૧૨૦ | ૧૨૦ |
| | | (૧૦૦) | (૩૦) | (૮૬.૬૭) | (૪૩.૩૩) | (૧૦૦) | (૧૦૦) |
| | **કુલ** | **૩૬૦** | **૧૮૮** | **૨૦૪** | **૧૯૨** | **૩૬૦** | **૩૬૦** |
| | | **(૧૦૦)** | **(૫૨.૨૨)** | **(૫૬.૬૭)** | **(૫૩.૩૩)** | **(૧૦૦)** | **(૧૦૦)** |

● એક કરતા વધુ જવાબો મળેલ છે.

કોષ્ટક ૬.૪૧ પરથી સ્પષ્ટ દેખાય છે કે, સમગ્ર ઉત્તરદાતાઓ નજર લાગવાથી આંખ આવે છે તેમ માને છે. તેની સાથે સાથે ૫૨.૨૨% ઉત્તરદાતાઓ જૈવિક કારણોને પણ મહત્ત્વ આપતા જણાય છે. જેમાં નજીકના ગામોના ૭૦% ઉત્તરદાતાઓ છે.

રોગ નિવારણના ઉપાય તરીકે સમગ્ર ઉત્તરદાતાઓ બાધા-માનતા અસરકારક છે તેમ જણાવે છે. હોળી માતાની બાધા-માનતા રાખવામાં આવે છે અને હોળીની પૂજા કરવામાં આવે છે. જ્યારે ભૂવા પાસે નજર ઉતરાવવી અને ભગત પાસેથી દવા લેવા અંગેની માન્યતાની પૂર્તિ કરતા ઉત્તરદાતાઓ અનુક્રમે ૫૬.૬૭% અને ૫૩.૩૩% છે.

નિષ્કર્ષમાં કહી શકાય કે બધા જ ઉત્તરદાતાઓ અલૌકિક શક્તિ આધારિત રોગના કારણો અને ઉપાયો દર્શાવે છે. પરંતુ બિનઆદિવાસી સમાજ અને શહેરોની અસરના કારણે રોગના જૈવિક કારણોને પણ માન્યતા મળતી જણાય છે. જેનું પ્રમાણ નજીકના ગામોમાં વધારે દેખાય છે.

**પેટમાં દુઃખાવાના કારણો અને ઉપચારો અંગે ઉત્તરદાતાના વિચારોઃ**

ભીલોના રોગકારક મુખ્ય પાંચ વીરો છે, જેમાં એક વીર તે શુળીઓ વીર છે. આ વીર વ્યક્તિના શરીરમાં શૂળ (દુઃખાવો) ઉભું કરે છે. કોઈ ભૂવો આ વીરને સાધી, મુઠ મારી ઈચ્છિત વ્યક્તિના શરીરમાં શૂળ ઉભુ કરી શકે છે. પેટના દુઃખાવા સાથે આ માન્યતાને ભીલો જોડતા દેખાય છે. જેના ઉપાયરૂપે ભૂવા પાસે વીરની પૂજા કરાવી, દોરો કરાવવો પડે છે. ઉપરાંત ભારે કામથી પેચોટી ખસી જવા જેવા જૈવિક કારણથી પણ પેટનો દૂઃખાવો થાય તેમ ભીલો માને છે. ભીલોના મતે આ રોગ થવાના કારણો અને ઉપાયો કોષ્ટક ૬.૪૨માં દર્શાવેલ છે.

**કોષ્ટક ૬.૪૨**

**પેટમાં દુઃખાવાના કારણો અને ઉપચારો અંગે ઉત્તરદાતાના વિચારો**

| ક્રમ | ગામનું જૂથ | રોગ થવાના કારણો | | રોગ નિવારણના ઉપાયો | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| | | મૂઠ કરાવવાથી/ જાદુથી | જૈવિક કારણોથી | ભુવા પાસે વિધિ | ઘરગથ્થુ દવા | નિષ્ણાંત પાસે પેટ ચોળાવવું | |
| ૧. | નજીકના ગામ | ૧૦૦ | ૬૪ | ૧૦૮ | ૬૮ | ૨૪ | ૧૨૦ |
| | | (૮૩.૩૩) | (૫૩.૩૩) | (૯૦) | (૫૬.૬૬) | (૨૦) | |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૧૨૦ | ૪૮ | ૧૨૦ | ૪૮ | ૧૬ | ૧૨૦ |
| | | (૧૦૦) | (૪૦) | (૧૦૦) | (૪૦) | (૧૩.૩૩) | |
| ૩. | દૂરના ગામ | ૧૨૦ | ૧૨૦ | ૧૨૦ | ૨૦ | ૨૮ | ૧૨૦ |
| | | (૧૦૦) | (૧૬.૬૭) | (૧૦૦) | (૧૬.૬૭) | (૨૩.૩૩) | |
| | **કુલ** | **૩૪૦** | **૧૧૨** | **૩૪૮** | **૧૩૬** | **૬૮** | **૩૬૦** |
| | | **(૯૪.૪૪)** | **(૩૧.૧૧)** | **(૯૬.૬૭)** | **(૩૭.૭૭)** | **(૧૮.૮૯)** | |

● એક કરતાં વધુ જવાબો મળેલ છે.

કોષ્ટક ૬.૪૨ પરથી સ્પષ્ટ થાય છે કે પેટમાં દુઃખાવાના જવાબદાર પરિબળમાં ૯૪.૪૪% ઉત્તરદાતાઓ મૂઠ લાગવાથી દુઃખાવો થાય છે તેમ જણાવે છે. જયારે ૩૧.૧૧% જૈવિક કારણોને પેટના દુઃખાવા માટેનું કારણ માને છે.જેમાં નજીકના અને મધ્યમ દૂરીના ગામોના અનુક્રમે ૫૩.૩૩% અને ૪૦% ઉત્તરદાતાઓ છે.

નિવારણના ઉપાયોમાં જોઈએ તો મોટાભાગે ૯૬.૬૭% ઉત્તરદાતાઓ ભૂવા પાસે દોરો કરાવવાના

ઉપચારની પધ્ધતિને પ્રાથમિકતા આપે છે. જયારે ૩૭.૭૭% ઉત્તરદાતાઓ ઘરગથ્થુ ઉપચાર કરે છે. જેમાં નજીકના ગામોના ૫૬.૬૬% ઉત્તરદાતાઓ છે.

નિષ્કર્ષમાં કહી શકાય કે પેટના દુ:ખાવા માટે મોટાભાગના ૯૪.૪૪% ઉત્તરદાતાઓ અલૌકિક કારણો (મૂઠ લાગવાથી) ને જવાબદાર માને છે અને ઉપચાર માટે પણ દોરા-ધાગાને અન્ય ઉપચાર પધ્ધતિઓ કરતા શ્રેષ્ઠ માનતા દેખાય છે.

**સામાન્ય તાવ આવવાના કારણો અને ઉપચારો અંગે ઉત્તરદાતાના વિચારો :**

ભીલો તાવ આવવા માટે મુખ્યત્વે વળગાડને કારણભૂત ગણતા હોય છે. ઉપરાંત બાળકોને તાવ આવવાનું મુખ્ય કારણ ખરાબ નજર લાગવી છે. આના ઉપાયરૂપે ભૂવાઓ પાસે વિધિ કરાવવી કે બાધા-માનતા માનવી તે સચોટ છે, તેવી ભીલોની દ્રઢ શ્રધ્ધા છે. ભૂવો ઘણીવાર દર્દીને શારીરિક વેદનાઓ (મારમારી) આપી તેની પાસેથી તે કોનુ ભૂત છે તે જાણવા પ્રયત્ન કરે છે. જાત- જાતની યાતનાઓ આપે છે, અને ભૂતને અમુક વસ્તુની જરૂર છે, અમુક ભોગ આપવો પડશે તેમ જણાવી, ભોગ આપી વળગાડથી છુટકારો કરાવે છે. તે જ રીતે બાધા- માનતામાં મુખ્યત્વે મેલડી યા વીરની બાધા માનવામાં આવે છે અને તેની પૂજા કરી દારૂ- મરઘુ ચઢાવવામાં આવે છે. જેથી તે પ્રસનન થઈ રોગીને રોગ મુક્ત કરે છે, બિનઆદિવાસી સમાજ અને શહેરોના સંપર્કથી હવે થોડું પરિવર્તન દેખાય છે, અને જૈવિક કારણોને પણ તેઓ મહત્વ આપે છે. તાવ આવવા સાથે અન્ય રોગ આવશે અથવા વીરની નારાજગી છે તે શ્રધ્ધા મુજબ તેઓ વિધિ-વિધાનની પ્રાથમિક તૈયારી તો કરી જ રાખે છે. હાલમાં અભ્યાસક્ષેત્રમાં ઉત્તરદાતાઓની તાવ આવવાના કારણો અને ઉપાય અંગેની માન્યતાઓ અંગે કોષ્ટકમાં દર્શાવેલ છે.

## કોષ્ટક ૬.૪૩

## સામાન્ય તાવ આવવાના કારણો અને ઉપચારો અંગે ઉત્તરદાતાના વિચારો

| ક્રમ | ગામનું જૂથ | રોગ થવાના કારણો | | | રોગ નિવારણના ઉપાયો | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | જૈવિક કારણોથી | નજર લાગવાથી | વળગાડથી | ભૂવા પાસે વિધિથી | બાધા/ માનતાથી | ભગત પાસેથી દવા લાવીને | |
| ૧. | નજીકના ગામ | ૧૦૪ (૮૬.૬૭) | ૩૬ (૩૦) | ૮૮ (૭૩.૩૩) | ૧૦૪ (૮૬.૬૭) | ૫૨ (૪૩.૩૩) | ૧૦૮ (૯૦) | ૧૨૦ |
| ૨. | મધ્યમદૂરીના ગામ | ૬૪ (૫૩.૩૩) | ૬૮ (૫૬.૬૭) | ૧૧૨ (૯૩.૩૩) | ૯૬ (૮૦) | ૮૦ (૬૬.૬૭) | ૯૨ (૭૬.૬૭) | ૧૨૦ |
| ૩. | દૂરના ગામ | ૪૮ | ૫૬ | ૧૧૬ | ૧૨૦ | ૬૪ | ૭૬ | ૧૨૦ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | (૪૦) | (૪૬.૬૭) | (૯૬.૬૭) | (૧૦૦) | (૫૩.૩૩) | (૬૩.૩૩) | |
| **કુલ** | **૨૧૬** | **૧૬૦** | **૩૧૬** | **૩૨૦** | **૧૯૬** | **૨૭૬** | **૩૬૦** |
| | **(૬૦)** | **(૪૪.૪૪)** | **(૮૭.૭૮)** | **(૮૮.૮૯)** | **(૫૪.૪૪)** | **(૬૫.૫૬)** | |

● એક કરતા વધુ જવાબો મળેલ છે.

કોષ્ટક ૬.૪૩નું અર્થઘટન કરતા સ્પષ્ટ થાય છે કે સામાન્ય તાવ માટે ૮૭.૭૮% ઉત્તરદાતાઓ પરંપરાગત વિચારધારા અનુસાર વળગાડને જવાબદાર માને છે તથા તેની સાથે ૬૦% ઉત્તરદાતાઓ જૈવિક કારણોને પણ તાવ માટે જવાબદાર માને છે. જે નોંધનીય બાબત છે, કે તેમના વિચારોમાં ધીમે ધીમે પરિવર્તન આવતુ જાય છે. જેમાં ૮૬.૬૭% નજીકના ગામોના ઉત્તરદાતાઓ છે. તદ્ઉપરાંત ખરાબ નજર લાગવાથી તાવ આવે છે, તેવુ દર્શાવતા ૪૪.૪૪% ઉત્તરદાતાઓ છે. તેથી સ્પષ્ટ થાય છે કે પરંપરાગત વિચારોમાં દૃઢ હોવા છતાં જૈવિક કારણોને હવે મહત્ત્વ અપાય છે.

નિવારણના ઉપાયમાં જોઈએ તો ભૂવા પાસે વિધિ-વિધાન અને વીરની બાધા-માનતાને સચોટ ઉપાય જણાવતા અનુક્રમે ૮૮.૮૯% અને ૫૪.૪૪% ઉત્તરદાતાઓ છે અને ૬૫.૫૬% ઉત્તરદાતાઓ ભગત પાસેથી દવા લાવી સારવાર કરે છે.

નિષ્કર્ષરૂપે કહી શકાય કે રોગ અને અલૌકિક શક્તિ, વચ્ચેના સંબંધ વિશે ભીલોને દૃઢ શ્રધ્ધા છે અને તે જ પ્રમાણે અલૌકિક સારવાર પણ કરે છે. જેમાં દૂરના ગામો મોખરે છે. પરંતુ જૈવિક કારણોને પણ જવાબદાર માનવા લાગ્યા છે જે એક મહત્વની બાબત છે.

**ચામડીના રોગ થવાના કારણો અને ઉપચારો અંગે ઉત્તરદાતાના વિચારો :**

રસીકલાલ વૈદ્ય (૧૯૯૫) ગુજરાતના આદિવાસી વિસ્તારો વિશે લખે છે કે "શારીરિક અસ્વચ્છતાને કારણે આદિવાસીઓમાં ચામડીના રોગો પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે." આમ આ રોગ દરેક આદિવાસી સમાજમાં મોટા પ્રમાણમાં જોવા મળે જ છે. સ્નાન ન કરવાનું વલણ, તે આ રોગનું મુખ્ય કારણ ઉત્તર ગુજરાતના આદિવાસીઓ માટે કહી શકાય. ભીલોમાં પણ આ રોગ જોવા મળે છે. જેને માટે ભીલો ગંદકી, જૈવિક કારણ, ચેપ લાગવાથી લઈ નિષેધભંગ જેવા જુદા જુદા કારણો દર્શાવે છે. આ માટે થઈને મેલાની ઝાંપડી કે વીર - ખત્રીની તેઓ બાધા લે છે. મેલાની ઝાંપડીને દારૂ ચઢાવે છે, જયારે વીર - ખત્રીની ચોખ્ખી પૂજા કરે છે. નારિયેળ - ધૂપ - દિપ ચઢે છે. અભ્યાસ ક્ષેત્રના ઉત્તરદાતાઓના આ રોગ અને ઉપાય વિશેના અભિપ્રાયો કોષ્ટક ૬.૪૪માં રજૂ કર્યા છે.

**કોષ્ટક ૬.૪૪**

**ચામડીના રોગો થવાના કારણો અને ઉપચારો અંગે ઉત્તરદાતાના વિચારો**

| ક્રમ | ગામનું જૂથ | રોગ થવાના કારણો | | | રોગ નિવારણના ઉપાયો | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ગંદકીથી | માસિક સમયે જાતીય સંબંધોથી | જૈવિક કારણોથી | ભગત પાસેથી દવા લેવી | બાધા રાખવી | ઘરગથ્થુ ઉપચાર | |
| ૧. | નજીકના ગામ | ૧૬ | ૭૨ | ૬૪ | ૬૦ | ૭૬ | ૯૨ | ૧૨૦ |
| | | (૧૩.૩૩) | (૬૦) | (૫૩.૩૩) | (૫૦) | (૬૩.૩૩) | (૭૬.૬૭) | |
| ૨. | મધ્યમ દૂરીના ગામ | ૮ | ૧૦૪ | ૫૨ | ૮૮ | ૧૧૨ | ૬૮ | ૧૨૦ |
| | | (૬.૬૭) | (૮૬.૬૭) | (૪૩.૩૩) | (૭૩.૩૩) | (૯૩.૩૩) | (૫૬.૬૭) | |
| ૩. | દૂરના ગામ | -- | ૧૨૦ | ૨૮ | ૭૬ | ૧૧૬ | ૩૨ | ૧૨૦ |
| | | | (૧૦૦) | (૨૩.૩૩) | (૬૩.૩૩) | (૯૬.૬૭) | (૨૬.૬૭) | |
| | **કુલ** | **૨૪** | **૨૯૬** | **૧૪૪** | **૨૨૪** | **૩૦૪** | **૧૯૨** | **૩૬૦** |
| | | **(૬.૬૭)** | **(૮૨.૨૨)** | **(૪૦)** | **(૬૨.૨૨)** | **(૮૪.૪૪)** | **(૫૩.૩૩)** | |

● એક કરતાં વધુ જવાબો મળેલ છે.

કોષ્ટક ૬.૪૪ પરથી સ્પષ્ટ દેખાય છે કે ચામડીના રોગો થવાનું મુખ્ય કારણ નિષેધભંગ (માસિક સમયે જાતીય સંબંધ બાંધવો) છે તેમ ૮૨.૨૨% ઉત્તરદાતાઓ કહે છે. જ્યારે જૈવિક કારણથી અને ગંદકીને આ રોગનું કારણ જણાવનાર અનુક્રમે ૪૦% અને ૬.૬૭% ઉત્તરદાતાઓ છે.

રોગ નિવારણના ઉપાયો જોઈએ તો બાધા-માનતા રાખતા ૮૪.૪૪% ઉત્તરદાતાઓ છે. જ્યારે ૬૨.૨૨% અને ૫૩.૩૩% ઉત્તરદાતાઓ અનુક્રમે ભગત પાસેથી કે ઘરગથ્થુ દવાના ઉપચાર કરે છે.

ગામ પ્રમાણે જોઈએ તો દૂરના ગામના ઉત્તરદાતાઓ આ રોગ માટે જવાબદાર કારણ સૌથી વધુ નિષેધભંગને ગણે છે, જે અમુક ઉંમર પછીના વ્યક્તિને જ લાગુ પડી શકે છે. બાકીનાને કઈ રીતે રોગ ઉદ્‌ભવે છે તેનું કારણ બધા ઉત્તરદાતાઓ સંતોષકારક રીતે કહી શકતા નથી. પરંતુ નિષેધભંગથી રોગ થાય છે તેવુ તેઓ દઢપણે માને છે. નિષેધભંગને કારણ દર્શાવતુ અન્ય ગામના ઉત્તરદાતાઓનું પ્રમાણ દૂરના ગામો કરતા ઓછુ છે. તે જ રીતે સારવારની બાબતમાં જોઈએ તો દૂરના ગામના ૯૬.૬૭% ઉત્તરદાતાઓ બાધા-માનતાને ઈલાજ માટે અસરકારક માને છે. અન્ય ગામોમાં આ પ્રમાણ ઓછું છે.

નિષ્કર્ષરૂપે કહી શકાય કે ૮૨.૨૨% એટલે કે મોટાભાગના ઉત્તરદાતાઓ નિષેધભંગને ચામડીના રોગનું મુખ્ય કારણ માને છે અને સારવારમાં ૮૪.૪૪% ઉત્તરદાતાઓ દ્વારા બાધા-માનતાને પ્રાધાન્ય આપવામાં આવે છે, જેમાં ૯૬.૬૭% દૂરના ગામોના ઉત્તરદાતાઓ છે.

**બાળકને શરદી-ખાંસી થવાના કારણો અને ઉપચારો અંગે ઉત્તરદાતાના વિચારો :**

બાળકમાં સામાન્ય રીતે રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય તેથી ઋતુ ફેરફારોને લીધે શરદી-ખાંસી થાય છે, તેવી સામાન્ય સમજ પ્રવર્તે છે. ભીલ સમાજમાં બાળકનાં દરેક રોગ માટે મોટાભાગે ખરાબ નજર લાગવાનું કારણ જોવા મળે છે. કોઈપણ રોગમાં નજર ઉતરાવવી, દોરો કરાવવો સામાન્ય બની ગયું છે. રોગ પ્રમાણે અલગ - અલગ દેવ-દેવી, પૂર્વજોની બાધા-માનતા પણ તેઓ માનતા દેખાય છે. બાળકોની શરદી- ખાંસી માટે ભીલો કયા કારણોને જવાબદાર માને છે અને શા શા ઉપાયો કરે છે તે કોષ્ટક ૬.૪૫માં દર્શાવ્યું છે.

**કોષ્ટક ૬.૪૫**

**બાળકને શરદી-ખાંસી થવાના કારણો અને ઉપચારો અંગે ઉત્તરદાતાના વિચારો**

| ક્રમ | ગામનું જૂથ | રોગ થવાના કારણો | | રોગ નિવારણના ઉપાયો | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | જૈવિક કારણોથી | નજર લાગવાથી | ભૂવા પાસે નજર ઉતરાવવાથી | ઘરગથ્થુ ઈલાજ | ભગત પાસેથી દવા | બાધા/ માનતા | |
| ૧. | નજીકના ગામ | ૧૨૦ (૧૦૦) | ૫૨ (૪૩.૩૩) | ૪૪ (૩૬.૬૭) | ૫૨ (૪૩.૩૩) | ૧૦૪ (૮૬.૬૭) | ૩૬ (૩૦) | ૧૨૦ |
| ૨. | મધ્યમદૂરીના ગામ | ૮૮ (૭૩.૩૩) | ૮૪ (૭૦) | ૭૨ (૬૦) | ૬૪ (૫૩.૩૩) | ૮૮ (૭૩.૩૩) | ૩૬ (૪૩.૩૩) | ૧૨૦ |
| ૩. | દૂરના ગામ | ૯૬ (૮૦) | ૧૦૮ (૯૦) | ૮૦ (૬૬.૬૭) | ૪૪ (૩૬.૬૭) | ૭૬ (૬૩.૩૩) | ૫૬ (૪૬.૬૭) | ૧૨૦ |
| | **કુલ** | **૩૦૪ (૮૪.૪૪)** | **૨૪૪ (૬૭.૭૮)** | **૧૯૬ (૫૪.૪૪)** | **૧૬૦ (૪૪.૪૪)** | **૨૬૮ (૭૪.૪૪)** | **૧૪૪ (૪૦)** | **૩૬૦** |

● એક કરતા વધુ જવાબો મળેલ છે.

કોષ્ટક ૬.૪૫ પરથી સ્પષ્ટ થાય છે કે બાળકની શરદી-ખાંસી માટે ૮૪.૪૪% ઉત્તરદાતાઓ જૈવિક કારણોને જવાબદાર માને છે. પરંતુ તેની સાથે બીજુ કારણ બાળકને ખરાબ નજર લાગવાનું ૬૭.૭૮% ઉત્તરદાતાઓ જણાવે છે.

ઈલાજ માટે ઉત્તરદાતાઓ એક કરતા વધારે ઉપાયો અજમાવે છે. ભગત પાસેથી વાનસ્પતિક દવાઓનો ઉપયોગ કરતા ઉત્તરદાતાઓ ૭૪.૪૪% છે. ભૂવા પાસે નજર ઉતારવા જતા અને બાધા-માનતા રાખતા અનુક્રમે ૫૪.૪૪% અને ૪૦% ઉત્તરદાતાઓ છે. જેઓ મોટાભાગે ખત્રીની બાધા-માનતા રાખે છે અને

નારિયેળ - ધૂપ - દિપથી સાદી પૂજા બાળકના સાજા થયા પછી કરતા જોવા મળ્યા છે.

ગામ પ્રમાણે જોઈએ તો દૂરના અને મધ્યમ દૂરીના ગામોમાં અપ્રાકૃતિક શક્તિથી આ રોગ થાય છે તેવી માન્યતાનું પ્રમાણ અનુક્રમે ૯૦% અને ૭૦% હતુ જે નજીકના ગામો (૪૩.૩૩%) કરતા ઘણું વધારે જોવા મળે છે.તે જ રીતે સારવારમાં ભૂવાની સારવાર અને બાધા-માનતા રાખતા ઉત્તરદાતાઓ દૂરના અને મધ્યમ દૂરીના ગામોમાં નજીકના ગામો કરતાં વધારે જોવા મળે છે.

નિષ્કર્ષમાં કહી શકાય કે બાળકોના શરદી - ખાંસીના રોગ માટે ૮૪.૪૪% ઉત્તરદાતાઓ જૈવિક કારણોને જવાબદાર માને છે. પરંતુ ઈલાજમાં ભૂવા પાસે નજર ઉતરાવવી કે ભગતની દવાઓને પ્રાથમિકતા આપે છે. આધુનિક વૈજ્ઞાનિક દવાઓને ઈલાજમાં કોઈ સ્થાન દેખાતુ નથી.

**ગાલ-પચોળા થવાના કારણો અને ઉપચારો અંગે ઉત્તરદાતાના વિચારો :**

સામાન્ય રીતે બાળકને આ રોગ થતો હોય છે. મ્હોંની અંદર અને બહારની બાજુ સોજો આવી જાય છે. આ રોગ અંગેની માન્યતા પણ ભીલોની અલૌકિકતા સાથે જોડાયેલી જોવા મળે છે. દૂધિયા વીરની બાધા-માનતાથી આ રોગ મટે છે તેવી તેઓની માન્યતા છે. ઉત્તરદાતાઓએ દર્શાવેલ ગાલ - પચોળા થવાના કારણો તેને મટાડવાના ઉપાયો અત્રે કોષ્ટક ૬.૪૬માં જણાવેલ છે.

**કોષ્ટક ૬.૪૬**

**ગાલ-પચોળા થવાના કારણો અને ઉપચારો અંગે ઉત્તરદાતાના વિચારો**

| ક્રમ | ગામનું જૂથ | રોગ થવાના કારણો | | રોગ નિવારણના ઉપાયો | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| | | નજર લાગવાથી | બાળક પર પર જાદુ કરાવવાથી | બાધા/ માનતા રાખે છે | ભગત પાસેથી દવા | ડૉક્ટર પાસે જાય છે | |
| ૧. | નજીકના ગામ | ૮૪ | ૯૬ | ૮૦ | ૮૮ | ૨૪ | ૧૨૦ |
| | | (૭૦) | (૮૦) | (૬૬.૬૭) | (૭૩.૩૩) | (૨૦) | |
| ૨. | મધ્યમદૂરીના ગામ | ૧૧૨ | ૮૪ | ૭૨ | ૧૦૦ | ૪ | ૧૨૦ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | (૯૩.૩૩) | (૭૦) | (૬૦) | (૮૩.૩૩) | (૩.૩૩) | |
| ૩. | દૂરના ગામ | ૧૦૪ | ૮૮ | ૯૬ | ૧૦૮ | -- | ૧૨૦ |
| | | (૮૬.૬૭) | (૭૩.૩૩) | (૮૦) | (૯૦) | | |
| | **કુલ** | **૩૦૦** | **૨૬૮** | **૨૪૮** | **૨૯૬** | **૨૮** | **૩૬૦** |
| | | **(૮૩.૩૩)** | **(૭૪.૪૪)** | **(૬૮.૮૯)** | **(૮૨.૨૨)** | **(૭.૭૭)** | |

● એક કરતા વધુ જવાબો મળેલ છે.

કોષ્ટક ૬.૪૬ પરથી સ્પષ્ટ થાય છે કે બધા જ ઉત્તરદાતાઓ નજર લાગવાથી કે મેલી વિદ્યાને જ રોગનું મૂળ સમજે છે. બાળકનું મોઢું રૂપાળુ હોય તો મેલી દ્રષ્ટિવાળાની નજર જલ્દી લાગી જાય છે તેવી (૮૩.૩૩%) ઉત્તરદાતાઓ માન્યતા ધરાવે છે. બીજી માન્યતા જે દર્શાવવામાં આવી છે તે મોટા ભાગે બાળકના મા-બાપનું અહિત ઈચ્છતા વ્યક્તિએ ભૂવાની મદદથી અશુભ શક્તિને સાધી રોગ મોકલ્યો છે તેમ ૭૪.૪૪% ઉત્તરદાતાઓ માને છે.

રોગનિવારણ માટે ૮૨.૨૨% ઉત્તરદાતાઓ ભગત પાસેથી 'ઝારી દવા' (વાનસ્પતિક દવા) લે છે. જ્યારે ૬૮.૮૯% ઉત્તરદાતાઓ બાધા-માનતાને સચોટ ઉપાય ગણે છે.

ગામો પ્રમાણે જોઈએ તો બધા જ ઉત્તરદાતાઓ બાધા-માનતા કે ભગતની દવાઓ કરાવે જ છે. પરંતુ નજીકના ગામોના ૨૦% ઉત્તરદાતાઓ આ સાથે ડૉક્ટરની આધુનિક સારવાર પણ બાળકને અપાવે છે તેમ જાણવા મળ્યુ હતું.

નિષ્કર્ષમાં કહી શકાય કે ઉત્તરદાતાઓના ગાલ-પચોળા થવા માટેના જવાબદાર કારણો દર્શાવતા ઉત્તરોમાં ૭૮.૮૮% ઉત્તરો ખરાબ નજર અને જાદુટોણાં જેવા કારણોને જવાબદાર ઠરાવે છે અને ઈલાજ માટે ભગતની દવા તથા બાધા- માનતાને વધુ મહત્ત્વ આપે છે. ડૉક્ટરી સારવારને ખાસ માનતા નથી.

**ઓરી-અછબડા થવાના કારણો અને ઉપચારો અંગે ઉત્તરદાતાના વિચારો :**

ઓરી અને અછબડાની વાત કરતા જ ઉત્તરદાતાઓ આ રોગને 'બળીયા બાવસી' એટલે કે 'બળીયા-બાપજી' નો કોપ ગણાવે છે. તેમના કોપનું કોઈ કારણ તેઓ આપી શકતા નથી, પણ તેને રિઝવવા તેમની બાધા રાખવી પડે છે તેવુ બધા જ ઉત્તરદાતાઓ જણાવે છે. આહવાથી થોડે દૂર દહેર ગામે 'બળીયા-બાવસી'નું મંદિર છે ત્યાં જઈ પૂજા કરવાથી તેઓ પ્રસન્ન થઈ, અછબડા નમાવી દે છે, તેવી ભીલોની દ્રઢ માન્યતા છે. કોષ્ટક ૬.૪૭ રૂપે ઉત્તરદાતાઓની માન્યતા અને સારવાર પધ્ધતિ દર્શાવી છે.

**કોષ્ટક ૬.૪૭**

**ઓરી-અછબડા થવાના કારણો અને ઉપચારો અંગે ઉત્તરદાતાના વિચારો**

| ક્રમ | ગામનું જૂથ | રોગ થવાનું કારણ બળીયા-બાવસી નીકળે છે | રોગ નિવારણના ઉપાયો બાધા-માનતા | ભગત પાસેથી દવા લાવવી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧. | નજીકના ગામ | ૧૨૦ (૧૦૦) | ૧૨૦ (૧૦૦) | ૧૦૪ (૮૬.૬૭) | ૧૨૦ |
| ૨. | મધ્યમદૂરીના ગામ | ૧૨૦ (૧૦૦) | ૧૨૦ (૧૦૦) | ૯૬ (૮૦) | ૧૨૦ |
| ૩. | દૂરના ગામ | ૧૨૦ (૧૦૦) | ૧૨૦ (૧૦૦) | ૭૬ (૬૩.૩૩) | ૧૨૦ |
| | **કુલ** | **૩૬૦ (૧૦૦)** | **૩૬૦ (૧૦૦)** | **૨૭૬ (૭૬.૬૭)** | **૩૬૦** |

● એક કરતા વધુ જવાબો મળેલ છે.

કોષ્ટક ૬.૪૭ પરથી સ્પષ્ટ દેખાય છે કે બધા ઉત્તરદાતાઓ રોગનું કારણ 'બળીયા-બાવસી'ને જ માને છે અને બધા જ ઉત્તરદાતાઓ ઉપચાર માટે થઈ 'બળીયા-બાવસી'ની બાધા-માનતા રાખે જ છે. જયારે ભગત પાસેથી દવા પણ લેવાનું વલણ૭૬.૬૭% ઉત્તરદાતાઓમાં જોવા મળે છે. જેમાં નજીકના, મધ્યમ દૂરીના અને દૂરના ગામોના અનુક્રમે ૮૫.૬૭%, ૮૦% અને ૬૩.૩૩% ઉત્તરદાતાઓ જોવા મળ્યા હતા.

નિષ્કર્ષરૂપે કહી શકાય કે ઓરી- અછબડાના રોગમાં સમગ્ર ઉત્તરદાતાઓ અલૌકિક શક્તિને કારણભૂત માને છે અને અલૌકિક સારવારથી જ તે મટે છે તેમ માને છે.

### સાપ/વીછીં જેવા ઝેરી જંતુના કરડવાથી લેવાતા પગલાની વિગત :

આદિવાસી સમાજનો વસવાટ વિસ્તાર હજુ જંગલમાં કે જંગલની નજીકનો વિસ્તાર છે. જયાં ઝેરી જીવ-જંતુઓ હોવા ઘણાં સ્વાભાવિક છે. સામાન્ય રીતે જોવા મળે છે કે સાપ - વીછીં કરડતા તેનું ઝેર ભગત/ ભુવાઓ ઉતારતા હોય છે. ઉપરાંત જંગલી જડીબુટ્ટીઓથી ઝેર ઉતારનારા પણ આદિવાસી સમાજમાં જોવા મળે છે. જયારે સ્વાસ્થ્ય સુવિધાઓનો વ્યાપ થયેલો ન હતો તેસમયે ચોક્કસ મંદિરો અને વ્યક્તિઓ આ કામ

કરતા હતા.આજે પણ આ વ્યવસ્થા ઊંડાણના ગામોમાં વ્યાપ્ત છે. ગલકુંડ પાસેના ચીરાપાડા ગામનાં ‘ગોગ બાવસી’ ના મંદિરમાં જઈ ભીલો બાધા-માનતા અને વિધિ દ્વારા ઝેર ઉતારતા હતા. આજના સમયે ઝેર ઉતારવા શા - શા પગલા લેવાય છે તેનું વિવરણ કોષ્ટકરૂપે અહીં મુક્યુ છે.

**કોષ્ટક ૬.૪૮**

**સાપ / વીછીં જેવા ઝેરી જંતુના કરડવાથી લેવાતા પગલાની વિગત**

| ક્રમ | **ગામનું જૂથ** | **ભગત/ભૂવા પાસે જાય છે** | **ડૉક્ટર પાસે લઈ જાય છે** | **કોઈ ખાસ મંદિરે લઈ જાય છે** | **કુલ** |
|---|---|---|---|---|---|
| | | | **વિગત** | | |
| ૧. | નજીકના ગામ | ૧૦૪ (૮૬.૬૭) | ૩૧ (૨૬.૬૭) | ૧૨૦ (૧૦૦) | ૧૨૦ |
| ૨. | મધ્યમદૂરીના ગામ | ૧૨૦ (૧૦૦) | ૨૫ (૨૦) | ૮૪ (૭૦) | ૧૨૦ |
| ૩. | દૂરના ગામ | ૧૨૦ (૧૦૦) | -- | ૨૪ (૨૦) | ૧૨૦ |
| | **કુલ** | **૩૪૪ (૯૫.૯૬)** | **૫૬ (૧૫.૫૬)** | **૨૨૮ (૬૩.૩૩)** | **૩૬૦** |

● એક કરતા વધુ જવાબો મળેલ છે.

કોષ્ટક ૬.૪૮ પરથી સ્પષ્ટ થાય છે કે ઉત્તરદાતાઓ સાપ/વીછીંનું ઝેર ઉતારવા એક કરતા વધારે પ્રકારના ઉપાયો કરે છે. ૯૫.૯૬% ઉત્તરદાતાઓ ભગત/ભૂવા પાસે જાય છે. તેઓ ‘ઉજલી નાખી’ ઝેર ઉતારે છે, જેમાં દૂરના અને મધ્યમ દૂરીના ગામોના સમગ્ર ઉત્તરદાતાઓ શ્રધ્ધા ધરાવે છે અને ૬૩.૩૩% ઉત્તરદાતાઓ ચીરાપાડા ગામોના ‘ગોગ બાવસી’ ના મંદિરે ઝેર ઉતારવા જાય છે જેમાં નજીકના ગામોના સમગ્ર અને મધ્યમ દૂરીના ગામોના ૭૦% ઉત્તરદાતાઓ જોવા મળે છે. તે ઉપરાંત ઝેરથી મુક્ત થવા ડૉક્ટરી સારવાર લેતા નજીકના ગામોના અને મધ્યમ દૂરી ગામોના ઉત્તરદાતાઓ જ જોવા મળે છે, જે અનુક્રમે ૨૬.૬૭% અને ૨૦% છે.

નિષ્કર્ષરૂપે કહી શકાય કે લગભગ બધા જ ઉત્તરદાતાઓને ભૂવા/ભગત કે કોઈ ખાસ મંદિર પર શ્રધ્ધા છે, જે તેમને સાપ / વીછીંના ઝેરથી મુક્ત કરી દે છે.

## કૂતરું કે બીજા જાનવર કરડતા તે અંગે કરવામાં આવતા ઉપાયો :

જે રીતે ઝેરી જીવ જંતુનો ભય જંગલમાં વધારે રહે છે, તે જ રીતે રીંછ, વાઘ કે નાર પણ ક્યારેક માણસને કરડે છે. માણસને જાનવર કરડવાથી જે તે અંગ પર સડો થાય છે અને તે અંગ કપાવી નાખવુ પડે છે, તેવુ ભીલોનું માનવું છે. આથી જાનવર કરડે તો તુરંત તેઓ ભગત-ભૂવા પાસે જાય છે. ભગત-ભૂવા બાધા લેવડાવે છે, હડકવા કે પાક ન થાય માટે દોરો પણ કરી આપે છે. ભીલો જાનવર કરડતા મહારાષ્ટ્રના નાસીક જિલ્લામાં આવેલ 'હડકવાઈ માં' ની બાધા- માનતા પણ રાખતા હતા. આ ઉપરાંત અમુક 'ઝારી દવા' એટલે કે વનૌષધિ પણ તેઓ જાણે છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન ભગતો પાસેથી કૂતરું કરડતા કરવામાં આવતી દવા જાણવા મળી હતી, હડકવા ન થાય તે માટે તુતરવેલ નામની જંગલી વેલના ફૂલ લાવી તેને વાટી દર્દીને પીવરાવાય છે, જેથી ઉલ્ટીઓ દ્વારા બધું ઝેર શરીરમાંથી નીકળી જાય છે. આ ઉપરાંત કૂતરા સિવાયનું કોઈપણ દાંતવાળુ જાનવર કરડે તો 'કાંડર' એટલે કે પીળી માખીનું ઘર લાવી તેને બાળી દાંતના જયાં ડંખ પડેલ હોય તેમાં ભરવામા આવે છે, આથી ડંખ પાકતો નથી અને જલ્દી રુઝાય છે. આવા જુદા જુદા અનેક પ્રયોગો ભીલો કરતા હતા. પ્રવર્તમાન સમયમાં સ્વાસ્થ્ય સુવિધાનો પ્રચાર પ્રસાર વધ્યો છે. સ્વાસ્થ્યની માળખાકીય સુવિધા, કર્મચારીગણ, તજજ્ઞોનું પ્રમાણ પણ મોટુ છે, તે સમયે ભીલો જાનવર કરડવાની ઘટનામાં શું કરે છે ? તે અંગે કોષ્ટકમાં દર્શાવેલ છે.

### કોષ્ટક ૬.૪૯

### કૂતરું કે બીજા જાનવર કરડતા તે અંગે કરવામાં આવતા ઉપાયો

| ક્રમ | ગામનું જૂથ | વિગત | | | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | ભગત પાસે ઈલાજ કરાવે છે | હડકવા ન થાય તેની બાધા | ડૉક્ટર પાસે લઈ જાય છે | ભૂવા પાસે દોરો કરાવે છે | |
| ૧. | નજીકના ગામ | ૬૪<br>(૫૩.૩૩) | ૯૨<br>(૭૬.૬૭) | ૧૬<br>(૧૩.૩૩) | ૧૦૪<br>(૮૬.૬૭) | ૧૨૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨. | મધ્યમદૂરીના ગામ | ૭૬<br>(૬૩.૩૩) | ૧૦૪<br>(૮૬.૬૭) | ૪<br>(૩.૩૩) | ૯૬<br>(૮૦) | ૧૨૦ |
| ૩. | દૂરના ગામ | ૪૪<br>(૩૬.૬૭) | ૮૮<br>(૭૩.૩૩) | -- | ૧૧૨<br>(૯૩.૩૩) | ૧૨૦ |
| | **કુલ** | **૧૮૪**<br>**(૫૧.૧૧)** | **૨૮૪**<br>**(૭૮.૮૯)** | **૨૦**<br>**(૫.૫૬)** | **૩૧૨**<br>**(૮૬.૬૭)** | **૩૬૦** |

● એક કરતા વધુ જવાબો મળેલ છે.

કોષ્ટક ૬.૪૯માં સ્પષ્ટ દેખાય છે કે કૂતરું કે જાનવર કરડતા ઉત્તરદાતાઓ એક કરતાં વધારે ઈલાજો દ્વારા સારવાર કરે છે. સમગ્ર ઉત્તરદાતાઓમાંથી ૮૬.૬૭% ભગત-ભૂવા પાસે 'ઝાડો નંખાવી' દોરો કરાવે છે, જેમાં શ્રધ્ધા ધરાવતા ઉત્તરદાતાઓની ૧૨ ગામની ટકાવારીમાં કોઈ ખાસ તફાવત નથી. તેમજ ૭૮.૮૯% ઉત્તરદાતાઓ હડકવા ન થાય તેવી બાધા રાખે છે. જેમાં મધ્યમ દૂરીના ગામોના ૮૬.૬૭% ઉત્તરદાતાઓ છે તેની સાથે ૫૧.૧૧% ઉત્તરદાતાઓ ભગત પાસે વૈદીક ઈલાજ કરે છે અને ફક્ત ૫.૫૬% ઉત્તરદાતાઓ (જે નજીકના અને મધ્યમ દૂરીના ગામોમાંથી જ જોવા મળે છે) તેઓ ડૉક્ટરી સારવાર કરાવે છે.

નિષ્કર્ષમાં કહી શકાય કે મોટાભાગના સમગ્ર ગામોના ઉત્તરદાતાઓ (૮૬.૬૭%) ધર્મ-જાદુઈ ઉપચાર (Megico - Religeous Treatment) પર આધાર રાખે છે.

**આદર્શ કુટુંબમાં બાળકોની સંખ્યા અંગેના ઉત્તરદાતાના અભિપ્રાયની વિગત :**

આદિવાસી સમાજની અર્થવ્યવસ્થા બિન આદિવાસી સમાજ કરતાં જુદી છે. તેઓ 'નાનુ કુટુંબ સુખી કુટુંબ' કરતાં 'ઝાઝા હાથ રળિયામણા' માં વધારે વિશ્વાસ ધરાવે છે, એટલે કે વધુ સભ્યો વધારે કામ કરે અને વધુ કમાય તેવું સાદું તેમનું ગણિત છે. આ ઉપરાંત 'બાળક એ ઈશ્વરીય દેણ છે તેવું ભીલો માને છે અને ગર્ભપાતને પાપ ગણે છે' આમ પરિવારનું કદ નાનું હોવું જોઈએ તેવો કોઈ ખ્યાલ ભીલોમાં નથી. અભ્યાસમાં આવરેલા કુટુંબોની સરેરાશ સંખ્યા જોઈએ તો તે ૬.૬ જેટલી છે. આમ કુટુંબ પ્રમાણમાં મોટા જોવા મળે છે. ઉત્તરદાતાઓના મતે આદર્શ કુટુંબના બાળકોની સંખ્યા પુછતા તેણે રજૂ કરેલ મંતવ્યો કોષ્ટક ૬.૫૦માં જણાવેલ છે.

**કોષ્ટક ૬.૫૦**

**આદર્શ કુટુંબમાં બાળકોની સંખ્યા અંગેના ઉત્તરદાતાના અભિપ્રાયોની વિગત**

| **ક્રમ** | **ગામનું જૂથ** | **વિગત** | | | | | **કુલ** |
|---|---|---|---|---|---|---|---|
| | | **એક** | **બે** | **ત્રણ** | **ચાર** | **ચારથી વધારે** | |
| ૧. | નજીકના ગામ | - | ૧૬ | ૭૨ | ૨૪ | ૮ | ૧૨૦ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | (૧૩.૩૩) | (૬૦) | (૨૦) | (૬.૬૭) | (૧૦૦) |
| ૨. | મધ્યમ દૂરીના | - | - | ૫૨ | ૪૦ | ૨૮ | ૧૨૦ |
| | ગામ | | | (૪૩.૩૩) | (૩૩.૩૩) | (૨૩.૩૩) | (૧૦૦) |
| ૩. | દૂરના ગામ | - | - | ૬૪ | ૨૦ | ૩૬ | ૧૨૦ |
| | | | | (૫૩.૩૩) | (૧૬.૬૭) | (૩૦) | (૧૦૦) |
| | **કુલ** | **-** | **૧૬** | **૧૮૮** | **૮૪** | **૭૨** | **૩૬૦** |
| | | | **(૪.૪૪)** | **(૫૨.૨૨)** | **(૨૩.૩૩)** | **(૨૦)** | **(૧૦૦)** |

કોષ્ટક ૬.૫૦ પરથી દેખાય છે કે ઉત્તરદાતાઓમાંથી ૫૨.૨૨% ના મતે ૩ બાળકો હોવા જોઈએ. જ્યારે ચાર કે તેથી વધુ બાળકો હોવા જોઈએ તેવુ માનતા અનુક્રમે ૨૩.૩૩% અને ૨૦% ઉત્તરદાતાઓ જોવા મળ્યા હતા. બાળકોની સંખ્યા બે ની હોવી જોઈએ તેવુ નજીકના ગામોના ફક્ત ૧૩.૩૩% ઉત્તરદાતાઓએ જ જણાવ્યું છે.

નિષ્કર્ષમાં કહી શકાય કે નજીકના ગામોમાં અન્ય બધાજ ગામો કરતાં નાનું કુટુંબ ઈચ્છનાર ઉત્તરદાતાઓ વધારે જોવા મળે છે.

**નાનું કુટુંબ રાખવા માટે ઉત્તરદાતાએ અપનાવેલ પધ્ધતિની વિગત :**

ભીલ સમાજમાં બાળકને ભગવાનની દેણ ગણી અટકાવવાના ઉપાયો પ્રત્યે બહુ રૂચિ દાખવવામાં આવતી નથી. શરૂઆતના સમયમાં ઊંચા બાળમૃત્યુદર અને પુરુષ બાળકના મહત્વને કારણે પણ આમ બન્યુ હશે. આજના સમયે ભીલ જનજાતિમાં કુટુંબનિયોજન પ્રત્યેનું વલણ જાણી તેને અહીં કોષ્ટકરૂપે મુકવામાં આવ્યુ છે.

**કોષ્ટક ૬.૫૧**

**નાનું કુટુંબ રાખવા માટે ઉત્તરદાતાએ અપનાવેલ પધ્ધતિની વિગત**

| **ક્રમ** | **ગામનું જૂથ** | **વિગત** | | | | | **કુલ** |
|---|---|---|---|---|---|---|---|
| | | **કુટુંબનિયોજન અપનાવેલ નથી** | **ઓરલ પીલ** | **કોપરટી** | **કોન્ડમ** | **નસબંધી સ્ત્રી** | |
| ૧. | નજીકના ગામ | ૧૦૪ | - | ૪ | ૮ | ૪ | ૧૨૦ |
| | | (૮૬.૬૭) | | (૩.૩૩) | (૬.૬૭) | (૩.૩૩) | (૧૦૦) |
| ૨. | મધ્યમદૂરીના | ૧૧૬ | ૪ | - | - | - | ૧૨૦ |
| | ગામ | (૯૬.૬૭) | (૩.૩૩) | | | | (૧૦૦) |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૩. | દૂરના ગામ | ૧૨૦ | - | - | - | - | ૧૨૦ |
| | | (૧૦૦) | | | | | (૧૦૦) |
| | **કુલ** | **૩૪૦** | **૪** | **૪** | **૮** | **૪** | **૩૬૦** |
| | | **(૯૪.૪૪)** | **(૧.૧૧)** | **(૧.૧૧)** | **(૨.૨૨)** | **(૧.૧૧)** | **(૧૦૦)** |

કોષ્ટક ૬.૫૧ પરથી ફલિત થાય છે કે ૯૪.૪૪% ઉત્તરદાતાઓએ કુટુંબનિયોજન દ્વારા કુટુંબને મર્યાદિત કરવા માટે કોઈ પધ્ધતિ અપનાવેલ નથી. કુટુંબનિયોજનની પધ્ધતિ અપનાવતા ૨.૨૨% ઉત્તરદાતાઓ કોન્ડમનો ઉપયોગ કરે છે. જ્યારે ઓરલ પીલ, કોપરટી, નસબંધી (સ્ત્રી) પધ્ધતિ અપનાવેલ ૩.૩૩% ઉત્તરદાતાઓ જોવા મળ્યા હતા.

ગામ પ્રમાણે જોઈએ તો દૂરના ગામોમાં એક પણ ઉત્તરદાતાએ કુટુંબનિયોજન અપનાવેલ નથી. મધ્યમદૂરીના ગામોના એક ઉત્તરદાતા અને નજીકના ગામોના ચાર ઉત્તરદાતાઓએ કુટુંબનિયોજનની કોઈને કોઈ રીત અપનાવેલી છે. ઉત્તરદાતાઓના કુટુંબનિયોજન અંગેના વલણો પરથી કહી શકાય કે કુટુંબનિયોજન કાર્યક્રમની નહીંવત અસર આ સમાજ પર છે. બિનઆદિવાસી સમાજ સાથેના સંપર્કથી નજીકના ગામોમાં થોડી જાગૃતિ આવેલી જોવા મળે છે.

નિષ્કર્ષમાં કહી શકાય કે મોટાભાગના ૯૪.૪૪% ઉત્તરદાતા કુટુંબનિયોજનનો ખ્યાલ અપનાવતા નથી અને જુજ પ્રમાણમાં અપનાવનાર ઉત્તરદાતાઓ કોન્ડમ, ગર્ભનિરોધક ગોળી જેવી પધ્ધતિઓ અપનાવી છે.

**આરોગ્ય કાર્યકરની નિયમિતતા અંગે ઉત્તરદાતાનો અભિપ્રાય :**

આદિવાસી વિસ્તારની આરોગ્ય સ્થિતિ સુધાર માટે આદિવાસી વિસ્તાર વિકાસના માટે રચવામાં આવેલ સ્ટાર્ટ સમિતિ (૧૯૩૦) થી લઈ ઢેબર કમિશન (૧૯૬૧) બધી જ સમિતિઓએ સ્વાસ્થ્ય સુધારણા માટે કંઈને કંઈ સૂચનો કર્યા છે. ઉપરાંત ૧૯૮૩માં ઘડવામાં આવેલી રાષ્ટ્રીય આરોગ્ય નીતિ અંતર્ગત આદિવાસી વિસ્તારમાં આરોગ્ય સેવાઓ માટે ન્યુનતમ જરૂરિયાત કાર્યક્રમ હેઠળ વિશિષ્ટ ધ્યાન આપવામાં આવે છે. આદિવાસી ગ્રામીણ વિસ્તારમાં ૩,૦૦૦ લોકોની વસતિદીઠ એક પ્રાથમિક પેટા આરોગ્ય કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે. જયારે બિનઆદિવાસી વિસ્તાર માટે વસતિનું ધોરણ ૫,૦૦૦નું છે. એ જ રીતે આદિવાસી વિસ્તારમા ૨૦,૦૦૦ની વસતિએ એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) ની સ્થાપના કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જ્યારે અન્ય વિસ્તાર માટે વસતિનું ધોરણ ૩૦,૦૦૦નું રાખવામાં આવેલ છે.

'રાજયમાં ૧૯૯૪-૯૫ સુધીમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, પેટા કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોની સંખ્યા આદિવાસી વિસ્તારમાં ટકાવારી મુજબ જોઈએ તો અનુક્રમે ૨૩.૭૪%, ૨૬.૪૮% અને ૨૦.૭૬% છે. આમ રાજયની કુલ આદિજાતિની વસતિ (૧૪.૯૨%) ના પ્રમાણમાં આ અંકો ઘણા સારા દેખાય છે'

(મસવી અને પરમાર - ૧૯૯૮) પરંતુ આદિવાસી વિસ્તારમાં રહેણાંકની પધ્ધતિ, વાહનવ્યવહારની અસુવિધા, આરોગ્ય સેવાઓને આદિવાસી વિસ્તાર સુધી પહોંચતી રોકવામાં કારણભૂત છે. પલ્સ પોલિઓ, મેલેરિયા નિવારણ, ક્ષય અને રક્તપિત્ત નિવારણ જેવા ખાસ કાર્યક્રમો બનાવી સરકારે આરોગ્ય સેવાઓને વધુ સુગ્રથિત - સઘન બનાવવા પ્રયત્નો કર્યા છે. આજે આદિવાસી વિસ્તારોમાં સઘન રીતે આરોગ્ય સેવાઓ આપવા સંકલિત બાળવિકાસ યોજના હેઠળ ૩૨ આદિવાસી તાલુકા અને બે બ્લોકને આવરી લેવાયેલ છે. (ફેબ્રુ. ૧૯૯૬ સુધીમાં) (હેલ્થ રિવ્યુ ગુજરાત ૧૯૯૫-૯૬) આમ અનેક સરકારી પ્રયત્નો થયા છે અને થાય છે. ઉપરાંત નવા અભિગમો પણ કેળવાતા જાય છે જેમ કે સ્વૈચ્છિક સંસ્થાઓને અમુક વિસ્તારની આરોગ્ય સેવાઓ સોંપવી, ઉદાહરણરૂપે જોઈએ તો ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાની સ્વાસ્થ્ય વિષયક સેવાઓ રુરલ-ઝઘડીયા (ડૉ.અનિલ પટેલ) સંસ્થાને સોંપવામાં આવી હતી. જેના ઉત્તમ પરિણામો સમાજને મળ્યા છે. આમ અનેક આદિવાસી સ્વાસ્થ્ય સુધારણાના કાર્યક્રમો થયા છે અને થાય છે. ગ્રામકક્ષાએ આરોગ્ય સેવાઓનો પાયો ગ્રામ્ય આરોગ્ય કાર્યકર પર રહેલ છે. તેની સજાગતા ગામમાં સારા પરિણામો લાવી શકે છે, અહીં અભ્યાસક્ષેત્રમાં આરોગ્ય કાર્યકરોની નિયમિતતા વિષયક ઉત્તરદાતાના અભિપ્રાયો રજૂ કરવામાં આવ્યા છે.

## કોષ્ટક ૬.૫૨
## આરોગ્ય કાર્યકરની નિયમિતતા અંગે ઉત્તરદાતાનો અભિપ્રાય

| ક્રમ | ગામનું જૂથ | મુલાકાતનો સમયગાળો | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | મુલાકાત લે છે | મુલાકાત લેતા નથી | અઠવાડિયે | પંદર દિવસે | મહિને | મહિનાથી વધુ સમયે | |
| ૧. | નજીકના ગામ | ૩૬ | ૮૪ | - | ૮ | ૧૬ | ૧૨ | ૧૨૦ |
| | | (૩૦) | (૭૦) | | (૬.૬૭) | (૧૩.૩૩) | (૧૦) | |
| ૨. | મધ્યમ દૂરીના | ૧૬ | ૧૦૪ | - | - | ૮ | ૮ | ૧૨૦ |
| | ગામ | (૧૩.૩૩) | (૮૬.૬૭) | | | (૬.૬૭) | (૬.૬૭) | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩. | દૂરના ગામ | - | ૧૨૦<br>(૧૦૦) | - | - | - | - | ૧૨૦ |
| | **કુલ** | **૫૨**<br>**(૧૪.૪૪)** | **૩૦૮**<br>**(૮૫.૫૬)** | **-** | **૮**<br>**(૨.૨૨)** | **૨૪**<br>**(૬.૬૭)** | **૨૦**<br>**(૫.૫૬)** | **૩૬૦** |

કોષ્ટક ૬.૫૨ પરથી સ્પષ્ટ થાય છે કે ૮૫.૫૬% ઉત્તરદાતાઓનું મંતવ્ય છે કે આરોગ્ય કાર્યકરો નિયમિત મુલાકાત લેતા નથી. જ્યારે નજીકના અને મધ્યમ દૂરીના ગામોના અનુક્રમે ૩૦% અને ૧૩.૩૩% ઉત્તરદાતાઓના અભિપ્રાયો મુજબ આરોગ્ય કાર્યકરો નિયમિત મુલાકાત લેતા હતા. મુલાકાતનો સમયગાળો ઉત્તરદાતાઓએ ૧૫ દિવસથી ૧ માસ કે માસથી પણ વધુ સમયનો દર્શાવ્યો હતો.

નિષ્કર્ષરૂપે કહી શકાય કે દૂરના ગામોમાં આરોગ્ય કાર્યકરો નિયમિત જતા જણાતા નથી. જયારે નજીકના અને મધ્યમ દૂરીના ગામોમાં જુજ સભ્યો જણાવે છે કે આરોગ્ય કાર્યકરો તેઓની મુલાકાત લે છે.

**ઉત્તરદાતાનું સરકારી કે ખાનગી દવાખાનાની પસંદગી અંગેનું વલણ :**

ઉત્તરદાતાઓ ડૉક્ટરી સારવાર લેતા ઓછા જોવા મળે છે તે હકીકત છે, પરંતુ ઉત્તરદાતાઓને જયારે પણ સ્વાસ્થ્ય સેવાઓનો ઉપયોગ કરવા જવાનું બને, ત્યારે તેઓને મતે સરકારી ને ખાનગી દવાખાનામાંથી પહેલી પસંદગી કોની છે, તે જાણવાનો અત્રે પ્રયત્ન થયો છે. બિનઆદિવાસી સમાજમાં સામાન્ય રીતે સરકારી સ્વાસ્થ્ય સેવા એટલે ઉતરતી કક્ષાની સેવાઓ જેવી ગ્રંથિ દેખાય છે. જેને મફત સારવાર લેવી હોય તે જ આ સેવાઓનો ઉપયોગ કરતા હોય છે, તેવી સામાન્ય માન્યતા છે. આદિવાસી સમાજ મોટાભાગે ગરીબીરેખા નીચે જીવતો સમાજ છે. આ સમાજનું સરકારી અને ખાનગી આરોગ્ય સેવાઓના સંદર્ભે શું મંતવ્ય છે, તે કોષ્ટક ૬.૫૩માં દર્શાવેલ છે.

## કોષ્ટક ૬.૫૩

## ઉત્તરદાતાનું સરકારી કે ખાનગી દવાખાનાની પસંદગી અંગેનું વલણ

| **ક્રમ** | **ગામનું જૂથ** | **વિગત**<br>**સરકારી દવાખાનાની પસંદગી** | <br>**ખાનગી દવાખાનાની પસંદગી** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧. | નજીકના ગામ | ૩૨<br>(૨૬.૬૭) | ૮૮<br>(૭૩.૩૩) | ૧૨૦<br>(૧૦૦) |
| ૨. | મધ્યમદૂરીના ગામ | ૨૪<br>(૨૦) | ૯૬<br>(૮૦) | ૧૨૦<br>(૧૦૦) |
| ૩. | દૂરના ગામ | ૭૨ | ૪૮ | ૧૨૦ |

| | | | |
|---|---|---|---|
| | ૨૦૭ | | |
| | (૬૦) | (૪૦) | (૧૦૦) |
| **કુલ** | **૧૨૮** | **૨૩૨** | **૩૬૦** |
| | **(૩૫.૫૬)** | **(૬૪.૪૪)** | **(૧૦૦)** |

કોષ્ટક ૬.૫૩ પરથી સ્પષ્ટ થાય છે કે સમગ્ર ઉત્તરદાતાઓમાંથી ૬૪.૪૪% ઉત્તરદાતાઓ ખાનગી દવાખાનાને પ્રાધાન્ય આપતા દેખાય છે.જેમાં મધ્યમ દૂરીના અને નજીકના ગામોના ઉત્તરદાતાઓ અનુક્રમે ૮૦% અને ૭૩.૩૩% છે. બાકીના (૩૫.૫૬%) ઉત્તરદાતાઓ સરકારી દવાખાનાને પ્રાધાન્ય આપતા

દેખાય છે, તેમાં ૬૦% દૂરના ગામોના ઉત્તરદાતાઓ સમાવિષ્ટ છે.

જેમ જેમ બિનઆદિવાસી સમાજ સાથેનો સંપર્ક અને આર્થિક પરિસ્થિતિ સુધરતી જાય તેમ ખાનગી દવાખાનાઓ તરફ ઉત્તરદાતાઓ વળે છે તેવું દેખાય છે. નજીકના ગામોમાં બિનઆદિવાસી સમાજ સાથેનો પરિચય ગાઢ છે. જયારે મધ્યમ દૂરીના ગામોના ઉત્તરદાતાઓ દૂરના ગામોના ઉત્તરદાતાઓ કરતા આર્થિક સુખાકારી વધારે ધરાવે છે તેથી ત્યાંના ઉત્તરદાતાઓનું મંતવ્ય ખાનગી દવાખાના તરફી વધારે દેખાય છે.

નિષ્કર્ષરૂપે કહી શકાય કે ૬૪.૪૪% ઉત્તરદાતાઓનું ખાનગી દવાખાનાની પસંદગીનું વલણ વધુ જોવા મળે છે.

**ઉત્તરદાતાના દવાખાના પસંદગી માટેના જવાબદાર કારણો અંગેની વિગત :**

મધ્યમદૂરી ગામના ક્ષેત્રકાર્ય દરમ્યાન 'ઝારી દવા' ના જાણકાર બુઝર્ગ ચમનાજીએ જણાવ્યું હતું કે "કંટ્રોલનું અને પાવરવાળુ ધાન ખાવાથી રોગો વધ્યા છે અને હવે તે 'ઝારી દવા' થી ક્યારેય મટતા નથી તેથી દવાખાને જવુ પડે છે". આમ ભીલો આધુનિક સારવાર પધ્ધતિઓનો મને કમને સ્વીકાર કરતા જોવા મળે છે. તદ્ઉપરાંત અન્ય સમાજો સાથેના આર્થિક વ્યવહારો પણ વધ્યા છે. શ્રમમાં પણ ધીમે ધીમે વિશેષીકરણ આવે છે. પથ્થરના કારખાનાઓ કે અન્ય કામોમાં ભીલ યુવાનોનું પ્રમાણ જુજ દેખાય છે, તેથી તેમની આધુનિક સારવાર પધ્ધતિમાં પણ પસંદગી વિકસતી જાય છે. સરકારી- ખાનગી દવાખાનાઓની તેઓ તુલના કરતા તેઓ થયા છે. એવુ પણ બને છે કે ડૉક્ટરનો તેમના તરફનો વ્યવહાર પણ તેવો મુલવે છે, જયાં તેમને સ્વાભિમાન ભંગ થાય તેવુ લાગે છે અથવા તેમને નીચલી કક્ષાના ગણવામાં આવે છે ત્યાં તેઓ જતા નથી. આમ અનેક રીતે તેઓ દવાખાનાઓ વચ્ચે તુલના કરે છે. અહીં ઉત્તરદાતાઓના દવાખાના પસંદગીના કારણો જે જાણવા મળ્યા તે કોષ્ટકરૂપે મુકેલ છે.

**કોષ્ટક ૬.૫૪**

**ઉત્તરદાતાના દવાખાના પસંદગી માટેના જવાબદાર કારણો અંગેની વિગત**

| ક્રમ | દવાખાનાનો પ્રકાર | વિગત | ગામનું જૂથ | | | |
|---|---|---|---|---|---|---|
| | | | નજીકના ગામ | મધ્યમદૂરીના ગામ | દૂરના ગામ | કુલ |
| ૧. | સરકારી | મફત સારવાર | ૩૨ (૨૬.૬૭) | ૨૪ (૨૦) | ૭૨ (૬૦) | ૧૨૮ (૩૫.૩૬) |
| | | સારા ડોક્ટર છે | ૧૨ (૧૦) | ૮ (૬.૬૭) | ૪૪ (૩૬.૬૭) | ૬૪ (૧૭.૭૮) |
| | | સારી સારવાર મળે છે | ૨૦ (૧૬.૬૭) | ૧૬ (૧૩.૩૩) | ૫૬ (૪૬.૬૭) | ૯૨ (૨૫.૫૬) |
| | | અન્ય | ૪ | - | - | ૪ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | (૩.૩૩) | | | (૧.૧૧) |
| | | સરકારી દવાખાનું પસંદ કરનાર ઉત્તરદાતાઓ | ૩૨ (૨૬.૬૭) | ૨૪ (૨૦) | ૭૨ (૬૦) | ૧૨૮ (૩૫.૩૬) |
| ૨. | ખાનગી | સરકારીમાં સારા ડૉક્ટર નથી | ૫૬ (૪૬.૬૭) | ૭૨ (૬૦) | ૩૨ (૨૬.૬૭) | ૧૬૦ (૪૪.૪૪) |
| | | તુરંત ઈન્જેંકશન આપે છે/ સારી સારવાર છે. | ૬૪ (૫૩.૩૩) | ૮૪ (૭૦) | ૪૦ (૩૩.૩૩) | ૧૮૮ (૫૨.૨૨) |
| | | સારા ડૉક્ટર છે | ૮૦ (૬૬.૬૭) | ૯૨ (૭૬.૬૭) | ૫૬ (૪૦) | ૨૨૦ (૬૧.૧૧) |
| | | અન્ય | ૧૨ (૧૦) | ૨૦ (૧૬.૬૭) | - | ૩૨ (૮.૮૯) |
| | | ખાનગી દવાખાનું પસંદ કરનાર ઉત્તરદાતાઓ | ૮૮ (૭૩.૩૩) | ૯૬ (૮૦) | ૪૮ (૪૦) | ૨૩૨ (૬૪.૪૪) |
| | | **કુલ ઉત્તરદાતાઓ** | **૧૨૦** | **૧૨૦** | **૧૨૦** | **૩૬૦** |

● એક કરતાં વધારેજવાબો મળેલ છે.

કોષ્ટક ૬.૫૪ પરથી સ્પષ્ટ તરી આવે છે કે ઉત્તરદાતાઓએ દવાખાનાની પસંદગીના એક કરતા વધારે કારણો દર્શાવ્યા છે. સરકારી દવાખાનાની પસંદગીના કારણોમાં જોઈએ તો સરકારી દવાખાનાને પોતાની પ્રથમ પસંદગી દર્શાવતા ઉત્તરદાતાઓ બધા જ (૩૫.૩૬%) મફત સારવાર મળે છે માટે સરકારી દવાખાનાને પ્રાધાન્ય આપે છે. જયારે સારી સારવાર મળતી હોવાથી સરકારી દવાખાનુ પસંદ કરતા ૨૫.૫૬% અને સારા ડૉક્ટરને કારણે સરકારી દવાખાનું પસંદ કરતા ૧૭.૭૮% ઉત્તરદાતાઓ છે.

ખાનગી દવાખાનુ પસંદ કરવાના કારણોમાં ૬૧.૧૧% ઉત્તરદાતાઓ ડૉક્ટર સારા હોવાનું જણાવે છે. ૫૨.૨૨% ડૉક્ટરો તુરંત ઈન્જેકશન કે સારવારથી રાહત આપે છે માટે અને ૪૪.૪૪% ઉત્તરદાતાઓ સરકારી દવાખાનામાં સારા ડૉક્ટર ન હોવાથી એટલે કે ડૉક્ટરનું વર્તન યોગ્ય ન લાગવાથી ખાનગી દવાખાનામાં જાય છે, તેમ ઉત્તરદાતાઓએ દર્શાવ્યુ હતું.

નિષ્કર્ષરૂપે કહી શકાય કે ઉત્તરદાતાઓ પોતાને મળતી સારવાર, ભૌતિક સુવિધા, ડૉક્ટર અને સ્ટાફનું વર્તન તેમજ સારવારથી તાત્કાલિક રાહત મળે છે કે નહી તે પરથી દવાખાનાની પસંદગી કરતા જણાય છે.

**સ્વાસ્થ્ય સુવિધા સુધારવા માટેના ઉત્તરદાતાઓના સૂચનો :**

આરોગ્ય અને રોગનું નિયંત્રણ અપ્રાકૃતિક શક્તિઓના હાથમાં છે, તેવી દઢ માન્યતાઓ ધરાવતા હોવા છતાં ભીલો સ્વાસથ્ય સુવિધાઓ સુધારવી જોઈએ તેમ માને છે. સમયની સાથે તેઓના રોગ કારણ

વિષયક અભિપ્રાયોમાં મોટો બદલાવ આવ્યો નથી. પરંતુ અન્ય સમાજોની સાથે સંપર્કો, વાહનવ્યવહારની સગવડ, શિક્ષણ બધા જ પાસાઓએ તેમના સામાજિક- સાંસ્કૃતિક પાસાંને મહદ્અંશે પ્રભાવિત કર્યુ છે. સંશોધન ક્ષેત્રના નિરીક્ષણ પરથી સંશોધક અનુભવે છે કે ભીલ સંસ્કૃતિનો અત્યારે સંક્રાંતિ કાળ ચાલે છે. જેમાં સ્થાનિક સંસ્થાઓ જેવી કે ભુવા કે ભગત (જંગલની જડીબુટ્ટી આપનારાઓ) પોતાનું વર્ચસ્વ અખંડ રાખવા પ્રયત્નશીલ છે, જયારે આધુનિક તબીબો અને તેમની ઉપચાર પધ્ધતિ તેમજ સરકારી સ્વાસ્થ્ય સેવાઓ ધીમી ગતિએ પગપેસારો કરી રહી છે. દરેક ઉત્તરદાતા પોતાના સાંસ્કૃતિક મૂલ્યોને પ્રાધાન્ય આપવા છતાં સરકારી સ્વાસ્થ્ય સેવાઓમાં ફેરફાર અંગે પોતાના મંતવ્યો રજુ કરે છે જે કોષ્ટક - ૬.૫૫ માં દર્શાવેલ છે.

**કોષ્ટક ૬.૫૫**

**સ્વાસ્થ્ય સુવિધા સુધારવા માટેના ઉત્તરદાતાઓના સૂચનો**

| ક્રમ | ગામનું જૂથ | વિગત | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| | | અદ્યતન સુવિધાવાળી મોટી હોસ્પિટલો બનાવવી જોઈએ. | ડૉક્ટરો વધારવા જોઈએ | સારી દવાઓ આપવી જોઈએ | દવાખાનાનાં વ્યવસ્થા- તંત્રમાં સુધારા | ફરતા દવાખાના ચાલુ કરવા | |
| ૧. | નજીકના ગામ | ૮૮ (૭૩.૩૩) | ૧૦૦ (૮૩.૩૩) | ૬૪ (૫૩.૩૩) | ૩૨ (૨૬.૬૭) | ૭૨ (૬૦) | ૧૨૦ |
| ૨. | મધ્યમદૂરીના ગામ | ૯૬ (૮૦) | ૮૦ (૬૬.૬૭) | ૫૨ (૪૩.૩૩) | ૪૮ (૪૦) | ૭૬ (૬૩.૩૩) | ૧૨૦ |
| ૩. | દૂરના ગામ | ૮૪ (૭૦) | ૬૮ (૫૬.૬૭) | ૭૨ (૬૦) | ૨૪ (૨૦) | ૮૦ (૬૬.૬૭) | ૧૨૦ |
| | **કુલ** | **૨૬૮ (૭૪.૪૪)** | **૨૪૮ (૬૮.૮૯)** | **૧૮૮ (૫૨.૨૨)** | **૧૦૪ (૨૮.૮૯)** | **૨૨૮ (૬૩.૩૩)** | **૩૬૦** |

● એક કરતાં વધુ જવાબો મળેલ છે.

કોષ્ટક ૬.૫૫ પરથી સ્પષ્ટ જોવા મળે છે કે બધાં જ ઉત્તરદાતાઓ કંઈને કંઈ સૂચન કરી સ્વાસ્થ્ય વ્યવસ્થા વધારે સુદઢ બને તેમ ઈચ્છે છે. ૭૪.૪૪% ઉત્તરદાતાઓના મતે અદ્યતન સુવિધાવાળી મોટી હોસ્પિટલ બનાવવી જોઈએ જેથી સ્વાસ્થ્યસેવા માટે દૂરના શહેર સુધી જવુ ન પડે. ૬૮.૮૯% ઉત્તરદાતાઓને સરકારી સ્વાસ્થ્ય સુવિધાઓમાં ડૉક્ટરોનું પ્રમાણ ઓછું લાગતુ હોઈ ડૉક્ટરોની સંખ્યા વધારવી જોઈએ તેમ માને છે.

૬૩.૩૩% ફરતા દવાખાનાઓની હિમાયત કરે છે. ૫૨.૨૨% જણાવે છે કે સરકારી સ્વાસ્થ્ય સેવામાંથી સારી અસરકારક દવા આપવી જોઈએ અને ૨૮.૮૯% ઉત્તરદાતાઓ દવાખાનાના વ્યવસ્થાતંત્રમાં એટલે કે દવાખાનાના સમયમાં ત્યાં રહેતા માણસોના વર્તન વ્યવહારમાં અને ભૌતિક સુવિધામાં વધારો કરવો જોઈએ તેમ જણાવે છે.

નિષ્કર્ષમાં  કહી શકાય કે તમામ ઉત્તરદાતાઓ આધુનિક સ્વાસ્થ્ય સુવિધાની ઉપયોગિતા સમજે છે. તેથી તેમાં સુધારા લાવવા માટે તાલુકાકક્ષાએ હોસ્પિટલ, ડૉક્ટરોની પૂરતી વ્યવસ્થા, દવાની પૂરતી વ્યવસ્થા તથા કર્મચારીના વ્યવહારોમાં સુધારાનું સુચન કરે છે.

આમ સમગ્ર પ્રકરણમાં ડાંગી ભીલો તેમના આરોગ્ય સંદર્ભે સાંસ્કૃતિક પાસાંઓ જેવાકે ભગત-ભુવા, દેવ-દેવીઓનું પુજન, દોરા-ધાગા, બાધા-માનતા, મંત્ર-તંત્ર, લૌકિક અને અલૌકિક શક્તિઓ દ્વારા પોતાના આરોગ્યની સારસંભાળ લેવામાં સવિશેષ માને છે. જયારે આધુનિક દવાઓ અને તંત્રનો ઉપયોગ નહિંવત પ્રમાણમાં કરે છે. આ હકીકતો પરથી તારવેલ તારણો અને સમાજકાર્યકર માટે સુચિત ક્રિયાત્મક પગલાઓ અત્રે પ્રકરણ-૭માં રજુ કરેલ છે.

# પ્રકરણ-૭

# તારણો અને ક્રિયાત્મક પગલાઓ

## વસતિ ચિત્ર :

અભ્યાસમાં સમાવિષ્ટ ઉત્તરદાતાઓનું વયજૂથ જોતાં ૪૧ થી ૫૦ વર્ષની ઉંમર ધરાવતા સૌથી વધુ ૩૭.૭૮% ઉત્તરદાતાઓ છે. જયારે ૭.૭૮% યુવાન વયના (૨૦ થી ૩૦ વર્ષ) ઉત્તરદાતાઓ છે. બાકીના પ્રૌઢ (૩૦ થી ૪૦ વર્ષ) વયના છે. સમગ્ર ઉત્તરદાતાઓની સરેરાશ ઉંમર ૪૨.૦૨ વર્ષ જોવા મળી છે. તેવી જ રીતે ઉત્તરદાતાના કૌટુંબિક સભ્યોનું  ઉંમર પ્રમાણે વર્ગીકરણ જોઈએ તો ૦ થી ૧૪ વર્ષના ૩૬.૦૩% કૌટુંબિક સભ્યો બાળકો છે. જયારે ૨૬ થી ૩૫ વર્ષના વયજૂથમાં ૨૨.૨૨% કૌટુંબિક સભ્યો છે. બાકીના પ્રૌઢ વયના સભ્યો છે.

સમગ્ર ઉત્તરદાતાઓની સરેરાશ ઉંમર પરથી સ્પષ્ટ થાય છે કે મોટાભાગના ઉત્તરદાતાઓ પ્રૌઢ છે એટલે કે સામાજિક રીત-રિવાજો, વ્યવહારો, માન્યતાઓની સુપરિચિત છે.

ક્ષેત્રકાર્ય દરમ્યાન સંશોધકના અવલોકન અનુસાર પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરેલ ઉત્તરદાતાને વાંચવા કે લખવાનું કહેતા, તેઓ લખી વાંચી શકતા ન હતા કે ખૂબ જ મુશ્કેલીથી તેઓથી શક્ય બનતું હતું. ફક્ત પ્રાથમિક શાળામાં નામ લખાવી દીધેલ ઉત્તરદાતાઓ પોતાને સાક્ષર કહેતા હતા. ઉત્તરદાતાઓનાં શૈક્ષણિક સ્તરમાં મોટેભાગે ૬૪.૪૪% ઉત્તરદાતાઓ અભણ છે, અને ઉત્તરદાતાઓમાંથી ૨૬.૬૭% ઉત્તરદાતાઓએ

પ્રાથમિક શિક્ષણ મેળવેલ છે. જુજ પ્રમાણમાં ઉત્તરદાતાઓએ માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક કે સ્નાતક કક્ષાનું શિક્ષણ મેળવેલ છે. તેવી જ રીતે ઉત્તરદાતાના કૌટુંબિક સભ્યોમાંથી મોટાભાગે ૭૯.૩૪% સભ્યો અશિક્ષીત છે. તેમાં લિંગવાર સાક્ષરતા જોઈએ તો ૬૭.૦૭% પુરુષો અને ૯૧.૭૦% સ્ત્રીઓ અશિક્ષિત છે. જેમાં સૌથી મોટું અશિક્ષિતોનું પ્રમાણ દૂરના ગામોમાં ૮૭.૮૫% છે.

સમગ્ર ઉત્તરદાતાઓમાં શિક્ષિતોનું પ્રમાણ જુજ છે, મોટાભાગના શિક્ષિત ઉત્તરદાતાઓએ પ્રાથમિક કક્ષાનું શિક્ષણ મેળવેલ છે. તે જ રીતે ઉત્તરદાતાના કૌટુંબિક સભ્યોમાં પણ નિરક્ષરતા મોટા પ્રમાણમાં છે. સ્ત્રી શિક્ષણ નહીંવત જોવા મળે છે. ડાંગ જિલ્લાનું સ્ત્રી-પુરુષનું શિક્ષણ પ્રમાણ જોઈએ તો અનુક્રમે ૩૯.૧% અને ૫૬.૮% છે. (સેન્સસ - ૨૦૦૧)

ઉત્કલ્પના - આદિવાસીઓ શૈક્ષણિક રીતે પછાત હશે, જેની ઉપરોક્ત અંકો પુષ્ટી કરે છે.

સમગ્ર આદિવાસી સમાજની પરંપરા અનુસાર અભ્યાસક્ષેત્રમાં પણ જીવનસાથીની પસંદગીમાં છોકરા - છોકરીની પસંદગીથી અથવા ભાગીને લગ્ન કરવાનું પ્રમાણ વધારે છે. ઉત્તરદાતાઓનો વૈવાહિક દરજ્જો જોઈએ તો સમગ્ર ઉત્તરદાતાઓ પરિણીત છે અને કૌટુંબિક સભ્યોના ૫૭.૪૧% સભ્યો પરિણીત છે. લિંગવાર જોતા કૌટુંબિક સભ્યોમાં ૫૪.૬૪% પુરુષો અને ૬૦.૨૭% સ્ત્રીઓ પરિણીત છે.

આદિવાસી સમાજમાં પાત્ર પસંદગીની સ્વતંત્રતા હોવાથી પુખ્ત ઉંમરે છોકરા- છોકરીઓ સ્વેચ્છા કે વડીલ કૌટુંબિક સભ્યોની પરવાનગીથી લગ્નગ્રંથિમાં બંધાય છે.

**આર્થિક પરિસ્થિતિ :**

સંશોધન ક્ષેત્રમાં સૌથી સુલભ વ્યવસાય ખેતી અને ખેતમજૂરી છે. કોઈ ઔદ્યોગિક ખાણ ખનીજ ઉદ્યોગોનો ખાસ વિકાસ આ ક્ષેત્રમાં થયો નથી, આથી મોટેભાગે ૮૦% ઉત્તરદાતાઓનો મુખ્ય વ્યવસાય ખેતી છે, જયારે ૧૫.૫૬% ઉત્તરદાતાઓ ખેતમજૂરી પર ગુજરાન ચલાવે છે. ફક્ત ૨.૨૨% ઉત્તરદાતાઓ નોકરી કરે છે. ઉત્તરદાતાઓનાં ગૌણ વ્યવસાયમાં ૬૨.૨૨% ઉત્તરદાતાઓ ખેતમજૂરી, ૧૬.૬૭% પશુપાલન કરે છે. બાકીનાએ છૂટક મજૂરીને ગૌણ વ્યવસાયરૂપે અપનાવેલ છે. તેવી જ રીતે ઉત્તરદાતાઓના કૌટુંબિક સભ્યોના ૬૫.૩૨% સભ્યો કંઈ ને કંઈ વ્યવસાય સાથે સંકળાયેલ છે. જેમાંથી ૭૫.૭૭% સભ્યો ખેતી કે ખેતમજૂરી સાથે સંકળાયેલ છે. બાકીના સભ્યો છૂટક મજૂરી, પશુપાલન કે છૂટક વેપાર-ધંધા સાથે સંકળાયેલા છે.

સમગ્ર અભ્યાસ વિશ્વમાં આર્થિક ઉપાર્જનની મુખ્ય પ્રવૃત્તિ ખેતી કે ખેતમજૂરી છે. સમગ્ર ઉત્તરદાતાઓમાંથી ૯૬.૬૭% જમીન ધારકો છે. તેમાંથી ૨૬.૪૪% પાસે પિયત જમીન છે. બાકીના ૮૩.૯૧% ઉત્તરદાતાઓ બિનપિયત જમીન ધરાવે છે. જયારે ૧૧.૪૯% ઉત્તરદાતાઓ બિનઉપજાવ ખરાબાની જમીનના માલિક છે.

કુલ ૨૬.૪૪% પિયત જમીન ધારકોમાં ૦ થી ૨ એકર જમીન ધરાવતા ૬૫.૨૨% ૨ થી ૪ એકરમાં ૨૬.૦૮% અને બાકીના જુજ ઉત્તરદાતાઓ ૪ એકરથી વધારે પિયત જમીન ધરાવે છે. પિયત જમીન ધારકોમાં સૌથી મોટો વર્ગ (૪૬.૬૭%) મધ્યમદૂરીના ગામોનો છે. ઉત્તરદાતાઓમાં સીમાન્ત અને નાના ખેડૂતોનું પ્રમાણ વિશેષ હોઈ અને પાણીની વ્યવસ્થા ન હોવાના કારણે અર્થોપાર્જન માટે મોટા ખેડૂતોને ત્યાં ખેતમજૂરી કે નજીકના કસ્બાઓમાં સ્થળાંતર કરી યુવાવર્ગ છૂટક મજૂરી કરે છે.

સમગ્ર ઉત્તરદાતાઓ ખેતી, ખેતમજૂરી કે પશુપાલન જેવા મુખ્ય કે ગૌણ વ્યવસાય પર પોતાનું ગુજરાન ચલાવે છે. ખેતીની વૈજ્ઞાનિક પધ્ધતિનો અભાવ, પાણીની અપૂરતી વ્યવસ્થા અને આ પ્રદેશમાં અન્ય રોજગારીની તકો ન હોઈ તેમની વાર્ષિક આવક ખૂબ ઓછી જોવા મળે છે. રૂા.૧૦,૦૦૧/- થી વધારે અંદાજિત વાર્ષિક આવક મેળવતા ૫.૫૬% ઉત્તરદાતાઓ છે. જે નજીકના અને મધ્યમદૂરીના ગામોમાંથી જ જોવા મળ્યા છે. ઉત્તરદાતાઓની ગામ પ્રમાણે સરેરાશ અંદાજિત આવક જોઈએ તો નજીકના ગામોની રૂા.૭,૪૯૬.૭૮ મધ્યમદૂરીના ગામોની રૂા.૭,૨૧૩.૩૬ અને દૂરના ગામોની રૂા.૫,૩૩૦.૪૩ છે. જ્યારે ૧૨ ગામોની સરેરાશ અંદાજિત આવક રૂા.૬,૬૮૦.૧૯ થાય છે. વાર્ષિક સરેરાશ અંદાજિત ખર્ચ જોઈએ તો રૂા.૬,૮૦૧.૪૦ જોવા મળ્યો હતો.

ગરીબીરેખાનું પ્રવર્તમાન ધોરણ ગ્રામીણ વિસ્તારમાં માસિક વ્યક્તિદીઠ ખર્ચ રૂા.૨૨૮.૯ (Statistical outline of India - TATA - P.No. 283) નું છે તે મુજબ કુલ ઉત્તરદાતાઓમાંથી ૯૬.૬૭% જે પોતાનો વાર્ષિક ખર્ચ રૂા.૧૦,૦૦૧થી નીચે દર્શાવે છે તે બધા જ ગરીબીરેખા નીચે જીવતા ઉત્તરદાતાઓ છે તેમ કહી શકાય. ગામવાર ગરીબીરેખાનું પ્રમાણ જોતાં નજીકના ગામોનાં ૯૩.૩૪% મધ્યમદૂરીના ગામોના ૯૬.૬૭% અને દૂરના ગામના સમગ્ર ઉત્તરદાતાઓ ગરીબીરેખા નીચે જીવે છે. લગભગ સમગ્ર ઉત્તરદાતાઓ આવક અને ખર્ચની દ્દષ્ટિએ જોઈએ તો ગરીબીની રેખા હેઠળ જીવે છે.

ઉત્કલ્પના : આદિવાસીઓ આર્થિક રીતે પછાત હશે તેની અત્રે દર્શાવેલ તારણો હિમાયત કરે છે.

કુલ ઉત્તરદાતાઓમાંથી મોટાભાગે ૭૭.૭૮% ઉત્તરદાતાઓ દેવાદાર હતા. દેવુ થવાના કારણોમાં ૪૩.૩૩% ઉત્તરદાતાઓએ સામાજિક પ્રસંગો (લગ્ન, મૃત્યુ, જન્મ, વિધિ-વિધાનો, પૂજા)ને પહોંચી વળવા એટલે કે બિનઉત્પાદકીય કાર્યો માટે દેવુ કરેલું છે. જ્યારે ૩૧.૧૧% ઉત્તરદાતાઓએ ઉત્પાદકીય ક્ષેત્ર માટે ખેતજમીન સુધાર, ખેતીના ઉપકરણો વસાવવા કે બિયારણ, ખાતર લાવવાના હેતુસર દેવુ કરેલ છે. જ્યારે ૧૭.૭૮% ઉત્તરદાતાઓએ મકાન અને લાંબી બિમારીને કારણે દેવુ કર્યુ હતું. દેવુ પ્રાપ્તિના સ્ત્રોતો જોતાં સૌથી વધારે ૬૫.૬% ઉત્તરદાતાઓએ દેવુ પ્રાપ્ત કરવા માટે પરંપરાગત સ્ત્રોતોનો (મિત્રો, સગા-સંબંધી અને શાહુકારો) ઉપયોગ કરેલ છે. જ્યારે ૨૧.૧૧% ઉત્તરદાતાઓએ સંગઠીત ક્ષેત્રોમાંથી (બેન્ક, ખેતી વિવિધ કાર્યકારી સહકારી મંડળી) દેવું કરેલ છે.

સમગ્ર ઉત્તરદાતાઓમાંથી ફક્ત ૧૬.૬૭% ઉત્તરદાતાઓ બચત કરી શકે છે. જેમાં મોટાભાગના નજીકના ગામોના અને મધ્યમ દૂરીના ગામોના ઉત્તરદાતાઓ જ જોવા મળે છે.

સમગ્ર ઉત્તરદાતાઓમાં બિનઉત્પાદકીય ક્ષેત્ર માટેના દેવાનું પ્રમાણ મોટું છે જે મોટાભાગે પરંપરાગત સ્ત્રોતો પાસેથી મેળવવામાં આવે છે. આદિવાસીઓ સામાજિક પ્રસંગોને પરંપરાગત રીત-રિવાજોથી ઉજવવા માટે જ દેવુ કરે છે તેમ કહી શકાય નહીં. ઉત્પાદકીય ક્ષેત્રોમાં અને મિલ્કત વસાવવા માટે પણ તેઓ (૩૧.૧૨%) દેવુ કરતા જોવા મળે છે, જે અન્ય સંપર્કો અને આર્થિક સધ્ધરતાનું વધતુ મહત્વ દર્શાવે છે.

## રહેઠાણની વ્યવસ્થા અને સુવિધાઓ :

ઉત્તરદાતાઓના મકાનનો પ્રકાર જોતા સૌથી વધુ ૯૨.૨૨% ઉત્તરદાતાઓ કાચા મકાનમાં રહે છે. મકાનમાં ઉપલબ્ધ સુવિધાઓમાં ૫૮.૮૯% મકાનોમાં વિજળીની વ્યવસ્થા છે. જેમાં નજીકના ગામોનાં ૯૩.૩૩% સૌથી વધારે ઉત્તરદાતાઓ આ સગવડ મેળવે છે અને સૌથી ઓછી ૩૦% દૂરના ગામોના ઉત્તરદાતાને આ સુવિધા મળેલી છે. અન્ય સુવિધાઓમાં મકાનમાં બાથરૂમ કે નાવણીયુ અને જાજરૂ જૂજ પ્રમાણમાં જોવા મળે છે. પરંપરાગત ટેવોને આધીન ઉત્તરદાતાઓને બંધ જાજરૂની જરૂર જણાતી નથી તેવો સ્પષ્ટ અભિપ્રાય તેઓ તરફથી જાણવા મળ્યો હતો.

સમગ્ર ઉત્તરદાતાઓના મકાનમાં પાયાની સુવિધાઓનો (જાજરૂ, બાથરૂમ) અભાવ ઘણાં મોટા પ્રમાણમાં જોવા મળે છે.

સમગ્ર ઉત્તરદાતાઓમાંથી ૮૧.૧૧% પશુપાલન કરે છે. તેમાંથી ૭૨.૬૦% ઉત્તરદાતાઓ પરંપરાગત રીતે પશુઓને મૂલ્યવાન સંપત્તિ માની તેના તરફ લાગણી રાખે છે, આથી ઘરની સાથે જ છાપરીમાં બાંધે છે. જે પશુજન્ય રોગો થવાની સંભાવનાને વધારી દે છે. જયારે બાકીના ઉત્તરદાતાઓ પશુઓને ઘરથી દૂર ખુલ્લામાં કે જુદી છાપરી બાંધીને રાખતા જોવા મળ્યા હતા.

## સામાજિક અને રાજકીય માહિતી :

કુટુંબમાં અગત્યના નિર્ણયો લેવામાં મોટાભાગે ૭૨.૩૩% કુટુંબોમાં વડીલ પુરુષનું વર્ચસ્વ જોવા મળે છે. તેની સાથે સાથે મહત્વની બાબત છે કે ૧૭.૭૭% કુટુંબોમાં  કમાનાર વ્યક્તિનું વર્ચસ્વ છે. જે સાંપ્રત સમયમાં અર્થસત્તાનું વધતુ મહત્વ દર્શાવે છે.

આદિવાસી સમુદાયમાં અન્ય સમુદાયો કરતા જાતિપંચનું વર્ચસ્વ ઘણું વધારે જોવા મળે છે તે જ રીતે અભ્યાસક્ષેત્રમાં જાતિપંચનું વર્ચસ્વ અખંડ છે. બધા જ ઉત્તરદાતાઓ તેના સભ્ય છે અને તેણે બનાવેલા સામાજિક કાયદા- કાનૂનોને પાળવા કટીબધ્ધ રહે છે.

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ઉમેદવાર તરીકે, પ્રચાર કરીને કે મતદાન કરી ઉત્તરદાતાઓ પોતાની

રાજકીય મત પ્રદર્શિત કરતા થયા છે, જેનું પ્રમાણ આહવાથી નજીકના ગામો (નજીકના, મધ્યમદૂરીના ગામો) માં દૂરના ગામો કરતા વધારે જોવા મળે છે.

**પીવાના પાણીની વ્યવસ્થા :**

સંશોધન અભ્યાસમાં આવરી લીધેલ મોટાભાગના ૯૨.૨૨% ઉત્તરદાતાઓ પીવા માટે હેન્ડપંપ તથા કુવાના પાણીનો ઉપયોગ કરે છે. પાણી દ્વારા થતા રોગોને અટકાવવા માટે પાણીને શુદ્ધ કરવુ જોઈએ તેવી જાગૃતિનો ૫૫.૫૬% ઉત્તરદાતાઓમાં અભાવ દેખાય છે. પરંતુ ૮૦% ઉત્તરદાતાઓ પીવાના પાણીને ઢાંકીને રાખે છે, પરંતુ મોટાભાગે ૯૨.૨૨% ઉત્તરદાતાઓ જે વાસણથી પાણી પીવે છે તે જ વાસણથી પીવાનું પાણી ગોળામાંથી કાઢે છે. એકબીજાનું એઠું પાણી ન પીવું કે પીવાના પાણીને એઠું ન કરવું તેવી જાગૃતિનો સદંતર અભાવ જોવા મળે છે.

પાણી શુદ્ધ ન કરવાથી પાણી જન્ય રોગો થવાની શકયતાઓ વધી જાય છે, તે પ્રત્યે સભાનતા નથી. પાણી સ્વચ્છ કરવા માટે ગાળીને ઉપયોગ કરતા અડધાથી વધારે ઉત્તરદાતાઓ જોવા મળતા નથી.

**વ્યક્તિગત સ્વચ્છતાની ટેવો અને સ્વાસ્થ્ય :**

ઉત્તરદાતાઓની સ્વાસ્થ્યને અસર કરતી ટેવો જોઈએ તો ૨/૩ ભાગથી થોડા ઓછા (૬૪.૪૪%) ઉત્તરદાતાઓ જમતા પહેલા હાથ ધોવા જોઈએ તેમ માને છે, જે સ્વાસ્થ્યને પુરસ્કર્તા છે. આ માન્યતા ધરાવતા વર્ગમાં આહવાથી નજીકના ગામોનો વર્ગ ઘણો મોટો છે જેમાં નજીકના અને મધ્યમદૂરીના ગામોના અનુક્રમે ૭૬.૬૭% અને ૭૦% ઉત્તરદાતાઓ છે. મોટેભાગે ૬૩.૩૩% ઉત્તરદાતાઓ દરરોજ નિયમિત સ્નાન કરતા નથી, તેમની વ્યક્તિગત સ્વાસ્થ્ય પ્રત્યેની આ બેદરકારી માટે અભ્યાસક્ષેત્રની પાણીની અછતને પણ કારણભૂત ગણી શકાય.

મોટેભાગે ૯૮.૮૯% ઉત્તરદાતાઓ પાસે શૌચાલયની વ્યવસ્થા નથી તેથી તેઓ ખુલ્લામાં શૌચ જાય છે. વ્યવસ્થાના અભાવની સાથે સામાજીકરણની સમગ્ર પ્રક્રિયા દરમ્યાન ઘડાયેલી ટેવને આધિન મોટાભાગના (૭૭.૭૮%) ઉત્તરદાતાઓ બંધ શૌચાલયનો ઉપયોગ કરવા રાજી નથી. શૌચક્રિયા બાદ હાથ સાફ કરવા જોઈએ તેટલી જાગૃતિ ૬૨.૨૨% ઉત્તરદાતાઓમાં જોવા મળતી નથી. બાકીના ઉત્તરદાતાઓ રાખ, માટી કે સાબુથી હાથ સાફ કરતા દેખાય છે.

ઉત્તરદાતાઓમાં વ્યક્તિગત સ્વાસ્થ્યની નિયમિત સ્નાન, શૌચાક્રિયા બાદ હાથની સફાઈ જેવી ટેવોનો અભાવ છે જે રોગ ઉત્પન્ન થવા માટે કારણભૂત બની શકે છે.

અભ્યાસકર્તાની ઉત્કલ્પના હતી કે આદિવાસીઓમાં સ્વાસ્થ્ય અવરોધક ટેવો હશે જેને આ તારણો સાચી પાડે છે.

**ભોજન અને સ્વાસ્થ્ય :**

ભીલ ઉત્તરદાતાઓ માંસાહારી છે અને વાર-તહેવારે તેઓ ભોજનમાં માંસ લે છે. પશુઓમાં હરણ, નીલગાય, ગાય, ભેંસ, બકરી અને મરેલા પશુનું માંસ તેઓને વર્જ્ય છે, જે તેમની સ્વાસ્થ્ય સભાનતાને કારણે થયેલ સામાજિક નિષેધ છે. રોજબરોજના પીણામાં સમગ્ર ભીલો ચાનો ઉપયોગ કરે છે. ઉત્તરદાતાઓમાં મોટાભાગના ૮૮.૮૯% ઉત્તરદાતાઓ એક કરતા વધારે વ્યસન ધરાવે છે. વ્યસન માટે ઉપયોગમાં લેવાતી વસ્તુઓમાં સવિશેષ તંબાકુ અને તેની બનાવટો (બીડી, ચોળીને કે ગુટખા) વાપરે છે તેવા વ્યસન ધરાવના ઉત્તરદાતાઓના ૭૭.૬૨% ઉત્તરો છે. જયારે ૩૫.૩૬% ઉત્તરદાતાઓ દારૂનો નિયમિત ઉપયોગ કરે છે. જે સ્વાસ્થ્યની દૃષ્ટિએ અત્યંત જોખમી છે, જેમાં દૂરના ગામોના ઉત્તરદાતાઓ સવિશેષ (૪૩.૩૩%) જોવા મળે છે.

દારૂની સ્વાસ્થ્ય પરની નકારાત્મક અસરથી ૨/૩ ભાગથી થોડા ઓછા (૬૩.૩૩%) ઉત્તરદાતાઓ માહિતગાર છે. આહવાથી નજીકના (૧૦ થી ૨૦ કિ.મી.) ગામોના ૮૬.૬૭% ઉત્તરદાતાઓ દારૂની સ્વાસ્થ્ય પરની નકારાત્મક અસરને જાણે છે, જયારે દૂરના ગામોના ૪૩.૪૩% ઉત્તરદાતાઓ જ આ અસરોથી માહિતગાર જોવા મળે છે.

ઉત્તરદાતાઓમાં વ્યસનનું ઘણું મોટું પ્રમાણ જોવા મળે છે. દારૂ અને તમાકુની બનાવટો વિશેષતઃ વ્યસનના ઉપયોગમાં લેવાય છે. અભ્યાસક્ષેત્રમાં વ્યસનનું પ્રમાણ મોટું હશે તેમ દર્શાવતી ઉત્કલ્પના અહીં સાચી દેખાય છે.

**તરુણાવસ્થા અને માસિકધર્મની માન્યતાઓ :**

સ્ત્રીની રજસ્વલા સ્થિતિ માટે જવાબદાર કારણોમાં ૫૪.૪૪% ઉત્તરદાતાઓ તેને પ્રાકૃતિક ગણવા જેટલી વૈજ્ઞાનિક સમજ ધરાવે છે, જેમાં નજીકના ગામોના ઉત્તરદાતાઓની સંખ્યા સવિશેષ (૭૬.૬૭%) છે. કન્યા સૌ પ્રથમ વખત રજસ્વલા બને ત્યારે સમગ્ર ભીલ ઉત્તરદાતાઓ તેમની સામાજિક, સાંસ્કૃતિક માન્યતા પ્રમાણે વિધિઓ કરે છે, જે તેમની અલૌકિક શક્તિ તરફની આસ્થા કે ભય પ્રદર્શિત કરે છે. રજસ્વલા સ્થિતિ વખતે સ્ત્રીઓએ અનેક કૌટુંબિક સામાજિક અને ધાર્મિક વ્યવહારોમાં જુદા જુદા નિષેધ પાળવાં પડે છે. ઉત્તરદાતાઓના મંતવ્યો મુજબ મળેલ ઉત્તરોના ૫૮.૭૨% ઉત્તરો સ્ત્રીઓને ધાર્મિક વિધિ-વિધાનોમાં ભાગીદારી અને દેવ દર્શનનો નિષેધ કરે છે. ૧૭.૦૮% ઉત્તરોમાં રસોડા કે પાણીચારા પર જવાનો નિષેધ કરવામાં આવ્યો છે અને જમીન પર સૂવાનું જણાવવામાં આવ્યું છે. આમ બધા જ પ્રતિબંધો મોટાભાગે સાંસ્કૃતિક, ધાર્મિક ખ્યાલોથી રચાયેલ છે. રજસ્વલા સ્ત્રીઓના ખોરાકમાં ૪૬.૬૭% ઉત્તરદાતાઓ ફેરફાર સુચવે છે અને પૌષ્ટિક ખોરાક આપવાની હિમાયત કરે છે. સાથે સાથે વધારે તેલ, મરચાવાળા ગરમ ખોરાક લેવાની મનાઈ કરે છે.

ભીલ સ્ત્રીઓ દ્વારા રજસ્વલા સ્થિતિ દરમ્યાન સ્વચ્છતા અંગે લેવાતા પગલામાં ૫૮.૮૯% ઉત્તરદાતાઓના મતે સ્ત્રીઓ ઉપવસ્ત્ર પહેરે છે કે ઉપવસ્ત્ર સાથે કાપડનો પણ સ્વચ્છતા માટે ઉપયોગ કરે છે, જ્યારે ૪૧.૧૧% ઉત્તરદાતાના કુટુંબની સ્ત્રીઓ આ સ્થિતિમાં સ્વચ્છતા વિષયક કોઈ પગલા લેતી નથી. દૂરના ગામોમાં સ્વાસ્થ્ય જાગૃતિનો સૌથી ઓછો વિકાસ થયેલ જોવા મળે છે.

સ્ત્રીની રજસ્વલા સ્થિતિને પ્રાકૃતિક સમજવા છતાં અલૌકિક શક્તિઓથી બચવા માટે વિધિ-વિધાનોને આજે પણ મહત્વ અપાય છે. ઉપરાંત સ્ત્રીઓ પર અનેક જાતના બિનઆદિવાસી સમાજ જેવા નિષેધો પણ જોવા મળે છે. રજસ્વલા સ્ત્રીઓમાં સ્વચ્છતા વિષયક જાગૃતિનું પ્રમાણ ઓછું જોવા મળે છે. પરંતુ સ્ત્રીની રજસ્વલા સ્થિતિ દરમ્યાન પૌષ્ટિક ખોરાકને તેઓ મહત્વ આપે છે.

**રજસ્વલા સ્ત્રી અને જાતિયજીવન :**

રજસ્વલા સ્ત્રી સાથે જાતીય સંબંધ ન બાંધી શકાય તેવો સમગ્ર ઉત્તરદાતાઓનો સ્પષ્ટ અભિપ્રાય મળ્યો હતો. આ અંગે ઉત્તરદાતાઓએ એક કરતા વધારે માન્યતાઓને કારણભૂત ગણાવેલ છે. ૮૦% ઉત્તરદાતાઓના મતે આ પ્રકારના સંબંધથી જાતીય રોગ થાય છે, જ્યારે ૭૩.૩૩% ઉત્તરદાતાઓ આ સમયમાં જાતીય સંબંધની દેવ-દેવીઓની મનાઈ હોવાનું જણાવે છે. ઉપરાંત અસ્વચ્છતા અને સ્ત્રીની શારિરીક નબળાઈને પણ ઉત્તરદાતાઓ કારણરૂપ દર્શાવે છે. સ્ત્રીઓની આરોગ્ય સુરક્ષા માટે થઈને જણાવેલ કારણોની સહાય લઈ આ સાંસ્કૃતિક- ધાર્મિક નિષેધ લાગુ કરવામાં આવ્યાં હશે.

આદિવાસી સમાજમાં સ્ત્રીઓના રજસ્વલા સમય દરમયાન જાતીય સંબંધોથી જાતીય રોગો થાય છે તેવી ખોટી માન્યતાઓની સાથે સાથે આ ધાર્મિક અને સામાજિક- સાંસ્કૃતિક નિષેધમાં મહિલાઓના આરોગ્ય માટેનું હકારાત્મક દૃષ્ટિબિંદુ જોવા મળે છે.

**રજસ્વલા સ્ત્રીની તકલીફોમાં ઉપચાર :**

સ્ત્રીને રજસ્વલા સ્થિતિમાં કોઈ શારિરીક તકલીફ ઉભી થાય ત્યારે મોટાભાગે ૮૫.૫૬% ઉત્તરદાતાઓ એક કરતા વધારે પગલાં લેતા જોવા મળે છે. જેમાંથી ૯૦.૯૧% ઉત્તરદાતાઓ ખત્રી કે વિરની પૂજા કરે છે અને બાધા-માનતા રાખે છે, તેની સાથે સાથે ૮૮.૩૧% ઉત્તરદાતાઓ ભૂવાની સહાયથી શારિરીક તકલીફો (દોરો કરાવીને) દૂર કરવા પ્રયત્ન કરે છે. ઉત્તરદાતાઓમાંથી ફક્ત ૪ ઉત્તરદાતા જ ડૉક્ટરની મદદ લે છે. આમ ઉત્તરદાતાઓનો મોટો વર્ગ રજસ્વલા સ્ત્રીઓની તકલીફમાં અલૌકિક શક્તિને પૂજનારો અને તેમાં શ્રધ્ધા ધરાવનારો છે. જેમાં દૂરના ગામોના ૯૦% ઉત્તરદાતાઓનો સમાવેશ થાય છે.

સમગ્ર ઉત્તરદાતાઓમાંથી મોટાભાગના રજસ્વલા સ્ત્રીની શારિરીક તકલીફમાં અલૌકિક શક્તિ સારવાર માટે સક્ષમ છે તેમ માને છે અને તે તરફ પૂર્ણ શ્રધ્ધા ધરાવે છે.

**ગર્ભાવસ્થા અને સ્વાસ્થ્ય :**

સ્ત્રીએ ગર્ભ ધારણ કરેલ છે કે નહીં તે જાણવા ઉત્તરદાતાઓ, એક કરતા વધારે રીતો અપનાવે છે. જેમાં મોટાભાગે ૯૪.૪૪% ઉત્તરદાતાઓના મતે ઘરની વડીલ સ્ત્રી કે પરંપરાગત દાયણના સલાહસૂચન પર આધાર રખાતો હોય છે. ગર્ભધારણ અંગેની જાણકારી ૮૭.૭૮% ઉત્તરદાતાઓના મતે સ્ત્રીઓને માસિક બંધ થવાથી ખબર પડી જતી હોય છે, છતાં ઘરની વડીલ સ્ત્રી કે પરંપરાગત દાયણ પાસે તેઓ ખાત્રી કરાવે છે. આ ઉપરાંત ૨૧.૧૧% ઉત્તરદાતાઓ ભૂવા દ્વારા અલૌકિક શક્તિ પાસેથી જાણવાનો પ્રયત્ન કરતા જણાય છે. સ્ત્રીના ગર્ભધારણ માટે મોટાભાગના (૯૫.૯૬%) ઉત્તરદાતાઓ જાતીય સંબંધ અને ઈશ્વરકૃપાને જવાબદાર માને છે.

સ્ત્રી ગર્ભધારણની ખાત્રી માટે લગભગ સમગ્ર ઉત્તરદાતાઓ પરંપરાગત દાયણ પર આધારિત છે. તે ઉપરાંત અલૌકિક શક્તિની સહાય પણ લેવાય છે.

ગર્ભધારણ બાદ અન્ય સમાજોની જેમ ભીલ સમૂદાયમાં પણ સ્ત્રીની વિશેષ કાળજી લેવાય છે. ભીલોની દૃઢ માન્યતા છે કે ગર્ભવતી મહિલાઓની કાળજી ન રખાતા તેને અને આવનાર બાળકને અપ્રાકૃતિક શક્તિઓ હેરાન કરી શકે છે. તે માટે સાવચેતીરૂપે લગભગ સમગ્ર (૯૬.૭૮%) ઉત્તરદાતાઓ બાધા-માનતા, ભૂવા પાસે દોરો કરાવવો, મેલી નજરથી બચવુ, મૃતદેહ કે સ્મશાન પાસે ન જવુ અને પ્રસુતિ થતી હોય તે સ્થળ પર ન જવું જેવા પગલાં લેતા જોવા મળે છે.

ગર્ભવતીઓની વિશેષ કાળજીમાં આદિવાસી ભીલ સમૂદાય ભૌતિક કરતા અલૌકિક પરિબળોને વિશેષ મહત્વ આપે છે.

ગર્ભવતી સ્ત્રીઓનું ફક્ત ૪.૪૪% ઉત્તરદાતાઓના કુટુંબમાં ગર્ભાવસ્થા દરમ્યાન ડૉક્ટરી પરિક્ષણ કરાવાય છે. જે સ્ત્રીઓનું ગર્ભાવસ્થા દરમ્યાન પરિક્ષણ કરવામાં આવ્યું છે. તેમને સ્વાસ્થ્ય પરિક્ષણ, આયર્ન ટેબલેટ, ફોલીક એસીડ ટેબલેટ, ધનુરનું ઈન્જેંકશન, આહાર-પોષણ વિષયક સમજણ આપવામાં આવેલ છે.

ગર્ભાવસ્થા દરમ્યાન ૧/૩ ભાગથી સહેજ વધુ ૩૪.૪૪% ઉત્તરદાતાઓ ગર્ભવતી સ્ત્રીઓનું સ્વાસ્થ્ય પરિક્ષણ જરૂરી માનતા નથી તથા તે માટે ચોક્કસ કારણ જણાવતા નથી. પરંતુ બાકીના ઉત્તરદાતાના કુટુંબની સ્ત્રીઓનું ડૉક્ટરી પરિક્ષણ ન કરાવા પાછળના કારણોમાં મોટેભાગે ૬૧.૧૧% ઉત્તરદાતાઓ આર્થિક મુશ્કેલીને જવાબદાર ઠેરવે છે. તે ઉપરાંત ૫૨.૨૨% ઉત્તરદાતાઓના કુટુંબની સ્ત્રીઓ સામાજિક - સાંસ્કૃતિક પરિબળોને આધિન પર પુરુષ પાસે શારિરીક તપાસ કરાવવા માટે રાજી નથી. તેની સાથે સાથે દવાખાનાની સગવડનો અભાવ અને ભગત-ભૂવાની મનાઈને અનુક્રમે ૪૭.૭૮% અને ૨૦% ઉત્તરદાતાઓ જવાબદાર કારણ ગણાવે છે.

અજ્ઞાનતા અને રૂઢિગત માન્યતાઓ જે ભીલ સંસ્કૃતિમાં વણાઈ ગઈ છે તે અહીં ગર્ભવતી સ્ત્રીઓના સ્વાસ્થ્યમાં અવરોધક પરિબળરૂપે કામ કરતી દેખાય છે.

ગર્ભાવસ્થા દરમ્યાન સ્ત્રીના મૃત્યુને માટે મોટેભાગે (૯૩.૩૩%) ઉત્તરદાતાઓ પરંપરાગત સામાજિક, સાંસ્કૃતિક વિચારધારાઓના લીધે નજર કે મુઠ લાગવાથી વળગાડથી બનેલ ઘટનારૂપે જુએ છે. તેની સરખામણીમાં માતાની શારીરિક નબળાઈ કે અકસ્માતને મૃત્યુ માટે ઓછા મહત્વના કારણો ગણે છે.

ગર્ભવતી માતાઓના મૃત્યુ માટે જવાબદાર કારણોમાં સામાજિક - સાંસ્કૃતિક માન્યતાઓ જ મુખ્ય છે.

**પ્રસુતિ સમયની તકલીફો અને સ્વાસ્થ્ય વિષયક ખ્યાલો :**

ઉત્તરદાતાઓના કુટુંબમાં થતી પ્રસુતિઓ ડૉકટર કે તાલીમી દાયણ દ્વારા થતી જોવા નથી મળતી. મોટાભાગની (૯૬.૬૭%) પ્રસુતિ પરંપરાગત બિનતાલીમ દાયણો અને ઘરની વડીલ સ્ત્રીઓ દ્વારા જ કરાવાય છે. આહવાથી નજીકના ગામોના ફક્ત ૧૦% ઉત્તરદાતાઓ તાલીમી દાયણોને પ્રસુતિ માટે બોલાવે છે. જે પરિવર્તનની દિશાનું પ્રાથમિક પગલું છે.

પ્રસુતિ દરમ્યાનની મુશ્કેલી નિવારવા માટે સમગ્ર ભીલ ઉત્તરદાતાઓ અલૌકિક શક્તિઓ પર આધાર રાખે છે. ભૂવા પાસેથી મંત્રેલો દોરો લાવી સ્ત્રીના હાથ પર બાંધી રખાય છે, ઉપરાંત પ્રસુતિ દરમ્યાન કોઈ તકલીફ થાય તો ભૂવાનું મંત્રેલું પાણી અપાય છે. આવી અલૌકિક દવાઓ દ્વારા જાદુઈ - ધાર્મિક સારવાર કરાય છે. આ ઉપરાંત તેઓ વાનસ્પતિક દવાઓનો પણ ઉપયોગ કરે છે.

પ્રસુતિ સમયની તકલીફોને કોઈ અલૌકિક શક્તિઓ તરફથી મોકલાઈ છે તેમ માની તેને માટે જાદુઈ - ધાર્મિક (Megro-Religious) સારવારને ઉત્તમ માનવામાં આવે છે.

જન્મ સમયે બાળકની નાળ (Umblical chord) કાપવામાં ધ્યાન ન રખાતા ધનુરના મોટાભાગના કિસ્સાઓ સર્જાતા હોય છે. અભ્યાસક્ષેત્રમાં નાળ કાપવાના સાધનને જીવાણુ મુક્ત કરવામાં આવતું નથી. મોટાભાગે તીર (૬૫.૬૬%) ચપ્પુ કે દાતરડાથી નાળ કાપવામાં આવે છે. તેમ છતાં નાળ કપાયા બાદ બાળમૃત્યુના કિસ્સાઓ બનતા નથી તેવું ૮૨.૨૨% ઉત્તરદાતાઓએ જણાવ્યું છે. જયારે ૧૭.૭૮% ઉત્તરદાતાઓના મતે બાળમૃત્યુના નહીંવત કિસ્સાઓ બનતા હોય છે. જેમાં વિશેષતઃ દૂરના ૩૬.૬૭% ઉત્તરદાતાઓએ સહમતી દર્શાવી છે.

સમગ્ર ઉત્તરદાતાઓના મંતવ્ય પરથી બાળકની નાળ કાપવામાં વૈજ્ઞાનિક રીતથી નાળ કાપવાના સાધનને જંતુમુક્ત કરાતુ નથી તેમ છતાં ધનુરથી બાળમૃત્યુના કેસ ખાસ જોવા મળતાં નથી.

**બાળઉછેર અને સ્વાસ્થ્ય :**

જન્મબાદ ૨૮.૮૯% ઉત્તરદાતાઓના કુટુંબમાં પરંપરાગત રૂઢિને અનુસરીને પ્રથમ ખોરાકરૂપે દારૂનું સેવન કરાવાય છે. જેમાં સૌથી વધારે (૪૩.૩૩%) દૂરના ગામોના ઉત્તરદાતાઓનો સમાવેશ થાય છે, આ માન્યતા બાળકના સ્વાસ્થ્યને અવરોધક છે, જેને સાંસ્કૃતિક સ્વરૂપ આપી સમાજમાં પ્રસ્થાપિત કરેલી દેખાય

છે. પરંતુ ૫૩.૩૩% ઉત્તરદાતાઓ જન્મબાદ નવજાત શિશુને પ્રથમ ખોરાકરૂપે માતાનું ધાવણ આપે છે જે આરોગ્ય પોષક છે.

સમગ્ર વિશ્વ આજે બાળકના સર્વોત્તમ ખોરાકરૂપે માતાના ધાવણને ગણાવે છે. ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં માતાઓ બાળકને લાંબો સમય ધાવણ આપણી જોવા મળે છે. ઉત્તરદાતાઓના કુટુંબમાં સ્ત્રીઓ મોટાભાગે (૮૫.૮૬%) એક વર્ષથી વધારે સમય બાળકને ધવડાવે છે. જેમાં સમગ્ર દૂરના ગામોના ઉત્તરદાતાઓનો સમાવેશ થાય છે. બાહ્ય સંપર્કો અને બહાર કામ માટે જતા હોઈ આ સમયગાળો અન્ય ગામોમાં ઘટતો જતો જણાય છે.

પ્રસુતિબાદ શારીરિક નબળાઈ આવી જતી હોઈ થોડો આરામ કરવો જોઈએ તેમ ભીલો માને છે. સંશોધનક્ષેત્રમાં એક અઠવાડિયાથી લઈને સવા મહિના સુધી પ્રસતિબાદ સ્ત્રીઓ આરામ કરે છે. જેમાં ૪૩.૩૩% ઉત્તરદાતાઓ પ્રસુતિ પછી ૧૫ દિવસ સુધી સ્ત્રીઓને આરામ કરાવે છે અને સામાજિક વિધિ-વિધાન બાદ સવા મહિને સ્ત્રી અને બાળકનું સુતક પુરુ કરવાની સામાજિક સાંસ્કૃતિક માન્યતા છે.

લગ્ન પછી એક - બે વર્ષમાં બાળક ન થતા ભીલ સમાજમાં તે દંપતિને સામાન્ય દંપતિ માનવામાં આવતુ નથી. બાળક ન થવા માટે ૯૦% ઉત્તરદાતાઓના મતે સ્ત્રી કસુરવાર છે. કોઈપણ ઉત્તરદાતા પુરુષને જવાબદાર ઠેરવતો નથી, આ ઉપરાંત ૮૪.૪૪% ઉત્તરદાતાઓ બાળક ન થવા માટે મેલીવિદ્યા જેવા બાહ્ય કારણોને પણ કસુરવાર માને છે. જેમાં દૂરના ગામોના સમગ્ર ઉત્તરદાતાઓનો સમાવેશ થાય છે.

બાળક ન હોય તો બાળક મેળવવા માટે ભીલો જુદા જુદા ઘણાં ઉપાયો કરતા જોવા મળે છે. મોટાભાગના ઉત્તરદાતાઓ (૯૩.૩૩%) દેવી-માતાજી અને અલૌકિક શક્તિઓની બાધા-માનતા રાખે છે, અને ભૂવા પાસે વિધિ-વિધાનો કરાવતા ૮૨.૨૨% ઉત્તરદાતાઓ જોવા મળે છે. જયારે છેલ્લા વિકલ્પરૂપે સમગ્ર ઉત્તરદાતાઓ પુનઃલગ્ન કરે છે.

પ્રસુતિ પછી આવેલી નબળાઈને પહોંચી વળવા માટે આરામને ઉત્તરદાતાઓ મહત્વ આપે છે. અમુક વર્ષના દામ્પત્યજીવન પછી બાળક ન થતા સ્ત્રી પુરુષની ખામીઓનો તબીબી તપાસો/સારવારને પ્રાથમિકતા ન આપતા પરંપરાગત સામાજિક સાંસ્કૃતિક માન્યતાઓ પ્રમાણે બાધા-માનતા, વિધિ-વિધાનોને મહત્વ આપે છે.

**માંદગી અને સારવાર અંગેના વલણો :**

ભીલોમાં માંદગી સમયે પ્રથમ ભગત-ભૂવાની સારવાર લેવાનું વલણ ઘણાં મોટા પ્રમાણ (૭૫.૫૬%) ઉત્તરદાતામાં જોવા મળે છે. બીજાક્રમે ઘરગથ્થુ ઉપચાર ૧૮.૮૯% ઉત્તરદાતાઓ કરે છે. ડૉક્ટરની સારવાર લેવાનું વલણ નહીંવત છે. આજ પ્રમાણે રોગ મટાડવા માટે ૬૫.૫૬% ઉત્તરદાતાઓને મતે ભગત-ભૂવા જ અકસીર ઈલાજ કરે છે. જેમાં ૮૩.૩૩% દૂરના ગામોના ઉત્તરદાતાઓનો સમાવેશ થાય છે. પરંતુ આહવા

નજીકના ગામોમાં ડૉક્ટરી સારવારનું મહત્વ ધીમે ધીમે વિકસી રહેલુ દેખાય છે.

કોઈપણ રોગની સારવારમાં વૈજ્ઞાનિક તપાસ કે સારવારને મહત્વ ન આપતા પરંપરાગત સામાજિક સાંસ્કૃતિક સારવારોને વધારે મહત્વ અપાય છે.

બાળકોમાં રોગપ્રતિરોધક રસીઓ ફક્ત ૨૮.૮૯% ઉત્તરદાતાઓના કુટુંબના બાળકોને આપવામાં આવેલ છે, જેમાં પણ ઓરી- અછબડા, હીપેટાઈસ-બી જેવી રસીઓનો સમાવેશ થતો નથી. રસી નહીં મુકાવવાના એક કરતા વધારે કારણો ઉત્તરદાતાઓ જણાવતા જોવા મળે છે. ૫૦% ઉત્તરદાતાઓ સુવિધા ન હોવાને કારણભૂત ગણાવે છે. જયારે ૪૪.૪૪% ઉત્તરદાતાઓ રસીની જરૂરિયાત નથી અને ૩૨.૩૨% ઉત્તરદાતાઓ માતાજી કે ભગત-ભૂવાની મનાઈને કારણે રસી અપાવતા નથી. જેમાં અન્ય ગામોની સરખામણીમાં દૂરના ગામોના ઉત્તરદાતાનું પ્રમાણ (૫૩.૩૩%) વિશેષ છે.

**રોગ થવાના કારણો અને ઉપાયો :**

જાતીય રોગ થવાના એક કરતા વધારે કારણો ઉત્તરદાતાઓ જણાવે છે જેમાં ૮૦% ઉત્તરદાતાઓ નિષેધભંગ (રજસ્વલા સ્ત્રી કે અન્ય પરિણીત સ્ત્રી સાથે જાતિય સુખ ભોગવવુ) ને રોગ થવાનું કારણ જણાવે છે. તે ઉપરાંત ૭૨.૨૨% ઉત્તરદાતાઓ ચેપને પણ કારણભૂત ગણાવે છે. સારવાર માટે ભૂવા દ્વારા કરાતી વિધિમાં ૮૦% ઉત્તરદાતાઓને શ્રધ્ધા છે અને બાધા-માનતા પણ માનવામાં આવે છે. સાથે સાથે ૬૮.૮૯% ઉત્તરદાતાઓ ભગતો પાસેથી વાનસ્પતિક દવાઓનો ઉપયોગ કરે છે. જયારે ફક્ત ૧૩.૩૩% ઉત્તરદાતા આ રોગ માટે ડોક્ટરી સારવાર લે છે, જેઓ નજીકના ગામોના છે.

સમગ્ર ઉત્તરદાતાઓ આંખ આવવી (Eye sore) માટે ખરાબ નજર (Evil eye) ને  કારણભૂત માને છે, જયારે ૫૨.૨૨% ઉત્તરદાતાઓ જૈવિક કારણોને પણ મહત્વ આપતા જણાય છે. જેમાં નજીકના ગામોના ૭૦% ઉત્તરદાતાઓનોસમાવેશ થાય છે. રોગના ઉપાયરૂપે હોળી માતાની બાધા- માનતા પર સમગ્ર ઉત્તરદાતાઓનો વિશ્વાસ છે. તે ઉપરાંત ભૂવા પાસે નજર ઉતરાવવી કે ભગતોની વાનસ્પતિક દવાઓ પર વિશ્વાસ ધરાવતા અને ઉપયોગ કરતા અનુક્રમે ૫૬.૬૭% અને ૫૩.૭૬% ઉત્તરદાતાઓ છે. આમ મોટાભાગે રોગના કારણો અને ઉપાયો અલૌકિક શક્તિઓ પર આધારિત જાણવા મળે છે, પરંતુ બિનઆદિવાસી સમુદાયો સાથેના બાહ્ય સંપર્કોને લીધે રોગના જૈવિક કારણો પણ સ્વીકારતા થયા છે, જેનું પ્રમાણ આહવા નજીકના ગામો અને મધ્યમદૂરીના ગામોમાં દુરના ગામો  કરતા વિશેષ જોવા મળે છે.

પેટના દુઃખાવા માટે મોટાભાગના ૯૪.૪૪% ઉત્તરદાતાઓ અલૌકિક કારણો (મૂઠ લાગવાથી)ને જવાબદાર માને છે. જયારે ૩૧.૧૧% ઉત્તરદાતાઓ જૈવિક પરિબળોને મહત્વ આપે છે. લગભગ સમગ્ર (૯૬.૬૭%) ઉત્તરદાતાઓ દોરા-ધાગાને અસરકારક ઉપચાર માને છે તથા તેની સાથે ૩૭.૭૭% ઉત્તરદાતાઓ

ઘરગથ્થુ ઉપચાર કરે છે. સમગ્ર ઉત્તરદાતાઓ રોગના કારણો અને ઉપચારમાં સંસ્કૃતિની ધાર્મિક શક્તિઓને મહત્વપૂર્ણ માને છે.

સામાન્ય તાવ આવવાના કારણોમાં મળેલ ઉત્તરોના ૬૮.૭૯% ઉત્તરો તાવ માટે વળગાડ કે નજર લાગવાને જવાબદાર ગણે છે, જેમાં દૂરના ગામના ઉત્તરદાતાઓની સંખ્યા સૌથી મોટી (૯૬.૬૭%) છે. ઉત્તરદાતાઓમાંથી (૬૦%) રોગના જૈવિક કારણોનું સમર્થન કરે છે જે નોંધનીય બાબત છે. ઉપચારની બાબતમાં ૬૫.૧૫% ઉત્તરો પરંપરાગત સારવારરૂપે ભૂવા પાસે વિધિ-વિધાન કે બાધા-માનતા માને છે, અને ૩૪.૮૫% ઉત્તરો ભગત પાસેથી વાનસ્પતિક દવાઓની તરફેણ કરે છે. નોંધનીય બાબત એ છે કે રોગના જૈવિક કારણોને રોગ માટે જવાબદાર માનવાનું વલણ ધીરે ધીરે વધતુ જતુ દેખાય છે. પરંતુ ઉપચારમાં આધુનિક ચિકિત્સા પધ્ધતિને વિશેષ મહત્વ આપતા નથી.

ચામડીના રોગ થવાના કારણોમાં ૮૨.૨૨% ઉત્તરદાતાના મત મુજબ નિષેધભંગ કરવાથી એટલે કે માસિકસ્ત્રાવ સમયે જાતીય સંબંધથી આ રોગ થાય છે, જયારે ૪૦% જૈવિક કારણો અને ૬.૬૭% ઉત્તરદાતાઓ ગંદકીને આ રોગ માટે જવાબદાર માને છે. રોગ નિવારણના ઉપાયોમાં ૮૪.૪૪% ઉત્તરદાતાઓ બાધા-માનતાને અસરકારક ગણાવે છે, ઉપરાંત ૬૨.૧૨% ઉત્તરદાતાઓ વાનસ્પતિક દવાઓ અને ૫૩.૩૩% ઉત્તરદાતાઓ ઘરગથ્થુ ઉપચારને મહતવ આપે છે. આમ ચામડીના રોગો માટે કારણ અને ઉપાય બંનેમાં નિષેધભંગ અને બાધા-માનતા જેવા તત્વોને વિશેષ મહત્વ અપાય છે.

બાળકને થતી શરદી - ખાંસીના રોગ વિષયક માન્યતાઓ તપાસતા મોટાભાગના (૮૪.૪૪%) ઉત્તરદાતાઓ જૈવિક કારણોને શરદી - ખાંસી માટે જવાબદાર માને છે. તે ઉપરાંત ૬૭.૭૮% ઉત્તરદાતાઓ બાળકને નજર લાગવાથી આ રોગ થાય છે તેમ પણ દર્શાવે છે. ઉપાયોરૂપે મુખ્યત્વે (૭૪.૪૪%) ઉત્તરદાતાઓ ભગતની વાનસ્પતિક દવા પર શ્રધ્ધા રાખે છે. પરંતુ તેની સાથે ૪૪.૪૪% ઉત્તરદાતાઓ ઘરગથ્થુ દવાઓ પણ કરે છે. આ ઉપચારોની સાથે સાથે ૫૪.૪૪% ઉત્તરદાતાઓ ભૂવા પાસે નજર ઉતરાવવા જાય છે અને ૪૦% ઉત્તરદાતાઓ બાધા - માનતા રાખતા નજરે પડે છે. આમ રોગના જૈવિક કારણોને મહત્ત્વ આપતા હોવા છતાં તેના ઉપાયમાં ધાર્મિક જાદુઈ ( Megro-Religious Treatment) સારવારને વધુ મહત્વ આપે છે.

ઉત્તરદાતાઓના મતે ગાલ-પચોળા થવા માટેના જવાબદાર કારણો દર્શાવતા ઉત્તરોમાં ૭૮.૮૮% ઉત્તરો ખરાબ નજર (Evil eye) અને જાદુટોણાં જેવા કારણોને રોગ માટે જવાબદાર ઠરાવે છે, અને ઈલાજ માટે ભગતની દવા તથા બાધા - માનતાને વધુ મહત્વ આપે છે. ડોકટરી સારવારને ખાસ મહત્વ આપતા નથી.

ઓરી અછબડાના રોગમાં સમગ્ર ઉત્તરદાતાઓ અલૌકિક શક્તિને (બળીયા બાવસી) કારણભૂત માને

છે અને અલૌકિક સારવાર પર શ્રધ્ધા રાખે છે.

સાપ-વિંછી જેવા ઝેરી જંતુ કરડતા મોટાભાગના ૯૫.૯૬% ઉત્તરદાતાઓ ભગત-ભૂવા પાસે ઝેર ઉતારવા જાય છે અને ૬૩.૩૩% ઉત્તરદાતાઓ ખાસ મંદિરે (ગોગ બાવસી) વ્યક્તિને લઈ જાય છે, જયાં ઝેર ઉતારાય છે. આ સારવારની સાથે સાથે નજીકના અને મધ્યમદૂરીના ગામોના ફક્ત ૧૫.૫૬% ઉત્તરદાતાઓ ડોકટરી સારવાર પણ લેતા જોવા મળે છે. આમ ધાર્મિક - જાદુઈ (Megico - Religious) સારવારથી જ ઝેર ઉતરી શકે છે તેવી દઢ શ્રધ્ધા ઉતતરદાતાઓમાં દેખાય છે. તે જ રીતે કૂતરુ કે અન્ય જાનવર કરડતા ભૂવા પાસે દોરો કરાવવો અને હડકવા ન થાય તેની બાધા લગભગ બધા જ ઉત્તરદાતાઓ રાખતા જણાય છે. ઉપરાંત ૫૧.૧૧% ઉત્તરદાતાઓ ભગત પાસે વૈદીક ઈલાજ પણ  કરાવે છે.

ભીલો રોગોની જેમ ઝેરી-જંતુઓ અને પશુઓના કરડવાના ઉપાયરૂપે બાધા-માનતા કે દોરા-ધાગા અને ભગત પાસેથી દેશી દવાઓ કરાવે છે, અને તેમાં જ વિશ્વાસ રાખે છે.

### પરિવાર નિયોજન અને સરકારી આરોગ્ય સેવાઓ :

આદિવાસી સમાજની અર્થવ્યવસ્થામાં કુટુંબના સભ્યો બહોળા તેમ આવક બહોળી તેવું માનવામાં આવે છે. ભીલ સમુદાય પણ બાળકોને ઈશ્વરીદેન સમજે છે. અભ્યાસક્ષેત્રમાંથી મળેલ માહિતી મુજબ ફક્ત બે બાળક જ હોવા જોઈએ તેવુ જણાવનાર નજીકના ગામોના માત્ર ૧૩.૩૩% ઉત્તરદાતાઓ જ જોવા મળેલ બાકીના બધા જ ઉત્તરદાતાઓ ૩ - ૪ કે તેથી વધુ બાળકો કુટુંબમાં હોય તેને ઈચ્છનીય માને છે. પરિવાર નિયોજન પધ્ધતિઓનો ઉપયોગ ફક્ત ૫.૫૫ % ઉત્તરદાતાઓ કરે છે. જેમાં કોન્ડમ, ગર્ભ નિરોધક મોઢાથી ગળવાની ગોળી, કોપર-ટી અને સ્ત્રી નસબંધી જેવી પધ્ધતિ અપનાવવામાં આવેલી છે.

ગ્રામ્ય આરોગ્ય કાર્યકર્તાઓ વિષે જણાવતા ૮૫.૫૬% ઉત્તરદાતાઓનો મત ગ્રામ્ય આરોગ્ય કાર્યકરો મુલાકાત લેતા નથી. ૧૪.૪૪% ઉત્તરદાતાઓ તેમની મુલાકાતનો સમયગાળો પંદર દિવસથી લઈને મહિનાથી વધુ જણાવે છે. દૂરના  ગામના સમગ્ર ઉત્તરદાતાઓ જણાવે છે કે આરોગ્ય કાર્યકરે તેઓની ક્યારેય મુલાકાત લીધેલ નથી. સારવાર માટે સરકારી ખાનગી દવાખાના વચ્ચેની પસંદગી જણાવતા ૬૪.૪૪% ઉત્તરદાતાઓ ખાનગી દવાખાનાને પ્રથમ પસંદગી આપે છે, બાકીના ૩૫.૫૬% સરકારી દવાખાનાની સારવાર પસંદ કરે છે. આ પસંદગી પાછળના કારણો જોતા સરકારી દવાખાનું પસંદગી કરનાર તમામ ઉત્તરદાતાઓ મફત સારવારને પસંદગીનું એક કારણ ગણાવે છે. તે ઉપરાંત ડોકટરની વર્તણૂંક અને સારવારને કારણે સરકારી દવાખાનું પસંદ કરતા અનુક્રમે ૧૭.૭૮% અને ૨૫.૫૬% ઉત્તરદાતાઓ છે. તે જ રીતે ડોકટરનો નકારાત્મક વ્યવહાર, તેની સારવાર આપવાની પધ્ધતિ અને સરકારી દવાખાનાના સારા અનુભવ ન હોવાને લીધે ખાનગી દવાખાનું પસંદ કરતા અનુક્રમે ૬૧.૧૧%, ૫૨.૨૨% અને ૪૪.૪૪% ઉત્તરદાતાઓ જોવા મળે છે. આમ ઉત્તરદાતાઓ પોતાને મળતી સારવાર, ભૌતિક સુવિધા, ડોકટર અને સ્ટાફનું વર્તન તેમજ સારવારથી

તત્કાળ રાહત મળે છે કે નહી તેવી બાબતો પરથી દવાખાનાની પસંદગી કરતા જણાય છે.

સંશોધનક્ષેત્રમાં રોગના ઉપચારરૂપે મહત્તમ ઉપયોગ બાધા - માનતા, ભૂવા પાસે દોરા-ધાગા કે ભગતની વાનસ્પતિક દવાઓને મહતવ અપાય છે, તેમ છતાં આરોગ્ય માટે આધુનિક સ્વાસ્થ્ય સુવિધાની ઉપયોગિતા તમામ ઉત્તરદાતાઓ સમજે છે અને તેથી તેમાં સુધારા લાવવા માટે તાલુકા કક્ષા પર સુવિધાસભર હોસ્પિટલ, ડોકટરોની અને દવાઓની પૂરતી વ્યવથા કરવાની તેમજ કર્મચારીઓના વર્તન વ્યવહારમાં સુધારો કરવાની અને ફરતા દવાખાનાઓ ચાલુ કરવાનાં ઉત્તરદાતાઓ સૂચનો કરે છે.

**સમાજ કાર્યકર માટે સૂચિત ક્રિયાત્મક પગલાઓ :**

સ્વાસ્થ્ય સુરક્ષા અને સંવર્ધન તે રાજય સંલગ્ન વિષય છે. તેમ છતાં કેન્દ્ર સરકારે અનેક રોગો અટકાવવા અને નિવારવા જુદા જુદા રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સંવર્ધન કાર્યક્રમો પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના નેટવર્કના માધ્યમથી સમગ્ર દેશમાં વિકસીત, અલ્પ વિકસીત તેમજ અવિકસીત વિસ્તારોમાં ઘર - ઘર સુધી પહોંચાડવાનો પણ પ્રયત્ન કર્યો છે. આઝાદી બાદ આયોજિત વિકાસના પ્રયત્નરૂપે પંચવર્ષીય યોજનાઓમાં અટકાયાત્મક, પ્રોત્સાહક, સંરક્ષણાત્મક અને નિવારાણાત્મક (Preventive, Promotive, protective, Remedical) કાર્યક્રમો દ્વારા ઈ.સ. ૨૦૦૦ સુધીમાં સહુને આરોગ્યના લક્ષ્યાંકનું નિર્ધારણ કરેલ હતું. તેમાં ઘણાં ક્ષેત્રોમાં સફળતા મળી જયારે ઘણાં ક્ષેત્રોમાં ઈચ્છીત સફળતાઓ હાંસલ ન થઈ શકી. આદિવાસી વિસ્તારોમાં આરોગ્ય સંભાળ વ્યવસ્થા હોવા છતાં તેનો લાભ અંતરિયાળ વિસ્તારોમાં રહેતા આદિવાસીઓ પ્રાપ્ત કરી શકયાં નથી, કારણ કે આદિવાસીઓના સમગ્ર વ્યવહારોને ભૌતિક પરિબળો કરતાં સાંસ્કૃતિક પરિબળો સઘનતાપૂર્વક નિયંત્રિત કરી ઘેરે છે, જેનાથી આરોગ્ય સંભાળ સેવાઓની વ્યવસ્થા હોવા છતાં કાર્યક્રમોને સફળ બનાવવા માટેની પૂરતી સ્થાનિક ભાગીદારી મળતી નથી.

આદિવાસી સમાજ સુધી આરોગ્ય સેવાઓ પહોંચે, તેનો સદ્ઉપયોગ થાય તે માટે, આદિવાસી સમાજના વલણ અને વર્તનમાં તેમની સાંસ્કૃતિક ધરોહરનું સન્માન કરીને સ્વાસ્થ્ય સંભાળ માટે હકારાત્મક પરિવર્તન લાવવા પ્રસ્તુત સંશોધન અભ્યાસના તારણોને આધારે નીચે મુજબના ક્રિયાત્મક પગલાઓ વ્યાવસાયિક સમાજકાર્યના વિદ્યાર્થી તરીકે રજુ કરું છું.

(૧) સરકારી આરોગ્ય સંભાળ સેવાના કાર્યકરોને આદિવાસી સંસ્કૃતિથી અવગત કરાવવા માટે તેઓના તાલીમ કાર્યક્રમો યોજવા જોઈએ જેથી તેઓ લોક ભાગીદારી પ્રાપ્ત કરી આરોગ્ય સંવર્ધન માટે આદિવાસી સમાજને વધુ ક્રિયાશીલ બનાવી શકે.

(૨) પરંપરાગત રીતે વાનસ્પતિક દવાઓના જાણકાર, છુંદણા છુંદનાર, નસ વિંધનાર અને દર્દ અનુસાર ડામ દેનાર ભગતો તેમજ જેનામાં આદિવાસી સમાજના લોકોને અખૂટ શ્રધ્ધા છે તેવા ભૂવાઓને (Megico - Religious Practioner) વિશ્વાસમાં લઈ તેઓના સહયોગ વડે કાર્યક્રમો યોજી

લોકમાનસમાં પરિવર્તનનો પ્રયાસ વધુ સફળ નીવડશે. ઉપરાંત તેઓને આધુનિક સ્વાસ્થ્ય ચિકિત્સા પધ્ધતિનું જરૂરી જ્ઞાન અને તાલીમ આપી સ્વાસ્થ્ય સુધારણા કાર્યક્રમોમાં તેઓનો સહયોગ સફળતાની શક્યતાઓ ઘણી વધારી દેશે.

(૩) પરંપરાગત દાયણોને આધુનિક સ્વાસ્થ્ય સુવિધા સંદર્ભિત તાલીમ આપી સગર્ભા, પ્રસુતા અને ધાત્રીમાતા તેમજ બાળ આરોગ્યના સ્વાસ્થ્ય સંભાળ કાર્યક્રમોને સામાજિક કાર્યકર સુદૃઢ બનાવી શકશે.

(૪) વ્યસનોમાં દારૂનું પ્રમાણ ઘણું ઊંચુ જોવા મળેલ છે. તેને રોકવા માટે સામાજિક નિયંત્રક સંસ્થા જ્ઞાતિપંચ તેમજ ધાર્મિક સંપ્રદાયના માધ્યમથી આંશિક કે સંપૂર્ણ વ્યસન નિષેધ કરાવવાના પ્રયત્નો કરવા ઉપરાંત વ્યસનમુક્તિ કેમ્પ જેવા કાર્યક્રમોનું સમાજકાર્યકર આયોજન કરી શકે.

(૫) આરોગ્ય પ્રત્યેનું હકારાત્મક વલણ વિકસાવવા માટે ફિલ્મ શો, નિદર્શન પ્રવાસો, શેરી નાટકો જેવી પધ્ધતિઓ દ્વારા સમાજકાર્યકર લોકમાનસમાં પરિવર્તન લાવી શકશે.

(૬) લોકો સાથેનો ઘરોબો બાંધવા ફરતા દવાખાના જેવી પ્રવૃત્તિથી લોકોના આરોગ્ય વિષયક પાસા સાથે સમાજ કાર્યકર જલ્દીથી જોડાઈ શકશે અને આરોગ્ય વિષયક પ્રવૃત્તિઓનો ફેલાવો સારી રીતે કરી શકશે. આ સાથે આ વિસ્તારમાં કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓને આરોગ્ય સંભાળ કાર્યક્રમો સાથે જોડી આરોગ્ય સંભાળ કાર્યક્રમોને વધારે સઘન બનાવવા માટે સામાજિક કાર્યકર કામ કરી શકે.

(૭) લાંબા સમયના કાર્યક્રમરૂપે વૈધિક - અવૈધિક શિક્ષણ પર વધુ ભાર મૂકવો જોઈએ અને શાળાઓમાં શાળા સ્વાસ્થ્ય કાર્યક્રમ અને સ્વાસ્થ્ય શિક્ષણ વધારે સઘન બને તેવા પ્રયત્નો સામાજિક કાર્યકરે કરવા જોઈએ.

(૮) પીવાના સ્વચ્છ પાણીની વ્યવસ્થા માટે હેન્ડપંપનું કામ પ્રસંશનીય છે, તે વ્યવસ્થા હજુ વધારવી જોઈએ અને સમયાંતરે તેનું સમારકામ પણ થાય. અન્ય પાણીના સ્ત્રોતોના વિકાસ, વ્યવસ્થાપન માટે પાણી પંચાયતની સમાજ કાર્યકર રચના કરી શકે.

(૯) નિર્મળ ગ્રામ યોજનામાં ઊંડાણના ગામો પ્રથમ પસંદગી પામે તે રીતે જિલ્લા પ્રશાસન પાસે રજુઆતો કરવી જેથી સ્વચ્છતા અને સુઘડતા માટે તેવા ગામોને પ્રોત્સાહન મળે.

(૧૦) ગ્રામ આરોગ્ય કાર્યકરો તૈયાર કરવા માટે ઉત્સાહી યુવાનોને શોધી સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી આપત્તિ સમયમાં ઉપયોગી નીવડે તેવી તાલીમો ગોઠવવી જોઈએ.

(૧૧) સ્વચ્છતા અને સુઘડતા વધે તેવા જાગૃતિ કાર્યક્રમો ચલાવવા જેમાં વધુમાં વધુ સામુદાયિક ભાગીદારી મેળવવી.

અભ્યાસના ભાગરૂપે ક્ષેત્રકાર્ય કરતાં ઘણા આરોગ્ય કાર્યકરો, ડૉક્ટરો, નિનિઘડવૈયા, અધિકારીશ્રીઓની

મુલાકાતો લઈ, સંદર્ભ સાહિત્ય અને નરિક્ષણના કારણે ઘણી ખ્યાલાત્મક સ્પષ્ટતાઓ થઈ. આ સમગ્રના નિચોડ રૂપે થોડાં અન્ય સૂચનો જે આદિવાસી સમાજના સ્વાસ્થ્યને સુદ્રઢ બનાવવામાં ઉપયોગી નિવડશે તેમ લાગતા અહીં દર્શાવું છું.

દેશમાં રહેલા ૪૨૭ અનુસૂચિત જનજાતિના સમુદાયોમાં અનેકવિધ પ્રકારનું વૈવિધ્ય જોવા મળે છે. એક અનુસૂચિત જનજાતિના સમુદાયની વસતિનું માળખું અન્ય અનુસૂચિત જનજાતિના સમુદાયની વસતિના માળખા કરતાં અલગ પ્રકારનું જ હોય છે. ઘણા આદિજાતિ સમુદાયો ઔદ્યોગિક યુગ પહેલાંના સમયગાળાના હોવાથી અને તેઓ પોતાના નિભાવ માટે ખેતી અને જંગલ પર આધારિત હોવાથી, તેમને માટે પર્યાવરણની પરિસ્થિતિનું વિશેષ મહત્ત્વ છે જેની સામાન્યતઃ નોંધ લેવાતી નથી. કુદરત સાથેના અર્થપૂર્ણ સંબંધોમાં તેઓ પૃથ્વી, સૂર્ય, વાયુ, વરસાદ અને વન જેવાં પ્રાથમિક પરિબળો સાથે તેમના રોજ-બ-રોજના જીવનમાં આંતરક્રિયા કરે છે; એટલું જ નહિ પરંતુ તેઓ જમીન અને જંગલ જેવાં પ્રાથમિક સંસાધનોમાંથી પોતાનો નિભાવ પણ કરે છે. પરંતુ આજે જંગલોનો તેમજ મોટે પાયે વન્ય સૃષ્ટિનો પણ વિનાશ થઈ રહ્યો છે.

આ સંસાધનોની અછતની નોંધપાત્ર અસર આદિવાસીઓના ખોરાકની ઉપલબ્ધિ પર પડે છે. એવા અહેવાલો છે કે પોષણની ખામીના પ્રત્યેક કિસ્સામાં અપૂરતા પોષણના ઘણાબધા કિસ્સાઓનો અંધકાર ભર્યો વિસ્તાર છવાયેલો પડ્યો છે. આવા પોષણની ખામીવાળા જૂથો રોગથી ગ્રસ્ત વાતાવરણમાં રહે છે. સ્વાસ્થ્ય અને સ્વચ્છતાના અભાવથી આ સમસ્યા વધુ વકરે છે. એકંદરે, આદિવાસીઓ જન્મ સમયે ઓછા વજન, જન્મ સમયે જીવનરેખાની નીચી શક્યતાઓ, ઊંચો માતૃ મૃત્યુદર, ઊંચો શિશુ મૃત્યુદર, વિવિધ સંપર્ક જન્ય રોગોનું અસ્તિત્વ, જન્મથી જ ખોડખાંપણ, દારૂની લત, વ્યસનોનું બંધાણ જેવા આરોગ્ય માટે પ્રતિકૂળ ગણાય તેવા સૂચનાંકોથી યુકત નીચી આરોગ્ય કક્ષામાં જીવે છે.

આદિજાતિઓમાં પ્રચલિત એવી પરંપરાગત દેશી તબીબી પધ્ધતિઓએ પેઢીઓ સુધી તેમને જીવન બક્ષ્યુ છે. આધુનિક દવાઓ સાથેનો તેમનો સંપર્કતો તેમનો તાજેતરમાં જ થયો; પરંતુ વધુ ને વધુ સંખ્યામાં આદિવાસીઓ તેનો ઉપયોગ કરતા થયા છે. પરંતુ આરોગ્ય અને તબીબી સંભાળ સેવાઓ સહેલાઈથી પ્રાપ્ય નથી તેમજ તેમને પોષય તેવી પણ નથી અને વળી તે બહુ કાર્યક્ષમ પણ નીવડતી નથી. સેવાઓ ઉપલબ્ધ કરવાની પધધતિ અને આરોગ્ય સંભાળ સંસ્થાઓએ આદિવાસી વિસ્તારની વિશિષ્ટ પરિસ્થિતિ ધ્યાને લેવી જોઈએ.

## પરિશિષ્ટ-૧

# સમાજકાર્ય વિભાગ - સૌરાષ્ટ્ર યુનિવર્સિટી - રાજકોટ

## વિદ્યાવાચસ્પતિના અભ્યાસ માટેની અનુસૂચિ

## સ્વાસ્થ્ય - સંસ્કૃતિ સહસંબંધ : એક અભ્યાસ

## (ડાંગીભીલોને અનુલક્ષીને)

**માર્ગદર્શક :**

ડૉ. આર.ડી. વાઘાણી
અધ્યક્ષ,
સમાજકાર્ય વિભાગ,
સૌરાષ્ટ્ર યુનિ., રાજકોટ.

**સંશોધનકર્તા :**

રવીન્દ્ર પંચોલી
(MSW - M.Phil)

### ૧. ઉત્તરદાતાની સામાન્ય માહિતી :

૧.૧ ઉત્તરદાતાનું નામ : ______________________

૧.૨ ઉંમર : ______________________

૧.૩ ગોત્ર / કુળ : ______________________

૧.૪ ઉત્તરદાતાનું શિક્ષણ : ______________________

૧.૫ વૈવાહિક દરજ્જો : ______________________

૧.૬ ઉત્તરદાતાનો ધર્મ : ______________________

૧.૭ ઉત્તરદાતાનો વ્યવસાય : ______________________

૧.૮ કુટુંબનો પ્રકાર : ______________________

### ૨. ઉત્તરદાતાની કૌટુંબિક માહિતી :

| ક્રમ | નામ | જાતિ સ્ત્રી/પુ. | ઉંમર | વૈવાહિક દરજ્જો | કુટુંબના વડા સાથેનો સંબંધ | શિક્ષણ | વ્યવસાય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| | | | | | | | |

૩. સુવિધાઓ :

૩.૧ ઘરનો પ્રકાર : કાચુ ☐ પાકુ ☐

૩.૨ ઘરમાં હવા - ઉજાસની વ્યવસ્થા છે ? હા / ના

બારી......... બારણાં........ અન્ય વ્યવસ્થા

૩.૩ વીજળીની સુવિધા છે ? હા / ના

૩.૪ જાજરૂની વ્યવસ્થા છે ? હા / ના

૩.૪.૧ 'હા' તો શી ?

૧. પાકુ શોષખાડા સાથે

૨. કાચુ ખુલ્લા ખાડાવાળું

૩. ખેતરમાં / ખુલ્લામાં

૩.૫ બાથરૂમની વ્યવસ્થા છે ? હા / ના

૩.૫.૧ 'હા' તો શું ?

(૧) ચોકડી (૨) બાથરૂમ (૩) અન્ય

૩.૬ કચરાના નિકાલની વ્યવસ્થા છે ?

(૧) ખાતર ખાડો

(૨) ખુલ્લી જગ્યા

૩.૭ પશુઓને રાખવાની શી વ્યવસ્થા છે ?

(૧) રહેણાંકથી અલગ મકાન / છાપરી

(૨) રહેણાંકની સાથે જ

(૩) રહેણાંકથી દૂર ખુલ્લામાં

(૪) કોઈ વ્યવસ્થા નથી.

૪. આર્થિક સ્થિતિ :

૪.૧ તમારી પાસે જમીન છે ? હા / ના

૪.૧.૧ 'હા' તો

(૧) પિયત (૨) બિનપિયત (૩) બિનઉપજાઉ (ખરાબો) (૪) ગીરો રાખેલ.

(૧) ....... ગુંઠા (૨) ..... ગુંઠા (૩) ..... ગુંઠા

(૪) ....... ગુંઠા (૫) કુલ ....... ગુંઠા

૪.૨ આનાથી પૂરતું ભરણ-પોષણ થાય છે ? હા / ના

૪.૨.૧ 'ના', તો શું કરો છો ?

(૧) (૨) (૩)

૪.૩ તમારી અંદાજિત વાર્ષિક આવક કેટલી છે ?

(૧) ખેતી ____________ (૨) પશુપાલન ____________

(૩) જંગલ પેદાશ ____________ (૪) ખેતમજૂરી ____________

(૫) અન્ય મજૂરી ____________ (૬) નોકરી ____________

(૭) અન્ય (દર્શાવવું) ____________

૪.૪ તમારૂ અંદાજિત વાર્ષિક ખર્ચ કેટલું છે ?

| **ક્રમ** | **વિગત** | **અંદાજિત ખર્ચ માસિક/વાર્ષિક** |
|---|---|---|
| ૧ | અનાજ-દાળ-કઠોળ | |
| ૨. | ઘી-દૂધ | |
| ૩. | તેલ | |
| ૪. | ખાંડ-ગોળ | |
| ૫. | ચા-કૉફી | |
| ૬. | શાકભાજી | |
| ૭. | ઈંડા-માંસ | |
| ૮. | દારૂ | |
| ૯. | તમાકુ-ગુટખા-સોપારી અન્ય ચાવવાના વ્યસન | |
| ૧૦. | બીડી-હોકો ફુંકવાના વ્યસન | |
| ૧૧. | મુસાફરી | |
| ૧૨. | કપડાં | |
| ૧૩. | બિમારી | |
| ૧૪. | સામાજિક પ્રસંગ | |
| ૧૫. | ધાર્મિક વિધિવિધાન | |
| ૧૬. | મહેમાનગતિ | |
| ૧૭. | કોર્ટ-કચેરી-કાયદાકીય બાબતો | |
| ૧૮. | મનોરંજન | |

૪.૫ તમારે દેવું છે ? હા / ના

૪.૫.૧ ‘હા’ તો કેટલું ? (અંદાજિત)

૪.૬ દેવું થવાનાં કારણો શું છે ?

૧. ખેતી માટે

૨. સામાજિક પ્રસંગ માટે

૩. લાંબી બિમારીના કારણે

૪. અન્ય (સ્પષ્ટતાથી જણાવવું)

૪.૭ દેવું કયાંથી મેળવો છો ?

૧. મિત્રો પાસેથી (વગર વ્યાજ) ૨. મિત્રો પાસેથી (વ્યાજથી)

૩. શાહુકાર પાસેથી ૪. સગાસંબંધી પાસેથી

૫. બેંક પાસેથી ૬. અન્ય

૪.૮ તમારે બચત થાય છે ? (અંદાજિત જણાવો) હા / ના

૪.૮.૧ 'હા' તો કયાં રાખો છો ?

૧. પાસે રાખો છો ? ૨. વ્યાજે ફેરવો છો ?

૩. બેંકમાં રાખો છો ? ૪. શાહુકારને આપો છો ?

૫. અન્ય

**૫. સામાજિક સંરચના :**

૫.૧ સામાન્ય રીતે ઘરમાં કોનું વધારે વર્ચસ્વ હોય છે ?

૧. કમાનાર વ્યક્તિનું ૨. વડીલ પુરુષનું

૩. વડીલ સ્ત્રી / પુ.નું ૪. મોટા દીકરાનું

૫. અન્ય

૫.૨ કુટુંબના અગત્યના નિર્ણયોમાં કોણ કોણ સામેલ હોય છે ?

૧. કમાનાર પુરુષ ૨. વડીલ પુરુષ

૩. વડીલ સ્ત્રી / પુ. ૪. ઘરના બધા જ સભ્યો

૫. અન્ય

૫.૩ તમારા સમાજમાં નાત પંચ છે ? હા / ના

૫.૪ તમે નાત પંચના સભ્ય છો ? હા / ના

૫.૫ નાત પંચના શા - શા કાર્યો છે ?

૧. કુટુંબના / કુટુંબો વચ્ચેના ઝઘડાઓ ઉકેલે છે.

૨. સમાજનું બંધારણ નક્કી કરે અને પળાવે છે.

૩. સમાજના વિકાસનાં કામો કરે છે.

૪. અન્ય કાર્યો જણાવવાં

(૧) દારૂબંધી (૨) કુરિવાજો બંધ કરાવે

૫.૬ નાતપંચની ઉપરવટ જનારને શી સજા થાય છે ?

૧. દંડ ભરવો પડે છે ?

૨. નાત બહાર મુકે છે ?

૩. તેની સાથેના સામાજિક-આર્થિક વ્યવહારો પર પ્રતિબંધ મૂકે છે ?

૪. અન્ય

૫.૭ તમે ગ્રામપંચાયત ચૂંટણીમાં ભાગ લો છો ?

૧. ચૂંટણીમાં ઊભા રહીને

૨. સક્રિય રીતે પ્રચાર કરીને

૩. ફક્ત મતદાન કરીને

૪. નિષ્ક્રીય રહો છો (મતદાન પણ નથી કરતા)

૫.૮ તમારા વિસ્તારમાં મોટાભાગે લગ્ન કઈ રીતે થાય છે ?

૧. મા-બાપની પસંદગીથી    ૨. છોકરા-છોકરીની પસંદગીથી

૩. ભાગીને    ૪. અનય સગાંઓની પસંદગીથી

૫.૯ તમારામાં સગોત્ર લગ્નો થઈ શકે છે ?    હા /ના

૫.૧૦ તમારા ગોત્રના મુખ્યત્વે કયા કયા ગોત્રો સાથે લગ્ન સંબંધો છે.

૫.૧૦.૧ તમારા સમાજમાં દહેજ આપવું પડે છે?    હા / ના

૫.૧૦.૨ 'હા' તો કન્યાને કે વરને અને અંદાજીત કેટલું ?

૫.૧૧ સામાન્યરીતે લગ્ન સમયે વર / કન્યાની ઉંમર કેટલી હોય છે ?

૫.૧૨ સરકાર દ્વારા લગ્ન વય નક્કી કરવામાં આવી છે, તે તમને ખબર છે ?    હા / ના

૫.૧૨.૧ 'હા' તો કન્યાની કેટલી........ કુમારની કેટલી ..........

૫.૧૩ બાળલગ્નથી સ્ત્રીના આરોગ્ય પર માઠી અસર થાય છે તે તમે જાણો છો ?    હા / ના

૫.૧૩.૧ 'હા' તો શું અસર થાય છે ? જણાવો.

૫.૧૪ તમારા સમાજમાં મૃતકના શરીરનું શું કરવામાં આવે છે ?

૧. દાટવામાં આવે છે.    ૨. બાળવામાં આવે છે.

૩. અન્ય (સ્પષ્ટ લખવું)

૫.૧૫ મૃત્યુ બાદ ખતરા કે પાળિયા મૂકવામાં આવે છે ?

૫.૧૫.૧ 'હા' તો શા માટે મૂકવામાં આવે છે ? વિગતે જણાવો.

૫.૧૬ આ ખતરા કે પાળિયાની સમયાંતર પૂજા અર્ચના ભોગ ધરાવવા કશી વિધિ કરે છે ?  હા /ના

૫.૧૬.૧ 'હા' તો શા કારણે ?

૫.૧૭ તમારા મુખ્ય તહેવારો કયા કયા ?

૧. દિવાળી    ૩. નવરાત્રી    ૫. દશેરા

૨. હોળી    ૪. ઉત્તરાયણ    ૬. અન્ય

૫.૧૭.૧ એ તહેવારો તમે કઈ રીતે ઉજવો છો ? વિગતે જણાવવું.

## ૬. સ્વાસ્થ્ય સંબંધી ટેવો.

૬.૧ તમારા પીવાના પાણીની શી વ્યવસ્થા છે.

૧. નદી
૫. નળ
૨. તળાવ
૬. કૂવો
૩. વાવ
૭. અન્ય
૪. હેન્ડપંપ

૬.૨ તમે પીવાના પાણીને કઈ રીતે શુધ્ધ કરો છો ?

૧. ગાળીને
૩. અન્ય રીતે
૨. ઉકાળીને
૪. શુધ્ધ નથી કરતા

૬.૩ તમે પીવાના પાણીને ઢાંકીને રાખો છો ? હા / ના

૬.૪ વાસણમાંથી / માટલામાંથી તમે પાણી કેવી રીતે કાઢો છો ?

૧. વાસણ/માટલામાંથી સીધું જ
૨. ડોયા વડે
૩. અન્ય રીતે

૬.૫ પાણી પીવા માટે ઘરના સભ્યોને દરેકને પોતાનું વાસણ છે કે એક જ વાસણ છે ?

૬.૬ પાણી ઉંચેથી પીવાની ટેવ છે કે મોઢાથી બધા પીવે છે ?

૬.૭ તમે દરરોજ સ્નાન કરો છો ? હા / ના

૬.૭.૧ 'ના' તો કેટલા દિવસે ?

૬.૮ કુદરતી હાજતે કયાં જાવ છો ?

૧. બંધ જાજરૂમાં
૨. ઘરનાં વાડામાં/ખેતરમાં
૩. ખુલ્લામાં

૬.૯ જો ખુલ્લામાં જતા હોય તો શામાટે પસંદ કરો છો ?

૧. સગવડ ન હોવાથી
૨. બંધ જાજરૂમાં ફાવતું નથી.

૬.૧૦ કુદરતી હાજત બાદ હાથ ધુવો છો ? હા / ના

૬.૧૧ 'હા' તો શાનાથી ધુવો છો ?

૧. પાણી અને સાબુ
૨. પાણી અને માટી
૩. પાણી અને રાખ
૪. અન્ય (દર્શાવવું)

૬.૧૨ મુખ્યત્વે ખોરાક

૧. સવાર
૨. બપોર
૩. સાંજ

૬.૧૩ આખા વર્ષ દરમ્યાન બરાબર ખાવાનું મળી રહે છે ? હા / ના

૬.૧૪ 'ના' તો કયા સમયમાં તકલીફ પડે છે ? શા કારણે ?

૬.૧૫ તમે માંસાહારી છો ? હા / ના

૬.૧૫.૧ 'હા' તો માંસનો ઉપયોગ કયારે કરો છો ?

૧. ખાસ પ્રસંગોમાં જ ૨. ગમે તે દિવસે

૬.૧૬ કેવા પ્રકારના માંસનો ઉપયોગ કરો છો ?

૧. પોતે શિકાર કરેલ હોય તો જ

૨. બજારમાંથી ખરીદેલ

૩. નજીકના સ્નેહી-સંબંધી શિકાર કર્યો હોય તો ચાલે

૪. મરી ગયેલ હોય તો ઉપયોગ કરો છો.

૫. અન્ય (સ્પષ્ટ દર્શાવવું)

૬.૧૭ તમારા માટે વર્જીત માંસ કયા કયા છે ? શા માટે ?

૬.૧૮ દરરોજનું સામાન્ય ભોજન

- સવાર - બપોર - સાંજ

૬.૧૯ વાર, તહેવારે / ઉત્સવોમાં શું બનાવાય છે ?

૧. મીઠાઈ (કેવા પ્રકારની)

૨. માંસ (કયા પ્રાણીનું વધારે પસંદ કરો છો ? શાથી ?)

૬.૨૦ દરરોજ પીણામાં શું લો છો ?

૧. ચા ૨. દૂધ ૩. દારૂ

૪. તાડી ૫. અન્ય

૬.૨૦.૧ તમારે કોઈ વ્યસન છે ? હા / ના

૬.૨૦.૨ 'હા' તો શેનું

૧. બીડી ૨. હોકો

૩. તમાકું-હોઠમાં દબાવવી ૪. ગુટખા / મસાલા/સોપારી

૫. દારૂ ૬. તાડી

૭. અન્ય નશીલો પદાર્થ સ્પષ્ટ જણાવવું ૮. અન્ય

૬.૨૧ દરરોજ કેટલા પ્રમાણમાં સેવન કરો છો ? અંદાજીત કેટલા રૂા. નું ?

જથ્થો : કિંમત :

૬.૨૨ દારૂનો ઉપયોગ ક્યારે કરો છો ?

૧. દરરોજ ૨. ખાસ દિવસોમાં / વાર તહેવારે.

૬.૨૨.૧ જો દરરોજ ઉપયોગ કરતા હો તો દરરોજનો અંદાજીત કેટલા રૂપિયાનો દારૂ પીઓ છો ?

૬.૨૩ દારૂથી આરોગ્ય પર ખરાબ અસર થાય છે તે તમે જાણો છો ? હા / ના

૬.૨૩.૧ 'હા' તો શી શી અસરો થાય છે ?

૬.૨૪ તમારા સમાજમાં રજસ્વલા સ્ત્રીને શું કહે છે ?

૬.૨૫ સામાન્ય રીતે રજસ્વલા છોકરીની શી ઉંમર હોય છે ?

૬.૨૬ તમે માસિક ધર્મ / રજસ્વલા સ્થિતિને શું સમજો છો ?

૧. પ્રાકૃતિક છે ૨. માંદગીનું ચિહ્ન છે.

૩. ખબર નથી.

૬.૨૭ સામાન્યઃ રજસ્વલા સ્ત્રીએ શી શી ચરી પાળવાની હોય છે ?

૧. દેવસ્થાન, રસોડું, પાણિયારું જેવી જગ્યાએ ના જઈ શકાય

૨. ભારે ખોરાક (વધુ તેલ મરચાવાળો) ન લેવો

૩. ખાટલા પર ન સૂતાં જમીન પર / ચટાઈ પર સૂઈ રહેવું

૪. મંદિર કે દેવ જગ્યાએ દર્શન માટે ન જવું

૫. ધાર્મિક કે શુભ વિધિ વિધાનોમાં ભાગ ન લેવો.

૬. અનાજને ન અડવું

૭. કાપણી-વાવણીમાં ન જોડાવું

૮. અન્ય

૬.૨૮ રજસ્વલા સ્ત્રીના ખોરાકમાં કોઈ ફેરફાર કરાય છે ? હા / ના

૬.૨૮.૧ 'હા' તો શો ફેરફાર ? અને શા માટે ?

૬.૨૯ રજસ્વલા સ્ત્રી ભારે કામો (જેવાં કે ખેતીમાં વાવણી, લણણી) ન કરી શકે અથવા નથી કરવા દેવામાં આવતાં તેવું બને છે ? હા / ના

૬.૨૯.૧ 'હા' તો શાથી ?

૬.૩૦ રજસ્વલા સ્ત્રી પોતાની સ્વચ્છતા માટે શું કરે છે ?

૬.૩૧ રજસ્વલા સ્ત્રી સાથે જાતીય સંબંધ બાંધવામાં આવે છે ? હા / ના

૬.૩૧.૧ 'ના' તો શા માટે નથી બાંધતા ?

૬.૩૨ રજસ્વલા સ્ત્રી પરના પ્રતિબંધોને તમે યોગ્ય માનો છો ? હા / ના

૬.૩૨.૧ 'હા' તો શા માટે ?

૬.૩૨.૨ 'ના' તો શા માટે નહીં

૬.૩૩ સ્ત્રીને રજસ્વલા બંધ થાય તો ગર્ભ રહે એ તમે જાણો છો ? હા / ના

**૭. આરોગ્ય પોષણને અસર કરતા પરિબળો અને માન્યતાઓ.**

૭.૧ ગર્ભ રહ્યો તેની જાણ સ્ત્રીને કઈ રીતે થાય છે ?

૧. માસિક સ્ત્રાવ બંધ થવાથી

૨. ડૉક્ટર પાસે જઈ તપાસ કરાવવાથી

૩. દાયણ તપાસીને કહે છે.

૪. ભગત / ભૂવા વિધિ કરી કરે છે.

૫. કુટુંબની વડીલ / વૃધ્ધ સ્ત્રી તપાસીને કહે છે.

૬. અન્ય

૭.૨ સ્ત્રી ગર્ભવતી બની તેનું કારણ માનો છો ?

૧. જાતીય સંબંધથી

૨. ભગવાન / દેવની ઈચ્છા / કૃપાથી

૩. ખબર નથી

૭.૩ ગર્ભવતી સ્ત્રીના ખોરાકમાં કોઈ ફેરફાર કરો છો ? હા / ના

૭.૪.૧ 'હા' તો શા ફેરફાર વિગતે જણાવો

૭.૪ ગર્ભવતી સ્ત્રીઓનું ડૉક્ટરી પરીક્ષણ કરાવો છો ? હા / ના

૭.૪.૧ 'હા' તો કઈ કઈ સારવાર મળી છે ?

| | |
|---|---|
| ૧. સ્વાસ્થ્ય પરીક્ષણ | ૪. ધનુરના ઈન્જેકશન |
| ૨. આયર્ન ટેબલેટ | ૫. પોષક આહાર અને સ્વાસ્થ્ય શિક્ષણ |
| ૩. ફોલિક એસિડ | ૬. અન્ય |

૭.૪.૨ 'ના' તો શા કારણે ડૉક્ટરને નથી બતાવતા ?

૧. દવાખાનાની સગવડ નથી.

૨. પુરુષ ડૉક્ટર હોવાથી સ્ત્રીઓ માનતી નથી.

૩. ભગત / ભૂવા કે દેવની મનાઈ હોવાથી

૪. સ્વાસ્થ્ય પરીક્ષણ કરાવવું જોઈએ તેવી ખબર જ નથી તેથી

૫. પૈસા ન હોવાથી

૬. અન્ય કારણ

૭.૫ ગર્ભવતી મહિલાઓએ કેવી કાળજીઓ લેવી જોઈએ તે તમને ખબર છે ?

| | |
|---|---|
| ૧. પૌષ્ટિક ભોજન | ૪. વેક્સિનેશન |
| ૨. દવા | ૫. પોશાક |
| ૩. ડૉકટરી તપાસ | ૬. અન્ય બીજું હોય તો જણાવો |

૭.૬ તમે જાણો છો કે બહેનો ગર્ભાવસ્થા દરમ્યાન મરી જાય છે ? હા / ના

૭.૬.૧ 'હા' તો કયા કયા કારણોથી તે દર્શાવો.

૭.૬.૨ તમારા ઘરમાં છેલ્લા પાંચ વર્ષમાં આવો પ્રસંગ બન્યો હોય તો વિગતે જણાવો.

૭.૭ ગર્ભવતી સ્ત્રીનો પ્રસવ કયાં કરવામાં આવે છે ?

| | |
|---|---|
| ૧. દવાખાનામાં | ૩. સ્ત્રીના પતિના ઘરમાં |
| ૨. સ્ત્રીના પતિના ઘરમાં પ્રથમ સુવાવડ | ૪. અન્ય |

૭.૮ સામાન્યતઃ પ્રસવ કોણ કરાવે છે ?

| | | | |
|---|---|---|---|
| ૧. | ઘરની વડીલ સ્ત્રી | ૪. | ડૉક્ટર |
| ૨. | તાલિમી દાયણ | ૫. | અન્ય |
| ૩. | બિનતાલિમી દાયણ | | |

૭.૯ પ્રસવ પીડા દરમ્યાન સ્ત્રીને કોઈ ખાસ ઔષધિ આપવામાં આવે છે ? હા / ના

૭.૯.૧ ‘હા’ તો અન્ય કઈ દવા અપાય છે ? તેનું નામ અને આપવાની વિધિ.

૭.૧૦ બાળકની નાળ શાનાથી કપાય છે ?

૧. દાંતથી ૩. ગરમ પાણીમાં/સ્ટરીલાઈઝર કરેલ ચપ્પુથી/દાતરડાથી

૨. દાતરડા, ચપ્પુથી ૪. અન્ય (સ્પષ્ટ જણાવવું)

૭.૧૧ તે નાળનું શું કરવામાં આવે છે.

(કોઈ ખાસ વિધિ હોય તો તે વિધિ અને તે પાછળનો હેતુ જણાવો)

૭.૧૨ નાળ કપાયા પછી (ધનુરથી) બાળ મરણના કિસ્સા બને છે ?

૧. નહિવત ૨. ઘણા બધા ૩. નથી બનતા

૭.૧૩ બાળકને સર્વ પ્રથમ જન્મ બાદ શું અપાય છે ? વિગતે લખો.

૭.૧૪ માતા બાળકને પોતાનું દૂધ પીવરાવવાનું કયારે શરૂ કરે છે ?

૧. તુરંત જ ૨. થોડા કલાક પછી

૩. અન્ય (અવધી લખવી)

૭.૧૪.૧ બાળકને માતા કેટલા સમય સુધી દૂધ પીવરાવે છે ?

૧. છ મહિના ૨. ૧ વર્ષ ૩. ૧ વર્ષથી વધારે

૭.૧૫ પ્રસવબાદ સ્ત્રીના ખોરાકમાં ફેરફાર કરાય છે ? હા / ના

૭.૧૬ ‘હા’ તો શા ફેરફારો કરાય છે ? વિગતે જણાવો.

૭.૧૭ સુવાવડ પછી સ્ત્રી કેટલો સમય આરામ કરે છે ?

| | | | |
|---|---|---|---|
| ૧. | અઠવાડિયાથી ઓછો | ૪. | સવા મહિનો |
| ૨. | અઠવાડિયું | ૫. | અન્ય |
| ૩. | પંદર દિવસ | | |

૭.૧૮ સુવાવડ પછી માતા બાળકની સ્વચ્છતા માટે શું કરાય છે ? તેઓ પ્રથમ સ્નાન ક્યારે કરે છે ? અને તે સમયે શી વિધિ કરાય છે ?

૭.૧૯ બાળક ન થાય તો તેના માટે તમે કોને જવાબદાર માનો છો ?

૧. સ્ત્રીને　　　　　　　　４. કુદરતને

૨. પુરુષને　　　　　　　　૫. અન્ય બાહ્ય કારણો જેવી કે મેલી વિદ્યા વગેરેથી

૩. બંનેને

૭.૨૦ બાળકોને મૂકવામાં આવતી રસીઓ મુકાવો છો ?　　　　હા / ના

૭.૨૦.૧ 'હા' કઈ કઈ મુકાવી છે ? (કાર્ડ જોઈ લખવું)

૭.૨૦.૨ 'ના' તો શાથી નથી મુકાવતા ?

૧. રસી વિશેની ખબર જ નથી

૨. રસી મૂકવા કોઈ આવતુ જ નથી, સુવિધા નથી.

૩. રસી મુકાવવી જરૂરી નથી લાગતી.

૪. માતાજી / ભગત / ભૂવાની મનાઈ છે.

૫. અન્ય

૭.૨૧ સાપ / વિંછી જેવી ઝેરી જીવાત કરડે તો શું કરો છો ?

૧. ભગત-ભૂવા પાસે લઈ જાવ છો

૨. ડૉક્ટર પાસે લઈ જાવ છો

૩. કોઈ ખાસ મંદિરે લઈ જાવ છો ? ('હા' તો કયા મંદિરે જણાવવું)

૪. અન્ય

૭.૨૨ કૂતરું કે બીજું કોઈ જનાવર કરડે તો શું કરો છો ?

૧. કોઈ કાળજી લેતા નથી ફક્ત ઘરગથ્થું ઈલાજ કરે છે.

૨. હડકવા ન થાય તેની બાધા રાખેછે. કોઈ ભગત ભૂવાની પાસે વિધિ કરાવે છે.

૩. હડકવાનું ઈન્જેંકશન લે છે / ડૉક્ટર પાસે લઈ જાય છે.

૪. અન્ય

૭.૨૩ આદર્શ પરિવારમાં કેટલાં બાળકો હોવાં જોઈએ ?

(૧) ૧　(૨) ૨　(૩) ૩　(૪) ૪　(૫) ૪ થી વધુ

૭.૨૪ તમે પુત્ર કે પુત્રી કોને ઈચ્છો છો દર્શાવો.

૧. કોઈ અગ્રતા નહી.

૨. છોકરી ન હોય તો ચાલે છોકરો જોઈએ.

૩. છોકરો ન હોય તો ચાલે છોકરી જોઈએ.

૭.૨૫ સરકારે બે બાળકો બસ કહ્યું છે તે બરાબર છે ?　　　　હા / ના

૭.૨૬ તમે માનો છો બાળક એ ઈશ્વરની દેણ છે ?　　　　હા / ના

૭.૨૭ કુટુંબના કદને મર્યાદિત કરવા માટે લોકોએ પરિવાર નિયોજન અપનાવવું જોઈએ ? હા/ના

૭.૨૭.૧ 'હા' તો તમે કે તમારા પત્નિએ કોઈ મેથડ અપનાવી છે ?

**૮. પ્રવર્તમાન રોગો અને કારણો.**

૮.૧ એવા કયા કયા રોગો છે જે નજર લાગવાથી, દેવતા કોપથી, ભૂત / ડાકણને કારણ કે કોઈ દ્વારા જાદુ કરવાથી / કરાવવાથી થાય છે.

| | |
|---|---|
| ૧. | ૨. |
| ૩. | ૪. |
| ૫. | ૬. |

| **૮.૨** | **રોગ** | **કારણો** | **ઉપચાર** |
|---|---|---|---|
| ૧. | પેટનો દુખાવો | | |
| ૨. | કૃમિ | | |
| ૩. | ઝાડા | | |
| ૪. | ચામડીના રોગો | | |
| ૫. | ગુંમડા (Boils) | | |
| ૬. | આંખો આવવી | | |
| ૭. | જાતીય રોગો | | |
| ૮. | કફ અને શરદી | | |
| ૯. | બાળકને તાવ-ખાંસી, શરદી | | |
| ૧૦. | તાવ અને શરીરનો દુઃખાવો | | |
| ૧૧. | ઓરી - અછબડા | | |
| ૧૨. | ગાલ પચોળા | | |
| ૧૩. | કુતરુ / જાનવર કરડવું | | |
| ૧૪. | સાપ-વિંછી જેવું ઝેરી જંતુ કરડવું | | |

૯. રોગ માંદગી સારવારની જુદી જુદી પધ્ધતિઓના ઉપયોગ અને પ્રભાવશાળીતા.

૯.૧ તમે બિમારીમાં પહેલાં કોની પાસે જાવ છો ? અગ્રતાક્રમ આપો

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | ઘરગથ્થુ ઉપચાર | ( ) | ૪. | બાધા રાખો છો | ( ) |
| ૨. | ગામના ભગત પાસે | ( ) | ૫. | ડૉક્ટર પાસે | ( ) |
| ૩. | ભૂવા પાસે | ( ) | ૬. | અન્ય | ( ) |

૯.૨ ઉપરોક્તમાંથી કઈ પધ્ધતિથી તમે જલ્દી સાજા થઈ જાવ છો ? (અગ્રતાક્રમ આપો)

( ), ( ), ( ), ( ), ( )

૯.૩ કોઈ રોગમાં ડૉક્ટરની દવાથી ફાયદો ન દેખાય તો પછીથી તમે શું કરો છો ?

૧. જાણકાર ડૉક્ટર પાસે લઈ જાવ છો ?

૨. બાધા રાખો છો ?

૩. ભૂવા પાસે જાવ છો

૪. અન્ય

૯.૪ કોઈપણ રોગ ભગત - ભૂવા મટાડી શકે તેમ તમે માનો છો ? હા / ના

૧૦. સરકાર દ્વારા મળતી આરોગ્ય સુવિધા.

૧૦.૧ તમારી નજીકનું સરકારી દવાખાનું કેટલા કિ.મી. દૂર આવેલું છે ?

૧. ગામમાં જ

૨. ૫ થી ૧૦ કિ.મી.માં

૩. ૧૦ થી ૧૫ કિ.મી.માં

૪. ૧૫ કિ.મી.થી વધારે

૧૦.૨તમારા ગામમાં કોઈ આરોગ્ય કાર્યકર આવે છે. હા / ના

૧૦.૨.૧ ‘હા’ તો..

૧. ભાઈ આરોગ્ય કાર્યકર

૨. બહેન આરોગ્ય કાર્યકર

૩. અન્ય

૧૦.૨.૨ લગભગ કેટલા સમયે આવે છે ?

૧. દર અઠવાડિયે

૨. દર પંદર દિવસે

૩. દર મહિને

૪. મહિનાથી વધારે સમયે

૧૦.૨.૩ આરોગ્ય કાર્યકર આવી શું કરે છે ?

૧. ગર્ભવતી બહેનોને તપાસે છે ? / દવા આપે છે ?

૨. નાનાં બાળકોને રસી પાય છે ?

૩. બિમારોને દવા આપે છે?

૪. આરોગ્ય શિક્ષણનું માહિતી આપવાનું કામ કરે છે.

૫. કુટુંબ નિયોજનનું કામ કરે છે.

૬. અન્ય

૧૦.૩ તમારે ડૉક્ટર પાસે જવું પડે તો પ્રથમ કયાં જશો ?

૧. સરકારી દવાખાનામાં

૨. પ્રાયવેટ દવાખાનામાં

૧૦.૩.૧ સરકારી દવાખાનામાં તો શા માટે ?

૧. મફત સારવાર થાય છે.

૨. સારા ડૉક્ટર છે

૩. સારી સારવાર થાય છે

૪. તુરંત ઈન્જેકશન આપે છે સારી સારવાર કરે છે.

૫. અન્ય

૧૦.૩.૨ પ્રાઈવેટ દવાખાનામાં તો શા માટે ?

૧. સરકારીમાં સારા ડૉક્ટર નથી.

૨. તરત જ ઈન્જેકશન આપે છે / સારી સારવાર આપે છે.

૩. સારા ડૉક્ટર છે.

૪. અન્ય

૧૦.૪ તમારા મતે વધારે સારી આરોગ્ય સુવિધા માટે સરકારે શું કરવું જોઈએ ?

૧. અદ્યતન સુવિધાવાળી મોટી હોસ્પિટલ બનાવવી જોઈએ.

૨. ડૉક્ટર વધારવા જોઈએ.

૩. સારી દવાઓ આપવી જોઈએ.

૪. દવાખાનાના વ્યવસ્થાતંત્રમાં સુધારા કરવા જોઈએ.

૫. ફરતાં દવાખાનાં બનાવવાં જોઈએ.

૬. અન્ય

# પરિશિષ્ટ-૨

## ડાંગી ભગતો દ્વારા આર્યુવેદીક વનસ્પતિના થતા ઉપયોગો.

**(૧) હડકાયા કુતરાના વિષ ઉપર :**

પાપડાની છાલ,બીયાની છાલ અને એખરાના કાંટાનો કવાથ કરવો અને પીવડાવવો તેમજ માથા, આંખ અને છાતી ઉપર લગાડવો જેથી હડકાયા કુતરાનું ઝેર ઉતરે છે.

**(૨) વાળા ઉપર :**

કાચા વાંસનું અથાણું ખવડાવવાથી વાળો મટી જાય છે.

**(૩) મેદ ઉતારવા માટે :**

સાગની છાલનો કવાથ પાવો.

**(૪) શરીરના કોઈપણ દુઃખાવા ઉપર :**

પૃશ્નિણીપણી જેનું ડાંગી નામ (ન્યાસુડ)નો કવાથ કરીને પાવો તેમજ દુઃખાવાવાળી જગ્યાએ લેપ કરવો.

**(૫) આંખના રોગોમાં :**

નિર્ગુંડીના પાનનો રસ કાઢી સ્વચ્છ કરી આંખમાં ફક્ત બે ટીપાં નાખવાં.

**(૬) ખરજવામાં :**

દારૂડીના બીજનો લેપ કરવો.

**(૭) અતિસાર ઉપર :**

તાન ઝાડનો ઉકાળો કરી પાવાથી ઝાડા મટી જાય છે.

**(૮) પેટના દુઃખાવામાં અને આંતરડા ઉપર ગાંઠ હોય તો :**

મોરવેલ (ડાંગી નામ ખાપાનવાળી) ના મૂળનો રસ પાવો અથવા ઉકાળો કરીને પાવો.

**(૯) રતવામાં :**

અર્જુનછાલ, પોરસની છાલ અને સીમળાની છાલનો ઉકાળો કરીને પાવાથી રતવા મટે છે.

**(૧૦) દમ ઉપર :**

ધામોલવેલ (ડાંગી નામ) અને કેટકારી ભેગી કરી ઉકાળો કરીને પીવડાવવાથી દમ પટી જાય છે.

**(૧૧) સ્વપ્નદોષ અને પેશાબમાં વીર્યજતુ હોય તો :**

પોરસવેલ (ડાંગી નામ) ના મૂળ તથા દૂધ તથા ચુનો અને ખાંડ ભેગી કરી પીવડાવવા.

**(૧૨) પેશાબમાં લોહી જતું હોય તો :**

કુરડુના ફૂલ (ડાંગી નામ) અને ગુલાબના ફૂલની ગોળી બનાવી સવાર, બપોર અને સાંજ ત્રણ ટાઈમ ખવડાવવી.

**(૧૩) કમળા ઉપર :**

ગરમાળાની છાલ અને જંગલી ભીંડીના મૂળ બંનેનો ઉકાળો કરીને પીવડાવવો.

**(૧૪) પેટના દુઃખાવા ઉપર :**

કરંજના કુમળા પાનનો રસ સવારે ભૂખ્યા પેટે તેલ સાથે પાવાથી ચાર દિવસમાં સંપૂર્ણ મટી જાય છે.

**(૧૫) લકવા ઉપર :**

તરસ (ઝરખ)જે જંગલી પ્રાણી છે. તે પ્રાણીની ચરબી લકવાવાળી જગ્યાએ ચોપડવાથી લકવો મટે છે.

**(૧૬) દાઢના દુઃખાવામાં :**

કંટકારીના બીજની ધુમાડી આપવી.

**(૧૭) કોલેરા ઉપર :**

રગત રોહિડાની છાલ તથા તાનના મૂળ તથા વાલવણના મૂળનો કવાથ કરી પાવાથી કોલેરા મટે છે.

**(૧૮) ખરજવા ઉપર :**

મોરવેલ (ડાંગી નામ ખાપાનબળી)નો બકરીના દૂધમાં લેપ બનાવીને ચોપડવાથી ગમે તેવું ખરજવું પટી જાય છે.

**(૧૯) રક્ત પ્રદર ઉપર :**

બોંડાર (ડાંગી નામ) અને હરદૂનની છાલનો કવાથ પીવડાવવો.

**(૨૦) મધુ પ્રેમહમાં :**

હરદૂનના કુમળા કાંટાનો કવાથ પીવડાવવો.

**(૨૧) નાના બાળકોના ઝાડા ઉલટી ઉપર :**

જંગલી ભીંડીના મૂળ વાટીને થોડો રસ પીવડાવવો.

**(૨૨) પેટની દુઃખાવામાં તેમજ પેટમાં બળતરા થતી હોય તોઃ**

સાદડાની છાલ તેમજ તણસની છાલ ભેગી કરી કવાથ કરીને પીવડાવવો.

**(૨૩) અતિસાર ઉપર :**

બાફળીના મૂળ તેમજ જંગલી કેળના બીજ બંને ભેગા કરીને કવાથ કરીને પીવડાવવો.

**(૨૪) પેશાબના રોગોમાં :**

ટેટુની છાલ, નીલસોટી અને જંગલી કેળના મૂળ તથા લાલ ભીંડીના મૂળનો ઉકાળો કરીને પીવડાવવો.

**(૨૫) અછબડા-ઓરીનો ઉપચાર :**

કરમદાના મૂળ અને વાગારના મૂળનો કવાથ કરીને ત્રણ દિવસ પીવડાવવો.

**(૨૬) કંઠમાળ ઉપર :**

હરિયાકંદનો કવાથ પીવડાવવો તેમજ પાણીમાં ઘસીને લેપ કરવો.

**(૨૭) તાવમાં :**

જળ મૂળીનું મૂળ પાણીમાં પલાળીને તે પાણી પાવું અથવા ઉકાળો પાવો.

**(૨૮) શરીરની ગરમી ઉપર :**

વાંજણી કંટોલીના બીજ પીવડાવવા

**(૨૯) ખરજવા ઉપર :**

તણસનું તેમજ શીસમનું લાકડું લઈને તેના ટુકડા કરી તેમાં સરસવનું તેલ નાખીને સૂર્યના તાપમાં આઠ દિવસ મુકી રાખવું ત્યારપછી યંત્રથી તેલ કાઢીને ખરજવા ઉપર ચોપડવું.

**(૩૦) કુતરું કરડે તેમાં :**

પોરસ, દંતી અને કાળીઆ ભેગાં કરીને લેપ કરવો.

**(૩૧) મોઢામાં રોગોમાં :**

હુંગ, બહેડા અને ભીંડીનો ઉકાળો કરીને કોગળા કરાવવા.

**(૩૨) વીછીં કરડે તેના ઉપર :**

ડીગી અને તાનના ડીડા ભેગા કરીને ઘસીને લગાડવા.

**(૩૩) મીઠી પેશાબમાં :**

હુંળની છાલનો કવાથ કરીને પીવડાવવો.

**(૩૪) વધરાવળ માટે :**

મોરવેલના મૂળનો રસ અથવા કવાથ પીવડાવવો.

**(૩૫) સાપ કરડે ત્યારે :**

(૧) પૃશ્નિણીપણીનો ઉકાળો પાવો તેમજ તેનું મૂળ ઘસીને ચોપડવું.
(૨) સાપ કરડે ત્યારે જીરાની બીડી પાવી.
(૩) કુટજની છાલ અને તાનના મૂળ તાજા લાવીને કવાથ કરીને પાવાથી ગમે તેવું સર્પનું ઝેર ઉતરી જાય છે.

**(૩૬) શરીરના કોઈપણ અંદરના ભાગમાં ચાંદુ પડ્યું હોય તો :**

સતાવરીના મૂળ દૂધ સાથે પીવડાવવા.

**(૩૭) રક્તવિકારમાં :**

નિલસોટીની છાલનો કવાથ પીવડાવવાથી મટી જાય છે.

**(૩૮) સોજા ઉપર :**

પુનર્જીવા (સટોડી)નો કવાથ પાવો.

**(૩૯) દમમાં :**

તણસના ફૂલ આદુના રસ સાથે અથવા મધ સાથે ચટાડવા.

**(૪૦) દાઢના સોજામાં તેમજ પગના સોજામાં :**

ટેટુની છાલ ઘસીને લગાડવી.

**(૪૧) કૃમિ માટે :**

કપીલો (કંકુ ડાંગી નામ) ના ફળની લાલ રજ પીવડાવવી.

**(૪૨) કૃમિ માટે :**

કવચના ફળની રજ સાધારણ લઈ દૂધ સાથે પાવાથી નાના બાળકોના કૃમિ મટી જાય છે.

## સંદર્ભસૂચિ


૧. ચિત્તળે ભાસ્કર — ડાંગ : એક સમ્યક દર્શન,
૧૯૭૮ — ડાંગ જિલ્લા પંચાયત, આહવા

૨. ઠાકર, બેલા.
૧૯૯૬ — નોકરિયાત આદિવાસી મહિલાઓ : પ્રજાતીય ઓળખ અને પરિવર્તનનાં પડકારો, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

૩. દેસાઈ, અક્ષયકુમાર ૨,
૧૯૬૨ — સમાજ ખંડ-૧,૨,૩ (મેક આઈવર અને પેજકૃત ‘Society’નો અનુવાદ) ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

૪. દેસાઈ, ઉર્મિલાબહેન
૧૯૭૫ — સાંસ્કૃતિક માનવશાસ્ત્ર, પ્રજ્ઞા સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ.

૫. દેસાઈ હરિભાઈ — સામાજિક સંશોધન પધ્ધતિઓ,
૧૯૭૮ — યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય.

૬. નકશામાં ગુજરાત,
૧૯૭૩ અને ૧૯૯૧ — યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજય.

૭. નાંઢા એમ.કે.
૨૦૦૫ — ગુજરાતનું નંદનવન ડાંગ, કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ

૮. પટેલ, અરુણ બી.
૧૯૯૮ — ધરમપુર અને છોટાઉદેપુર વિસ્તારમાં બાળમરણના ઉંચા દર માટે જવાબદાર પરિબળો, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂ.વિ. અમદાવાદ.

૯. પટેલ, અરુણ બી.
૧૯૯૯ — આદિવાસી સ્ત્રીઓ દ્વારા આરોગ્ય સેવાઓનો ઉપયોગ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂ.વિ., અમદાવાદ.

૧૦. પટેલ, અંબાલાલ મોતીભાઈ
૧૯૯૮ — અમીરગઢ પટ્ટાના આદિવાસી ગરાસિયાની સામાજિક-આર્થિક તપાસ, મંદાર એપાર્ટમેન્ટ, સ્વાતી સોસાયટી સામે, અમદાવાદ.

૧૧. પટેલ, ભગવાનદાસ,
૧૯૮૪ — અરવલ્લી પહાડની આસ્થા, જામળા, હિંમતનગર.

૧૨. પરીખ, રસિકલાલ છોટાલાલ અને શાસ્ત્રી, હરિપ્રસાદ ગંગાશંકર
૧૯૭૨ — ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ઈતિહાસની પૂર્વભૂમિકા, ગ્રંથ-૧, ભો.જે.અધ્યયન - સંશોધન વિદ્યાભવન, અમદાવાદ.

૧૩. પરીખ, રસિકલાલ છોટાલાલ અને શાસ્ત્રી, હરિપ્રસાદ ગંગાશંકર
૧૯૭૨ ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, મૌર્યકાલથી ગુપ્તકાલ, ગ્રંથ-૨, ભો.જે. અધ્યયન - સંશોધન વિદ્યાભવન, અમદાવાદ.

૧૪. પાઠક જે.ડી.
૧૯૮૯(દ્વિતિય આવૃત્તિ) પોષણ વિદ્યા
યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ

૧૫. બરંડા, બચુભાઈ
૧૯૯૮ ડુંગરી ગરાસિયા તથા સ્થળાંતર થયેલા આદિવાસીઓમાં સામાજિક સ્તરીકરણની રચનાથી આવેલ આર્થિક - સામાજિક સંબંધોમાં પરિવર્તન; મહાદેવ દેસાઈ સમાજસેવા, મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. (અપ્રકાશિત, અનુપારંગત શોધનિબંધ)

૧૬. ભટ્ટ, અરવિંદ
૧૯૮૬ ગુજરાતના ચૌધરીઓ, ગૂજરાત વિદ્યાપીઠ મંડળ, અમદાવાદ.

૧૭. ભટ્ટ, અરવિંદ અને મુનીયા અમરસિંહ
૧૯૮૭ ઝાલોદના ભીલો, ગુજરાત વિદ્યાપીઠ મંડળ, અમદાવાદ.

૧૮. ભટ્ટી, આર.એમ. અને પંડ્યા એન.બી.
૧૯૬૭ સામાજિક સંશોધનની પધ્ધતિઓ, અનડાબુક ડીપો, ગાંધી માર્ગ, અમદાવાદ.

૧૯. ભાવે, વી.એન., દેવધર, એન.એસ., ભાવે, એસ.વી.
તમે અને તમારું આરોગ્ય, નેશનલ બુક ટ્રસ્ટ, ઈન્ડિયા, નવી દિલ્હી

૨૦. મહેતા સનત
૧૯૯૫ ગુજરાતની પૂર્વપટ્ટીની ગરીબી ક્યારે જશે ?
ઉત્તર સાહિત્ય પ્રકાશન સહકારી મંડળી લિ., સુરેન્દ્રનગર

૨૧. મસવી મુ. અને પરમાર દિલીપ.
૧૯૯૮ આદિવાસી વિસ્તારમાં સ્વાસ્થ્ય સેવાઓ (સાંસ્કૃતિક સંદર્ભમાં)
આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂ.વિ.,અમદાવાદ.

૨૨. મસવી મુ. અને શાહ કોકીલાબેન
૧૯૮૪ આદિવાસી વિસ્તારમાં આરોગ્ય સુવિધા અને ખાસ યુક્ત-આહાર કેન્દ્ર અભ્યાસ (તા.વિજયનગર, જિ. સાબરકાંઠા)
આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

૨૩. રાવલ, ગાર્ગી,
૨૦૦૦ મહિલાઓને સ્વનિર્ભર કરવા માટેની ચળવળ - સેવા, મહાદેવ દેસાઈ સમાજ સેવા મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. (અપ્રકાશિત, વિદ્યાવાચસ્પતિ મહાનિબંધ)

૨૪. વૈદ્ય ઊષાકાન્તભાઈ
(૧૯૯૧(ત્રીજી આવૃત્તિ) માનવપોષણ
યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ

૨૫. શાહ, એ.જી. અને દવે જગદીશ.
૧૯૮૫ સંશોધન પધ્ધતિઓ, અનડા પ્રકાશન, અમદાવાદ.

૨૬. શાહ, વિમલ
૧૯૬૪ આદિવાસીઓના પ્રશ્નો, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

૨૭. શુકલ, ચંદ્રવદન.
૧૯૬૭ ગુજરાતના ભીલ, પરિચય ટ્રસ્ટ, બોમ્બે મ્યુચ્યુઅલ ચેમ્બર્સ, મુંબઈ

૨૮. શેલત, ભારતીબહેન કીર્તીકુમાર
૧૯૮૩ આદિમ જાતિઓની સંસ્કૃતિ (ભારતના સંદર્ભમાં), યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજય.

૨૯. શ્રીકાન્ત, લક્ષ્મીકાંન્ત.
૧૯૬૫ ગુજરાતના આદિવાસીઓ, પરિચય ટ્રસ્ટ, બોમ્બે મ્યુચ્યુઅલ ચેમ્બર્સ, મુંબઈ

૩૦. પ્રો.હિરવે ઈન્દીરા,ડૉ.મહાદેવીયા દર્શીની
૨૦૦૪ ગુજરાત માનવ વિકાસ અહેવાલ
મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન, અમદાવાદ

૩૦. સોલંકી, સિધ્ધરાજભાઈ - રાઠોડ, જસવંતસિંહ
૧૯૮૭ ડાંગ જિલ્લાના આદિવાસીઓમાં પરંપરાગત ઔષધ, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

૩૧. સોલંકી સિધ્ધરાજભાઈ
ડાંગના ભીલો
(એક અનુસૂચિત જનજાતિનો વિકાસલક્ષી સામાજિક-આર્થિક અભ્યાસ) આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

# સામયીકો, પાક્ષિકો અને અહેવાલો

- ગુજરાત સમાચાર
  ૫ જુલાઈ, ૨૦૦૦ — મધ્યપ્રદેશના બૈગા આદિવાસીઓનું અસ્તિત્વ જોખમમાં

- ગુજરાત ઈતિહાસ પરિષદ
  ૨૩મું અધિવેશન- સ્મરણિકા — બી.એસ.ગાર્ડા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, નવસારી
  નવેમ્બર-૨૦૦૪

- જિલ્લાની આંકડાકીય રૂપરેખા
  ૨૦૦૪-૦૫ — ડાંગ જિલ્લા પંચાયત, આહવા

- સંકલિત આદિજાતિ વિસ્તાર પેટા યોજના, આહવા-ડાંગ — પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી, આહવા-ડાંગ
  ૨૦૦૪-૦૫

- આદિવાસી ગુજરાત
  ૧૯૮૩-૧૯૯૭-૧૯૯૯ — આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

- વિદ્યાપીઠ (આદિવાસી વિશેષાંક)
  સપ્ટે. ૧૯૬૫ અંક-૫ — ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# સંદર્ભસૂચિ


१. अहलुवंलीयं अनिशं (अनुवंदक)

२००१ — भंरस के अंदिवंदी
म्यनेंरिटी रंईट्द ग्रुंप इाटरनेशंनल, लाडन, यु.के.

२. डॅ. ब्रंह्मदेव शंर्म

२००५ — न्यंयपूर्ण विकंद की सलंशं में, भंरसीय जन अन्देंलन

२००६ — 'पेदं' कं अदली म्सलबी ? भंरसीय जन अंन्देंलन
पाँचवी अनुदूची – दहयेंगं पुस्सक कुटीर– नई दिल्ही–११००१३

३. नंरंयन कुदुमं

१९७३ — दंमंजिक मंनवशंस्त्र, नई दिल्ली

४. लवंनियं, एमं. एमं., एवा जैन, शंशी के.

१९९४–९५ — चिकित्दं दमंजशंस्त्र,
रिदर्च पब्लिकेशंन, जयपुर

५. दिंह, वीणंपंणिं,

१९९८ — स्वंस्थ्य दारक्षंणं, क्लंदिकल
पब्लिशिंगं कापनी, नई दिल्ली

६. डॅ. उपेन्द्र (दापं.)

२००१ — दमंजकंर्य, भंरसप्रकंशंन
लखनउ


## दंमंयिक, पंक्षिंक


- ट्रंईबं आक ७–८

दिदम्बंर, २००४ — मं.ल.वर्मं अंदिमं जंसि शेंध एवा प्रशिंक्षंणं दास्थंन, उदयपूर

# સંદર્ભસૂચિ


1. Ackernecht, E.H.
   1942 "Problems of Primitive Medicine" Bulletin of History of Medicine XI : 503-21

2. Adam R.N.
   1953 An Analysis of Medical Beliefs and Practices in a Guatemalan Indian Town, Guatemala Pan American Sanitary Union.

3. Alland, A.
   1966 'Medical Anthropology and the study of Biological and Cultural Adaptation,' American Anthropologist 68 : 40-51

4. Adam, A and Rubel, A.J.
   1967 'Sickness and social Relations,' In Handbook of Middle American Indians. Austin : University of Taxas Press 6 : 333-356

5. Banerji, D.
   1975 'Social and Cultural Foundations of the Health Service System in India, Inquiry. Supplement Vol XII.

6. Basu, Salil.
   1994 "Tribal Health in India". - Manak Publications Pvt. Ltd.

7. Behera, Deepak kumar and Georg, Premer.
   1999 'Contemporary Society Tribal Studies. - Concept Publishing Company; New Delhi.

8. Bhagat, L.N. and Verma, V.K.
   2000 'Tribal Area Development Need For Alternative Strategy.- Tribal Area Development Need for Alternative Strategy.

9. Carstair, G.M.
   1955 'Medicine and Faith in Rural Rajasthan.' In Benjamin D. Paul (ed.) Health Culture and Community, New York : Russell Sage Foundation.

10. Caudill, W.
    1954 Applied Anthropology in Medicine. In Anthropology Today, A.L. Kroeber, ed. University of Chicago Press.

11. Channa S.M.
    2002 Hearth and the Supernatural
    Cosmo Publication, India.

12. Chaudhri, Buddhadeb.
    1986 'Tribal Health'. - Inter - India Publications; New Delhi

13. Chaudhri, Buddhadeb.
1992 'Tribal Tranformation in India Vol, V; Inter - India Publication, New Delhi.

14. Dr. D.N. Tiwari
1989 Dependencer of Tribals on Forest
Gujarat Vidyapith, Ahmedabad.

15. Dave, P.C.
1960 'The Grasias' - Bharatiya Adimjati Sangh; Kingsway, Delhi.

16. Encyclopedia of Social Work in India :
1987 'Volume Two - Ministry of Welfare; Government of India.

17. Enthoven, R.E.
1922 'Tribes & Caste of Bombay. Vol. 1 & 2; Cosmo Pub., Delhi-6

18. Elwin Verrier
1964 A Philosophy for NEFA (2nd Reprint)
Governor of Assam, Shilong.

19. Evans - Pritchard, E.E.
1937 'Witch craft Oracles And Magic Among the Azande.
- Oxford, at the Clarenon Press.

20. Field, M.J.
1973 Religion and Medicine of the Ga People, London : Oxford University Press.

21. Frake, C.O.
1960 "The Diagnosis of Disease Among the Subanum of Mindano", Amercan Anthropologist 63 : pp. 113-132.

22. Govt. of Gujarat
1995-96 'Health Review, Govt. of Gujarat, - Gandhinagar.

23. Hollowell, A.I.
1963 'Ojibwa World view and Disease.' In Man's Image in Medicine and Anthropology, Iage Galdston, ed. New York; International University Press.

24. Hasan, K.A.
1967 The Cultural Frontier of Health in Village India, Bombay : Manaktalas.

25. Hockings, P.
1980 Sex and Disease in a Mountain Community, New Delhi : Vikas Publishing House Pvt. Ltd.

26. Horley, G.
1941 Native African Medicine, Cambridge : Harvard University Press.

27. Jaggi, O.P.
1973 'Folk Medicine Vol. III - Atmaram & Sons, Delhi.

28. Jain, Navinchandra & Tribhuwan, R.D.
1996 'Mirage of Health and Development, - Vidhyanidhi Prakashan, Pune, Maharashtra, India.

29. Joshi P.C. & Mahajan Anil (Ed.) - Studies in Medical
1990 Anthropology, Reliance Pub. - House, New Delhi.

30. Joshi, Vidyut, (ed)
1998 'Tribal Situation in India, - Ravat Publications; Jaipur & New Delhi.

31. Kakar, D. N.
1972 The health centre doctor and spirit medium in a north Indian village. 'The Eastern Anthropoligist, XXV, No.3.

32. Kakar, D.N.
1977 Folk and Modern Medicine - A North Indian Case Study, New Delhi; New Asian Publishers.

1980 Dias - The Traditional Birth Attendants in Village India, New Delhi; New Asian Publishers.

33. Kakar, D.N.
1976 'Background Training and Role of Indigenous Medicine Practitioners and Multipiupose Health Workers in a Development Block of Haryana.' Indian Journal of Medical Education, Vol. XV, No.2

34. Kakar, D.N.
1981 Differntial Perception of Disease Etiology and Utilization of Health Services', The Indian Journal of Medical Education, Vol. XX: No.3

35. Karna, M.N.
1976 Etiologies of Diseases : A Sociological Study in the Rural Context'. Man in India, Vol. 56; 1:50-65

36. Khare, R. S.
1963 'Folk Medicine in a North Indian Village.' Human Organization, Vol. 22;1

37. Lal, R.B.
1979 Son of the Aravalis the Garasias. - TRTI - Gujarat Vidhyapith, Ahmedabad.

38. Landy, D.
1978 Culture, Disease and Health : Studies in Medical Anthropology, New York : Macmillian Publshing Co. Inc.

39. Levin Jack
1997 Elementry Statistics in Social Research (Seventh Edi.) Longman , New York.

40. Lieban, R. W.
1960 'Sorcery, Illness, and Social Control in a Philippines Municipility,' South Western Journal of Anthropology 16 : 127 - 143.

41. Madan, T. N.
1969 'Who chooses Modern Medicine and Why ?' Economic and Political Weekly. 4(37): 1475 - 1848.

42. Majumdar, D. N.
1950 Race Realities in Cultural Gujarat, Bombay.

43. Malinowski Bronislaw.
1944 A Scientific theory of cultural change, New York.

44. Marriot, M.
1955 'Western Medicine in a Village of Northern India' in B.d. Paul - ed., Health Culture and Community, New York : Russel Stage Foundation.

45. May, J.M.
1960 'The Ecology of Human Disease.' Annals of the New York Academy of Science 84: 789-794

46. Mead, M.
1947 'The Concept of Culture and the Psychosomatic approach'. 57-56. Reprinted in Haring, Douglas (ed) Syracuse: Syracuse University Press.

47. Mehta, Prakash Chandra
1998 'Changing face of Bhils. - Shiva Publishers Distributors - Jaipur.

48. Mehta, S. R.
1992 'Society and Health.' Vikas Publishing House Pvt. Ltd.; New Delhi.

49. Naik, T. B.
1955 Impact of Education among the Bhils, Delhi.

50. Opler, M.
1963 The Cultural Deninition of illnss in village India, Human Organization, 22:32-35.

51. Nath, Y. V. S.
1960 'Bhils of Ratanmal,' Baroda University, Baroda.

52. Opler, M.
1963 The Cultural Deninition of illness in village India, Human Organization, 22: 32-35.

53. Patel M.R.
2006 Role of Tribal farm women in agricultural development in I T DP area of Dahod district of Gujarat State.

54. Paul, B.D.
1955 Health Culture and Community. Russel Sage Foundation, New York.

55. Petter, Conrad and Rochelle, Kern.
1981 Sociology of Health and illness. - St.Martin's Press. U.K.

56. Pokarna, K.L.
1994 'Social Beliefs Cultural Practices in Health and Disease - Rawat Publication's Jaipur and New Delhi.

57. Polgar, S.
1961 'Health and Human Behaviour : Areas of Interest Common to the social and Medical Science.' Current Anthropology 3: 159 - 205.

58. P. Duragaprasad, S . Shrinivas
1993 Management of Rural Health Care delivery system role and performance of the Multipurpose Health Workers.

59. Radclife Brown, A.R.
1953 'Structure and Functions in Primitive Society, chone & West London.

60. Ram Ahuja Research Methods,
2001 Rawat Publication, New Delhi.

61. Ranga Rao, S.P.
1993 'Administration of Primary Health Centre's in India; Mittal Publications, New Delhi.

62. Rao, M.S.A.
1969 'Urbanization and Social change, Orient Longmana Ltd., Poona.

63. Rivers, W.H.R.
1924 Medicine, Magic and Religion, : Kagan Paul, Trench, Trubner and Co., London

64. Rizvil, S.N.H.
1991 'Medical Anthropology of the Jaunsaris. - Northern Book Cenre; New Delhi.

65. Shah, P.G.
1958 'The Dubalas of Gujarat, Bhartiya Adimjati Sevak Sangh, Delhi.

66. Shah, P.G.
1964 'Tribal Life in Gujarat, Gujarat Research Society, Bombay.

67. Sigerist, H.E.
1951 History of Medicine, Primitive and Archaic Medicine, Vol.I New York : Oxford University Press.

68. Singh, Yogendra,
1970 Modernisation of Indian Tradition, Thomson Press (Ind.)Ltd. Delhi.

69. Spencer, D.M.
1941 Disease, Religion and Society in the Fiji Islands (Monograph of the Ethnological Society) New York.

70. Srinivas, M.N.
1952 Religion and Society Among the coorgs of South India, Clarendon Press, Oxford.

71. Srinivas, M.N. & Rao, M.S.A. & Shah A.M. (ed)
1973 A survey of Research in Sociology and social Anthropology, Vol. I, II, III, Popular Prakashan, Bombay.

72. Stefanizyn, Bronislaw.
1964 'Ambo of Northern Rhodesia - Oxford University Press, London / New York.

73. Swarnkar, R.C.
1995 'Indian Tribes (Health Ecology & Social Structure); Rupa Book Pvt. Ltd. Jaipur.

74. Tripathi, S.N.
2000 'Glimpses on tribal Development.' - Discovery Publishin House; New Delhi.

75. Tribhuwan, R.D.
1998 'Medical World of the Tribals.' - Discovery Publishing House; New Delhi.

76. UNICEF, UNFPA, UNESCO, UNDP, WHO
2002 Facts for Life.

77. Verma, K.K.
1992 'Health Care and Family Welfare.' - Mittal Publishing House; New Delhi.

78. Whiting, J and Child, I.
1952 Child, Training and Personality Development : A Cross-cultural survey, New Havan : Yale University Press.